* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૮ *

ॐ

भगवत्कुन्दकुन्ददेवाय नमः

પરમપૂજ્ય પરમોપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્‌ગુરુદેવ

શ્રી

કાનજીસ્વામીનાં

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

[ ભાગ ૪ થો ]

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ–364 250 (સૌરાષ્ટ્ર)

કિંમત રૂ. : ૧૫=૦૦

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૮ *

ॐ

भगवत्कुन्दकुन्ददेवाय नमः

પરમપૂજ્ય પરમોપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ

શ્રી

કાનજીસ્વામીનાં

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

[ ભાગ ૪ થો ]

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ–364 250 (સૌરાષ્ટ્ર)

કિંમત રૂ. : ~~૧૫=૦૦~~ Rs 30 = 00

મુદ્રણસ્થાન :
કહાન મુદ્રણાલય, સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સમયસાર-પ્રવચન, ભાગ—૪ (ગુજરાતી)ના
**✻ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ✻**
શ્રી રસિકલાલ વિક્રમચંદભાઈ સંઘવી-પરિવાર, કલકત્તા

પ્રથમાવૃત્તિ : પ્રત ૧૫૦૦
વિ. સં. ૨૦૦૩ વીર સં. ૨૪૭૩ ઈ. સ. ૧૯૪૭
દ્વિતીયાવૃત્તિ : પ્રત ૨૦૦૦
વિ. સં. ૨૦૪૬ વીર સં. ૨૫૧૬ ઈ. સ. ૧૯૯૦

: મુદ્રક :
જ્ઞાનચંદ જૈન

# ગુરુરાજમહિમા

શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર કે, હું શું કથી શકું રે લોલ;
તેમનાં ગુણ છે અપરંપાર કે, અચિંત્ય આત્મ ઝળકી રહ્યો રે લોલ. ૧

અદ્‌ભુત જ્ઞાન ખજાનો અપાર કે, ચરણાદિક શોભી રહ્યાં રે લોલ;
ખીલેલ આત્મશક્તિ અપાર કે, ચૈતન્યતેજ દીપી રહ્યું રે લોલ. ૨

સમયસારઆદિમાંથી કાઢેલ માવો કે, ખવડાવ્યો ખંતથી રે લોલ;
પીંખી પીંખી અને સમજાવ્યું, રહસ્ય હૃદયનું રે લોલ. ૩

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે, ન્યાલ સેવકને કર્યો રે લોલ;
આવો પુરુષ આ કાળે અજોડ કે, દુર્લભ સત તણી રે લોલ. ૪

પ્રભુ નોતાં કેવળી-સંતના જોગ કે, એકાકી સત શોધિયું રે લોલ;
પ્રભુ મતમતાંતરના મોટા ભેદ કે, વચ્ચેથી સાર કાઢિયો રે લોલ. ૫

સુરલોકે ઇન્દ્રો ગાય છે ગીત કે, ભરતના આ ભૂપનાં રે લોલ;
ભરતમાં વર્તી રહ્યો છે જયકાર કે, મહિમા કહાનગુરુ તણો રે લોલ. ૬

પ્રભુ પામરને કર્યો ઉપકાર અમાપ કે, અમૃત રેડિયાં રે લોલ;
આ શરીરની શિવડાવું ખોળ કે, બદલો નવી વળે રે લોલ. ૭

ઝાઝું શું કહીએ કૃપાનાથ કે, દાસ હું આપનો રે લોલ;
પ્રભુ અતિ અતિ દીજિએ આત્મતણો લાભ કે, કૃપા વરસાવીને રે લો૦ ૮

સાક્ષાત સુરમણિ સુરતરુ નાથ કે, ફળિયો સતગુરુ રે લોલ;
કઈ વિધ પૂજું કઈ વિધ વંદુ નાથ કે, ગુરુમહિમા અપાર છે રે લોલ. ૯

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

—હિંમતલાલ જે. શાહ

✻ સ્વાનુભૂતિયુગપ્રવર્તક સ્વાત્માનુભવી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ✻



ॐ

नमः श्रीसद्गुरुदेवाय

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

આજથી ૨૪૭૩ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાની સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી કાળદોષથી ક્રમે ક્રમે અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ તો વિચ્છેદ થયો. અને અલ્પ છતાં બીજભૂત જ્ઞાનનો પ્રવાહ આચાર્યોની પરંપરાથી ઉત્તરોત્તર વહેતો રહ્યો, જેમાંથી આભના થાંભ જેવા કેટલાક આચાર્યભગવંતોએ શાસ્ત્રો ગૂંથ્યાં. તે આચાર્યોમાંના એક ભગવાન કુંદકુંદાચાર્યદેવ હતા, જેમણે સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન ગુરુ-પરંપરાએ પ્રાપ્ત કરીને, તેમાંથી પંચાસ્તિકાય, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો ગૂંથ્યાં અને સંસારનાશક શ્રુતજ્ઞાનને ચિરંજીવ કર્યું.

સર્વોત્કૃષ્ટ આગમ શ્રી સમયસારના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સર્વ શાસ્ત્રોમાં શ્રી સમયસાર મહા અલૌકિક શાસ્ત્ર છે. આચાર્ય ભગવાને આ જગતના જીવો પર પરમ કરુણા કરીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ કહેવામાં આવ્યું છે.

અનંત કાળથી પરિભ્રમણ કરતા જીવોને જે કાંઈ સમજવું બાકી રહી ગયું છે તે આ પરમાગમમાં સમજાવ્યું છે. પરમકૃપાળુ આચાર્યભગવાન સમયસારશાસ્ત્ર શરૂ કરતાં પોતે જ કહે છે:—'કામભોગબંધની કથા બધાએ સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે, પણ પરથી જુદા એકત્વની પ્રાપ્તિ જ કેવળ દુર્લભ છે. તે એકત્વની—પરથી ભિન્ન આત્માની—વાત હું આ શાસ્ત્રમાં સમસ્ત નિજ વિભવથી ( આગમ, યુક્તિ, પરંપરા અને અનુભવથી ) કહીશ.' આ પ્રતિજ્ઞા પ્રમાણે આચાર્યદેવે શ્રી સમયસારમાં આત્માનું એકત્વ—પરદ્રવ્યથી અને પરભાવોથી ભિન્નપણું—સમજાવ્યું છે. યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી તે શ્રી સમયસારનો મુખ્ય ઉદ્દેશ છે. તે ઉદ્દેશને પહોંચી વળવા આચાર્યભગવાને તેમાં અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે. તેમાં આ કર્તાકર્મ અધિકાર અલૌકિક છે કારણ કે "આ જગતમાં મોહી ( અજ્ઞાની ) જીવોનો 'પરદ્રવ્યને હું કરું છું' એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર—કે જે અત્યંત દુર્નિવાર છે તે—અનાદિ સંસારથી ચાલ્યો આવે છે". તેનો મૂળમાંથી ઉચ્છેદ કરવા માટેનું અમોઘ શસ્ત્ર આ અધિકારની યથાર્થ સમજણ છે.

વર્તમાન જાણીતા જગતમાં મોટે ભાગે એવી ભ્રામક માન્યતાઓ પ્રચલિત છે કે કર્તા વગર આ જગત બની શકે નહિ, એક આત્મા બીજાનાં જીવન-મરણ, સુખ-દુઃખ, ઉપકાર-અપકાર કરી શકે, આત્માની પ્રેરણાથી શરીર હાલી-ચાલી, બોલી શકે, કર્મ આત્માને હેરાન કરે, કોઈના આશીર્વાદથી બીજાનું કલ્યાણ થાય ને શાપથી અકલ્યાણ થાય, દેવ-ગુરુની કૃપાથી મોક્ષની પ્રાપ્તિ થઈ જાય, આપણે બરાબર સંભાળ રાખીએ તો શરીર સારું રહી શકે ને બરાબર ધ્યાન ન રાખીએ તો શરીર બગડી જાય, કુંભાર ઘડો બનાવી શકે, સોની દાગીના ઘડી શકે વગેરે. પણ 'અન્ય જીવનું હિતાહિત હું જ કરું છું' એમ જે માને છે તે પોતાને અન્ય જીવરૂપ માને છે તેમ જ 'પૌદ્ગલિક પદાર્થોની ક્રિયાને હું જ કરું છું' એમ જે માને છે તે પોતાને પુદ્ગલદ્રવ્યરૂપ માને છે. તેથી આવા પ્રકારની ભ્રામક માન્યતાઓને તોડી આ કર્તાકર્મ અધિકાર કહે છે કે 'કર્તા એક દ્રવ્ય હોય અને તેનું કર્મ બીજા દ્રવ્યનો પર્યાય હોય' એવું કદી પણ બની શકે જ નહિ, કારણ કે 'જે પરિણમે તે કર્તા, પરિણામ તે કર્મ અને પરિણતિ તે ક્રિયા'—એ ત્રણેય એક જ દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. વળી 'એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય કારણ કે કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય તો તે દ્રવ્યનો જ નાશ થાય એ મોટો દોષ આવે, માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.' વળી 'વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.' વસ્તુની તે તે સમયની જે જે અવસ્થા

( અવ=નિશ્ચય+સ્થા=સ્થિતિ અર્થાત્ નિશ્ચયે પોતાની પોતામાં સ્થિતિ ) તે જ તેની વ્યવસ્થા છે. તેથી તેની વ્યવસ્થા કરવા માટે કોઈ પણ પર પદાર્થની જરૂર પડતી નથી. આમ જેની માન્યતા થાય છે તે દરેક વસ્તુને સ્વતંત્ર તથા પરિપૂર્ણ સ્વીકારે છે. પરદ્રવ્યના પરિણમનમાં મારો હાથ નથી ને મારા પરિણમનમાં કોઈ અન્ય દ્રવ્યનો હાથ નથી. આમ માનતાં પરના કર્તાપણાનું અભિમાન સહેજે ટળી જાય છે. તેથી અજ્ઞાનભાવે જે અનંતું વીર્ય પરમાં રોકાતું હતું તે સ્વમાં વળ્યું તે જ અનંતો પુરુષાર્થ છે ને તેમાં જ અનંતી શાંતિ છે—આ દૃષ્ટિ તે જ દ્રવ્યદૃષ્ટિ થઈ ને તે જ સમ્યગ્દૃષ્ટિ થઈ.

દરેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિરૂપ છે ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ -ભાવથી નાસ્તિરૂપ છે. એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે તેથી જે અભાવરૂપ છે તે શું લાભ કે હાનિ કરી શકે? આ જો યથાર્થપણે સમજાઈ જાય તો પરને ઇષ્ટ-અનિષ્ટ માની જે રાગદ્વેષ થાય તેનો અભાવ થઈ જાય.

'બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે. જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી. જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને તે મિથ્યાદૃષ્ટિ છે, કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી,'— કારણ કે 'આ જગતમાં વસ્તુ છે તે પોતાના સ્વભાવમાત્ર જ છે.' દરેક વસ્તુ દ્રવ્યે-ગુણે-પર્યાયે પરિપૂર્ણ સ્વતંત્ર છે—એવી જાહેરાત આ કર્તાકર્મ અધિકાર કરે છે. આમ હોવાથી આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેથી તે સ્વભાવદશામાં જ્ઞાનનો જ કર્તા છે ને વિભાવદશામાં અજ્ઞાન, રાગદ્વેષનો કર્તા છે પણ પરનો તો કર્તા કયારેય પણ થતો નથી. પરભાવ ( વિકાર ) પણ કોઈ અન્ય દ્રવ્ય કરાવતું નથી કારણ કે એક દ્રવ્યની બીજા દ્રવ્યમાં નાસ્તિ છે, છતાં પર્યાયમાં વિકાર તો થાય છે; તે પુરુષાર્થની વિપરીતતા અથવા નબળાઈથી થાય છે, પણ સ્વભાવમાં તે નથી એવું જ્ઞાન થતાં વિકારનો નાશ થાય છે.

આ તો કર્તાકર્મ અધિકારનો માત્ર સંક્ષિપ્ત સાર થયો. વર્તમાન પ્રસિદ્ધિ પામેલા કોઈ પણ શાસ્ત્રમાં આવો સ્પષ્ટ કર્તાકર્મ અધિકાર કયાંય પણ જોવામાં આવતો નથી. તેની એકેક ગાથા મહામૂલો મંત્ર છે, સંસારવિષને શીઘ્રતાથી ઉતારનાર છે. મોરલીના નાદે સર્પ જેમ ડોલી ઊઠે તેમ આ ગાથાઓ સાંભળતાં ને યથાર્થપણે સમજતાં અજ્ઞાનદશામાં સૂતેલો આત્મા જાગૃત બની 'હું પરિપૂર્ણ છું' એવું ભાન થતાં ડોલી ઊઠે છે. તેના મૂળ કર્તા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ તથા ટીકાકાર ભગવાન શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનો જગતના જીવો પર પરમ ઉપકાર વર્તે છે. તેથી તેમને અત્યંત ભક્તિભાવે વંદન કરીએ છીએ.

જેમ શ્રી સમયસાર શાસ્ત્રના મૂળ કર્તા અને ટીકાકાર અત્યંત આત્મસ્થિત આચાર્યભગવંતો હતા તેમ તેના પ્રવચનકાર પણ સ્વરૂપાનુભવી, વીતરાગના પરમ ભક્ત, અનેક શાસ્ત્રોના પારગામી અને આશ્ચર્યકારી પ્રભાવનાઉદયના ધારક યુગપ્રધાન મહાપુરુષ છે. તેમનાં આ સમયસાર-પ્રવચનો વાંચતાં જ વાંચકને તેમનો આત્મ-અનુભવ. ગાઢ અધ્યાત્મપ્રેમ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, અગાધ શ્રુતજ્ઞાન અને પરમ કલ્યાણકારી વચનયોગનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. અત્યંત આશ્ચર્યજનક પ્રભાવનાઉદય ગુરુદેવને વર્તતો હોવાથી, તેઓશ્રીએ છેલ્લાં બાર વર્ષોમાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ, ષટ્ખંડાગમ, પદ્મનંદિપંચવિંશતિ, તત્ત્વાર્થસાર, ઇષ્ટોપદેશ, પંચાધ્યાયી. મોક્ષમાર્ગપ્રકાશક, અનુભવ-પ્રકાશ, આત્મસિદ્ધિશાસ્ત્ર, આત્માનુશાસન વગેરે શાસ્ત્રો પર આગમરહસ્યપ્રકાશક સ્વાનુ-ભવમુદ્રિત અપૂર્વ પ્રવચનો કરી કાઠિયાવાડમાં આત્મવિદ્યાનું અતિપ્રબળ આંદોલન ફેલાવ્યું છે. માત્ર કાઠિયાવાડમાં જ નહિ, પરંતુ હમણાં હમણાં તો તેમનો પવિત્ર ઉપદેશ પુસ્તકો દ્વારા અને 'આત્મધર્મ' નામના માસિક પત્ર દ્વારા પ્રકાશિત થતો હોવાથી આખા ભારતવર્ષમાં અધ્યાત્મવિદ્યાનું આંદોલન વેગપૂર્વક વિસ્તરતું જાય છે. આ રીતે, સ્વભાવે સુગમ છતાં ગુરુગમની લુપ્તપ્રાયતાને લીધે અને અનાદિ અજ્ઞાનને લીધે અતિશય દુર્ગમ થઈ પડેલા જિનાગમના ગંભીર આશયોને યથાર્થપણે અને અતિશય સ્પષ્ટપણે પ્રગટ કરી, ગુરુદેવે વીતરાગ વિજ્ઞાનની ઝંખાતી જતી જ્યોતને સતેજ કરી છે. પરમ પવિત્ર જિનાગમોમાં તો ઘણુંય ભરેલું છે—પરમ નિધાનો ભર્યાં છે; પરંતુ એ નિધાનો જોઈ શકવાની દૃષ્ટિ, પરમકૃપાળુ ગુરુદેવના સમાગમ વિના અને તેમણે પરમ કરુણાપૂર્વક કરેલા પ્રવચન-અંજન વિના અમ અલ્પબુદ્ધિઓને કેમ પ્રાપ્ત થાત ? પંચમ કાળમાં ચતુર્થ કાળની સુવાસ ફેલાવનાર, પરમ શાસનપ્રભાવક ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આગમનાં રહસ્યો ખોલી અમ સમા હજારો જીવો પર જે અપાર કરુણા વરસાવી છે તેનું વર્ણન કરવા જતાં વાણી મૌનપણાને ભજે છે.

જેમ પરમોપકારી ગુરુદેવનો પ્રત્યક્ષ સમાગમ અનેક જીવો પર અપાર ઉપકાર કરી રહ્યો છે, તેમ તેમનાં આ પવિત્ર પ્રવચનો પણ આ કાળના અને ભાવી કાળના હજારો જીવોને યથાર્થ મોક્ષમાર્ગ દર્શાવી અત્યંત ઉપકારી થશે. આ દુષમ કાળમાં જીવો પ્રાયઃ બંધમાર્ગને જ મોક્ષમાર્ગ માની પ્રવર્ત્યે જાય છે. જે સ્વાવલંબી પુરુષાર્થ વિના—નિશ્ચયનયના આશ્રય વિના—મોક્ષમાર્ગની શરૂઆત પણ થતી નથી તે પુરુષાર્થની જીવોને ગંધ પણ નથી, અને પરાવલંબી ભાવોને જ—વ્યવહારાભાસના આશ્રયને જ—મોક્ષમાર્ગ માની તેને સેવી રહ્યા છે. સ્વાવલંબી પુરુષાર્થનો ઉપદેશ કરનારા જ્ઞાની-

પુરુષોની દુર્લભતા વર્તે છે અને તેનું નિરૂપણ કરનારા શ્રી સમયસાર-પરમાગમનો અભ્યાસ અતિ ન્યૂન થઈ ગયો છે. કદાચ કોઈ જીવો તેનો અભ્યાસ કરે છે તોપણ તેમને ગુરુગમ વિના માત્ર તેના અક્ષરોનું જ્ઞાન થવા જેવું જ થાય છે. શ્રી સમયસારનાં પુરુષાર્થમૂલક ગહન સત્યો મિથ્યાત્વમૂઢ હીનવીર્ય જીવોને અનાદિ-અપરિચિત હોવાથી, જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ સમાગમ વિના અથવા તેમણે કરેલા વિસ્તૃત વિવેચન વિના જીવોને તે સત્યોનો પરમાર્થ સમજાવો અત્યંત અત્યંત કઠિન પડે છે. શ્રી સમયસારની પ્રાથમિક ભૂમિકાની વાતોને પણ હીનસત્ત્વ જીવો બહુ ઊંચી ભૂમિકાની કલ્પી બેસે છે, ચતુર્થ ગુણસ્થાનના ભાવોને તેરમા ગુણસ્થાનના માની લે છે અને નિરાલંબન (સ્વાવલંબી) પુરુષાર્થ તો કોઈ અનાવશ્યક કથનમાત્ર જ વસ્તુ હોય એમ તેની ઉપેક્ષા કરી સાલંબન (પરાવલંબી) ભાવો પ્રત્યેનો આગ્રહ છોડતા નથી. આવી કરુણાજનક સ્થિતિમાં—જ્યારે સમ્યક્ ઉપદેષ્ટાઓની અતિશય ન્યૂનતાને લીધે મોક્ષમાર્ગ આવરણસ્થિતિમાં પડ્યો છે ત્યારે—શાસનોદ્ધારક યુગપ્રધાન સત્પુરુષ શ્રી કાનજીસ્વામીએ શ્રી સમયસારના વિસ્તૃત વિવેચનરૂપ આ પ્રવચનો દ્વારા જિનાગમોના મર્મો ખોલી, મોક્ષમાર્ગને અનાવૃત કરી, વીતરાગદર્શનનો પુનરુદ્ધાર કર્યો છે, મોક્ષના મહામંત્ર સમી સમયસારની પ્રત્યેક ગાથાને સર્વ તરફથી છણીને એ સંક્ષિપ્ત સૂત્રોના વિરાટ અર્થોને ગુરુદેવે આ પ્રવચનોમાં પ્રગટ કર્યા છે. સૌને અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોનાં અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે કુંદકુંદ ભગવાનના પરમ ભક્ત શ્રી કાનજીસ્વામીએ સમયસારના અત્યંત અર્થગંભીર સૂક્ષ્મ સિદ્ધાંતોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. શ્રી સમયસારના મોક્ષદાયક ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે જગત પર અથાગ ઉપકાર કર્યો છે. સમયસારમાં ભરેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય જ્ઞાનીઓના હૃદયમાં ગુપ્ત રહ્યાં હતાં તેને ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

કોઈ પરમ મંગળ યોગમાં દિવ્યધ્વનિના નવનીતસ્વરૂપ શ્રી સમયસાર-પરમાગમની રચના થઈ; અને ત્યાર પછી હજાર વર્ષે જગતના મહાભાગ્યોદયે શ્રી સમયસારનાં ગહન તત્ત્વોને ખીલવનારી ભગવતી આત્મખ્યાતિની રચના થઈ; અને ત્યાર પછી હજાર વર્ષે જગતમાં ફરી પાછો મહાપુણ્યનો જુવાળ આવતાં, મંદ બુદ્ધિઓને પણ સમયસારનાં મોક્ષદાયક તત્ત્વો સુગ્રાહ્ય કરાવનારાં પરમ કલ્યાણકારી સમયસાર-પ્રવચનો થયાં. જીવોની બુદ્ધિ મંદતાને પામતી જતી હોવા છતાં પંચમકાળના અંત સુધી સ્વાનુભૂતિનો માર્ગ

અવિચ્છિન્ન રહેવાનો છે તેથી જ સ્વાનુભૂતિના ઉત્કૃષ્ટ નિમિત્તભૂત શ્રી સમયસારજીના ગંભીર આશયો વિશેષ વિશેષ સ્ફુટ થવાના પરમ પવિત્ર યોગો બનતા રહે છે. અંતર્બાહ્ય પરમ પવિત્ર યોગોમાં પ્રગટેલા, જગતના ત્રણ મહા દીપકો—શ્રી સમયસાર, શ્રી આત્મખ્યાતિ અને શ્રી સમયસાર-પ્રવચનો—સદા જયવંત રહો અને સ્વાનુભૂતિના પંથને પ્રકાશ્યા કરો !

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુ જીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગૃત કરી કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી રહ્યા ન હોય ! આવી અત્યંત ભાવવાહિની—અંતરવેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી, શુદ્ધાત્મા પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી—હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાંચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મરુચિને જાગૃત કરે છે. પ્રવચનોના પાને પાને શુદ્ધાત્મમહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગૂંજી રહ્યું છે અને એના શબ્દે શબ્દમાંથી મધુર અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મભક્તિરસથી અને અનુભવરસથી મુમુક્ષુનું હૃદય ભિંજાઈ જાય છે, તેને શુદ્ધાત્માની લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ 'ઊપડું, ઊપડું' થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ વાણીમાં ક્વચિત્ જ જોવામાં આવે છે.

આ ભાગનાં પ્રવચનો બે મહા પવિત્ર આત્માઓએ પરમપૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેને તથા પરમપૂજ્ય બહેન શાન્તાબેને ઝીલેલાં છે. પરમપૂજ્ય બહેનોએ પ્રવચન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ, આ ગંભીર પ્રવચનોની અતિ સાવધાનીપૂર્વક નોંધ કરી અને તેમાંથી અતિશય પરિશ્રમપૂર્વક પાકું લખાણ તૈયાર કરી મુમુક્ષુઓ પર મહા ઉપકાર કર્યો છે. આ પ્રવચનોની નોંધમાં કોઈ ન્યાયવિરુદ્ધ ભાવ ન આવી જાય તેની કાળજી રાખવામાં આવી છે.

આ રીતે દિવ્ય તત્ત્વજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગૃત કરી, પુરુષાર્થને પડકારી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્પુરુષના વિયોગે વર્તતા મુમુક્ષુઓને અથવા તેમનો નિરંતર સંગ દુષ્પ્રાપ્ય હોય એવા મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય-આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ આ શાસ્ત્રનો પ્રધાન ઉદ્દેશ હોવા છતાં તેનું સર્વાંગ સ્પષ્ટીકરણ કરવા જતાં આ પ્રવચનોમાં સમસ્ત

શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું સ્પષ્ટીકરણ આવી ગયું છે; શ્રુતામૃતનો પરમ આહ્લાદજનક મહાસાગર જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે, શુદ્ધાત્માની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમપૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ કરી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમપવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કાંઈ કર્તવ્ય હોય તો તે શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસ-પૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલાં ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઊતારી, શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

વૈશાખ વદ ૮<br>
વિ. સં. ૨૦૦૩

રામજી માણેકચંદ દોશી —પ્રમુખ,<br>
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# ✻ પ્રકાશકીય નિવેદન ✻

શ્રુતાવતાર અધ્યાત્મમૂર્તિ વીતરાગયોગીન્દ્ર પરમપૂજ્ય શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત ગ્રંથાધિરાજ શ્રી સમયસારનાં અનુભવમૂલક પરમ ગંભીર રહસ્યોને આત્મસાત્ કરી તથા સમયસાર પર પોતાની અનુભવરસભરી અમૃતવાણી દ્વારા ઓગણીસ વાર તલસ્પર્શી પ્રવચનો આપીને પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આ શતાબ્દીમાં ખરેખર એક આશ્ચર્યકારી અધ્યાત્મયુગ પ્રવર્તાવીને મુમુક્ષુ જીવો પર મહાન મહાન ઉપકાર કર્યો છે.

આ પુસ્તકમાં મુદ્રિત પ્રવચનો પૂજ્ય ગુરુદેવનાં શ્રી સમયસાર પર છઠ્ઠી વારનાં વ્યાખ્યાનોમાંથી સંકલિત કરવામાં આવ્યાં છે. 'શ્રી સમયસારશાસ્ત્ર પર પ્રવચનો'ના આ ચોથા ભાગની પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૦૩માં આ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થઈ હતી. ઘણાં વર્ષોથી આ પ્રવચનપુસ્તક અપ્રાપ્ય હોવાથી તથા મુમુક્ષુ સમાજમાંથી તેની માગને લીધે, તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં અતિ પ્રસન્નતા અનુભવીએ છીએ.

અધ્યાત્મયુગપ્રવર્તક આત્માનુભવી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાસ્થલી અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી ( સોનગઢ ) તીર્થધામમાં પૂર્વવત્ જે અનેકવિધ ધાર્મિક ગતિવિધિ ચાલે છે તેના એક વિશિષ્ટ અંગરૂપ સાહિત્યપ્રકાશનવિભાગ દ્વારા જે આર્ષપ્રણીત મૂળ શાસ્ત્રો અને પ્રવચનગ્રંથો વગેરે પ્રકાશિત કરવામાં આવે છે તે પૈકીના આ પુનઃપ્રકાશન દ્વારા મુમુક્ષુ સમાજ જરૂર લાભાન્વિત થશે.

આ પ્રવચનગ્રંથનું સુંદર મુદ્રણ કરી આપવા બદલ 'શ્રી કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈનનો આભાર માનીએ છીએ.

સ્વાનુભવપ્રધાન અધ્યાત્મતત્ત્વભરપૂર આ પવિત્ર પ્રવચનગ્રંથનો આત્માર્થના લક્ષે સદુપયોગ કરીને મુમુક્ષુ જીવો જ્ઞાનવૈરાગ્યભીની ભગવતી સાધના પ્રાપ્ત કરો ! — એ જ પ્રકાશનના શુભાવસરે મંગળ ભાવના.

પ્રકાશનસમિતિ

શ્રાવણ વદ ૨, વિ. સં. ૨૦૪૬ — શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

( બહેનશ્રી ચંપાબેન — ૭૭મી જન્મજયંતી ) — સોનગઢ-૩૬૪ ૨૫૦

# અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનો
# સંક્ષિપ્ત પરિચય

પરમપૂજ્ય અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનો શુભ જન્મ વિ. સં. ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ ને રવિવારના દિવસે કાઠિયાવાડના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. તેઓશ્રીનાં માતુશ્રીનું નામ ઉજમબાઈ અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ તેઓ દશા શ્રીમાળી વણિક હતા. બાળવયમાં તેઓશ્રીના વિષે કોઈ જોષીએ કહ્યું હતું કે આ કોઈ મહાપુરુષ થશે. બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળાની જ નિશાળમાં અભ્યાસ કર્યો હતો. જોકે નિશાળમાં તેમ જ જૈનશાળામાં તેઓશ્રી પ્રાયઃ પ્રથમ નંબર રાખતા તોપણ નિશાળમાં અપાતા વ્યાવહારિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ અને તેમને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે 'હું જેની શોધમાં છું તે આ નથી'. કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ મહાત્મા સતના વિયોગે ખૂબ રડ્યા હતા.

નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટા ભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા. ધીમે ધીમે દુકાન સારી જામી. વેપારમાં તેમનું વર્તન પ્રામાણિક હતું. એક વાર (લગભગ ૧૬ વર્ષની વયે) તેમને કોઈ કારણે વડોદરાની કોર્ટમાં જવું પડ્યું હતું. ત્યાં તેઓશ્રીએ અમલદાર સમક્ષ સત્ય હકીકત સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા ને નીડરતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત ખરી છે એમ વિશ્વાસ આવવાથી બીજા આધાર વિના તે સર્વ હકીકત સંપૂર્ણપણે માન્ય રાખી.

પાલેજમાં તેઓશ્રી કોઈ કોઈ વખત નાટક જોવા જતા; પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત

તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન્ આત્માઓ વૈરાગનાં નિમિત્ત બનાવે છે!

આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરતાં છતાં તે મહાત્માનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. તેમના અંતરનો સ્વાભાવિક ઝોક હંમેશાં ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમ જ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા અને ઘણો સમય ઉપાશ્રયે ગાળતા. ધાર્મિક અભ્યાસ પણ ચાલુ હતો. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમના સંબંધીઓ તેમને 'ભગત' કહેતા. તેમણે તેમના મોટા ભાઈ ખુશાલભાઈને સ્પષ્ટ જણાવી દીધું હતું કે 'મારું વેવિશાળ કરવાનું નથી; મારા ભાવ દીક્ષા લેવાના છે'. ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યા કે—'ભાઈ, તું ન પરણે તો ભલે તારી ઇચ્છા, પરંતુ તું દીક્ષા ન લે. તારે દુકાને ન બેસવું હોય તો ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં ને સાધુઓના સંગમાં ગાળ, પણ દીક્ષાની વાત ન કર'. આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડ્યું નહિ. દીક્ષા લીધાં પહેલાં તેઓશ્રી કેટલાય મહિનાઓ સુધી આત્માર્થી ગુરુની શોધ માટે કાઠિયાવાડ, ગુજરાત ને મારવાડમાં અનેક ગામો ફર્યા, ઘણા સાધુઓને મળ્યા પણ ક્યાંય મન ઠર્યું નહિ. ખરી વાત તો એ હતી કે પૂર્વ ભવની અધૂરી મૂકેલી સાધનાએ અવતરેલા તે મહાત્મા પોતે જ ગુરુ થવાને યોગ્ય હતા. આખરે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ ને રવિવારને દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષા-મહોત્સવ થયો.

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડ્યો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધાં શ્વેતાંબર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ કાઠિયાવાડમાં ફેલાઈ. તેમના ગુરુની મહારાજશ્રી પર બહુ કૃપા હતી. મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. કેટલીક વખત તેમને કોઈ ભવિતવ્યતા પ્રત્યે વલણવાળી વ્યક્તિ તરફથી

એવું સાંભળવાનો પ્રસંગ બનતો કે 'ગમે તેવું આકરું ચારિત્ર પાળીએ પણ કેવળી ભગવાને જો અનંત ભવ દીઠા હશે તો તેમાંથી એક પણ ભવ ઘટવાનો નથી'. મહારાજશ્રી આવાં પુરુષાર્થહીનતાના મિથ્યા વચનો સાંખી શકતા નહિ અને બોલી ઊઠતા કે 'જે પુરુષાર્થી છે તેના અનંત ભવો કેવળી ભગવાને દીઠા જ નથી. જેને પુરુષાર્થ ભાસ્યો છે તેને અનંત ભવ હોય જ નહિ. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી, તેને પાંચે સમવાય આવી મળ્યાં છે'. પુરુષાર્થ, પુરુષાર્થ ને પુરુષાર્થ' એ મહારાજશ્રીનો જીવનમંત્ર છે.

દીક્ષાનાં વર્ષો દરમ્યાન મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. ભગવતી સૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું છે. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ્ય સત્યના શોધન પ્રતિ જ રહેતું.

સં. ૧૯૭૮માં શ્રી વીરશાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય-વિરચિત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતનાં સરોવર છલકાતાં મહારાજશ્રીના અંતરનયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં મહારાજશ્રીએ ઘુંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજ ઘર દેખ્યું. ઉપયોગ ઝરણાનાં વહેણ અમૃતમય થયાં. જિનેશ્વરદેવના સુનંદન ગુરુદેવની જ્ઞાનકળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગી.

સં. ૧૯૯૧ સુધી મહારાજશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યાં અને શેષ કાળમાં સેંકડો નાનાંમોટાં ગામોને પાવન કર્યાં. કાઠિયાવાડના હજારો માણસોને મહારાજશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. જે ગામમાં મહારાજશ્રીનું ચાતુર્માસ હોય ત્યાં બહારગામનાં હજારો ભાઈ-બહેનો દર્શનાર્થે જતાં અને તેમની અમૃતવાણીનો લાભ લેતાં. મહારાજશ્રી શ્વેતાંબર સંપ્રદાયમાં રહ્યા હોવાથી વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્વેતાંબર શાસ્ત્રો વાંચતા. (જોકે છેલ્લાં વર્ષોમાં સમયસારાદિ પણ સભા વચ્ચે વાંચતા હતા.) પરંતુ તે શાસ્ત્રોમાંથી, પોતાનું હૃદય અપૂર્વ હોવાથી, અન્ય વ્યાખ્યાતાઓ કરતાં જુદી જ જાતના અપૂર્વ સિદ્ધાંતો તારવતા. વિવાદનાં સ્થળોને

છોડતા જ નહિ. ગમે તે અધિકાર તેઓશ્રી વાંચે પણ તેમાં કહેલી હકીકતોને અંતરના ભાવો સાથે મીંઢવીને તેમાંથી એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો કાઢતા કે જે ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે......શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થવા તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે......વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદૃષ્ટિ છે......આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે—એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી...પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે.' આવા હજારો અપૂર્વ ન્યાયો મહારાજશ્રી વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. દરેક વ્યાખ્યાનમાં મહારાજશ્રી સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી અનેક વાર કહેતા કે—'શરીરનાં ચામડાં ઉતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહાર ચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે...સમકિત સહેલું નથી. લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. સમકિતીનું તે સુખ, મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં, અનંત છે'. અનેક રીતે, અનેક દલીલોથી, અનેક પ્રમાણોથી, અનેક દૃષ્ટાંતોથી સમકિતનું અદ્‌ભુત માહાત્મ્ય તેઓશ્રી લોકોને ઠસાવતા. મહારાજશ્રીની જૈનધર્મ પરની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયભરેલી વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને કેટલાકને આસ્તિક બનાવી દેતી. એ કેસરીસિંહનો સિંહનાદ પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. સત્યના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં હજુ તેનો રણકાર ગુંજતો હશે.

આવી અદ્‌ભુત પ્રભાવશાળી અને કલ્યાણકારિણી વાણી અનેક જીવોને આકર્ષે એ સ્વાભાવિક છે. સાધારણ રીતે ઉપાશ્રયમાં કામધંધાથી નિવૃત્ત થયેલા વૃદ્ધ માણસો મુખ્યત્વે આવે છે, પરંતુ કાનજી મહારાજ જ્યાં પધારે ત્યાં તો યુવાનો, કેળવાયેલા માણસો, વકીલો, દાક્તરો, શાસ્ત્રના અભ્યાસીઓ વગેરેથી ઉપાશ્રય ઉભરાઈ જતો. મોટાં

ગામોમાં મહારાજશ્રીનું વ્યાખ્યાન પ્રાયઃ ઉપાશ્રયમાં નહિ પણ કોઈ વિશાળ જગ્યામાં રાખવું પડતું. દિવસે દિવસે તેમની ખ્યાતિ વધતી જ ગઈ. વ્યાખ્યાનમાં હજારો માણસો આવતાં. આસપાસનાં ગામોમાંથી પણ માણસો આવતાં. આગળ જગ્યા મળે એ હેતુથી સેંકડો લોકો કલાક દોઢદોઢ કલાક વહેલા આવીને બેસી જતા. કોઈક જિજ્ઞાસુઓ વ્યાખ્યાનોની ટૂંકી નોંધ કરી લેતા. જે ગામમાં મહારાજશ્રી પધારે તે ગામમાં શ્રાવકોના ઘરે ઘરે ધર્મની ચર્ચા ચાલતી અને સર્વત્ર ધર્મનું જ વાતાવરણ જામી રહેતું. શેરીઓમાં શ્રાવકોનાં ટોળાં ધર્મની વાતો કરતાં નજરે પડતાં. સવાર, બપોર ને સાંજ ઉપાશ્રયના રસ્તે જનસમુદાયની ભારે અવરજવર રહ્યા કરતી. ઉપાશ્રયમાં લગભગ આખો દિવસ તત્ત્વજ્ઞાનચર્ચાની શીતળ લહરીઓ છૂટતી. કેટલાક મુમુક્ષુઓનું તો વેપારધંધામાં ચિત્ત ચોંટતું નહિ ને મહારાજશ્રીની શીતળ છાંયમાં ઘણોખરો વખત ગાળતા. એ રીતે ગામોગામ અનેક સુપાત્ર જીવોના હૃદયમાં મહારાજશ્રીએ સત્‌ની રુચિનાં બીજ રોપ્યાં. મહારાજશ્રીના વિયોગમાં પણ તે મુમુક્ષુઓ મહારાજશ્રીનો બોધ વિચારતા, ભવભ્રમણ કેમ ટળે, સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય તેની ઝંખના કરતા, કોઈ વાર ભેગા મળીને તત્ત્વચર્ચા કરતા, મહારાજશ્રીએ કહેલાં પુસ્તકો વાંચતા વિચારતા.

સ્થાનકવાસી સાધુઓમાં મહારાજશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે'—એ જાણવા સાધુ-સાધ્વીઓ ઉત્સુક રહેતાં. કેટલાક સાધુ સાધ્વીઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનની નોંધ મુમુક્ષુ ભાઈબેનો પાસેથી મેળવી વાંચી લેતાં.

મહારાજશ્રીએ ઘણાં વર્ષો સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી આત્મધર્મનો ખૂબ પ્રચાર કર્યો અને સાધુ તથા શ્રાવકોને વિચારતા કરી મૂક્યા.

મહારાજશ્રી સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે કાઠિયાવાડના સોનગઢ નામના નાના ગામમાં ત્યાંના એક ગૃહસ્થના ખાલી મકાનમાં સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ ને મંગળવારને દિને 'પરિવર્તન' કર્યું—સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપત્તિ તેનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, બાળ જીવો તરફથી અજ્ઞાનને લીધે તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે, તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સંપ્રદાયના હજારો શ્રાવકોના હૃદયમાં મહારાજશ્રી અગ્રસ્થાને બિરાજતા હતા તેથી ઘણા શ્રાવકોએ મહારાજશ્રીને પરિવર્તન નહિ કરવા અનેક પ્રકારે પ્રેમભાવે વિનવ્યા હતા. પરંતુ જેના રોમે રોમમાં વીતરાગપ્રણીત યથાર્થ સન્માર્ગ પ્રત્યે ભક્તિ ઊછળતી હતી તે મહાત્મા એ

પ્રેમભરી વિનવણીની અસર હૃદયમાં ઝીલી રાગમાં તણાઈ, સતને કેમ ગૌણ થવા દે? સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે, હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સતને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

મહારાજશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસતિથી અલગ હોવાથી બહુ શાંત હતું. દૂરથી આવતા માણસનો પગરવ ક્યાંયથી સંભળાતો. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં માત્ર (મહારાજશ્રીના પરમ ભક્ત) જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલા બે ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન-ધ્યાન વગેરેમાં લીન થયેલા મહારાજશ્રીને જોતાં હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સર્પકંચુકવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિરીહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં મહારાજશ્રીના 'પરિવર્તન'થી ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ મહારાજશ્રી ૧૯૯૧ની સાલ સુધીમાં કાઠિયાવાડમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં પેસી ગયા હતા. મહારાજશ્રી પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ મહારાજશ્રીનું પરમ પવિત્ર જીવન અને અપૂર્વ ઉપદેશ સાંભળી તેઓ ઠરી જતા, તૂટેલો ભક્તિનો પ્રવાહ ફરીને વહેવા લાગતો. કોઈ કોઈ પશ્ચાત્તાપ કરતા કે 'મહારાજ! આપના વિષે તદ્દન કલ્પિત વાતો સાંભળી અમે આપની ઘણી આશાતના કરી છે, ઘણાં કર્મ બાંધ્યાં છે. અમને ક્ષમા આપજો'. આ રીતે જેમ જેમ મહારાજશ્રીના પવિત્ર ઉજ્જવળ જીવન તેમ જ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારે ને વધારે લોકોને મહારાજશ્રી પ્રત્યે મધ્યસ્થતા થતી ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃ પ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો મહારાજશ્રી પ્રત્યે પહેલાંના જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર કાનજીસ્વામી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયાં. ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સતના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમ જ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિન-પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ જાય છે.

પરિવર્તન કર્યા પછી પૂ. મહારાજશ્રીનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ છે. મહારાજશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું છે. બહારગામથી મુમુક્ષુ ભાઈ-બેનો મહારાજશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવે છે. દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવે છે. બહારગામના માણસોને જમવા તથા ઊતરવા માટે ત્યાં એક જૈનઅતિથિગૃહ છે. કેટલાક ભાઈઓ તથા બેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં છે. કેટલાક સત્સંગાર્થીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરીને અવારનવાર રહે છે. બહારગામના મુમુક્ષુઓનાં *હાલમાં ત્યાં ચાળીસેક ઘર છે.

પૂ. મહારાજશ્રીએ જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું, તેથી જ્યારે ઘણાં માણસો થઈ જતાં ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાસ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર' રાખ્યું. મહારાજશ્રી હાલમાં ત્યાં રહે છે. તેમની સાથે જીવણ-લાલજી મહારાજ ઉપરાંત બીજા બે ભક્તિવંત સાધુઓ સત્સંગાર્થે રહ્યા છે. ત્યાં લગભગ આખો દિવસ સ્વાધ્યાય જ ચાલ્યા કરે છે. સવારે તથા બપોરે ધર્મોપદેશ અપાય છે. બપોરના ધર્મોપદેશ પછી ભક્તિ થાય છે. રાત્રે ધર્મચર્ચા ચાલે છે. ધર્મોપદેશમાં તથા તે સિવાયના વાંચનમાં ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યનાં શાસ્ત્રો, તત્ત્વાર્થસાર, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ, પંચાધ્યાયી, પદ્મનંદિપંચવિંશતિ, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક, શ્રીમદ્ રાજચંદ્ર વગેરે પુસ્તકો વંચાય છે. ત્યાં આવનાર મુમુક્ષુનો આખો દિવસ ધાર્મિક આનંદમાં પસાર થઈ જાય છે.

પરમપૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસારજી પ્રત્યે અતિશય ભક્તિ છે તેથી જે દિવસે સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું તે જ દિવસે એટલે સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ ને રવિવારના રોજ સ્વાધ્યાયમંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શ્રી સમયસારજીપ્રતિષ્ઠાના મહોત્સવ પર બહારગામથી લગભગ ૭૦૦ માણસો આવ્યાં હતાં. મહારાજશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે. સમયસારજીની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જાય છે. સમયસારની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યનાં બધાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ છે. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ' એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહે છે. શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય

---

* હાલમાં હવે તો આશરે ૪૦૦ જેટલાં ઘર થઈ ગયા છે.

મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞવીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે મહારાજશ્રીને અણુમાત્ર શંકા નથી. તેઓશ્રી ઘણી વાર પોકાર કરીને કહે છે : 'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે, યથાતથ્ય વાત છે, અક્ષરશ: સત્ય છે, પ્રમાણસિદ્ધ છે'. શ્રી સીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અપાર ભક્તિ છે. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહે છે.

વીતરાગના પરમ ભક્ત ગુરુદેવ કહે છે કે—'જૈન ધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈન ધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈન ધર્મનો ને અન્ય ધર્મોનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો ને કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે.' દિગંબર જૈન તે જ વાસ્તવિક જૈન ધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દૃઢ માન્યતા છે. તેઓશ્રીની મારફત સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગ પ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો ઘણો પ્રચાર કાઠિયાવાડમાં થઈ રહ્યો છે. સોનગઢના પ્રકાશન-ખાતામાંથી ગુજરાતી સમયસારની ૨૦૦૦ નકલો છપાઈને તુરત જ ખપી ગઈ. તે સિવાય, સમયસાર ગુટકો, સમયસાર હરિગીત, અનુભવપ્રકાશ વગેરે ઘણાં પુસ્તકો ત્યાં છપાયાં અને કાઠિયાવાડમાં ફેલાયાં. તે ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્રની હજારો પ્રતો ત્યાંથી પ્રકાશિત થઈ પ્રચાર પામી છે. ગુજરાત-કાઠિયાવાડના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું છે. કાઠિયાવાડમાં હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા છે. કેટલાંક ગામોમાં પાંચ દશ પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન-મનન કરે છે. આ રીતે પરમપૂજ્ય ગુરુદેવની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા કાઠિયાવાડનાં ગામેગામમાં વહેવા લાગ્યા છે. અનેક સુપાત્ર જીવો એ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થાય છે.

પરમપૂજ્ય મહારાજશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે;' એમ તેઓશ્રી વારંવાર કહે છે. 'કોઈ આત્મા—જ્ઞાની કે અજ્ઞાની—એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી. તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં કયાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ-પાતાળના અંતર જેવડો મહાન્ તફાવત છે, અને તે એ છે કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગ-દ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વ

છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ માટે તમે જ્ઞાન કરો.'—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે. જ્યારે કોઈ શ્રોતાઓ કહે કે પ્રભુ! આપ તો મેટ્રિકની ને એમ. એ. ની વાત કરો છો; અમે હજુ એકડિયામાં છીએ, અમને એકડિયાની વાત સંભળાવો;' ત્યારે ગુરુદેવ કહે છે; 'આ જૈન ધર્મનો એકડો જ છે. સમજણ કરવી તે જ શરૂઆત છે. મેટ્રિકની ને એમ. એ.ની એટલે કે નિર્ગ્રંથદશાની ને વીતરાગતાની વાતો તો આઘી છે. આ સમજણ કર્યે જ છૂટકો છે. એક ભવે, બે ભવે, પાંચ ભવે કે અનંત ભવે આ સમજ્યે જ મોક્ષમાર્ગની શરૂઆત થવાની છે'.

પરમપૂજ્ય મહારાજશ્રીના જ્ઞાનને સમ્યક્‌પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી. તે સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્‌ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં-ઘૂંટાયાં. એ ઘૂંટાયેલાં અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતાજનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને સર્વજ્ઞ તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યાં, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્‌ગુરુદેવ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગહન રહસ્યો ઉકેલી, મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કરી રહ્યા છે. સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ ગુરુદેવની વાણી સાંભળી ઉલ્લાસ આવી જતાં કહે છે; 'ગુરુદેવ! અપૂર્વ આપનાં વચનામૃત છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદવ્યયધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્‌વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચયવ્યવહારનું સ્વરૂપ કે વ્રતનિયમતપનું સ્વરૂપ ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય-સાધનનું સ્વરૂપ, દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ, ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક-સાધક ભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ—જે જે વિષયનું સ્વરૂપ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દૃષ્ટિગોચર થાય છે. અમે શાસ્ત્રોમાંથી કાઢેલા અર્થો તદ્દન ઢીલા, જડ-ચેતનના ભેળસેળવાળા, શુભને શુદ્ધમાં ખતવનારા, સંસારભાવને પોષનારા, વિપરીત અને ન્યાયવિરુદ્ધ હતા; આપના અનુભવમુદ્રિત અપૂર્વ અર્થો ટંકણખાણ જેવા—શુદ્ધ સુવર્ણ જેવા, જડ-ચેતનના ફડચા કરનારા, શુભ ને શુદ્ધનો સ્પષ્ટ વિભાગ કરનારા, મોક્ષભાવને જ પોષનારા, સમ્યક્ અને

ન્યાયયુક્ત છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે; અમે વાકયે-વાકયે વીતરાગદેવની વિરાધના કરતા હતા. અમારું એક વાકય પણ સાચું નહોતું. શાસ્ત્રમાં જ્ઞાન નથી, જ્ઞાનપર્યાયમાં જ્ઞાન છે—એ વાતનો અમને હવે સાક્ષાત્કાર થાય છે. શાસ્ત્રોએ ગાયેલું જે સદ્‌ગુરુનું માહાત્મ્ય તે હવે અમને સમજાય છે, શાસ્ત્રોનાં તાળાં ઉઘાડવાની ચાવી વીતરાગદેવે સદ્‌ગુરુને સોંપી છે. સદ્‌ગુરુનો ઉપદેશ પામ્યા વિના શાસ્ત્રોનો ઉકેલ થવો અત્યંત અત્યંત કઠિન છે'.

પરમકૃપાળુ ગુરુદેવનું જ્ઞાન જેવું અગાધ ને ગંભીર છે તેવી જ તેમની વ્યાખ્યાન-શૈલી ચમત્કૃતિભરેલી છે. તેઓશ્રી કહેવાની વાતને એવી સ્પષ્ટતાથી, વિવિધતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્યને પણ તે સહેલાઈથી સમજાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે; સમય કયાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત મહારાજશ્રીનું પ્રવચન શ્રોતાઓમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે. મહારાજશ્રી પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે, પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓને તેની અસર થયા વિના રહેતી નથી. અધ્યાત્મની જીવંત મૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરે છે, એ અધ્યાત્મમૂર્તિની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલંછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભિંજાઈ જાય છે.

ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લહાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે. જગતથી એ કાંઈક જુદું કહે છે, અપૂર્વ કહે છે. એના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે. આવું કયાંય સાંભળ્યું નથી'. મહારાજશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોત-પોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી જાય છે. કેટલાકને સત્ પ્રત્યે રુચિ જાગે છે, કોઈ કોઈને સત્સમજણના અંકુર ફૂટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

અહો ! આવું અલૌકિકિ પવિત્ર અંતર્પરિણમન—કેવળજ્ઞાનનો અંશ, અને આવો પ્રબળ પ્રભાવનાઉદય—તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ આ કળિકાળમાં જોઈને

રોમાંચ થાય છે. મુમુક્ષુઓનાં મહાપુણ્ય હજુ તપે છે.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિની વાણીની તો શી વાત તેનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય છે. એ અધ્યાત્મયોગીની સમીપમાં સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નથી. સંસારતપ્ત પ્રાણીઓ ત્યાં પરમ વિશ્રાંતિ પામે છે અને સંસારનાં દુઃખો માત્ર કલ્પનાથી જ ઊભાં કરેલાં તેમને ભાસવા માંડે છે. જે વૃત્તિઓ મહા પ્રયત્ને પણ દબાતી નથી તે ગુરુદેવના સાન્નિધ્યમાં વિના પ્રયત્ને શમી જાય છે એ ઘણા ઘણા મુમુક્ષુઓનો અનુભવ છે. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શનમાત્રથી થઈ જાય છે. ગુરુદેવનાં જ્ઞાન ને ચારિત્ર મુમુક્ષુ પર મહા કલ્યાણકારી અસર કરે છે. ખરેખર કાઠિયાવાડને આંગણે શીતળ છાંયવાળું, વાંછિત ફળ દેનાર કલ્પવૃક્ષ ફળ્યું છે. કાઠિયાવાડનાં મહાભાગ્ય ખીલ્યાં છે.

હવે, સોનગઢમાં પરિવર્તન કર્યા પછીના, મહારાજશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખતા કેટલાક પ્રસંગો કાળાનુક્રમે સંક્ષેપમાં જોઈ જઈ એ.

સોનગઢથી પંદર માઈલ દૂર આવેલા શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી મહારાજશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ના પોષ વદ તેરશે પૂર્ણ થઈ. લગભગ ૨૦૦ ભક્તો સહિત મહારાજશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં. ૧૯૯૫માં મહારાજશ્રીનું રાજકોટ પધારવું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન મહારાજશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિ પર અપૂર્વ પ્રવચનો કર્યાં. ગુરુદેવના આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ-ચેતનની વહેંચણીના, નિશ્ચય-વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો. દશ માસ સુધી 'આનંદકુંજ'માં (મહારાજશ્રી ઊતર્યા હતા તે સ્થાનમાં) નિશદિન આધ્યાત્મિક આનંદનું વાતાવરણ ગુંજી રહ્યું.

રાજકોટથી સોનગઢ પાછાં ફરતાં મહારાજશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને એ પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા. ત્યાં એ સમવસરણના દેરાસરજીમાં તથા દિગંબર દેરાસરજીમાં ઊછળેલી ભક્તિ, એ સહસ્રામ્રવનમાં જામી ગયેલી સ્તવનભક્તિની ધૂન અને એ સમશ્રેણીની પાંચમી ટૂંકે

પૂ. ગુરુદેવશ્રી 'હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે!' વગેરે પદો પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલુ શાંત આધ્યાત્મિક વાતાવરણ—એ બધાંનાં ધન્ય સ્મરણો તો જીવનભર ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ રહેશે.

રાજકોટ જતાં તથા ત્યાંથી પાછા ફરતાં પરમપૂજ્ય ગુરુદેવ રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા અને અનેક સત્પાત્રોના કર્ણપટ ખોલતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ ગુરુદેવ પ્રત્યે ઉછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટા ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થતું હતું. ગુરુદેવનો પ્રભાવનાઉદય જોઈ, જે કાળે તીર્થંકરદેવ વિચરતા હશે તે ધર્મકાળમાં ધર્મનું, ભક્તિનું, અધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદૃશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

સં. ૧૯૯૬ના વૈશાખ માસમાં ગુરુદેવનાં પુનિત પગલાં ફરી સોનગઢમાં થયા.

ત્યાર પછી તુરત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાયમંદિર પાસે શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું, જેમાં શ્રી સીમંધરભગવાનના અતિ ભાવવાહી પ્રતિમાજી ઉપરાંત શ્રી શાન્તિનાથ આદિ અન્ય ભગવંતોનાં ભાવવાહી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પંચકલ્યાણકવિધિપૂર્વક સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના માંગલિક દિને થઈ. પ્રતિષ્ઠામહોત્સવમાં બહારગામનાં લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રતિષ્ઠાના આઠે દિવસ પરમપૂજ્ય ગુરુદેવના મુખમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. લોકોને પણ ઘણો ઉત્સાહ હતો, પ્રતિષ્ઠાદિન પહેલાં થોડા દિવસે શ્રી સીમંધરભગવાનનાં પ્રથમ દર્શને પરમપૂજ્ય ગુરુદેવની આંખોમાંથી આંસુ વહ્યાં હતાં. સીમંધરભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે ત્રણ મિનિટ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. આ ભક્તિનું અદ્‌ભુત દૃશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવે પોતાના પવિત્ર હાથે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વભાવે કરી હતી.

આ જિનમંદિરમાં બપોરના વ્યાખ્યાન પછી દરરોજ પોણો કલાક ભક્તિ થાય છે. ભક્તિમાં પરમપૂજ્ય ગુરુદેવ પણ હાજર રહે છે. બપોરનું પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય છે તેથી પ્રવચનમાંથી ઊઠી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર

જીવોને અદ્‌ભુત ભાવ ઉલ્લસે છે. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું છે.

શ્રી જિનમંદિર બંધાયા પછી એક વર્ષે થોડા મુમુક્ષુભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણ મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધરભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ પ્રતિમાજી બિરાજે છે. સુંદર આઠ ભૂમિ, કોટ (મુનિઓ, અર્જિકાઓ, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરેની સભાઓ સહિત), શ્રીમંડપ, ત્રણ પીઠિકા, કમળ, ચામર, છત્ર, અશોકવૃક્ષ, વિમાનો વગેરેની શાસ્ત્રોક્ત વિધિથી તેમાં અતિ આકર્ષક રચના છે. મુનિઓની સભામાં શ્રી સીમંધરભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યનાં અતિ સૌમ્ય મુદ્રાવંત પ્રતિમાજી છે. પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૯૯૮ ના વૈશાખ વદ ૬ ના માંગલિક દિવસે થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં. શ્રી સમવસરણનાં દર્શન કરતાં, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા તે પ્રસંગ મુમુક્ષુનાં નેત્રો સમક્ષ ખડો થાય છે અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં મુમુક્ષુનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડે છે. શ્રી સમવસરણમંદિર થતાં, મુમુક્ષુઓને તેમના અંતરનો એક પ્રિયતમ પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું છે.

સં. ૧૯૯૮ના અષાઢ વદ એકમના રોજ સોનગઢમાં ગુરુદેવે સભા સમક્ષ શ્રી પ્રવચનસારનું વાંચન શરૂ કર્યું હતું. તેમાંથી જ્ઞેય અધિકાર ઊપડતાં અનેક વર્ષોમાં જોએલ તેનાથી પણ કોઈ અચિંત્ય ને આશ્ચર્યકારક ગુરુદેવના અંતર-આત્મમાંથી નિર્મળ ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાંથી સૂક્ષ્મ ને ગહન એવો શ્રુતનો ધોધ વહેવા લાગ્યો તે ધોધ જેણે જાણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને ખ્યાલ હશે, બાકી તો શું કહી શકાય?

શ્રવણ કરતાં એમ થતું હતું કે આ તે કોઈ આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું! ખરેખર સ્વાત્મસ્વરૂપવૃદ્ધિરૂપ તે ધન્ય પ્રસંગ સદાયને માટે હૃદયના જ્ઞાનપટ પર કોતરાઈ રહેશે, ને ફરી ફરી આવા અનેક તરહના સુપ્રસંગો સંપ્રાપ્ત થશે.

સં. ૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમના રોજ સોનગઢમાં શ્રી સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યું છે. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે. દશેક બ્રહ્મચારીઓ તેમાં જોડાયા છે. તેમાં જોડાનાર બ્રહ્મચારી ત્યાં ત્રણ વર્ષ સુધી રહી દરરોજ ત્રણેક કલાક નિયત કરેલાં ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય દ્વારા દૃઢ કરે છે અને મહારાજશ્રીનાં પ્રવચનો,

તત્ત્વચર્ચા, ભક્તિ વગેરેમાં ભાગ લે છે; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળે છે.

પરમપૂજ્ય ગુરુદેવે, ફરીને પાછા રાજકોટના શ્રાવકોના આગ્રહને લીધે અને પ્રભાવનાઉદયને લીધે સં. ૧૯૯૯ના ફાગણ સુદ પાંચમના રોજ સોનગઢથી વઢવાણ રસ્તે રાજકોટ જવા માટે વિહાર કર્યો છે. અમૃત વરસતા મહામેઘની જેમ રસ્તામાં આવતા દરેક ગામમાં ગુરુદેવ પરમાર્થ-અમૃતનો ધોધમાર વરસાદ વરસાવતા જાય છે અને અનેક તૃષાવંત જીવોની તૃષા છિપાવતા જાય છે. હજારો ભાગ્યવંત જીવો—જૈનો ને જૈનેતરો—એ અમૃતવર્ષાને ઝીલી સંતુષ્ટ થાય છે. જૈનેતરો પણ ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળી દિંગ થઈ જાય છે. જૈન દર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન ભરપૂર ભરેલું છે એમ સમજાતાં તેમને જૈન દર્શન પ્રત્યે બહુમાન પ્રગટે છે. ગામોગામ બાળકો, યુવાનો ને વૃદ્ધોમાં, જૈનો ને જૈનેતરોમાં મહારાજશ્રી આત્મવિચારનાં પ્રબળ આંદોલનો ફેલાવતા જાય છે અને 'આ મોંઘા મનુષ્યભવમાં જો જીવે દેહ, વાણી અને મનથી પર એવા પરમ તત્ત્વનું ભાન ન કર્યું, તેની રુચિ પણ ન કરી, તો આ મનુષ્યભવ નિષ્ફળ છે' એમ દાંડી પીટીને જાહેર કરતા જાય છે.

એ અમૃતસિંચક યોગિરાજ કાઠિયાવાડની બહાર વિચર્યા નથી. જો તેઓશ્રી હિંદુસ્તાનમાં વિચરે તો આખા ભારતવર્ષમાં *ધર્મની પ્રભાવના કરી હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવી શકે એવી અદ્ભુત શક્તિ તેમનામાં દેખાય છે.

આવી અદ્ભુત શકિતના ધરનાર પવિત્રાત્મા કાનજીસ્વામી કાઠિયાવાડની મહા પ્રતિભાશાળી વિભૂતિ છે. તેમના પરિચયમાં આવનાર પર તેમના પ્રતિભાયુકત વ્યકિતત્વનો પ્રભાવ પડયા વિના રહેતો નથી. તેઓશ્રી અનેક સદ્ગુણોથી અલંકૃત છે. તેમની કુશાગ્ર બુદ્ધિ દરેક વસ્તુના હાર્દમાં ઊતરી જાય છે. તેમની સ્મરણશકિત વર્ષોની વાતને તિથિ-વાર સહિત યાદ રાખી શકે છે. તેમનું હૃદય વજ્રથીયે કઠણ ને કુસુમથીયે કોમળ છે. તેઓશ્રી અવગુણ પાસે અણનમ હોવા છતાં સહેજ ગુણ દેખતાં નમી પડે છે. બાળબ્રહ્મ-ચારી કાનજીસ્વામી એક અધ્યાત્મમસ્ત આત્માનુભવી પુરુષ છે. અધ્યાત્મમસ્તી તેમની રગેરગમાં વ્યાપી ગઈ છે. આત્માનુભવ તેમના શબ્દે શબ્દમાં ઝળકે છે. તેમના શ્વાસે શ્વાસે 'વીતરાગ! વીતરાગ!' નો રણકાર ઊઠે છે. કાનજીસ્વામી કાઠિયાવાડનું અદ્વિતીય રત્ન છે. કાઠિયાવાડ કાનજીસ્વામીથી ગૌરવવંત છે.

વૈશાખ સુદ ૨,
વિ. સં. ૧૯૯૯

હિંમતલાલ જેઠાલાલ શાહ
બી. એસ સી.

* હવે તો તેઓશ્રી ઉત્તર-દક્ષિણ ભારતના તીર્થોની બે-બે વખત યાત્રા કરીને કાઠિયાવાડની બહાર તથા વિદેશમાં પણ વિચર્યા છે અને સમસ્ત ભારત તેમજ વિદેશમાં લાખો તૃષાવંત જીવોની તૃષા છિપાવી છે.

# શ્રી સમયસારના કર્તાકર્માધિકારની

## ✻ વિષયાનુક્રમણિકા ✻


વિષય — ગાથા

આ અજ્ઞાની જીવ ક્રોધાદિકમાં જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી કર્મનો બંધ કરે છે.... ૬૯

આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન થયે બંધ થતો નથી .... .... ૭૧

આસ્રવોથી નિવૃત્ત થવાનું વિધાન .... ૭૩

જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ કઈ રીતે છે તેનું કથન .... ૭૪

જ્ઞાનસ્વરૂપ થયેલ આત્માનું ચિહ્ન .... ૭૫

આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન થયે આત્મા જ્ઞાની થાય છે ત્યારે કર્તૃ-કર્મભાવ પણ થતો નથી .... .... ૭૬

જીવ-પુદગલકર્મને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે તોપણ કર્તૃકર્મભાવ કહી શકાતો નથી .... .... ૮૦

નિશ્ચયનયના મતથી આત્મા અને કર્મને કર્તૃકર્મભાવ અને ભોક્તૃભોગ્યભાવ નથી, પોતાનામાં જ કર્તૃકર્મભાવ અને ભોક્તૃભોગ્યભાવ છે. .... .... ૮૩

વ્યવહારનય આત્મા અને પુદ્‌ગલકર્મને કર્તૃકર્મભાવ અને ભોક્તૃભોગ્યભાવ કહે છે ૮૪

આત્માને પુદ્‌ગલકર્મનો કર્તા અને ભોક્તા માનવામાં આવે તો મહાન દોષ— સ્વપરથી અભિન્નપણાનો પ્રસંગ— આવે છે; તે મિથ્યાપણું હોવાથી જિનદેવને સંમત નથી .... .... ૮૫

મિથ્યાત્વાદિ આસ્રવો જીવ-અજીવના ભેદથી બે પ્રકારે છે એવું કથન અને તેનો હેતું. .... .... ૮૭

આત્માના મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ– આ ત્રણ પરિણામ અનાદિ છે; તેમનું કર્તાપણું અને તેના નિમિત્તથી પુદ્‌ગલનું કર્મરૂપ થવું.... .... ૮૯

આત્મા મિથ્યાત્વાદિભાવરૂપ પરિણમે નહિ ત્યારે કર્મનો કર્તા નથી.... .... ૯૩

અજ્ઞાનથી કર્મ કેવી રીતે થાય છે એવો શિષ્યનો પ્રશ્ન અને તેનો ઉત્તર .... ૯૪

કર્મના કર્તાપણાનું મૂળ અજ્ઞાન જ છે....૯૬

જ્ઞાન થાય છે ત્યારે કર્તાપણું નથી .... ૯૭

વ્યવહારી જીવ આત્માને પુદ્‌ગલકર્મનો કર્તા કહે છે એ અજ્ઞાન છે. .... .... ૯૮

આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ નથી; આત્માના યોગ, ઉપયોગ છે તે નિમિત્તનૈમિત્તિક-ભાવથી કર્તા છે અને યોગ-ઉપયોગનો આત્મા કર્તા છે .... .... ૧૦૦

જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે .... .... ૧૦૧

| વિષય | ગાથા |
|---|---|
| અજ્ઞાની પણ પોતાના અજ્ઞાનભાવનો જ કર્તા છે. પુદ્ગલકર્મનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી કેમ કે પરદ્રવ્યોને પરસ્પર કર્તૃકર્મભાવ નથી | ૧૦૨ |
| જીવ નિમિત્તભૂત બનતાં કર્મનું પરિણામ થતું દેખીને ઉપચાર માત્રથી કહેવામાં આવે છે કે આ કર્મ જીવે કર્યું .... .... | ૧૦૫ |
| મિથ્યાત્વાદિ સામાન્ય આસ્રવો અને ગુણસ્થાનોરૂપી તેમના વિશેષો બંધના કર્તા છે, નિશ્ચયથી જીવ તેમનો કર્તા-ભોક્તા નથી .... .... | ૧૦૯ |
| જીવ અને આસ્રવોનો ભેદ દેખાડયો છે; અભેદ કહેવામાં દૂષણ દીધું છે... | ૧૧૩ |
| સાંખ્યમતી, પુરુષ અને પ્રકૃતિને અપરિણામી કહે છે તેનો નિષેધ કરી પુરુષ અને પુદ્ગલને પરિણામી કહ્યા છે.... | ૧૧૬ |
| જ્ઞાનથી જ્ઞાનભાવ અને અજ્ઞાનથીઅ જ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે .... ... | ૧૨૬ |
| અજ્ઞાની જીવ દ્રવ્યકર્મ બંધાવાના નિમિત્તરૂપ અજ્ઞાનાદિ ભાવોનો હેતુ થાય છે .... .... | ૧૩૨ |
| પુદ્ગલના પરિણામ તો જીવથી જુદા છે અને જીવના પુદ્ગલથી જુદા છે.... | ૧૩૭ |
| કર્મ જીવથી બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ એવા શિષ્યના પ્રશ્નનો નિશ્ચય-વ્યવહાર બન્ને નયોથી ઉત્તર .... .... | ૧૪૧ |
| જે નયોના પક્ષથી રહિત છે તે કર્તૃ-કર્મભાવથી રહિત સમયસાર—શુદ્ધ આત્મા છે—એમ કહી અધિકાર પૂર્ણ .... | ૧૪૨ |

# શ્રી સમયસાર-પ્રવચનો : ભાગ ચોથો

( કર્તાકર્મ અધિકાર )

## ગાથા-કલશાનુક્રમણિકા


| | | પાનું |
|---|---|---|
| કલશ | ૪૬ | ૩ |
| ગાથા | ૬૯-૭૦ | ૬ |
| ,, | ૭૧ | ૧૪ |
| ,, | ૭૨ | ૨૦ |
| કલશ | ૪૭ | ૩૩ |
| ગાથા | ૭૩ | ૩૫ |
| ,, | ૭૪ | ૪૪ |
| કલશ | ૪૮ | ૫૫ |
| ગાથા | ૭૫ | ૫૬ |
| કલશ | ૪૯ | ૭૨ |
| ગાથા | ૭૬ | ૭૭ |
| ,, | ૭૭ | ૮૨ |
| ,, | ૭૮ | ૮૭ |
| ,, | ૭૯ | ૯૧ |
| કળશ | ૫૦ | ૯૫ |
| ગાથા | ૮૦ થી ૮૨ | ૯૯ |
| ,, | ૮૩ | ૧૦૩ |
| ,, | ૮૪ | ૧૧૦ |
| ,, | ૮૫ | ૧૧૫ |
| ,, | ૮૬ | ૧૧૯ |
| કલશ | ૫૧ | ૧૨૧ |
| ,, | ૫૨ | ૧૨૪ |
| ,, | ૫૩ | ૧૨૫ |
| ,, | ૫૪ | ૧૨૮ |
| કલશ | ૫૫ | ૧૨૯ |
| ,, | ૫૬ | ૧૩૧ |
| ગાથા | ૮૭ | ૧૩૩ |
| ,, | ૮૮ | ૧૪૧ |
| ,, | ૮૯ | ૧૪૨ |
| ,, | ૯૦ | ૧૪૫ |
| ,, | ૯૧ | ૧૫૫ |
| ,, | ૯૨ | ૧૬૦ |
| ,, | ૯૩ | ૧૬૮ |
| ,, | ૯૪ | ૧૭૨ |
| ,, | ૯૫ | ૧૮૦ |
| ,, | ૯૬ | ૧૮૭ |
| ,, | ૯૭ | ૧૯૭ |
| કલશ | ૫૭ | ૨૦૪ |
| ,, | ૫૮ | ૨૦૭ |
| ,, | ૫૯ | ૨૦૯ |
| ,, | ૬૦ | ૨૧૦ |
| ,, | ૬૧ | ૨૧૧ |
| ,, | ૬૨ | ૨૧૨ |
| ગાથા | ૯૮ | ૨૧૨ |
| ,, | ૯૯ | ૨૧૫ |
| ,, | ૧૦૦ | ૨૧૭ |
| ,, | ૧૦૧ | ૨૨૯ |
| ,, | ૧૦૨ | ૨૩૬ |

| | | પાનું |
|---|---|---|
| ગાથા | ૧૦૩ | ૧૪૦ |
| ,, | ૧૦૪ | ૨૪૩ |
| ,, | ૧૦૫ | ૨૪૫ |
| ,, | ૧૦૬ | ૨૪૭ |
| ,, | ૧૦૭ | ૨૪૯ |
| ,, | ૧૦૮ | ૨૫૨ |
| કલશ | ૬૩ | ૨૫૬ |
| ગાથા | ૧૦૯ થી ૧૧૨ | ૨૫૬-૨૫૭ |
| ,, | ૧૧૩ થી ૧૧૫ | ૨૬૫ |
| ,, | ૧૧૬ થી ૧૨૦ | ૨૭૩-૨૭૪ |
| કલશ | ૬૪ | ૨૭૯ |
| ગાથા | ૧૨૧ થી ૧૨૫ | ૨૭૯-૨૮૦ |
| કલશ | ૬૫ | ૨૮૫ |
| ગાથા | ૧૨૬ | ૨૮૬ |
| ,, | ૧૨૭ | ૨૮૯ |
| કલશ | ૬૬ | ૨૯૪ |
| ગાથા | ૧૨૮-૧૨૯ | ૨૯૪ |
| કલશ | ૬૭ | ૨૯૯ |
| ગાથા | ૧૩૦-૧૩૧ | ૩૦૦ |
| કલશ | ૬૮ | ૩૦૭ |
| ગાથા | ૧૩૨ થી ૧૩૬ | ૩૦૭-૩૦૮ |
| ,, | ૧૩૭-૧૩૮ | ૩૧૯ |
| ,, | ૧૩૯-૧૪૦ | ૩૨૩ |
| ,, | ૧૪૧ | ૩૨૭ |
| ,, | ૧૪૨ | ૩૨૯ |
| કલશ | ૬૯ | ૩૩૮ |
| ,, | ૭૦ | ૩૩૯ |
| ,, | ૭૧ | ૩૪૨ |
| ,, | ૭૨ | ૩૪૩ |

| | | પાનું |
|---|---|---|
| કલશ | ૭૩ | ૩૪૪ |
| ,, | ૭૪ | ૩૪૫ |
| ,, | ૭૫ | ૩૪૬ |
| ,, | ૭૬ | ૩૪૬ |
| ,, | ૭૭ | ૩૪૭ |
| ,, | ૭૮ | ૩૪૮ |
| ,, | ૭૯ | ૩૫૦ |
| ,, | ૮૦ | ૩૫૦ |
| ,, | ૮૧ | ૩૫૧ |
| ,, | ૮૨ | ૩૫૨ |
| ,, | ૮૩ | ૩૫૩ |
| ,, | ૮૪ | ૩૫૪ |
| ,, | ૮૫ | ૩૫૫ |
| ,, | ૮૬ | ૩૫૬ |
| ,, | ૮૭ | ૩૫૬ |
| ,, | ૮૮ | ૩૫૭ |
| ,, | ૮૯ | ૩૫૭ |
| ,, | ૯૦ | ૩૬૧ |
| ,, | ૯૧ | ૩૬૩ |
| ગાથા | ૧૪૩ | ૩૬૪ |
| કલશ | ૯૨ | ૩૭૫ |
| ગાથા | ૧૪૪ | ૩૭૬ |
| કલશ | ૯૩ | ૩૮૮ |
| ,, | ૯૪ | ૩૯૦ |
| ,, | ૯૫ | ૩૯૪ |
| ,, | ૯૬ | ૩૯૫ |
| ,, | ૯૭ | ૩૯૬ |
| ,, | ૯૮ | ૪૦૧ |
| ,, | ૯૯ | ૪૦૩ |

ॐ

# ભગવાન કુંદકુંદાચાર્યદેવ

વિષે

## ઉલ્લેખો

□

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुंदः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

[ ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ ]

અર્થ:—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણ ઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

*

................कौण्डकुंदो यतीन्द्रः ॥
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः ॥

[ વિંધ્યગિરિ–શિલાલેખ ]

અર્થ:—યતીશ્વર ( શ્રી કુંદકુંદસ્વામી ) રજ:સ્થાનને—ભૂમિતળને—છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમજ બહારમાં રજથી ( પોતાનું ) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (–અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા ).

*

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ॥

[ दर्शनसार ]

અર્થ:—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે ( શ્રી કુંદકુંદાચાર્યદેવ ) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

*

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[ શ્રીમદ્ રાજચંદ્ર ]

# શ્રી સમયસાર-સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃત પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

— શ્રી હિંમતલાલ જે. શાહ

# * જિનજીની વાણી *

[ રાગ–આશા ભર્યા અમે આવિયા ]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે. ...સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે. ...સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે. ...સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે. ...સીમંધર૦

—શ્રી હિંમતલાલ જે. શાહ



પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા આવિર્ભાવ પામેલાં
સમયસારનાં ગહન રહસ્યોને પચાવનાર અને સમજાવનાર
* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન *

ॐ

श्रीपरमात्मने नमः ।
श्रीसद्गुरवे नमः ।

પરમપૂજ્ય પરમઉપકારી શાસનસમ્રાટ્ અધ્યાત્મયોગી

સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં

# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## કર્તાકર્મ અધિકાર

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।

રાજકોટ, ૧૯૯૯, આસો સુદ ૮ ગુરુ બપોરે.

*આ કર્તાકર્મનો અધિકાર હવે લેવાય છે, આ અધિકાર ૭૬ ગાથામાં છે. આખા ભરતક્ષેત્રમાં અત્યારે-વર્તમાનમાં આ સમયસાર સિવાય આવો કર્તાકર્મનો

* આખા કર્તાકર્મ-અધિકાર પર વાંચનરૂપ પ્રવચનો દરરોજ બપોરે એક એક કલાક પરમ કૃપાળુ ગુરુદેવના શ્રીમુખેથી થતાં હતાં.

આ પ્રવચનો ગુજરાતી સમયસાર સાથે રાખીને વાંચવાથી વધારે સુગમ પડશે.

અધિકાર બીજે ક્યાંય નથી. સનાતન જૈન દર્શનના અત્યારે હજારો શાસ્ત્ર છે, પણ આટલા વિસ્તારથી આ કર્તાકર્મનો અધિકાર આ સમયસાર સિવાય બીજે ક્યાંય નથી.

આ સમયસાર અત્યારે આ ભરતક્ષેત્રના ભગવાન છે. આવી ગાથા અને આવી ટીકા અત્યારે બીજે ક્યાંય નથી. દૈવી ગાથા, દૈવી ટીકા ને દૈવી શબ્દો છે. જે જાગીને જુએ તેને સમજાય તેવું છે. તીર્થંકરદેવની સાક્ષાત્ વાણી આ સમયસાર છે, દિવ્ય-ધ્વનિમાંથી નીકળેલી આ વાણી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે ભગવાન પાસેથી સાક્ષાત સાંભળીને આની રચના કરી છે.

પહેલા અધિકારમાં કુંદકુંદાચાર્યદેવે જીવ દ્રવ્યની અને અજીવ દ્રવ્યની વાત કરી, જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય બન્નેને સ્વતંત્ર જુદા પદાર્થ બતાવ્યા, વગેરે જીવ-અજીવ પદાર્થની ઘણી ઘણી વાત કહી.

હવે જીવ-અજીવ બે પદાર્થની પર્યાયમાં ક્યાં ભૂલ થાય છે તે આ અધિકારમાં બતાવે છે. પર્યાયમાં ભૂલ થાય છે માટે સંસાર છે અને સંસાર છે તો તેના અભાવરૂપ મોક્ષ પણ છે.

કર્તા એટલે થનારો, અને કર્મ એટલે થાય તે. દ્રવ્ય તે કર્તા છે અને પર્યાય તે કર્મ છે. સ્વતંત્રપણે કરે તે કર્તા; કર્તાનું ઇષ્ટ તે કર્મ; ઇષ્ટ એટલે વહાલું; અજ્ઞાનીને વહાલું શું કર્તવ્ય છે અને જ્ઞાનીને વ્હાલું શું કર્તવ્ય છે? જ્ઞાનીનું ઇષ્ટ જ્ઞાન છે અને અજ્ઞાનીને ઇષ્ટ રાગ દ્વેષ છે.

દરેક વસ્તુ પરના આશ્રય વિના, બીજાની સહાય વિના, પોતે પોતાની અવસ્થા કરે; પરમાણુની અવસ્થાનો પરમાણુ કર્તા છે અને આત્માની અવસ્થાનો આત્મા કર્તા છે. કોઈ કહે કે દહીંનો કર્તા કોણ? મેળવણ નાખનાર કે દૂધ?

ઉત્તરઃ—દહીંનો કર્તા દૂધ છે, છાશ નાખનાર દહીંનો કર્તા નથી. દૂધ પોતે થનાર છે-કર્તા છે અને દહીંની અવસ્થા થાય તે કર્મ છે. દૂધ પોતે દહીંની અવસ્થા રૂપે થાય છે. દૂધમાં દહીં થવાની યોગ્યતા હોય ત્યારે તેને છાશનું નિમિત્ત મળી આવે છે. છાશ નાખનાર જો દહીંનો કર્તા હોય તો વસ્તુ પરતંત્ર થઈ જાય.

પ્રથમ જયચંદ્રજી પંડિત કર્તા-કર્મવિષે મંગળિકનું પદ કહે છેઃ—

કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,
કર્મ નાશિ શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.

આત્માએ અજ્ઞાનભાવે વિકારભાવને કર્યો એટલે કે વિકારભાવરૂપે પોતે થયો, તે વિભાવનું કર્તાપણું જ્ઞાનભાવે જે છોડે છે તે રાગ-દ્વેષનો કર્તા મટીને જ્ઞાતા થાય છે.

તે જ્ઞાયક આત્મા જ્ઞાતાભાવે રહીને કર્મનો નાશ કરીને શિવમાં વસે છે એટલે કે કલ્યાણ પદને પામે છે, તેવા પરમ પવિત્ર પરમાત્માને હું મંદ ખોઈને એટલે કે માન મૂકીને, અપવિત્રપણું ટાળીને પવિત્ર ભાવે નમસ્કાર કરું છું.

પ્રથમ નાટકના અખાડામાં જીવ અને અજીવ એક વેષે પ્રવેશે છે એટલે કે જાણે જીવ અને અજીવને કર્તાકર્મરૂપે સંબંધ હોય તેમ મિથ્યાદૃષ્ટિ માને છે. જેમ બે પુરુષો માંહોમાંહે કોઈ એક સ્વાંગ કરી નાટકના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ અને અજીવ બન્ને જુદી જુદી ચીજ છે છતાં પણ બન્ને એક કર્તાકર્મનો વેષ પહેરીને પ્રવેશ કરે છે. એટલે જીવ કર્તા અને જડ તેનું કર્મ હોય તેમ અજ્ઞાનીને લાગે છે; હું અબંધ છું એવી વૃત્તિ ઊઠે તેનો કર્તા અજ્ઞાની થાય છે; શુભ–અશુભ બન્ને ભાવનો કર્તા અજ્ઞાની થાય છે પણ જ્ઞાની થતો નથી.

હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે:—

(મંદાક્રાંતા)

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम् ।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यंतधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम् ॥४६॥

અર્થ:—'આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું અને આ ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે' એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને બધી તરફથી શમાવતી (-મટાડતી) જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજ્યોતિ? જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી, જે અત્યંત ધીર છે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે—પ્રત્યક્ષ જાણે છે.

અજ્ઞાની એમ માને છે કે ક્રોધાદિનો હું કર્તા છું અને ક્રોધાદિ મારાં કર્મ છે. અહીં પહેલાં ક્રોધ કેમ લીધો? તેનું કારણ એમ છે કે આત્મા તદ્દન જ્ઞાયક છે તે સ્વભાવનું ન રુચવું, ન ગોઠવું તેનું નામ ક્રોધ છે. સ્વભાવ ન ગોઠે તે અનંતાનુબંધી ક્રોધ છે, અખંડ ચૈતન્યસ્વભાવ તે હું નહિ એમ સ્વભાવનો અણગમો તે ક્રોધ છે, વસ્તુ અખંડ છે, બધા ભંગ–ભેદ અજીવના સંબંધે દેખાય છે. દૃષ્ટિમાં તે અખંડ સ્વભાવનું પોષણ ન થવું તે ક્રોધ છે; પર પદાર્થ પ્રત્યે અહંબુદ્ધિ તે અનંતાનુબંધી માન છે; વસ્તુનો

સ્વભાવ જેવો છે તેવો નહિ માનતાં આડ મારીને બીજી રીતે ખતવવું તેનું નામ અનંતાનુબંધી માયા છે; સ્વભાવની ભાવના ચૂકીને વિકારની ઇચ્છા કરવી તે અનંતાનુબંધી લોભ છે.

આ જગતને વિષે હું ચૈતન્યસ્વરૂપ આત્મા કર્તા છું અને ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે એમ અજ્ઞાની માને છે. જડના વિકારી ભાવોનો હું કર્તા છું, અંદરમાં જે પુણ્ય-પાપની લાગણી થઈ આવે તે મારી ફરજ છે, મારું કામ છે, મારી કારવાઈ છે આવી અજ્ઞાનીને જે કર્તાકર્મની પ્રવૃત્તિ થતી હતી તેને બધી તરફથી શમાવતી જ્ઞાન-જ્યોતિ પ્રગટ થઈ.

હું નિર્દોષ પવિત્ર આત્મા છું એવું જેને ભાન નથી અને ક્રોધ, માન, માયા, લોભ મારી ફરજ છે, મારી કારવાઈ છે, મારી ક્રિયા છે, હું એનો કર્તા છું એવી કર્તાકર્મની પ્રવૃત્તિને જ્ઞાનજ્યોતિ બધી તરફથી શમાવતી પ્રગટ થઈ.

અવગુણનો હું કર્તા છું ને અવગુણ મારું કામ છે એમ અજ્ઞાની માને છે. શરીર, મન, વાણી તો મારાં નથી પણ અવગુણનાં કાર્ય પણ મારાં નથી એમ જ્ઞાની અવગુણથી જુદો પડવા માગે છે; સમ્યગ્જ્ઞાન થતાં હું અવગુણનો નાશક છું પણ કર્તા નથી એમ જ્ઞાનજ્યોતિ બધી રીતે કર્તાકર્મની પ્રવૃત્તિને શમાવતી પ્રગટ થાય છે.

જે ભાવે સર્વાર્થસિદ્ધિનું પદ મળે, જે ભાવે તીર્થંકરનું પદ મળે તે પણ મારું કામ નથી—મારી કારવાઈ નથી. ફલાણો શુભ વિકલ્પ સારો અને અશુભ વિકલ્પ નહિ સારો એવું કાંઈ સ્વભાવદૃષ્ટિમાં છે નહિ, ચક્રવતી પદ, વાસુદેવપદ, ઇન્દ્રાદિ પદ તે બધી ધૂળ છે, પરમાણુની અવસ્થા છે એમ બધી તરફથી કર્તાકર્મની પ્રવૃત્તિને શમાવતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.

જ્ઞાનજ્યોતિ વિકલ્પભાવને મટાડતી સ્ફુરાયમાન થાય છે. કેવી છે જ્ઞાનજ્યોતિ? પરતંત્ર નથી, સ્વતંત્ર છે; પોતાને આધીન છે, પરને આધીન નથી. અજ્ઞાની કર્મને આધીન થઈને–વિકારીભાવને પોતાનો માનીને ત્યાં અટકી જાય છે પણ તે વિકારનો નાશ કરનાર મારો સ્વભાવ છે તેનું તેને ભાન નથી.

કોઈ એમ કહે કે વિકારીભાવ મારો ખરો કે નહિ? પરને મદદ કરવી એવી મારી ફરજ ખરી કે નહિ?

ઉત્તર :—બધા પદાર્થો સ્વતંત્ર છે. પરનું કાંઈ કરી શકતો જ નથી ત્યાં ફરજ કેવી? વિકારીભાવ પોતાનો હોય તો તે પોતાનો સ્વભાવ થઈ જાય, ટાળ્યો ટળે નહિ, જે પોતાનો સ્વભાવ હોય તે દુઃખસ્વરૂપ હોય નહિ, પણ વિકાર પ્રત્યક્ષ દુઃખરૂપ છે માટે તે જીવનો સ્વભાવ નથી.

પ્રશ્ન :—ધર્મ આવો અતડો કેવો?

ઉત્તર :—ધર્મ અતડો છે, રાગ-દ્વેષના તડામાં ન ભળે એવો અતડો છે, અતડો એટલે પરથી જુદો છે, સ્વાધીન છે, તડ વગરનો અખંડ છે માટે અતડો છે. આત્મા સ્વાધીન છે, ક્ષણમાં મોક્ષ પ્રાપ્ત કરે એવું સ્વતંત્ર દ્રવ્ય છે.

પોતાના સ્થાનમાં અવગુણ પોતે જ કરે છે પણ જ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છૂટતાં અલ્પકાળમાં મુક્ત થાય એવું એનું સ્વરૂપ છે.

વળી તે જ્ઞાનજ્યોતિ કેવી છે? અત્યંત ધીર છે, કોઈ જાતની આકુળતારૂપ નથી. છોકરાનું આમ કરી દઉં, કુટુંબનું સારું કરી દઉં એવો લોહવાટ જ્ઞાનજ્યોતિમાં નથી. જીવોને ઘણી ઘણી જાતની આકુળતા થાય છે. પરનાં કાર્યો કરવા માટે એટલી બધી આકુળતા કરે છે કે પરના કાર્યો કેમ જાણે પોતે જ બધા કરી શકતો હોય? પણ અરે ભાઈ! એક રજકણ પણ ફેરવવાની તારામાં તાકાત નથી. તારી જ્ઞાનજ્યોતિ તો અનાકુળસ્વરૂપ છે.

જ્ઞાનજ્યોતિ અત્યંત ધીર છે. બહારની ગમે તેટલી પ્રતિકૂળતા હોય તોપણ તે ધીર જ્ઞાનજ્યોતિને અસર કરી શકતી નથી. કેટલાક કહે છે કે મારે માથે આટલો બધો બોજો, કોઈ મને મદદ કરતું નથી, આટલી બધી પ્રતિકૂળતામાં હું કેમ નભી શકું? પરંતુ ધીર જ્ઞાનજ્યોતિને એ બધું અસર કરી શકતું નથી. જ્ઞાનજ્યોતિ ધીરી થઈને જાણે છે કે હું પરનું કાંઈ કરી શકું નહિ, પર મારું કાંઈ કરી શકે નહિ; પર પદાર્થની ઈચ્છારૂપ આકુળતા કરવી તે મારો સ્વભાવ નથી, ગમે તેવા સંયોગોને ધીર રહીને જાણવું તે મારો સ્વભાવ છે.

પરની સહાય વિના જુદાં જુદાં પદાર્થોને જાણવાનો જેનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે—પ્રત્યક્ષ જાણે છે, બધાને જાણવાનો ચૈતન્યનો સ્વભાવ છે પણ કોઈને કરવાનો સ્વભાવ નથી, જુદાં જુદાં દ્રવ્યો કહીને બધાં દ્રવ્યો સ્વતંત્ર જુદા છે એમ બતાવે છે, કોઈ દ્રવ્ય કોઈને તાબે નથી. બધા પદાર્થો કેમ ટકી રહ્યાં છે અને તેની અવસ્થા કેમ થઈ રહી છે એ જાણવાનો જેનો સ્વભાવ છે એવી મારી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. પ્રત્યક્ષ-સાક્ષાત્ જાણવાનો જેનો સ્વભાવ છે એવી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.

આવો ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા પર વસ્તુને પોતાની માનવાના ઊંધા અભિપ્રાયને દૂર કરીને એટલે અસત્‌ને સત્ માનવાના ભાવને દૂર કરીને પ્રગટ થાય છે.

આચાર્યદેવ કહે છે કે પર વસ્તુનું કામ કરવાનો મારો સ્વભાવ નથી. મારું

કાર્ય તે નથી; અરે! અવગુણની અવસ્થા કરવાનું પણ મારું કાર્ય નથી, હું તો મારી જ્ઞાનઅવસ્થાનો કર્તા છું અને જ્ઞાનઅવસ્થા મારું કાર્ય છે.

હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે.

આસ્રવના બે ભેદ છે, એક દ્રવ્ય-આસ્રવ અને બીજો ભાવ-આસ્રવ. કર્મના રજકણોનું આવવું તે દ્રવ્ય-આસ્રવ અને ચૈતન્યના વિકારી-શુભાશુભ પરિણામ તે ભાવ-આસ્રવ. જ્યાં સુધી અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપ ભાવ-આસ્રવ હોય છે ત્યાંસુધી નવાં કર્મોનું બંધન થયા જ કરે છે.

આત્મા અને આસ્રવનો તફાવત એટલે કે બન્નેને જુદા જાણે નહિ, આત્મા તો નિર્દોષ સ્વભાવે છે અને આસ્રવ તો સદોષ સ્વરૂપ છે એમ બન્નેની જુદાઈને જાણે નહિ ત્યાં સુધી તે આત્માના ગુણનો અજાણ રહ્યો થકો આ જ મારું કામ છે અને આ જ મારું કર્તવ્ય છે એમ જાણતો થકો સ્વતંત્રતાના ભાવને ચૂકીને પરતંત્રતાના ભાવને કરે છે તે હવે ગાથામાં કહે છે:—

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोह्णंपि ।
अण्णाणी तावदु सो कोहाइसु वट्टदे जीवो ॥ ६९ ॥
कोहाइसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदी ।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरसीहिं ॥ ७० ॥

અર્થ:—જીવ જ્યાં સુધી આત્મા અને આસ્રવ—એ બન્નેનાં તફાવત અને ભેદને જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિક આસ્રવોમાં પ્રવર્તે છે; ક્રોધાદિકમાં વર્તતા તેને કર્મનો સંચય થાય છે. ખરેખર આ રીતે જીવને કર્મોનો બંધ સર્વજ્ઞદેવોએ કહ્યો છે.

---

આત્મા અને આસ્રવતણો જ્યાં ભેદ જીવ જાણે નહિ,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.
જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.

આત્મા જ્યાં લગી પોતાનો અને આસ્રવનો ભેદ જાણતો નથી ત્યાં સુધી તેને કર્મ બંધાય છે; જેમ આંધળો માણસ દાણા ને કાંકરા જુદા પાડતો નથી તેમ આત્મા અને આસ્રવને તે જુદાં પાડતો નથી તેણે ક્ષણિક ઉપાધિ ભાવને જુદા જાણ્યા નહિ અને તેથી તેણે પરમ સત્યને માન્યું નહિ.

આચાર્યદેવે પહેલાં જીવ કહ્યો ને પછી આત્મા કહ્યો છે એટલે કાંઈ તેમને જીવ ને આત્મા જુદા કહેવા નથી પરંતુ જીવ ને આત્મા બન્ને એક જ ચીજ છે તેમ આચાર્યદેવ કહે છે.

કાયમ ટકનાર સ્વભાવ શું? અને કાયમ નહિ ટકનાર તે શું? એમ બન્ને જુદા ન સમજે તો વિકારથી જુદું વર્તવું કેમ કરે? જેમ છોકરારૂપ પ્રજાને પોતાની માને તેમ આત્માની અંદર પુણ્ય-પાપની લાગણીરૂપ પ્રજા થાય છે તેને પોતાની માને, તે મારો વારસો રાખશે તેમ માને ત્યાં સુધી તે કાર્ય જીવ કર્યા જ કરે પરંતુ તેનાથી જુદો પ્રવર્તે નહિ.

હું આત્મા જ્ઞાન છું, શાંત છું, નિર્મળ છું તેવા પોતાના સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપના વિકારી ભાવ આત્મામાં થાય છે તેને પોતાના માને છે તે પોતાની મૂડીને ખોવે છે, તે વિકારી ભાવોને પોતાના માને તે જ આસ્રવ છે; અજ્ઞાની વિકારી પર્યાયને પોતાની માનીને પ્રવર્તે છે તેથી તેને કર્મનો સંચય થાય છે. ખરેખર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વદર્શીએ બંધનનું સ્વરૂપ આ જ રીતે કહ્યું છે.

જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધિ સંબંધ છે એટલે કે સ્વરૂપસિદ્ધ સંબંધ છે, ત્રિકાળી સ્વરૂપનો સંબંધ છે એવા આત્મા અને જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ (જુદાપણું) નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે.

જ્ઞાન તે ગુણ છે અને આત્મા તે દ્રવ્ય છે-તે બન્નેને ત્રિકાળ તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે તેને મારું-પોતીકાનું સ્વરૂપ જાણતો થકો નિઃશંકપણે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે અને જ્ઞાનમાં વર્તતો છે. તે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી. શરીરાદિની અને રાગાદિની જે ક્રિયા થાય તેને જાણી લેવી તે જ્ઞાનની પરિણતિ જ્ઞાનની ક્રિયા છે. રાગની અવસ્થાને જ્ઞાતાભાવે રહીને જાણી લેવી તે જ્ઞાનની ક્રિયા છે, જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થયું તે જ્ઞાનની ક્રિયા છે.

આત્મા જાણનાર ને જોનાર છે. જ્ઞાની જાણે છે કે આ રાગનો કર્તા હું નથી પણ તેનો જ્ઞાતા રહેવું તે મારું કામ, તે મારી જ્ઞાનની ક્રિયા, આ ક્રિયા સર્વજ્ઞ

ભગવાનોએ નિષેધી નથી કેમ કે જ્ઞાનક્રિયામાં પુરુષાર્થ છે, જ્ઞાનક્રિયા પોતાનો સ્વભાવ છે, જ્ઞાનક્રિયા તે સદ્‌ભૂત વ્યવહાર છે.

રાગ-દ્વેષની શુભાશુભ લાગણીઓ થાય તે ચૈતન્યની અરૂપી વિકારી ક્રિયા છે, તે આત્માની પોતાની અવસ્થા છે. અજ્ઞાન અવસ્થામાં વિકારી ક્રિયાનો કર્તા થતો હતો અને ભાન થતાં જ્ઞાનનો કર્તા થયો અને જ્ઞાન એની ક્રિયા થઈ. જુઓ, આમાં ક્રિયા આવી પરંતુ ચૈતન્યની ક્રિયા આવી; જડની ક્રિયા મારી નથી, વિકારી ક્રિયા મારી નથી પણ જ્ઞાનની ક્રિયા તે મારી ક્રિયા છે. આ ક્રિયાથી બંધનભાવ ટળીને અબંધનભાવ થાય છે માટે આ ક્રિયા નિષેધવામાં આવી નથી.

જ્ઞાની પોતાના જ્ઞાનમાં સ્વ-પરને જાણે છે પરંતુ પરનો કર્તા થતો નથી, પ્રથમ વિકારરૂપ પરિણમતો હતો તેને ફેરવીને જાણવારૂપ પરિણમે છે. આ મોક્ષમાર્ગની ક્રિયા છે, આ સાધકની ક્રિયા છે.

શરીરની ક્રિયા અને રાગાદિની ક્રિયાને મારી માનતો હતો તે અવસ્થાને બદલાવીને જ્ઞાનની ક્રિયા તે મારી સ્વભાવભૂત ક્રિયા છે તેમ માનવા લાગ્યો, તે ક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી.

તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવાં આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી ત્યાંસુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે.

જ્ઞાન અને આત્મા તો તાદાત્મ્યસ્વરૂપ છે એટલે કે એકસ્વરૂપ છે અને આત્માની પર્યાયમાં થતા વિકારી આસ્રવભાવને આ આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધ છે.

ગોળ અને ગળપણને તાદાત્મ્ય સંબંધ છે પણ ડાબલાને અને ગોળને સંયોગસિદ્ધ સંબંધ છે તેમ આત્માને અને રાગ-દ્વેષને સંયોગસિદ્ધ સંબંધ છે. વિકારી ભાવ થાય છે તે પરના સંયોગે થાય છે, માટે તેની સાથે આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે. એટલે સાથે રહેલ અને તાદાત્મ્ય એટલે તત્સ્વરૂપ સંબંધ; વિકારી ભાવને આત્મા સાથે ક્ષણ પૂરતો સંબંધ છે માટે તે સંયોગી ભાવ છે.

આચાર્યદેવે આ ગાથામાં પહેલાં ક્રોધની વાત કેમ લીધી ? આત્મા જ્ઞાયકસ્વભાવી છે તે સ્વભાવનું ન ગોઠવું તેનું નામ ક્રોધ છે. સ્વભાવ ન ગોઠે તે અનંતાનુબંધી ક્રોધ છે. જગતને આ સ્વભાવ બેસતો નથી તેથી આચાર્યદેવે પહેલાં ક્રોધની વાત લીધી છે.

હું કર્તા ને ક્રોધાદિ મારાં કર્મ—એમ માનતાં ક્રોધાદિમાં પુણ્યપાપના બન્ને ભાવ આવી જાય છે.

૧૯૯૯, આસો સુદ–૧૦ શુક્ર

કર્તાકર્મ એટલે શું ? કર્તાથી તેનું કર્તવ્ય જુદું ન હોય; શરીરાદિ, રાગ વગેરે આત્માથી જુદાં પડી જાય છે માટે તે જ્ઞાતાનું કર્તવ્ય નથી.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે, એક તાદાત્મ્યસિદ્ધસંબંધ, બીજો સંયોગસિદ્ધસંબંધ, ત્રીજો પરસ્પર અવગાહ લક્ષણસિદ્ધ સંબંધ.

જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. જેમ અગ્નિ અને ઉષ્ણતાને સંબંધ છે તેમ જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસિદ્ધસંબંધ હોવાથી જ્ઞાનક્રિયા, નિષેધવામાં આવી નથી.—જ્ઞાનક્રિયા જ્ઞાનીઓને સાધકસ્વભાવમાં આવ્યા વગર રહેતી નથી માટે તેને નિષેધી નથી.

ક્રોધ, માન, માયા, લોભ વગેરે જે શુભાશુભ પરિણામ થાય છે તે આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધે છે, જેનો વિયોગ થાય તેનો સંયોગસિદ્ધ સંબંધ કહેવાય છે. જેનો સંયોગ હોય તેનો વિયોગ થાય, ક્રોધાદિ એક સમયમાં નાશ થઈ જાય છે અને બીજા સમયે નવા ઉત્પન્ન થાય છે, આત્માના ભાન વડે સમૂળગા નાશ થઈ જાય છે માટે ક્રોધાદિ આત્મા સાથે ઉત્પાદ-વ્યયસંબંધે છે પણ ધ્રુવ સંબંધે નથી. ધ્રુવ સંબંધ નથી માટે સંયોગસંબંધ છે પણ સ્વભાવસંબંધ નથી.

પંચ મહાવ્રતના શુભ પરિણામ પણ આત્મા સાથે સંયોગસંબંધે છે, સંયોગ છે તો કેવળજ્ઞાન પામતાં તે પરિણામનો વિયોગ થાય છે; જેને ઉત્પાદ થાય તેનો વ્યય થાય.

કોઈને એમ પ્રશ્ન થાય કે જ્ઞાનની યર્યાય બદલાય છે ને! તેનો ઉત્પાદ–વ્યય થાય છે ને? તેનો ઉત્તર એમ છે કે જ્ઞાનની પર્યાય બદલાય છે ખરી. ઉત્પાદ–વ્યય થાય છે ખરો, પણ જે જાતનો ચૈતન્યનો સ્વભાવ છે તે જ જાતનો ઉત્પાદ–વ્યય થાય છે; પર્યાયની જાત તેની તે જ રહીને બદલાય છે, માટે જ્ઞાનની પર્યાયને આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે. ક્રોધાદિ વિકારી પરિણામો આત્માના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવ-વાળા છે; ક્રોધાદિની પર્યાય સમયે સમયે જુદી જુદી જાતની બદલાય છે; ગમો, અણગમો; હર્ષ, શોક વગેરે ભાવો આત્માના શાંત સ્વભાવરૂપ છે નહિ પરંતુ વિપરીત સ્વભાવવાળા છે, તેથી આત્માને તે વિકારી પરિણામો સાથે સંયોગસિદ્ધ સંબંધ છે પણ તાદાત્મ્યસિદ્ધ સંબંધ નથી.

વિકારીભાવો અને અવિકારીભાવોના તફાવતને જે જાણતો નથી તે અજ્ઞાની અજ્ઞાનપણાને લીધે વિકારનો કર્તા થઈને પ્રવર્તે છે. અજ્ઞાની સ્વભાવ-વિભાવનો ભેદ નહિ જાણતો થકો આ ક્રોધાદિની લાગણી જાણે મારામાં થતી હોય એમ નિ:શંકપણે પોતાની માનીને વર્તે છે. ક્રોધ. માન, માયા, લોભને હું ઉત્પન્ન કરું છું અને તે મારાં

કાર્ય છે, એમ ક્રોધાદિનો કર્તા થાય છે. અજ્ઞાની ક્રોધ, માન, માયામાં પોતાપણે વર્તે છે; તેને ક્રોધાદિની ક્રિયા કહેવામાં આવી છે, પરંતુ તે ક્રિયા પરભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી છે તોપણ અજ્ઞાની ને ક્રોધ, માન, માયા, લોભ મારા સ્વભાવમાંથી થતા ભાવો છે એમ અભ્યાસ થઈ ગયો છે. જેમ વિષ્ટાના કીડાને ફરી ફરીને વિષ્ટામાં જવાની ટેવ પડી ગઈ હોય છે તેમ અજ્ઞાનીને ફરી ફરી ક્રોધરૂપે, મોહરૂપે પરિણમવાની ટેવ પડી ગઈ છે તેથી તે નિઃશંકપણે તેમાં પરિણમે છે. અજ્ઞાની પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન ( જ્ઞાતા-દૃષ્ટામાત્ર ) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે.

જ્ઞાનીને રાગ-દ્વેષ થાય છે-' થઈ જાય છે ' પણ હું રાગ-દ્વેષને ઉત્પન્ન કરું છું, તેનો હું કર્તા છું એવી બુદ્ધિ જ્ઞાનીને થતી નથી; પોતાનો સ્વભાવ નિર્દોષ જ્ઞાનમૂર્તિ છે; જે રાગ-દ્વેષ થાય તેને જાણવાનો અને પોતાને જાણવાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, એવી પોતાની સહજ વૈરાગ્યરૂપ જ્ઞાતાદૃષ્ટાની અવસ્થાને ભૂલીને પર એવી જે ક્રોધાદિની લાગણીમાં અજ્ઞાની રોકાઈ જાય છે તેથી ચૈતન્યની જાગૃતિ રોકાઈ જાય છે, જાગૃતિ ખિલતી નથી પણ રોકાઈ જાય છે. જ્ઞાન પ્રતિભાસવાને બદલે એકલા ક્રોધાદિક જ પ્રતિભાસે છે. આનો જ હું કર્તા છું અને આ જ મારાં કામ છે એમ જ તેને પ્રતિભાસે છે એ રીતે નિઃશંકપણે થતો-પરિણમતો વર્તે છે. આચાર્યદેવની એકે એક ગાથામાં અપૂર્વ રહસ્ય ભર્યું છે.

અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિ વ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિક, તે કર્મ છે.

નિર્દોષ જ્ઞાનના થવારૂપ પ્રવર્તનથી જુદાં, જ્ઞાનનું જ્ઞાન કરવું તેનાથી જુદાં ક્રિયમાણપણે એટલે આ ક્રોધાદિને હું કરું છું, મારાં એ કામ છે એમ પોતાથી કરાતાં પ્રતિભાસે છે; એ જ મારું કામ છે એમ માને છે પણ એનાથી મારું જુદું કામ છે એને ઓળખતો નથી.

જીવને પરનું માહાત્મ્ય આવ્યું છે પણ સ્વનું માહાત્મ્ય આવ્યું નથી, સ્વનું માહાત્મ્ય ન આવે ત્યાં સુધી દિશા કેમ બદલાય?

જ્ઞાન વેપારથી જુદા લક્ષણવાળા ક્ષણિક વિકારો જે થાય છે તે મારા સ્વભાવ ઘરમાંથી જાણે કેમ થતા હોય? પુણ્ય-પાપની મૂડી જાણે મારા ઘરમાંથી કેમ નીકળતી

હોય? વિકાર મારો સ્વભાવ જ કેમ હોય? એમ અજ્ઞાની માને છે. ક્રોધાદિ મારાં કામ છે અને એ જ મારી ફરજ છે એમ અજ્ઞાની માને છે પણ એનાથી હું જુદો છું એમ ભાસતું નથી એટલે કે જાણતો નથી.

હું મારા સ્વભાવના જ્ઞાનનો કરનાર અને એ ક્રોધાદિના જ્ઞાનનો કરનાર છું; પોતાને જાણતો પોતાની દિશામાં ઊભો પરનો ભાસ થવો જોઈએ એવા સ્વ-પરપ્રકાશક સ્વભાવને ભૂલીને, ક્રોધાદિક જેટલો જ હું, ક્રોધાદિક તે મારું સ્વરૂપ, ક્રોધાદિક મારું કર્તવ્ય એવી રીતે અજ્ઞાની પરને સ્વપણે જ ભાસ કરતો રહે છે.

પોતાના ભિન્ન સ્વભાવનું ભાન નથી તેની પુણ્ય-પાપની વિકારી અરૂપી ક્રિયા તેનો હું કર્તા છું એમ અજ્ઞાનપણે ભાસે છે, તે બધું પોતાની સ્વભાવપ્રવૃત્તિરૂપ ભાસે છે તે જ સંસારનું કારણ છે. અજ્ઞાની અજ્ઞાન અવસ્થાએ વિકારી ભાવનો કર્તા થાય છે પરંતુ જડનો કર્તા તો કોઈ થઈ શકતું જ નથી, અજ્ઞાની માને કે હું જડનો કર્તા થાઉં છું-પોતાના ભાવમાં જડને હું કરું છું એવી ઘાલમેલ કર્યા કરે છે, પરંતુ જડનું કાંઈ કરી શકતો જ નથી. આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી આ કર્તા-કર્મની પ્રવૃત્તિ છે.

આત્મા પરનો અકર્તા છે, આત્માનું સ્વરૂપ પરથી ભિન્ન છે. આ સ્વરૂપ સમજ્યે જ છૂટકો છે, આ સિવાય બીજી રીત નથી. જોતા નથી! ક્ષણમાં દેહ છોડીને ચાલ્યો જાય છે; આજ આ ભવમાં ને કાલે કયાંય બીજા ભવમાં! સ્વરૂપને સમજ્યા વગર કર્તાકર્મની પ્રવૃત્તિ એમ ને એમ ઊભી જ રહે છે માટે આ સ્વરૂપ સમજ્યે જ ભવનો અંત છે.

આ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આ આત્માને, ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્ગલિક કર્મ એકઠું થાય છે.

જુઓ! કર્મ અજ્ઞાન કરાવ્યું નથી. આચાર્યદેવ કહે છે કે પોતાના અજ્ઞાન વડે ક્રોધ, માન, માયા અને લોભમાં વર્તતા આત્માને બંધ થાય છે.

જીવ અજ્ઞાનને લઈને ક્રોધમાં અટવાયો, માનમાં અટવાયો પરંતુ આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! ધીરો થા! મૂળામાં મફતમાં વેચાયો તું, અને ત્રણલોકનો નાથ પણ તું, પરથી જ્ઞાનસ્વરૂપ તું જુદો તેનું ભાન કર! લોભ અને લોહવાટને છોડ, છોડ!

આત્મા અજ્ઞાન અવસ્થાએ ક્રોધાદિનો કર્તા થાય છે તે પરિણામનું નિમિત્ત પામીને નવા રજકણનું પ્રારબ્ધ બંધાય છે, તે પ્રારબ્ધ જડ રજકણના સામર્થ્યથી

બંધાય છે; રજકણમાં બદલવાનું-પરિણમવાનું સામર્થ્ય છે.

રજકણો પોતાના સ્વતંત્ર પરિણમનથી એકઠાં થાય છે, આત્મા અજ્ઞાન અવસ્થાએ શુભાશુભ ભાવરૂપ પરિણમે ત્યારે તે પરિણામ કર્મબંધ થવામાં બાહ્ય નિમિત્ત થાય છે, કર્મરૂપ રજકણો પોતાની લાયકાતથી બંધાય છે પરંતુ શુભાશુભ પરિણામ તેને નિમિત્તરૂપ થાય છે તેવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. કર્મ રજકણો એની મેળાએ સ્વતંત્ર પરિણમી જાય છે. જેમ ચોખા, દાળ વગેરેનો ખોરાક પેટમાં પડે છે પછી તે એની મેળાએ સ્વતંત્રપણે લોહીરૂપે, વાતરૂપે, પીત્તરૂપે વગેરે અવસ્થારૂપે પરિણમી જાય છે, કોઈ તેને પરિણમાવતું નથી તેમ કર્મ પુદ્ગલો સ્વયં પરિણમી જાય છે.

આ રીતે જીવ અને પુદ્ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. અનેકાત્મક હોવા છતાં (અનાદિ) એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

જીવના પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે, એક બીજાની અવસ્થાની યોગ્યતા એવી થાય છે કે એક બીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને કર્મના પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે તોપણ ભાવથી જુદા છે. એક જગ્યાએ રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ કહેવાય છે.

ગુણ ગુણી એક બીજાથી જુદા પડતા નથી, તદાકાર છે માટે તેને તાદાત્મ્યસિદ્ધ સંબંધ કહેવાય છે.

રાગાદિ વિકારના સંયોગનો વિયોગ થાય છે માટે તેને સંયોગસિદ્ધ સંબંધ કહેવાય છે. અહીં ત્રણ પ્રકારનો સંબંધ લીધો છે પરંતુ ચોથો સંબંધ લીધો નથી. બાયડી અને છોકરાંનો સંબંધ લીધો નથી, સંબંધ હોય જ નહિ તે લેવાય ક્યાંથી? તે તો પોતાથી તદ્દન જુદાં છે, દૂર ક્ષેત્રે રહેલાં છે, તેની સાથે જરા પણ સંબંધ નથી. તેના પ્રત્યે રાગ છે તે રાગનો સંબંધ આત્મા સાથે છે, પણ બાયડી છોકરાંનો સંબંધ તો જરા પણ આત્મા સાથે નથી; પરંતુ તેના પ્રત્યે રાગ છે તેથી ઉપચારથી એટલે કે માત્ર આરોપથી કહેવાય છે કે સંબંધ છે, બાકી ખરેખર તો કાંઈ સંબંધ છે જ નહિ.

જીવ અને પુદ્ગલનો જે બંધ થાય છે તેમાં ઈતરેતરાશ્રય દોષ નથી. જીવના એના એ રાગના પરિણામથી બંધ થાય અને એના એ બંધથી પાછો એનો એ રાગ થાય તો ઈતરેતરાશ્રય દોષ થાય પણ વસ્તુસ્વરૂપ તેમ નથી, જેમ રૂની એક પૂણી પછી બીજી

પૂણી જુદી જુદી હોય તોપણ દોરો સંધાયા કરે તેમ અમુક સ્થિતિ સુધી કર્મો આત્મામાં રહે, જૂનાં ટળતાં જાય અને નવાં બંધાતાં જાય પણ પ્રવાહ તૂટે નહીં; જીવમાં નવા નવા રાગાદિ વિકારના પરિણામ થાય છે અને જડ કર્મો પણ જૂનાં ટળતાં જાય છે અને નવાં બંધાતાં જાય છે પણ પ્રવાહ તૂટતો નથી. જે પરિણામથી કર્મનો બંધ થયો તે બંધ તેના તે પરિણામનું નિમિત્ત થતું નથી પણ નવા પરિણામનું નિમિત્ત થાય છે, અને જે નવા વિકારી પરિણામ થયા તે જુના બંધનું નિમિત્ત થતું નથી પણ નવા બંધનું નિમિત્ત થાય છે માટે ઈતરેતરાશ્રય દોષ લાગતો નથી.

પહેલાં આત્મા શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો, પહેલાં કર્મ નહોતાં ને પછી કર્મ બંધાયાં તેમ નથી એટલે કે આત્માના પરિણામથી કર્મ થયાં અને કર્મથી આત્માના પરિણામ થયા એમ નથી, એક બીજાના આધારે બન્ને સિદ્ધ થયા તેમ નથી પરંતુ અનાદિકાળથી સ્વતઃસિદ્ધ છે, અનાદિકાળથી કર્મ કર્મપણે અને આત્માના પરિણામ વિકારપણે સ્વતંત્ર પરિણમતા આવે છે, બન્ને દ્રવ્યોનાં અનાદિકાળથી પરિણમનચક્ર સ્વતંત્રપણે પરિણમતાં આવે છે, કોઈના આધારે કોઈ સિદ્ધ થતું નથી માટે ઈતરેતરાશ્રય દોષ લાગતો નથી.

અનાદિકાળથી આવો બંધ છે તે કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન છે તે અજ્ઞાનનું નિમિત્ત આ બંધ છે.

અજ્ઞાન આત્માનો મૂળ સ્વભાવ નથી, તેથી પૂર્વનો બંધ છે તે અજ્ઞાનનું નિમિત્ત છે. અજ્ઞાન–પર્યાય ઉપાદાન છે અને તેનું નિમિત્તકારણ બંધ છે. બંધ જે થતો જાય છે તે નવા અજ્ઞાનનું નિમિત્ત થાય છે. અજ્ઞાનપર્યાય પોતાના ઊંધા પુરુષાર્થને કારણે લંબાય છે; આ તો કર્મરૂપ બીજી ચીજ છે તેમ જણાવે છે, કર્મ કાંઈ રાગ–દ્વેષ અને અજ્ઞાન કરાવી દેતું નથી પરંતુ નવાં કર્મ જે બંધાય છે તે ભવિષ્યમાં પોતે જ્યાંસુધી રાગ–દ્વેષ ને અજ્ઞાન કર્યા કરે છે ત્યાંસુધી નિમિત્ત થાય છે.

આત્મા પોતાના નિર્દોષ જ્ઞાનસ્વભાવમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી ત્યાંસુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત અજ્ઞાનપર્યાય છે અને અજ્ઞાનપર્યાયનું નિમિત્ત પૂર્વનો બંધ છે, તેથી જેને અજ્ઞાનપર્યાય ટળી ગઈ તેને બંધ પણ ટળી ગયો, અને તેની કર્તાકર્મની પ્રવૃત્તિ પણ ટળી ગઈ; આ રીતે જ્ઞાન થવાથી જ અબંધ થઈ ગયો.

જેને અજ્ઞાનપર્યાય છે તેને બંધ પણ છે અને તેને કર્તાકર્મની પ્રવૃત્તિ પણ છે. ૬૯-૭૦.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભુ! આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય

છે? જુઓ, શિષ્યને ધગશ થઈ છે કે અહો! આવો ચૈતન્યસ્વભાવ અમને ક્યારે પ્રાપ્ત થશે? અનંતકાળથી આમ ને આમ રઝળવું ચાલ્યું આવે છે તે ક્યારે અટકી જાય? રાગ-દ્વેષ અને આત્મસ્વભાવની ભિન્નતાની જેને ખબર નથી એવો અજાણ શિષ્ય સમજવા માટે ધગશથી પૂછે છે કે પ્રભુ! આ કર્તાકર્મની પ્રવૃત્તિનો ક્યારે અભાવ થશે?

૧૯૯૯, આસો સુદ-૧૧-શનિ.

શિષ્યે જિજ્ઞાસાથી પૂછ્યું કે આ કર્તાકર્મની પ્રવૃત્તિ કેમ મટે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:—

**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से ॥७१॥**

અર્થ:—જ્યારે આ જીવ આત્માના અને આસ્રવોના તફાવત અને ભેદને જાણે ત્યારે તેને બંધ થતો નથી.

જીવને જ્યારે પોતાના નિર્દોષ જ્ઞાનસ્વભાવનું અને વિકારી ભાવનું ભેદજ્ઞાન થાય છે ત્યારે તે અબંધ થાય છે. વિકારી ભાવને જ્યાંસુધી પોતાના માને છે ત્યાંસુધી તેને બંધ થાય છે. અનતકાળથી જીવે બધું કર્યું પણ વિકારી ભાવથી છૂટા પડવાનો પ્રયત્ન કર્યો નથી; અવિકારી અબંધસ્વરૂપ આત્માને સમજ્યે જ મોક્ષનો પંથ પ્રગટે છે, મોક્ષને સાધવારૂપ દોરી હાથમાં આવે છે; સમ્યગ્જ્ઞાન થતાં જ આસ્રવોથી ભેદજ્ઞાન થાય છે.

આ જગતમાં વસ્તુ છે તે (પોતાના) સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વનું' ભવન તે સ્વ-ભાવ છે; માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.

જુઓ! વસ્તુની વ્યાખ્યા કરી. જેમાં વિકાર ભાવ થાય તે વસ્તુ નથી પણ પોતાના 'સ્વભાવ માત્ર જ' વસ્તુ છે તેમ કહ્યું. જેટલો સ્વભાવ છે તેટલી જ વસ્તુ છે, જેટલો વિકાર છે તે વસ્તુ નથી. આ દ્રવ્યદૃષ્ટિની વાત છે. સ્વભાવમાં પરવસ્તુ તો નથી પણ ક્રોધાદિનું થવું-પરિણમવું તે પણ વસ્તુ નથી, તે પણ આત્મા નથી.

આત્મા નિર્દોષ જ્ઞાનસ્વરૂપ છે તેમાં નિરુપાધિકપણે સ્વભાવનું થવું-પરિણમવું

---

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧.

તે વસ્તુનો સ્વભાવ છે. ખરેખર આત્માની પર્યાયમાં કરવા-મૂકવાની જે વૃત્તિ થાય તે આત્માનું થવું-પરિણમવું નથી, પુણ્ય-પાપની જેટલી વૃત્તિઓ થવી તે આત્મા નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્વતઃ પરિણમવું તે વસ્તુ છે, તે આત્મા છે.

પુણ્ય-પાપની કોઈ પણ પ્રકારની લાગણીની ઉપાધિ વગરનો, એકલો જાણવા માત્ર જ ભાવ તે આત્મા છે.

ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, હાસ્ય, શોક વગેરે તે બધા પર સંયોગે થતા ઔપાધિક ભાવોનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે, આત્મા નથી. પર વસ્તુ પ્રત્યે અભિમાન થવું કે આ પર વસ્તુ મારી છે, આ પરભાવો મારા છે તેવું મિથ્યાત્વભાવ-રૂપ અભિમાન તે બધું ક્રોધાદિકમાં જાય છે, તે આત્મા નથી, વસ્તુસ્વરૂપ નથી. વસ્તુ-સ્વભાવમાંથી જે કાંઈ નાશ થઈ શકે તે તેનો સ્વભાવ નથી. ક્રોધાદિ આત્માની પર્યાયમાં થાય છે અને તે પર્યાયનો નાશ પણ થાય છે, તે ભાવો સદા એકરૂપે આત્મામાં રહેતા નથી માટે તે ભાવો આત્મા નથી, આત્માનો સ્વભાવ નથી. ક્રોધાદિનો આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધ છે. અને નિર્દોષ જ્ઞાનસ્વભાવ સંયોગી નથી પણ અસંયોગી સ્વતઃ સ્વભાવ છે. જે ભાવે સર્વાર્થસિદ્ધનો ભવ મળે અને જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ આત્મા નથી, પર છે એમ અહીં આચાર્યદેવને કહેવું છે. દુનિયા ન માને એટલે કાંઈ સત્‌ને અસત્ અને અસત્‌ને સત્ કહેવાય નહિ. દુનિયા તો અનાદિથી ઊંધે માર્ગે જ છે અને તે ઊંધું કહે જ, સંસારમાં રખડનારા જીવોના અને નહિ રખડનારા જીવોના રસ્તા જુદા જ હોય, એક બીજાથી એક બીજાના રસ્તા ઊલટા જ હોય; જો ઊલટા ન હોય તો સંસાર-મોક્ષ હોય જ નહિ.

પોતાના જ્ઞાનમાં રોકાણો તેટલો આત્મા, તેટલો ધર્મ, તેટલો સ્વભાવ, તેટલું જિનશાસન છે; રાગ-દ્વેષરૂપે થવું, તેમાં રોકાવું તે જિનશાસન નથી, તે આત્મા નથી, આત્માનો સ્વભાવ નથી, આત્માનો ધર્મ નથી.

વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે જ્ઞાનના થવા (-પરિણમવા) વખતે જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી.

નિર્દોષ જ્ઞાન, શ્રદ્ધા તથા અંતર ચારિત્રનું થવું તે આત્મા છે, કેમકે જ્ઞાનના થવા વખતે હું જાણનાર-દેખનાર છું એમ જણાય છે, નિવૃત્તિ થતી માલૂમ પડે છે, જાણનારની જ્ઞાનક્રિયા થતી માલૂમ પડે છે, પરંતુ તે વખતે ક્રોધાદિક થતાં માલૂમ પડતાં નથી.

પોતે સાક્ષી થાય છે ત્યારે એટલે કે જાણવા વખતે જાણવાનું માલૂમ પડે છે, હું જાણવામાં વધું છું તેમ માલૂમ પડે છે પરંતુ તે વખતે ક્રોધાદિક વિકાર વધતા માલૂમ પડતા નથી. વિકારી પર્યાયનું જ્ઞાનીને સ્વામીપણું નથી, સ્વભાવઘરમાં તે નથી, તેથી સ્વભાવઘરમાં દેખાતા જ નથી તેમ કહ્યું છે.

હું જાણનાર–દેખનાર છું. શ્રદ્ધા, જ્ઞાન, અને આચરણમાં એકાગ્ર થાય છે ત્યારે તેની સાથે ભેગા રાગ–દ્વેષ, ક્રોધ વગેરે માલૂમ પડતાં નથી, ભેગાં નથી જ, ભિન્ન છે માટે માલૂમ પડતાં નથી.

હું તો શરીરાદિ અને ક્રોધાદિ વિકાર બધાનો જાણનાર છું, તેવા ભાનમાં જાણનાર જ માલૂમ પડે છે, પર એવા ક્રોધાદિક પોતાના સ્વભાવમાં માલૂમ પડતાં નથી. હું પરથી નિરાળો છું એવા ભાનટાણે હું પરનો સાક્ષી છું તેમ ભાસે છે, પણ પર મારામાં છે તેમ ભાસતું નથી. સાક્ષીની સાક્ષીરૂપ પર્યાય થાય છે ત્યારે ક્રોધાદિકનું કર્તાપણું થતું નથી, થતું દેખાતું નથી. જ્ઞાતા વખતે ક્રોધાદિક નથી, ભિન્ન માન્યા તેથી કર્તા થતો નથી માટે જ્ઞાતા જ છે માટે જ્ઞાનતું જે થવું–પરિણમવું છે તે ક્રોધાદિકનું થવું–પરિણમવું નથી.

ક્રોધાદિકતું જે થવું–પરિણમવું તે જ્ઞાનનું પણ થવું–પરિણમવું નથી, કારણ કે ક્રોધાદિકના થવા–પરિણમવા વખતે જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી. આ રીતે ક્રોધાદિકને અને આત્માને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.

ક્રોધ, રાગ–દ્વેષ આદિ હું છું એમ કર્તા થઈને રોકાઈ ગયો તેને તેની સાથે સાથે હું જ્ઞાતા છું તેમ માલૂમ પડતું નથી. અહીં તો પહેલે ધડાકે વસ્તુસ્વભાવ જુદા પાડ્યા છે.

જ્યારે ક્રોધ હું છું, માન હું છું, માયા હું છું, લોભ હું જ છું એવો ભાવ રહે છે ત્યારે હું જાણનાર જુદો છું એવું ભાન રહેતું નથી. વિકાર પોતાનો સ્વભાવ નથી અને જ્ઞાનાદિ પોતાનો સ્વભાવ છે તેથી બન્ને વસ્તુને તદ્દન જુદી પાડી છે.

હું રાગી જ છું, માયાવી જ છું એમ ભાસે છે ત્યારે હું અસંયોગી–જુદું તત્ત્વ છું, આ બધા વિકારો મારા જ્ઞાતાના જ્ઞેય છે તેમ ભાસતું નથી માટે ક્રોધ, માન પોતાના સ્વભાવઘરનાં નથી પણ પુદ્ગલના ઘરનાં છે. અજ્ઞાની એમ માને છે કે ક્રોધાદિનો હું કર્તા છું અને ક્રોધાદિ મારાં કર્મ છે; પણ હું જ્ઞાતા છું એમ તેને ભાસતું નથી. જ્ઞાનાદિ અને ક્રોધાદિ બન્ને એક વસ્તુ નથી પણ બન્ને જુદાં છે.

કર્તા થયો ત્યારે જ્ઞાતાનું ભાન નથી માટે કર્તા જ છે, જ્ઞાતા વખતે ક્રોધાદિનો

કર્તા નથી, પોતાથી ભિન્ન માન્યા તેથી કર્તા થતો નથી પણ જ્ઞાતા જ છે; જ્ઞાતા વખતે કર્તા નથી ને કર્તા વખતે જ્ઞાતા નથી.

જ્ઞાની વિચારે છે કે હું કર્તા પણ મારા સ્વભાવનો ને કાર્ય પણ મારા સ્વભાવનું, રાગનું વિકારી કાર્ય તે મારું નથી, વિકારી કાર્યનો હું કર્તા નથી.

કોઈ કહેશે કે શું કેવળજ્ઞાની થઈ ગયો છે? માત્ર જાણવું એમાં પુરુષાર્થ શું આવ્યો? અરે ભાઈ! એમાં અનંતો પુરુષાર્થ છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી એમાં અનંતો પુરુષાર્થ આવ્યો. અનંતો પુરુષાર્થ સ્વભાવ તરફનો ઊઘડયો ત્યારે તો અનંતાનુબંધી કષાયનો અભાવ થયો, સાક્ષીરૂપે-જ્ઞાયકરૂપે રહેવામાં જ અનંતો પુરુષાર્થ છે. દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્ય અને પર્યાયનો ભેદ દેખાતો નથી, ઉણી પર્યાય અને પૂરી પર્યાય વચ્ચે ભેદ ભાળતો નથી ઉણી પર્યાય અને પૂરી પર્યાયને જ્ઞાન જાણે છે, પરંતુ દૃષ્ટિમાં તેનો ભેદ નથી. દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણ છે પરંતુ પર્યાયદૃષ્ટિએ કેવળજ્ઞાનપર્યાય હજુ પ્રગટી નથી તેથી અધૂરો છે, પણ વસ્તુસ્વભાવને જાણ્યા પછી અલ્પ રાગ-દ્વેષ જે થાય તે ટળવા માટે છે રાખવા માટે નથી, તેનો કર્તા થતો નથી, તેથી તે જ્ઞાતાનું જ્ઞેય છે, અલ્પ ક્રોધ સાધકદશામાં થાય છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં ગણ્યો નથી. અહીં તો પહેલે ધડાકે વસ્તુ-સ્વભાવ જુદા પાડયા છે તેથી શુભ પરિણામ છોડીને અશુભ પરિણામ કરવાની અહીં વાત નથી પરંતુ રાગ-દ્વેષ મારા અને મારું તે કાર્ય તેવી માન્યતા અજ્ઞાનીની છે પણ જ્ઞાનીની નથી. તેમ સમજાવે છે.

હું તો મારા સ્વભાવનો કર્તા છું પરનો કર્તા નથી એવા જ્ઞાનભાવે પરનું-ક્રોધાદિકનું ભાસન થતું નથી, અરે! જ્ઞાનમાં જાણે તોય સ્વપર પ્રકાશક છે પણ સ્વપર કર્તા નથી.

વિકારનો અસ્વીકાર અને પોતાના જ્ઞાયકસ્વભાવનો સ્વીકાર તે જ આસ્રવ રોકવાનો ઉપાય છે.

મુનિઓના દશધા ધર્મમાં ક્ષમા ધર્મ પહેલો છે. આચાર્યદેવ પોતે મુનિપદે છે તેથી અહીં ક્રોધ પહેલાં લીધો છે કારણ કે દશધા ધર્મમાં પહેલી ક્ષમા છે. કર્મ બંધાશે માટે ક્ષમા કરું તે ભાવ પુણ્યબંધમાં જાય છે, શાસ્ત્રની આજ્ઞા છે માટે ક્ષમા કરું તે ભાવથી પણ પુણ્ય બંધાય છે, ક્ષમા નહિ કરું તો દુર્ગતિમાં જઈશ એમ વિચારી ક્ષમા કરે ને ભાવથી પણ પુણ્ય બંધાય છે, પરંતુ મારો જ્ઞાયકસ્વભાવ જ અકષાય છે તેના ભાનમાં સ્થિર રહેવું તે જ ખરી ક્ષમા છે, તે જ ખરો ધર્મ છે.

ક્ષમા સામે ક્રોધ છે; વ્રતથી, તપથી, પૂજાથી, ભક્તિથી ધર્મ થશે એમ માની તેમાં રુચિ, અને પોતાના સ્વભાવની રુચિ નહિ તે અનંતાનુબંધી ક્રોધ છે; પોતે અનંત

ગુણના પિંડરૂપ વસ્તુ છે તેમાં પોતાપણું નહિ સ્વીકારતાં, શુભાશુભભાવ અને શરીરાદિમાં પોતાપણું-અહંપણું સ્વીકારવું તે અનંતાનુબંધી માન છે; પોતાનો સીધો સ્વભાવ જેમ છે તેમ જાણવો નહિ અને બહારના ક્રિયાકાંડ કરું તો સ્વભાવ ઊઘડે એવી આડ મારતાં પરિણામ તે અનંતાનુબંધી માયા છે; પોતાની સ્વભાવ પર્યાય ઉઘાડું તો જ ખરો સંતોષ છે એમ નહિ માનતાં શુભાશુભ પરિણામમાં સંતોષ માનવો તે અનંતાનુબંધી લોભ છે.

જ્ઞાતા રહે તેમાં ક્રોધાદિ થતાં દેખાતા નથી તે ક્રોધાદિ થાય તેમાં જ્ઞાતાનું જ્ઞાન થતું માલૂમ પડતું નથી; 'માલૂમ પડે છે' તેમ કહ્યું તેમાં પોતાને માલૂમ પડવાની વાત છે કે પરને માલૂમ પડવાની વાત છે? પોતાને જ માલૂમ પડવાની વાત છે. નિઃશંકપણે જ્ઞાનરૂપે થતો પોતે જ પોતાને ભાસે છે, પોતે જ પોતાને માલૂમ પડે છે આવું જ્ઞાન થાય ત્યારે પોતે પોતાને ક્રોધાદિરૂપે થતો ભાસતો નથી પણ જ્ઞાનરૂપે નિઃશંકપણે પોતાને જ ભાસે છે, બીજાને પૂછવા જવું પડતું નથી, પરને કે કેવળજ્ઞાનીને માલૂમ પડવાની અહીં વાત નથી પણ પોતાની જ વાત છે.

છ મહિનાના ઉપવાસ કરવાથી પણ આસ્રવ રોકાતો નથી, મૌન રહે તોપણ આસ્રવ રોકાતો નથી, પરંતુ આત્માના સ્વભાવનું જ્ઞાન કરવાથી આસ્રવ રોકાય છે. જ્ઞાતાનો જ્ઞાનભાવ ભાસે ત્યારે ક્રોધાદિ ભાસતા નથી અને ક્રોધાદિ ભાસે ત્યારે જ્ઞાતા ભાસતો નથી.

આ વાત સાંભળતાં ઝણઝણાટ ઊઠે પરંતુ ભાઈ! સત્ય તો આ જ વાત છે, આ સમજ્યા વિના ભવનો અંત નથી.

આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (તફાવત) દેખવાથી જ્યારે આ ભગવાન આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે.

કર્તાકર્મની પ્રવૃત્તિ પ્રવાહે-સંતાને અનાદિ હોવા છતાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી છે, અનાદિ હોવા છતાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી છે માટે ટળી શકે છે, આત્માના સ્વભાવથી ઉત્પન્ન થયેલી નથી માટે તેની નિવૃત્તિ થઈ શકે છે.

કર્તાકર્મની નિવૃત્તિ થતાં પૌદ્‌ગલિક કર્મનો એટલે કે નવાં દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે, એમ થતાં જ્ઞાન માત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.

આચાર્યદેવ કહે છે કે ક્રોધાદિક અને આત્મા બન્ને જુદી વસ્તુઓ છે, ક્રોધાદિક વિકારી ભાવ થાય છે ચૈતન્યની પર્યાયમાં, પણ તે પોતાના ઊંધા પુરુષાર્થ વડે પર

નિમિત્તે થતો ભાવ છે માટે પર છે એમ દ્રવ્યદૃષ્ટિના જોરમાં કહે છે.

જ્ઞાનમાં ક્રોધ, માન નથી અને ક્રોધ, માન, માયામાં ભગવાન આત્મા નથી આમ બન્નેમાં સ્વભાવભેદ છે અને સ્વભાવભેદ છે માટે વસ્તુભેદ છે. આ રીતે ક્રોધનું અને આત્માનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે અને જ્ઞાનપર્યાય પ્રગટે, અને કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાન થવાથી જ બંધનો નિરોધ થાય છે.

ત્રિલોકનાથ ભગવાન કહે છે કે શુભાશુભ પરિણામ તે હું છું, હું પરનું કરી શકું છું અને પર મારું કરી શકે છે એવી ફરિયાદ વગરનો એકે દિવસ ખરો? એક દિવસ તો ફરિયાદ વગરનો લાવ! જ્ઞાની વિચારે છે કે પર્યાય એટલે પ્રજા, અલ્પ રાગ-દ્વેષની પ્રજા થાય તેમાં અટકવું મારે પાલવે નહિ. હું તો નિર્દોષ જ્ઞાનસ્વભાવી આત્મા છું તેને અલ્પ વિકારી પર્યાયમાં અટકવું પાલવે નહિ, (જતું કરે, સમાધાન કરે) દ્રવ્યદૃષ્ટિના જોરમાં અલ્પ વિકારી પર્યાયમાં અટકવું પાલવે નહિ.

દ્રવ્યદૃષ્ટિના જોરમાં નિ:સંદેહ થા! નિ:શંક થા! શ્રદ્ધાના જોરમાં ચારિત્ર અને કેવળજ્ઞાનના બધા ભાવો ભર્યા છે તે પ્રગટ થશે. આ સમયસાર શાસ્ત્રની એવા બળવાન યોગે રચના થઈ ગઈ છે કે પાત્ર હોય તો ઝટ દઈને સમજી જાય એવું છે.

ઘણા એમ કહે છે કે આમાં તો એકલું જ્ઞાન, જ્ઞાન આવે છે પરંતુ અહીં તો આચાર્યદેવને જ્ઞાન કહીને આખો આત્મા કહેવો છે, જ્ઞાન એટલે આત્મા, જ્ઞાનની પ્રસિદ્ધિથી આત્માની પ્રસિદ્ધિ છે; ગળપણ દ્વારા ગોળ ઓળખાવાય છે તેમ જ્ઞાનમાં આખો આત્મા કહેવો છે પણ એક ગુણ કહેવો નથી; જ્ઞાનમાં શ્રદ્ધા, ચારિત્ર વગેરે અનંતગુણ આવી જાય છે. બાળ ગોપાળ બધા જ્ઞાનથી સમજી શકે છે માટે જ્ઞાન મુખ્ય લક્ષણ આત્માને ઓળખવા માટે કહ્યું છે પરંતુ ત્યાં એક ગુણ ન સમજવો પણ આખો આત્મા સમજવો. જ્ઞાનસ્વભાવી આત્માનું જ્ઞાન કરવું, તેની પ્રતીત અને તેમાં રમણતા કરવી તે મોક્ષમાર્ગ છે.

વિકારી ભાવ તે હું છું ને એ મારાં કામ છે એવો મિથ્યાભાવ ટળવાથી જ્ઞાન-પર્યાય પ્રગટે અને તેથી બંધનો નિરોધ થાય છે. ૭૧.

હવે શિષ્ય પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે એમ કેમ કહ્યું છે? અરે ભાઈ! જ્ઞાનમાત્ર એટલે વચ્ચે વિકાર નહિ, પરનું બંધન નહિ, પુણ્ય-પાપની લાગણી વગરનો એકલો જ્ઞાનમાત્ર ભાવ એવો તેનો અર્થ છે અને તે જ્ઞાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું આવી જાય છે; જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનની એકાગ્રતા ત્રણે આવી જાય છે.

જ્ઞાનમાત્રથી અબંધ કઈ રીતે છે તેના ઉત્તર રૂપ ગાથા કહે છે :—

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च ।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्ति कुणदि जीवो ॥ ७२ ॥**

અર્થ :— આસ્રવોનું અશુચિપણું અને વિપરીતપણું તથા તેઓ દુઃખનાં કારણ છે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે.

આચાર્યદેવ કહે છે કે આસ્રવ છે તે અશુચિમય છે, શુભાશુભ ભાવ બન્ને આસ્રવ છે, તે બન્ને મલિન છે અને અશુચિમય છે. અશુભ ભાવ તો મલિન છે જ પણ શુભ ભાવને મલિન કોણ કહે કે જેણે આત્મસ્વભાવ શુભાશુભ ભાવ રહિત મહા નિર્મળ અને શુદ્ધ છે એનો જેમણે અનુભવ કર્યો હોય, સ્વભાવનો આસ્વાદ લીધો હોય તે પુરુષો કહે કે શુભ ભાવ પણ આસ્રવ છે ને મલિન છે, બાકી એકલા શુભ ભાવમાં જ ધર્મ માનનારા અજ્ઞાની જીવો એકલા અશુભ ભાવને આસ્રવ કહે છે પણ શુભ ભાવને આસ્રવ નહિ કહેતાં ધર્મ કહે છે તે તેમનું અજ્ઞાનપણું છે, તે તેમનું મૂઢપણું છે.

જ્ઞાની પુરુષો શુભાશુભ ભાવરૂપ આસ્રવો દુઃખરૂપ છે, દુઃખનાં કારણો છે એમ જાણીને તેનાથી નિવૃત્તિ કરે છે અને આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કરે છે. આચાર્યદેવે આ ગાથા બહુ ઊંચી મૂકી છે.

જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે, પાણીમાં લીલફૂગનાં ગોદડાં જામ્યાં હોય તે જુદાં છે ને નિર્મળ પાણી પણ જુદું છે; તેમ શેવાળની માફક આસ્રવો મેલા છે, અને આત્મા તો નિર્મળ પવિત્ર છે તે આસ્રવોથી જુદો છે. આસ્રવોનું ક્રોધાદિ મલિનપણે વેદન હોવાથી–ગંદાપણે ભોગવટો હોવાથી તે મેલા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ અશુચિમય છે, ગંદો છે, મેલો છે, રાગ છે. જે ભાવે ઇંદ્રપદ મળે તે ભાવ પણ આત્મામાં શેવાળરૂપ છે, મળ છે, ગંદો છે, પોતાનો સ્વભાવ નથી, માટે છાંડવા યોગ્ય છે, હેય છે. તે ભાવને સમકિતી આદરણીય માનતો નથી પણ છાંડવા યોગ્ય જ માને છે; અજ્ઞાની તે ભાવોને આદરણીય માને છે છતાં પણ અજ્ઞાનીને ઇંદ્રપદ,

---

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨

તીર્થંકરપદ વગેરે ઊંચી પદવીના શુભ ભાવ થતા નથી. તેથી તેવા ઊંચાં પુણ્ય પણ તેને બંધાતાં નથી. જ્ઞાની શુભ પરિણામને હેય માને છે તોપણ તેવી ઊંચી પદવીના શુભ પરિણામ તેને આવે છે, અને તેથી તીર્થંકરપદ અને ઇંદ્રપદ વગેરેનાં પુણ્ય પણ તેને જ બંધાય છે.

આસ્રવોને અશુચિમય કહ્યા છે તો શું દુર્ગંધ આવતી હશે? હા! પુણ્ય-પાપનાં પરિણામ અશુચિમય છે, અપવિત્ર છે, દુર્ગંધમય છે, આત્માના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ જાતનાં છે.

ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે અનુભવાતો હોવાથી અત્યંત શુચિ છે-પવિત્ર છે-ઉજ્જવળ છે.

જુઓ! ભગવાન આત્માને અતિ નિર્મળ કહ્યો છે, એકલો નિર્મળ કહ્યો નથી પણ અતિ નિર્મળ કહ્યો છે, પદાર્થ પોતે નિર્મળ, તેનો ગુણ નિર્મળ અને તેની કારણ-પર્યાય પણ નિર્મળ એમ ત્રણે કાળે પદાર્થ અતિનિર્મળ છે. ત્રણે કાળે વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ હોય તેને આત્મા કહીએ. આત્મા તો અત્યંત શુચિ પવિત્ર, અને ઉજ્જવળ છે અને તેવા પરમ પવિત્ર ભગવાન આત્માનું ભાન થતાં ભગવાન આત્મા જેવો છે તેવો જણાય છે, અનુભવાય છે. ભગવાન આત્માનો સ્વાદ તો મીઠો મધુરો છે, પરમ પવિત્ર છે, શુચિમય છે; શુભાશુભ પરિણામરૂપ આસ્રવનો સ્વાદ તો મલિનરૂપે અનુભવાય છે, શુભાશુભ બન્ને પરિણામ આકુળતામય છે, દુઃખરૂપ છે, અપવિત્ર છે, માટે ગંદા છે.

નદી-તળાવનું પાણી તો નિર્મળ છે પણ ઉપરની શેવાળ મેલી છે, તેમ આત્મા તો નિર્મળ છે, પણ વર્તમાન પર્યાયમાં થતો વિકાર તે મેલો છે.

આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે (-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે.

પુણ્ય-પાપની લાગણીરૂપ આસ્રવો પોતે પોતાને જાણતા નથી પણ બીજા વડે જણાવા યોગ્ય છે માટે જડ છે. ક્રોધાદિના વિકારમાં આત્માની જાણવાની શક્તિ અટકે છે, જાણવાની જાગૃતિ રહેતી નથી, તેથી તે આત્માનો સ્વભાવ નથી પણ જડ છે; જડના નિમિત્તે થતો વિકાર તે જડ છે.

ક્રોધ, માન, માયા વગેરેને ખબર નથી કે અમે ક્રોધ, માન, માયા છીએ એટલે કે તેમાં પરિણમતું જ્ઞાન તે વખતે આંધળું છે, તે ક્રોધાદિ વિકારથી જુદું રહેલું જ્ઞાન તે ક્રોધાદિ વિકારને પણ જાણી શકે છે અને પોતાના આત્માને પણ જાણી શકે છે. ક્રોધાદિમાં

પરિણમતું જ્ઞાન ક્રોધાદિ વિકારને પણ જાણી શકતું નથી અને આત્માને પણ જાણી શકતું નથી તેથી તે આંધળું જ્ઞાન છે.

એક એક ગાથામાં આચાર્યદેવે ભગવાન આત્માને જ ખડો કર્યો છે, આવી અપૂર્વ વાતમાં ના પાડીશ નહિ, આંગણે આવ્યો પાછો ફરીશ નહિ.

ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે (-પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો છે (અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી).

વિજ્ઞાનઘન કહેવામાં પરિપૂર્ણ નિર્મળ વિજ્ઞાનઘન લીધો છે, વિજ્ઞાનઘન એટલે આત્મા જ્ઞાનનો પિંડ છે, તે નિબિડ છે, નકોર છે, કઠણ છે. જાણનારો નકોર છે કે જેમાં કોઈ પરનો પ્રવેશ થઈ શકે તેમ નથી; એવો જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે–જ્ઞાતા છે. તે પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે અને બીજા સમસ્ત પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણે છે. પર પદાર્થના અનંત ભાવોને જાણે છતાં પણ પરનો કોઈ અંશ પોતામાં પ્રવેશી શકે નહિ એવો જાણનારો ઘનરૂપ છે–નિબિડરૂપ છે. જાણનાર સ્વભાવ તે આત્માનો અનન્ય સ્વભાવ છે, એકરૂપ છે. જુદા સ્વભાવવાળો નથી. વિકારી ભાવો પોતાને પણ ન જાણે અને પરને પણ ન જાણે અને વિજ્ઞાનઘન આત્મા પોતે પોતાને પણ જાણે છે ને પરને પણ જાણે છે.

આવા વિજ્ઞાનઘન ચૈતન્યસ્વભાવને જાણવાથી જ સ્વ-પરનું યથાર્થ જ્ઞાન થાય છે અને તેથી જ બંધન અટકે છે, સ્વભાવ પ્રગટ કરવાનો અને બંધનને અટકાવવાનો આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

કોઈ કહે—આ જાણવામાં પચ્ચખાણ તો ન આવ્યા તો બંધન કેમ અટકે? અરે! ચૈતન્યતત્ત્વનું યથાર્થ જ્ઞાન થયે તેમાં અંશે અંશે થંભ્યો તે જ ખરું પચ્ચખાણ છે. યથાર્થ જ્ઞાન વિના પચ્ચખાણનું સ્વરૂપ અજ્ઞાની નહિ જાણી શકે તે શુભભાવરૂપ પચ્ચખાણને જ પચ્ચખાણ માનશે, પરંતુ શુભભાવરૂપ પચ્ચખાણ બંધનરૂપ છે અને સ્વરૂપની સ્થિરતા–રમણતારૂપ પચ્ચખાણ જ અબંધનરૂપ છે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયે જ અનંતો બંધ અટકી જાય છે. પછી અલ્પ બંધ રહે છે તેને ગણતરીમાં ગણ્યો નથી અને તે અલ્પ બંધ પણ સ્વરૂપસ્થિરતા થયે અલ્પ કાળમાં નાશ થઈ જ જવાનો માટે સમ્યગ્જ્ઞાન થયે જ બંધન અટકી જાય છે. સંસારનાશનો ઉપાય ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખવો તે જ છે. બીજો કોઈ ઉપાય છે જ નહિ.

૧૯૯૯, આસો સુદ ૧૨ રવિ.

અધિકાર કર્તાકર્મનો ચાલે છે. કર્તા એટલે થનારો, તે ખરેખર રીતે તો પોતાના સ્વભાવનો જ થનારો છે અને સ્વભાવરૂપ અવસ્થા થાય તે જ ખરેખર તે કર્તાનું કર્મ છે, વિકાર ભાવરૂપ કાર્યનો તે ખરેખર કર્તા નથી.

અહીં ટીકામાં પહેલા બોલમાં કહ્યું કે આસ્રવો મલિન છે અને આત્મા નિર્મળ છે; પછી બીજા બોલમાં કહ્યું કે આસ્રવો જડ છે માટે તે સ્વ-પરને જાણતા નથી અને ભગવાન આત્મા વિજ્ઞાનઘનસ્વભાવમય હોવાથી ચેતક છે-જ્ઞાતા છે તેથી પોતાને અને પરને જાણે છે. શુભાશુભ પરિણામરૂપ આસ્રવો જડના નિમિત્તે થાય છે માટે તેને જડ કહ્યા, તે વિકાર ભાવ પોતાને તથા પરને જાણતા નથી માટે પણ તેને જડ કહ્યા.

જ્ઞાની વિચારે છે કે હું વિજ્ઞાનઘન છું, વિભાવો વિભાવોને જાણતા નથી અને વિભાવો મને પણ જાણતા નથી, હું વિભાવોને જાણું છું અને મને પણ જાણું છું એવો વિજ્ઞાનઘનસ્વભાવ હું છું.

કેટલાક કહે છે કે આ વાત ધનાઢયોને ગમે એવી છે, કેળવણી પામેલાને ગમે એવી છે, કાંઈ કરવું નહિ અને વાતો કરવી ગોઠે એટલે ધનાઢયો અને કેળવણી પામેલા બધા ભેગા થાય, પણ અરે ભાઈ! ધર્મ તો મોટા ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવોએ આદર્યો છે, તેઓ સંસારમાં મોટાં રાજપાટ કરતા હતા છતાં અંતરથી વિરક્ત હતા, રાજ અને લક્ષ્મીને ઢગલે બેઠા વિષ્ટાને ઢગલે બેઠા હોય તેમ માનતા હતા. લોકો બહારના ત્યાગ કૂદે તેને ધર્મ માને છે પણ આત્માનો ધર્મ તે આત્માના ભાવમાં હોય કે જડમાં હોય? ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા આત્માનું શ્રદ્ધા અને જ્ઞાન થઈ શકે છે, આત્માનું ભાન થતાં પરપદાર્થ પ્રત્યેનો અનંતો રાગ-દ્વેષ ટળી જાય છે, સમ્યગ્દર્શન પામ્યા પછી પાંચમી ભૂમિકા થતાં અંશે સ્વરૂપસ્થિરતા વધતાં અણુવ્રતના શુભ પરિણામ આવે છે અને વિશેષ સ્વરૂપરમણતા વધતાં મુનિપણું આવે છે; પ્રથમ સાચી સમજણ થાય પછી સાચાં વ્રત થાય. સાચી સમજણ, સાચી રુચિ વગર થાય નહિ, પર પદાર્થની રુચિ અંતરથી ખસીને આત્માની રુચિ અંતરથી જાગે ત્યારે આ વાતની અંતરથી ઘડ બેસે તેમ છે. જેને આત્માની રુચિ જાગે તે બધા-નિર્ધન કે સધન—આ વાતને સમજી શકે તેમ છે. સત્યનું શ્રવણ કરીને જે સત્ય સમજવાનો પ્રયાસ કરે તેને સાચી સમજણ થાય અને સમ્યગ્દર્શન થાય અને પછી સાચાં વ્રત આવે. દુનિયા દોરંગી છે, જેને જેમ ઠીક પડે તેમ બોલે, પરંતુ સત્ય તે ત્રિકાળ સત્ છે.

ક્રિયાકષ્ટવાળાને એવું લાગે કે ઠીક આ ભેદ-જ્ઞાનની વાતો ગોતી કાઢી! અહા! શું થાય! તેવા ભાવનું ફળ તો તે આત્માની પર્યાયમાં આવ્યા કરે છે.

આચાર્યદેવ કહે છે કે અહો! જ્ઞાનઘનઆત્માની શ્રદ્ધા થતાં અનંતી નિર્જરા થઈ જાય છે અને તેમાં સ્થિરતા વધતાં કેવળજ્ઞાન થાય છે એવો ભેદજ્ઞાનનો મહિમા છે. ભેદજ્ઞાનનો નકાર કરનાર અનંતો સંસાર વધારનાર છે.

હવે ત્રીજા બોલમાં કહે છે કે આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે.

પુણ્ય-પાપના બન્ને ભાવો આકુળતા ઉપજાવનારા છે, વર્તમાન સમયમાં પણ તે બન્ને ભાવો દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ દુઃખનાં કારણો છે. કોઈ કહે કે પૂરણ-પોળી ને ઘેબર ઉડાડવા એમાં કયાં આકુળતા દેખાય છે? અરે ભાઈ! પોતાને ભૂલીને પરમાં જોડાવું, તેમાં રતિ માનવી તે જ આકુળતા છે, પર વસ્તુની ઇચ્છા કરી અને પરને ભોગવવાના ભાવ કર્યા તે જ આકુળતા છે અને દુઃખમય જ ભાવ છે.

પુણ્ય-પાપના ભાવ આકુળતા ઉપજાવનારા છે અને આત્માની શાંતિને રોકનારા છે માટે તે દુઃખનાં કારણો જ છે. જે ભાવે ઇંદ્રપદ મળે, જે ભાવે ચક્રવર્તીનાં રાજ મળે તે ભાવ પણ આકુળતામય છે માટે દુઃખનાં કારણો છે, ચક્રવર્તીનાં રાજ પણ સ્મશાનમાં રોળાઈ જવાનાં, તે પણ આત્માને શરણભૂત નથી માટે તે ભાવ પણ દુઃખરૂપ છે.

શુભભાવથી સ્વર્ગ મળે અને અશુભ ભાવથી નરકાદિ મળે પરંતુ બન્ને ભાવ છે તો બંધનરૂપ. એનો અર્થ એવો નથી કે પુણ્ય ભાવ છોડીને પાપ ભાવ કરવો, એવી તો વાત હોય નહિ, એવું તો કોઈ જ્ઞાનીનું વચન હોય જ નહિ.

પરંતુ પુણ્ય ભાવ કરતાં કરતાં ધર્મ થશે એમ કોઈ દિવસ બન્યું નથી, બનતું નથી, બનશે પણ નહિ, પુણ્ય-પાપના ભાવ તો કર્મના નિમિત્તનું કાર્ય છે માટે તે દુઃખનું કારણ છે.

વળી ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ છે (અર્થાત્ દુઃખનું કારણ નથી).

ભગવાન આત્મા સદાય-કાયમને માટે-નિરંતર નિરાકુળ આનંદસ્વભાવે છે માટે આત્મા પુણ્ય-પાપની લાગણીનું કારણ પણ નથી અને તેનું કાર્ય પણ નથી.

ચિદાનંદ આત્મા તો સ્વતઃસિદ્ધ છે, તે કોઈથી ઉત્પન્ન થયો નથી માટે તે કોઈનું કાર્ય પણ નથી અને આત્માએ કોઈને ઉત્પન્ન કર્યા નથી, અરે! પુણ્ય-પાપના ભાવને પણ આત્માએ ઉત્પન્ન કર્યા નથી માટે આત્મા કોઈનું કારણ પણ નથી. આત્મા વિકારનું કાર્ય નથી અને વિકાર આત્માએ કર્યો નથી; અજ્ઞાનઅવસ્થામાં અજ્ઞાની

વિકાર ભાવનો કર્તા છે પણ વસ્તુસ્વભાવદૃષ્ટિથી આત્મા કર્તા નથી. માટે આસ્રવ દુઃખનું કારણ છે અને આત્મા દુઃખનું કારણ નથી એટલે કે દુઃખનું અકારણ છે.

આ પ્રમાણે વિશેષ (તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે.

આ આત્મા જ્યારે એમ જાણે છે કે આ શુભાશુભ લાગણીઓની મલિન અવસ્થા, ક્ષણિક અવસ્થા તે હું નહિ, હું તો જાણનારો આત્મા ત્રિકાળ નિર્મળ પવિત્ર છું, એ રીતે આત્મા અને આસ્રવોમાં તફાવત જાણે ત્યારે પરમાં એકાગ્ર થતો અટકી જાય છે અને તે જ વખતે ક્રોધાદિ વિકારી પરિણામથી નિવૃત્ત થાય છે. કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.

આત્માના સ્વભાવની ઓળખાણ, પ્રતીત કરીને ક્રોધાદિ ભાવોથી જે જુદો પડતો નથી, નિવર્તતો નથી, ભેદ પાડતો નથી તેને ભેદજ્ઞાનની સિદ્ધિ જ થતી નથી. કોઈ કહે કે પહેલાં ક્રોધાદિથી નિવર્તે પછી ભેદજ્ઞાન થાય તો? એ વાત તદ્દન ખોટી છે. જે વખતે સમ્યગ્જ્ઞાન પ્રગટે છે તે જ વખતે ક્રોધાદિની નિવૃત્તિ થાય છે, બન્નેનો સમકાળ છે, પહેલાં-પછી છે જ નહિ, અવિનાભાવીપણે-એક સાથે છે. પરમાં ઉપયોગ એકાકાર છે તેમાંથી પાછો વળીને પોતાના સ્વભાવમાં ઉપયોગની એકાગ્રતા થતાં જ ક્રોધાદિ આસ્રવો નિવૃત્તિ પામે છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન પ્રગટવાથી જ અજ્ઞાનથી જે કર્મ બંધાતાં હતાં તે બંધ અટકી જાય છે.

આ કેવળજ્ઞાનીની વાત નથી પણ અવ્રતી સમ્યગ્દૃષ્ટિની આ વાત છે, આ જે કહેવાણો તે જ માર્ગ છે, એ જ સત્ય પંથ છે. સત્યને પંથે સત્ય મળે પરંતુ અસત્યને પંથે સત્ય ન મળે. જીવોએ અનંતકાળથી પરાઙ્મુખદૃષ્ટિ રાખીને બધું કર્યું, શાસ્ત્રનો અભ્યાસ કર્યો, તપ કર્યાં, વ્રત કર્યાં. અરે! દિગંબર મુનિ પણ અનંતવાર થયો, વનમાં ગયો, આકરા તપ કર્યા, એકાંતમાં બેઠો પરંતુ તે બધું પરાઙ્મુખદૃષ્ટિ રાખીને કર્યું અને માન્યું કે આપણો મોક્ષ થઈ જશે, પણ તેથી કલ્યાણનો એક અંશ પણ થયો નહિ; મોક્ષપર્યાય પ્રગટાવવાની જે રીત ને જે વિધિ છે તે વિધિ પ્રમાણે પ્રયત્ન કરે, માને અને અંતરનું વર્તન કરે તો મોક્ષમાર્ગ અને મોક્ષપર્યાય પ્રગટે, બાકી પોતાને ઠીક પડે તેમ માની લેવાથી મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાય પ્રગટે તેમ ત્રણ કાળ, ત્રણલોકમાં બને નહિ.

એક પણ વ્રત-પચ્ચખાણ ન હોય છતાં આત્માની પ્રતીતિ થઈ શકે છે. તે પ્રતીતિ એવી થાય કે જેવી કેવલજ્ઞાની અને સિદ્ધ ભગવાનને પ્રતીતિ હોય; તેવી પ્રતીતિ બેનો -ભાઈઓ બધાને થઈ શકે. અરે! આઠ વર્ષની બાલિકાને પણ થઈ શકે. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં આઠ આઠ વર્ષની બાલિકા અને આઠ આઠ વર્ષના રાજકુંવરો તેવી આત્માની પ્રતીતિ કરી રહ્યા છે.

અજ્ઞાન અવસ્થામાં જેવા રાગ-દ્વેષ કરતો તેવા ને તેવા જ્ઞાન અવસ્થા થયા પછી થતા નથી, ફેર પડી જાય છે, આસક્તિ ઘણી ઘટી જાય છે. કોઈ કહે કે સમ્યગ્જ્ઞાન પોતાને થયું તેની ખબર પોતાને કેમ પડે? જેમ પૈસા થાય ને ખબર પડે તેમ સાચી સમજણ થાય એટલે પોતાને ખબર પડી જ જાય. લક્ષ્મી પોતાને થાય તે કોઈને પૂછવા જવું પડતું નથી જો કે એ તો પર ચીજ છે અને સમ્યગ્જ્ઞાન તો પોતાની ચીજ છે એટલે તો પોતાથી છાની રહે જ નહિ.

જેમ દુશ્મન અને સજ્જન તે બન્નેની ખબર પડતાં સજ્જન તરફ વલણ થાય ને દુશ્મન તરફથી પાછો ફરે તેમ આત્મા અને આસ્રવનું જ્ઞાન થતાં આત્મા તરફ વલણ થાય અને આસ્રવો તરફથી છૂટી જવાય; જ્ઞાન થતાં ભલે સર્વથા કર્મ છૂટી ન જાય પણ પહેલાં ઊંધી માન્યતા છૂટે અને પછી ક્રમે ક્રમે બધું છૂટી જાય.

જેમ સર્પને સર્પ જાણીને પકડે અને સર્પને દોરડી જાણીને પકડે તેમાં ફેર છે, હોય સર્પ પણ આ દોરડી છે એમ જાણીને ઉપાડે તો તેનાથી બચવાનો ઉપાય તે રાખી શકશે નહિ, છોકરાના ઘોડિયા પાસે સર્પ જતો હોય તેમાં ખબર પડી કે અરે! આ સર્પ છોકરા પાસે જાય છે, તો ચાલાકી રાખી મોઢેથી ફટ દઈને પકડે અને બહાર ફેંકી દીયે પણ છોકરાને કરડવા દે નહિ અને સર્પ પોતાને હાથે પણ ભરડો ન લે એવી ચાલાકીથી પકડે; તેમ આત્મા અને આસ્રવોનો ભેદ ન જાણે તો આસ્રવોથી બચવાનો ઉપાય પણ ન રહે; પણ હું આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છું અને આ ક્રોધાદિક તે હું નથી એવો વિવેક થયા પછી અલ્પ ક્રોધાદિ થાય ખરા, પણ તે પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાને કરડવા અથવા ભરડો ન લેવા દેવાની ચાલાકીની જાગૃતિ તો તેને રહ્યા જ કરે છે. અજ્ઞાનઅવસ્થામાં જે રાગ-દ્વેષ થાય તે તેનાં જ્ઞાન-શ્રદ્ધાને કરડી જાય છે એટલે તેને વિવેકની જાગૃતિ રહેતી નથી પણ આત્મા અને આસ્રવોનો વિવેક થયા પછી, ભેદ પાડ્યા પછી પહેલાં જેવો ક્રોધાદિમાં જોડાતો નથી, અલ્પ ભાવે જોડાય છે પણ તેમાં આંતરો પાડ્યા વગર રહેતો નથી અને અલ્પ ક્રોધાદિ જે થાય છે તે પણ અલ્પ કાળમાં છૂટી જ જવાના.

શિષ્ય કહે છે કે ભગવન! સમ્યગ્દર્શનનું એટલું બધું શું માહાત્મ્ય છે? સાચા

જ્ઞાનમાત્રથી જ બંધ ટળી જાય તે કઈ રીતે છે? તેને આચાર્યદેવ કહે છે કે ભાઈ! સાંભળ, પરથી જુદાપણાનું જ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન? જો અજ્ઞાન છે, તો વિકાર છે તે હું છું, વિકાર તે મારા છે એમ વિકાર અને આત્માને બન્નેને અજ્ઞાનપણે અભેદ માનતો હતો અને જ્ઞાન થતાં પણ તેમ જ થયું, તેથી વિશેષ કાંઈ ન થયું.

પર સાથે એકપણાની બુદ્ધિ છે તે અજ્ઞાન છે અને ભેદપણાથી બુદ્ધિ છે તે જ્ઞાન છે. જો એકપણાની બુદ્ધિએ વર્તતો હોય તો જ્ઞાન થતાં કાંઈ વિશેષતા ન થઈ.

વળી આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે જ્ઞાન હોય તો તે વિકારમાં એકમેક થઈને પ્રવર્તે છે કે તેમાંથી કાંઈ નિવર્ત્યું છે? એવી ને એવી રીતે રાગ-દ્વેષમાં જોડાતો હોય તો અવિવેકી જ્ઞાનમાં અને આ ભેદજ્ઞાનમાં કાંઈ ફેર ન પડયો.

ભગવાન આત્મા જ્ઞાન થતાં, પુણ્ય-પાપ મારાં કામ અને હું એનો કર્તા એવા ભાવથી જો છૂટયો છે, વિકારોથી જુદો પડયો છે, જ્ઞાન જો આસ્રવોથી નિવર્ત્યું છે તો પછી જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો.

અલ્પ રાગ-દ્વેષ થાય તેને અહીં ગણ્યા નથી, યથાર્થ દૃષ્ટિના જોરમાં અલ્પ રાગ-દ્વેષ થાય તેની ગણતરી નથી. જ્ઞાન થયા પછી અંતરથી રાગ-દ્વેષ અને વિષયવાસનાથી નિવર્ત્યો છે, અંતરથી ઉદાસ થયો છે, પરનો કર્તા હું નથી અને એ મારાં કામ નથી, હું તો મારાં જ્ઞાનનો કર્તા અને એ મારું કાર્ય છે એમ ભાન કરીને અંશે સ્વભાવમાં ટકયો તેથી જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે, અલ્પ રાગ-દ્વેષ રહ્યા તે સમ્યગ્દર્શનના જોરથી ટળી જ જવાના છે, જે રહ્યા તે ટળવા ખાતે જ છે, રહેવા ખાતે નથી માટે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.

આમ સિદ્ધ થવાથી પુણ્યની ક્રિયાથી આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એમ ઊંધું માનીને જ્ઞાનનો નિષેધ કરનારા અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું-ક્રિયાજડનું ખંડન થયું.

વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી, સમ્યગ્જ્ઞાન થતાં એવા ને એવા રાગ-દ્વેષ હોય તેમ બને નહિ, બહારની ક્રિયાની વાત નથી પરંતુ અંતર પરિણતિની વાત છે, પાંચ ઇન્દ્રિયના વિષયમાં એવી ને એવી મીઠાશ વેદતો હોય, તેમાંથી સુખના સડકા આવે છે તેમ વેદતો હોય, રુચિ જરાય ન ફરે, ઇન્દ્રિયના વિષયમાંથી વિરક્તતા જરાય ન થાય, રાગ-દ્વેષ કાંઈ પણ ન ઘટે અને કહે કે મને જ્ઞાન થયું છે તો તે શુષ્કજ્ઞાની છે પણ સમ્યગ્જ્ઞાની નથી. એ રીતે એકાંત જ્ઞાનનયનું ખંડન થયું.

સમ્યગ્જ્ઞાન તે અસ્તિરૂપે છે અને રાગ-દ્વેષનો અભાવ તે નાસ્તિરૂપે છે, અસ્તિ-નાસ્તિ બન્ને સ્વભાવનાં પડખાં આવવાં જોઈએ અને તે રીતે બન્ને પડખાં આવે તો તે સમ્યગ્જ્ઞાન છે.

દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, પચ્ચખાણ, આદિ શુભભાવથી આત્મા ઊઘડે નહિ કારણ કે પુણ્યાદિ ભાવની આત્મામાં નાસ્તિ છે તેથી નાસ્તિથી અસ્તિ ઊઘડે નહિ, અસત્‌થી સત્ ઉઘડે નહિ એ રીતે પુણ્યાદિ ભાવથી આત્મા ઊઘડે નહિ, તેથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું.

વળી જો આત્મા છે તે પ્રગટ જ્ઞાનપણે છે ને વિકારપણે નથી એમ પર્યાય જો ભેગી ન આવે-પરથી નિવર્તેલી પર્યાય ભેગી ન આવે તો અસ્તિનું સાચું જ્ઞાન નથી, એકલું શુષ્કજ્ઞાન છે, એકાંત જ્ઞાનનય છે.

એકલું જ્ઞાન જ્ઞાન કર્યા કરે છે પણ જ્ઞાનમાં પરની-રાગ, દ્વેષની નિવૃત્તિ થતી નથી-નાસ્તિ થતી નથી તેથી અસ્તિ-નાસ્તિનું એટલે કે આખા આત્માનું જ્ઞાન નથી માટે તે એકલું જ્ઞાન, જ્ઞાન, કરે છે તે અસ્તિનું જ્ઞાન પણ ખોટું છે.

આત્મા જ્ઞાનપણે છે ને વિકાર ભાવે નથી; 'છે' એમાં જો વિકારનું 'નથીપણું' ન આવે તો 'છે પણાનું' સાચું જ્ઞાન નથી, 'છે'-'નથી' બે ભેગાં ન આવ્યા માટે સામાન્ય-વિશેષ બે ભેગાં ન થયાં, સામાન્ય-વિશેષનું આખું જ્ઞાન ન થયું, અનેકાંત ન થયું, પરંતુ એકાંત થયું. નિર્જરા અધિકારમાં જ્ઞાન-વૈરાગ્ય બે શક્તિ વર્ણવી છે. 'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः' સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; ત્યાં પણ અસ્તિ-નાસ્તિ બે ભાવ લીધા છે. સત્ જ્ઞાન પ્રગટે ને વિકાર-ભાવનો તેટલા અંશે અભાવ ન થાય, વિકારભાવ ન તૂટે તો સાચું જ્ઞાન નથી પરંતુ શુષ્કજ્ઞાન છે, એકાંત જ્ઞાનનય છે.

જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય તોપણ અંતરથી તે ઉદાસ હોય છે. જેમ મીંદડી એના એ મોઢાથી પોતાનાં બચ્ચાંને પકડે અને એના એ મોઢાથી ઉંદરને પકડે, પરંતુ 'પકડ પકડમેં ફેર હૈ', તેમ જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય, રાજપાટમાં ઊભા હોય, સ્ત્રી-છોકરાં હોય, અલ્પ રાગ-દ્વેષ થતા હોય, છતાં પણ અંતરથી ઉદાસ હોય છે; તે રાજપાટ વગેરે બધું તેને સ્મશાને ફૂલડાં મૂકયાં જેવું લાગે છે. ચક્રવર્તી રાજા ૯૬ હજાર સ્ત્રીઓના વૃંદમાં ઊભા હોય પરંતુ સ્ત્રીઓને કહે છે, અરે રાણીઓ! તમે એમ ન સમજશો કે અમે તમારા માટે રોકાણા છીએ, પણ અમે અમારા રાગને કારણે રહ્યા છીએ, જ્યારે અમે રાગ છોડશું ત્યારે ક્ષણમાત્ર પણ રહેવાના નથી એમ તમે નક્કી સમજજો. રાણીઓ

મનમાં સમજતી જ હોય કે આ જ્યારે ફરશે ત્યારે કોઈનો રાખ્યો રહે તેમ નથી, એ મહા વૈરાગ્યનું પૂતળું છે, એ તો અલ્પ રાગને કારણે રહ્યા છે. એ રીતે સમ્યગ્દષ્ટિનું હૃદય ઉદાસ હોય છે.

મિથ્યાદષ્ટિને રાજપાટ વગેરે બધાં સાધનો હોય પણ તેમાં તે લેપાયેલ હોય છે, તેમાં તેની તન્મય બુદ્ધિ હોય છે, તેમાં તેને સુખબુદ્ધિ હોય છે. એ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની ક્રિયા એક સરખી દેખાય પરંતુ ભાવમાં ઉગમણો આથમણો આંતરો હોય છે, હૃદયનો તદ્દન પલટો હોય છે, મીંદડીના પકડની જેમ ક્રિયા એક છતાં ભાવમાં ફેર હોય છે.

એક સાસુ ને એક વહુ હતાં. તે સાસુ વહુને જરાપણ બને નહિ. સાસુને દીકરી હતી તે દીકરી ઉપર તેની માને બહુ જ પ્રેમ, પણ દીકરાની વહુ સાથે જરાય મેળ નહિ. એક વાર દીકરો કહે કે બા, હમણાં કમાણી સારી છે. તેથી બે હજારનો દાગીનો બહેન માટે અને બે હજારનો દાગીનો વહુ માટે કરાવીએ. ડોશી કહે–દીકરા, બહેન માટે એટલા બધા દાગીનાની જરૂર નથી, બહેન માટે તો પાંચસોનો દાગીનો ઘણો થઈ રહેશે, વહુ માટે બે હજારનો દાગીનો કરાવ, દીકરાને વિચાર આવ્યો કે આમ કેમ ? બાને પ્રેમ તો બહેન ઉપર છે, વહુ સાથે તો જરાય બનતું નથી; પરંતુ બહેન તો પારકે ઘરે દાગીનો લઈ જાય અને વહુનો દાગીનો તો ઘરમાં રહે તેથી બા આમ કહે છે. જુઓ ! જગતના જીવો સ્વાર્થમાં પણ આવો વિવેક કરે છે.

જ્ઞાનીને વિવેક છે કે મારો સ્વભાવ તો મારા ઘરે રહેશે અને વિકાર તો પર નિમિત્તે થતો ભાવ છે, તેથી પરનો છે, માટે તે ટળી જશે. પોતાના સ્વભાવની ઊઘડેલી અવસ્થા ઘરમાં રહેવાની ને વિકારી અવસ્થા તો નાશ થઈને ફરી જવાની.

આસ્રવો અશુચિમય છે, જડ છે, દુઃખનાં કારણો છે ને ભગવાન આત્મા તો પવિત્ર છે, જ્ઞાતા છે, સુખરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી. આત્મા અને આસ્રવનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન છે.

અજ્ઞાનભાવે જેવી આસક્તિ કરતો એવી ને એવી આસક્તિનું પોષણ જો કર્યા કરે તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન છે.

શિષ્ય પ્રશ્ન કરે છે કે અવિરતિ સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને મિથ્યાત્વ અને અનંતાનુબંધી સિવાય બીજા કર્મ–આવરણો તો બંધાય છે તો તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિ જ્ઞાની જ છે, સમ્યગ્જ્ઞાની અભિપ્રાયપૂર્વકના આસ્રવથી

નિવર્ત્યો છે, પરની માલિકીપણાથી નિવર્ત્યો છે તેથી તેને પ્રકૃતિઓનો જે બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક થતો નથી.

જેમ કોઈને શરીરમાં રોગ આવે તે રોગનો પ્રેમ હોય? ન જ હોય. એવી રીતે જ્ઞાની ભોગને રોગ સમાન જાણે છે, ભોગને ઉપસર્ગ માને છે. ઉપસર્ગનો પ્રેમ હોય? ન જ હોય; જ્ઞાનીને ભોગનો યોગ આવે ત્યારે તેને થાય છે કે અરે! આ શું! તે ભોગને જ્ઞાની ઉપસર્ગ માને છે, આકરા રોગની પીડા માને છે, દુઃખરૂપ જાણે છે. તે સમજે છે કે અરે! આ મારું સ્વરૂપ નથી. જ્ઞાની સંસારમાં, સ્ત્રી–કુટુંબમાં ઊભો હોય છતાં તેનો તે સ્વામી થતો નથી. હું એનો ધણી અને એ મારા તાબામાં, એવું ધણી-પણું જ્ઞાની સ્વીકારતો નથી. જેમ રસ્તામાં કોઈ શેઠિયો ચાલ્યો જતો હોય, તેમાં રસ્તામાં ક્યાંકથી વિષ્ટાની ગંધ આવી, પરંતુ તે ગંધ લેવાની તેને હોંશ નથી; તેમ જ્ઞાનીને આત્મારામ બગીચાનું ભાન થતાં વચ્ચે પુરુષાર્થની નબળાઈને લઈને તે સ્ત્રી–કુટુંબના રાગમાં ઊભો હોય, પણ તેને તે વિષ્ટાની ગંધ માને છે; તે વિષ્ટાની ગંધ લેવાની જ્ઞાનીને હોંશ નથી, અલ્પ રાગ-દ્વેષ થઈ જાય છે પણ તે રાગનો રાગ જ્ઞાનીને નથી, વિકારની વિષ્ટામાં ઊભા રહેવાની તેને હોંશ નથી તેથી તેને બંધ થતો નથી.

જ્ઞાની પાપની લાગણીને તો ઉપસર્ગ માને છે પરંતુ પુણ્યની લાગણીને પણ ઉપસર્ગ માને છે, દુઃખરૂપ માને છે. તે પુણ્યપરિણામનો પણ તે સ્વામી થતો નથી; અધૂરો છે ત્યાં સુધી અશુભ પરિણામથી બચવા વચ્ચે પુણ્યપરિણામ આવે ખરા, પણ જ્ઞાની તેનો સ્વામી થતો નથી, તેને હેય જાણે છે, તેનાથી નિવર્તવા જ ઇચ્છે છે તેથી તેને બંધન નથી.

૧૯૯૯, આસો સુદ ૧૩, સોમ.

જ્ઞાનસ્વરૂપ આત્માનો સ્વભાવ જ્યાં જણાયો ત્યાં વિકારભાવનો જ્ઞાની કર્તા થતો નથી અને વિકારભાવ તેનું કાર્ય પણ નથી. જ્ઞાન થયા પછી કેટલાક રાગ–દ્વેષ રહે છે પરંતુ મિથ્યાત્વ સંબંધી જે બંધ છે તે અનંત સંસારનું કારણ છે, તે જ અહીં પ્રધાન-પણે વિવક્ષિત (કહેવા ધારેલો) છે; અવિરતિ આદિથી બંધ થાય તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી.

ધર્મી રાજકાજમાં હોય પરંતુ તેને ભાન છે કે હું તો એક નિરાળી શુદ્ધ પવિત્ર ચીજ છું. એમ શુદ્ધતાનું ભાન થયું ત્યાં સ્વ શુદ્ધતાના ભાનમાં અલ્પ અશુદ્ધતા થાય તે બંધને અહીં ગણ્યો નથી, અલ્પ છે તે ટળવા ખાતે જ છે, પછી ભલે ચક્રવર્તીનું

રાજ હોય, બહારનો યોગ અઘાતિ કર્મના ઉદયને લઈને ઘણો હોય પરંતુ અંતરથી પરથી નિરાળા ચૈતન્યસ્વભાવનું ભાન છે તેથી તેને બંધ નથી. લશ્કરમાં ઊભો હોય, ક્રોધ કરતો હોય, પણ તેનો તે સ્વામી નથી પરંતુ સાક્ષી છે; આ વિભાવ તે મારો સ્વભાવ નથી વિકારથી અંશે નિવર્ત્યો છે, સ્વભાવમાં અંશે ઠર્યો છે, અનંતાનુબંધી ટળતાં સ્વરૂપાચરણચારિત્ર પ્રગટયું છે; પરંતુ પાંચમી ભૂમિકા નથી, વ્રતનાં પરિણામ આવ્યાં નથી; ચારિત્ર લેવા જેટલી અંતર આસક્તિ ટળી નથી તેથી અલ્પબંધ થાય છે પણ તેને અહીં ગણ્યો નથી.

કોઈ જ્ઞાનીને અઘાતિ કર્મના ઉદયને લઈને બહારનો યોગ ઘણો જ દેખાય અને અજ્ઞાની નગ્ન-દિગંબર મુનિ થઈને બેઠો હોય તોપણ તે ખરેખર ત્યાગી નથી, બહારના ત્યાગ-અત્યાગ ઉપર અંતરનું માપ નથી; અજ્ઞાની બહારથી શાંત, શાંત દેખાતો હોય, કાંટા વીંટીને બાળી મૂકે તોપણ ક્રોધ ન કરે, પરંતુ પરથી નિરાળા સ્વાશ્રય આત્માનું ભાન નથી તેથી તે બંધમાં પડયો છે, મોક્ષમાર્ગમાં નથી.

જ્ઞાનીને જરા ક્રોધ આવી જાય, અસ્થિરતા થઈ જાય પણ મારો ક્ષમાવંત વીતરાગ સ્વભાવ જુદો છે તેનું ભાન છે, અસ્થિરતાને ટાળવાનો અને સ્થિરતાને વધારવાનો પ્રયાસ છે તેથી તે બંધમાર્ગમાં નથી પણ મોક્ષમાર્ગમાં વર્તે છે.

પહેલાં નંબરના અજ્ઞાની એવા છે કે બહારના વેષથી પરીક્ષા કરે છે. બીજા નંબરના અજ્ઞાની એવા છે કે બહારની ક્રિયા દેખીને પરીક્ષા કરે છે. ત્રીજા નંબરના જીવો એવા છે કે તત્ત્વદૃષ્ટિથી પરીક્ષા કરે છે કે આને પરથી નિરાળા આત્માની પ્રતીત છે કે નહિ? સ્વાશ્રય ચૈતન્યભગવાનની શ્રદ્ધા છે કે નહિ? પર શરીરાદિ અને અંતરમાં થતી પુણ્ય-પાપની લાગણી તેનો હું કર્તા નથી તે મારું કાર્ય નથી એવી નિરૂપાધિ શ્રદ્ધા પ્રગટી છે કે નહિ? એવી રીતે પરીક્ષા કરે છે, આવી ત્રીજા નંબરની પરીક્ષા કરનારો પાત્ર જીવ છે.

શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, અને શ્રી શાંતિનાથ, એ ત્રણ તીર્થંકર ભગવાન ચક્રવર્તી હતા, તીર્થંકર પદે આવ્યા હતા અને તે જ ભવે મોક્ષે જવાના હતા. સંસારમાં હતા ત્યારે છ ખંડ સાધવા જતા, રાજને માટે રાજાને તાબે કરવા જતા; ચક્રવર્તી પાસે એક એવી તલવાર હોય છે, કે જેની હજાર દેવ સેવા કરે છે; તેમની આયુધશાળામાં એક એવું ચક્રરત્ન થાય છે કે જેની હજાર દેવ સેવા કરે છે; ચક્રવર્તીને એક એવો સુતાર; એક એવો ખેડુત વગેરે હોય છે કે જેની હજાર દેવ સેવા કરે છે, વગેરે ચક્રવતીની ઋદ્ધિ એટલી બધી હોય છે કે જેનો સાધારણ જીવોને ખ્યાલ આવવો પણ મુશ્કેલ પડે.

ચક્રવર્તી સંસારમાં હતા પરંતુ અંતરથી ઉદાસ હતા, લડાઈ કરવા જતા પરંતુ પરથી ભિન્ન સ્વાશ્રય ચૈતન્ય ભગવાનનું ભાન હતું. પરથી નિરાળો મારો આનંદઘન ચૈતન્ય-સ્વભાવ ભિન્ન છે તેનું ભાન વર્ત્યા કરે છે, બહારના સંયોગ અને અંદરની થતી લાગણી પણ મારા આત્મમાનને લાભ-નુકસાન કરી શકે નહિ; આ ઊણી પર્યાય છે તે મારા પુરુષાર્થની નબળાઈને લઈને છે, મારા ગુણ મારામાં ભર્યા છે, મારા પુરુષાર્થની મંદતાએ અધૂરો છું એમ બરાબર જાણે છે, અલ્પ થતી અસ્થિરતા મારા સમ્યગ્દર્શનને નુકસાન કરી શકે તેમ નથી. એવું જ્ઞાનીને શ્રદ્ધાનું બળ હોય છે. બહારથી ક્રિયામાં ઘણો કષાય હોય એવા પ્રકારો દેખાય પણ અંતરથી કષાય અલ્પ હોય છે.

ભરત ચક્રવર્તી અને બાહુબળીજી બન્ને ભાઈને લડાઈ થઈ, સાધારણને તો એવું લાગે કે સમ્યગ્જ્ઞાની, વળી બન્ને ભાઈ, વળી એ જ ભવે બન્ને મોક્ષ જવાના ને આ શું? પરંતુ લડતી વખતે પણ ભાન છે કે હું આ બધાથી ભિન્ન છું. લડાઈનો જ્ઞાતા છે, ક્રોધ થાય છે તે ક્રોધનો પણ જ્ઞાતા છે, પોતાના શુદ્ધ, પવિત્ર, આનંદઘન સ્વભાવનું ભાન વર્તે છે, પરંતુ અલ્પ અસ્થિરતા થાય છે તેથી લડાઈમાં ઊભા છે, બન્ને ભાઈને લડાઈ થઈ તેમાં ભરત ચક્રવર્તી જીતી શકયા નહિ, તેથી છેવટે બાહુબળીજી ઉપર ચક્ર મૂકયું, પરંતુ ચક્ર ગોત્ર ગરદન કરે નહિ; વળી બાહુબળીજી ચરમ શરીરી હતા તેથી પણ ચક્ર કામ કરે નહિ. એ વખતે બાહુબળીજીને વૈરાગ્ય આવ્યો કે ધિક્કાર છે આ રાજને! અરે! આ જીવનમાં રાજને માટે આ શું? જ્ઞાની પુણ્યથી પણ રાજી નથી અને પુણ્યના ફળથી પણ રાજી નથી. બાહુબળીજી કહે છે કે હું ચિદાનંદ આત્મા, પરથી ભિન્ન છું, એને આ ન હોય, આ ન શોભે! ધિક્કાર છે આ રાજને! તેમ વૈરાગ્ય આવતાં મુનિપણું લીધું. મીંદડી જે મોઢેથી પોતાના બચ્ચાને પકડે તે જ મોઢેથી ઉંદરને પકડે પણ પકડ પકડમેં ફેર હૈ, તેમ જ્ઞાની અજ્ઞાનીની ક્રિયા એક સરખી દેખાય પણ ભાવમાં આંતરા હોય છે.

જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં સુધી જ્ઞાનને અજ્ઞાન કહેવાય છે અને જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે અજ્ઞાન નથી પણ જ્ઞાન જ છે. ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો જ્ઞાની સ્વામી થતો નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર છે તે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી, માટે જ્ઞાનીને બંધ નથી.

અહીં કળશરૂપ કાવ્ય કહે છે :—

(માલિની)

परपरिणतिमुज्झत् खंडयद्भेदवादा-
निदमुदितमखंडं ज्ञानमुच्चंडमुच्चैः ।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबंधः ॥ ४७ ॥

અર્થ:—પર પરિણતિને છોડતું, ભેદનાં કથનોને તોડી પાડતું, આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે. અહો! આવા જ્ઞાનમાં (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે? તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે.)

હું આત્મા નિર્મળ છું, પવિત્ર છું, શુદ્ધ ચિદાનંદમૂર્તિ છું, પુણ્ય-પાપના ભાવ મારા સ્વરૂપમાં નથી એવું ભાન થતાં પર પરિણતિને છોડતું, ભેદનાં કથનોને તોડી પાડતું, અત્યંત પ્રચંડ એટલે તીખું જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.

અહો! સચ્ચિદાનંદ એવા મારા સ્વરૂપમાં પર પદાર્થનો હું કર્તા અને પર પદાર્થ મારાં કાર્ય, એમ કેમ હોઈ શકે? અહો! આવા જ્ઞાનમાં કર્તાકર્મનો અવકાશ કેમ હોઈ શકે? એ ટાણું કેમ હોઈ શકે? ન જ હોઈ શકે, માટે નવા કર્મનો બંધ પણ ક્યાંથી હોય? ન જ હોય.

આત્મા પરથી નિરાળો છે એમ ભાન થયું એટલે બાકી રહેલો રાગ નાશ ખાતે રહ્યો છે, રાખવા માટે રહ્યો નથી, તેથી જ્ઞાનીને નવીન બંધ થતો જ નથી.

પરથી નિરાળી શુદ્ધ અવસ્થા પરિણમે છે, બદલે છે, પલટે છે, તેમાં કર્તાકર્મની અને નવા બંધની જગ્યા જ ક્યાં છે? અવકાશ જ ક્યાં છે?

ઓછા ઉઘાડને લઈને જ્ઞેયના નિમિત્તથી જ્ઞાનમાં જે ખંડ પડતા હતા, ખંડરૂપ આકારો પ્રતિભાસતા હતા તે હવે અખંડ જ્ઞાન ઉદય પામ્યું એટલે એક જ્ઞાનમાત્ર આત્મા અનુભવમાં આવ્યો.

હું અખંડ બ્રહ્મમૂર્તિ છું, તેમાં રાગ-દ્વેષની અવસ્થાના ભેદ છે નહિ, એ વિકારની તો ક્યાં વાત! પણ મતિ-શ્રુતની અવસ્થાના ભેદ પણ અખંડ સ્વરૂપમાં નથી; એ રીતે ભેદનાં કથનોને તોડી પાડતું અખંડ જ્ઞાન ઉદય પામ્યું છે. અહો! અખંડ પ્રચંડ પરથી જુદો જ્ઞાનગોળો ઉદય પામ્યો છે.

પર પરિણતિ એટલે વિકારી ભાવને છોડતું જ્ઞાન ઉદય પામ્યું છે એટલે કે પહેલાં તો તુચ્છ તુચ્છ બાબતમાં વિકારી ભાવમાં રોકાતો, છોકરો જરા મીઠે વચને બોલાવે ત્યાં ગલગલિયાં થઈ જાય, સારું મકાન દેખે ત્યાં નજર ઠરે, ઘરે ગાયને સારું વાછડું આવે તોપણ દેખીને રાજી થાય; અરે! કોઈ એક પાઈની ચાર બીડી દેવા આવે તોપણ ત્યાં આખો ખેંચાઈ જાય; એમ જરા જરામાં ખેંચાઈ જતો અને અટકી જતો, પરંતુ જ્યાં શ્રીગુરુપ્રતાપે ભેદજ્ઞાન પ્રગટ થયું, પ્રચંડ જ્ઞાન-તીખું જ્ઞાન ઉદય પામ્યું, એટલે ક્યાંય નહિ રોકાતાં પોતાના સ્વભાવમાં જ રોકાણો. અરે! મારે રોકાવાનું સ્થાન ક્યાંય નથી, રાગ-દ્વેષ, ક્રોધ, વિષયવાસના એ મારો સ્વભાવ નથી, મારું એ રોકાવાનું સ્થાન નથી, મારો ગુણ તો મારી પાસે જ છે, મારા ચૈતન્યસ્વભાવ સિવાય જગતમાં કોઈ સારું નથી, મારા સ્વભાવનો મારાથી કોઈ દિવસ વિયોગ નથી, માટે મારે રોકાવાનું સ્થાન તો મારો સ્વભાવ છે તે જ છે, એવું આત્માનું અપૂર્વ ભાન થતાં વિકારને છોડતું-પર પરિણતિને તોડતું જ્ઞાન પ્રગટ થયું, તેથી જે જ્ઞાન પરમાં અટકતું તે જ્ઞાન પોતામાં અટકવા લાગ્યું.

પ્રચંડ છે એટલે કે જ્ઞાન બળવાન છે, આકરું છે, તીખું છે. જેમ આકરી અગ્નિ સૂકાં લાકડાંને તો બાળે પરંતુ લીલાં લાકડાંને પણ બાળે, એવી રીતે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, એવી જ્ઞાનમાં જ્યાં ઉગ્રતા થઈ, ત્યાં રાગ-દ્વેષને બાળીને ભૂકો કરે છે, અને કર્મના ગમે તેવા આકરા વિપાકના રસને બાળી મૂકે છે. જેમ આકરો સૂર્ય ઊગે તે શરદીને મટાડે છે તેમ ચૈતન્યસૂર્ય-જ્ઞાનસૂર્યની ઉગ્રતા થતાં નવો બંધ થવા દેતો નથી.

જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં અનેક ખંડરૂપ આકરો પ્રતિભાસતા એટલે કે જ્ઞાન પર તરફ વળતું, જ્ઞેયમાં અટકતું હતું તેથી ખંડ પડતા હતા; જ્યારે તે જ્ઞાન પોતાના અભેદ સ્વરૂપ તરફ વળ્યું એટલે તેને અખંડ એવું વિશેષણ આપ્યું. મતિજ્ઞાનાદિ જે જ્ઞાનના ભંગ ને ભેદો છે તે ભેદ તરફથી જ્ઞાન પોતાના સ્વભાવ તરફ વળ્યું પરંતુ ભેદ તરફ ઢળ્યું નહિ પણ અભેદ સ્વભાવ તરફ ઢળ્યું એટલે ભેદનાં કથનોને તોડી પાડતું એમ કહ્યું અને પોતાના તરફ જ્ઞાન વળ્યું એટલે પર પરિણતિને છોડતું પ્રગટ થયું તેમ કહ્યું. પોતા તરફ વળ્યું એટલે પર પરિણતિ સહજ છૂટી ગઈ, પોતામાં વળ્યું માટે જ્ઞાન બળવાન થયું. ૭૨.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભુ! કઈ વિધિથી આ આત્મા પુણ્ય-પાપના ભાવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:—

**अहमिक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तह्मि ठिओ तच्चित्तो सव्वे एए खयं णेमि॥ ७३॥**

અર્થ:— જ્ઞાની વિચારે છે કે: નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં (-તે ચૈતન્ય-અનુભવમાં) લીન થતો (હું) આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું.

ધર્માત્મા-ધર્મી જીવ એમ વિચારે છે કે મારો આત્મા ખરેખર એક જ છે, મારો આત્મા મલિનતા રહિત તદ્દન શુદ્ધ છે, હું આત્મા મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું, એટલે કે જાણવું ને દેખવું તેનાથી જ હું ભરેલો છું; જોનાર, જાણનાર અને તેમાં ટકનાર એવા ચૈતન્યના અનુભવમાં લીન થતો હું આ ક્રોધાદિ આસ્રવોને ક્ષય પમાડું છું, ઊંધી દૃષ્ટિ, કામ, ક્રોધ, સ્નેહ-રાગ, તે બધું મારું સ્વરૂપ નથી એટલે કે તે બધાનો નાશ જ કરનાર હું છું.

કોઈ કહે કે આત્મા પૂરો ક્યારે કહેવાય? તેનો જવાબ એમ છે કે વસ્તુતાએ આત્મા ત્રિકાળ પૂરો જ છે, વર્તમાનમાં પણ રાગ-દ્વેષ થવા છતાં વસ્તુદૃષ્ટિથી પૂરો છે, પરંતુ પર્યાયદૃષ્ટિથી અધૂરો છે.

ધર્મી વિચારે છે કે હું આ આત્મા—પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ —અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું.

પ્રશ્ન:—સ્વરૂપની દશા સાધનાર મુનિઓનું શરીર સુકાઈ જાય ને?

ઉત્તર:—આવા પ્રત્યક્ષ ચિન્માત્ર આત્માનું ભાન થાય એટલે બહારથી શરીર સુકાઈ જાય એવો કાંઈ નિયમ નથી. એક મુનિને દેખીને એક રાજાને એમ થયું કે આ મુનિ શું ખાતા હશે? શું પીતા હશે? કે જેથી આ મુનિનું શરીર આવું સુંદર છે? હું આવો જબ્બર રાજા છતાં મારું શરીર આવું નહિ અને આ મુનિનું શરીર આવું સુંદર છે! એમ મુનિને દેખીને રાજા આશ્ચર્ય પામ્યો. રાજાને મુનિની બહારની ઋદ્ધિ દેખીને અંતર આત્માનું બહુમાન આવ્યું અને બહુમાન આવવાથી ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજ્યો; શરીર અને આત્મા બન્ને ભિન્ન છે, બન્ને પદાર્થ જુદા છે, વગેરે યથાર્થ સ્વરૂપ સમજ્યો. આત્માની સાધક દશા સાધનાર મુનિઓનું શરીર સારું-સુંદર

---

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

પણ હોય છે તેથી એમ સિદ્ધ થાય છે કે આત્માના સ્વભાવ-ખોરાકમાં રમનાર મુનિનું શરીર સૂકાઈ જ જાય એવો નિયમ નથી, તેમજ મોક્ષપર્યાય સાધનાર મુનિઓના શરીરમાં રોગ ન આવે અને મુનિઓને અંદર આત્મામાં અહિંસા પ્રગટી એટલે તેમની અહિંસાની બહાર બીજા ઉપર છાપ પડે એવો કોઈ જાતનો નિયમ નથી. મુનિઓના શરીરમાં રોગ પણ આવે, અને મુનિઓને સિંહ, વાઘ ખાઈ પણ જાય, કારણ કે શરીર અને આત્મા બન્ને તદ્દન જુદા પદાર્થ છે. અંદર આત્માના સ્વભાવનું જ્યાં ભાન છે ત્યાં શાંતરસના શેરડા ઊઠે છે; ત્યાં શરીર અને આત્માને સંબંધ જ શું છે? શરીર પુષ્ટ રહે તોપણ શું! અને શરીર સુકાઈ જાય તોપણ શું! તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આત્માના શાંતરસમાં રમવા માટે શરીર સાથે કાંઈ સંબંધ નથી.

ધર્માત્મા જીવ વિચારે છે કે હું આત્મા પ્રત્યક્ષ અખંડ, અનંત, ચિન્માત્ર જ્યોતિ છું; નિશ્ચયમાં હું પ્રત્યક્ષ છું. અહીં પ્રત્યક્ષ છે એમ લીધું છે, પરોક્ષ છું એમ ન લીધું; આત્મા તો પ્રત્યક્ષ જ છે ને? આત્મા વળી પરોક્ષ હોય! મતિશ્રુતજ્ઞાની આત્માને બરાબર નિ:શંકપણે જાણી શકે છે માટે આત્મા પ્રત્યક્ષ છે, સંપૂર્ણપણે કેવળજ્ઞાની જાણી શકે છે, તે અપેક્ષાએ પરોક્ષ છે; પરંતુ પરમાર્થે-દ્રવ્યદૃષ્ટિએ આત્મા પ્રત્યક્ષ છે, કારણ કે મતિશ્રુતજ્ઞાની આત્માને બરાબર જાણી શકે છે. વળી કેવો છે કે અખંડ છે. જેમાં કર્મના નિમિત્તે ભંગ કે ભેદ પડતા નથી એવો અખંડ છે.

વળી કેવો છે? અનંત બેહદ સ્વભાવવાળો છે. આત્માની આદિ પણ નથી ને અંત પણ નથી. ધર્મી વિચારે છે કે હું અનાદિ અનંત છું, સ્વત:સિદ્ધ છું.

વળી આત્મા કેવો છે? નિત્ય ઉદયરૂપ છે. આ વિશેષણમાં તદ્દન દ્રવ્યદૃષ્ટિ લીધી છે, નિમિત્તની અપેક્ષા કાઢી નાખી છે. ઊણી અને પૂરી, મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાય મારામાં નથી. દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી બધી રીતે હું નિર્મળ છું; દ્રવ્ય, ગુણ અને દ્રવ્યની કારણપર્યાય ત્રણે પ્રગટ છે-ત્રણે આવરણ રહિત છે, હંમેશાં- કાયમ આત્મા પ્રગટ પ્રગટ છે.

વળી જ્ઞાની એમ સમજે છે કે વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે હું એક છું. હું જ્ઞાનનો ઘન છું એટલે કે નિબિડ છું, કર્મના નિમિત્તે થતા ભાવો મારામાં નથી, હું તો તેનાથી રહિત વિજ્ઞાનઘન છું; દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી ત્રણેથી કાયમી ચીજ હું એક છું, વિકારી અનેક ભાવો થાય છે તે મારામાં નથી.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું.

રાગ-દ્વેષનો હું [1]કર્તા રહ્યો નથી, રાગ-દ્વેષ મારાં [2]કામ રહ્યા નથી, રાગ-દ્વેષનું હું [3]સાધન નથી, રાગ-દ્વેષને મેં [4]રાખ્યા નથી, રાગ-દ્વેષ [5]મારામાંથી થયા નથી, અને રાગ-દ્વેષ તે મારા [6]આધારે રહ્યા નથી. આ કોણ વિચારે છે? ધર્મી-જ્ઞાની જીવ વિચારે છે કે મારા સ્વભાવમાં આ છ પ્રકારો છે જ નહિ, મારા આધારે આ રાગ-દ્વેષ થયા હોય તેમ ત્રણકાળમાં છે જ નહિ.

હું અવગુણમાં છ પ્રકારે કર્તા છઉં જ નહિ, કારણ કે મારા ગુણમાંથી કોઈ દિવસ ભેદ પડયો જ નથી તેથી હું અવગુણનો કર્તા થયો જ નથી માટે હું કર્તાકર્મની પ્રક્રિયાથી પાર ઊતરેલો છું, તેના સમૂહથી પાર ઊતરેલો છું.

બંધ-મોક્ષની પર્યાય હું નથી, રાગ-દ્વેષ પણ હું નથી, તે મારાં કાર્ય નથી એવું ભાન થતાં અલ્પ રાગ-દ્વેષ રહ્યા તેનો હું સ્વામી નથી, મારો સ્વભાવ તો નિર્મળ અનુભૂતિ છે, નિર્મળ અનુભૂતિસ્વરૂપ હું છું તેથી હું શુદ્ધ છું, હું આત્મા કર્તા અને નિર્મળ અનુભૂતિ તે મારું કાર્ય છે તે સિવાય બીજું કાંઈ પણ મારું કાર્ય નથી.

જ્ઞાનદર્શનપૂર્ણ છું એમ કહીને પર્યાયથી પણ પરિપૂર્ણ લીધો છે. ટીકામાં પ્રત્યક્ષ છું એમ કહીને પરનો આશ્રય નહિ, પરોક્ષ નહિ, પણ પ્રત્યક્ષ છું એમ કહ્યું છે. અનાદિઅનંત કહીને કાળથી અનાદિઅનંતપણું કહેવું તે ઉપચારથી છે પણ નિત્ય-ઉદયરૂપ કહીને વર્તમાનમાં જ પોતાના બધા ભાવોથી પૂર્ણ છે. આ કર્તાકર્મ અધિકારમાં ભેદજ્ઞાનની વાત છે એટલે કે પર્યાયની વાત છે તોપણ ઊણી-અધૂરી પર્યાય પૂરતો પોતે નથી એટલે કે ઊણી-અધૂરી પર્યાયથી જુદો પાડયો; અને પર્યાયથી પરિપૂર્ણ છે તેમ બતાવે છે. નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવ કહીને નિત્ય દ્રવ્ય-ગુણ-પર્યાયથી પરિપૂર્ણ છે તેમ બતાવે છે. પર્યાયની પરિપૂર્ણતામાં કારણપર્યાય લીધી છે.

અવસ્થાદષ્ટિનું લક્ષ છોડી દો તો વસ્તુ તે વસ્તુ જ છે, એકરૂપ જ છે, પરંતુ માણસોને અંદરની વાત સમજાય નહિ એટલે બહારની વાત આવે ત્યાં રાજી રાજી થઈ જાય, બહારથી ધર્મ કરવાનું કોઈ બતાવે તો એને ઠીક પડે, છોકરાંને જરા પેંડા વહેંચે ત્યાં ધર્મ થઈ ગયો એમ માને, બીજાને બતાવે જુઓ, અમે ધર્મમાં કેવું ખરચીએ છીએ, અમે રૂપીઆ કાઢીએ છીએ, એમ કર્તાપણાનું અભિમાન કરે અને કાંઈક પૈસા ખરચે તે પણ એવી રીતે ખરચે કે ચારે કોરથી પોતાનું નામ રહે. એવા અભિમાનના હેતુથી પૈસા ખરચે તેમાં પુણ્ય પણ ન થાય, તો પછી ધર્મનો તો ધાંગો જ કયાંથી હોય?

પોતાની ઓળખાણ વિના પરના કર્તાપણાનું અભિમાન ટળે નહિ. ધર્મી જીવ રાજકાજમાં ઊભો હોય, છતાં પણ કર્તાકર્મની પ્રવૃત્તિથી છૂટો પડી ગયો હોય છે;

કર્તાકર્મની અવસ્થાથી પાર ઊતરેલો છે, અંતરમાંથી ભ્રમણાનો ત્યાગ થઈ ગયો છે; પરંતુ આવું માનનાર બધા ઘરબાર છોડીને ત્યાગી જ થઈ જાય એવું કાંઈ નથી, પણ અંતરથી ભ્રાંતિ છૂટી જાય એ વાત યથાર્થ છે, ભ્રાંતિનો ત્યાગ થતાં જ્ઞાની એમ માને છે કે પરને અનુસરીને થતા જે ભાવો તે મારાં કાર્ય નહિ, મારી તે કારવાઈ નહિ; પરંતુ મારા શુદ્ધ ચૈતન્યને અનુસરીને થતા જે ભાવો તે મારાં કાર્ય છે, ધર્મીને નિર્મળ અનુભૂતિની અવસ્થા પ્રગટ થયેલી છે અને તેવો પોતે ત્રિકાળ છે, ધર્મી પોતે શુદ્ધ પર્યાયને પુરુષાર્થદ્વારા વધારતો વધારતો વીતરાગ થાય છે; દૃષ્ટિ અને જ્ઞાન કારણ છે અને ચારિત્ર, દૃષ્ટિ અને જ્ઞાનનું કાર્ય છે.

પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિ ભાવોનું વિશ્વવ્યાપીપણું તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું.

ધર્મી જીવ સમજે છે કે ક્રોધ, માન, રાગ-દ્વેષ વગેરેનું ધણીપતું જડને છે, હું તો નિર્દોષ ક્ષમાવંત વીતરાગસ્વરૂપ છું અને રાગ-દ્વેષનો જાણનાર છું, રાગ-દ્વેષ ચૈતન્યની પર્યાયમાં થાય છે તોપણ હું તેનો જાણનાર છું; ક્રોધાદિ ભાવોનું વિશ્વવ્યાપીપણું એટલે કે અનેકપણું છે તેના સ્વામીપણે હું થતો નથી, જડના નિમિત્તે થતા હોવાથી તે જડ છે, વિકારી ભાવોનો હું સ્વામી નહિ થતો હોવાથી મમતારહિત છું, અલ્પ રાગ-દ્વેષ થાય છે તોપણ તેના સ્વામીપણે પોતે સદાય પરિણમતો નથી એટલે હું મમતારહિત છું. આમાં અનંતો પુરુષાર્થ છે, આત્માનું ભાન થતાં અનંતો પુરુષાર્થ પ્રગટે છે અને કર્તાપણું છૂટી જાય છે, અનંતો પુરુષાર્થ થાય ત્યારે જ કર્તાપણું છૂટે છે.

કેટલાક તો કેવળી ભગવાનને ઈરિયાવહીયા ક્રિયાના કર્તા ઠરાવે છે. અરેરે! જીવો બિચારા તત્ત્વને સમજે નહિ એટલે ક્યાંનું ક્યાં કર્તાપણું લગાવી દીધું, પહેલે ગુણસ્થાને અજ્ઞાનીને જે કર્તાપણું હોય તે કર્તાપણું તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાની ભગવાનને ઠરાવી દીધું. જુઓ તો ખરા! કેટલી મૂઢતા, કેટલી અજ્ઞાનતા! કર્તાપણું તો ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં જ છૂટી જાય છે તો પછી કેવળી ભગવાનને તો કર્તાપણું હોય જ ક્યાંથી? કેવળી ભગવાન તો સંપૂર્ણ વીતરાગ થયા છે, જેમને એક વિકલ્પ માત્ર પણ છે નહીં ત્યાં પછી કર્તાપણાની તો વાત જ શી?

જ્ઞાનીને અલ્પ અસ્થિરતા થાય છે ખરી, શુભાશુભભાવરૂપ મલિન પરિણામ થાય છે પરંતુ તેપણે હું કોઈ દિવસ થયો નથી, આવી તેને દૃઢ પ્રતીત છે, વિકારી અવસ્થાના કર્તા ધર્મી જીવ થતા નથી, પોતાના સ્વભાવની જ અવસ્થાના કર્તા થાય છે.

જ્ઞાની એમ સમજે છે કે ગયા કાળમાં હું અજ્ઞાનપણે પરપદાર્થને પોતાના માનવા-

રૂપ અભિમાન કરતો હતો, પરની ખતવણી મારામાં અને મારી ખતવણી પરમાં કરતો હતો, પરપદાર્થમાંથી સુખ લેવાની લાલસા હતી, સ્વભાવની અરુચિ હતી પરંતુ તે પરભાવો મારાપણે કોઈ દિવસ હતા નહિ. ભલે અજ્ઞાનપણે તે ભાવોને હું મારાપણે માનતો હતો, છતાં પણ તે ભાવો મારાપણે ક્યારેય પણ થયા નથી, મારાપણે જે થયું હોય તે કોઈ દિવસ ખસે નહિ, પરમાર્થે સદોષરૂપે જો આત્મા થયો હોય તો નિર્દોષ કોઈ દિવસ થાય નહિ, તેથી હું આત્મા ત્રણેકાળે નિર્દોષ પવિત્ર છું, એવા પવિત્ર સ્વભાવનું ભાન થતાં તે સદોષભાવો મારામાં કદી હતા નહિ તેમ જાણે છે, મારું તે સ્વરૂપ નથી, હું તેનો સ્વામી નથી, તે ભાવો પરના નિમિત્તે થતા હોવાથી તેનો સ્વામી જડ છે. શુભાશુભ લાગણી ચૈતન્યની પર્યાયમાં થાય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિના જોરમાં તેને જડ કહી દીધી છે.

ચૈતન્યદ્રવ્યમાં તે વિકારી ભાવો હતા નહિ, છે નહિ, અને હશે પણ નહિ. જુઓ, આ સમ્યગ્દૃષ્ટિની અંતરની પ્રતીત! આવા નિરાળા ચૈતન્યસ્વરૂપને જાણ્યા વિના, પ્રતીતમાં લીધા વિના ભવનો અંત આવે ક્યાંથી? સમ્યગ્દૃષ્ટિનું અંતર વલણ ફરી ફરીને પોતાના શુદ્ધસ્વભાવ તરફ જાય છે, એ જ અંતરની ભાવના, એ જ અંતરનો જાપ છે.

ક્રોધ, માન, રાગ વગેરે વિકારીભાવો છે તેનાપણે હું નહિ પરિણમેલો હોવાથી મમતારહિત છું; મમતારહિત કહીને નાસ્તિપણું બતાવ્યું. આચાર્યદેવે પહેલાં એક છું ને શુદ્ધ છું કહીને અસ્તિપણું બતાવ્યું અને પછી વિકારી ભાવનું સ્વામીપણું મારામાં નથી તેથી હું મમતારહિત છું એમ કહીને નાસ્તિપણું બતાવ્યું.

ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું) વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાન-દર્શન વડે પરિપૂર્ણ છું. (વસ્તુનો સ્વભાવ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. આત્મા પણ વસ્તુ હોવાથી તે સામાન્ય-વિશેષસ્વરૂપ છે અર્થાત્ દર્શન-જ્ઞાનસ્વરૂપ છે.)

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે હું તો ભગવાન આત્મા સામાન્ય અને વિશેષથી એટલે કે જાણવા અને દેખવાના સ્વભાવથી ભર્યો છું, મારા સ્વરૂપમાં પુણ્ય-પાપ છે નહિ, આવી દૃઢ પ્રતીત થાય છે; ધર્મી આ રીતે પ્રતીત અને જ્ઞાન કરીને સ્વરૂપમાં સ્થિર થાય છે અને સ્થિરતા વધારતાં વધારતાં વીતરાગ થાય છે તેનું નામ ચારિત્ર છે.

પ્રશ્ન:— આ ધર્મીની ક્રિયા?

ઉત્તર:— હા, આ ધર્મીની અનંતી ક્રિયા; ચૈતન્યના ધર્મની ક્રિયા ચૈતન્યમાં હોય, પરમાં ન હોય.

દર્શનઉપયોગ સામાન્ય છે અને જ્ઞાનઉપયોગ વિશેષ છે. સામાન્ય એટલે ભેદ પાડયા વગર જ્ઞાન થયા પહેલાં, પર વિષયથી ખાલી, એકલો આત્મવ્યાપાર તે દર્શન-ઉપયોગ અને દરેક વસ્તુને ભિન્ન ભિન્નપણે, રાગના વિકલ્પ વગર જાણવું તે જ્ઞાન-ઉપયોગ.

પુણ્ય–પાપના વિકારી ભાવપણે આત્મા કોઈ દિવસ થયો નથી અને દર્શન-જ્ઞાનથી કોઈ દિવસ છૂટયો નથી, આત્મા અનંતગુણનો પિંડ અનાદિઅનંત, પરથી નિરાળો અખંડ છે એવી પ્રતીત કરી અને એમાં સ્થિર થવું એનું નામ પ્રતિક્રમણ છે, એનું નામ પ્રાયશ્ચિત્ત છે. આ પ્રતિક્રમણ અને આ પ્રાયશ્ચિત્તથી મોક્ષ થાય. હવે ચૈતન્યને બીજાં દ્રવ્યો સાથે સરખાવીને જુદો બતાવે છે.

૧૯૯૯, આસો સુદ ૧૪, મંગળ.

આ ગાથામાં શિષ્યે એમ પૂછયું હતું કે કઈ વિધિથી આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરમાં આચાર્યદેવે કહ્યું કે હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું એવું ભાન થવાથી આત્મા આસ્રવોથી નિવર્તે છે, બંધન છૂટી જાય છે. આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.

ધર્માત્મા એમ સમજે છે કે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશાસ્તિ, કાળ, વગેરે જે વસ્તુ છે તેવી હું પણ અરૂપી વસ્તુ છું; આકાશ દ્રવ્ય, તેના અનંતગુણ અને તેની પર્યાય-તે બધું અનાદિ અનંત છે, આકાશ અરૂપી, તેના ગુણ અરૂપી, તેની પર્યાય પણ અરૂપી છે તે ત્રણે થઈને અખંડ વસ્તુ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ, અને પરમાણુ વગેરે વસ્તુ, વસ્તુના ગુણ, અને વસ્તુની પર્યાય તે અનાદિ અનંત નિર્મળ છે. તે બધી વસ્તુ છે તેમ હું પણ એક વસ્તુ છું માટે હું પણ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અનાદિ અનંત નિર્મળ છું.

આવો હું આકાશાદિ વસ્તુની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું, બધાં દ્રવ્યો દ્રવ્યથી, ગુણથી ને પર્યાયથી ત્રણેકાળ નિર્મળ છે. એક છૂટો પરમાણુ પણ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી નિર્મળ છે તો પછી મારામાં આ મલિનતા કયાંથી પેસી ગઈ? પરના નિમિત્તે થતી સાપેક્ષ પર્યાયમાં મલિનતા થઈ છે પરંતુ મારી નિરપેક્ષ પર્યાય આકાશાદિ દ્રવ્યની જેમ અનાદિ અનંત નિર્મળ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પરમાણુ જેમ ખાસ વસ્તુ છે, ખાસ ખાસ જુદા પદાર્થ છે, તેમ હું પણ 'ખાસ' જુદો પદાર્થ છું, તે બધાના સ્વભાવ કરતાં મારા સ્વભાવમાં ફેર છે, હું એક છું, શુદ્ધ છું, મમતારહિત

છું અને જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; આકાશાદિ દ્રવ્યો તો જડસ્વભાવી છે પણ હું તો ચૈતન્યસ્વભાવી છું.

આકાશાદિ જેમ 'ખાસ' પદાર્થ છે તેમ હું પણ એક 'ખાસ' પદાર્થ છું. આકાશાદિ દ્રવ્યો મલિન થાય નહિ અને હું મલિન કેમ થાઉં! માટે નિરપેક્ષ દૃષ્ટિથી જોતાં હું પર્યાયથી પણ મલિન થયો નથી. નિરપેક્ષ પર્યાયમાં મલિનતા નથી પણ સાપેક્ષ પર્યાયમાં મલિનતા છે.

કર્મની અપેક્ષા છોડી દો તો આત્મા ત્રણે કાળ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી નિર્મળ છે. જેમ આકાશ આદિ પદાર્થો જુદા જુદા અનાદિ અનંત દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી નિરપેક્ષ પડયા છે તેમ આત્મા પણ ત્રણેકાળ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અખંડ નિરપેક્ષપણે પરથી જુદો છે. આત્મા એક વસ્તુ છે-પદાર્થ છે તો જેવી વસ્તુ હોય તેવું તેનું વર્તમાન પણ હોય જ, વસ્તુનું વર્તમાન વસ્તુ જેવું જ હોય, વસ્તુ જેમ ખંડ વગરની ત્રિકાળ નિર્મળ, ધ્રુવ છે, તેમ તેનો વર્તમાન અંશ પણ ધ્રુવ છે, નિર્મળ છે, નિરપેક્ષ છે.

આકાશાદિ દ્રવ્યમાં જેમ પરની અપેક્ષા નથી તેમ આત્મામાં કર્મના નિમિત્તના સદ્‌ભાવ-અભાવની અપેક્ષા કાઢી નાખો તો વસ્તુ, વસ્તુનો ગુણ અને વસ્તુના અંશરૂપ પર્યાય તે પરની અપેક્ષા વગર કાયમ ટકી રહ્યા છે.

કર્મના નિમિત્તની અભાવની અપેક્ષાએ મારામાં મોક્ષનો ઉત્પાદ અને સંસારનો વ્યય દેખાય છે. એવા ઉત્પાદ-વ્યય પર નિમિત્તે દેખાય છે પણ જો વસ્તુનો અસલ સ્વભાવ લક્ષમાં લો તો વસ્તુ અનાદિઅનંત નિરપેક્ષપણે સ્વાકાર પરિણામી છે, મારી ચીજને બીજા કોઈની અપેક્ષા નથી, એકલી નિરપેક્ષ વસ્તુ છે, તે વસ્તુ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી ત્રિકાળ નિર્મળ, નિર્મળ અને નિર્મળ છે.

આકાશાદિ પદાર્થની જેમ હું અસલ સ્વભાવથી પારમાર્થિક વસ્તુવિશેષ છું, આકાશાદિ દ્રવ્યમાં પરનું કર્તાકર્મપણું તેના સ્વભાવમાં નથી તેમ રાગ-દ્વેષનો હું કર્તા ને તે મારું કર્મ તે મારા આત્મવસ્તુસ્વભાવમાં જ નથી. જુઓ! આ સમ્યગ્દર્શન સ્વભાવમાં કર્તાકર્મ આ રીતે કાઢી નાખ્યા અને છૂટવાનો ઉપાય બતાવ્યો.

હું વસ્તુવિશેષ છું તેથી હું સમસ્ત પરદ્રવ્ય-પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો

થકો પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું.

રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, હાસ્ય, રતિ, અરતિ વગેરે બધી પરદ્રવ્યની પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિથી નિવૃત્તિ કરતો હું મારા ચૈતન્ય આત્માને અનુભવું છું. શરીરાદિ તો જડ છે જ, પરંતુ રાગ-દ્વેષનાં પરિણામને પણ જડ કહ્યા છે, અને પર કહ્યા છે.

સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી ચેતનમાં વિશેષરૂપ જે સંકલ્પ, વિકલ્પોના ચંચળ કલ્લોલો ઊઠે છે તેને સમ્યક્ પુરુષાર્થ વડે નિરોધ કરીને સ્વભાવને અનુભવતો થકો સર્વ કર્મને ક્ષય કરું છું, રાગ-દ્વેષને ટાળવાનો પુરુષાર્થ તે અવસ્થાનો પુરુષાર્થ છે, દ્રવ્યને પ્રગટાવવાનો પુરુષાર્થ હોય જ નહિ કારણ કે દ્રવ્ય તો સદા પ્રગટ જ છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી તે દૃષ્ટિ પણ અવસ્થા છે માટે પુરુષાર્થ, પર્યાય પ્રગટાવવાનો થાય છે. સ્વભાવમાં તો વિકાર નથી પણ પરદ્રવ્ય તરફ ઢળતી જે અવસ્થા તેને સ્વભાવ તરફ વાળતો, ચૈતન્યને જ અનુભવતો થકો, એટલે કે સ્વભાવની સ્થિતિરૂપ થતો, અજ્ઞાનથી ઉત્પન્ન થતા જે ક્રોધાદિભાવો તે સર્વને ક્ષય કરું છું.

પહેલાં કહ્યું હતું કે હું પારમાર્થિક વસ્તુવિશેષ છું, એમ કહીને મારું દ્રવ્ય બીજાં દ્રવ્યોથી ભિન્ન છે એમ કહ્યું અને અહીં પર્યાયની વિશેષતા કહે છે કે પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચૈતન્યમાં થતા ચંચળ કલ્લોલો તેને રોકીને હું આત્માને જ અનુભવું છું. જ્ઞાની કહે છે કે પહેલાં મારા અજ્ઞાનભાવે મારામાં રાગ-દ્વેષ થતા હતા તેને હવે હું સમ્યગ્જ્ઞાન વડે ક્ષય કરું છું. જુઓ, આમાં પુરુષાર્થ લીધો. મારા પુરુષાર્થની નબળાઈથી જોડાતો તે હવે પુરુષાર્થની સબળાઈથી આત્માના અનુભવ વડે તે સર્વનો ક્ષય કરું છું.

પહેલાં વસ્તુદૃષ્ટિ કહી, હવે અહીં પર્યાયદૃષ્ટિ કહી. કોઈ એમ માને કે વિકારી પર્યાય મારામાં થતી જ નથી તેને એમ કહે છે કે વિકાર તારી અવસ્થામાં થાય છે અને તારા પુરુષાર્થ વડે ટળે છે એમ કહી પર્યાયનું જ્ઞાન પણ સાથે જ બતાવે છે. આચાર્યદેવે ઘણી જ કરુણા કરી અખંડ સ્વરૂપ બતાવ્યું છે, અપૂર્વ સ્વરૂપ બતાવ્યું છે. આ સમયસાર ભરતક્ષેત્રનો ભગવાન છે, આ સમયસારમાં મોક્ષનાં વેણલાં વાયાં છે.

અહીં ટીકામાં 'ક્ષય કરું છું' કહ્યું તે દ્રવ્યદૃષ્ટિથી ક્ષય કરવાનું કહ્યું છે. દૃષ્ટિમાં સર્વ કર્મની પોતામાં નાસ્તિ છે, અને સર્વ કર્મને ક્ષય કરવાનો પુરુષાર્થ છે, તેથી ક્ષય કરું છું તેમ કહ્યું છે. અલ્પ અસ્થિરતા રહી જાય છે તેને જ્ઞાની પોતાનો

સ્વભાવ માનતો નથી અને તે અલ્પકાળમાં ક્ષય થઈ જવાની છે તેથી ક્ષય કરું છું તેમ કહ્યું છે.

કર્મને હું ક્ષય જ કરું છું—એમ નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ, અચલિત, નિર્મળ, આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

જેમ સમુદ્રના વમળમાં પકડાયેલું વહાણ વમળે છોડી દીધું તેમ સર્વ વિકલ્પોને જેણે જલદી છોડી દીધા, આત્મસ્વભાવને અવલંબતો નિર્વિકલ્પ થતો જેણે સર્વ વિકલ્પોને જલદી છોડી દીધા છે; જેમ હાથમાં કાંઈ વસ્તુ રાખી હોય ને તેને છોડી દે, તેમ વિજ્ઞાનઘન થયો થકો સર્વ વિકલ્પોને જેણે જલદી વમી નાખ્યા છે, તે આસ્રવોથી જલદી નિવર્તે છે.

સમુદ્રના વમળ જેમ એની મેળાએ છૂટે છે તેમ આત્મામાં નથી. દૃષ્ટાંત તે સિદ્ધાંતમાં એકદેશ લાગુ પડે, કારણ કે એની મેળાએ રાગ-દ્વેષના વિકલ્પો છૂટતા નથી પણ પોતે પુરુષાર્થ દ્વારા વિકલ્પોને છોડે છે ત્યારે છૂટે છે.

રાગ-દ્વેષના વમળ મારા નથી, મારો તો નિર્મળ-પવિત્ર સ્વભાવ છે તેના ભાનમાં વિકલ્પોને વમી નાખ્યા છે, એવો હું નિર્વિકલ્પ એટલે વિકલ્પ વગરનો, અચલિત એટલે ચળું નહિ એવો, નિર્મળ એટલે રાગ-દ્વેષના મેલ વગરનો, એવા આત્માને અવલંબતો થકો, વિજ્ઞાનઘન થયો થકો આસ્રવોથી નિવર્તું છું.

એક બાજુથી પરથી તદ્દન જુદો કહ્યો, વળી બીજી બાજુથી પર્યાયથી 'નિવર્તે છે' તેમ કહ્યું; આસ્રવોથી નિવર્તે છે તે પર્યાયઅપેક્ષાએ વાત છે, અવસ્થામાં જે વૃત્તિઓ થતી હતી એટલે કે જ્ઞાન હલતું હતું-અસ્થિર થતું હતું, તે જ્ઞાન દ્રવ્યના અવલંબનથી સ્થિર થાય છે, એકરૂપ થાય છે તેથી અવસ્થાની મલિનતા છૂટી જાય છે, એટલે કે આસ્રવોથી નિવર્તે છે.

શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે હું એક છું, શુદ્ધ છું. શુદ્ધનય એટલે આત્માના સ્વભાવને જોનારી દૃષ્ટિએ એવો નિશ્ચય કર્યો કે હું એક છું, શુદ્ધ છું, રાગ-દ્વેષાદિ વિકારનો કર્તા નથી, રાગ દ્વેષના કર્તા, સાધન આદિ છ કારકના ભેદોથી હું રહિત છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાન દર્શનથી પૂર્ણ વસ્તુ છું. જ્યારે તે જ્ઞાની-આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને

પકડી રાખ્યું હોય પછી જ્યારે વમળ શમે છે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો આસ્રવોને છોડી દે છે. અહીં તો ક્ષય કરવાની અને વમી નાખવાની જ વાત છે. વમી નાખ્યું એટલે ઊલટી કરી નાખી. આ રાગ-દ્વેષનાં કામ તે અમારાં કામ નથી, અમારાં કામ તો સ્વભાવના છે એમ નિશ્ચય કરીને સ્વભાવને અવલંબતો થકો રાગ-દ્વેષને વમી નાખે છે. ૭૩.

હવે શિષ્ય પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ કઈ રીતે છે? શિષ્ય પૂછે છે કે અંદર જ્ઞાન થાય અને જ્ઞાન થવાથી વિકાર ટળી જાય તે બે એક સાથે છે કે એક પછી એક છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:-

**जीवणिबद्धा एए अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफलात्ति य णादूण णिवत्तए तेहिं ॥ ७४॥**

અર્થ:— આ આસ્રવો જીવની સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે તેમ જ અશરણ છે, વળી તેઓ દુઃખરૂપ છે, દુઃખ જ જેમનું ફળ છે એવા છે,—એવું જાણીને જ્ઞાની તેમનાથી નિવૃત્તિ કરે છે.

આ ગાથા બહુ સરસ છે, ઘણા ન્યાયો આમાં આવશે. આ ગાથામાં દુઃખથી છૂટવાનો ખરેખર ઉપાય છે.

આત્મામાં જે નવા બંધન થવાના ભાવ છે તે જીવની સાથે નિબદ્ધ છે, પુણ્ય-પાપના ભાવ તે આત્માની સાથે બંધાયેલા છે, પણ તે આત્માનો સ્વભાવ નથી. વિકારી ભાવ છે તે અધ્રુવ છે, એકરૂપ રહેતા નથી, અનિત્ય છે એટલે કે ક્ષણિક છે, શરણહીન છે એટલે કે પુણ્ય-પાપના ભાવમાં આત્માને ક્યાંય શરણ મળતું નથી-વિશ્રાંતિ મળતી નથી, વળી તેઓ દુઃખરૂપ છે એટલે કે પુણ્ય-પાપના ભાવોમાં ક્યાંય સુખ મળતું નથી-ક્યાંય શાંતિ મળતી નથી પણ માત્ર આકુળતા જ વેદાય છે, વળી પુણ્ય-પાપના ભાવોનું ભવિષ્યે જે ફળ આવે છે તે પણ દુઃખરૂપ જ છે અને પુણ્ય-પાપના ભાવોથી નિરાળો આત્મસ્વભાવ તે જ સુખરૂપ છે-શાંતિરૂપ છે—શરણરૂપ છે-આવું જાણીને ધર્માત્મા તેમનાથી નિવર્તે છે. નિવર્તે છે તે જ સાચી ક્રિયા છે.

વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે

---

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી. (લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષના સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.)

આત્મામાં જે કાંઈ વ્રત-અવ્રતના ભાવ થાય, પૂજા-ભક્તિના ભાવ થાય, દયા-હિંસાના ભાવ થાય તે બધા વિકારી ભાવ છે, તે બધા આત્માની સાથે બંધાયેલા છે, લાખ ને વૃક્ષની જેમ બંધાયેલા છે. વૃક્ષ છે તે વધ્ય એટલે હણાવાયોગ્ય છે અને લાખ હણનાર છે અથવા ઘાત કરનાર છે, વધ્ય તે વૃક્ષને લાગુ પડે છે અને ઘાતક તે લાખને લાગુ પડે છે. આ તો દૃષ્ટાંત છે પણ તેમ આત્મામાં સમજવાનું છે.

આત્મા હણાવાયોગ્ય છે એટલે કે પુણ્ય-પાપના પરિણામ થાય તેનાથી આત્માનો સ્વભાવ હણાઈ જાય છે અને પુણ્ય-પાપના પરિણામ હણનાર છે. આત્મામાં જેટલી પુણ્ય-પાપની લાગણી થાય તેનાથી ભગવાન આત્માનો ખો છે. વૃક્ષમાંથી જ્યારે લાખ ફાટે ત્યારે ઝાડનો ખો થાય છે. જેમ પીપળનાં ઝાડ હોય અને તેને લાખ થાય છે તે પીપળનો ક્ષય કરનાર છે તેમ આત્મામાં વ્રત-અવ્રતના શુભાશુભ ભાવ ફાટે છે તે આત્માનો ક્ષય કરનાર છે. આત્માનો ક્ષય કરનાર છે તે ઉપચારથી કહ્યું છે, ખરી રીતે આત્માની નિર્મળ અવસ્થાનો ક્ષય કરનાર છે; પુણ્ય-પાપના ભાવ આત્માની નિર્મળ પર્યાયનો ક્ષય કરનાર છે તેથી પુણ્યભાવ છોડીને પાપભાવ કરવાની અહીં વાત નથી પણ પુણ્યભાવ આત્માના સ્વભાવનો ઘાત કરનાર છે એમ સમજવાની વાત છે.

જે ભાવે સ્વર્ગનો ભવ મળે, જે ભાવે નરકનો ભવ મળે તે બધા ભાવ જીવ સાથે બંધાયેલ છે. રાગ-દ્વેષ છે ત્યાંસુધી તે જીવને હાનિ કરે છે, ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા છે અને રાગ-દ્વેષમાં ચૈતન્યના સ્વભાવથી અવિરૂદ્ધ સ્વભાવનો અભાવ હોવાથી એટલે કે વિરુદ્ધ સ્વભાવ હોવાથી પુણ્ય-પાપના ભાવ જીવ નથી પણ જડ છે. વિરુદ્ધ સ્વભાવ હોવાથી અને જડના નિમિત્તે થતા હોવાથી તે જડ છે.

જે તાંબાનો ભેગ સોનાને પંદરવલું કહેવરાવે તે તાંબું ખરેખર સોનું નથી પણ સોનાથી વિરુદ્ધ જાતવાળું તાંબું જ છે; તેમ જડ કર્મના નિમિત્તે શુભાશુભરૂપ વિકારીભાવ થાય અને તે ભાવને લઈને આત્મા વિકારી કહેવાય તે વિકારી ભાવ ખરેખર આત્માનો સ્વભાવ નથી. ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદનો રસકંદ છે તેનાથી શુભાશુભ ભાવ ખરેખર વિજાતીય છે, માટે ખરેખર તે તેનો સ્વભાવ છે જ નહિ.

લાખ અને વૃક્ષનો સ્વભાવ એક બીજાથી વિરુદ્ધ છે, માટે લાખ ઝાડ સાથે માત્ર બંધાયેલી છે પણ ઝાડનો તે સ્વભાવ નથી તેમ લાખ પોતે વૃક્ષ નથી. એવી રીતે આત્મામાં જે શુભાશુભ ભાવ થાય તે આત્માથી વિરુદ્ધ છે, કર્મના નિમિત્તે માત્ર અવસ્થામાં થાય છે તેથી આત્માને સ્વભાવ નથી તેમ અવસ્થા પોતે પણ આત્મા નથી; પરંતુ તે અવસ્થા આત્માની ઘાતક છે. એકવાર કહ્યું કે આત્મા કોઈ દિવસ હણાતો નથી અને અહીં પાછું કહ્યું કે આત્મા હણાય છે તો એનો અર્થ એમ લેવો કે આત્મા હણાતો નથી પણ આત્માની નિર્મળ અવસ્થા હણાય છે, અવસ્થા હણાતાં આત્મા હણાય છે તેમ ઉપચારથી કહેવાય.

કેટલાક કહે છે કે મોક્ષમાર્ગમાં વચ્ચે શુભભાવ આવે તેને ઘાતક કેમ કહો છો? તે શુભ ભાવ વિકાર છે માટે ઘાતક જ છે, ચોખ્ખી બે ને બે ચાર જેવી વાત છે. આ જીવનિબદ્ધનો પહેલો બોલ થયો.

હવે બીજો બોલ કહે છે. આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે; ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.

જેમ કેટલાક માણસોને વાઈનો રોગ થાય છે તે વાઈનો રોગ ઘડીમાં વધી જાય છે અને ઘડીમાં ઘટી જાય છે તેવી રીતે પુણ્ય-પાપના ભાવરૂપ આસ્રવો ઘડીમાં વધી જાય છે અને ઘડીમાં ઘટી જાય છે. જેમકે કોઈ માણસને દાન દેવાના શુભ ભાવ થાય કે આ ઠેકાણે આટલા હજાર રૂપિયા આપી દઉં ત્યાં વળી એમ ભાવ ફર્યો કે આટલા બધા રૂપિયા દાનમાં આપવાથી લોકો ને એમ થશે કે આની પાસે ઝાઝા પૈસા છે, તેથી ખરડાવાળા ખરડામાં પૈસા લેવા આવશે તેથી આપણે બહારમાં પૈસાવાળા છીએ તેમ ન બતાવવું, આટલા બધા પૈસા ન આપવા. જુઓ, ઘડીમાં ઘણું દાન દેવાના ભાવ, વળી ઘડીમાં ઓછું દેવાના ભાવ એ રીતે આસ્રવો વધતા-ઘટતા છે.

વળી કોઈને હિંસાના ભાવ થાય ત્યારે એકદમ વેગમાં આવીને એક બે ખૂન કરી નાખે અને તે ભાવ જ્યાં મોળો પડે એટલે કહે કે મને પાણી આપો, અને વિચાર કરે કે આને તદ્દન મારી ન નાખ્યો હોત તો સારું હતું, વળી તેને કોઈ પૂછે કે આ ખૂન કોણે કર્યું? તો કહેશે મેં કર્યું, હું ગુનેગાર છું માટે મને પકડી જાઓ. જુઓ, ઘડીમાં ખૂન કરવાના ભાવ થયા અને ઘડીમાં ભાવ મોળો પડી ગયો એ રીતે આસ્રવો વધતા-ઘટતા થયા કરે છે.

વળી કોઈવાર એવો વૈરાગ્ય થઈ જાય કે આ સંસાર અસાર છે. એવો સ્મશાન વૈરાગ્ય થઈ જાય. સંસારનો રાગ મોળો પડી જાય, અને ફરીને જ્યાં બધી અનુકૂળતા

થાય ત્યાં બધું ભૂલી જાય અને રાગ પાછો વધી જાય. એ રીતે આસ્રવો વધ્યા-ઘટયા કરે છે, કારણ કે તે અધ્રુવ છે.

આમાંથી કોઈએ એમ સમજવાનું નથી કે શુભ ભાવ એની મેળાએ થાય છે. એ તો પોતે જ્યારે અશુભ ભાવ ઘટાડીને શુભ ભાવ કરે છે ત્યારે થાય છે, શુભાશુભ ભાવ આસ્રવ છે એમ કહીને વસ્તુ સ્વભાવ બતાવે છે.

કોઈ એવો પ્રતિકૂળતાનો પ્રસંગ બને તો કોઈ વાર જગતથી ઉદાસ જેવો થઈ જાય, વૈરાગી જેવો થઈ જાય. વળી જ્યાં માન અને મોટપ મળવા માંડે ત્યારે એમ થાય કે ભાઈ! માન રાખ્યા તો જાન રાખ્યા એમ રાગ વધી જાય. વાઈના વેગની જેમ એ રીતે આસ્રવો વધે-ઘટે છે, ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવે ધ્રુવ છે, એવા ધ્રુવ-અધ્રુવ સ્વરૂપને જાણીને જ્ઞાની પુરુષો આસ્રવોથી નિવર્તે છે.

૧૯૯૯, આસો સુદ ૧૫ બુધ.

કર્તાકર્મનો અધિકાર અત્યારે બપોરના વાંચનમાં ચાલે છે તેમાંથી ગાથા ૭૪ મી ચાલે છે.

આચાર્યદેવે પ્રથમ આસ્રવો આત્માની સાથે વધ્ય ઘાતક સ્વભાવપણે છે તેમ કહ્યું, આત્મા હણાવાયોગ્ય છે અને આસ્રવો તેને હણનાર છે. પછી બોલમાં કહ્યું કે આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા છે, જેમ કે રાગ ઘડીમાં વધી જાય છે અને ઘડીમાં ઘટી જાય છે અને આત્મા ધ્રુવ છે. પુણ્ય-પાપના ભાવ નાશવંત છે અને હું અવિનાશી જ્ઞાનવંત ધ્રુવ છું એમ જુદો વિવેક થયો ત્યાં આસ્રવોથી નિવર્તે છે.

શિષ્યે પૂછયું હતું કે સાચું જ્ઞાન થવાનો અને શુભાશુભ આસ્રવભાવ ટળવાનો એક કાળ કઈ રીતે છે? તેને આચાર્યદેવ ઉત્તર આપે છે કે આત્મા હણાવાયોગ્ય છે અને આસ્રવો હણનાર છે. બન્ને વિરુદ્ધ સ્વભાવવાળા છે માટે બન્ને તદ્દન જુદા છે. આત્માની પર્યાયમાં વિકાર થવાની યોગ્યતા પરને આધીન થાય ત્યાંસુધી છે; ત્યાંસુધી જ આત્મા હણાવાયોગ્ય છે એમ સમજવું. આસ્રવો અધ્રુવ છે અને આત્મા ધ્રુવ છે એમ આત્મા અને આસ્રવનો જુદો વિવેક જ્યાં થાય છે ત્યાં તે ક્ષણે જ આસ્રવનો નિરોધ થાય છે. પુણ્ય-પાપના ભાવરૂપ આસ્રવો તે આત્મા નથી અને આત્મા પુણ્ય-પાપના ભાવ નથી એમ જુદું ભાન કરીને સ્વરૂપમાં જેટલે અંશે ઠર્યો તેટલે અંશે તે ક્ષણે જ આસ્રવ ટળી જાય છે. એ રીતે આસ્રવ ટળવાનો અને જ્ઞાન થવાનો સમકાળ છે.

આસ્રવો શીતદાહજવરના આવેશ જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે; વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.

અધ્રુવમાં વધતા-ઘટતા ભાવ હતા અને અનિત્યમાં શીતદાહજ્વરની માફક આખો ફેરફાર છે, ભાવ તદ્દન બદલાઈ જાય એવો આખો ફેરફાર લીધો છે. ટાઢિયો તાવ આવે ત્યારે ગોદડાં ઓઢીને સૂવે, શરીર ધ્રૂજવા માંડે, અને જ્યારે ટાઢ ઊતરી જાય અને તાવ ચઢે ત્યારે વળી પાણીનાં પોતાં મૂકે એમ અનિત્યના બોલમાં તદ્દન ફેરફાર લીધો છે.

તેમ પુણ્ય-પાપનાં પરિણામ ટાઢા-ઊના તાવના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી અનિત્ય છે. જેમકે માસ માસ-ખમણના ઉપવાસ કરે, દયા, દાન, ભક્તિ કરે, એવાં શુભ પરિણામ કરે કે નવગ્રૈવેયક જાય ત્યાં શુકલ લેશ્યાના ઊજળા પરિણામ હોય, અને ત્યાંથી મરીને પાછો મનુષ્ય થાય ત્યાં વળી એવો કંજુસ થાય, ક્રોધ, માન, માયા-લોભના પરિણામ એવા આકરા કરે કે ત્યાંથી મરીને પાછો નરકમાં જાય. જુઓ, આ રીતે પરિણામમાં એકદમ ફેરફાર થઈ જાય. આગલા ભવમાં મુનિ થયો હતો અને તેના પરિણામમાં નવગ્રૈવેયક ગયો અને આ ભવમાં પાછો ક્રોધાદિની તીવ્રતા કરી નરકે ગયો એમ ટાઢિયા-ઊના તાવની માફક પરિણામમાં તદ્દન પલટો થઈ જાય છે.

પુણ્ય-પાપનાં પરિણામ અનુક્રમે ઉત્પન્ન થતાં એટલે કે હિંસાના ભાવ હોય ત્યારે દયાના ભાવ ન હોય અને દયાના ભાવ હોય ત્યારે હિંસાના ભાવ ન હોય પણ મારાપણું માનવામાં દૃષ્ટિનો દોષ તો બન્નેમાં ભેગો જ છે. ઊંધી માન્યતાનું શલ્ય તો દયા-હિંસાના ભાવ વખતે ભેગું જ હોય છે. વ્રત, તપ, જપ, દયા, દાન, હિંસા, જૂઠું, વગેરે પરિણામ ટાઢિયા-ઊના તાવ જેવા અનિત્ય છે, પલટે તેવા છે, નાશ પામનારા છે, અને વિજ્ઞાનઘન આત્મા એટલે કે નિબિડ જ્ઞાનનો ઘન આત્મા એવો ચૈતન્યસ્વભાવ જ નિત્ય છે, એવા આત્માનો વિવેક કરે એટલે આસ્રવોથી તે જ ક્ષણે અંશે નિવૃત્ત થાય છે, ચૈતન્યસ્વરૂપ આત્માનો વિવેક થતાં જે નિર્મળ પર્યાય પ્રગટી તે નિત્ય સ્વભાવી દ્રવ્યના જોરે પ્રગટી તેથી નિત્ય સ્વભાવમાં ભેળવી દીધી.

વળી કહે છે કે આસ્રવો અશરણ છે, એટલે કે પુણ્ય-પાપનાં ભાવ અશરણ છે, આચાર્યદેવ કહે છે કે જેમ કામ-સેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી. તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી માટે તેઓ અશરણ છે.

પુણ્ય-પાપનાં પરિણામ અશરણ છે. કર્મોદય છૂટી જાય પછી તે વિકારી ભાવને આત્મા લાવી શકતો નથી એટલે તેનો અર્થ એવો છે કે એકલા આત્માનો પુણ્ય-પાપ

કરવાનો સ્વભાવ નથી, શુભભાવ આવી જાય અને પછી છૂટી જાય. ત્યારે કોઈ કહે કે એવો ને એવો શુભ ભાવ ફરીથી લાવું, પરંતુ તેનું નિમિત્ત છૂટી જવાથી તેવો ને તેવો ભાવ ફરીથી આવતો નથી. શુભાશુભ ભાવને પકડી રખાતા નથી. ઝાલી શકાતા નથી માટે આસ્રવો અશરણ છે. આસ્રવો પોતાનો સ્વભાવ નથી, તે આસ્રવો ઊંધા પુરુષાર્થથી થાય છે પોતાની ચૈતન્યની અવસ્થામાં, પણ પર નિમિત્તે થતા ભાવ છે, પોતાનો સ્વભાવ નથી; તેથી તેને ઝાલી શકાતા નથી, પકડી શકાતા નથી તેથી પુણ્ય-પાપનાં પરિણામ આત્માને શરણરૂપ નથી, આસ્રવો અશરણ છે, તેમાં આત્માને શરણ મળતું નથી, પરંતુ પોતાનો ચૈતન્યસ્વભાવ જ શરણરૂપ છે, આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણ સહિત છે. પુણ્ય-પાપનાં ભાવ કર્યાં તે ઝાલી શકાતા નથી પરંતુ આત્મા તો પોતે જ પોતાથી આપોઆપ રક્ષાએલો છે તેને રાખવો પડતો નથી. રક્ષાએલો જ છે, માટે તે આત્મા જ સહજ સ્વભાવે શરણ સહિત છે એવા આત્મસ્વભાવનો વિવેક થતાં તે ક્ષણે જ આસ્રવો નિવૃત્તિ પામે છે.

આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે, સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.

વ્રત-અવ્રત, પૂજા-ભક્તિ, દયા-હિંસા, જૂઠું-ચોરી અને વિષયનાં પરિણામ તે બધા દુઃખરૂપ છે, ચૈતન્યનો સ્વભાવ નથી, ચૈતન્યનો સ્વભાવ તો સુખરૂપ છે. પુણ્યનાં પરિણામ પણ દુઃખરૂપ છે એમ કહ્યું તેથી એમ સમજવાનું નથી કે શુભ પરિણામ છોડીને અશુભ પરિણામ કરવા; ઘરે સ્ત્રી-છોકરાં સાચવવાં પણ શુભ પરિણામ ન કરવા એમ કાંઈ કહેવાનું નથી પરંતુ શુભ પરિણામ પણ દુઃખરૂપ છે એમ શ્રદ્ધા કરવાની વાત છે.

ચૈતન્ય પદાર્થ અનાદિઅનંત જુદું તત્ત્વ છે. આસ્રવો આકુળસ્વભાવવાળા હોવાથી વર્તમાનમાં જ દુઃખરૂપ છે, જે વખતે શુભાશુભ પરિણામ થાય છે તે વખતે જ દુઃખરૂપ છે, આકુળતારૂપ છે; તે પરિણામો થાય છે ત્યારે આત્માની શાંતિ હણાય છે અને આત્માની શાંતિ હણાય છે ત્યારે જ તે ભાવો થાય છે. વળી શુભાશુભ પરિણામોનું વેદન પણ આકુળતામય છે, આત્મા પોતે જ નિરાકુળ સ્વભાવવાળો હોવાથી સુખરૂપ છે.

નરકમાં અનંત અનંત દુઃખ ભોગવ્યાં, પાણીનો બિંદવો અને દાણાનો કણ ન મળ્યો તે વખતે જીવે આકુળતા કરી દુઃખ ભોગવ્યું પણ ભાઈ! વિચાર તો ખરો,

સુખને માટે તારે પર દ્રવ્યની શી જરૂર છે? તારું સુખ તારામાં ભર્યું છે; અત્યારે મોંઘવારીનો પ્રસંગ છે એટલે માણસો દાણા સંઘરી રાખે છે અને આકુળતા કરે છે પરંતુ ત્રણ લોકના નાથ ચૈતન્ય ભગવાનને કાંઈ અનાજના દાણા શરણરૂપ થાય તેમ નથી, ચિદાનંદ ભગવાન આત્માને એક વિકલ્પ કે એક રજકણની જરૂર નથી એવી શ્રદ્ધા કર તો સમાધાન થાય એમ શ્રી ગુરુનો ઉપદેશ છે.

પુણ્યભાવ થાય કે પાપભાવ થાય તે બન્ને દુઃખરૂપ છે અને આત્માનો સ્વભાવ તો આનંદકંદ છે. વસ્તુ તો સદાય-ત્રણે કાળ આનંદ, આનંદરૂપ છે પરંતુ મોક્ષ અને મોક્ષમાર્ગની અવસ્થા પ્રગટે ત્યારે તે આનંદ વેદાય છે, વર્તમાન પર્યાયનો આનંદ વેદાય છે.

અરે ભાઈ! આ સંસારમાં સ્ત્યોપચ્યો પડયો છો પણ તે બધું પડયું રહેશે, આમ કરું ને તેમ કરું તેવા ભાવો બધા દુઃખરૂપ છે, આત્મા તો નિરાકુળ સ્વભાવી છે એનું ભાન કર તો આસ્રવનું બંધન ઘટતું જશે, તૂટતું જશે.

આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે ( અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે ); જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે ( અર્થાત્ દુઃખફળરૂપ નથી ).

પુણ્ય-પાપના ભાવ ભવિષ્યમાં પણ દુઃખફળરૂપ છે કેમ કે આકુળતાના ફળરૂપ થાય તેવા પુદ્‌ગલપરિણામનો હેતુ છે, અને વર્તમાન પણ આકુળતારૂપ છે, માટે દુઃખરૂપ છે.

પ્રશ્નઃ—પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેવા પરિણામ સુખરૂપ થાય કે નહિ?

ઉત્તરઃ—ગમે તે જાતના પુણ્યના પરિણામ વર્તમાનમાં પણ દુઃખરૂપ છે ને ભવિષ્યમાં પણ દુઃખરૂપ છે. પુણ્યાનુબંધી પુણ્ય પણ ભવિષ્યમાં આકુળતા થવામાં નિમિત્ત છે, પરંતુ આત્માની શાંતિનું નિમિત્ત તે નથી.

પુદ્‌ગલના નિમિત્તે થતા વિકારી ભાવ અને તે વિકારી ભાવના નિમિત્તે જે જડકર્મ બંધાય તે, ભવિષ્યમાં આકુળતાના પરિણામ ઉત્પન્ન થવાનું નિમિત્ત છે, પરંતુ આત્માની શાંતિ-સમાધિનું તે નિમિત્ત નથી.

આકુળતાના પરિણામ જડના નિમિત્તે થાય છે માટે તેને જડ કહી દીધા છે, અને આકુળતાના ફળમાં પણ જડકર્મ બંધાય છે, એ રીતે જડનું ફળ જડ આવે છે; આકુળતાના પરિણામ થાય છે ચૈતન્યની પર્યાયમાં, પણ તે જડ તરફના વલણવાળો

ભાવ છે માટે તે પરિણામને જડ કહ્યા છે, ચૈતન્યની નિર્મળ પર્યાયનું ફળ શાંતિ છે, નિરાકુળતા છે, સમાધિરૂપ છે, માટે તે પર્યાય ચૈતન્યની છે, તેમાં જડ કર્મનું નિમિત્ત નથી—ચેતનની નિર્મળ પર્યાય ચેતનરૂપ છે અને વિકારી પર્યાય જડરૂપ છે.

ઇંદ્રનો ભવ, અહમિંદ્રનો ભવ કે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવનો ભવ તે પણ આકુળતા ઉત્પન્ન થવાનું નિમિત્ત છે; ભગવાન આત્મા જ્ઞાતાદ્રષ્ટા નિર્વિકલ્પ, નિરૂપાધિ-સ્વરૂપ છે, તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે કોઈ પણ પુદ્ગલપરિણામનો હેતુ નથી માટે તે દુઃખરૂપ નથી, પરંતુ વર્તમાનમાં પણ એકાંત સુખરૂપ છે અને ભવિષ્યમાં પણ સુખફળરૂપ છે. તે સિવાય જેટલા પુણ્ય-પાપના પરિણામ થાય તે વર્તમાનમાં દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ દુઃખ થવાના નિમિત્તનું નિમિત્ત છે.

એક જણ કહેતો હતો કે મહારાજ, પુણ્યનાં ફળ મીઠાં છે એમ એક વાર તો કહો! કયાંથી કહે? વિકાર મીઠો ત્રણકાળમાં હોય નહિ. શુભાશુભરૂપ વિકારપરિણામ અને તેનાં ફળને મીઠાં માનનાર અને મનાવનાર અનંત સંસારમાં રખડનાર છે.

આત્મા શુદ્ધ છે, નિર્મળ છે, જ્ઞાયક ધ્રુવમૂર્તિ છે એવા સ્વભાવની શ્રદ્ધા કરે, પછી ઠરી ન શકે તેટલો વિકલ્પમાં જોડાય છે પરંતુ તે વિકલ્પ મીઠાશનું કારણ છે જ નહિ, અને જ્ઞાની તેમાં મીઠાશ માનતો પણ નથી, તેમાં જેટલો અશુભરાગ ટળ્યો તેટલું લાભનું કારણ છે, શુભરાગ રહ્યો તે લાભનું કારણ નથી રહ્યો તે તો દુઃખરૂપ અને દુઃખફળરૂપ જ છે. આ જ સ્થિતિ છે તેમાં બીજું છે જ નહિ. જ્ઞાયકમૂર્તિ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન થાય તે સુખરૂપ છે અને શ્રદ્ધા–જ્ઞાન લંબાય તે પણ સુખરૂપ છે.

આસ્રવો અને આત્માને ભિન્ન પાડવા માટે છ પ્રકાર બતાવ્યા, લાખ ને વૃક્ષની જેમ વધ્ય-ઘાતક કહ્યા, વાઈના વેગની જેમ વધતા–ઘટતા કહ્યા, શીત અને દાહ જ્વરના જેમ અનુક્રમે ઉત્પન્ન થાય છે માટે અનિત્ય કહ્યા, કામના રજકણ છૂટતાં કામના સંસ્કાર પણ છૂટી જાય છે તેના જેમ આસ્રવોને અશરણ કહ્યા, આકુળતાવાળા હોવાથી દુઃખરૂપ કહ્યા અને આસ્રવનું ફળ પણ દુઃખરૂપ છે માટે તે આસ્રવોને દુઃખફળરૂપ કહ્યા; આ રીતે આસ્રવોને અને આત્માને ભિન્ન સ્વભાવવાળા કહ્યા.

આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, તેમ તેમ

વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.

આસ્રવો નિબદ્ધ છે, અધ્રુવ છે, શરણહીન છે, અનિત્ય છે, દુ:ખરૂપ છે અને દુ:ખફળરૂપ છે. આત્માનો સ્વભાવ આસ્રવોથી ભિન્ન જાતિનો છે; આત્મા અબંધ છે, ધ્રુવ છે, આત્મા શરણ સહિત છે, આત્મા નિત્ય છે, આત્મા સુખરૂપ છે અને સુખફળ-રૂપ છે એમ આસ્રવોથી ભિન્ન યથાર્થ જ્ઞાન થયું ત્યાં જેમ જથ્થાબંધ વાદળાં છૂટી જાય-ખંડિત થઈ જાય અને દિશાઓ ચોખી-નિર્મળ-ઊજળી, વાદળાની આડ વિનાની થાય, દિશા વિસ્તારવાળી થાય; તેમ અમર્યાદપણે જેનો ફેલાવ છે એવો સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે, તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે.

હું આત્મા જાણનાર છું, મારી ચિત્શક્તિ નિર્દોષ ને નિર્મળ છે, આસ્રવોથી મારું સ્વરૂપ ભિન્ન છે એમ વિવેક થતાં કર્મનાં વાદળાંનો રસ શિથિલ થઈ જાય છે, કર્મની રચના ખંડિત થઈ જાય છે, અને સહજપણે વિકાસ પામતી ચૈતન્યશક્તિવડે સ્વરૂપસ્થિરતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, જેમ જેમ આસ્રવોથી નિવૃત થતો જાય છે તેમ તેમ સ્વરૂપસ્થિરતા વધતી જાય છે.

શુભાશુભ વિકલ્પોરૂપ વિકાર તે હું નથી વિવેક થયો ત્યાં જ્ઞાન નિબિડ થતું જાય છે અને જેમ જેમ જ્ઞાનઘનસ્વભાવ નિબિડ થતો જાય છે તેમ તેમ પુણ્ય-પાપના ભાવ ઘટતા જાય છે એટલે કે આસ્રવો નિવૃત્ત થતા જાય છે, જેમ જેમ પોતામાં એકાગ્ર થતો જાય છે એટલે કે ઘટ થતો જાય છે તેમ તેમ તેટલો તેટલો આસ્રવોથી નિવૃત્ત થતો જ જાય છે.

અમર્યાદ એટલે જ્ઞાન-દર્શનની અનંત શક્તિ છે તેવા સ્વભાવમાં એકાગ્ર થાય તેટલો આસ્રવ ટળે ને જેટલો આસ્રવ ટળે તેટલો એકાગ્ર થાય. વિકલ્પમાં ન રોકાવું અને આત્મામાં રોકાવું તે ખરો ઉપવાસ છે, શુભ પરિણામરૂપ ઉપવાસ તો પુણ્યબંધનું કારણ છે પરંતુ આત્મામાં રોકાવું તે ઉપવાસ મોક્ષનું કારણ છે.

તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનનો અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.

અહીં સમ્યક્ શબ્દ ઉપર વજન છે. સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે એમ સમ્યક્ શબ્દ આચાર્યદેવે લીધો છે, કારણ કે પુણ્ય-પાપના ભાવરૂપ આસ્રવો ક્ષણે ક્ષણે બધા જીવોને બદલાય છે પરંતુ અજ્ઞાનીએ પોતાના સ્વભાવનું ભાન કર્યું નથી માટે

તે સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘન થતો નથી તેથી આસ્રવોથી નિવૃત્ત થતો નથી, તેથી તેને નિવર્તવાનો સમ્યક્ પ્રકાર લાગુ પડતો નથી પણ જ્ઞાનીને જ સમ્યક્ પ્રકાર લાગુ પડે છે.

જ્ઞાનીને આત્માની ઓળખાણ થાય કે હું ચિદાનંદ અખંડ જ્ઞાનપિંડ આત્મા છું, તે સિવાય કોઈ પણ પરદ્રવ્ય મારું નથી, તે પરદ્રવ્યનું કોઈપણ કર્તવ્ય મારું નથી, હું પરદ્રવ્યનો કર્તા નથી, હું તો મારા સ્વભાવનો જ કર્તા છું, એવું સમ્યગ્જ્ઞાન થાય. પછી જેટલો જેટલો સ્વરૂપમાં એકાગ્ર થાય તેટલો તેટલો રાગ-દ્વેષથી છૂટે, અને જેટલો જેટલો રાગ-દ્વેષથી છૂટે તેટલો તેટલો સ્વરૂપમાં એકાગ્ર થાય, જેટલો જેટલો સ્વરૂપમાં સ્થિર થાય તેટલી તેટલી અસ્થિરતા ટળે અને જેટલી જેટલી અસ્થિરતા ટળે તેટલો તેટલો સ્વરૂપમાં સ્થિર થાય, જેટલો જેટલો જાણવાના પંથમાં રોકાણો તેટલો તેટલો આસ્રવોથી નિવર્તે છે, જેટલો જેટલો આસ્રવોથી નિવર્તે છે તેટલો તેટલો જાણવાના પંથમાં રોકાય છે. આ રીતે વિકારભાવરૂપ આસ્રવને ટળવાનો અને સમ્યગ્જ્ઞાન થવાનો સમકાળ છે એટલે કે એક કાળ છે.

આમાંથી એમ સાબિત થયું કે ભેદજ્ઞાન જ આસ્રવોથી નિવર્તવાનો ઉપાય છે ભારે સરસ ટીકા કરી છે. આ ભેદજ્ઞાનની માળા જેણે ગળામાં પહેરી તેનાં લગ્ન પાછાં ફરે નહિ, તેને મુક્તિરૂપી લગનીની લીનતા અલ્પકાળમાં થયે જ છૂટકો.

જેમ લૌકિકમાં લગ્ન વખતે માળા નાખી હોય, પછી તેના કુટુંબમાં ગમે તે જાતનું વિઘ્ન આવે પણ તેનાં લગ્ન ફરે નહિ; તેમ ભેદજ્ઞાનરૂપી માળા રોપાણી તેને પછી ગમે તેવા કર્મના ઉદય આવે તોપણ તેની અલ્પકાળે થનારી મુક્તિ ફરે નહિ.

જુઓ, અહીં એમ લીધું કે ભેદજ્ઞાન જ આસ્રવોથી નિવર્તવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય કહ્યો નથી. વ્રત કરે, તપ કરે, પૂજા ભક્તિ કરે તો આસ્રવથી નિવર્તે તેમ કહ્યું નથી, કારણ કે વ્રત, તપ વગેરે ભાવો પોતે જ શુભાસ્રવ છે માટે તેમાં પ્રવર્તવાથી આસ્રવો ક્યાંથી રોકાય? પણ તે ભાવોથી અટકીને નિર્વિકારી સ્વરૂપમાં થંભે તો આસ્રવોથી નિવર્તે.

આત્મા શું ? તેનું સ્વરૂપ શું ? તેમાં સ્થિર થવું-થંભવું તે શું ? તેના બોધ વગર આસ્રવો ટળે ક્યાંથી? માટે આચાર્યદેવે આ ગાથામાં આસ્રવોના સ્વરૂપનો આબેહુબ ચિતાર આપી જીવોને ખ્યાલ કરાવ્યો છે કે તું આસ્રવોના સ્વરૂપને આ રીતે જાણ, અને તેનાથી વિપરીત એવા ભગવાન આત્માનું સ્વરૂપ આ રીતે જાણ, એમ સમ્યક્ પ્રકારે જ્ઞાન કર, તો આસ્રવોથી નિવૃત્તિ થશે અને આત્મસ્વરૂપમાં સ્થિતિ થશે.

જેટલા ધર્મ બ્હાને પુણ્યભાવ થાય અને જેટલા અશુભ કાર્ય બ્હાને પાપભાવ થાય તે બધા આસ્રવો છે. જેવું જાણ્યું તે જ માર્ગને અવલંબતો જેમાં જેટલે અંશે રાગ-દ્વેષની અસ્થિરતા ઘટતી જાય તેટલે અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે ને તેટલે અંશે આસ્રવોથી નિવર્તતો જાય છે; અને જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે, ભેદવિજ્ઞાનમાં વધતાં વધતાં સંપૂર્ણ જ્ઞાન જામી જાય છે, વિજ્ઞાનઘન ગોળો આખે આખો છૂટો પડી જાય છે ત્યારે સંપૂર્ણ આસ્રવોથી નિવૃત્ત થાય છે.

અહીં ભેદજ્ઞાન થતાં આસ્રવો નિવૃત્ત થાય છે તેમ કહ્યું. એ રીતે ચારિત્રમાં પણ ભેદજ્ઞાન કરતો કરતો સ્થિર થતો જાય છે–એકાગ્ર થતો જાય છે, તેટલો આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, ચારિત્રમાં પણ ભેદજ્ઞાનના અભ્યાસથી જ આગળ વધાય છે.

સમ્યગ્ભાન થતાં કર્મની ૪૧ પ્રકૃતિનો બંધ તો સહેજે અટકી જાય છે, તે સમકિતી ધર્માત્મા જીવ ભલે રાજ કરતો હોય, લડાઈ કરતો ઊભો હોય તો પણ ૪૧ પ્રકૃતિ તો બંધાતી નથી અને પછી જેમ જેમ સ્થિર થતો જાય—સ્વરૂપમાં જામતો જાય તેમ તેમ વધારે પ્રકૃતિનો બંધ અટકતો જાય છે.

સચ્ચિદાનંદ શાંતમૂર્તિ આત્માનું ભાન થતાં અનંત સંસાર ટળી જાય છે અને વર્તમાનમાં ૪૧ પ્રકૃતિનો નવો બંધ ક્ષણે ક્ષણે અટકી જાય છે અને ભવિષ્યમાં નરક, તિર્યંચ બે ગતિના નદાવા થઈ જાય છે, મનુષ્યગતિ મળે તેમાં પણ દશાંગી સુખ મળે છે, દેવમાં જાય તો ત્યાં પણ ઊંચો દેવ થાય છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં પુણ્ય પણ અપૂર્વ બંધાય છે. કોઈ કહેશે કે તેણે આવું તે શું કર્યું? અરે! તેણે તો અનંતકાળમાં જે ન કર્યું હતું તેવું અપૂર્વ કર્યું, આત્મામાં અપૂર્વ ભાન પ્રગટ્યું ત્યાં અનંતો સંસાર ટળી ગયો. જુઓ, સમ્યગ્દર્શનનું આ ફળ છે.

પ્રશ્ન:—આત્મા વિજ્ઞાનઘન થતો જાય એટલે શું?

ઉત્તર:—પોતાના સ્વભાવમાં સ્થિર થતો જાય છે,—પોતાની કૃતકૃત્યતા જામતી જાય છે. જ્યાંસુધી પુણ્ય-પાપના ભાવનો હું ધણી છું, તે મને ગુણ કરશે, તે મને લાભ કરશે તેમ માને ત્યાંસુધી જ્ઞાનનો ઉઘાડ ભલે નવ પૂર્વ જેટલો હોય તો પણ તે બધું અજ્ઞાન છે. અંદર મિથ્યા અભિપ્રાય પડયો છે ત્યાં સુધી જ્ઞાનનો ઉઘાડ ગમે તેટલો હોય તો પણ તે જ્ઞાનને એટલે કે તે જાણપણાને અજ્ઞાન કહેવામાં આવે છે.

આત્માના ભાનપૂર્વક ભલે થોડો જ્ઞાનનો ઉઘાડ હોય તો પણ તેને જ્ઞાન કહેવાય છે, વસ્તુસ્વભાવ પરથી નિરાળો છે, અખંડાનંદ સ્વરૂપે છે તેનું ભાન હોય, પછી ભલે

અલ્પજ્ઞાન હોય તો પણ તેને વિજ્ઞાન કહેવાય છે કારણ કે તે જ્ઞાનના ફળમાં કેવળજ્ઞાન પ્રગટ થશે. યથાર્થ સમ્યગ્જ્ઞાનનો સ્વીકાર તે વસ્તુસ્વભાવનો સ્વીકાર છે, વસ્તુસ્વભાવનો સ્વીકાર તે સમ્યગ્જ્ઞાનનો સ્વીકાર છે.

જેમ જેમ તે સમ્યગ્જ્ઞાન એટલે કે વિજ્ઞાન જામતું—ઘટ થતું—સ્થિર થતું જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્તિ થતી જાય છે; જેમ જેમ આસ્રવોથી નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ તે વિજ્ઞાન જામતું—ઘટ થતું—સ્થિર થતું જાય છે.

શરીરના કટકા થાય, શરીરના ભૂકા થાય, ગમે તેવી પ્રતિકૂળતા આવે, ગમે તેવો સંયોગોમાં ફેરફાર થાય તો પણ જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તેને કોઈ ઊંધું કરી શકવા સમર્થ નથી, એક રંચમાત્ર પણ કોઈ હલાવવા કે ડગાવવા સમર્થ નથી, મોટા વજ્રપાત પડે તો પણ સમ્યગ્દર્શનને કોઈ ફેરફાર કરવા સમર્થ નથી, સમ્યગ્દર્શન થયું તે કેવળ લીધે છૂટકો, બીજ થઈ તે પૂનમ થયે છૂટકો, એવું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે.

હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છેઃ—

(શાર્દૂલવિક્રીડિત)

इत्येवं विरचय्य संप्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परम् ।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान् ॥ ४८ ॥

અર્થઃ—એ રીતે પૂર્વકથિત વિધાનથી, હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને, વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો અર્થાત્ પોતાનો આશ્રય કરતો (અથવા પોતાને નિઃશંકપણે આસ્તિક્યભાવથી સ્થિર કરતો), અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશથી નિવૃત્ત થયેલો, પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, જગતનો સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા), પુરાણપુરુષ (આત્મા) અહીંથી હવે પ્રકાશમાન થાય છે.

પૂર્વે કહેલી વિધિથી જ્યાં જ્ઞાન કર્યું ત્યાં તુરત જ પરવસ્તુથી સર્વ પ્રકારે નિવૃત્તિ કરીને વિજ્ઞાનઘન એટલે કે પોતાના જાણવા-દેખવાના સ્વભાવ સિવાય પરને કાંઈ નહિ કરતું, પણ પોતામાં ઠરતું જ્ઞાન કેવળ પોતા ઉપર આરૂઢ થતું-નિર્ભયપણે આરૂઢ થતું એટલે કે પોતામાં નિઃશંકપણે-નિઃસંદેહપણે સ્થિર થતું-પોતાની સત્તામાં

દૃઢપણે સ્થિર થતું કર્તાકર્મની પ્રવૃત્તિના ક્લેશથી નિવૃત્ત થાય છે. રાગ મારો, હું એનો, એક ક્ષણિક પર્યાયનો હું કર્તા થતો ને તે મારું કાર્ય થતું; હવે ભાન થયું કે હું તો જ્ઞાતા છું, ધ્રુવ છું, સ્થિર છું તેમ જ્ઞાતાની સ્થિરતાના જોરમાં, અભાનપણે કર્તાકર્મના અભ્યાસથી થયેલો જે ક્લેશ એટલે કે દુઃખ-તેનાથી નિવૃત્તિ થાય છે અને તે ક્ષણે જ જ્ઞાનસ્વરૂપ થયો થકો જગતનો સાક્ષી એટલે કે જેટલા જગતના ભાવ થાય તેને સાક્ષીપણે જોનારો પણ કર્તા થનારો નહિ, ગમે તે પુણ્ય-પાપની વૃત્તિ થાય તેનો જાણનાર-દેખનારો એટલે કે સાક્ષીપણે રહેનારો પરંતુ કર્તા થનારો નહિ એવો અનાદિનો પુરાણ પુરુષ-ભગવાન આત્મા અહીંથી હવે પ્રકાશમાન થાય છે. ૭૪.

૧૯૯૯, આસો વદ ૨ શુક્ર.

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? તેનું ચિહ્ન (લક્ષણ) કહો.

આ જીવ ધર્મી છે? ધર્મ કરે છે એમ શી રીતે ઓળખાય? એવા જ્ઞાની આત્માનું લક્ષણ કે એંધાણ શું છે? એવો જ્ઞાનસ્વરૂપ આત્મા ઓળખાય કઈ રીતે? એમ શિષ્ય પૂછે છે તેના સમાધાન માટે આ ગાથા કહે છેઃ—

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी॥ ७५॥**

અર્થ :—જે આત્મા આ કર્મના પરિણામને તેમ જ નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે.

જે કોઈ આત્મા જડ કર્મની અવસ્થાને અને શરીરાદિની અવસ્થાને કરતો નથી. તેને પોતાનું કર્તવ્ય માનતો નથી, તેમાં તન્મયબુદ્ધિએ પરિણમતો નથી પરંતુ માત્ર જાણે છે એટલે કે તટસ્થ રહ્યો થકો-સાક્ષીપણે જાણે છે તે આત્મા જ્ઞાની છે.

નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.

---

પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

મોહ એટલે પર વસ્તુ પ્રત્યેનો ઉત્સાહભાવ, રાગ એટલે પ્રેમ, દ્વેષ એટલે અણગમો સુખ-દુઃખ વગેરે અંતરંગમાં ઉત્પન્ન થતું કર્મનું પરિણામ તે પુદ્ગલપરિણામ છે; મોહ, રાગ, દ્વેષ વગેરે વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય તે જડની જ અવસ્થા છે તેમ અહીં કહ્યું છે, કારણ કે જડ તરફના વલણવાળો ભાવ છે માટે તેને જડનો કહ્યો છે. તે ભાવ આત્માનો સ્વભાવ નથી અને તેની મૂળ ઉત્પત્તિ આત્મામાંથી થતી નથી માટે તેને જડ કહ્યા છે.

અંતરંગમાં ઉત્પન્ન થતા હર્ષ-શોક, રતિ-અરતિ, વગેરેના પરિણામ તે બધા જડ છે. અજ્ઞાનભાવે રાગ-દ્વેષાદિ કરે તે આત્મા નહિ કારણ કે આત્માનો અસલી સ્વભાવ તે નથી, તે ભાવો કરવા તે આત્માનું કર્તવ્ય નથી છતાં પણ અજ્ઞાનભાવે તે ભાવો કરે છે તેથી તે આત્મા નથી; રાગ-દ્વેષાદિ ભાવ પૂરતો જ આત્માને માને તે આત્મા જ નથી.

ચોરાશીમાં રઝળે છે તે જીવ જ નથી. ચૈતન્યની જાગૃતિ ન રહી તેથી જડ જેવો થઈ ગયો માટે આચાર્યદેવે તેને જડ જ કહ્યો છે. ભૂલ કરવી તે મારો સ્વભાવ જ નથી, ભૂલનો નાશ કરનારો હું છું એમ જે માનતો નથી તે આત્મા જ નથી, કારણ કે ભૂલને પોતાની માની તેણે આત્માનો પવિત્ર સ્વભાવ પોતાનો ન માન્યો અપવિત્ર જ પોતાને માન્યો માટે તે અપેક્ષાએ તે આત્મા જ નથી.

રાગ-દ્વેષ, હર્ષ-શોક તે જ મારાં કર્તવ્ય એમ અજ્ઞાની માને છે. ભલે કદાચ શુભભાવ હોય તો તે પણ વિકારી ભાવ જ છે એટલે તે ભાવ મારું કર્તવ્ય ને તેનો હું કર્તા છું તેમ માન્યું તેણે શુભાશુભ ભાવ રહિત વીતરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વભાવ પ્રગટ કરવો તે જ મારું કર્તવ્ય—તે જ મારું કામ, ને તેનો જ હું કર્તા એમ ન માન્યું, માટે તે જડ છે.

અમે કાંઈ પણ બીજાનું કરી શકીએ એમ માનનારા ચોરાશીમાં રખડવાના છે. આત્મા તો એકલો જ્ઞાતા-દ્રષ્ટા છે તેનું જ કાર્ય હું કરી શકું તેમ ન માન્યું અને પર વસ્તુનું હું કરી શકું છું એમ માન્યું તેની પોતાની ચૈતન્યની જાગૃતિ દબાઈ ગઈ માટે તે અપેક્ષાએ તે જડ છે. આથી કાંઈ એમ નથી સમજવાનું કે ચૈતન્ય ફીટીને જડ દ્રવ્ય થઈ જાય છે જો આત્મા જડ થઈ જતો હોય તો "તું સમજ, આત્માને ઓળખ" એમ પણ સંબોધી ન શકાય. એ તો ઘણીવાર કહીએ છીએ કે બાળગોપાળ, રાજાથી રંક-બધા આત્મા પ્રભુ છે-બધા આત્મા પરિપૂર્ણ ભગવાન છે, અનંત ગુણથી બધા આત્મા વર્તમાનમાં ભર્યા છે, પણ તેનું ભાન ન કરે-ઓળખે નહિ અને જડના

કર્તવ્યને પોતાનું કર્તવ્ય માને, જડના સ્વરૂપને પોતાનું સ્વરૂપ માને, તેની દૃષ્ટિમાં તેને જડ જ ભાસે છે માટે તેને જડ કહ્યો છે.

શરીર, વાણી વગેરે પુદ્દગલનું સ્થૂલ પરિણામ છે અને કાર્મણ શરીર તે પુદ્દગલનું સૂક્ષ્મ પરિણામ છે. ટાઢો, ઊનો સ્પર્શ હું કરી શકું છું-તેને હું બનાવી શકું છું એમ માનનારો પુદ્દગલની સ્પર્શ-ગુણની પર્યાયનો કર્તા થાય છે, માટે તે જડ છે.

સારા રસવાળાં ભોજન અમે બનાવી શકીએ છીએ, કેરીના, દૂધપાકના, શિખંડના સ્વાદિષ્ટ રસ અમે કરી શકીએ છીએ એમ માનનારો પુદ્દગલદ્રવ્યના રસગુણની અવસ્થાના કર્તા થાય છે, માટે તે જડ છે.

ફૂલ ઝાડ અમે સરખી રીતે વાવીએ તો સારાં ઊગે, અમે બરાબર ધ્યાન રાખીએ તો સારા બગીચા થાય, એની સારી સુગંધ આવે; અમારા ધ્યાન રાખવાથી સારી સુગંધવાળા ફાલ્યા ફૂલ્યા બગીચા થાય એમ માનનાર પુદ્દગલદ્રવ્યના ગંધગુણની અવસ્થાના કર્તા થાય છે.

ધોળા સફેદ માવાના પેંડા અમે કરી શકીએ છીએ, બરાબર ચોખ્ખું કડાયું રાખ્યું હોય, ચોખ્ખો તાવેથો રાખ્યો હોય એમ બરાબર ધ્યાન રાખ્યું હોય તો પેંડા બરાબર ધોળા થાય, જરાય મેલવાળા ન થાય આમ માનનારો પુદ્દગલના વર્ણગુણની અવસ્થાનો કર્તા થાય છે. અરે ભાઈ! પેંડાની ધોળી અવસ્થા પુદ્દગલના વર્ણગુણમાંથી પરિણમીને આવે છે તે પર્યાયનો તું કર્તા નથી, તું તો તારા ભાવનો કર્તા છો, પુદ્દગલના વર્ણ, ગંધ, રસ વગેરેની પર્યાય થતી વખતે માત્ર તારું નિમિત્ત હતું પણ તેનો તું કર્તા નથી, પુદ્દગલગુણની પર્યાય પુદ્દગલના ગુણમાંથી પરિણમીને આવે છે. જ્યારે માટીમાંથી ઘડો થવાનો હોય ત્યારે કુંભારની હાજરી હોય, પણ તે વખતે વકીલની હાજરી ન હોય, જે કાર્યને જે નિમિત્ત અનુકૂળ હોય તે નિમિત્તની તે વખતે હાજરી હોય.

વાણી હું બોલું છું, સારું બોલીએ તો સભા ઠીક રંજન થાય, ધીમું-ઉતાવળું જેમ બોલવું હોય તેમ મારાથી બોલી શકાય છે એમ માનનારો વાણીની અવસ્થાનો કર્તા થાય છે. વાણી તો પુદ્દગલદ્રવ્યની પર્યાય છે, ચૈતન્યનો તે સ્વભાવ નથી, છતાં પણ વાણી હું બોલી શકું છું એમ માનનારો જડની અવસ્થાનો કર્તા થાય છે. કોઈ કહેશે કે વાણી જો એની મેળાએ બોલાતી હોય તો ઇચ્છા પ્રમાણે બરાબર વ્યવસ્થિત કેમ બોલાય છે? આડી અવળી કેમ બોલાતી નથી? તેનું કારણ એ છે કે બોલવાની ઇચ્છાને, જ્ઞાનને અને વાણીને નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. જેવી ઇચ્છા હોય, જેવું જ્ઞાન પરિણમે, તે પ્રકારે વાણી પરિણમે એવો લગભગ નિમિત્ત-નૈમિતિક સંબંધ છે તોપણ

કોઈ કોઈનો કર્તા નથી, બધાં દ્રવ્યોની પર્યાય સ્વતંત્ર પરિણમે છે

બંધન એટલે રજકણના પિંડનું બંધન, જેમ કે જલેબીનો સારો આથો નાખીને સારી જલેબી અમે બનાવી શકીએ છીએ, ઢોકળાંનો ખોળો અમે સારો નાખી શકીએ છીએ, આમ કરીને આમ નાખીએ તો ખોળો સારો આવી જાય, દૂધ અમે સારું મેળવી શકીએ છીએ. દૂધમાં આ રીતે આમ કળાથી મેળવણ નાખીએ તો સારું ખોટવા જેવું દહીં જામે. વળી કેટલીક બાઈયું તો એમ કહે છે કે અરે ! એ તો બધી આવડત જોઈએ; એવી બધી કળા આવડવી જોઈએ, તો એ દહીં અને ઢોકળાના ખોળા વગેરે બધાં સારા થાય, એ તો અમને બધું આવડે છે માટે અમારાથી સારું થાય છે. એમ માનનારા પુદ્ગલદ્રવ્યની બંધનરૂપ અવસ્થાના કર્તા થાય છે. દહીં જ્યારે બગડવાનું હોય ત્યારે તારું ડહાપણ તેમાં કામ આવે તેમ નથી, તારો ભાર નથી કે દહીં બગડવાનું હોય તેને તું સુધારી શકે, અને દહીં જો સારું થવાનું હોય તો ગમે તે રીતે સારું થઈ જાય એમાં તે શું કર્યું ? જે કાર્યો સુધરવાનાં અથવા બગડવાનાં હોય ત્યારે તેને અનુકૂળ નિમિત્તો હાજર હોય છે. એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, છાશનું નિમિત્ત, બાઈનું નિમિત્ત વગેરે નિમિત્તો હોય છે, તેથી ઉપચારથી કહેવાય કે આ કાર્ય આ બાઈએ કર્યું, પણ કોઈનો કોઈ કર્તા નથી, સૌ દ્રવ્યો સ્વતંત્ર પરિણમે છે. એ રીતે બધાં પર દ્રવ્યનાં કાર્યોમાં સમજવું.

સંસ્થાન એટલે પુદ્ગલના આકારો, તે આકારોનો જીવ કર્તા નથી, પુદ્ગલદ્રવ્ય પોતે જ આકારરૂપે પરિણમે છે; આવાં સુંદર મકાન કરીએ, એમાં આવાં ચિત્રામણ કરીએ, અંદર મોરલાઓ મૂકીએ વગેરે સુંદર આકારો અમે કરી શકીએ છીએ એમ માનનારા જડની અવસ્થાનો કર્તા થાય છે, શરીરનો આકાર હું સારો રાખી શકું છું, સારાં સરખાં લુગડાં બરાબર પહેરીએ તો શરીરનો આકાર શોભાવાળો દેખાય. તે બધાનો કર્તા માનનાર જડ છે. આત્મા જ્ઞાતા છે, તે જ્ઞાયકસ્વભાવનું તેને ભાન નથી. શરીરાદિ સ્થૂલ પુદ્ગલપરિણામ અને કાર્મણ શરીરનું સૂક્ષ્મ-પુદ્ગલ પરિણામ તે બધું હું છું, તેટલો જ હું છું તેમ માનનાર જડ છે. જીવ પોતે જડ થઈ ગયો નથી પણ પુદ્ગલ તરફ દૃષ્ટિ છે, તેની દૃષ્ટિમાં પુદ્ગલ જ ભાસે છે. તે અપેક્ષાએ તેને જડ કહ્યો છે.

આત્મા ચિદાનંદ વીતરાગસ્વરૂપ જ્ઞાતા છે એની જેને ખબર નથી, પણ શરીર અને હર્ષ, શોકનો હું કર્તા છું, એ મારાં કામ છે, એ મારી ફરજ છે એમ જે માને છે તેણે પુદ્ગલની અવસ્થાને પોતાની અવસ્થા માની તેથી તે જડ છે, આત્મા નથી.

ખરેખર હાલવા-ચાલવાની બધી ક્રિયા જડની જ છે, એનો કર્તા જડ જ છે;

એ રીતે વાણી પણ જડની અવસ્થા છે. ત્યારે કોઈ કહે કે અમે મૂંગા રહીએ તો? પણ ભાઈ! તેમાં પણ હું મૂંગો રહ્યો તેમ માને છે તે પણ જડની અવસ્થાનો કર્તા થાય છે. વાણી બોલવી તે પણ આત્માનો સ્વભાવ નથી અને મૌન રહેવું તે પણ આત્માનો સ્વભાવ નથી, તેથી વાણી બોલ્યો હું અને વાણીને બંધ કરીને મૌન રહ્યો પણ હું, એમ માનનારો પુદ્ગલની અવસ્થાનો કર્તા થાય છે, પણ જ્ઞાયક આત્માનું ભાન કરીને જ્ઞાતાપણે જેનું પરિણમન છે તે પુદ્ગલની અવસ્થાનો કર્તા થતો નથી પણ માત્ર જ્ઞાયક જ રહે છે.

પરમાર્થે, જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યપ્યાવ્યાપકપણાનો) સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

માટી પોતે વ્યાપક થઈને-પ્રસરીને ઘડાનું કાર્ય લાવે છે, માટી વ્યાપક છે અને ઘડો વ્યાપ્ય છે, વ્યાપક તે દ્રવ્ય છે અને વ્યાપ્ય તે પર્યાય છે.

એમ આત્મામાં જે હર્ષ-શોકની લાગણી થાય તે કર્મના નિમિત્તે થતી હોવાથી જડ છે, તેમાં પુદ્ગલ દ્રવ્યનું પ્રસરવું થાય છે; હર્ષ-શોકની લાગણી વ્યાપ્ય છે અને પુદ્ગલદ્રવ્ય વ્યાપક છે.

અજ્ઞાનીની દૃષ્ટિ વિકાર ઉપર છે, અવગુણની ક્રિયા થાય તેટલો જ હું તેમ તે માને છે, પોતાના ત્રિકાળ અખંડ ગુણને ભૂલે છે, તેથી તે પોતાને જડ માને છે.

મુક્તિ અને મુક્તિનો માર્ગ આત્મામાં જ છે, બહાર નથી. અંતરંગમાં ઉત્પન્ન થતો રાગ-દ્વેષનો બધોય ભાવ અને શરીરાદિ નોકર્મ એ બધામાં પુદ્ગલદ્રવ્ય પ્રસરે છે એટલે તે બધું પુદ્ગલ જ છે. તે બધા ભાવનો કર્તા પુદ્ગલ જ છે, આત્મા તો તેનો જ્ઞાતા છે. આ ઠેકાણે ચૈતન્યના વિકારી પરિણામને જડ કહ્યા છે પણ આગળ આવશે કે વિકારી પરિણામ ચૈતન્યના છે. જડના નિમિત્તે થાય છે પણ ચૈતન્યનો તે સ્વભાવ નથી તેથી તે જડ છે પરંતુ ચૈતન્યની અવસ્થામાં થાય છે માટે તે ચૈતન્યના છે.

શરીર, વાણી, વર્ણ, રસ, ગંધ, રાગ, દ્વેષ આદિ બધામાં પુદ્ગલનું પ્રસરવું થાય છે માટે પુદ્ગલ તેનો કર્તા છે અને આ બધા ભાવો તે પુદ્ગલનું કાર્ય છે.

આત્મામાં તો ગુણની જ ઉત્પત્તિ છે, મલિન એવા અવગુણની ઉત્પત્તિમાં તો જડનું જ કારણ છે. માટી લંબાઈને ઘડો થયો તેમ પુદ્ગલ લંબાઈને એટલે પુદ્ગલની અવસ્થા બદલાતા બદલાતા રાગ-દ્વેષાદિની અવસ્થા આવે છે.

આત્માની અવસ્થા બદલાતા બદલાતા વીતરાગતાની અવસ્થા આવે છે.

આત્માની અવસ્થા બદલતા બદલતા રાગની અવસ્થા ન આવે તેમ અહીં વાત છે. રાગ-દ્વેષ, હર્ષ-શોકની પર્યાય થાય છે આત્મામાં, પણ તે પરિણામ આત્માના સ્વરૂપમાં તો છે જ નહિ, ત્રણકાળ ત્રણલોકમાં આત્મામાં તે છે નહિ; પર તરફ વલણવાળા ભાવ છે માટે પરના છે.

અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ બતાવાય છે. સમ્યગ્જ્ઞાની સમજે છે કે હર્ષ-શોક, રાગ-દ્વેષ, શરીરાદિ મારાં કાંઈ છે નહિ, હું તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક છું.

ચૈતન્યની અવસ્થામાં ક્ષણિક વિકાર થાય છે તેથી કાંઈ આખો આત્મા બગડી ગયો નથી.

પ્રશ્ન:—વસ્તુ ખરાબ કહીએ તો શું વાંધો? આત્મા બગડી ગયો છે તેમ કહીએ તો શું વાંધો?

ઉત્તર:—આત્મા વ્યવહારથી બગડયો કહો તો સુધારી શકાય પણ પરમાર્થે બગડયો કહો તો સુધારી શકાય નહિ. વાસ્તવિક રીતે આત્મા બગડયો નથી પણ માત્ર વર્તમાન પર્યાયમાં વિકાર થયો છે માટે સુધારી શકાય છે, ટાળી શકાય છે. વિકારી પરિણામ બધા કર્માધીન થાય છે તેને પોતાના માને, પોતાનો સ્વભાવ માને, તેનો હું ઉત્પાદક છું-તેનો હું કર્તા છું એમ માને તે અજ્ઞાની છે; પણ અવગુણનો હું કર્તા નથી, તે મારું કર્મ નથી. તેનો હું ઉત્પાદક નથી, તે મારો નથી, તે મારો સ્વભાવ નથી એમ માને તે સમ્યગ્જ્ઞાની છે.

પુદ્દગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્દગલપરિણામનો કર્તા છે અને પુદ્દગલ-પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. તેથી પુદ્દગલ વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્દગલ-પરિણામ તેને જે આત્મા, પુદ્દગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી, પરંતુ (માત્ર) પુદ્દગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.

કુંભાર કાંઈ ઘડાને કરતો નથી, માત્ર બહાર રહીને જુએ જ છે, પણ મૂરખ માની બેસે છે કે મારાથી આ થાય છે. વ્યાપ્યરૂપે થનારી જે માટીની અવસ્થા તેમાં કાંઈ કુંભાર વ્યાપીને ઘડારૂપે થયો નથી, કુંભારનો કોઈ ગુણ કે કોઈ અવસ્થા માટીરૂપે

થઈ ગયાં નથી. કુંભાર બહુ ક્રોધી હોય તો શું ઘડામાં કુંભારનો ક્રોધ આવે છે? જો કુંભાર ઘડાનો કર્તા વાસ્તવિક રીતે હોય તો ઘડામાં કુંભારનો ક્રોધ પેસી જવો જોઈએ પરંતુ એમ તો કદી પણ બનતું જ નથી. ઘડો ઘડાની શીતળતાને છોડતો નથી તેમાં પાણી નાખીએ તો પણ ઠંડું થાય છે. કુંભારનો ક્રોધ કોઈ પણ રીતે ઘડામાં પેઠો નથી, માટે કુંભાર અને ઘડો બન્ને તદ્દન જુદા છે, ત્યારે કુંભારે કર્યું શું? માત્ર ઘડો કરવાની ઇચ્છા કરી; તે ઇચ્છા કુંભારના આત્માની પર્યાયમાં થઈ અને તે વખતે ઇચ્છાને અનુકૂળ યોગનો ઉદય હોવાથી, ઇચ્છાને અનુકૂળ હાથની ક્રિયા થઈ, તે હાથની ક્રિયા હાથમાં થઈ, પરંતુ તે હાથનો કોઈ પણ ભાગ ઘડામાં ગયો નથી. જો કુંભારના હાથે ઘડો કર્યો હોય તો હાથનો કોઈ પણ ભાગ ઘડામાં જવો જોઈએ અને કુંભારના હાથમાંથી થોડો ભાગ ઓછો થવો જોઈએ, પરંતુ એમ તો કદી બનતું જ નથી, માટે ઘડાને અને કુંભારને વ્યાપ્યવ્યાપકપણાના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ છે એટલે કુંભાર અને ઘડો બન્ને તદ્દન જુદે જુદા છે.

માટીની અવસ્થા પરિણમીને ઘડારૂપે થઈ છે પણ કુંભારની અવસ્થા ઘડારૂપે થઈ નથી. જો કુંભાર ઘડારૂપે થઈ ગયો હોય તો તેનાથી જુદો પડીને તે છાશ,–રોટલો ખાઈ શકે નહિ, માટે કુંભાર ઘડાનો કર્તા નથી.

તેમ આત્મા કર્તા અને રાગ-દ્વેષ તેનું કાર્ય એમ નથી; જો વાસ્તવિકપણે રાગ-દ્વેષરૂપે આત્મા થઈ ગયો હોય તો તે રૂપે જ ત્રણે કાળ રહે પણ તેનાથી જુદો પડી પોતાની નિર્મળ અવસ્થા પ્રગટાવી શકે નહિ અને પોતાના આનંદ આદિ અનંત સ્વભાવોને અનુભવી શકે નહિ; પરંતુ આત્મા તો ચૈતન્યમૂર્તિ જ્ઞાતાદ્રષ્ટા છે તેમાં રાગ-દ્વેષ પેઠા નથી, પર્યાયમાં ઉપર ઉપર થાય છે; જો આત્માના મૂળ સ્વરૂપમાં તે પેઠા હોય તો કોઈ દી નીકળી શકે નહિ માટે આત્મા શુભાશુભ વિકારી પરિણામનો પણ કર્તા નથી તો પછી જડ કર્મ અને શરીર, વાણી, મન અને મકાન, લક્ષ્મી વગેરેનો કર્તા તો હોય જ ક્યાંથી? જડ તે જડ ત્રણકાળમાં, ચેતન ચેતનરૂપ; કોઈ કોઈ પલટે નહિ ત્રણે કાળ દ્વયરૂપ.

વસ્તુ અને તેની અવસ્થાને વ્યાપ્યવ્યાપક સંબંધ છે, એક વસ્તુને બીજી વસ્તુની અવસ્થા સાથે સંબંધ નથી. જેમકે આત્મા વસ્તુ વ્યાપક અને શરીર, વાણી ને રાગ-દ્વેષરૂપ અવસ્થા તે તેનું વ્યાપ્ય, એમ છે નહિ; એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપક-પણું છે જ નહિ.

આત્મદ્રવ્ય વ્યાપક અને તેની નિર્મળ અવસ્થા તે વ્યાપ્ય; તેમ જ પુદ્ગલદ્રવ્ય વ્યાપક અને શરીર, વાણી, ને રાગ-દ્વેષ તે તેનું વ્યાપ્ય, એ રીતે દ્રવ્યને અને તેની અવસ્થાને વ્યાપ્યવ્યાપક સંબંધ છે.

માટીરૂપ વસ્તુ અને તેની ઘડારૂપ અવસ્થા તેની સાથે કુંભારને કાંઈ વ્યાપ્ય-વ્યાપકપણું છે નહિ. કુંભાર વ્યાપક અને ઘડારૂપ અવસ્થાને તે વ્યાપ્ય, એ રીતે વ્યાપ્યવ્યાપક સંબંધ છે નહિ પણ માટી તે વ્યાપક અને ઘડારૂપ અવસ્થા તે વ્યાપ્ય. માટી પોતે પરિણમીને ઘડારૂપ અવસ્થા થઈ છે પણ કુંભાર પરિણમીને ઘડાની અવસ્થા-રૂપે થયો નથી તેથી માટીએ કર્તા થઈને ઘડો કર્યો છે, કુંભારે ઘડો કર્યો નથી, કુંભાર માત્ર નિમિત્તરૂપ છે. વાસ્તવિક રીતે જ્યાં જેનું વ્યાપ્યવ્યાપકપણું હોય ત્યાં જ કર્તાકર્મ-પણું હોય.

ભગવાન આત્મા અનાદિ સ્વતંત્ર વસ્તુ છે, પણ તે કર્મના જોડાણમાં અનાદિથી અટકી ગયો છે. તે કર્મની અવસ્થા આત્માનું વ્યાપ્ય નથી.

જેમ કુંભારને અને ઘડાને વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી માટે કર્તાકર્મ સંબંધ પણ નથી, તેમ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતો એવો જ્ઞાની પોતાના આત્માને જાણે છે. રાગ-દ્વેષ, શરીર, વર્ણ, ગંધ, સ્પર્શ વગેરે જે જે અવસ્થા થાય તેની સાથે આત્માને વ્યાપ્યવ્યાપકપણું નથી તેથી કર્તાકર્મપણું પણ નથી. રાગ-દ્વેષ, સુખ-દુઃખ વગેરે જે જે અવસ્થા થાય તેનું જ્ઞાન તે આત્માનું કર્મ છે અને આત્મા તે જ્ઞાનકર્મનો કર્તા છે. આત્મા જ્ઞાનની પર્યાયને કરે છે તેમ કહેવું તે પણ સદ્‌ભૂતવ્યવહાર છે; ગુણ ને પર્યાયનો ભેદ પડયો માટે વ્યવહાર છે પરંતુ વસ્તુદૃષ્ટિથી ગુણ-પર્યાયમાં ભેદ નથી પણ લક્ષણાદિ ભેદે ભેદ છે માટે વ્યવહાર કહ્યો છે.

શરીર, મન, વાણી, વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ, રાગ-દ્વેષ વગેરેને જાણવાના પરિણામરૂપ કાર્ય, જાણવાની સત્ ક્રિયારૂપ કાર્ય, તે સત્ કર્મને કરતો જ્ઞાની પોતાના આત્માને જાણે છે; દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી અત્યંત ભિન્ન તે બધાની જ્ઞાનપર્યાયને કરતો-જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.

આત્મા જાણનાર-દેખનાર છે. તે જાણનાર દેખનારરૂપે રહેવું તે જ તેની ફરજ છે અને તે સિવાય રાગ કરવાની કે શરીરને સુધારવાની ફરજ માને તે અજ્ઞાની છે.

પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે.

પરમાર્થે એટલે વાસ્તવિક રીતે ઘડાને અને કુંભારને વ્યાપ્યવ્યાપકપણું નથી તેમ રાગ-દ્વેષ તેમ જ શરીરની અવસ્થાને અને જાણવારૂપ આત્માની જે જ્ઞાનપર્યાય પ્રગટી તેને પણ વ્યાપ્યવ્યાપકપણું નથી. અહીં રાગ-દ્વેષના પરિણામને પણ પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે કે રાગ-દ્વેષરૂપ પરિણામના જ્ઞાનને અને રાગ-દ્વેષરૂપ અવસ્થાને વ્યાપ્યવ્યાપક સંબંધ નથી અને તેથી કર્તાકર્મપણું પણ નથી.

જેમ કુંભારને અને માટીને માંહોમાંહે સંબંધનો અભાવ છે તેમ જ્ઞાનપર્યાયને રાગ-દ્વેષની પર્યાયની સાથે તથા શરીરાદિની પર્યાયની સાથે માંહોમાંહે સંબંધ નથી. જેમ ઘડાને અને માટીને માંહોમાંહે સંબંધ છે તેમ આત્માને અને જ્ઞાનને માંહોમાંહે સંબંધ છે.

જ્ઞાન એ જ આત્માનું કાર્ય છે, પણ રાગ-દ્વેષ તે આત્માનું કાર્ય નથી. આત્માનું કાર્ય સ્વપરપ્રકાશક છે, આત્મા પોતાને પણ જાણે છે અને પરને પણ જાણે છે. જાણવાની ક્રિયા તે આત્માનું કાર્ય છે, આ સદ્‌ભૂત વ્યવહાર છે. ગાથા ભારે અલૌકિક છે, અદ્‌ભુત છે. આ વસ્તુસ્વરૂપ સમજવું કઠણ છે, સત્ સમાગમ વગર સમજાય તેમ નથી.

રાગ-દ્વેષ અને અજ્ઞાન છે તે વ્યવહાર છે, અને તેનું ફળ સંસાર છે, અજ્ઞાન પણ વ્યવહાર અને સંસાર પણ વ્યવહાર છે એમ બન્ને વ્યવહાર છે. જેનું કારણ વ્યવહાર તેનું કાર્ય પણ વ્યવહાર જ હોય, આત્માની સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રરૂપ જે નિર્મળ પર્યાય પ્રગટે તેના ફળમાં મોક્ષ પ્રગટે. જેનું કારણ નિશ્ચય તેનું કાર્ય પણ નિશ્ચયરૂપ હોય છે. જેનું કારણ નિર્મળ તેનું કાર્ય પણ નિર્મળ હોય છે. અહીં આત્માની નિર્મળ પર્યાયને નિશ્ચયનય કહ્યો છે, અને મલિન પર્યાયને વ્યવહાર કહ્યો છે. આત્માની નિર્મળ પર્યાયને વ્યવહાર કહેવાય છે પરંતુ અહીં સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાની પર્યાય છે, માટે નિશ્ચય કહ્યો છે.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપી છે તેની અવસ્થામાં પરના નિમિત્તે દોષ થાય છે, તેને મલિન અવસ્થા કહો, મલિન હાલત કહો, કર્મ તરફ જોડાણો છે તેમ કહો, એકાંત દૃષ્ટિમાં અટકી ગયો છે તેમ કહો, પોતાનું ભાન ભૂલીને કર્માધીન થયો છે તેમ કહો, તે બધા એકાર્થ વાચક છે. તે બધામાં અજ્ઞાનતાનો દોષ છે માટે તેને અહીં આત્મા કહ્યો નથી કારણ કે જેના ફળમાં લીલોતરીમાં નિગોદમાં જશે તેને આત્મા કેમ કહીએ? અજ્ઞાનપર્યાયમાં વર્તમાનમાં પણ મૂઢતા છે, અને તેના ફળમાં ભવિષ્યમાં પણ નિગોદ આદિમાં મૂઢ થઈ જવાનો તેને આત્મા કેમ કહેવાય? આત્મા તો તેને કહીએ કે વર્તમાનમાં પણ વિકાસ દેખાય અને ભવિષ્યમાં પણ વિકાસ વધે, તે વિકાસ વર્તમાનમાં પણ સુખ-શાંતિ અને નિરાકુળતાવાળો હોય, અને ભવિષ્યમાં પણ સુખ શાંતિ અને નિરાકુળતા વધતી જ હોય તે પૂર્ણ થયે મુક્ત થાય તેને જ આત્મા કહીએ. જેની દૃષ્ટિ જડ ઉપર છે, જેનું જ્ઞાન મૂઢતાને પામે છે તે આત્માને જડ કહ્યો છે કારણ કે પોતાની જાગૃતિનું ભાન નથી તે અપેક્ષાએ તે જડ છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજ્યા વગર ભવનો અંત આવે તેમ નથી. જ્ઞાનીને આત્માની જાગૃતિનું ભાન છે તેની આ ગાથામાં વાત છે.

૧૯૯૯, આસો વદ ૩ શનિ.

આ ગાથામાં ધર્મી જીવનું લક્ષણ શું છે તે બતાવે છે. શિષ્યે પૂછ્યું હતું કે પ્રભુ! જ્ઞાની જીવને ઓળખવાનું ચિહ્ન શું છે? ધર્મી જીવ કેમ ઓળખાય? તેનું કાંઈ એંધાણ કે ચિહ્ન બતાવો. આ જીવ, આત્માના પૂર્ણ હિતને પંથે છે તે કઈ રીતે જણાય? આની જૂઠી બુદ્ધિનો નાશ થયો છે ને સાચી બુદ્ધિ પ્રગટી છે તે કઈ રીતે સમજાય? આ છોકરો ધર્મી છે, આ બાઈ ધર્મી છે, આ પુરુષ ધર્મી છે એમ કયા એંધાણ વડે ઓળખાય? લૌકિકમાં તો નીતિનાં ને સજ્જનતાનાં કાર્યો કરે એટલે ધર્મી કહેવાય પણ આ લોકોત્તર માર્ગ—સાક્ષાત્ મોક્ષમાર્ગ તેમાં ધર્મીને ઓળખવાનું લક્ષણ અને ચિહ્ન એટલે એંધાણ શું છે તે કહો. આ અણસમજણવાળો શિષ્ય પ્રશ્ન કરે છે તેનો ઉત્તર આ ગાથામાં ઘણો સરસ આપ્યો છે, એમાં કેટલોક પાઠ ગઈ કાલે વંચાઈ ગયો છે.

શરીરાદિ મારાં કાર્ય અને હું એનો કર્તા એમ ધર્મી જીવ માનતો નથી. એક આત્મા સિવાય શરીરાદિ કોઈપણ પર પદાર્થ મને લાભ-નુકશાન કરે તેમ માનવું તે મોહ છે એવો મોહ જ્ઞાનીને હોતો નથી માટે તે ધર્માત્મા છે. શરીરમાં ચાલવાની, વાણીમાં બોલવાની, કર્મમાં કર્મનું ફળ આપવાની તાકાત છે તે બધી પુદ્‌ગલની અવસ્થા છે, તેનો કર્તા પુદ્‌ગલ છે, રાગ-દ્વેષ તે પોતાનો સ્વભાવ નથી, પોતામાંથી ઉત્પન્ન થતા નથી, પોતાની અવસ્થામાં થાય છે ખરા, પરંતુ પોતાનો તે સ્વભાવ નથી માટે તેને જડના કહ્યા છે. ધર્મી તે રાગ-દ્વેષના ભાવોનો અને શરીરાદિનો કર્તા થતો નથી પણ જ્ઞાતા છે, રાગ-દ્વેષનો કર્તા ન થયો અને સાક્ષી રહ્યો એટલે રાગ-દ્વેષથી છૂટયો અને પોતામાં ઠર્યો. આ ધર્મીનું અંતર લક્ષણ છે, આ ધર્મીનું અંતર ચિહ્ન છે, જ્ઞાની રાગ-દ્વેષથી છૂટીને પોતામાં ઠરવું તેને કર્તવ્ય માને છે. ચોથાગુણસ્થાને ધર્મી પોતાની ભૂમિકા પ્રમાણે કોઈ કોઈવાર બહારનું લક્ષ ચૂકીને સ્વરૂપમાં ઠરી જાય છે અને સિદ્ધ જેવો અંશે અનુભવ કરે છે; પાંચમી ભૂમિકાએ સ્વરૂપરમણતા વધે છે અને છઠ્ઠી ભૂમિકાએ મુનિપણું આવે છે. ત્યાં સ્વરૂપરમણતા વિશેષ વિશેષ વધે છે, અંતર્મુહૂર્તમાં છઠ્ઠે અને અંતર્મુહૂર્તમાં સાતમે મુનિ ઝૂલ્યા કરે છે, ક્ષણમાં સ્વરૂપમાં ઠરી જાય છે અને ક્ષણમાં બહાર આવે છે; વળી ક્ષણમાં સ્વરૂપમાં ઠરી જાય છે અને વળી ક્ષણમાં બહાર આવે છે એમ હજારોવાર મુનિ આવ જા કરે છે. જે જે ભાવો આવે તેનો જ્ઞાતા રહીને, અસ્થિરતા ટાળીને વીતરાગતા પ્રગટ કરવી તે જ્ઞાનીનું કર્તવ્ય છે. અજ્ઞાની રાગ-દ્વેષને પોતાના માને છે તેથી તેને રાખવા તે પોતાનું કર્તવ્ય માને છે.

પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ

વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

કુંભાર ઘડામાં પેસી જતો નથી, કુંભાર માટીમાં પેસી જતો નથી, કુંભારના સ્વભાવમાં માટી પેસી જતી નથી, કુંભારના સ્વભાવે માટી થતી નથી માટે માટી ઘડાની કર્તા છે. કુંભાર ઘડાનો કર્તા નથી, માટીમાં ઘડો થવાથી ક્રમબદ્ધ જે લાયકાત છે તે વડે તેની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, જ્યારે માટીમાંથી ઘડો થવાની લાયકાત હોય છે ત્યારે કુંભારનું નિમિત્ત હોય છે એવો વસ્તુનો સ્વભાવ છે.

કુંભારે પહેલાં જાણ્યું હતું કે માટીમાંથી ઘડો થશે, એના ખ્યાલમાં પણ એમ જ છે કે માટીમાંથી ઘડો થશે, વેળુમાંથી ઘડો થશે તેમ તેણે જાણ્યું નથી પરંતુ માટીમાંથી જ ઘડો થશે તેમ તેણે જાણ્યું છે, હવે જ્યારે ઘડો થાય છે ત્યારે પણ એમ જાણે છે કે આ માટીમાંથી ઘડો થાય છે; ઘડો 'થાય છે', 'થાય છે', 'થાય છે', એમ કુંભાર જાણે છે પણ મારામાંથી ઘડો થાય છે તેમ કુંભાર જાણતો નથી, તેથી કુંભાર ઘડાનો કર્તા નથી પણ માત્ર જાણનાર જ છે એમ સિદ્ધ થયું છતાં પણ કર્તા માને તે તેની અજ્ઞાનતા અને ભ્રાંતિ છે.

જુઓને ! તમે બધા મકાન ચણાવો છો તેમાં પણ એમ જ છે, પહેલાં પણ એમ જાણ્યું છે કે મકાન ચૂના, પત્થર ને ઇંટથી થશે અને પછી જ્યારે મકાન ચણાય છે ત્યારે પણ તમે એમ જ જાણો છો કે ચૂના-પત્થરથી આ મકાન "થાય છે, થાય છે" પણ મારામાંથી આ મકાન થાય છે એમ જાણતા નથી, છતાં પણ આ મકાન મેં કર્યું એમ માની અજ્ઞાની મિથ્યા અભિમાન કરે છે. જ્યારે મકાન થવાનું હોય ત્યારે તેને અનુકૂળ નિમિત્તો હાજર હોય છે, મકાન થવાનું હોય તે જીવને મકાન કરાવવાનો વિકલ્પ કરાવી દેતું નથી પરંતુ ગૃહસ્થાશ્રમના રાગમાં ઊભેલા જીવને પોતાને કારણે પોતાનું વીર્ય વિભાવમાં જોડાય છે તેથી વિકલ્પ આવે છે. તે વિકલ્પ વગેરે અનુકૂળ નિમિત્તો મકાન થવાનું હોય ત્યારે પોત પોતાને કારણે બની આવે છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

આ પુસ્તકને સીવવા માંડયું ત્યારે સીવનારે કર્યું શું ? એને ખબર છે કે આ કાગળમાં સોય ગરશે, કાગળ સીવાશે, દોરો ચાલશે એવું જે જ્ઞાન છે તે જ્ઞાન જાણવાની ક્રિયા કરે છે તે વખતે પોતાની ઇચ્છા અનુસાર હાથની ક્રિયાનો અનુકૂળ ઉદય હોય તો હાથની ક્રિયા થાય છે, તેં તો માત્ર જાણવાની ક્રિયા કરી છે, હાથની ક્રિયા થવાની હતી તો થઈ, કાગળ સીવવાના હતા તો સીવાણા; જેમાં જે સ્વભાવ હોય

તે કાર્ય થાય તેમાં તેં કર્યું શું? જો તું કાગળ સીવવાનો કર્તા હો તો પથ્થરાને ભેગા કરીને સીવી દે, તે તો કરી શકતો નથી તો પછી જે થયું તે તો તેના સ્વભાવે થયું તેમાં તેં કર્યું શું? કાગળમાં જ્યારે પુસ્તકરૂપે થવાની યોગ્યતા હોય ત્યારે તેને અનુકૂળ નિમિત્તો મળી રહે છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તાકર્મ સંબંધ નથી.

પુસ્તકના, પ્રભાવનાના, દયાના, દાનના વગેરે શુભ પરિણામો જીવ પોતે કરે છે. કોઈ એમ કહે કે જ્યારે જેમ બનવાનું હશે તેમ શુભ વિકલ્પ આવશે, તેમ માનનાર શુષ્ક છે, તેને ધર્મનો પ્રેમ નથી, અશુભ પરિણામને પલટાવીને શુભ પરિણામ જીવ પોતે કરી શકે છે. જ્ઞાની, ધર્માત્મા પણ સંપૂર્ણપણે સ્વરૂપમાં ન ઠરી શકાય ત્યાંસુધી અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં પુરુષાર્થ વડે જોડાય છે પણ તેના કર્તા થતા નથી. શુભ પરિણામને જેમ બનવાનું હોય તે પ્રમાણે કર્મ લાવી દેતું નથી, પણ અશુભ પરિણામમાંથી શુભ પરિણામમાં પુરુષાર્થ વડે પોતે જોડાય છે, અને તે શુભ પરિણામ પ્રમાણે દયાનાં, દાનનાં, પ્રભાવનાનાં બહારનાં કાર્યો થવાનાં હોય તો થાય છે. તે કાર્યો થાય તે વખતે જીવના શુભ પરિણામનું નિમિત્ત હોય છે એવો લગભગ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેથી અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે આ કાર્યો મેં કર્યાં પણ સૌ દ્રવ્યો પોત પોતાના સ્વતંત્ર કારણે પરિણમે છે. નિમિત્તનૈમિત્તિક સંબંધ હોવા છતાં કોઈ કોઈનો કર્તા નથી. કોઈ એમ કહે છે કે અમને દાન આપવાના ભાવ તો છે પણ બહારની ક્રિયા થવાની હોય તો થાય છે એમ કહેનાર ખોટો બચાવ કરે છે; દાન દેવાના ભાવ હોય તો દાન દેવાની ક્રિયા થાય એવો લગભગ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, હાથનો અનુકૂળ ઉદય ન હોય, હાથ વાથી ઝલાઈ ગયો હોય તો જુદી વાત છે; બહારનો બધી જાતનો અનુકૂળ ઉદય હોય અને દાન દેવાની ક્રિયા ન થાય તેમ બને નહિ. પોતાને દાન દેવું નથી તેથી ખોટો બચાવ કરે છે. બચાવ કરવાની અહીં વાત નથી પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં પરદ્રવ્યનો તું કર્તા નથી તેમ અહીં કહેવું છે. સૌ દ્રવ્યો સ્વતંત્ર પરિણમે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો કર્તા નથી. જ્ઞાની, ધર્માત્મા શુદ્ધસ્વરૂપમાં ઠરવા માટે જ ઉદ્યમી રહે છે, શુભ પરિણામ આવે છે પણ તેના તે કર્તા થતા નથી. કોઈ પણ પરદ્રવ્યના જ્ઞાની કર્તા નથી, અજ્ઞાની પણ કોઈ પરદ્રવ્યનાં કાર્ય કરી શકતો નથી પણ માત્ર અભિમાન કરે છે કે આ કાર્ય મેં કર્યું, પણ કોઈ કોઈનું કરી શકતું જ નથી.

બાઈ જ્યારે રોટલી કરે છે ત્યારે પણ તે જાણે છે પરંતુ પરદ્રવ્યને કરી શકતી નથી. તેણે પહેલાં જાણ્યું છે કે ઘઉંના લોટની રોટલી થશે, ચોખા દાળની ખીચડી થશે અને પછી જ્યારે થાય ત્યારે પણ પહેલાં જેવું જાણ્યું હતું તેવું જ જાણે છે કે

ઘઉંના લોટની રોટલી થાય છે પણ મારામાંથી રોટલી થાય છે એમ જાણતી નથી. તે બાઈમાંથી રોટલી થતી નથી છતાં તે મફતનું ખોટું અભિમાન કરે છે કે 'મેં રોટલી કરી'; પણ તેમાં તેં શું કર્યું ? તેં તો બહુ તો અજ્ઞાનભાવે ઇચ્છા કરી કે રોટલી 'કરું, કરું' પણ તે રોટલી તો ઘઉંની જ બની છે. જો તારામાં રોટલી કરવાની શક્તિ હોય તો લોઢાની રોટલી બનાવી દે, પત્થરાની રોટલી બનાવી દે; ત્યારે કહેશે ના, તેની તો ન થાય, ઘઉંના લોટની જ રોટલી થાય, ત્યારે જેનો જે સ્વભાવ હતો તેમાંથી તે થયું તેમાં તેં શું કર્યું ? મફતનું ખોટું અભિમાન કરીને મૂઢતાને સેવે છે. ઘઉંના લોટમાંથી રોટલી થવાની હોય ત્યારે સામા જીવના વિકલ્પનું, હાથની ક્રિયાનું, ચકલા, વેલણનું અને તાવડી, અગ્નિ વગેરેનું નિમિત્ત તેને મળી આવે છે. જ્ઞાનીને પણ રોટલી કરવાની ઇચ્છા તો થાય પણ તે ઇચ્છાનો, હાથનો કે રોટલીનો કોઈનો કર્તા થતો નથી પણ જે બધું થાય તેનો માત્ર જ્ઞાતા રહે છે. લોટમાંથી રોટલી થવાની હોય ત્યારે તેના અનુકૂળ નિમિત્તોને રોટલી થવાની યોગ્યતાવાળા પુદ્‌ગલો લાવતા નથી, પણ સૌ સૌ પોત પોતાને કારણે અનુકૂળ નિમિત્તો તૈયાર હોય છે.

જેમ માટીને અને ઘડાને વ્યાપ્યવ્યાપક સંબંધ છે તેમ જ્ઞાનીને પોતાની પર્યાય સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ હોવાથી તેના આત્માને અને આત્માની પર્યાયને કર્તાકર્મ સંબંધ છે. પરંતુ પુદ્‌ગલપરિણામ સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ નથી તેથી કર્તાકર્મ સંબંધ પણ નથી.

આ શરીર છે તેની ચાલવાની અને બેસવાની જે ક્રિયા થાય તેનો કર્તા પુદ્‌ગલ છે અને ચાલવું-બેસવું તે તેની ક્રિયા છે. તે ક્રિયા શરીરપણે થાય છે પણ આત્માપણે થતી નથી; જો આત્માપણે થતી હોય તો જ્ઞાનદર્શન વગેરે ગુણ તેમાં ગરી જવા જોઈએ પણ તેમ તો થતું નથી; શરીરની ક્રિયા જુદી થાય છે ને આત્માની ક્રિયા જુદી થાય છે; જે થાય છે તેને જ્ઞાની જાણે છે, જે થાય છે તેને જાણવાની ક્રિયા આત્મા સાથે વ્યાપ્ય છે અને આત્મા પોતે વ્યાપક છે, આત્મા પોતે કર્તા છે અને જ્ઞાનપર્યાય તેનું કાર્ય છે એવી રીતે કર્તાકર્મ સંબંધ છે.

ઊંધા પુરુષાર્થ વડે આત્માની પર્યાયમાં જે હર્ષ-શોકની લાગણી થાય છે તે આત્માનો સ્વભાવ નથી તેથી જ્ઞાની જાણે છે કે આ હર્ષ-શોકની અવસ્થામાં હું ઉપજતો નથી, તે મારામાં ઉપજતી નથી; હું મારામાં ઊપજું છું, અધૂરો છું તેથી અલ્પ અસ્થિરતા થાય છે તે અસ્થિરતા પુરુષાર્થની મંદતાએ મારી અવસ્થામાં થાય છે પરંતુ તે મારો સ્વભાવ નથી; પર નિમિત્તે થતો ભાવ છે માટે તે પરનો છે. એ

રીતે જ્ઞાની જે જે અવસ્થા થાય છે તેનું જ્ઞાન કરે છે. તે જ્ઞાન આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે.

ચાલવાની-બેસવાની-બોલવાની જે જે ક્રિયા થાય તથા અંદર હર્ષ-શોકની જે જે અવસ્થા થાય તેને જ્ઞાની જાણે છે, આ બધું મારા આત્માના સ્વભાવ બહાર જે થાય છે તેનો હું જ્ઞાયક છું. જે થાય છે તેને જ્ઞાની જુએ છે એટલે કે જ્ઞાનની પર્યાય કરે છે, જ્ઞાન તે મારું કામ છે, જ્ઞાન તે મારો ધર્મ છે તે જ્ઞાનની પર્યાય પોતામાં ફેલાણી છે, પોતામાં પ્રસરી છે, પોતામાં જ વ્યાપી છે. જ્ઞાની જાણે છે કે મારા આત્મા બહાર જે આ બધો ફાલ દેખાય છે તે બધો જડનો ફાલ છે, મારો ફાલ મારામાં છે, મારું પાંગરવું મારામાં છે, હું અનંતગુણની મૂર્તિ, અનંતગુણની પર્યાયથી મારામાં પાંગરું છું, ફેલાઉં છું, મારા સ્વભાવમાં હું ફાલું છું, જડથી મારો ફાલ હોય નહિ; વિકારનો ફાલ અજ્ઞાનભાવમાં ગયો, તે ફાલ મારા આત્માનો નથી, હું મારા જ્ઞાન-સ્વભાવમાં ટકું એટલે તે ટળી જાય છે. જ્ઞાની કર્તા છે અને જ્ઞાન એનું કાર્ય છે; જેમ માટી કર્તા અને ઘડો એનું કાર્ય છે તેમ. પરંતુ કુંભાર કર્તા ને ઘડો કાર્ય એવી અજ્ઞાનીની અહીં વાત નથી. અહીં તો ધર્મીની વાત છે; જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે પણ રાગસ્વરૂપ થયો થકો જ્ઞાની નથી. પોતામાં અનંતગુણ છે તે વસ્તુપણે અભેદ છે એવી અભેદ દૃષ્ટિ કરીને, તેમાં એકાગ્ર થઈને, વિભાવથી જુદો પડીને, જે પુણ્ય-પાપની વૃત્તિ થાય તેનો માત્ર જ્ઞાતા જ રહે છે.

કુંભાર કર્તા અને ઘડો તેનું કાર્ય તેમ કર્તાકર્મની સિદ્ધિ છે જ નહિ; તેવી રીતે પુદ્‌ગલ અને જ્ઞાનને કર્તાકર્મપણાની સિદ્ધિ છે જ નહિ; જેમ ઘડાને અને માટીને કર્તા-કર્મપણું છે તેમ આત્મપરિણામને એટલે જ્ઞાનને અને આત્માને કર્તાકર્મપણું છે. જ્ઞાની દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ બધાનો જાણનાર છે પણ કર્તા નથી. આ વાત મોટા માનધાતા ( દુનિયાના કહેવાતા મોટા ) અજ્ઞાનીને ખટકે તેવી છે પણ તેથી કાંઈ વસ્તુ-સ્વભાવ ફરી જાય તેમ નથી. વસ્તુસ્વભાવ તો જેમ છે તેમ જ છે, ત્રિકાળ એમ જ છે.

ઘટ એટલે આ શરીર; શરીરનો આકાર ઘડા જેવો છે, તે શરીરની અવસ્થાનો કર્તા પોતાને માનનાર કુંભાર જેવો છે, કુંભારે માન્યું કે ઘડો હું કરું છું અને અજ્ઞાની માને છે કે શરીરની અવસ્થા હું કરું છું માટે બન્ને કુંભાર જ છે.

જ્ઞાની બધાનો જાણનાર છે, મકાન, દુકાન, લક્ષ્મી, કુટુંબ તે બધાનો જાણનાર છે. આ સર્વજ્ઞની વાત ચાલતી નથી પણ આ તો રાગ-દ્વેષ, શરીરાદિની ક્રિયા થાય છે, અલ્પ હર્ષ-શોક જેને થાય છે તેની વાત છે એટલે કે ચોથા ગુણસ્થાનની વાત છે, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની વાત છે. વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજ્યા વિના ભવનો અંત નથી.

અરે ભાઈ! આ શરીર, મકાન, સ્ત્રી, કુટુંબ તે બધાંને તું પોતાનાં માને છે પણ તે તો બધાં વંટોળિયાના પવન જેવાં છે, વંટોળિયાના પવનની માફક બધાં ફૂ થઈ જશે. વળી શુભાશુભ પરિણામને પોતાના માને છે પરંતુ તે તો બધા ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાઈ જાય છે માટે જો તારે સુખ જોઈતું હોય તો શાશ્વત એવા આત્માનું ભાન કર! અશુભ પરિણામ તો વિકાર જ છે પરંતુ દયા–દાન–વ્રત–પૂજાના શુભ પરિણામ થાય તે પણ વિકાર છે. આત્માના નિર્વિકાર સ્વભાવથી તે ભાવો ભિન્ન છે પણ અશુભ પરિણામથી બચવા માટે શુભ પરિણામ આવ્યા વિના રહેતા નથી; જ્ઞાની પણ અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં ઊભા રહે છે, પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી, પૂર્ણપણે સ્વરૂપમાં ઠરી શકાતું નથી તેથી શુભ પરિણામમાં જોડાય છે. જ્ઞાની શુદ્ધ સ્વરૂપમાં ઠરવાનો ઉદ્યમી રહે છે પરંતુ જ્યાંસુધી પૂર્ણ ઠરી શકાતું નથી ત્યાંસુધી શુભ પરિણામમાં જોડાય છે પણ કર્તા થતો નથી, શુભ પરિણામ થાય તેનો પણ જ્ઞાતા છે, અશુભ પરિણામનો પણ જ્ઞાતા છે, શરીરની ક્રિયા થાય તેનોય જ્ઞાતા છે, બહારના અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગો બને તેનો પણ જ્ઞાતા છે; એમ પરદ્રવ્ય, તેના ગુણ અને પરદ્રવ્યની પર્યાયથી ભિન્ન રહ્યો થકો બધાનો જ્ઞાતા છે. વિકારની અવસ્થા તો પોતાના પુરુષાર્થની મંદતાએ, પોતાની અસ્થિરતાના કારણે થાય છે તો પણ તેનો જ્ઞાતા છે. દ્રવ્યને, તેના સ્વભાવને અને તેની શુદ્ધ–અશુદ્ધ પર્યાયને જ્ઞાની બરાબર જાણે છે, કર્તાકર્મના સ્વરૂપને અને નિમિત્ત–નૈમિત્તિક સંબંધને જ્ઞાની બરાબર જાણે છે, અલ્પ અસ્થિરતા થાય છે તેને ટાળીને વીતરાગ થવાને જ્ઞાનીને પ્રયાસ છે, ભાવના છે.

આત્માના સ્વભાવની જેને ખબર નથી તેને જડના સ્વભાવની પણ ખબર નથી, જેને આત્માના સ્વભાવની ખબર છે તેને જડના સ્વભાવની પણ ખબર છે.

મેં પુણ્ય કર્યાં, મેં દાન કર્યાં, પરને હું સુખી કરી શકું છું, પરને હું દુઃખી કરી શકું છું, શરીરને હું જ ચલાવી શકું છું, વાણી હું જ બોલી શકું છું એમ પરની ક્રિયાનો સ્વામી થનાર–પરની ક્રિયાને પોતાની માનનાર અહીંથી વચ્ચે કોઈ એકાદ–બે ભવ રાજા કે દેવના કરીને પછી નિગોદ ને નરકમાં સડવાના છે તે અધર્મી છે. પણ જેણે પરથી ભિન્ન આત્માનું સાચું સ્વરૂપ સમજવાની યથાર્થ જિજ્ઞાસા કરી હશે તો ભવિષ્યે અવશ્ય પુરુપાર્થ ઉપાડીને અવશ્ય સ્વરૂપને સમજશે અને ભવનો અંત આવશે.

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્‌ગલને અને

આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં પણ પુદ્ગલ પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, પુદ્ગલપરિણામનું જ્ઞેયરૂપ નિમિત્ત છે, જ્ઞાન જાણે છે પોતા વડે પણ જ્ઞેય નિમિત્ત છે. ( માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે. )

આત્મા પોતે પોતામાં વ્યાપીને પોતાના આત્મપરિણામનો કર્તા છે અને આત્મપરિણામ એટલે જ્ઞાન પરિણામ તેનું કાર્ય છે; દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મનું જ્ઞાન આત્મામાં વ્યાપેલું છે, કાંઈ પરમાં વ્યાપેલું નથી માટે તે આત્માનું કર્મ છે, સ્વતંત્ર વ્યાપક વડે જ પોતામાં વ્યાપેલું છે તેથી તે આત્માનું કર્મ છે. વળી આત્મા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે તેથી પુદ્ગલના પરિણામ છે તે જ્ઞાતાની અવસ્થા થઈ જાય છે તેમ નથી. શરીર આમ ચાલ્યું, રોટલા આમ ખાધા, રોટલા આમ દીધા, પૈસા આમ થયા તે બધાંનું જ્ઞાન કર્યું તેથી કાંઈ તે બધી જડની અવસ્થા આત્માની થઈ જતી નથી. આત્માનો સ્વપરને જાણવાનો સ્વભાવ છે તેથી કાંઈ જ્ઞેય જ્ઞાનપણે અને જ્ઞાન જ્ઞેયપણે થઈ જતું નથી; માત્ર જ્ઞેયજ્ઞાયક સંબંધ છે પણ તેથી કાંઈ એક બીજા એક બીજામાં પેસી જતા નથી.

તૃષ્ણા ઘટાડવાની અવસ્થા આત્મામાં થાય તેથી કાંઈ તે અવસ્થા આત્માનો સ્વભાવ થઈ જતી નથી. શરીરની અવસ્થાને જાણતા અને તૃષ્ણા ઘટાડવાની અવસ્થાને જાણતા આત્માની જ્ઞાનરૂપ નિર્મળ અવસ્થા શરીરરૂપ થઈ જતી નથી તેમ શુભાશુભ-પરિણામરૂપ થઈ જતી નથી; કારણ કે જ્ઞેયજ્ઞાયક સંબંધ વ્યવહાર માત્ર હોવા છતાં પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે. ગાથા ઘણી અલૌકિક રચાણી છે.

શરીર, વાણી, મન હું નહિ, રાગ-દ્વેષ હું નથી પણ બધાંથી ભિન્ન હું આત્મા છું એવું જ્ઞાન કરીને સ્વરૂપમાં ઠર્યો તે આત્માની અવસ્થા છે. શરીર, વાણી, તે સ્થૂળ છે તેને આત્મા સાથે કર્તાકર્મ સંબંધ નથી, પણ શરીર તે જાણવા યોગ્ય છે અને આત્મા તે જાણનાર છે એવો જ્ઞેયજ્ઞાયક સંબંધ છે; પુણ્ય-પાપના પરિણામ સાથે પણ આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ છે પણ કર્તાકર્મ સંબંધ નથી. આત્મા જાણનાર ને પુણ્ય-પાપના પરિણામ તે જાણવા યોગ્ય છે. ધર્મીનું કાર્ય તે બધાંને જાણવાનું છે, બાકી પરનું કાંઈ કરવું તે ધર્મીનું કાર્ય નથી.

શરીરનું કે એક તણખલા વગેરેનું કાંઈ પણ કરવાને અજ્ઞાની કે જ્ઞાની કોઈ સમર્થ નથી. અજ્ઞાની માને કે હું પરનું કરી શકું છું તો તે પોતાના ઊંધા ભાવને કરે છે પણ પરનું કાંઈ કરી શકતો નથી, પરવસ્તુને હું કરી શકું છું તેમ માને છે તે મહામૂઢ છે.

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે.

( શાર્દૂલવિક્રીડિત )

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसंभवमृते का कर्तृकर्मस्थितिः ।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिंदंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान् ॥ ४९ ॥

અર્થ:—વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, અતત્સ્વરૂપમાં ન જ હોય, અને વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના કર્તાકર્મની સ્થિતિ કેવી? અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય. આવો પ્રબળ વિવેકરૂપ, અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી અજ્ઞાન-અંધકારને ભેદતો આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈ ને, તે કાળે કર્તૃત્વરહિત થયેલો શોભે છે.

જુઓ, આચાર્યદેવ કળશમાં ટૂંકામાં ફરીથી પણ કહે છે કે વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, એટલે કે જડની અવસ્થા તે વ્યાપ્ય અને જડ વસ્તુ પોતે વ્યાપક, એ રીતે વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય. ક્ષણે ક્ષણે જે અવસ્થા થાય છે તે વસ્તુને આધારે જ થાય છે, વસ્તુમાં વ્યાપીને જ થાય છે. વ્યાપક એટલે થનારો અને વ્યાપ્ય એટલે જે થાય તે. અવસ્થા ક્યાંક જુદી થાય અને થનારો ક્યાંય જુદો રહી જાય તેમ બને નહિ. શરીર-વાણીની અવસ્થા તે પુદ્ગલદ્રવ્યમાં જ વ્યાપેલી છે, પુદ્ગલ દ્રવ્યના જ આધારે છે માટે થવાને અને થનારને બન્નેને મેળ છે. એક તત્ત્વથી બીજા તત્ત્વનું કાંઈ પણ થાય તેમ બન્યું નથી, બનતું નથી, અને બનશે નહિ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં જો વ્યાપે તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી શકે, કર્તા થઈ શકે, પરંતુ એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં વ્યાપે એવો સંભવ જ જ્યાં નથી, અવકાશ જ જ્યાં નથી ત્યાં કર્તાકર્મની સ્થિતિ હોય જ ક્યાંથી? અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.

એ રીતે કર્તાકર્મની સ્થિતિ રહિત દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી પરથી જુદો,-પરથી નિરાળો આત્મા છે. શરીર આદિ અને સ્ત્રી, કુટુંબ આદિ પર તરફ ઢળતો જે જે ભાવ તે મારો સ્વભાવ નથી, આવો પ્રબળ વિવેક થતા જ્ઞાનપ્રકાશ ખીલી નીકળે છે, આત્મજ્યોત ઝળકી ઉઠે છે, અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે, એટલે કે સર્વને જાણી લેવું એવો જ્ઞાનપ્રકાશનો સ્વભાવ છે, સર્વને જાણી લેવું તે જ્ઞાનની સત્ક્રિયા પણ છે, શુભાશુભ ભાવ થવા તે અસતક્રિયા છે. જુઓ, શરીરની ક્રિયા નથી કહી હો! પણ શુભાશુભભાવ થવા તે અસત્ ક્રિયા છે.

અજ્ઞાની રાગ-દ્વેષને પોતાના માની રાખવા માગે છે, માટે રાગ-દ્વેષ તેના છે અને જ્ઞાની રાગ-દ્વેષને પોતાનો સ્વભાવ માનતા નથી તેથી તેને ટાળવા માગે છે, તેથી રાગ-દ્વેષ તેના નથી પણ જ્ઞાન જ્ઞાનીનું છે. અજ્ઞાનીનું જ્ઞાન નથી પણ અજ્ઞાનીના રાગ-દ્વેષ છે.

અજ્ઞાનીનો આત્મા કેવડો? કે અજ્ઞાનીના અજ્ઞાનભાવ જેવડો, એટલે કે વર્તમાન અવસ્થા જેવડો. એટલે કે એક સમયના પુણ્યપાપભાવ પૂરતો. કારણ કે ત્રિકાળી શુદ્ધ સ્વભાવને તે માનતો નથી માટે તે અજ્ઞાનીનો ત્રિકાળી આત્મા નથી, એનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે એ તો કયાં જાય, પણ અહીં એની માન્યતાની અપેક્ષાએ વાત છે.

જ્ઞાનીનો આત્મા ત્રિકાળ જ્ઞાતાદ્રષ્ટા ધ્રુવ છે, અખંડ છે, કારણ કે જેવો ચૈતન્યનો સ્વભાવ છે તેવો જ્ઞાનીએ પ્રતીતમાં લીધો છે માટે જ્ઞાનીનો આત્મા અખંડ ત્રિકાળ શુદ્ધ છે.

આવો જ્ઞાનપ્રકાશ જ્ઞાનીને અંતરમાં પ્રગટ્યો છે. તે જ્ઞાનપ્રકાશના ભારથી અજ્ઞાન-અંધકાર ભેદાઈ જાય છે, અજ્ઞાન અંધકારનો નાશ થાય છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપભાવ મારા નથી, હું તેનો કર્તા નથી, તે મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ તો ચિદાનંદ આનંદઘન છે તે સ્વભાવનો હું કર્તા છું પરંતુ પરભાવોનો હું કર્તા નથી એમ જ્ઞાનસ્વરૂપ થઈને કર્તૃત્વ રહિત થયો થકો નિર્મળ અને નિર્દોષપણે તે કાળે શોભી રહ્યો છે. તે કાળે એટલે પહેલાં અજ્ઞાની હતો તે અજ્ઞાન ટાળીને હવે જ્ઞાની થયો એટલે જ્ઞાનની અંતરક્રિયા અપૂર્વ થઈ, તે જ્ઞાનપ્રકાશના ભારથી જ્ઞાનમાં સમાઈ જાય છે. એટલે તે કાળે શોભી રહ્યો છે. આ કેવળજ્ઞાનીની વાત નથી, આ તો સમ્યગ્દૃષ્ટિ જીવની વાત છે. વાહ! ભારે અદ્ભુત વાત કરી છે, જે જાગીને જુએ તેને જણાય તેવું છે.

૧૯૯૯, આસો વદ ૪ રવિ.

શરીર, વાણી અને મન વગેરેની જે ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે તેનો કર્તા આત્મા નથી, જુદા દ્રવ્યની અવસ્થા જુદા દ્રવ્યમાં અને આત્માની અવસ્થા આત્મામાં થાય છે.

જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે વ્યાપકનું વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે ને પર્યાય વ્યાપ્ય છે કારણ કે દ્રવ્ય તો બધી અવસ્થાઓમાં વ્યાપક જ છે અને પર્યાય તો કોઈ એક અવસ્થાવિશેષ છે માટે તે વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે, કાંઈ ભિન્ન ભિન્ન નથી માટે જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ છે તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ છે.

આમ હોવાથી દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્યવડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય છે.

પુદ્ગલદ્રવ્ય વ્યાપક છે અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શની પર્યાય તે વ્યાપ્ય છે. તે દ્રવ્ય અને પર્યાય બન્ને અભેદ છે, જે દ્રવ્યનું સ્વરૂપ અને સત્ત્વ છે તે જ પર્યાયનું સ્વરૂપ અને સત્ત્વ છે.

આત્મા વ્યાપક છે અને જ્ઞાનાદિ ગુણની પર્યાય તેનું વ્યાપ્ય છે. જે આત્માનું સ્વરૂપ અને સત્ત્વ છે તે જ પર્યાયનું સ્વરૂપ અને સત્ત્વ છે, દ્રવ્ય ને પર્યાય અભેદ છે. એ રીતે વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં હોય પણ અતત્સ્વરૂપમાં ન હોય એટલે કે જેનાં સત્ત્વ-સત્તા ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં વ્યાપ્યવ્યાપકપણું ન જ હોય. જેમકે શરીરાદિ પુદ્ગલદ્રવ્ય વ્યાપક અને આત્માની જ્ઞાનપર્યાય વ્યાપ્ય એવી રીતે વ્યાપ્યવ્યાપકપણું ન જ હોય; કારણ કે બન્નેનાં સ્વરૂપ અને સત્ત્વ ભિન્ન ભિન્ન છે. વળી આત્મા વ્યાપક અને પુદ્ગલદ્રવ્યની-શરીરાદિની અને રાગ-દ્વેષની પર્યાય વ્યાપ્ય એમ બને જ નહિ, કારણ કે બન્નેનાં સ્વરૂપ અને સત્તા ભિન્ન ભિન્ન છે.

દરેક વસ્તુમાં, આત્મામાં અને બીજા પદાર્થોમાં ઉત્પાદ વ્યય થયા કરે છે; નવી અવસ્થાનો ઉત્પાદ ને જુની અવસ્થાનો વ્યય અને વસ્તુ ધ્રુવપણે કાયમ ટકી રહે છે, એવી રીતે દરેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ થયાં જ કરે છે. તે વસ્તુ પોતે સ્વતંત્રપણે પરિણમીને થયા કરે છે, તેનો કોઈ બીજો પદાર્થ કર્તા નથી.

મકાનનો કરનાર પુરુષ નથી, ખીચડીની રાંધનાર બાઈ નથી, ચોખા-ખીચડીનો જે પાક આવ્યો તે ચોખા-ખીચડીમાંથી આવ્યો છે, તપેલીમાંથી કે બાઈમાંથી તે પાક આવ્યો નથી, ખીચડી થવાની હોય ત્યારે બાઈનું નિમિત્ત હાજર હોય છે, નિમિત્ત હાજર હોય એટલે વ્યવહારે એમ કહેવાય કે આ બાઈએ આ ખીચડી રાંધી, નિમિત્ત છે એટલે વ્યવહારે કહેવાય. જ્ઞાનીને પણ ગૃહસ્થાશ્રમમાં છે ત્યાંસુધી અસ્થિરતા છે તેથી મકાન કરાવવાનો વિકલ્પ આવે, ખીચડી રાંધવાનો વિકલ્પ આવે વગેરે, આમ કરું, તેમ કરું તેવા વિકલ્પ અસ્થિરતાને કારણે આવે છે તેથી જ્ઞાનીને પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધને કારણે મકાન વગેરેનાં કર્તા ઉપચારથી કહેવાય. અસદ્ભૂત વ્યવહારનયે જ્ઞાનીને પણ મકાન, ખીચડી અને અસ્થિરતાના કર્તા કહેવાય, કારણ કે અસ્થિરતા તરફ વીર્ય જોડાય છે. અસ્થિરતા થાય છે, થઈ જાય છે તેથી પર્યાયદૃષ્ટિથી કર્તા કહેવાય પરંતુ વાસ્તવિક રીતે દ્રવ્યદૃષ્ટિથી કર્તા છે જ નહિ. જ્ઞાનીને અસ્થિરતાના વિકલ્પો જે આવે છે તેનો તે સ્વામી થતો નથી, તેને પોતાનો સ્વભાવ માનતો નથી, તેમાં તેને કર્તાબુદ્ધિ

નથી, તેને પોતાથી ભિન્ન માને છે તેથી જ્ઞાતા રહે છે પણ કર્તા થતો નથી તો પછી પરદ્રવ્યનો કર્તા તો હોય જ ક્યાંથી? જ્ઞાની તો જ્ઞાનનો જ કર્તા છે, પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા વિકારોથી જ્ઞાની પોતાને ભિન્ન માને છે, તેથી તેને કર્તાબુદ્ધિ નથી પણ વીર્યની મંદતાથી અસ્થિરતા થઈ જાય છે તેથી માત્ર ઉપચારથી કર્તા કહ્યો છે.

જ્યારે મકાન, ખીચડી વગેરે થવાની યોગ્યતા પુદ્‌ગલદ્રવ્યમાં હોય છે ત્યારે સામા જીવનો વિકલ્પ વગેરે અનુકૂળ નિમિત્ત હાજર હોય છે, તે બધાં નિમિત્તોને ખીચડી અને મકાન થવાની યોગ્યતાવાળાં પુદ્‌ગલો લાવી દેતાં નથી. પરંતુ અનુકૂળ નિમિત્તો સૌ પોત-પોતાનાં સ્વતંત્ર કારણે હાજર હોય છે.

બાઈએ ખીચડી સારી કરી તેમ નિમિત્તથી કહેવાય, ખીચડી થતી વખતે જે નિમિત્ત હોય તેના ઉપર આરોપ કરીને કહેવાય કે આ ખીચડી આણે સારી કરી છે, આ કામ આણે સારું કર્યું છે. સ્ત્રી જો ખીચડી પકવી દેતી હોય તો કાંકરામાંથી ખીચડી બનાવી દે, ત્રણ કાળ ત્રણ લોકમાં પરદ્રવ્યની અવસ્થાને કોઈ કરી શકતું જ નથી. જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાંસુધી તેને ખીચડી વગેરે કરવાનો વિકલ્પ આવે પણ તેનો તે કર્તા નથી, સમકિતી ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં હોય પણ મારાથી સારાં કામ થયાં, મકાન મેં સારાં કર્યાં, રસોઈ મેં સારી કરી, સેવા મેં સારી કરી વગેરે કાર્યોનો કર્તા થતો નથી, વસ્તુમાં જે પર્યાય થવાની તાકાત છે તે વસ્તુમાંથી ક્રમે ક્રમે બદલતાં બદલતાં થાય છે.

ચૂના-પથ્થરમાંથી મકાનની અવસ્થા થવાની હોય ત્યારે કડિયા, મજૂર વગેરે માણસોની હાજરી હોય છે. જે વસ્તુમાંથી જે અવસ્થા થવાની હોય ત્યારે તેને અનુકૂળ નિમિત્ત હાજર હોય છે, જે વસ્તુમાંથી જે અવસ્થા આવે તે અવસ્થાનો કર્તા તે વસ્તુ છે.

ભજિયાં તળાતાં હોય, અને તેલનું કડાયું પડ્યું પગ ઉપર, પગ દાઝયો, પગમાં થઈ બળતરા; જ્યારે જેમ થવાનું હોય તે થાય જ છે તેને કોઈ રોકવા સમર્થ નથી, જડની જે અવસ્થા થવાની હોય તેમાં કોઈનો ભાર નથી કે તેને અટકાવે, અજ્ઞાની એમ માને છે કે મેં ધ્યાન ન રાખ્યું તેથી શરીર દાઝયું, અને જ્ઞાની સમજે છે કે તે વસ્તુની અવસ્થા તેમ થવાની હતી માટે થઈ, તેમાં બીજા કોઈનો ભાર નથી કે તેને અટકાવી શકે. જ્ઞાનીનું જ્ઞાન સાચું છે તેથી તેને સમાધાન અને શાંતિ રહે છે, અજ્ઞાની શરીરની બળતરા તરફ એકાગ્ર થાય છે, તેથી તેને આકુળતાનું દુઃખ થાય છે, જ્ઞાનીને અસ્થિરતાને કારણે અલ્પ રાગ-દ્વેષ થાય પણ અજ્ઞાની જેવી તેને આકુળતા થતી નથી.

પ્રશ્ન :—જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ કેમ કહો છો?

ઉત્તર :—જ્ઞાનીને અનંતાનુબંધી કષાય ટળતા અનંતો રાગ-દ્વેષ ટળી ગયો છે તેથી અલ્પ રાગ-દ્વેષ થાય છે; અલ્પ રાગ-દ્વેષ થાય છે તેમાં પણ તે એમ માને છે કે મારા પુરુષાર્થની નબળાઈને લઈને અલ્પ રાગ-દ્વેષ થાય છે, દાઝ્યાને લઈને કે શરીરની બળતરાને લઈને રાગ-દ્વેષ થાય છે તેમ નથી.

ચાની કીટલી લઈને છોકરી આવી ને હાથમાંથી કીટલી પડી તે વખતે જડની જે અવસ્થા થવાની હતી તે થઈ છે. કીટલી ફૂટવાની ન હોય, સરખી રહેવાની હોય તોપણ તે જડની અવસ્થા છે તેની ફૂટવાની કે સરખી રહેવાની અવસ્થા આત્માએ કરી નથી, તે અવસ્થાનો કર્તા જડ છે પરંતુ અજ્ઞાની તેની અવસ્થાનો કર્તા થાય છે. અજ્ઞાનીને પરમાં અહંકાર અને મમકારબુદ્ધિ રહે છે. અહંકાર એટલે પરને હું કરી શકું છું અને મમકાર એટલે પરવસ્તુ મારી છે.

નામકર્મની પ્રકૃતિને લઈને શરીરની ચાલવાની ગતિ સરખી હોય તો અજ્ઞાની એમ માને કે અમને કેવું ચાલતાં આવડે છે? અમે કેવી મલપતી ચાલે-હાથીની ચાલે ચાલીએ છીએ, અને બીજા કેટલાક તો ગધેડાની જેમ ચાલે છે, એ તો ભાઈ! ચાલતાં આવડવું જોઈએ. જ્ઞાની તેને કહે છે કે અરે ભાઈ! મફતનો અભિમાન શું કરી રહ્યો છે? તે પર વસ્તુની અવસ્થા થવાની હોય તેમ થાય, તેમાં તું કાંઈ પણ કરી શકવા સમર્થ નથી. જો ચાલવાનું કાર્ય તારા હાથમાં હોય તો પગના તળિયામાં કાચ વાગ્યો હોય ને માંડ માંડ લંગડું ચાલી શકાતું હોય તે વખતે તું જો તેનો કર્તા હો તો મલપતી ચાલે ચાલી દે, ત્યારે તે કહેશે ને ના, તે વખતે કેમ ચાલી શકાય? તો જ્ઞાની તેને કહે છે કે જે થવાનું હતું તે થયું તેમાં તેં નવું શું કર્યું? આ મારું અને આ તારું એવા ખોટા અભિમાનને છોડ, અને વસ્તુસ્વભાવ જેમ છે તેમ સમજ.

અજ્ઞાનપણે જે અહંકાર મમકાર થાય છે તે સમ્યગ્જ્ઞાન થતાં છૂટે છે, સમ્યગ્જ્ઞાન થયા પછી પણ અલ્પ રાગ-દ્વેષ થાય તે પરના કારણે થતા નથી પણ પોતાના પુરુષાર્થની મંદતાના કારણે થાય છે; તે પુરુષાર્થની નબળાઈને પોતાનું સ્વરૂપ માનતો નથી, અલ્પ રાગ-દ્વેષ થાય તેને પણ જ્ઞાની જ્ઞાતાપણે જાણે છે. જાણનાર જાણે, તે જાણવાની અવસ્થા સિવાય તેનું કાંઈ કર્તવ્ય નથી, જાણવાની ઉગ્રતા થતાં અલ્પ રાગ-દ્વેષ પણ ટળી જાય છે, આમ જાણનાર જીવ ધર્મી થાય છે; ધર્મ તે ચોવીશે કલાક હોય કે કલાક-બે કલાક હોય? ધર્મીનો ધર્મ ચોવીશે કલાક હોય છે. ધર્માત્મા જીવ-સમ્યગ્દૃષ્ટિ જીવ પરથી પોતાને લાભ માનતો નથી પરંતુ તે જગતનો જ્ઞાતાદ્રષ્ટા-સાક્ષી થાય છે, કર્તા થતો નથી. આ વાત ચૌદમા ગુણસ્થાનવાળાની નથી પણ ચોથા ગુણસ્થાનવાળા અવિરતિ સમ્યગ્દૃષ્ટિની છે. કોઈ એમ કહે કે જ્ઞાનીથી ભલે પરનાં કાર્ય ન થાય પણ અમારાથી

તો પરનાં કાર્યો થાયને? કોઈથી પરનાં કાર્યો થતાં જ નથી, માત્ર ઊંધું માને છે. ૭૫.

હવે શિષ્ય પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ-ભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?

શિષ્ય પૂછે છે કે પુદ્‌ગલકર્મ સાથે જીવને વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી તેથી કર્તાકર્મપણું નથી; પણ જ્ઞેયજ્ઞાયક સંબંધ છે તેથી કર્તાકર્મસંબંધ છે કે નથી? તેનો ઉત્તર ગાથામાં કહે છે:—

**णवि परिणमदि ण गिह्लदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पुग्गलकम्मं अणेयविहं ॥ ७६ ॥**

અર્થ:—જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને જાણતો હોવા છતાં નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઊપજતો નથી.

વાત સારી છે, ઝીણી છે, ઊંચી છે. આચાર્યદેવ કહે છે કે ધર્મી જીવ-ચોથા ગુણસ્થાનવાળો જીવ-ધર્મી એટલે પૂર્ણ દશાને પ્રગટ કરનારો જીવ એમ માને છે કે પરવસ્તુને બદલાવવાની તાકાત મારામાં નથી, પરવસ્તુને હું પકડતો નથી અને તે-પણે હું ઉપજતો નથી, તે બધું જડનું કાર્ય છે, તેને જડ કરે છે.

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઉપજતું થકું તે પુદ્‌ગલપરિણામને કરે છે.

જુઓ, આમાં શું કહે છે, આ ત્રણે અવસ્થા છે-કર્મ છે-કાર્ય છે; જેમ એક ગામ હોય તે ગામને માણસ પહોંચી વળે છે તે પ્રાપ્ય, એક અવસ્થાથી બીજી અવસ્થા થવામાં જે બદલવાપણું આવ્યું તે વિકાર્ય, અને નવી અવસ્થાનું જે નીપજવું થાય તે નિર્વર્ત્ય.

જડ જડની અવસ્થાને પહોંચી વળે છે, જડ જડની અવસ્થાને બદલાવે છે, જડ જડની અવસ્થાને નીપજાવે છે.

---

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઉપજે. ૭૬.

કર્મ થવાને યોગ્ય પરમાણુ પોતાની અવસ્થાને પહોંચી વળે છે, પોતે બદલીને કર્મ થાય છે ને કર્મની અવસ્થાપણે પોતે ઉપજે છે પરંતુ તેમાં આત્મા પહોંચી વળે છે, આત્મા બદલે છે ને આત્મા ઉપજે છે તેમ નથી.

આ વાત ઝીણી છે. જો વેપારનું ટાણું હોય તો ભારે હોંશ આવે, તેમાં વળી સારું કમાણો હોય અને નામું મીંઢવાતું હોય તો એવી વાતમાં બહુ હર્ષ આવે પણ ભાઈ! આ તો આત્માનું નામું મીંઢવાય છે તેમાં બરાબર ધ્યાન રાખ તો વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજાય.

હાથ પણ ઊંચો કરવો હોય તો આત્મા કરી શકે નહિ. હાથ ઊંચો કરવામાં શરીર પોતે પહોંચી વળે છે તે પ્રાપ્ય, શરીર પોતે બદલાય છે તે વિકાર્ય અને શરીર પોતે બદલીને નવી અવસ્થા ઉપજાવે છે તે નિર્વર્ત્ય. તેમ દ્રવ્યકર્મ છે તેમાં પુદ્‌ગલ પોતે પહોંચી વળે છે. પુદ્‌ગલ પોતે કર્મની અવસ્થાપણે બદલે છે અને પુદ્‌ગલ પોતે કર્મની અવસ્થાપણે ઉપજે છે. તે કર્મને આત્મા પહોંચી વળતો નથી, આત્મા બદલતો નથી ને આત્મા ઉપજતો નથી; આત્મા તો પોતાના ભાવને પહોંચી વળે છે, પોતાના ભાવપણે બદલાય છે અને પોતાના ભાવપણે ઉપજે છે.

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણે અવસ્થામાં પુદ્‌ગલદ્રવ્ય વ્યાપીને કર્મની અવસ્થાપણે પરિણમે છે. અહીં ચૈતન્યના વિકારી પરિણામને પણ જડ કહી દીધા છે. અહીં પર્યાયદૃષ્ટિની વાત નથી પણ દ્રવ્યદૃષ્ટિની વાત છે, બે દ્રવ્યોને તદ્દન જુદાં પાડ્યાં છે.

પુદ્‌ગલદ્રવ્યની પર્યાયમાં શરૂઆતમાં પણ પરમાણુ, મધ્યમાં પણ પરમાણુ અને અંતમાં પણ પરમાણુ; તે ત્રણે જડ કર્મની અવસ્થા જડ કરે છે, જડની અવસ્થા આત્મા કરે નહિ, પુદ્‌ગલકર્મની અવસ્થાની આદિ–મધ્ય–અંતમાં પુદ્‌ગલ જ વ્યાપે છે પણ તેના આદિ–મધ્ય–અંતમાં આત્મા વ્યાપતો નથી.

માટી ઘડાને પહોંચી વળે છે, માટી ઘડાપણે બદલે છે અને માટી ઘડાપણે ઉપજે છે. માટીના ઠંડા સ્વભાવને કુંભાર પહોંચી વળતો નથી, કુંભાર ઠંડા સ્વભાવને બદલાવતો નથી ને કુંભાર ઠંડા સ્વભાવને ઉપજાવતો નથી; માટી પોતે ઘડામાં પેસી ગઈ છે, તે માટી ઘડામાં પેસીને ઘડાને પહોંચી વળે છે, તે માટી ઘડામાં પેસીને ઘડાને બદલાવે છે, તે માટી ઘડામાં પેસીને ઘડાને ઉપજાવે છે; ઘડાની શરૂઆતમાં પણ માટી, ઘડાના મધ્યમાં પણ માટી ને ઘડાના અંતમાં પણ માટી; તે માટી ઘડાને ગ્રહે છે, ઘડારૂપે બદલે છે ને ઘડારૂપે ઉપજે છે.

જેમ કુંભાર ઘડાને જાણે છે પણ ઘડામાં પેસતો નથી, તેમ ધર્મી જીવ પુદ્‌ગલ-

પરિણામને જાણે છે તોપણ બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઉપજતો નથી.

ધર્મી જીવ જડની અવસ્થામાં એટલે કે કર્મમાં, મનમાં, વાણીમાં, શરીરમાં અંદર પેસતો નથી, તેને ગ્રહતો નથી, તે-રૂપે બદલતો નથી અને તે-રૂપે ઉપજતો નથી. શરીર-વાણી-મનની અવસ્થાની શરૂઆતમાં પણ જડ, મધ્યમાં પણ જડ અને અંતમાં પણ જડ; જ્ઞાની શરીર-મન-વાણીની અવસ્થાની શરૂઆતમાં, મધ્યમાં કે અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી, તે-રૂપે બદલતો નથી અને તે-રૂપે ઉપજતો નથી. જ્ઞાની જે જે અવસ્થા થાય તેને જાણે છે તોપણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામસ્વરૂપકર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

મિથ્યાદૃષ્ટિ-મૂઢજીવ માને છે કે મેં જડનાં કામ આમ કર્યાં, કેટલાં સરસ કામ કર્યાં, એમ માનનારે પોતાનું વીર્ય ઊંધું નાંખ્યું છે. ઊંધું માનવામાં પણ અનંતું વીર્ય અને સવળું માનવામાં પણ અનંતું વીર્ય, જીવ ઊંધો પડ્યો પણ ભડ છે અને સવળો પડ્યો પણ ભડ છે, પણ ભાઈ! અનંતકાળ થયા ઊંધી માન્યતામાં અનંત જન્મ-મરણ કર્યાં, હવે જો આત્માનું હિત કરવું હોય તો સાચી સમજણ કર.

એરોપ્લેન ઉપરથી નીચે પડે છે તે જડની અવસ્થા છે. તે એરોપ્લેન ઉપરથી નીચે પડવાનું હોય ત્યારે કોઈનો ભાર નથી કે તેને રોકી શકે. જડની અવસ્થા જડ પોતે પરિણમીને થાય છે, દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર-જુદું છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યના પરિણમનને અટકાવી શકતું નથી.

કોઈ કહે કે સારાં કામ અમારાં કર્યાં થાય છે પણ તે માત્ર તેનું અભિમાન છે, સ્ત્રીઓ મોતીના ચાકળા ભરે, નાળિયેર ભરે, તોરણ ભરે, વગેરે કામ કરીને માને કે અમે કેવાં સારાં કામ કરીએ છીએ પણ તે માત્ર તેનું અભિમાન જ છે, નાળિયેર અને તોરણ વગેરે સારું થવાનું હોય ત્યારે તે કાર્યો આવડે એવા જીવનું અનુકૂળ નિમિત્ત હોય, પરંતુ મકાનના કામમાં કુશળ હોય અને આવા કામમાં કુશળ ન હોય એવા જીવનું નિમિત્ત તે વખતે અનુકૂળરૂપે હાજર ન હોય. જે કાર્ય જેવાં થવાનાં હોય તેવાં તેને અનુકૂળ નિમિત્તો મળી રહે છે પણ જો તે ચાકળાનું અને નાળિયેરનું કામ બગડવાનું હોય તો તે બાઈનો ભાર નથી કે તેને સુધારી દે, તેમાં તેનું ડહાપણ જરા પણ કામ ન આવે. ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કાંઈ પણ કરી શકે નહિ, તે કાર્ય જો સરખું થવાનું હોય તો તે વખતે અનુકૂળ નિમિત્તો હાજર હોય છે, તો પછી

જે કાર્ય થવાનું જ હતું એમાં બાઈએ શું કર્યું ? માત્ર અભિમાન કર્યું. તે દ્રવ્યમાં જ્યારે તે-રૂપે અવસ્થા પરિણમવાની હોય એટલે કે ક્ષેત્રાંતર થવાનું હોય, રૂપાંતર થવાનું હોય ત્યારે તેને અનુકૂળ નિમિત્તની હાજરી હોય જ, તે પરદ્રવ્યનું કાર્ય કોઈ કરી શકે નહિ પણ જ્યારે તે પરદ્રવ્યની અવસ્થા થવાની હોય ત્યારે તેને અનુકૂળ નિમિત્તની હાજરી હોય એટલો માત્ર નિમિત્તનૈમિત્તિકસંબંધ છે, પણ કર્તાકર્મ સંબંધ તો છે જ નહિ. રજકણની અવસ્થાનો જે ક્રમ છે તે ક્રમ પ્રમાણે દ્રવ્યમાંથી પર્યાય પરિણમ્યા જ કરે છે, પ્રવહ્યા જ કરે છે, તે વખતે જે નિમિત્ત હાજર હોય તે એમ માને કે આ કાર્ય મેં કર્યું તે તેનું અજ્ઞાન છે.

જ્ઞાની જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મને જાણે છે, તોપણ કર્તા થતો નથી. જ્ઞાની જીવને પરદ્રવ્ય સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે તોપણ કર્તાકર્મ સંબંધ નથી. પુદ્‌ગલદ્રવ્યની પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપ અવસ્થામાં પુદ્‌ગલ વ્યાપે છે, તેના આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ વ્યાપે છે; જ્ઞાની તેને જાણે છે તો પણ તેમાં વ્યાપતો નથી માટે તેને પુદ્‌ગલદ્રવ્ય સાથે કર્તાકર્મ ભાવ નથી. ધર્મી જીવ જડ પદાર્થની કોઈ પણ અવસ્થાને કરતો નથી, બદલાવતો નથી ઉપજાવતો નથી, માટે તેને કર્તાકર્મભાવ નથી.

પરમાણુનો એવો સ્વભાવ છે કે એક સમયમાં નીચે સાતમી નરકની પાતાળથી મુક્તિશિલા સુધી તે ચાલ્યો જાય છે, તેવી તાકાત એક પરમાણુમાં છે, આવી શક્તિ પુદ્‌ગલદ્રવ્યમાં છે તો પણ અજ્ઞાનીને એવો ભ્રમ થઈ ગયો છે કે હું તેને બદલાવું છું, તે માત્ર તેનું અજ્ઞાન છે. એક આત્મા પણ બીજા આત્માની અવસ્થાને કરી શકે નહિ, બદલાવી શકે નહિ, ઉપજાવી શકે નહિ. દરેક દ્રવ્યો પોત-પોતામાં સ્વતંત્ર પરિણમી રહ્યા છે.

પરવસ્તુ બદલાય તેને જ્ઞાન જાણે છે પણ કર્તા થતો નથી. આ સિદ્ધાંતમાં તો મોટા અજ્ઞાની પણ મૂંઝાઈ ગયા છે કે આ શું કહે છે? શરીરનું ન કરી શકાય, ફલાણાનું ન કરી શકાય, વગેરેનું ન કરી શકાય, આ શરીર તો પ્રયોગસા પુદ્‌ગલ છે. માટે તેને ચૈતન્ય બદલાવી શકે છે, આવું માનનારની ઘણી જાડી બુદ્ધિ, ઘણી સ્થૂળ બુદ્ધિ છે. જે ન સમજે તેને સમજાવવા જગતમાં કોણ સમર્થ છે? તીર્થંકરદેવ પણ નિમિત્તમાત્ર છે. પોતે જાગીને સમજે ત્યારે સમજી શકે છે. તે પ્રયોગસા અને વિસ્રસાનો એવો અર્થ છે કે એકલા પુદ્‌ગલપરમાણુ હોય તેને વિસ્રસા કહેવાય અને ચૈતન્યનું નિમિત્ત જે પુદ્‌ગલમાં હોય તેને પ્રયોગસા પુદ્‌ગલ કહેવાય છે તેથી કાંઈ એમ નથી કે જીવ તે પુદ્‌ગલનો કર્તા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહિ, તે સિદ્ધાંત અખંડ રાખીને બધી વાત સમજવી.

શરીરમાં ડાબાં-જમણાં શૂળ આવે, તાવ આવે, ઊલટી થાય વગેરે અનેક જાતના રોગ આવે તેનો આત્મા જાણનાર છે, પણ કર્તા નથી. જો કર્તા થતો હોય તો શૂળને બદલાવી દે, તાવને મટાડી દે, ઊલટીને બેસાડી દે, પણ તેમ તો થતું નથી. જ્યારે તે રોગને મટવું હોય ત્યારે મટે છે, આત્મા તેનો જાણનાર છે પણ કર્તા નથી.

નિર્વર્ત્ય એટલે નિપજાવવું. જેમકે સૂતરના તાણાવાણાથી વસ્ત્રનું નિપજાવવું, તે તાણાવાણામાં તાકાત હતી તેનાથી તે વસ્ત્ર નિપજ્યું છે પરંતુ તાણાવાણાથી વસ્ત્ર બન્યું તે-જીવથી નીપજ્યું નથી. જો તે જીવે વસ્ત્ર નિપજાવ્યું હોય તો તાણાવાણા સૂતરના ન હોય અને તેના હાથમાંથી વસ્ત્ર નિપજાવી દીયે, અથવા પત્થરનું વસ્ત્ર નીપજાવી દે? એમ તો કાંઈ કરી શકતો નથી. મફતનું ખોટું અભિમાન કરી અજ્ઞાનને પોષે છે.

રોટલો બળી જવાનો હોય ત્યારે બાઈના હાથે વીંછી કરડે, કાં તો હાથ દાઝી જાય. વસ્તુ, વસ્તુની અવસ્થાપણે થાય તેમાં જે જીવો એમ માને છે કે અમારા ડહાપણથી થયું તેને વીતરાગદેવ કહે છે કે આ અમારો ભક્ત નથી, આ અમારો દાસ નથી પરંતુ તે જડનો ભક્ત અને જડનો દાસ છે.

આત્મા તો અમૂર્તિક છે. તે જો ભૂલ કરે તોપણ પોતાની અવસ્થામાં ભૂલ કરે પણ પર-જડમાં ભૂલ કરે કે ગુણ કરે તે કેમ બની શકે? આત્માનો સ્વભાવ તો જ્ઞાન છે, તેની અવસ્થા પણ જ્ઞાનરૂપ જ છે, તે પુદ્‌ગલની અવસ્થાનો કર્તા કેમ હોઈ શકે? આત્મા ભૂલ કે ગુણ આત્મામાં કરે પણ પરવસ્તુમાં ભૂલ-ગુણ કરી શકે જ નહિ. જડની અવસ્થાનું ગમે તે રીતે પરિણમવું તે પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન છે. આવું ભેદજ્ઞાન કરીને વસ્તુસ્વભાવને જે યથાર્થ જાણે, શ્રદ્ધે અને તે અનુસાર સ્થિર થાય તે જ વીતરાગનો ભક્ત છે-દાસ છે.

૧૯૯૯, આસો વદ ૫ સોમ.

કર્તાકર્મ અધિકાર ચાલે છે. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યસ્વરૂપ પુદ્‌ગલકર્મને પુદ્‌ગલ કરે છે, આત્મા કરતો નથી. જે કોઈ પર્યાય પ્રથમ ન હોય પણ નવીન જ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે-જેમકે અનાદિથી આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ નહોતી તે કર્તાએ પુરુષાર્થ વડે પ્રગટ કરી તે આત્માનું નિર્વર્ત્ય કર્મ છે. એક અવસ્થાથી બીજી અવસ્થાનું જે બદલવું તે કર્તાનું વિકાર્ય કર્મ છે અને પદાર્થ જે છે તેને પહોંચી વળે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.

હવે શિષ્ય પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી?

આગલી ગાથામાં પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી, તેમ પૂછયું હતું; અને અહીં એમ પૂછયું કે નિજ પરિણામને જાણતો જીવ પુદ્‌ગલકર્મને કરે કે નહિ?

શિષ્ય કહે છે કે પ્રભુ! આત્માના સ્વભાવને જાણે કે હું જ્ઞાનસ્વરૂપ છું, પવિત્રસ્વરૂપ છું, અનંત ગુણપર્યાયનો પિંડ છું એમ પોતાના સ્વભાવને અને પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણોના પર્યાયોને જાણતા થકા પરનું જ્ઞાન સાથે આવી જાય છે, તો પછી જેમ પરનું જ્ઞાન સાથે આવી જાય છે તેમ પરની પર્યાય પણ આત્મામાં આવી જાય કે નહિ? તે પરની પર્યાય-જડની પર્યાય આત્માનું કર્મ થઈ શકે કે નહિ? તેનો ઉત્તર કહે છે.

णवि परिणमदि ण गिह्लदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं ॥७७॥

અર્થ:— જ્ઞાની અનેક પ્રકારના પોતાના પરિણામને જાણતો હોવા છતાં નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઉપજતો નથી.

જ્ઞાની એટલે ભગવાનનો ભક્ત, ભગવાનનો દાસ તે પોતાના આત્માના અનેક તરેહના પરિણામને જાણતો થકો પુદ્‌ગલકર્મની અવસ્થાને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી, અને તે-રૂપે ઉપજતો નથી. ધર્મી-જ્ઞાની તો સ્વ અને પર બન્નેને જાણ્યા જ કરે છે એટલે તે પોતાની જાણવાની અવસ્થાને કર્યા કરે છે પણ જડકર્મની અવસ્થાને કરતો નથી, સમકિતી પોતાના દ્રવ્યનું અને પર દ્રવ્યનું સ્વરૂપ બરાબર જાણે છે, બન્ને દ્રવ્યની સ્વતંત્રતા પણ બરાબર જાણે છે, બન્ને દ્રવ્યની ભિન્નતા બરાબર જાણે છે, પોતાના દ્રવ્યમાં પર પેસી શકે નહિ અને પરમાં પોતે પેસી શકે નહિ. પોતામાં પોતે છે અને પરમાં પર છે એવું સ્પષ્ટ જ્ઞાન હોવાથી પર દ્રવ્ય મારું કર્મ છે અને હું એનો કર્તા છું. એવો ભાવ જ્ઞાનીને થતો જ નથી.

જડની અવસ્થાનો કર્તા હું અને મારી અવસ્થાનો કર્તા જડ, તે મારું કર્મ

---

વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઉપજે. ૭૭.

અને હું એનું કર્મ, એમ માનનાર ભગવાનનો ભક્ત હોઈ શકે નહિ; આવું ઊંધું માને અને કહે કે અમે ભગવાનના ભક્ત છીએ, ભગવાનના દાસ છીએ તે તદ્દન જૂઠાબોલા છે; વીતરાગના સ્વરૂપને જાણે નહિ તે વીતરાગનો દાસ કેવો? વીતરાગનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ બન્ને એક જ છે માટે જેણે વીતરાગનું સ્વરૂપ જાણ્યું તેણે આત્માનું સ્વરૂપ જાણ્યું જ હોય અને જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું તેણે વીતરાગનું સ્વરૂપ જાણ્યું જ હોય માટે જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી અને કહે કે અમે વીતરાગનું સ્વરૂપ જાણ્યું છે, અમે વીતરાગના ભક્ત છીએ તે તદ્દન જૂઠાબોલા છે. તે વીતરાગદેવનો ભક્ત નથી પણ જડનો ભક્ત છે, જડનો દાસ છે.

અજ્ઞાની જીવો જડ શરીરમાં મમતા કરી બેઠા છે કે શરીર મારું છે અને હું એનો છું એમ શરીરમાં એકત્વબુદ્ધિ કરીને બેઠા છે તેથી શરીરમાં શાતાશીળીયાપણું પોષી રહ્યા છે. શરીર તો રોટલા ને દાળ ભાતમાંથી બન્યું છે, રોટલા જ્યાંસુધી ગરવામાં પડયા હતા ત્યાંસુધી શરીરની માફક મારાપણાની મમતા નહોતો કરતો પણ જ્યાં તે રોટલા શરીરની અવસ્થાપણે થયા-રોટલામાંથી આ શરીરનું ઢીંગલું બન્યું એટલે મમતા કરી બેઠો, ધૂળના ઢેફાના રજકણ દૂર હતા ત્યાંસુધી કાંઈ નહોતું પણ તે રજકણો નજીક આવ્યા. લોહીપણે-શરીરપણે થયાં એટલે મમતા કરી બેઠો, શરીર સાથે એકત્વ-પણું કરી બેઠો. અરે ભાઈ! તે રજકણો દૂર હોય તોપણ તારાથી ભિન્ન પદાર્થ છે અને નજીક હોય તોપણ તારાથી ભિન્ન પદાર્થ છે તેમાં તે મમતા કરી તે તારી પોતાની ભૂલ છે.

કોઈ કહે કે કોઈ માણસ દૂર હોય તો આપણને કાંઈ ન થાય પણ પાડોશી થાય એટલે કાંઈક અસર થાય; પણ ભાઈ! તેં મમતા કરી એટલે અસર થઈ કહેવાય છે. તે માણસ તો તારાથી ભિન્ન છે. તે નજીક હોય કે દૂર હોય તેથી કાંઈ રાગ થતો નથી પણ તું તેમાં મમતા કરીને અટકે છે તેથી મમતા થાય છે; પાડોશીને કાંઈ સુખ-દુઃખ આવી પડે તો તને કાંઈ થતું નથી માટે નજીક હોય કે દૂર હોય, પણ જુદા પદાર્થ છે તે જુદા જ છે.

શરીર-મન-વાણી, પુણ્ય-પાપના પરિણામ આત્માની નજીક છે તોપણ જ્ઞાની તેનો કર્તા થતો નથી પણ માત્ર તેને જાણે જ છે. જુદા પદાર્થ નજીક હોય કે દૂર હોય પણ જે જુદા છે તે જુદા જ છે, જુદા પદાર્થમાં કર્તાકર્મભાવ હોય જ નહિ, માટે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા થતો નથી.

દીવાનો પ્રકાશ તો દૂર હોય તોપણ પ્રકાશે છે ને નજીક હોય તોપણ પ્રકાશે છે; તેમ ચૈતન્યદીવો-જ્ઞાનદીવો પરદ્રવ્યો દૂર હોય તો પણ તેને જાણે છે અને નજીક હોય તો પણ

તેને જાણે છે. ચૈતન્યદીવો તો પ્રકાશ્યા જ કરે છે, એને નજીક-દૂર સાથે કાંઈ નિસબત જ નથી. અજ્ઞાની જીવ પરદ્રવ્યો નજીક આવ્યાં એટલે મમતા કરી બેઠો કે આ મારાં છે, તેનું કારણ માત્ર અજ્ઞાનતા જ છે. જ્યારે માતાના ઉદરમાંથી જન્મ્યો ત્યારે આ શરીરનું કાંઈ નામ જ નહોતું પછી ફૈબાએ નામ પાડ્યું પાનાચંદ, તો પણ છ આઠ મહિના સુધી તો તેને ખબર જ નહોતી; પછી બધા કહેવા લાગ્યા કે 'તું પાનાચંદ, તું પાનાચંદ,' એટલે એને થઈ પડ્યું કે હું પાનાચંદ લાગુ છું; બધા મારી સામે જોઈ ને પાનાચંદ-પાનાચંદ કરે છે માટે હું જ પાનાચંદ લાગું છું, એમ કરતાં કરતાં એને થઈ ગયું પાકું કે હું પાનાચંદ જ છું; પછી તેને રાતમાં કોઈ સાદ પાડે કે 'એ પાનાચંદ' તો કહેશે 'હં' એવી એકત્વબુદ્ધિ શરીર સાથે, નામ સાથે, વાણી સાથે વગેરેમાં થઈ ગઈ, પછી તેને કોઈ જ્ઞાની મળે અને કહે કે ભાઈ! તું પાનાચંદ નહિ, એ તો માત્ર શરીરનું નામ પાડ્યું છે, આ શરીર તે પણ તું નહિ, વાણી તે પણ તું નહિ, તું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે તો કહેશે 'ના, હું તો પાનાચંદ જ છું' એ લઢી લઢીને થઈ ગયું પાકું, તે હવે કેમ મૂકાય? એ રીતે અજ્ઞાની પોતાનો આગ્રહ મૂકતો નથી પણ આત્મહિતનો પિપાસુ થાય તે પોતાનો આગ્રહ મૂકી દે.

જાણવાની અવસ્થા આત્મામાંથી આવી છે, પોતામાંથી જ આવી છે, પોતે જ પોતાની પર્યાયને પહોંચી વળ્યો છે તે પ્રાપ્ય, પોતે જ તે પર્યાયરૂપે પરિણમ્યો છે એટલે કે બદલ્યો છે તે વિકાર્ય, અને પોતે જ તે પર્યાયરૂપે ઉપજ્યો છે તે નિર્વર્ત્ય. જ્ઞાનની અવસ્થામાં પોતે જ અંતર્વ્યાપક થઈને, એટલે કે પોતે જ પ્રસરીને, પોતે જ લંબાઈને તે અવસ્થાને ઉત્પન્ન કરે છે. તે અવસ્થાની શરૂઆતમાં પણ આત્મા; મધ્યમાં પણ આત્મા અને અંતમાં પણ આત્મા જ છે; તે જ્ઞાનની અવસ્થાને પોતે જ પકડી છે, એટલે કે પોતે જ ગ્રહી છે, જ્ઞાનની એક અવસ્થાથી બીજી અવસ્થા થાય તેમાં પોતે જ પરિણમ્યો છે, એક અવસ્થાથી બીજી અવસ્થા ઉપજે તેમાં પોતે જ ઉપજતો થકો તે જ્ઞાનની અવસ્થાને કરે છે.

આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રના પરિણામને પોતે પકડે છે, પોતે તે-રૂપે થાય છે અને પોતે તે-રૂપે બદલીને ઉપજે છે. પરદ્રવ્ય અને પરભાવથી જુદા ચૈતન્યદ્રવ્યની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન, પરથી જુદા આત્મતત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, પરથી જુદા આત્મતત્ત્વમાં રમણતા તે સમ્યક્ચારિત્ર. આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્વસંવેદનરૂપ ચારિત્ર વગેરે અનેક તરેહની પોતાની અવસ્થાને આત્મા જાણે ખરો, પણ તેને જાણતાં છતાં પરદ્રવ્યની અવસ્થારૂપે પોતે થતો નથી.

જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, એટલે કે માટી પોતે ઘડામાં પ્રસરીને, ઘડાની આદિમાં પણ માટી, ઘડાના મધ્યમાં પણ માટી અને ઘડાના અંતમાં પણ માટી એમ ઘડાની બધી અવસ્થામાં માટી પોતે વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઉપજે છે.

માટીમાંથી ક્રમે ક્રમે ઘડો થયો, તે ઘડાની અવસ્થાને માટીએ પકડી છે પણ કુંભારે પકડી નથી, માટી તે ઘડારૂપે પરિણમી છે પણ કુંભાર પરિણમ્યો નથી, માટી પોતે જ પિંડામાંથી બદલીને ઘડારૂપે ઉપજી છે; તેમ જ્ઞાનીએ આત્મામાં થતી શ્રદ્ધા, જ્ઞાન, અને રમણતાની અવસ્થાને પોતે જ પકડી છે પરંતુ જડ રજકણો કે વિકાર ભાવોએ તે અવસ્થા પકડી નથી, તે શ્રદ્ધા-જ્ઞાન વગેરેની અવસ્થામાં જ્ઞાનીનો આત્મા જ પરિણમ્યો છે, પણ આઠ કર્મનાં રજકણો કે વિકારી ભાવો તે અવસ્થારૂપે પરિણમ્યા નથી-થયા નથી, શ્રદ્ધા-જ્ઞાન વગેરેની અવસ્થામાં જ્ઞાની પોતે જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપે બદલીને ઉપજે છે પણ આઠ કર્મ કે વિકારી ભાવો તે અવસ્થારૂપે ઉપજતા નથી.

આઠ કર્મના રજકણોમાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને એટલે કે તેમાં વ્યાપીને તેને પકડતો નથી, તે-રૂપે થતો નથી, તે-રૂપે ઉપજતો નથી; આત્મા કર્મ પરમાણુની અવસ્થાપણે કોઈ કાળે પણ થતો નથી, તે કર્મની શરૂઆતમાં, તેના મધ્યમાં કે તેના અંતમાં ક્યારે પણ આત્મા તેને ગ્રહતો નથી, તે-રૂપે થતો નથી, તે-રૂપે ઉપજતો નથી, માટે ધર્મી જીવ-જ્ઞાની જીવ પોતાના જ્ઞાનની થતી તે ટાણાની અવસ્થાને જાણે છે પણ તે ટાણે જડ કર્મની અવસ્થાને પકડતો નથી, તે-રૂપે થતો નથી અને તે-રૂપે ઉપજતો નથી.

આવો કર્તાકર્મનો અધિકાર બીજે ક્યાંય નથી. અત્યારે આ ભરતક્ષેત્રમાં જેટલા શાસ્ત્રો છે, તેમાં આ સમયસાર સિવાય બીજે ક્યાંય આવો અધિકાર નથી.

આચાર્યદેવ આ ગાથામાં એમ બતાવે છે કે તું તારી અવસ્થાને પકડ, તેમાં પરિણમ, અને તેમાં ઉપજ. તે સિવાય તું બીજું કાંઈ પણ કરી શકે તેમ નથી. જડનો કર્તા તો અજ્ઞાની પણ થઈ શકતો નથી પણ તે માને છે કે હું જડનો કર્તા થઈ શકું છું. અરે! બીજી ચીજ તો આઘી રહી પણ કર્મ ને શરીર તો નજીક છે છતાં તેમાં પણ તારો હાથ નથી, તેનું પણ તું કાંઈ કરી શકતો જ નથી, તે પણ સ્વતંત્ર છે ને તું પણ સ્વતંત્ર છો. કેટલાક કહે છે કે શરીરનું તો અમે કરી શકીએ છીએ, ત્યારે જ્ઞાની તેને કહે છે કે જો તું શરીરનું કરી શકતો હો તો જ્યારે શરીરમાં પક્ષઘાત થઈ

જાય છે, હાથ પગ વાયે ઝલાઈ જાય છે, પગે મોટાં સરખાઈનાં ગૂમડાં થયાં હોય ત્યારે પણ સજ્જડબંબ થઈ જાય છે ત્યારે પગ ચલાવવાની ઇચ્છા હોય તો પણ પગ ચલાવી કેમ શકતો નથી? જો તું કર્તા હો તો તે વખતે હાથ પગને ચલાવી દે, પણ ક્યાંથી ચલાવી દે! પરનો કર્તા જ નથી છતાં પણ જગતના જીવો ખોટાં અભિમાનમાં તણાઈ જાય છે. જુઓને! કેટલાક માણસનું માથું જ ધ્રૂજ્યાં કરે છે, ધ્રૂજવાં ન દેવાની તેની ઘણી ઇચ્છા હોય પણ શું કરે? પરદ્રવ્ય ક્યાં એના તાબાની ચીજ છે. અરે! એક માણસને તો આખું શરીર ધ્રૂજ્યા કરતું હતું તેથી તે આર્ત્તધ્યાન કરી કરીને દુ:ખી થતો હતો, તેના હાથ તો ચોવીશે કલાક જમીન સાથે ઘસાયા જ કરતા હતા, એવી સ્થિતિમાં શરીરને સરખું રાખવાની આત્માને ઘણી ઇચ્છા હોય પણ પરદ્રવ્ય એને તાબે નથી એટલે એની ઈચ્છા પ્રમાણે બનતું જ નથી માટે જડનો કર્તા આત્મા નથી એમ સિદ્ધ થાય છે.

જીવો એમ બોલે છે કે 'અજીવને જીવ માને તે મિથ્યાત્વ છે' પણ શરીરને આત્મા એક માન્યા તેણે અજીવને જીવ જ માન્યો, અજીવની જેટલી જેટલી અવસ્થા છે તે બધી અજીવરૂપ જ છે. અજીવની એક પણ અવસ્થા મારાથી થઈ એમ જેણે માન્યું તેણે ત્રણે કાળના અજીવની અવસ્થાને પોતાથી થઈ એમ માન્યું અને જેણે અજીવની એક પણ અવસ્થાને પોતાપણે ન માની તેણે અજીવની ત્રણકાળની અવસ્થાને પોતાપણે નથી માની. સર્વ વસ્તુ સ્વતંત્ર જુદી છે એમ સમજીને જ્ઞાની જીવ પરનો કર્તા થતો નથી. ૭૭.

હવે પૂછે છે કે પુદ્ગલકર્મનાં ફળને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તા-કર્મભાવ છે કે નથી?

શિષ્ય પૂછે છે કે પ્રભુ! આત્મા કર્મનાં ફળને જાણે છે તો કર્મનાં ફળને જાણતાં તે કર્મનું ફળ આત્માનું કાર્ય થાય એવો કાંઈ મેળ છે કે નહિ? જ્ઞાન જાણે તો છે કે આ શરીર આવું સુંદર છે. આ શરીર નીરોગી છે, આ શરીર રોગવાળું છે, આ સ્ત્રી-પુત્ર વગેરે, કુટુંબ અનુકૂળ કે પ્રતિકૂળ મળ્યું, આટલા પૈસા મળ્યા, આટલા પૈસા ગયા, મકાન આવું ત્રણ માળવાળું મળ્યું વગેરે પુદ્ગલકર્મનાં ફળને જાણતાં તે પુદ્ગલ-કર્મ આત્માનું કાર્ય થાય ને આત્મા તેનો કર્તા થાય તેવો કર્તાકર્મસંબંધ છે કે નથી? તેનો ઉત્તર આ ગાથામાં કહે છે.

**णवि परिणमदि ण गिह्लदि उप्पज्जदि ण परदव्वपज्जाए ।**
**णाणी जाणंतो वि हु पुग्गलकम्मफलमणंतं ।। ७८ ।।**

અર્થ:— જ્ઞાની પુદ્‌ગલ કર્મનું ફળ કે જે અનંત છે તેને જાણતો હોવા છતાં પરમાર્થે પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઉપજતો નથી.

ધર્મી એટલે વીતરાગનો ભક્ત, વીતરાગનો દાસ, તે કર્મનાં અનંત ફળને જાણે છે પણ કર્તા થતો નથી, શરીરમાં રોગ આવે, નીરોગતા આવે, વાણી સરખી બોલાય કે ન બોલાય, તે બધાં કર્મનાં ફળ છે; એક બીજાના ઘરમાં ફેર, પૈસામાં ફેર, શરીરના આકારમાં ફેર, કંઠમાં ફેર તેવાં કર્મનાં ફળ અનંત પ્રકારનાં છે, અનંત પ્રકારનાં ફળને જ્ઞાન જાણે છે તેથી જાણનાર પણ અનંત સામાર્થ્યવાળો છે.

પુણ્યનો યોગ હમણાં સારો વર્તે છે, પૈસા સારા છે, આબરૂ સારી છે, છોકરાં સારા છે વગેરે ચારે બાજુની સરખાઈ છે એમ અજ્ઞાની જીવ કર્મનાં ફળમાં તન્મય થઈ જાય છે, કર્તા થઈ જાય છે; પણ જ્ઞાની તે બધાં પુણ્યનાં ફળને જાણે છે છતાં તેનો કર્તા થતો નથી, જ્ઞાની અનુકૂળ-પ્રતિકૂળ બન્ને પ્રસંગને જાણે છે તોપણ તેનો કર્તા-હર્તા થતો નથી; જ્યારે જેવું કર્મનું ફળ આવે ત્યારે તેવું જ જ્ઞાની જાણે છે. તો પણ તેને આત્મા સાથે કાંઈ પણ કર્તાકર્મસંબંધ નથી. ધર્મી જીવ કર્મનાં ફળને પોતાનું માનતો નથી. પુણ્ય અને પાપનાં જે ફળ આવે તે બધાં ફળ પુદ્‌ગલમાં આવે છે, કર્મનું ફળ જડમાં આવે છે પણ કાંઈ આત્મામાં આવતું નથી તેથી આત્માને તેની સાથે કર્તાકર્મ-સંબંધ નથી.

હર્ષ-શોકના જે જે પ્રસંગ બને છે તેમાં જડ કર્મ ફળ્યું છે, જડ તેમાં પહોંચી વળે છે, જડે તેને ગ્રહ્યા છે અને જડ તેમાં ઉપજે છે. જે જેને ગ્રહે, જે જેમાં બદલે, જે જેમાં ઉપજે તે કાર્ય તે પદાર્થનું જ હોય. પુદ્‌ગલકર્મનું ફળ આવે છે તે પુદ્‌ગલદ્રવ્યનું જ કાર્ય છે, અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોમાં જડ પોતે અંતર્વ્યાપક થઈને એટલે કે જડ લંબાઈને-વ્યાપીને પ્રસરે છે. પુદ્‌ગલકર્મનાં ફળની આદિમાં પણ પુદ્‌ગલ, તેના મધ્યમાં પણ પુદ્‌ગલ અને અંતમાં પણ પુદ્‌ગલ તેને ગ્રહે છે, તે-રૂપે થાય છે અને તે-રૂપે ઉપજે છે અને સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળને કરે છે.

---

પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઉપજે. ૭૮.

શિયાળામાં સાલમપાક ખાવા મળે, મૂસળીપાક ખાવા મળે તે બધું કર્મનું ફળ છે, શરીરમાં ટાઢિયો કે ઊનો તાવ આવે તે બધું કર્મનું ફળ છે. કેટલાક કહે છે કે શિયાળામાં સાલમપાક ખાઈએ તો શરીર મજબૂત રહે, પણ ભાઈ! શરીરને કેમ પરિણમવું તે તારે હાથ નથી, શિયાળામાં સાલમપાક ખાધો હોય તો પણ ત્રીજે દિવસે મરી જાય છે, આયુષ્ય પ્રમાણે શરીર રહે તેમાં તું કહે, 'મારું રાખ્યું રહ્યું', તે તારી ભ્રમણા છે. સાલમપાક ખાવાથી કદાચિત શરીરમાં પુષ્ટિ પણ થાય, છતાં પુષ્ટિ થઈ તે પુણ્ય કર્મનું ફળ છે પરંતુ સાલમપાકે પુષ્ટિ કરી નથી; તે વખતે શરીરમાં પુષ્ટિ થવાની યોગ્યતા હતી તેથી તેને અનુકૂળ નિમિત્ત મળી જાય. કેટલાક માણસો ચૂરમાના લાડવા ખાય ને કફ થઈ જાય છે તે બધું પુદ્‌ગલકર્મનું ફળ છે, સાલમપાક ખાવાનો અને ચૂરમાના લાડવા ખાવાનો રાગ તે ઊંધા પુરુષાર્થ વડે જીવની પર્યાયમાં થાય છે, પણ સાલમપાક અને ચૂરમાના લાડવા શરીરમાં કફ રૂપે કે પુષ્ટિ રૂપે પરિણમે તે બધું પુણ્ય-પાપના ઉદય પ્રમાણે બને છે, જીવ તેનો કર્તા નથી.

શરીરમાં જ્યારે રોગનો ઉદય આવે અને બંધકોસ મોળા પડે ત્યારે સો સો ઝાડા થઈ જાય, પછી આત્મા તેને રોકવા ધારે તો રોકી શકે નહિ, માટે તે જડ રજકણનું પરિણમન છે. તે રોગની આદિ, મધ્ય ને અંતમાં જડ રજકણો જ વ્યાપે છે, આત્મા તેમાં વ્યાપતો નથી.

શરીરની સ્થિતિ લાંબી-ટૂંકી રહેવી તે બધું કર્મનું ફળ છે. સુખ-દુઃખ આદિ રૂપ જે કાર્ય આવે છે તે પુદ્‌ગલકર્મનું ફળ છે, તેમાં પુદ્‌ગલકર્મ જ વ્યાપીને તેનો કર્તા થાય છે.

જેમ માટી પોતે જ ઘડામાં તેના આદિ, મધ્ય, અંતમાં વ્યાપીને તેને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે, ઘડારૂપે ઉપજે છે, તેમ જ્ઞાની બાહ્યસ્થિત એવાં પુદ્‌ગલકર્મનાં ફળમાં વ્યાપતો નથી, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઉપજતો નથી.

પ્રશ્નઃ— શરીરમાં બેહદ રોગ થઈ જાય તો પછી રોગની અવસ્થારૂપે આત્મા પરિણમે કે નહિ?

ઉત્તરઃ— ના રે ના, શરીરના રોગરૂપે આત્મા પરિણમે નહિ. ડાબા-જમણાં શૂળ ઊપડે, શરીરમાં ભીંસ થાય, ગળત કોઢ થાય, વગેરે રોગમાં તે વખતે તેવા પરિણમનરૂપે કર્મ ફળ્યું છે, તેમાં આત્મા ફળ્યો નથી પણ પુદ્‌ગલ ફળ્યું છે. ગમે તેવા રોગ શરીરમાં થાય તો પણ આત્મા તે રોગની અવસ્થારૂપે પરિણમે નહિ, કારણ કે બન્ને પદાર્થ ભિન્ન છે.

જેમ ઘડામાં માટી વ્યાપે છે પણ કુંભાર વ્યાપતો નથી તેમ બાહ્યસ્થિત એવા અનુકૂળતાના ગંજ અને પ્રતિકૂળતાના ગંજમાં જ્ઞાની વ્યાપતો નથી, અનુકૂળતા કે પ્રતિકૂળતાના પ્રસંગો સુખ-દુઃખ થવાનું બાહ્ય કારણ છે એટલે કે રાગદ્વેષ થવાનું બાહ્ય કારણ છે પરંતુ તે રાગ-દ્વેષ કરાવી દેતાં નથી, પોતાના પુરુષાર્થની મંદતાથી રાગ-દ્વેષ થાય છે; પરંતુ તેમાં પણ જ્ઞાની એકત્વબુદ્ધિથી વ્યાપતો નથી, અલ્પ અસ્થિરતા થાય તેની અહીં વાત નથી. અહીં તો બહારના અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગો પુદ્ગલકર્મનું ફળ છે અને રાગ-દ્વેષ પણ પુદ્ગલકર્મનું ફળ છે બન્નેને એકમાં લઈ લીધા છે, એક બાજુ આખું જડનું દળ અને બીજી બાજુ આખુ શુદ્ધ ચૈતન્યનું દળ લીધું છે. પુદ્ગલ-કર્મનાં સુખદુઃખાદિરૂપ કર્મફળને જાણતા છતાં પણ જ્ઞાની તેને ગ્રહતો નથી, તે-રૂપે થતો નથી અને તે-રૂપે ઉપજતો નથી.

કેટલાકને એમ થાય કે આવી મોંઘવારી, દાણા મોંઘા, લુગડાં મોંઘાં, વગેરે બધી ચીજ મોંઘી, માટે આવા ટાઈમમાં બીજા ક્ષેત્રે હોઈએ તો સારું; તેમ માને પણ જે ક્ષેત્રે ને જે સંયોગ વડે તારું શરીર પોષાવાનું હોય તેમ પોષાય, તેમાં કેમ કરવું તે તારા હાથની વાત નથી. અહીં ન હોઉં અને બીજા ક્ષેત્રમાં હોઉં તો સારું એવા ભાવ જીવો કરી શકે પણ ભાઈ! જે કર્મના ફળપણે ગ્રહાવું, બદલાવું અને ઊપજવું થાય છે તે તારા હાથની વાત છે જ નહિ.

જ્ઞાની જાણે કે શરીરને પોષાવાના પ્રસંગો જે રીતે બને તે કાર્ય બધું જડનું જ છે, તેનો કર્તા-હર્તા હું છઉં જ નહિ, હું તો મારા જ્ઞાનસ્વરૂપનો કર્તા છું, એવું જ્ઞાન થતાં પરનું અભિમાન ટળી જાય છે અને તેટલા પ્રમાણમાં પોતે જ્ઞાતા થઈ જાય છે તેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ પણ અટકી જાય છે. જ્ઞાની અનુકૂળતા કે પ્રતિકૂળતાના પ્રસંગને જાણે ખરા, પણ મેં આમ કર્યું માટે આમ અનુકૂળતા-પ્રતિકૂળતા થઈ તેમ માને નહિ અને અનુકૂળતા-પ્રતિકૂળતામાં સુખ-દુઃખની કલ્પના પણ કરે નહિ, હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા જ છું, તે સ્વભાવના કાર્ય સિવાય બીજું કાંઈપણ કાર્ય મારું છે જ નહિ એમ જ્ઞાની માને છે, માટે તે સદાય સુખિયા છે, જ્ઞાનીને અલ્પ હર્ષ-શોક થાય છે તે પર સંયોગોને લઈને થતા નથી, કર્મને લઈને થતા નથી, પોતાના સ્વભાવને કારણે થતા નથી પણ પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે થાય છે તેમ જ્ઞાની સમજે છે. અલ્પ હર્ષ-શોક થાય છે તેને અહીં ગણ્યા નથી.

દુનિયા કહે છે ચેતતા નર સદાય સુખી, દાણા, પૈસા વગેરે ચીજો સંઘરીએ તો સુખી થઈએ પણ ભાઈ! તે બધી તારા હાથની વાત નથી, સંઘરેલા દાણા કે પૈસા

રહેશે કે નહિ રહે તેનો ક્યાં ભરોસો છે ? તું તે ચીજોને સંઘરવાનો તારો રાગ કરી શકે છે, બાકી જડનાં કાર્યો કેમ થવાં તે તારા હાથની વાત નથી. જડને આત્મા પકડી શકતો નથી, જડને આત્મા રાખી શકતો નથી.

અનુકૂળ રાજમાં રહું તો પછી ધર્મ થાય એમ અજ્ઞાની માને છે, પણ ભાઈ! અનુકૂળ રાજ કે પ્રતિકૂળ રાજ તે કાંઈ આત્માના ધર્મને અટકાવતું નથી. પુણ્યનો ઉદય હોય તો અનુકૂળ રાજા મળે અને પાપનો ઉદય હોય તો પ્રતિકૂળ રાજા મળે પણ તેથી કાંઈ આત્માનો ધર્મ અટકતો નથી. અનુકૂળ રાજા હોય તો ધર્મ કરી શકું તે વાત તદ્દન જૂઠી છે અને પ્રતિકૂળ રાજા મળ્યો માટે ધર્મ ન કરી શકું તે વાત પણ તદ્દન જૂઠી છે, પોતાના પુરુષાર્થની ઉગ્રતાએ પોતે આગળ જાય છે પરંતુ અજ્ઞાની નિમિત્તનો દોષ કાઢે છે કે નિમિત્તે મને આગળ જવા ન દીધો અટકાવી દીધો.

અજ્ઞાની કહે છે કે પૂર્વે પુણ્ય-પાપ કર્યાં તે અમને ફળ્યાં છે એમ માનીને પુણ્ય-પાપનાં ફળનો ધણી થાય છે તેને સ્વતંત્ર આત્માની ખબર નથી, પુણ્ય-પાપનાં ફળ પોતાના મેળવ્યાં મળે છે એમ માનવું તે આત્માની શાંતિનું ખૂન કરનાર છે. જ્ઞાની તો જાણે છે કે પુણ્ય-પાપનાં ફળ મારાં નથી, હું તેનો સ્વામી નથી, મારી શાંતિ મારામાં છે, પરથી મને શાંતિ નથી. ભગવાનનો ભક્ત-ભગવાનનો દાસ છે તે કર્મનાં ફળને પોતાનાં માનતો નથી, જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાની જ્ઞાતા જ રહે છે. ૭૮.

શિષ્યે ત્રણ પ્રકાર આ પ્રમાણે પૂછ્યા હતા, એક તો કર્મની જે જે અવસ્થા થાય તેને આત્મા જાણે તો તે રીતે તેની સાથે કાંઈ કર્તાકર્મનો મેળ ખરો? બીજા બોલમાં, આત્મા પોતાના પરિણામને જાણતાં પરની સાથે કાંઈ કર્તાકર્મનો મેળ ખરો? ત્રીજા બોલમાં કર્મના ફળને જાણતાં આત્મા પરને કરે એવો કાંઈ સંબંધ ખરો? આ ત્રણ પ્રશ્નોના જવાબ આચાર્યદેવે આપ્યા. હવે શિષ્ય ચોથો પ્રશ્ન પૂછે છે.

શિષ્ય કહે છે કે પ્રભુ! આ શરીર છે તે પોતાના કર્તૃત્વને અને ભોક્તૃત્વને જાણતું નથી એવા પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મ ભાવ છે કે નહિ? શિષ્ય કહે છે પ્રભુ! જાણનારો તો કદાચ જાણીને જુદો રહે પણ જેને ખબર નથી એવું પુદ્ગલદ્રવ્ય કે જે કાંઈ જાણતું નથી. આત્માને જાણે નહિ, આત્માના કાર્યને જાણે નહિ, પોતાના કાર્યને જાણે નહિ, પોતાના ફળને જાણે નહિ એવા પુદ્ગલદ્રવ્યને આત્મા સાથે કાંઈ કર્તાકર્મસંબંધ છે કે નથી?

૧૯૯૯, આસો વદ ૬, મંગળ.

ત્રણ ગાથામાં એમ વાત આવી કે ચૈતન્યપદાર્થ કર્તા થાય અને જડની અવસ્થા કાર્ય થાય એમ કદી બને જ નહિ. વસ્તુ પરિણમે તે કર્તા અને તેમાં જે કાર્ય થાય તે કર્મ. આત્મા પોતે પોતાના સ્વભાવનો કર્તા છે અને પોતાનો સ્વભાવ તે તેનું કાર્ય છે.

હવે ચોથી ગાથામાં પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે:—

**ण वि परिणमदि ण गिह्लदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
पुग्गलदव्वं पि तहा परिणमइ सएहिं भावेहिं ॥ ७९ ॥**

અર્થ:— એવી રીતે પુદ્ગલદ્રવ્ય પણ પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતું નથી, તેને ગ્રહણ કરતું નથી અને તે-રૂપે ઉપજતું નથી; કારણ કે તે પોતાના જ ભાવોથી (-ભાવોરૂપ) પરિણમે છે.

જડદ્રવ્ય પણ જીવદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતું નથી, જડ એવું પુદ્ગલદ્રવ્ય ચૈતન્યદ્રવ્યનો ધર્મ કરાવે, મોક્ષ કરાવે, એમ ચૈતન્યદ્રવ્યની પર્યાયને ગ્રહતું નથી; તે-રૂપે પરિણમતું નથી, તે-રૂપે ઉપજતું નથી. જીવ કર્મથી જુદો છે માટે તે કર્મની અવસ્થાને કરતો નથી ને જડ કર્મ આત્માને રાગ-દ્વેષ કરાવી દેતાં નથી.

પ્રશ્ન:— પ્રભુ! આપ કહો છો કે કર્મ આત્માને કાંઈ કરી શકે નહિ, પરંતુ કર્મ આત્માને હેરાન તો કરે છે, કેવળજ્ઞાનીને પણ ચાર અઘાતિ કર્મ છે, તેથી કર્મ તેમને પણ શરીરમાં રોકી રાખે છે, તેનું શું?

ઉત્તર:—એમ કહેનારા વીતરાગના માર્ગથી બહાર છે. શું થાય! પોતે ન સમજે તેને કોણ સમજાવી શકે તેમ છે! અરે ભાઈ! કેવળી તો શરીરમાં પોતાના યોગના કંપનના કારણે તથા યોગના સંસ્કારના કારણે રહ્યા છે, પણ અઘાતિકર્મના કારણે રહ્યા નથી.

---

એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઉપજે. ૭૯.

સર્વજ્ઞ ભગવાન જેમ પોતાના જોગ ગુણની યોગ્યતાના કારણે શરીરમાં રહ્યા છે તેમ અહીં નીચલી અવસ્થામાં પણ પોતે રાગ-દ્વેષ અને ભ્રાંતિ કરે છે તે કારણે હેરાન થાય છે પણ જડ કર્મ આત્માને રાગ દ્વેષ કરાવતું નથી તેથી જડ કર્મ આત્માને હેરાન પણ કરતું નથી.

કોઈ પણ પરવસ્તુ આત્માની અવસ્થામાં કયારે પણ પરિણમે નહિ, ઉપજે પણ નહિ. કર્મમાં જે નવી નવી અવસ્થા થાય તે પોતાના કારણે જ થાય છે, આત્માને લઈને થતી નથી. આત્મામાં જે નવી નવી અવસ્થા થાય તે આત્માને કારણે થાય છે પણ કર્મને કારણે થતી નથી; બન્ને દ્રવ્યો સ્વતંત્ર જુદાં છે.

જીવોને ભ્રમ થઈ ગયો છે કે કર્મ અમને પજવે છે પણ અરે ભાઈ! કર્મ કોઈ દિવસ પજવતું હશે? એ જડને બિચારાને ખબર પણ નથી કે અમે કોણ છીએ, એ કર્મને, શરીરને વગેરે કોઈને ખબર પણ નથી કે અમે કોણ છીએ, કયા રંગે પરિણમ્યા છીએ, તે બિચારાં તને પજવી શી રીતે શકે? તું ત્યાં રોકાણો તેથી તને તે વળગ્યાં, તેમાં તું કલ્પના કરી બેઠો કે કર્મ મને પજવે છે; કર્મ આત્માને કાંઈ લાભ કરતું નથી તેમ કર્મ આત્માને કાંઈ નુકસાન પણ કરતું નથી, પોતે રાગ-દ્વેષ કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય, વ્યવહાર કહેવાય.

જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિ, મધ્ય, અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઉપજે છે તેમ જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામનાં ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને આદિ, મધ્ય, અંતમાં વ્યાપીને તેને ગ્રહતું નથી, તે–રૂપે પરિણમતું નથી અને તે–રૂપે ઉપજતું નથી.

માટીમાંથી ઘડાની અવસ્થા જે ક્રમે ક્રમે આવે છે તે અવસ્થા માટીએ પકડી છે, માટી તે–રૂપે થઈ છે અને માટી તે–રૂપે ઉપજી છે. કર્મ, આત્મામાં જે જે અવસ્થા થાય તે કાંઈ જાણતું નથી અને કર્મ પોતાની અવસ્થાને પણ કાંઈ જાણતું નથી, તે કર્મ ફળ આપીને ખરવાની પોતાની અવસ્થાને પણ કાંઈ જાણતું નથી એવું જે કર્મ તે આત્માની અવસ્થાને ગ્રહતું નથી, તે–રૂપે પરિણમતું નથી અને તે–રૂપે ઉપજતું નથી.

આત્માનું નિરાળું ભાન થઈને જે અવસ્થા પરથી જુદી પોતામાં રહે તે અવસ્થા કર્મે ગ્રહી નથી–કર્મે પકડી નથી, કર્મ તે–રૂપ થયું નથી અને કર્મ તે–રૂપ ઉપજ્યું નથી.

પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાની અવસ્થાને ગ્રહે છે–પકડે છે–પહોંચી વળે છે, તે–રૂપ

થાય છે ને તે-રૂપ ઉપજે છે, પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતામાં પ્રસરીને પર્યાયની આદિમાં પોતે, મધ્યમાં પોતે અને અંતમાં પણ પોતે જ તેને ગ્રહે છે તે-રૂપે થાય છે અને તે-રૂપે ઉપજે છે. માટે પુદ્‌ગલદ્રવ્યને જીવદ્રવ્ય સાથે કર્તાકર્મપણું નથી. જીવોએ શાસ્ત્રમાં કર્મ છે તેમ સાંભળ્યું ત્યાં વળગ્યું લાકડું ને કુતર્ક ઊભો કર્યો કે કર્મ મને હેરાન કરે છે; પણ ભાઈ! આઠ કર્મની ઝીણી ધૂળ આત્માના ભાવને પકડી રાખતી નથી. કોઈ કહે છે કે દર્શનમોહ ટળે છે ત્યારે આત્માને ગુણ પ્રગટે છે એમ પરથી ગુણની પર્યાય પ્રગટે એમ માનનાર મોટો મૂઢ છે, પોતે આત્માનું ભાન કરે તો કર્મ એની મેળાએ ખસી જાય છે, પોતે પુરુષાર્થ કરે ત્યારે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે છે અને કર્મ એની મેળાએ ખસી જાય છે, દર્શનમોહ ટળે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટે એવો પરાધીન વસ્તુનો સ્વભાવ નથી.

કોઈ એમ કહે કે પુદ્‌ગલદ્રવ્ય જડ છે તેથી કાંઈ જાણતું નથી, તેને જીવ સાથે કર્તાકર્મપણું હોય કે નહિ? ઘરનો ડાહ્યો માણસ તો ભલે બીજા પર સાથે સંબંધ ન રાખે પણ અજાણ તો સંબંધ રાખે ને? તેવી રીતે જાણનાર આત્મા ભલે સંબંધ ન રાખે પણ અજાણ એવું જડ તો સંબંધ રાખે ને? પણ ભાઈ! કોઈ દ્રવ્યને કોઈ દ્રવ્ય સાથે સંબંધ છે જ નહિ, દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં પરિપૂર્ણ સ્વતંત્ર છે, કોઈ દ્રવ્યને કોઈ દ્રવ્યની અવસ્થા સાથે કોઈ પણ પડખેથી કોઈ પણ રીતે, જાણપણે કે અજાણપણે કર્તાકર્મસંબંધ છે જ નહિ, એક દ્રવ્યની અવસ્થાનું કાર્ય બીજા દ્રવ્યની અવસ્થા કરે એવું ત્રણકાળ ત્રણલોકમાં બન્યું નથી, બનતું નથી, અને બનશે પણ નહિ. દ્રવ્ય તો કોઈનું કાર્ય ન કરે પરંતુ અવસ્થા પણ ન કરે આ અખંડ સિદ્ધાંત છે. જ્યાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધની વાત આવતી હોય ત્યાં આ વાત અખંડ રાખીને તે વાત સમજવી.

કોઈ કહે કે કર્મનું બહુ જોર હોય તો રાગ-દ્વેષ થાય કે નહિ? અરે! તદ્દન ખોટી વાત છે. પોતાના પુરુષાર્થની મંદતાથી પોતે વિભાવ તરફ જોડાય છે તેથી રાગ-દ્વેષ થાય છે. કર્મ રાગ-દ્વેષ બિલકુલ કરાવતું નથી, કર્મ રાગ-દ્વેષ કરાવે એ વાત જૈનના સિદ્ધાંતમાં ક્યાંય છે જ નહિ.

વળી કોઈ કહે કે નિકાચિત કર્મ બાંધ્યાં હોય તો તો ભોગવવાં જ પડે ને? પણ ભાઈ! જેટલા જોરે કર્મ બાંધ્યું હોય તેટલા જોરવાળો સવળો પુરુષાર્થ કરે તો નિકાચિત કર્મ પણ ટળી જાય છે, પોતાનો પુરુષાર્થ જેટલો મંદ તેટલું કાર્ય થતાં અટકે છે, નહિ કે કર્મનું જોર છે તેથી કાર્ય થતું અટકે છે. કર્મના જોરે કાર્ય અટકે તેમ ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય છે જ નહિ, આ વાત સમ્યક્ એકાંતપણે સત્ય છે.

એક જણ એમ કહેતો હતો કે પરમાણુને આત્મા હલાવી ન શકે પણ સ્કંધને હલાવી શકે કારણ કે વસ્તુસ્વભાવ સ્યાદ્‌વાદ છે. અરે ભાઈ! તે સ્યાદ્‌વાદનો આવો અર્થ ગ્રહણ કર્યો? સ્યાદ્‌વાદ તે કોને કહેવાય? સ્યાદ્‌વાદ તો વસ્તુસ્વરૂપનું રહસ્ય છે, શ્રી સમયસારમાં ૪૮૮ મે પાને શક્તિઓનો વિસ્તાર આવે છે, તેમાં છે કે એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે; આત્મા આત્માપણે છે ને આત્મા પરપણે નથી એવી પરસ્પર વિરુદ્ધ બે શક્તિ એક દ્રવ્યમાં છે તેને અનેકાંત કહેવાય છે. આ ત્રિકાળ અબાધિત સિદ્ધાંત છે.

આત્મા પોતે આત્માનું કરી શકે પણ બીજા આત્માનું કાંઈ ન કરી શકે; જડનું કાંઈ ન કરી શકે; જડ, જડનું કરી શકે, એક પરમાણુ પોતે પોતાનું કરી શકે પણ આત્માનું કાંઈ ન કરી શકે, એક પરમાણુ પોતે પોતાનું કરી શકે પણ બીજા પરમાણુનું કાંઈ ન કરી શકે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, આત્મા પોતાનું કરી શકે પણ બીજા આત્માનું કે પરમાણુનું કે સ્કંધનું કાંઈ ન કરી શકે એવો વસ્તુમાં અસ્તિ-નાસ્તિ સ્વભાવ છે તેનું નામ અનેકાંત છે. એક વસ્તુને વસ્તુપણે ટકાવનારી બે વિરૂદ્ધ શક્તિ તેનું નામ અનેકાંત છે.

આત્મા આત્માના ભાવને કરે અને જડના ભાવને પણ કરે એમ માનવું તે તો એકાંત થયું, પરંતુ બે વિરૂદ્ધ શક્તિ ન થઈ કારણ કે બન્ને વાતમાં અસ્તિ આવી, બન્નેમાં કરવું જ આવ્યું માટે તે એકાંત થયું.

આત્મા, આત્માનું કરે અને પરનું કાંઈ ન કરે તે અનેકાંત છે; જડ, જડનું કરે પણ આત્માનું કાંઈ ન કરે તે અનેકાંત છે. આત્મા, આત્માપણે પણ છે અને પરપણે પણ છે એમ માને તે એકાંત થયું, બે દ્રવ્યને માન્યતામાં એક કર્યા માટે તે એકાંતદૃષ્ટિ છે, બન્નેમાં 'છે' એમ માન્યું તેથી એકલી અસ્તિ આવી પણ નાસ્તિ ન આવી, વિરૂદ્ધ ધર્મ ન આવ્યો, અસ્તિ-નાસ્તિ બે ગુણ ન થયા તેથી એકાંત થયું. તેવી રીતે જડ, જડપણે પણ છે અને આત્માપણે પણ છે તેમ માને તે પણ એકાંતદૃષ્ટિ છે. કર્મના બે ગુણ અસ્તિ-નાસ્તિ જુદા છે અને આત્માના બે ગુણ અસ્તિ-નાસ્તિ જુદા છે; અસ્તિ-નાસ્તિ બે ગુણ સર્વ દ્રવ્યોના સ્વતંત્ર જુદા છે. તે બે ગુણને યથાર્થપણે સમજવા તે અનેકાંત છે, અનેકાંત એ તો વસ્તુનો સ્વભાવ છે; અનેકાંત કાંઈ ફૂદડીવાદ નથી; એક વસ્તુમાં એક-અનેક, નિત્ય-અનિત્ય, સત્-અસત્ વગેરે પરસ્પર વિરુદ્ધ સ્વભાવો હોય છે તેને અનેકાંત કહેવાય છે. અનેકાંતનું સ્વરૂપ સમજતાં તો મોક્ષમાર્ગ ઊઘડી જાય છે, વીતરાગનાં પેટ જાણી શકાય છે, અનેકાંત તે કાંઈ વાતો કરવા માટે નથી પણ અનેકાંતને સમજ્યે તો આત્માની શાંતિ ને સમાધિ પ્રગટે છે.

શુભભાવ કરતા કરતા પુણ્ય પણ બંધાય ને ધર્મ થાય, મોક્ષ પણ થાય તેમ માનવું તે એકાંત છે પરંતુ શુભભાવથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય-મોક્ષ ન થાય તેમ માનવું તે અનેકાંત છે, તેવી રીતે શુદ્ધભાવથી આત્માનો ધર્મ થાય-મોક્ષ થાય પરંતુ પુણ્ય ન બંધાય પણ કર્મની નિર્જરા થાય તેમ માનવું તે અનેકાંત છે. આવું અનેકાંતનું સ્વરૂપ અદ્ભુત છે.

કોઈ કહે કે કેવળજ્ઞાનીને મોક્ષ જવાની ઇચ્છા છે પણ તેને કર્મ અટકાવે છે. પણ ભાઈ! એ તો વીતરાગ છે, વીતરાગને ઇચ્છા હોય તો વીતરાગ શેના? ઇચ્છા તો રાગ છે અને રાગ વીતરાગને હોય નહિ. કેવળી ભગવાનને કર્મ શરીરમાં રોકતું નથી, પોતાના યોગગુણની લાયકાતને લઈને કેવળીભગવાન શરીરમાં રહ્યા છે. કર્મ કર્મની અવસ્થા કરે અને કેવળીભગવાનને શરીરમાં રોકવાની અવસ્થા કરે એમ બે કાર્ય કરે નહિ, કર્મ પોતે પોતાની અવસ્થા કરે પણ પરદ્રવ્યની અવસ્થા ન કરે. કેવળજ્ઞાની પૂર્ણ વીતરાગ છે, તેમને પ્રદેશનું કંપન થાય છે તે જોગ નામના ગુણનો વિકાર બાકી રહ્યો છે તેનું કારણ છે. કેવળીભગવાન પોતાના જોગગુણની યોગ્યતાના કારણથી શરીરમાં અટકયા છે, ચાર અઘાતી જડ કર્મ છે તે કેવળજ્ઞાનીને અટકાવી શકતાં નથી, કોઈની અવસ્થા કોઈને અટકાવે તેમ બને નહિ. કેવળીભગવાનને જોગનું કંપન છે તે વ્યવહાર છે પણ તે અશુદ્ધ વ્યવહાર છે અને સિદ્ધ ભગવાનને પણ સમયે સમયે પર્યાય થાય છે તે પણ વ્યવહાર છે પરંતુ તે શુદ્ધ વ્યવહાર છે; કેવળીભગવાનને સમયે સમયે શુદ્ધ પર્યાય થાય છે તે શુદ્ધ વ્યવહાર છે અને જોગનું કંપન તે અશુદ્ધ વ્યવહાર છે. સૌ દ્રવ્યો પોત પોતાની અવસ્થાને કરે છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની અવસ્થાને કરતું નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

( સ્રગ્ધરા )

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमंतः कलयितुमसहौ नित्यमत्यंतभेदात् ।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्त यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः ॥ ५० ॥

અર્થ :—જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી ( બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી ), તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપક ભાવને પામવા અસમર્થ છે. જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ

અજ્ઞાનને લીધે ત્યાંસુધી ભાસે છે (-થાય છે) કે જ્યાંસુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી.

જ્ઞાની એટલે વીતરાગનો ભક્ત, વીતરાગનો દાસ, તે પોતાની અવસ્થાને અને પરની અવસ્થાને જાણે તો પણ તે જડનો ભક્ત થતો નથી, અલ્પ રાગ-દ્વેષ થાય તેને જાણે ખરો, છતાં પણ તે જડનો દાસ થતો નથી.

સંસારની જેને ભક્તિ કરવી છે એટલે કે ચોરાશી લાખમાં રખડવાની જેને ભક્તિ કરવી છે તે એમ માને કે રાગ-દ્વેષ તે મારું સ્વરૂપ છે અને તે-રાગ-દ્વેષ મારાથી થાય છે. શરીરની ક્રિયા-ખાવું, પીવું, લેવું, દેવું વગેરે પોતાથી થાય છે તેમ તે માને છે, પરંતુ ભગવાનનો ભક્ત—સમકિતી તેને પોતાનું સ્વરૂપ માનતો નથી.

ભગવાનનો ભક્ત એટલે ભગવાનની ભક્તિ જેના હૃદયમાં પ્રગટી છે, તે એમ માને છે કે રાગ-દ્વેષ તે મારાં જાણનારનાં જાણવા યોગ્ય જ્ઞેય છે; શરીરની હાલવા-ચાલવા વગેરેની ક્રિયા તે મારા જ્ઞાતાનું જ્ઞેય છે, તેનો હું કર્તા નથી, તે મારું સ્વરૂપ નથી, જડ જડથી પ્રવર્તે છે અને આત્મા આત્માથી પ્રવર્તે છે એમ બન્ને દ્રવ્યો સ્વતંત્રપણે જુદા પ્રવર્તે છે એમ જ્ઞાની સમજે છે.

જડ પદાર્થ જડની પોતાની અવસ્થાને અને આત્માની અવસ્થાને નહિ જાણતું પ્રવર્તે છે, આ શરીર આમ ચાલે, આમ બેસે, તેની તેને કાંઈ પણ ખબર છે? કાંઈ ખબર નથી, તદ્દન અજાણ છે, આત્માને અને જડને કયાંય શેઢેસીમાડે મેળ નથી, આત્મા તદ્દન જાણનાર છે, અને પુદ્‌ગલ તદ્દન જડ છે તેથી બન્નેને કાંઈ પણ મેળ નથી.

આમ જડ અને આત્માને સદા અત્યંત ભેદ હોવાથી તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે, એટલે શું! આત્મા પોતે વ્યાપક ને કર્મની અવસ્થા તે આત્માનું વ્યાપ્ય, અને કર્મ વ્યાપક ને આત્માની અવસ્થા તે કર્મનું વ્યાપ્ય તેવું વ્યાપ્યવ્યાપકપણું થવું તદ્દન અશક્ય છે.

જડનાં કાર્યો તે આત્માનાં કાર્યો છે ને આત્મા તે કાર્યોનો કર્તા છે તેવી ભ્રમ-બુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાંસુધી ભાસે છે કે જ્યાંસુધી ભેદજ્ઞાન કરનારી વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે—ઉગ્ર રીતે જીવ પુદ્‌ગલના તત્કાળ ભેદ ઉપજાવી પ્રકાશિત થતી નથી.

સ્વ ને પરની વહેંચણી કરનારી જ્ઞાન-જ્યોતિ પ્રગટ થવાથી, જેમ કરવત લાકડાના બે કટકા કરી નાખે છે, નિર્દય રીતે બન્નેને જુદા કરી નાખે છે તેવી રીતે

જ્ઞાનજ્યોતિ સ્વભાવ અને પરભાવને જુદા કરી નાખે છે, ભેદ પાડી નાખે છે; અનાદિની જે સાંધ તૂટતી નહોતી તે સાંધને તોડી બન્નેને જુદા કરી નાખે છે, જરાય દયા રાખ્યા વગર નિર્દયપણે બન્નેના ભેદ પાડી આત્મધર્મ પ્રગટ કરે છે, ભેદજ્ઞાન તે સ્વપરને ઉગ્ર રીતે જુદા પાડે છે. પરંતુ અજ્ઞાનીને જ્યાંસુધી ભ્રમબુદ્ધિ છે, ત્યાંસુધી આવી ભેદજ્ઞાન-જ્યોતિ પ્રકાશિત થતી નથી.

રાગ-દ્વેષાદિ ભાવ મારા, શરીરાદિ મારાં, હું તેનો કર્તા છું એવી ભ્રમબુદ્ધિ જ્યાંસુધી રહે ત્યાંસુધી ભેદજ્ઞાનજ્યોતિ તત્કાળ પ્રકાશિત ન થાય એટલે કે ત્યાંસુધી અજ્ઞાન અને મૂઢતા રહે છે. દુનિયામાં કહેવાય છે ને કે આ માણસે ઘણા ઘણા બીજાનાં સારાં કામ કરીને આંબા વાવ્યા છે પણ પરનાં કામ કોઈ કરી શકે જ નહિ ત્યાં આંબા વાવવાની વાત જ કયાં રહી! દુનિયાને પરનું ભલું કરી દેવાની વાત ભારે મીઠી લાગે છે પણ તે મીઠું ઝેર છે. તે મીઠા ઝેરથી તારા આત્માનું ખૂન થઈ રહ્યું છે. કેટલાક તો કહે છે કે પરનું ભલું કરવા માટે ભલે આપણે ભવ વધારે કરવા પડે, જો પરનું ભલું થાય તો તે પરમાર્થ છે તેમ માનનારની તદ્દન મૂઢતા છે, તેમ કહેનારને ભવ કરવાની રુચિ જ છૂટી નથી, એવાને ભવનો અંત હતો જ કયાં? તેને તો ચોરાશીમાં રખડવાના અનંત ભવ ઊભા જ છે. જ્યાં પરનું કાંઈ કરી શકતો જ નથી ત્યાં પરનું કરી શકું તે માન્યતા જ મૂઢતા છે અને તેને માટે વધારે ભવ કરું એવો અભિપ્રાય તે વિશેષ મૂઢતા છે. ત્યાં ભવનો અંત હતો જ કયાં? તે તો ચોરાશીમાં રખડવાની લહેર કર્યા કરે!

દરેકે દરેક આત્મા સ્વતંત્ર છે, દરેકે દરેક પરમાણુ સ્વતંત્ર છે, સૌ દ્રવ્યની અવસ્થા પોત પોતાના આધારે થાય છે, કોઈ દ્રવ્યની અવસ્થા કોઈ બીજા દ્રવ્યને આધારે થતી નથી. એક આત્માની અવસ્થા પોતાના આત્માના આધારે થાય છે, બીજા આત્માની અવસ્થા એના પોતાના આત્માના આધારે થાય છે, તેવી રીતે પરમાણુ-પુદ્ગલની અવસ્થા પણ દરેકે દરેક પોતાના પરમાણુને આધારે થાય છે. અનાદિ અનંત કાળ થયાં દરેક વસ્તુની અવસ્થા વસ્તુના આધારે જ થાય છે એવો વસ્તુનો સ્વભાવ સર્વજ્ઞ-દેવના જ્ઞાનમાં જણાયો છે, વસ્તુનો સ્વભાવ એવો જ છે, ત્યાં પછી શરીરાદિનો કર્તા આત્માને માનવો તે ભ્રમ જ છે અને તે ભ્રમ વસ્તુનો સ્વભાવ જાણવાથી એટલે કે સમ્યગ્જ્ઞાન થવાથી નાશ પામે છે.

સમ્યગ્જ્ઞાની જીવ એમ સમજે છે કે અરે! હું કોણ! હું તો "જ્ઞાન વસ્તુ-જ્ઞાન ચીજ", તેવો હું કોને કરું? કોને પકડું? હું તો મારી જ્ઞાનસ્વરૂપચેતના સિવાય

કોઈને કરી શકું નહિ, કોઈને પકડી શકું નહિ, હું તો મારા અનંતગુણસ્વરૂપ આત્માનો સ્વામી છું, હું પરનો સ્વામી છઉં જ નહિ માટે હું પર દ્રવ્યનો કે રાગ-દ્વેષાદિ પરભાવોનો કર્તા નથી. આવી ઓળખાણ સમ્યગ્જ્ઞાની જીવને હોય છે. સમ્યગ્જ્ઞાન થયું એટલે તે ભગવાનનો ભક્ત થાય છે. પહેલાં પરના ધણીપણે અજ્ઞાન અવસ્થામાં જેટલા જોરે રાગ-દ્વેષ થતા, તે હવે સમ્યગ્જ્ઞાન થયા પછી તેટલા જોરવાળા રાગ-દ્વેષ થતા નથી પણ અલ્પ રાગ-દ્વેષ પોતાના પુરુષાર્થની મંદતાને કારણે થાય છે, તે રહેવા ભાવે રહ્યા નથી પણ ટળવા ભાવે રહ્યા છે, તેથી તેને ગણતરીમાં ગણ્યા નથી.

અજ્ઞાની એમ માને છે કે મને પરના કારણે રાગ-દ્વેષ થાય છે, આણે મને આવા આકરા શબ્દો કહ્યા, પ્રતિકૂળતા કરી તેથી મને દ્વેષ થયો, અને આ ઘરના માણસો બહુ અનુકૂળ, છોકરો બહુ કહ્યાગરો-વિનયવાળો તેથી મને તેના ઉપર બહુ રાગ આવે છે; એ રીતે રાગ-દ્વેષ થતાં તે પરના ઉપર ઢોળે છે, અથવા તો પોતાનો તે સ્વભાવ માનીને રાગ-દ્વેષ કરે છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં અને જ્ઞાનીની દૃષ્ટિમાં તદ્દન ફેર હોય છે. જ્ઞાની હજી પૂર્ણ વીતરાગ થયા નથી અને ગૃહસ્થાશ્રમમાં હોય તો તેને પણ અલ્પ રાગ-દ્વેષ થાય છે છતાં તે એમ સમજે છે કે આ રાગ-દ્વેષ મને કોઈ પર પદાર્થના કારણે થતા નથી, અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગના કારણે થતા નથી. તેમ રાગ-દ્વેષને પોતાનો સ્વભાવ પણ તે માનતા નથી પણ તે એમ સમજે છે કે મારા પુરુષાર્થની નબળાઈના કારણે જ મને રાગ-દ્વેષાદિ ભાવો થાય છે, બાકી બીજા કોઈનું કારણ નથી. આ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં ઉગમણો-આથમણો ફેર હોય છે. પરનો દોષ કાઢે તેના રાગ-દ્વેષ ક્યારે છૂટે? પણ પોતાની જ ભૂલ જુએ છે તે જ્ઞાનીને પોતાના દોષ ટાળતાં રાગ-દ્વેષરૂપ દોષ ટળી જાય છે. ૭૯.

આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને અન્યોન્ય નિમિત્તમાત્રપણું છે તોપણ તેમને કર્તાકર્મપણું નથી, નિમિત્તમાં નિમિત્તની ક્રિયા પૂરેપૂરી થાય, ને આત્મા રાગ-દ્વેષ કરે તે પોતાની પર્યાયમાં પૂરેપૂરા કરે છે, પણ તે રાગ-દ્વેષમાં થોડો ભાગ આત્માનો અને થોડો ભાગ જડનો એમ બન્નેનો થોડો થોડો ભાગ લઈને રાગ-દ્વેષ થાય છે તેમ નથી; રાગ-દ્વેષ થવામાં આત્મા પણ ભાગ લે છે અને જડ પણ ભાગ લે છે તેમ નથી, આત્માના સો એ સો ટકા આત્મામાં છે અને કર્મરૂપ નિમિત્તના સો એ સો ટકા નિમિત્તમાં છે. આત્મા સાથે પર કર્મના સંયોગરૂપ બીજી ચીજ છે, તો પણ કર્તાકર્મસંબંધ નથી, માત્ર એક બીજાને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે પણ કર્તાકર્મસંબંધ જરાય નથી એમ હવેથી ગાથામાં કહે છે.

जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति ।
पुग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमइ ॥८०॥
णवि कुव्वइ कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे ।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोह्णंपि ॥८१॥
एएण कारणेण दु कत्ता आदा सएण भावेण ।
पुग्गलकम्मकयाणं ण दु कत्ता सव्वभावाणं ॥८२॥

અર્થ:— પુદ્ગલો જીવના પરિણામના નિમિત્તથી કર્મપણે પરિણમે છે, તેમ જ જીવ પણ પુદ્ગલકર્મના નિમિત્તથી પરિણમે છે. જીવ કર્મના ગુણોને કરતો નથી તેમ જ કર્મ જીવના ગુણોને કરતું નથી; પરંતુ પરસ્પર નિમિત્તથી બન્નેનાં પરિણામ જાણો. આ કારણે આત્મા પોતાના જ ભાવથી કર્તા (કહેવામાં આવે) છે પરંતુ પુદ્ગલકર્મથી કરવામાં આવેલા સર્વ ભાવોનો કર્તા નથી.

પુદ્ગલો જડ છે, તે જગતમાં એક જુદી ચીજ છે, તે રૂપી છે, તે કર્મપણે પરિણમે છે. આત્મા દયા, દાન, હિંસા, જૂઠું વગેરે જેવા જેવા ભાવ કરે તે ભાવનું નિમિત્ત પામીને પુદ્ગલો સ્વયં (પોતે) પરિણમે છે. એ રીતે આત્મા જ્યારે ઊંધા પુરુષાર્થ વડે પોતે રાગ-દ્વેષ કરે છે ત્યારે કર્મનું નિમિત્ત હોય છે. ઉપાદાન એટલે પોતે તે પર્યાયમાં પરિણમનાર પદાર્થ, અને સહકાર એટલે સાથે રહેનાર, સહકાર એટલે સાથ આપે કે મદદ આપે તેમ નથી, પણ સહકાર એટલે સાથે રહેનાર.

પોતે કામ, ક્રોધ, વાસનાના ભાવ કરે ત્યારે કર્મ જોડે નિમિત્ત-રૂપ છે-હાજરીરૂપ છે તેથી તેને નિમિત્ત કહેવાય છે. શુભાશુભભાવ થવામાં જો કર્મનું નિમિત્ત ન હોય તો તે ભાવો આત્માનું સ્વરૂપ થઈ જાય, તેમ જો કર્મ જ આત્માને રાગ-દ્વેષ કરાવી

---

જીવભાવહેતુ પામી પુદ્ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.
જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉતણાં બને. ૮૧.
એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

દેતું હોય તો આત્મા પરાધીન થઈ ગયો, કર્મ ને આત્મા બે એક થઈ ગયાં, કર્મ નિમિત્તરૂપે ન રહ્યું પણ ઉપાદાનરૂપે થઈ ગયું માટે એમાંથી એમ સિદ્ધ થાય છે કે કર્મ આત્માના રાગ-દ્વેષ થવામાં નિમિત્તરૂપ છે પણ તે રાગ-દ્વેષ પરાણે કરાવી દેતું નથી, અને તે જ રીતે કર્મ બંધાવામાં આત્માના રાગદ્વેષ નિમિત્તરૂપ છે પણ આત્માના રાગ-દ્વેષ કર્મને કરી દેતા નથી.

આત્મા કર્મરૂપ પુદ્ગલના ગુણોને કરતો નથી; પુદ્ગલનાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આકાર, સ્થિતિ, અનુભાગ વગેરેને આત્મા કરતો નથી, તેવી રીતે કર્મ આત્માના રાગ-દ્વેષ, હર્ષ-શોક, કામ-વાસના, રતિ-અરતિ, દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે શુભાશુભ પરિણામને કરતું નથી પરંતુ બન્નેને પરસ્પર નિમિત્તરૂપ સંબંધ છે તેમ સમજો. માટે આત્મા પોતાના જે કાંઈ ભાવ કરે તેનો કર્તા છે પરંતુ પ્રારબ્ધકર્મ જે બંધાય તેને આત્મા બાંધતો નથી; તે કર્મ પોતે પોતાના કારણે બંધાય છે. આત્મા પોતાના ગુણનો વિકાસ નહિ કરતાં રાગ-દ્વેષ કરી પોતે ઊંધા ભાવમાં બંધાય છે, એટલે કે તેમાં અટકે છે પણ જડ કર્મને આત્મા કરે નહિ.

જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે. આત્મા જેટલા પૂજા-ભક્તિ વગેરેના શુભભાવ કરે તેટલું જ સામે પુણ્યકર્મ બંધાઈ જાય છે; પણ આત્મા પુણ્યના ભાવ પણ કરે અને પુણ્યરૂપ કર્મ પણ આત્મા પોતે કરે તેમ નથી, પરંતુ આત્મા ભાવ કરે તેના જ પ્રમાણમાં નવાં કર્મ થવા યોગ્ય રજકણ કર્મની અવસ્થારૂપે પરિણમી જાય છે. પુણ્યભાવ કરે થોડા અને પુણ્યકર્મ બંધાય ઝાઝું, એમ બને? ન જ બને. તે રીતે પાપભાવ કરે થોડા ને પાપકર્મ બંધાય ઝાઝું, તેમ બને? ન જ બને; પણ જેટલા પ્રમાણમાં પુણ્યપાપના ભાવ આત્મા કરે તેટલા જ પ્રમાણમાં કર્મ થવા યોગ્ય અજીવરૂપી જડ વસ્તુ છે તે આત્માના ભાવનું નિમિત્ત પામીને કર્મરૂપે પરિણમે છે. આત્મા જ્યારે ઊંધા વીર્ય વડે રાગ-દ્વેષ કરે છે ત્યારે કર્મનો ઉદય તેને નિમિત્ત થાય છે, આમ માંહોમાંહે નિમિત્તપણાનો શાસ્ત્રમાં ઉલ્લેખ હોવા છતાં, જીવ અને પુદ્ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્ગલપરિણામો સાથે અને પુદ્ગલને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી અન્યોન્ય નિમિત્ત-માત્ર થવાથી જ બન્નેનાં પરિણામ છે; એક બીજા દ્રવ્યોને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તેથી કાંઈ નિમિત્તનૈમિત્તિકપણાનો અભાવ નથી, નિમિત્તનૈમિત્તિકસંબંધ જો ન હોય તો સંસાર જ ન હોય, નિમિત્તનૈમિત્તિકસંબંધના કારણે જ સંસાર-મોક્ષ બન્ને ઊભા છે. નિમિત્ત એટલે પર અને નૈમિત્તિક એટલે ઉપાદાન પોતે. નિમિત્તનૈમિત્તિકસંબંધ

હોવા છતાં પણ કર્તાકર્મપણું નથી, નિમિત્તનૈમિત્તિકપણું છે અને કર્તાકર્મપણું નથી તેવું ચારે પડખાનું બધું સ્વરૂપ સમજયે જ સંસારના નાશનો ઉપાય હાથમાં આવે, અને તે પ્રમાણે પુરુષાર્થ કરવાથી તત્કાળ મોક્ષ થાય.

૧૯૯૯, આસો વદ ૭ બુધ.

આત્માના પરિણામનો જડ કર્તા નથી, ને જડનું એ કાર્ય નથી. જડના પરિણામને આત્મા કરતો નથી ને આત્માનું એ કાર્ય નથી એમ પરસ્પર કર્તાકર્મપણાની અસિદ્ધિ છે તોપણ આત્માના રાગ-દ્વેષના પરિણામ વખતે પુદ્‌ગલકર્મની હાજરી હોય છે ને રાગ-દ્વેષની હાજરીમાં પુદ્‌ગલ કર્મ બંધાય છે એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે.

જેમ માટી વડે ઘડો રચાય છે તેમ પોતાના ભાવવડે પોતાનો ભાવ કરાતો હોવાથી જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે; કદાચિત્ એટલે કે આત્મા પોતાના રાગ-દ્વેષ પરિણામનો અજ્ઞાનભાવે કર્તા છે, જ્યાંસુધી ગુણનું ભાન નથી ત્યાંસુધી અજ્ઞાન-ભાવે કર્તા છે, જ્ઞાનભાવે કર્તા નથી. જ્ઞાનભાવે જ્ઞાનનો કર્તા છે.

પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી એટલે પરને પોતાનું માને છે તેવા મિથ્યાત્વ ભાવ વડે રાગ દ્વેષનો ભાવ કરાતો હોવાથી જીવ મિથ્યાત્વ ભાવ વડે રાગ-દ્વેષનો કર્તા છે પરંતુ પુદ્‌ગલનો કર્તા તો કદી પણ નથી.

જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશકય હોવાથી પુદ્‌ગલ ભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે.

જીવને પોતાના ભાવથી જડનું કાંઈ પણ કરવું અશકય હોવાથી આત્મા જડની અવસ્થાને કરી શકે નહિ—કર્મની અવસ્થાને કરી શકે નહિ. આત્મા પોતાના દયા-દાન, હિંસા-જૂઠું વગેરે પુણ્ય-પાપના ભાવનો કર્તા કદાચિત્ હોય, પણ જડ કર્મને પોતે કરે એમ કદી પણ બને નહિ. વિકારી ભાવનો કર્તા જીવને કદાચિત્ એટલે અજ્ઞાન ભાવે કહ્યો છે પરંતુ જડનો કર્તા તો કદી પણ નથી તેમ કહ્યું છે.

હું બીજાનું બગાડી દઉં છું-સુધારી દઉં છું, મારા વિના બધી અવ્યવસ્થા થઈ જશે એમ માનનાર મૂઢ છે. કોઈ કોઈનું કાંઈ પણ કરવા કદી પણ સમર્થ નથી. સૌના પુણ્ય-પાપના ઉદય હોય તે પ્રમાણે નિમિત્તો બની આવે છે.

કેટલાક માણસો એમ કહે છે કે પુણ્યવંત પ્રાણી હોય તો સારું કામ કરી શકે, પણ ભાઈ! સામાની અનુકૂળ અવસ્થા થવાની હોય ત્યારે પુણ્યવંત પ્રાણીનું નિમિત્ત બને છે એટલે તને એમ લાગે છે કે આ કાર્ય પુણ્યવંત પ્રાણીએ કર્યું, પણ ખરી રીતે

કોઈનું કાંઈ પણ કરવા કોઈ સમર્થ નથી, સામી વસ્તુ સ્વતંત્ર છે, એની અવસ્થા જે થવાની હોય તે તેનાથી થાય છે, એમાં જે અનુકૂળ નિમિત્ત બને તેને નિમિત્ત કહેવાય છે, બાકી કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું જરા પણ કરી શકવા સમર્થ નથી. જીવ પોતે કાં તો અભિમાન કરે છે અને કાં તો જાણે છે કે એની અવસ્થા એનાથી થાય છે એમાં આ શરીરની હાજરી છે. જીવ પોતે અભિમાન કરે છે કે હું પરનું કરી શકું છું અને જ્ઞાન થવાથી જાણે છે તે સિવાય કોઈનું કોઈ કાંઈ કરી શકતું નથી.

ઘડો થવાનો હોય ત્યારે કુંભારનું નિમિત્ત હોય પણ કોર્ટમાં કુંભાર ન હોય અને ઘડો થવામાં વકીલ ન હોય, તે રીતે જે કાર્યને જે નિમિત્ત અનુકૂળ હોય તે નિમિત્તની તે કાર્ય વખતે હાજરી હોય. હું કોઈને સમજાવી દઉં એવો અભિપ્રાય તદ્દન ખોટો છે. સામા જીવને સમજવાની યોગ્યતા હોય ત્યારે તારું નિમિત્ત બને છે. આ વાત ભગવાનના ઘરની છે, કોઈ ફેરવવા ધારે તો ફરી શકે તેમ નથી.

કેટલાક કહે છે કે હું હતો તેથી બીજાને દવા લાવી દીધી, ડૉકટરને બોલાવી દીધો, રક્ષણ કરી દીધું તેવો અભિપ્રાય તે તદ્દન ખોટો છે. બીજાને દવા મળવાની હતી, ડાકટર આવવાનો હતો તેથી તારું નિમિત્ત બન્યું. જો કે બીજાના પુણ્યના ઉદયે તારા વિકલ્પને અને તારા શરીરની ક્રિયાને કરાવી દીધી નથી, દવા લાવવાનો વિકલ્પ તને તારા રાગને કારણે પોતા વડે આવ્યો છે, પરંતુ સામાના પુણ્યના ઉદયને અને તારા વિકલ્પને નિમિત્તનૈમિત્તિકસંબંધ થઈ જાય છે તેથી એવું કાર્ય બની જાય છે,

નાતનું, સંઘનું, દેશનું, વગેરે કાંઈ બહારનું સરખું રાખવું તારે હાથ નથી, એ બધું સરખું રહેવાનું હોય તો એની મેળાએ રહે છે, તેમાં તારું નિમિત્ત બનવાનું હોય તો બને છે. બારીબારણાનાં જાપ્તાં રાખવા, રખોપાં કરવાં-રક્ષણ કરવાં તે તારા હાથની વાત ત્રણકાળ ત્રણલોકમાં નથી, તને રાગ ઊભો છે તેથી રક્ષણ કરવાનો વિકલ્પ આવે છે, પણ રક્ષણ થવું-ન થવું તે તારા હાથની વાત નથી, ઘરમાં બધું સરખું રહેવાનું હોય ત્યારે તારા વિકલ્પને નિમિત્ત કહેવાય છે, બાકી તે બધું સરખું રહેવું તે પુદ્‌ગલદ્રવ્યના સ્વતંત્ર પરિણમનને કારણે જ રહે છે, તેમાં તારી મમતા તેને રાખી દે છે એવું ત્રણકાળ ત્રણલોકમાં નથી. તારા મમતાના ભાવ તારામાં, અને પુદ્‌ગલનું પરિણમન એનામાં, બન્ને જુદે જુદાં સ્વતંત્ર પરિણમે છે.

વળી અજ્ઞાની કહે છે કે છોકરાંને જો અમે સારી રીતે સાચવીએ તો છોકરાં સારાં થાય છે, ઘરે દૂઝાણાં રાખીને ઘરનાં દૂધ-દહીં ખવડાવીએ તો છોકરાંનાં શરીર સારાં થાય, મજબૂત થાય, તેમ અજ્ઞાની માની રહ્યો છે પણ તે તેની મૂઢતા છે. કોઈની અવસ્થા કોઈના આધારે રહેતી હશે? એ તો છોકરાનું શરીર મજબૂત થવાનું હોય

તેથી તેને અનુકૂળ નિમિત્તો મળી રહે, નિમિત્તો કાંઈ શરીરને મજબૂત કરી દેતાં નથી. એના એ દહીં-દૂધ ખાતો હોય તોપણ જો અશાતાનો ઉદય હોય તો તે નિમિત્તો તેને પ્રતિકૂળ પરિણમે, માટે દહીં, દૂધ કાંઈ શરીરને મજબૂત કરી દેતાં નથી પણ જેમ શાતા-અશાતાનો ઉદય હોય તેમ બને છે. માટે એમ સિદ્ધ થયું કે એક દ્રવ્યનું કર્તા બીજું દ્રવ્ય નથી. એ રીતે કર્તાકર્મસંબંધ કોઈ દ્રવ્યનો કોઈ દ્રવ્યમાં છે નહિ. ૮૦-૮૨.

તેથી એમ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ છે એમ હવે કહે છે:—

णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं॥ ८३॥

અર્થ:— નિશ્ચયનયનો એમ મત છે કે આત્મા પોતાને જ કરે છે અને વળી આત્મા પોતાને જ ભોગવે છે એમ હે શિષ્ય! તુ જાણ.

નિશ્ચયનય એટલે સાચી દૃષ્ટિનો એવો અભિપ્રાય છે કે આત્મા પોતાના રાગ-દ્વેષ, હર્ષ-શોકના ભાવને કરે છે અને ભોગવે છે પરંતુ દહીં-દૂધને ભોગવી શકતો નથી-જડને ભોગવી શકતો નથી, એમ હે શિષ્ય! તું જાણ. અહીં 'જાણ' ઉપર વજન છે.

હર્ષ-શોક વગેરે શુભાશુભભાવને પોતે કરે છે, કર્મ કરાવી દેતું નથી. કોઈ કહે કે તૃષ્ણા ઘટાડવાનો ભાવ અમારા પુણ્યમાં હશે તો થશે પણ તે વાત તદ્દન ખોટી છે. વર્તમાનમાં પુરુષાર્થ કરીને તૃષ્ણા ઘટાડી શકાય છે. તૃષ્ણા ઘટાડવી કાંઈ પુણ્યના આધારે નથી, પરંતુ પોતાના જ આધારે છે. પૈસા રાખવાની પોતાને મમતા હોય, એક પૈસો પણ જેને છૂટતો ન હોય તે આવી પુણ્યની ઓથ લઈને બચાવ કરે છે, કંજૂસનું પૂતળું હોય તેથી કર્મનો દોષ કાઢે છે. તારે ઘરે સ્ત્રીને શણગારવાનો તને ભાવ આવે છે ત્યાં કેમ કર્મનો દોષ નથી કાઢતો? પણ તે માગે તેવું હોંશથી લાવી આપે છે. કારણ કે ત્યાં તને રુચિ છે, અને અહીં દેવ, ગુરુ, શાસ્ત્રમાં રુચિ નથી તેથી પુણ્યની ઓથ લે છે. જેને દેવ, ગુરુ, શાસ્ત્રની રુચિ છે, ભક્તિ છે, તે દેવ, ગુરુ, શાસ્ત્રની શોભા વધારવા

---

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનયતણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

માટે તૃષ્ણા ઘટાડવામાં ઊછળી પડે છે. અશુભ પરિણામમાંથી શુભ પરિણામ કરવા તે પોતાના હાથની વાત છે.

કેટલાક કહે છે કે સત્સમાગમ થવાનો હશે ત્યારે અમને શુભ વિકલ્પ આવશે. પણ ભાઈ! તેમ નથી. સત્સમાગમ પોતાને શુભ વિકલ્પ લાવી દે નહિ, કારણ કે બન્ને દ્રવ્યો સ્વતંત્ર જુદાં છે. અશુભ પરિણામમાંથી શુભ પરિણામ પોતે પુરુષાર્થ વડે કરી શકે છે. વિનય, ભક્તિ, શાસ્ત્રવાંચન, સત્સમાગમના શુભપરિણામ પોતે પુરુષાર્થ કરે ત્યારે થાય છે, પોતે સત્સમાગમની જિજ્ઞાસા કરે ત્યારે પુણ્યના ઉદયથી સત્સમાગમ મળે છે; કાં તો પૂર્વના ઉદયથી મળે અને કાં તો વર્તમાનમાં પોતે સત્સમાગમના ભાવ કર્યા તેથી પુણ્ય બંધાય એટલે સતસમાગમ મળી જાય માટે ભાવ તું કર, ભાવને અને પુણ્યના ઉદયને નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. તેથી શુભભાવ કરવો તે તારા હાથની વાત છે, શુભભાવ પૂર્વનું પુણ્ય કર્મ કરાવી દેતું નથી.

કેટલાક જીવો માર્ગને જાણ્યા વિના ખોટા ધ્યાનમાં મશગૂલ રહે અને પછી કહે કે અમને શુભકર્મનો ઉદય હોય ત્યારે શુભપરિણામ આવે છે અને અશુભકર્મનો ઉદય હોય ત્યારે અશુભપરિણામ આવે છે પરંતુ તે વાત તદ્દન ખોટી છે. અશુભપરિણામ પણ પોતાના ઊંધા પુરુષાર્થથી થાય છે ને શુભપરિણામ પણ, અશુભપરિણામમાંથી શુભપરિણામમાં આવવાનો પુરુષાર્થ પોતે કરે ત્યારે થાય છે.

જ્ઞાની શુભપરિણામ અને અશુભપરિણામના કર્તા નથી પણ માત્ર જ્ઞાતા છે તોપણ અશુભપરિણામથી બચવા શુભપરિણામમાં પુરુષાર્થ વડે રહે છે તેથી પર્યાયદૃષ્ટિએ તેમને શુભપરિણામના કર્તા પણ કહેવાય છે; કર્તૃત્વબુદ્ધિ નથી-સ્વામિત્વબુદ્ધિ નથી તો પણ અસ્થિરતાને કારણે અશુભપરિણામથી બચવા શુભપરિણામમાં વીર્ય જોડાય છે તેથી ઉપચારિકદૃષ્ટિએ અસ્થિરતાનો કર્તા જ્ઞાનીને કહેવાય છે. બહારમાં વેપાર ધંધો, મકાન ચણાવવાં, મંદિર બંધાવવાં વગેરે કાર્યો કરવા સંબંધીનો જ્ઞાનીને વિકલ્પ આવે છે તેથી તેને અસદ્‌ભૂત વ્યવહારનયે તે બધાં કાર્યોનો કર્તા કહેવાય છે તોપણ દ્રવ્યદૃષ્ટિએ જ્ઞાની કર્તા નથી, જે જે વિકલ્પ આવે અને જે જે કાર્યો થાય તેનો માત્ર જ્ઞાતા જ છે. શ્રદ્ધા અને જ્ઞાનનું પરિણમન અકર્તાભાવે પરિણમ્યા જ કરે છે.

જ્ઞાનીને અસ્થિરતાનો કર્તા કહેવો અને જડનો કર્તા કહેવો તે બન્નેમાં ફેર છે કારણ કે અસ્થિરતા તો ચૈતન્યની પર્યાયમાં થાય છે તેથી તે તો કોઈ અપેક્ષાએ કહી શકાય પણ જડનો કર્તા કહેવો તે તો તદ્દન ઉપચાર છે.

કેટલાક કહે છે કે પૂર્વના સંસ્કાર હોય તો ધર્મ કરી શકીએ તો પૂર્વે પણ ધર્મની શરૂઆત કરનારો તો તું જ હતો ને? અને વર્તમાનમાં પૂર્વ સંસ્કારને

યાદ કરનારો તો તું જ છો ને? તેથી સિદ્ધ થયું કે પુરુષાર્થ કરનારો તો જ્યારે પુરુષાર્થ કરે ત્યારે વર્તમાનમાં જ કરે છે, પુરુષાર્થ વર્તમાન જ થાય છે. પૂર્વ સંસ્કારને પ્રગટ કરનારો વર્તમાન પુરુષાર્થથી તે સંસ્કારને પ્રગટ કરી આત્માની શુદ્ધ નિર્મળ પર્યાયને પ્રગટ કરે છે.

આ અણુસમજુ તો બધી જગ્યાએ પૂર્વ-પૂર્વ જ લઈ બેઠો છે. ધર્મની વાતમાં પણ પૂર્વ સંસ્કાર હોય તો ધર્મ થાય, અને શુભપરિણામમાં પણ જો પૂર્વનાં પુણ્ય હોય તો શુભપરિણામ થાય, એમ પુરુષાર્થનો આળસુ બધે ઠેકાણે પૂર્વ-પૂર્વ લઈ બેઠો છે. પણ ભાઈ! ધર્મ, પુણ્ય અને પાપ જે થાય છે તે તારા પુરુષાર્થથી જ થાય છે, કર્મ પરાણે કાંઈ કરાવી દેતું નથી.

વીતરાગ દેવ કહે છે કે હે શિષ્ય! તું પર વસ્તુને ભોગવી શકતો નથી પણ પર વસ્તુ તરફના રાગને ભોગવે છે અને કાં પર વસ્તુ તરફના દ્વેષને ભોગવે છે. કોઈ કહે કે અમે શિખંડ અને હાફૂસની કેરી વગેરે ખાઈ શકીએ છીએ. સાંભળ ભાઈ! શું તારા આત્મામાં શિખંડ કે હાફૂસની કેરી પેસી ગઈ છે? જો પેસી ગઈ હોય અને આત્માને શિખંડ એક થઈ ગયા હોય તો આત્માએ શિખંડ વગેરે ખાધું કહેવાય પણ આત્મામાં તો તે પેસી જતો નથી, તે ચીજો તો મોઢામાંથી પેટમાં પડે છે ને પેટમાંથી વિષ્ટા થઈને બહાર નીકળી જાય છે, તો એમાં તેં ભોગવ્યું શું? શિખંડ અને કેરી વગેરેના રાગને જ તેં ભોગવ્યો, બાકી પર વસ્તુને તું ભોગવી શકતો જ નથી.

આચાર્યદેવ કહે છે કે તારી દૃષ્ટિ પર ઉપર છે તેથી હું પરને ભોગવું છું એમ તને લાગે છે પણ તારામાં રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, વર્ણ નથી તોપણ તને પર તરફના વલણને લઈને ભ્રમ થઈ ગયો છે કે હું આ વસ્તુને ભોગવું છું. પણ ભાઈ! રૂપી વસ્તુ તારી અરૂપી વસ્તુમાં પેસે ખરી? ત્રણકાળ ત્રણલોકમાં ન પેસે, રૂપી અરૂપીમાં પેસે નહિ માટે રૂપીને અરૂપી ભોગવી શકે જ નહિ, માત્ર પર વસ્તુ પ્રત્યે થતા પોતાના રાગને પોતે ભોગવી શકે છે.

જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ છે.

ઉત્તરંગ એટલે જેમાં તરંગ ઉઠે છે-દરિયામાં મોજાં ઉઠે છે તે, અને નિસ્તરંગ એટલે જેમાં તરંગો વિલય પામ્યા છે એટલે કે દરિયામાં મોજાં સમાઈ જાય છે તે. તે

સમુદ્રમાં મોજાં ઊઠવાં તેને પવનનું નિમિત્ત છે અને મોજાં સમાઈ જવામાં પવનનું નહિ થવું તે અભાવરૂપ નિમિત્ત છે, પાણી પવનમાં પેસતું નથી અને પવન પાણીમાં પેસતો નથી. પવન જો પાણીમાં મોજાં ઉઠાડી દેતો હોય તો આ ભીંતમાં પણ મોજાં ઉઠાડી દે, પણ તેમ બનતું નથી, માટે મોજાં થવાં તે સમુદ્રની પોતાની લાયકાત છે, પવને મોજાં નથી કર્યાં પણ મોજાં થવામાં પવનની માત્ર હાજરી છે. પાણીમાં મોજાંનું થવું અને મોજાંનું સમાઈ જવું તેમાં પવનનું નિમિત્તમાત્રપણું છે તોપણ દરિયાને અને પવનને વ્યાપ્ય-વ્યાપકપણાની અસિદ્ધિ હોવાથી કર્તાકર્મપણું નથી.

કોઈ કહે કે વાવાઝોડું થાય ત્યારે ઝાડ પડી જાય, મકાન પડી જાય, એવું થાય છે ને? વાવાઝોડે મકાનને કે ઝાડને પાડયાં નથી, તે મકાન કે ઝાડમાં પડવાની લાયકાત તૈયાર થઈ ગઈ હોય ત્યારે તેને નિમિત્ત મળી આવે છે. મકાનને પડવું કે રહેવું તે મકાનના સ્વતંત્ર સ્વભાવ પ્રમાણે થાય છે તેને બીજા કોઈ કાંઈ પણ કરવા સમર્થ નથી.

પ્રશ્નઃ—ધરતીકંપ થાય ત્યારે એકસાથે ઘણા માણસ મરી જાય છે તેનું કેમ? એનું એમ છે કે બધાનાં આયુષ્ય એક સાથે પૂરાં થઈ જવાનાં હોય તે વખતે ધરતીકંપ થાય, બધાનાં આયુષ્ય પૂરાં થવાનાં હોય ત્યારે સ્ટીમર બૂડે જ, નિમિત્ત કાંઈ કરતું જ નથી ત્યાં શું? દરેકનું આયુષ્ય પૂરું થવાનું ઉપાદાન તૈયાર થઈ ગયું હોય એટલે નિમિત્ત બની આવે.

એમ દરિયો પોતે જ પોતામાં છાળું મારે છે તે વખતે પવનનું માત્ર નિમિત્તપણું હોય છે. જુઓ! 'માત્ર' કહ્યું છે એટલે કે નિમિત્ત પરમાં તદ્દન અકિંચિત્કર છે, કાંઈ પણ કરવા સમર્થ નથી. દરિયો પોતે જ પોતામાં અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો-પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી.

પાણીમાં પોતામાં જ મોજાં કરતો દરિયો પ્રતિભાસે છે પણ પવન મોજાંને કરતો પ્રતિભાસતો નથી. સમુદ્ર પોતે જ પોતામાં વ્યાપી, પોતે જ પોતામાં પરિણમીને, પોતાની મોજાંરૂપ અવસ્થાને કરતો દેખાય છે, સમુદ્ર પોતાની અવસ્થાને ઉત્પન્ન કરતો અને પોતાની અવસ્થાને વિલય કરતો દેખાય છે પણ બીજાને કરતો દેખાતો નથી.

વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી.

જુઓ, આચાર્યદેવે દૃષ્ટાંતમાં પણ કેવો કર્તા-ભોક્તા ભાવ ઉતારી દીધો છે કે સમુદ્ર પણ પોતાની ઉત્પન્ન અને વ્યયની અવસ્થાને ભોગવે છે, એમ જ ભોગવતો દેખાય છે, સમુદ્ર પણ પરને ભોગવતો દેખાતો નથી તો પછી જીવ તો પરને ભોગવે જ ક્યાંથી? આચાર્યદેવે અબાધિત ન્યાય જ આપી દીધો કે પરભાવનું પર વડે ભોગવાવું અશક્ય જ છે એટલે કે ભોગવાતું જ નથી પછી ગમે તે વસ્તુ દૃષ્ટાંતમાં કે સિદ્ધાંતમાં આવે પણ પરને પર ભોગવે નહિ એ ન્યાય બધામાં અખંડ રહ્યો અને પોતાની જ અવસ્થાને પોતે ભોગવી શકે છે તે ન્યાય સિદ્ધ થયો.

તેવી રીતે સંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપક ભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ છે.

ચોરાશી લાખમાં રખડવાનો ભાવ તે સંસાર અને ચોરાશી લાખમાં રખડવાના ભાવનો અભાવ તે નિઃસંસાર એટલે મોક્ષની નિર્મળ અવસ્થારૂપ ભાવ. આત્મા જ્યારે ક્રોધ-માન-માયા-લોભાદિના ભાવ કરે ત્યારે પુદ્‌ગલકર્મના ઉદયનું નિમિત્ત હોય છે. જેમ પવનના નિમિત્તે પાણીનાં મોજાં નથી તેમ કર્મના નિમિત્તે સંસાર નથી. દુનિયા કહે છે કે કર્મ હેરાન કરે છે, સંસારમાં ઘણો કાળ રખડપટી થઈ તે કર્મને લઈને થઈ, તે વાતને આચાર્યદેવ અહીં કાઢી નાખે છે કે કર્મનું તો માત્ર નિમિત્તપણું છે, તું તારા ભાવને કારણે રખડ્યો છે. 'હા', આત્મામાં રાગ-દ્વેષ ભાવ થાય ત્યારે કર્મના ફળનું ઉદય આવવું તે નિમિત્ત છે અને આત્મામાં વીતરાગદશા પ્રગટ થાય તે વખતે કર્મનું અભાવરૂપે નિમિત્તપણું છે.

સંસાર તે બાયડી, છોકરાં અને કુટુંબને કહેવાતો નથી પણ શુભાશુભ પરિણામને પોતાનાં માને તેનાથી મને હિત થશે તેમ માને તે ખોટો ભાવ જ સંસાર છે. કર્મના કારણે સંસારદશા છે તેમ નથી, એ રીતે કર્મનો અભાવ થવાથી મોક્ષદશા થાય તેમ પણ નથી; પરંતુ આત્માની અવસ્થામાં ખોટા અભિપ્રાયરૂપ મિથ્યાત્વભાવ તે જ સંસાર છે અને આત્માની અવસ્થામાં વિકાર રહિત સર્વથા નિર્મળપણું તેનું નામ મોક્ષદશા છે. મોક્ષદશા પ્રગટ થાય ત્યારે કર્મનો અભાવ થાય જ પરંતુ કર્મનો અભાવ તે કર્મના કારણે થાય ને આત્માની મોક્ષદશા પોતાને કારણે થાય. તેવી રીતે મિથ્યાત્વ-ભાવરૂપ સંસાર અવસ્થામાં કર્મનો ઉદય હોય જ છે પરંતુ કર્મનો ઉદય કર્મના કારણે ને આત્મામાં વિકારી અવસ્થારૂપ સંસારભાવ આત્માને કારણે, એક બીજાને નિમિત્ત-નૈમિત્તિકપણું હોવા છતાં પણ કર્તાકર્મપણું નથી.

પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની

અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સંસાર અથવા નિ:સંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિ:સંસાર એવા પોતાને કરતો થકો પોતાને એકને જ કરતો પ્રતિભાસો.

આત્મા પોતે જ પરપદાર્થને પોતાના માનીને અટકયો છે એવું માનવામાં આત્માનું પોતાનું જ વ્યાપકપણું છે, કર્મનું વ્યાપકપણું તેમાં નથી; તેવી રીતે મોક્ષ-અવસ્થા થવામાં પણ આત્માનું જ વ્યાપકપણું છે, પોતે સમ્યક્ શ્રદ્ધા કરી, તેમાં સ્થિરતા કરી અને પૂર્ણદશા પ્રગટ કરી તેમાં આત્માનું જ વ્યાપકપણું છે, કર્મના અભાવનું વ્યાપકપણું તેમાં નથી, કર્મના અભાવનું વ્યાપકપણું કર્મમાં છે. આત્મામાં નથી; બન્નેનાં કાર્યો જુદાં છે.

પોતાના અવગુણના અભાવે મોક્ષ, ને અવગુણના સદ્ભાવે સંસાર કામરાગ, દૃષ્ટિરાગ, માનરાગ, વગેરે બધો રાગ પોતે કરે ત્યારે થાય છે માટે તે કર્મનું કાર્ય છે તેમ નથી પણ અજ્ઞાનભાવે તેનો કર્તા આત્મા છે ને સંસારદશા તે તેનું કાર્ય છે. જ્ઞાન-દશામાં નિર્મળ અવસ્થાનો કર્તા આત્મા, ને મોક્ષદશારૂપ તેનું કાર્ય છે.

કર્મનો સદ્ભાવ તે કારણ ને રાગ-દ્વેષના ભાવ થવા તે કાર્ય—એમ નથી પણ અજ્ઞાનભાવે પોતે શુભાશુભ ભાવનો કર્તા થયો ને શુભાશુભ ભાવ તે કાર્ય થયું; તેમ જડકર્મનો અભાવ થયો તેથી મોક્ષદશારૂપ કાર્ય આવ્યું તેમ નથી, પરંતુ જ્ઞાનભાવે મોક્ષની નિર્મળ પર્યાયનો કર્તા આત્મા છે અને મોક્ષની નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે આત્માનું કાર્ય છે.

પોતે—આત્માએ રાગ-દ્વેષના ભાવ કર્યા ત્યારે કર્મનો સંભવ કહેવાણો અને પોતે રાગ-દ્વેષને ટાળ્યા ત્યારે કર્મનો અસંભવ કહેવાણો. ભગવાન આત્મા પોતે જ પોતાને ભૂલીને સંસારભાવ કરે છે અને પોતે જ પોતાને જાણીને સંસારભાવ ટાળીને નિ:સંસાર-ભાવ કરે છે માટે આત્મા પોતાને એકને જ કરતો પ્રતિભાસો પણ અન્યને કરતો ન પ્રતિભાસો.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! તું એમ સમજ કે મારા ભાવનો કર્તા હું છું તેમ મને પ્રતિભાસો પણ મારા ભાવ કર્મ કર્યા તેમ મને ન પ્રતિભાસો, હું પોતે જ મારા ભાવની ઊંધાઈ-સવળાઈ કરું છું તેમ જ મને પ્રતિભાસો પણ કર્મ મને ઊંધાઈ-સવળાઈ કરાવે છે તેમ ન પ્રતિભાસો.

અહીં તો આચાર્યદેવ કહે છે કે તું જુદો છો તેમ સમજ, નહિતર નિવેડો આવે તેમ નથી. તારા જ હાથમાં સંસાર ને તારા જ હાથમાં મોક્ષ છે, સંસાર ને

મોક્ષ બન્ને તારા હલાવ્યા હલે ને તારા રાખ્યા રહે—તેમાં કર્મ-ફર્મ તને કાંઈ કરી શકે તેમ નથી.

આંધળી હા પાડવી નહિ, કોઈની હા એ હા પાડવી તે 'હા' ટકે નહિ, માટે સાચું સમજવાનો પ્રયત્ન કરવો. અરે! એક વાત પકડે કે મારા અવગુણનો ને ગુણનો કર્તા હું જ છું તો પણ એને કેટલી મૂંઝવણ ટળી જાય તેવું છે. જેમ પરનો કર્તા આત્મા નથી તેમ પરનો ભોક્તા પણ નથી તે હવે કહે છે.

જેમ કર્તા નથી, તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, સંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.

તું ભાવક ને જડની અવસ્થા તને ભાવ્ય થાય એટલે કે ભોગવવામાં આવે તેમ બનતું નથી, કારણ કે પર વડે પરનું ભોગવાવું અશક્ય છે એટલે કે બની શકે તેમ જ નથી. આમાં બધી વાત આવી ગઈ કે ખાવાનું, પીવાનું, લુગડાં-દાગીના વગેરેને ભોગવવાનું પરવસ્તુથી પરવસ્તુનું ભોગવાવું ક્યારેય પણ બની શકતું જ નથી. સંસારઅવસ્થામાં રાગ-દ્વેષ, હર્ષ-શોકના વિકારી-વિભાવભાવને જીવ ભોગવે, અને મોક્ષદશામાં પોતાની પવિત્ર, નિર્મળ વીતરાગતાને ભોગવે, તેવો અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.

૧૯૯૯, આસો વદ ૯ શુક્ર.

આત્મા શુભાશુભ ભાવને કરે છે અને તેને ભોગવે છે, જડકર્મને આત્મા કરી શકે નહિ અને જડકર્મને આત્મા ભોગવી શકે નહિ. જડકર્મ આત્માથી જુદી ચીજ છે માટે આત્મા તેનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી.

રાગ-દ્વેષ ને હર્ષ-શોક થાય ત્યારે બાહ્ય ચીજ એટલે કે કર્મ નિમિત્ત હોય છે તેથી કર્મને ભોગવું છું, બાહ્ય ચીજને ભોગવું છું તેમ કહેવું તે વ્યવહારી લોકોનો વ્યવહાર છે.

છીંક લાવી લવાય નહિ, બગાસું ખાધું ખવાય નહિ, બગાસું ખાવાની તાકાત ચૈતન્યમાં છે નહિ. છીંક, ઉધરસ કે બગાસું આવવું તે અનંતા રજકણના પિંડની પર્યાય છે. ઉધરસ આવે, બગાસું આવે ત્યારે જીવની માત્ર હાજરી હોય છે પણ તે ક્રિયા તો રજકણની થાય છે, રજકણો ઉધરસરૂપે ને બગાસાંરૂપે પરિણમે છે, ઉધરસ અને બગાસાં વખતે માત્ર જીવનું નિમિત્ત હોય છે તેથી તેને એમ થાય છે કે મેં બગાસું

ખાધું, મેં ઉધરસ ખાધી; પણ ભાઈ! તે તો રજકણની ક્રિયા છે, તારી ક્રિયા તે નથી. કોઈ કહેશે કે મડદું ઉધરસ ને બગાસું કેમ ખાતું નથી ? તો તેનું સમાધાન એમ છે કે તેની પાસે કર્મ નથી. છીંક-બગાસું આવતું હતું તે શરીરના રજકણના સ્વતંત્ર કારણે પણ કર્મનું તેમાં નિમિત્તપણું હતું; તે નિમિત્તપણું પણ ગયું અને શરીરના રજકણની લાયકાત પણ તે વખતે તેવી રહી નથી. ૮૩.

ચૈતન્યભગવાન અરૂપી વસ્તુ છે તે પોતાના અભાન ભાવે રાગ-દ્વેષના ભાવને ભોગવે પણ રાગદ્વેષના નિમિત્તને ભોગવે તેમ વ્યવહારનયનું કથન છે. હવે વ્યવહાર દર્શાવે છેઃ—

**ववहारस्स दु आदा पुग्गलकम्मं करेइ णेयविहं।**
**तं चेव पुणो वेयइ पुग्गलकम्मं अणेयविहं॥ ८४॥**

અર્થ:—વ્યવહારનયનો એ મત છે કે આત્મા અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને કરે છે અને વળી તે જ અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને તે ભોગવે છે.

અનાદિ અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ વ્યવહાર છે કે જડની ક્રિયા થવામાં ને જડના ભોગવટામાં પોતે છે તેથી પોતે તેનો કર્તા છે ને ભોક્તા છે. પરાશ્રયદૃષ્ટિવાળાનો એવો મત છે કે પુદ્‌ગલકર્મને તથા બાહ્ય પર ચીજને હું કરું છું અને હું ભોગવું છું પણ તેવી દૃષ્ટિ સત્‌નું ખૂન કરનારી છે. આત્મા વિકારી કે અવિકારી ભાવને કરે પણ તેથી જડનું કાંઈ કરે કે ભોગવે તેમ બની શકે નહિ. ગાદી-તકિયા હોય, માથે પંખા ફરતા હોય ત્યારે કહેવાય કે ગાદી-તકિયા ને પંખાને ભોગવાય છે પણ ગાદી-તકિયા કે પંખાને કોઈ ભોગવી શકે નહિ. પોતાના રાગ-દ્વેષને ભોગવે છે. પંખાને જેમ ચાર પાંખડા હોય તેમ ચાર ગતિનાં ચાર પાંખડાં છે. ચાર ગતિમાં રખડવાની તે મોજ માણે છે.

જેમ, અંદરમાં માટી પોતે જ ઘડામાં પેસીને ઘડાને રચે છે, ઘડાને ઉપજાવે છે, માટી જ ઘડાને બનાવે છે, અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે; કુંભાર ઘડાને કરતો નથી ને કુંભાર ઘડાને ભોગતો નથી. જેમ માટીરૂપ ધૂળ તે ધૂળમાં પેસીને-વ્યાપીને ઘડારૂપે થઈને ઉપજે છે, તેમ કુંભાર કાંઈ ઘડારૂપે થઈને ઉપજતો નથી. જ્યારે ઘડાનો લપેટ સરખો ન રહે ત્યારે કહેવાય છે કે ઘડો ખવાઈ ગયો છે, એટલે

---

આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ—મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

માટીના રજકણો નવા-જૂના થયા તેથી એવી અવસ્થા થાય છે. તે નવામાંથી જુની અવસ્થા થાય તે માટીની જ છે-ઘડામાં જ તે અવસ્થા થાય છે એટલે માટી જ ઘડાને ભોગવે છે; તોપણ બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને અનુકૂળ એટલે કે ઘડો થવાને અનુકૂળ કુંભાર હતો, માટીના રજકણમાં કુંભારનો હાથ પેસી ગયો નહોતો. હાથના સ્વભાવે-હાથના ગુણે ઘડો થયો નથી પણ માટીના ગુણે ઘડો થયો છે. કુંભારનું નિમિત્ત છે તેથી કુંભારે ઘડો કર્યો એમ અનાદિ અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. કુંભાર હોય તો ઘડો થાય એમ અજ્ઞાનીને થઈ ગયું છે. હા! કુંભાર ઘડો કરવાની ઈચ્છા કરે ને હસ્તાદિની ક્રિયા કરે તે કુંભારમાં પોતામાં થાય છે; અહીં કુંભારનું શરીર અને આત્મા બધું ભેગું લઈને વાત કરી છે કારણ કે અહીં તો દૃષ્ટાંત પૂરતી વાત છે. કુંભારને માટીના ઘડાથી જુદો પાડવો છે તેટલું પ્રયોજન છે, કુંભારના શરીરની અને તેના આત્માની અહીં વાત લેવી નથી. કુંભારના આત્માએ ઘડો કરવાની ઇચ્છા કરી ને પ્રદેશનો ધ્રૂજારો થયો તેનો તે કર્તા છે, ઇચ્છાને અનુકૂળ હસ્તાદિની ક્રિયા થઈ તે કુંભારના આધારે થઈ પણ માટીના આધારે થઈ નથી. એ રીતે કુંભાર ને માટી બન્ને જુદા છે એમ આ ગાથામાં બતાવવું છે.

ઘડો થવાને અનુકૂળ ઈચ્છારૂપ ક્રિયા ને હાથ હલવારૂપ ક્રિયા, કુંભારમાં પોતામાં થાય છે, નિમિત્તની અવસ્થા નિમિત્તમાં થાય છે ને માટીની અવસ્થા માટીમાં થાય છે, ઘડાના સંભવને એટલે કે થવાને અનુકૂળ તે નિમિત્તમાત્ર છે પણ તેનો કર્તા કુંભાર નથી. જ્યારે ઘડો થવાનો હોય ત્યારે કુંભારની હાજરી હોય તે તેને અનુકૂળ નિમિત્ત કહેવાય, અને જ્યારે ઘડો ફૂટવાની અવસ્થા તેને કારણે થવાની હોય ત્યારે છોકરો લાકડી મારે. તે નિમિત્ત પણ ઘડો ફૂટવાને અનુકૂળ છે.

આચાર્યદેવ કુંભારનું દૃષ્ટાંત આપીને કહે છે કે અરે ભાઈ! તું પરનો ધણી ન થા! તું કુંભાર ન થા! પણ તું સ્વતંત્ર થા! તેમ સ્વતંત્ર થવાનું કહે છે. તું જો પરનો કર્તા થયો તો તારી અવસ્થાનો કર્તા પણ કોઈ બીજો થયો, તેથી તું કોઈનો ઓશિયાળો થયો કારણ કે તું પરનું કરે ત્યારે તારી અવસ્થા પણ કોઈ બીજો કરે, માટે મૂક પરનું કર્તાપણું! ને થા સ્વતંત્ર! બધી વસ્તુ સ્વતંત્ર જ છે.

કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના વ્યાપારને કરતો અને માટીના વ્યાપારને નહિ કરતો, ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઉપજેલી પોતાની તૃપ્તિને ભાવ્યભાવકભાવવડે ભોગવે છે પરંતુ ઘડાને ભોગવતો નથી. ઘડામાં રહેલા પાણીના ઉપયોગથી પોતાની તૃપ્તિને ભોગવે છે તોપણ કુંભાર ઘડાને ભોગવે છે, ઘડાને કરે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે.

ઘડો તો માટીએ જ કર્યો છે પરંતુ તેમાં કુંભારના હસ્તાદિકની ક્રિયા અનુકૂળ નિમિત્તરૂપ થઈ ત્યાં લોકોની નિમિત્તાધીન દૃષ્ટિ હોવાથી કુંભારે ઘડો કર્યો એવો અનાદિથી રૂઢ વ્યવહાર ચાલ્યો આવે છે. વળી ઘડાને તો માટી જ ભોગવે છે પણ ઘડા વડે કુંભારે પાણી પીવાના તૃપ્તિભાવને ભોગવ્યો ત્યાં નિમિત્તાધીન દૃષ્ટિવાળા અજ્ઞાનીઓનો એવો વ્યવહાર થઈ ગયો કે કુંભારે ઘડો ભોગવ્યો એવો રૂઢ વ્યવહાર ચાલ્યો આવે છે.

જ્યારે અજ્ઞાની જીવ અસાધ્ય થાય છે ત્યારે તેના મોઢામાં કાંઈ પણ ખાવાની સારી ચીજ નાખો તો પણ તે અસાધ્ય થઈ ગયો હોવાથી-તેને કાંઈ પણ ખબર નહિ હોવાથી તૃપ્તિ થાય નહિ, પણ જો ખ્યાલવાળાના મોઢામાં તે ચીજ નાખો તો તેને તૃપ્તિ થાય છે. તેને જો ખ્યાલ હતો તો રાગથી તૃપ્તિ થઈ તેમ જાણ્યું. તૃપ્તિ થવા ન થવામાં જ્ઞાનને ખબર હોય તો રાગથી સંતોષાય છે પરંતુ કોઈ પણ ચીજથી તે સંતોષાય છે તેમ નથી. તેવી રીતે કુંભાર પણ પોતાના રાગથી સંતોષાણો છે પણ ટાઢા ઘડાના પાણીથી સંતોષાણો નથી.

એ રીતે પુદ્‌ગલદ્રવ્ય પોતે વ્યાપ્યવ્યાપકભાવથી કર્મને કરે છે, અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે, એટલે કે પુદ્‌ગલદ્રવ્ય પોતે કર્મપણે પરિણમ્યું તે તેનું કર્તાપણું અને પુદ્‌ગલકર્મ ઉદય આવીને ખરી જાય છે તે તેનું ભોક્તાપણું છે; તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મના સંભવને અનુકૂળ એવાં (પોતાનાં રાગાદિક) પરિણામને કરતો અને પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા તેનાથી ઉપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

અજ્ઞાનભાવને લઈને આત્મા પુદ્‌ગલદ્રવ્યમાં વ્યાપતો નથી પણ પુદ્‌ગલદ્રવ્ય તે મારી વસ્તુ છે એવી પરદ્રવ્યમાં મારાપણાની બુદ્ધિરૂપ ઊંધી માન્યતા તે વ્યાપક અને રાગ-દ્વેષની અવસ્થા થઈ તે વ્યાપ્ય; અજ્ઞાન તે વ્યાપક છે—પરના પકડનો ભાવ તે વ્યાપક છે અને તેના કારણે થતી રાગ-દ્વેષની અવસ્થા તે વ્યાપ્ય છે. જ્ઞાનીને સ્વનો પકડ છે એટલે તેમાંથી નિર્મળ પર્યાયરૂપ વ્યાપ્ય પ્રગટે છે.

પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા તેનાથી ઊપજેલી જે સુખદુઃખરૂપ પરિણતિ ભોગવતો એટલે એમાં એમ છે કે પુદ્‌ગલકર્મ વડે બહારની સામગ્રી એકઠી થઈ તે વિષયોની નિકટતા થઈ, ધન, કુટુંબ વગેરે અનુકૂળ સામગ્રીનો

સંયોગ થયો. તેનાથી મને સુખદુઃખ ઉત્પન્ન થાય છે એમ માને છે માટે વિષયોથી ઉત્પન્ન થયેલી સુખદુઃખરૂપ પરિણતિ એમ અહીં કહ્યું છે, અજ્ઞાનીને બાહ્ય અનુકૂળ વસ્તુ ભાળીને કલ્પના ઉઠે કે આ ઠીક છે, આ સારું છે, એમાંથી મને સુખ થાય છે અને પોતાની ઇચ્છાથી વિરુદ્ધ બાહ્ય વસ્તુ દેખીને એવી કલ્પના ઉઠાડે કે આ મને ઠીક નથી, એનાથી મને દુઃખ થાય છે; પણ ભાઈ! એ તો કર્મનું ફળ છે, તે કર્મનું ફળ કર્મમાં રહ્યું છે, તારામાં રહ્યું નથી; તે સુખદુઃખ કર્મના ફળમાંથી આવતું નથી પણ તારી અજ્ઞાનતાને લીધે તું બહારની વસ્તુમાંથી સુખદુઃખ આવે છે એમ કલ્પના કરી સુખદુઃખને વેદે છે. કર્મના ફળના કારણે બાહ્ય શરીર, કુટુંબાદિ વગેરે સામગ્રી એકઠી થઈ તેને આચાર્યદેવે 'વિષયોની નિકટતા' એમ કહ્યું છે. તે વિષયોની નિકટતામાંથી મને સુખદુઃખ થાય છે એમ અજ્ઞાની માને છે. ખરી રીતે તો અજ્ઞાની પોતાની ભાવ્યભાવકભાવની અવસ્થાને ભોગવે છે અને કરે છે છતાં પણ તેની બાહ્ય દૃષ્ટિ હોવાથી અનાદિ અજ્ઞાનીઓનો રૂઢ થયેલો વ્યવહાર છે કે જડની અવસ્થાને અમે કરીએ છીએ.

જુઓ, આચાર્યદેવ આમાં એમ બતાવે છે કે જડની-પરની અવસ્થાને અમે કરીએ છીએ એવું માનનારા તથા બોલનારા અત્યારે જ છે એમ નથી પણ અનાદિ-કાળના છે, અજ્ઞાનીઓનો અનાદિ સંસારમાં રઝળવાના ભાવથી નક્કી થયેલો વ્યવહાર છે. આ વ્યવહાર નિમિત્તાધીન દૃષ્ટિનો છે.

આઠ પ્રકારના કર્મના રજકણને કરે કે ટાળે તે આત્માના હાથની વાત નથી પણ પોતાનો રાગ ટાળે એટલે કર્મ કર્મના કારણે ટળી જાય છે. બન્નેના કાર્યો સ્વતંત્ર જુદે જુદાં છે. આ વાત કહીને અહીં એમ કહે છે કે તું તારા ભાવને જોવા શીખ, તેં જેવો ઊંધો ભાવ કર્યો છે તેવો જ તું સવળો ભાવ કર. દુનિયા પણ કહે છે કે આ હાથે બાંધ્યા અને આ હાથે છોડે, એટલે કે ઊંધા ભાવે બાંધ્યા અને સવળા ભાવે છોડે એવો તેનો અર્થ છે. દુનિયા પણ કેટલુંક બોલે છે તો સરખું, પણ તેના અર્થની ખબર વગર ઓઘે ઓઘે બોલ્યે જાય છે. ધર્મના બહાના તળે પણ ઓઘે ઓઘે ધર્મ કર્યો એમ માને છે.

એક ગુરુ હતા, તેના બે શિષ્ય હતા. તે એક વાર ગુરુના પગ દાબવા બેઠા, તેમાં એક દાબે જમણો પગ અને એક દાબે ડાબો પગ. એમાં એક શિષ્યની આંગળી ગુરુના બીજા પગને અડી ગઈ. તેથી બીજો શિષ્ય કહે કે મારા પગને તું કેમ અડયો? હું તારા પગને ધબ્બો મારીશ. પછી બીજો કહે કે તો હું પણ તારા પગને ધબ્બો મારીશ.

એમ કહી બન્ને જણા ગુરુના પગને મારવા મંડયા; પછી ગુરુ કહે કે હું તો એકનો એક છું અને તમે બે જણાએ આ શું માંડયું? વહેંચણી કરતાં આવડે નહિ ને શા માટે વહેંચ્યા પગ? સેવા કરવાના વિવેકની રીત તો આવડે નહિ ને આમ સેવા થાય? આમ જીવો અજ્ઞાનભાવે ઓઘે ઓઘે ધર્મ કર્યો માને અને વિવેકને કાંઈ સમજે નહિ.

જીવ પુદ્ગલકર્મ બંધાય તેવા અનુકૂળ રાગાદિક કરે છે અને રાગ કરતી વખતે પુદ્ગલકર્મની હાજરી હોય છે એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે પણ ખરી રીતે જીવ પુદ્ગલકર્મને કરતો અને ભોગવતો નથી પણ પોતાના રાગ-દ્વેષને કરે છે અને ભોગવે છે. યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં સ્થિરતા કરે તો કર્મ ટળી જાય છે. કેટલાક જીવો કહે છે કે અનાદિનો કર્મ સાથેનો સંબંધ છે તે કેમ તોડાય? પણ પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે કર્મ અનાદિના બંધરૂપ છે તેને મુનિઓ બાળીને ભસ્મ કરી નાખે છે. જેને આત્માનું હિત કરવું હોય તેણે કર્મનો સંબંધ તોડીને આત્માનું ભાન કરી, તેમાં લીન થઈ, કર્મનો ક્ષય કરવો એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

જડની પ્રવૃત્તિ અને આત્માની પ્રવૃત્તિ જુદી જ છે, પણ જ્યાંસુધી ભેદજ્ઞાન ન હોય ત્યાંસુધી બહારથી એક જેવી દેખાય છે. અજ્ઞાનીને ભાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિથી જેવું દેખાય તેવું તે માની લે છે. ખરી રીતે દરેક પદાર્થની પ્રવૃત્તિ જુદી જુદી છે છતાં બાહ્યથી નિમિત્તની હાજરી હોય તેને કર્તા ને ભોક્તા માની લે છે, ઉપલક દૃષ્ટિથી એટલે ખોટી દૃષ્ટિથી જેવું દેખાય તેવું માની લે છે, તેને શ્રીગુરુ ભેદજ્ઞાન કરાવી અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.

જીવોએ ધર્મ બહારમાં માની લીધો છે પણ "ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય, ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય." લોકો આ પદ બોલ્યા કરે છે તેમાં પણ એમ આવ્યું કે ધર્મ વિવેકે નીપજે, ધર્મ બહારની ક્રિયાથી થતો નથી પણ ધર્મ વિવેકથી થાય છે. વિવેક એટલે પરથી જુદાપણાનું સાચું જ્ઞાન, વિવેક એટલે કર્મથી, મનથી, વાણીથી, શરીરથી અને શુભાશુભ પરિણામથી આત્માનું જુદું ભાન, વિવેક એટલે પર પદાર્થ અને મારો આત્મા ત્રણેકાળ જુદા છે, મારે અને પર પદાર્થને ત્રણકાળમાં મેળ નથી.

આચાર્યદેવ અજ્ઞાનીના પ્રતિભાસને વ્યવહાર કહે છે તે વ્યવહારનું ફળ ચોરાશીમાં રખડવાનું છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવીને જીવનું સ્વરૂપ બતાવીને અજ્ઞાનીના અભિપ્રાયને દૂષણ દે છે. ૮૪.

હવે આ વ્યવહારને દૂષણ દે છેઃ—

जदि पुग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।
दोकिरियाविदिरित्तो पसजदि सो जिणावमदं ॥ ८५ ॥

અર્થઃ—જો આત્મા આ પુદ્‌ગલકર્મને કરે અને તેને જ ભોગવે તો તે આત્મા બે ક્રિયાથી અભિન્ન ઠરે એવો પ્રસંગ આવે છે—જે જિનદેવને સંમત નથી.

આચાર્યદેવ કહે છે કે સાંભળ ભાઈ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મસ્વરૂપ પામેલા દેવાધિદેવનો મત એમ છે કે બે દ્રવ્યની ક્રિયાને એક આત્મા કરે નહિ. બે દ્રવ્યની ક્રયાને કરવાનો અભિપ્રાય તે વીતરાગના માર્ગની બહાર છે. આત્મા પોતાના ભાવને પણ કરે અને જડની અવસ્થાને પણ કરે તો તે એક આત્મા બે ક્રિયાથી એકમેક થઈ ગયો.

કોઈ માણસ એમ કહે કે હું પર દ્રવ્યનું કરી શકું છું, ત્યારે તેને પૂછવામાં આવે છે કે શરીરાદિ જડની અવસ્થાને તું કરી શકે ને ભોગવી શકે તો તારી અવસ્થામાં તારો હાથ છે કે નહિ? શું તારી અવસ્થા નકોર પડી છે? તું અવસ્થા વગરનો છો? જો તું પરદ્રવ્યની અવસ્થાને કરતો હો તો પરદ્રવ્ય તારારૂપે તન્મયપણે થઈ ગયું હોવું જોઈએ. જો તું અને જડ એકમેક ન થા તો તું જડ એવા શરીરાદિનું કોઈ રીતે કરી શકે નહિ. અને જો તું તારી વૈભાવિક કે સ્વભાવિક પણ ચૈતન્યની જ અવસ્થાનો કર્તા હો તો પરદ્રવ્યની અવસ્થાનો કોઈ રીતે કર્તા ન હો, કારણ કે એક દ્રવ્ય એક જ ક્રિયાનો કર્તા હોય પરંતુ બે દ્રવ્યની ક્રિયાનો કર્તા કોઈ દ્રવ્ય જગતમાં હોઈ શકે જ નહિ. આત્મા પોતાની અવસ્થાને કરે અને પરની અવસ્થાને પણ કરે તો તે બે ક્રિયાથી અભિન્ન થયો તે વાત વીતરાગદેવને માન્ય નથી પણ અજ્ઞાનીને માન્ય છે, જેને કેવળજ્ઞાન પ્રગટ થયું છે, રાગ-દ્વેષનો સર્વથા નાશ થયો છે, જડ-ચૈતન્યનું પૂરેપૂરું સ્વરૂપ જેના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે જણાયું છે એવા સર્વજ્ઞ વીતરાગદેવને તે વાત માન્ય નથી.

પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી. જગતમાં કોઈપણ શબ્દ બોલાય તે કોઈનો પણ ભાવ હોય જ, કાં તો શબ્દ બોલાય તેવી વસ્તુ હોય, કાં વસ્તુનો ગુણ હોય અને કાં કોઈ વસ્તુની

---

પુદ્‌ગલકર્મ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

અવસ્થા હોય; તેમ ક્રિયા છે તે વસ્તુ, ગુણ અને અવસ્થામાંથી શું છે? વસ્તુની અવસ્થા જ છે, પરિણામસ્વરૂપ છે. અવસ્થા કાંઈ ભ્રમ નથી પરંતુ તે કોઈ વસ્તુનું પરિણામ છે–ભાવ છે માટે ક્રિયા દ્રવ્યથી ભિન્ન હોઈ શકે નહિ, જેમ સસલાનાં શિંગડાં ન હોય તેમ વસ્તુમાં ક્રિયા ન હોય તેમ નથી પરંતુ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી વસ્તુની અવસ્થા જ છે.

પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે–જુદી જુદી બે વસ્તુ નથી. અવસ્થા જેમાંથી થાય છે તેનાથી તે વસ્તુ જુદી હોય નહિ. સોનું અને સોનાનો દાગીનો તે બે જુદા હોય? ન જ હોય. સોનામાંથી વીંટીની અવસ્થા થઈ, પણ વીંટીરૂપ અવસ્થા કયાંય રહી ગઈ અને સોનું બીજે કયાંય રહી ગયું તેમ બને? ન જ બને. વીંટીરૂપ અવસ્થા સોનારૂપ વસ્તુમાંથી જ થઈ છે માટે સોનું અને તેની અવસ્થા બન્ને જુદાં ન હોય પણ પરિણામ પરિણામી અભેદ જ હોય. કોઈ કહે વીંટી તો સોનીએ કરી છે, પરંતુ સોનીએ વીંટી કરી નથી પણ વીંટી કરવાની ઈચ્છા સોનીએ કરી છે. ઇચ્છાનો કર્તા સોની છે પણ વીંટીનો કર્તા સોની નથી, સોનીનું માત્ર નિમિત્ત છે, સોનીએ વીંટી કરી નથી. વીંટીનો કર્તા સોનું છે, સોનામાંથી જ વીંટી થઈ છે; તે રીતે જે કોઈ અવસ્થા ચૈતન્યની હોય તે ચૈતન્ય દ્રવ્યથી અભિન્ન હોવાથી તેનો કર્તા ચૈતન્ય છે અને જે કોઈ અવસ્થા જડની હોય તે જડ દ્રવ્યથી અભિન્ન હોવાથી તેનો કર્તા જડ છે. માટે એમ સિદ્ધ થયું કે જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી એટલે કે દ્રવ્યથી ભિન્ન નથી. જડની ક્રિયા જડ ક્રિયાવાનથી જુદી નથી અને ચૈતન્યની ક્રિયા ચૈતન્ય ક્રિયાવાનથી જુદી નથી. આમ વસ્તુસ્થિતિની મર્યાદા હોવાથી ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય તપે છે. 'તપે છે' એટલે કે ક્રિયા અને દ્રવ્યમાં ભંગ કયારે પણ પડતો નથી, વસ્તુ વગરની અવસ્થા ન હોય ને અવસ્થા વગરની વસ્તુ હોઈ શકે નહિ.

૧૯૯૯, આસો વદ ૧૦ શનિ.

આત્મા પોતાના ભાવને પણ કરે અને જડની ક્રિયાને પણ કરે તે અભિપ્રાય અજ્ઞાન છે તે વાત અહીં કરે છે.

ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય તપતું હોવાથી, જીવ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે–ભોગવે છે.

આત્મા વ્યાપક છે અને અવસ્થા વ્યાપ્ય છે. જેમ પોતાના રાગ–દ્વેષ ભાવને આત્મા કરે તેવી જ રીતે આત્મા પુદ્ગલકર્મમાં વ્યાપીને પુદ્ગલકર્મને કરે અને ભાવ્ય-

ભાવકભાવથી પુદ્‍ગલના હર્ષશોકને ભોગવે તો જીવને પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવે, એમ જો બન્નેનું એકપણું થાય તો સ્વપરની વહેંચણી આથમી જાય છે, જડ–ચૈતન્યની વહેંચણીનો નાશ થાય છે. એ રીતે આત્મા અને અનેક જડ દ્રવ્ય બધાં એક છે એમ માનનાર મહા મિથ્યાદૃષ્ટિ છે, તે ત્રિલોકીનાથ સર્વજ્ઞ ભગવાનના મતની બહાર છે.

આત્મા શુભાશુભ ભાવ કરે અને તે જ પ્રમાણે જડની ક્રિયા પણ કરે–તેમ એક આત્મા બે ક્રિયાને કરે અને ભોગવે એવું માને તે સર્વજ્ઞના મતની બહાર છે. જેમ દશાશ્રીમાળી વાણિયો હોય તેનો છોકરો દારૂ પીએ, માંસ ખાય કે લંપટપણે ચડયો હોય તો તેને ખાનદાન પિતા એમ કહે કે તું મારો છોકરો નહિ પણ ભંગિયાનો છોકરો છો; તેમ અહીં વીતરાગદેવ કહે છે કે શુભાશુભભાવ હું કરું અને શરીરાદિ જડની ક્રિયા પણ હું કરું એવું માનનાર તે જૈન નથી, અમારી આજ્ઞામાં નથી, અમારા માર્ગમાં નથી પણ અધર્મના માર્ગમાં છે.

કોથળીમાં અંદર ભર્યું કરિયાતું, માથે લખ્યું ચિનાઈ સાકરનું નામ, એટલે કાંઈ કરિયાતું ચિનાઈ સાકર થાય? તેમ વસ્તુનો જે સ્વભાવ છે તેમ નહિ માનતાં બીજી રીતે માને એટલે કાંઈ વસ્તુનો સ્વભાવ બદલાઈ જાય? આત્મા જ્ઞાનમૂર્તિ છે, તે ઊંધો પડયો પોતાના અજ્ઞાનભાવને કરે અને સવળો પડયો પોતાના જ્ઞાનભાવને કરે પણ તેનું જડ ઉપર સ્વામિત્વ છે જ નહિ. રાગ-દ્વેષને કરું, હર્ષ–શોકને ભોગવું અને જડને પણ કરું અને ભોગવું એમ માનનાર બે પદાર્થનો કર્તા થયો, બે પદાર્થનો ભોક્તા થયો; તેણે અસત્યનું–જૂઠાણાનું સેવન કર્યું.

હું પરનું કરી શકતો નથી પરંતુ મારું પોતાનું જ કરી શકું છું એમ માનનારે અનંતા પર આત્મા તથા અનંતા જડથી પોતાને જુદો પાડયો, વળી તેમનું હું કાંઈ કરી શકું નહિ એમ માનતાં તેનો અનંત કષાય ટળી ગયો તેથી અનંતા જન્મ–મરણ ટળી ગયાં, ત્રણકાળની ઊંધી દૃષ્ટિ ખસી ગઈ અને અનંતગુણી સ્વભાવપર્યાય પ્રગટ થઈ. બીજા પદાર્થની અવસ્થાને હું ભલું–ભૂંડું કરી શકું છું તેમ માનનાર ત્રણકાળના અનંત પદાર્થનો અભિમાની છે, અનંત જન્મ-મરણ તેને પડયા છે, જગતને હું કરી દઉં તેમ માને તે મહા મૂઢ છે. વાત બે છે--કાં તો થાય ત્રણકાળના પદાર્થનો ધણી ને કાં તો ત્રણકાળના પદાર્થનો ધણી થતો ખસી જાય અને પોતાના સ્વપદાર્થનો ધણી થાય પણ બે દ્રવ્યની પર્યાયને એક દ્રવ્ય કરે છે એમ માનનાર મહા અજ્ઞાની, મહા કષાયી છે, તે અનંત સંસારનું બીજડું લઈને બેઠો છે.

જડની ક્રિયા ચેતન કરતો નથી અને ચેતનની ક્રિયા જડ કરતો નથી, ચેતન

ચેતનની ક્રિયા પણ કરે અને જડની ક્રિયા પણ કરે એ રીતે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે એમ બની શકે નહિ. આત્મા રાગ-દ્વેષની ક્રિયા કરે અને હર્ષ-શોકને ભોગવે, તેમ જ પુદ્‌ગલકર્મને કરે અને પુદ્‌ગલકર્મને ભોગવે એમ બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરી શકે નહિ એવી વસ્તુસ્થિતિની મર્યાદા છે. ચેતન ચેતનની ક્રિયા કરે અને જડ જડની ક્રિયા કરે એમ સૌ પોતપોતાની ક્રિયા કરે, કોઈની ક્રિયા કોઈ કરી શકે નહિ, કર્તા ને ક્રિયા બન્ને અભિન્ન છે એવી વસ્તુસ્થિતિ સદાય તપે છે તેથી કોઈ કોઈને કરી શકતું નથી અને કોઈ કોઈને ભોગવી શકતું નથી.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે એવી વસ્તુસ્થિતિ છે પણ સત્યને અસત્ય માને અને અસત્યને સત્ય માને એ અભિપ્રાય અનંત સંસારનું મૂળિયું છે. પોતે પોતાના કારણે પોતાથી સમજીને ઊંધી માન્યતાની ગાંઠ તોડયા વિના આત્મતત્ત્વના સ્વરૂપની ગંધ માત્ર પણ આવે નહિ.

કર્મની જે અવસ્થા થાય છે તેને હું પરિણમાવી દઉં છું એવી દૃષ્ટિ તદ્દન અસત્ય છે. જે પરદ્રવ્ય છે, જેની ક્રિયા પોતે કરી શકે નહિ તેને કરવાનું માને તે તદ્દન જૂઠો અભિપ્રાય છે. બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ જે માને છે તે પદાર્થને સ્વાધીન માનતો નથી પણ પરાધીન માને છે.

કોઈનું કોઈ કાંઈ કરી શકે નહિ, માત્ર આરોપથી કહેવાય કે આણે આનું કર્યું, જેમ ઘીના ઉપચારથી ઘડો ઘીનો કહેવાય પણ તેથી કાંઈ ઘડો ઘીનો થાય નહિ; તેમ સૌ સૌના ભાવને કરે, પણ કોઈનું કોઈ કાંઈ કરી શકે નહિ, માત્ર આરોપથી કર્યું કહેવાય, ઘીના ઘડાની જેમ; પરંતુ ખરી રીતે કોઈનું કોઈ કરી શકતું જ નથી, કોઈની કોઈએ નિંદા આ જગતમાં કરી નથી તેમ કોઈએ કોઈની પ્રશંસા પણ કરી નથી, સૌ પોત-પોતાના ભાવને જે ગોઠે તેનાં ગાણાં ગાય છે અને ન ગોઠે તેની નિંદા કરે છે એટલે સૌ કોઈ પોતપોતાને ગોઠે-ન ગોઠે તેની પ્રશંસા નિંદા કરી રહ્યું છે, પરની પ્રશંસા નિંદા ત્રણકાળમાં કોઈએ કરી નથી, કોઈ કરતું નથી, કોઈ કરશે નહિ.

કોઈએ કોઈને ત્રણકાળમાં છેતર્યો નથી, કપટના ભાવ કરી પોતે જ પોતાને છેતરે છે. કોઈ કહેશે કે મેં ફલાણાને કેવો છેતર્યો? પણ ભાઈ! તેમાં તે નથી છેતરાણો પણ તું જ છેતરાણો છો. સામાનાં પુણ્ય ઓછાં કે તારા જેવો કપટી એને મળ્યો, પરંતુ કપટના, દગા-પ્રપંચના ભાવ કરીને તને પોતાને જ તેં છેતર્યો છે, બાકી ત્રણકાળમાં કોઈ કોઈને છેતરી શકતું નથી.

કોઈ, કોઈનું ભૂંડું [illegible] જાઓ એમ ચિંતવન કરે તો કોઈનું ભૂંડું થતું નથી, કોઈને નુકશાન થતું નથી અને કોઈ સારું ચિંતવે, કોઈની કોઈ ભક્તિ કરે, તો બીજાનું

કાંઈ સારું થતું નથી, જેમ જેનો પુણ્ય-પાપનો ઉદય હોય તે પ્રમાણે બને છે. ભલા-ભૂંડા ભાવ કરે છે તેનું ફળ તેને પોતાને મળે છે.

કરવા, કરાવવા અને અનુમોદવાનો ભાવ તો પોતાનો છે, કરવા, કરાવવા અને અનુમોદવાના ભાવમાં જે નિમિત્તો આવે તે નિમિત્ત તરફના ભંગ છે. પોતે પોતાના ભાવ કરે છે. પોતે પોતાના ભાવથી બીજાને કહે કે આ પ્રમાણે તું કર, તે રીતે પોતાના ભાવમાં બીજાનું નિમિત્ત આવ્યું પણ ભાવ તો પોતે કર્યો. પોતાના ભાવ પ્રમાણે પુણ્ય-પાપ બંધાય છે. સામું નિમિત્ત તે પ્રમાણે કરે કે ન કરે તેનું આને કાંઈ પણ પુણ્ય કે પાપ લાગે નહિ. પોતાના ભાવનું પુણ્ય-પાપ પોતાની પાસે ને સામાના ભાવનું પુણ્ય-પાપ સામાની પાસે છે, પોતાનું પોતાની પાસે સો એ સો ટકા અને બીજાનું બીજાની પાસે સો એ સો ટકા. બીજાનું અને પોતાનું જરાય સહિયારું નથી, પોતાનો ભાવ બીજા કોઈને નુકશાન કરે કે મદદ કરે તેમ ત્રણકાળ ત્રણલોકમાં બન્યું નથી બનતું નથી અને બનશે પણ નહિ. દરેક દ્રવ્યો સ્વતંત્ર જુદા છે. ૮૫.

હવે ફરી પૂછે છે કે ભગવાન? હું મારા ભાવને પણ કરું ને પરના ભાવને પણ કરું એમ બે કર્મને કરું એવું માનનાર પુરુષ મિથ્યાદષ્ટિ કઈ રીતે છે? તેનું સમાધાન કરે છે:—

जह्मा दु अत्तभावं पुग्गलभावं च दोवि कुव्वंति।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति ॥ ८६ ॥

અર્થ:— જેથી આત્માના ભાવને અને પુદ્ગલના ભાવને—બન્નેને આત્મા કરે છે એમ તેઓ માને છે તેથી એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા મિથ્યાદષ્ટિ છે.

આત્માના ભાવને એટલે કે રાગ-દ્વેષના ભાવને હું કરું ને જડના ભાવને પણ હું કરું તેમ માનનાર એક વસ્તુની બે અવસ્થા થાય તેમ માને છે તેથી તે મિથ્યાદષ્ટિ છે.

નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા) આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે

---

જીવભાવ, પુદ્ગલભાવ—બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. એક દ્રવ્ય વડે બે દ્રવ્યનાં પરિણામ કરવામાં આવતાં ન પ્રતિભાસો.

એક આત્માને જડની અને ચૈતન્યની બે અવસ્થા હોઈ શકે નહિ, તોપણ મિથ્યાદૃષ્ટિ માને છે કે આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને હું કરું છું તે દૃષ્ટિ તદ્દન જૂઠી છે. વસ્તુસ્વભાવ એવો છે કે એક વસ્તુ બે પરિણામ કરી શકે નહિ, માટે એક વસ્તુ બે ક્રિયાની કર્તા ન પ્રતિભાસો.

જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાની ઇચ્છા અને હાથની ક્રિયાના વ્યાપારપરિણામને કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસે છે. પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ તે કુંભાર, માટીના પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને કરતો પ્રતિભાસતો નથી. માટી ઘડો થવામાં અનુરૂપ છે અને કુંભાર ઘડો થવામાં અનુકૂળ છે.

માટીથી ઘડો થાય છે, માટી બદલીને ઘડાની ઉત્પત્તિ કરે છે. કુંભારની તો માત્ર હાજરી છે. ઘડો થવાની તાકાત માટીમાં છે પણ કુંભારમાં નથી. ઘડાની અવસ્થા માટીના આધારે થાય છે. કુંભાર પોતાની ઇચ્છાને અને હાથના વ્યાપારને કરતો દેખાય છે. કુંભારના હાથ અને પગ ઘડામાં ગરી ગયા હોય તેમ દેખાતું જ નથી, માટીમાંથી ક્રમે ક્રમે બદલતાં બદલતાં ઘડો થાય છે તેમ જ દેખાય છે. ઘડો થવામાં બાહ્ય કારણ કુંભારના હાથનો અને ઇચ્છાનો વ્યાપાર, અને અંતરંગકારણ માટી પોતે જ છે, ત્રણકાળ ત્રણલોકમાં કુંભાર ઘડો કરી શકતો જ નથી. વસ્તુમાંથી જ અવસ્થા નીપજે છે. વસ્તુમાં શું તાકાત નથી કે બીજો એની અવસ્થા નિપજાવી દે ? તેમ બિલકુલ છે જ નહિ. આત્મામાં અનંતી શક્તિ છે તેમાંથી તેની અવસ્થા નીપજે છે.

તેવી રીતે આત્મા પણ પુદ્‌ગલકર્મને અનુકૂળ પોતાના પરિણામને કરે છે, જે પરિણામ રાગ-દ્વેષ અને અજ્ઞાનમય છે તે પરિણામ આત્માથી જુદા નથી, તે પરિણામને જ પોતે કરે છે, બાકી આઠ કર્મ જે પુદ્‌ગલની અવસ્થા છે તેને આત્મા કરે તેમ બને નહિ; અજ્ઞાની પુદ્‌ગલની અવસ્થાને કરવાના અભિમાનથી ભરેલો છે તોપણ તે શરીર અને કર્મની અવસ્થાને કરી શકતો જ નથી, પોતાનાં જ અજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામને કરતો દેખાય છે પણ પુદ્‌ગલકર્મને બાંધતો-કરતો કદી પણ દેખાતો નથી,

પોતાના પરિણામ પોતાથી એકરૂપ છે માટે તેને આત્મા કરી શકે છે પણ પુદ્‌ગલના પરિણામને તો કરી શકતો જ નથી. પુદ્‌ગલમાં જે કર્મનો બંધ થાય છે તે પુદ્‌ગલ પોતે પરિણમીને પોતાની કર્મરૂપ અવસ્થાને કરે છે. પુદ્‌ગલ પોતાના પરિણામને અનુરૂપ એવા પોતાના જ કર્મને કરે છે, તેને કર્મરૂપ થવામાં આત્માના વિકારી પરિણામ નિમિત્તરૂપે અનુકૂળ થાય છે તોપણ આત્મા તે કર્મનો કર્તા નથી. આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો, પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો! આત્માની અને પુદ્‌ગલની-બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જડ-ચૈતન્યની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય એ મોટો દોષ ઊપજે. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થાય એવું ત્રણકાળમાં બન્યું નથી, બનતું નથી, અને બનશે નહિ. આ તો એવું ઊંધું માનનારના અભિપ્રાયમાં સર્વ દ્રવ્યનો લોપ આવે છે. વસ્તુસ્વભાવ તો જેમ છે તેમ જ ત્રણેકાળ છે પરંતુ અજ્ઞાની ઊંધું માની પોતાના ગુણની હિંસા કરે છે, પરનું હું કરી શકું, પરનું હું કરી શકું, એવા મિથ્યા અભિપ્રાયથી ચોરાશીમાં રખડી રખડીને હેરાન થયો, પરંતુ પરના કર્તાપણાનું અભિમાન છૂટયે જ સુખનો ઉપાય હાથ આવે તેમ છે, બાકી બીજા કોઈ ઉપાયે સુખનો ઉપાય હાથ આવે તેમ છે જ નહિ.

આર્યા )

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म ।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ॥५१॥

અર્થ :—જે પરિણમે છે તે કર્તા છે, (પરિણમનારનું) જે પરિણામ છે તે કર્મ છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે; એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી.

જે થનારો છે તે કર્તા છે, વસ્તુ બદલતાં બદલતાં થનારનું જે કાર્ય થાય તે કર્મ છે, અને થનારની જે ક્રિયા છે તે પરિણતિ છે, જે સ્વતંત્રપણે કરે તે કર્તા, દરેક દ્રવ્ય સ્વતંત્રપણે બદલે છે, બદલનારો સ્વતંત્ર છે.

નવાં જડકર્મ બંધાય ત્યારે રાગ-દ્વેષ હાજર હોય પણ જડકર્મને મેં કર્યું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે, નિમિત્ત કાંઈ ઉપાદાનને તાબે થઈને હાજર હોતું નથી. કર્મ બંધાય છે તેમાં કોણ બદલાય છે? કર્મ કે આત્મા? તેમાં કર્મ જ બદલાય છે, આત્મા બદલાતો નથી; માટે જે જેનાથી બદલાય તે તેને કરે કે કોઈ બીજો કરે? જે દ્રવ્ય બદલાય તે જ તેનો કર્તા છે. કોઈ બીજો નથી.

બદલનારનું જે કાર્ય થયું તે કર્મ છે અને અવસ્થાંતર થવામાં જે ક્રિયા થઈ તે પરિણતિ છે. રજકણે રજકણ જુદે જુદા છે. એક રજકણને લઈને બીજું રજકણ બદલાય છે તેમ ત્રણકાળમાં નથી, સ્કંધમાં પણ બધા રજકણો જુદે જુદા પરિણમે છે.

પવનના રજકણમાં પાણી થવાની લાયકાત થવાની હોય તો થાય, તેને બીજું કોઈ કરી દે તેમ નથી. બે જાતના પવન ભેગા થઈને પાણી થાય છે એવું નથી. એ તો માત્ર નિમિત્ત બન્યું; ખરી રીતે તે વખતે તે રજકણોમાં પાણી થવાની યોગ્યતા જ હતી.

પાણીનો એક બિંદવો દેખાય છે તે અનંતા રજકણનો પિંડ છે; તે દરેકનું જુદે જુદું પરિણમન છે.

જડની અવસ્થા જડથી બદલાય છે અને આત્માની અવસ્થા આત્માથી બદલાય છે. વિકારી અવસ્થાનો તો આત્મા અજ્ઞાનભાવે કર્તા છે પણ જડનો કર્તા તો કોઈ રીતે નથી, એટલું માને ત્યાંસુધી તો આંગણે આવ્યો છે, પુણ્યપરિણામના ભાવ છે. ખરી રીતે તો વિકારી પરિણામનો પણ કર્તા વસ્તુદૃષ્ટિએ નથી. પુણ્યપરિણામથી પણ પોતાનું સ્વરૂપ જુદું છે એવા સ્વરૂપનું ભાન કરે ને ઠરે તો નિર્જરા છે અને તો તે ઘરમાં પેઠો છે.

આત્મા બદલનારો છે અને બદલાય છે તે ક્રિયા છે ને બદલીને જે કાર્ય આવ્યું તે કર્મ છે.

વસ્તુદૃષ્ટિએ પરિણામ અને પરિણામી અભેદ છે, શરીરની અવસ્થા અને શરીર બન્ને એક છે. પુદ્‌ગલને પુદ્‌ગલની અવસ્થા બન્ને એક છે, રાગ-દ્વેષની અવસ્થા અને આત્મા અજ્ઞાનભાવે એક છે પરંતુ સમ્યગ્ભાવે એક નથી. અહીં તો જડનો કર્તા નથી તેમ ઊભો રાખ્યો છે પણ ખરી રીતે તે વિકારી ભાવનો પણ કર્તા નથી.

અવસ્થાયી અને અવસ્થા તે બન્ને દ્રવ્યદૃષ્ટિએ એક જ છે અને અવસ્થાયી અને અવસ્થા તે બન્નેમાં પર્યાયદૃષ્ટિએ ભેદ છે. કર્તા-કર્મ-ક્રિયા તે ત્રણેય ભેદદૃષ્ટિએ કહેવામાં આવ્યા છે.

આ લાકડું છે તે સુગંધી છે, પહોળું છે, ભારે છે, તેમ ભંગદૃષ્ટિએ કહો તો દ્રવ્ય અને પર્યાય લક્ષણાદિ ભેદથી જુદાં છે તોપણ વસ્તુદૃષ્ટિથી અભેદ છે. સુગંધ અને લાકડું બન્ને એક છે-અભેદ છે-તેને જુદાં કરી શકાતાં નથી. પરિણામ અને પરિણામી બન્ને અભેદ છે. આ શરીરની અવસ્થા શરીરથી જુદી નથી, શરીર અને શરીરની અવસ્થા એક છે. આત્માની અવસ્થા અને શરીરની અવસ્થા બન્ને કોઈ દિવસ ભેળસેળ થઈ નથી. અજ્ઞાની બન્નેનો ખીચડો કરીને માને છે કે જડને હું આમ

કરું છું ને તેમ કરું છું પણ પરને કોઈ કરી શકતું નથી, પોતાના ઊંધા ભાવને ગ્રહે છે અને ઊંધા ભાવને છોડે છે, બાકી પરને ગ્રહે કે મૂકે તેવું ત્રણકાળમાં છે નહિ.

પરિણામ અને પરિણામી અભેદ છે. ગોળ અને ગળપણ અભેદ છે તેમાં ક્ષેત્રભેદ નથી–પ્રદેશભેદ નથી, સુખડના લાકડામાં ને તેની સુગંધમાં પ્રદેશ ભેદ નથી. દરેક વસ્તુ, તેનું પરિણામ અને તેની પરિણતિમાં પ્રદેશભેદ નથી. વસ્તુ પોતે કર્તા, બદલાણી તે પરિણતિ અને બદલાઈને જે કાર્ય આવ્યું તે અવસ્થા, તે ત્રણેયમાં ક્ષેત્રભેદ નથી–પ્રદેશભેદ નથી. તેમ શરીરની ક્રિયા સાથે શરીરને પ્રદેશભેદ નથી. અને આત્માની ક્રિયા સાથે આત્માને પ્રદેશભેદ નથી. આત્મામાં જે રાગ ઘટાડવાનો ભાવ થયો તે આત્મામાં, અશુભભાવ થયો તે આત્મામાં. આત્માનું ભાન કરીને ઠર્યો તે આત્મામાં અને શુભ-કર્મ કે અશુભકર્મ જે પુદ્‌ગલદ્રવ્યમાં બંધાણાં તે પુદ્‌ગલદ્રવ્યમાં, એ રીતે બન્ને દ્રવ્યો જુદાં છે, બન્ને દ્રવ્યોનાં કર્તા, ક્રિયા અને કાર્ય જુદાં છે.

૧૯૯૯, આસો વદ ૧૧ રવિ.

કર્તાકર્મનો અધિકાર ચાલે છે. કોઈ વસ્તુ અન્ય કોઈ વસ્તુનો કર્તા છે નહિ. કર્તાકર્મ અધિકારની ૭૬ ગાથા આચાર્યદેવે રચી છે, તેમાં કર્તાકર્મનો ઘણો વિસ્તાર લીધો છે, બહુ સ્પષ્ટ કર્યું છે, આટલું સ્પષ્ટ છે ત્યારે લોકોને માંડ ખ્યાલમાં આવે તેવું છે.

પરનો કર્તા નથી એમ નક્કી થયું એટલે પોતાને પોતાનું જ કરવાનું રહ્યું.

કોઈ કહે કે તમે જ બોલો છો અને વળી તમે જ કહો છો કે બોલી શકાય નહિ. એ તો માણસોને એમ લાગે કે આ બોલે છે પણ આત્મા બોલી શકે જ નહિ, એક ઊંકારો માત્ર પણ આત્મા કરી શકે નહિ, બોલાય છે તે બધી પુદ્‌ગલની પર્યાય છે. પુદ્‌ગલમાં શબ્દરૂપે પરિણમવાની લાયકાત હોય ત્યારે આત્મા હાજર હોય, અને કર્મનું નિમિત્ત પણ હાજર હોય એવો નિમિત્તનૈમિત્તિક સંબંધનો મેળ થઈ જાય છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવને સમોસરણમાં ૐકાર ધ્વનિ છૂટે છે તે પણ પુદ્‌ગલની પર્યાય છે; તે આત્મામાંથી છૂટતો નથી. વાણી છૂટે વાણીના કારણે ત્યારે અજ્ઞાની અભિમાન કરે છે કે હું વાણી બોલું છું, અજ્ઞાનીને એમ લાગે કે હું ઇચ્છા કરું ત્યારે વાણી બોલાય છે પણ ઇચ્છા થાય અને વાણી બોલાય એવો નિયમ નથી. તેના ચાર ભંગ છે, ઇચ્છા થાય અને બોલાય, ઇચ્છા થાય અને ન બોલાય, ઇચ્છા ન હોય ને બોલાય, ઇચ્છા ન હોય ને ન બોલાય. ઇચ્છા થાય અને વાણીના ઉદય હોય તેથી બોલાય, વાણી વાણીના કારણે નીકળે છે, છતાં પણ ઇચ્છા વખતે વાણીનો ઉદય હોય તો નિમિત્તનૈમિત્તિકસંબંધ થઈ જાય છે તે પહેલો ભંગ, બોલવાની ઇચ્છા હોય પણ જીભમાં પક્ષઘાત થઈ જાય તોપણ ન બોલાય, ઇચ્છા હોય

પણ વાણીના અનુકૂળ ઉદય ન હોય તો ન બોલાય, તે બીજો ભંગ થયો. કેવળજ્ઞાનીને તેરમે ગુણસ્થાને ઇચ્છા ન હોય અને વાણીનો ઉદય હોય તો ધ્વનિ છૂટે છે તે ત્રીજો ભંગ થયો, કોઈ મૂક કેવળી હોય છે તેમને ઇચ્છા પણ ન હોય અને વાણી પણ ન હોય. કેવળજ્ઞાન થાય પણ વાણી ન છૂટે. એ રીતે ચાર ભંગ થાય. બન્ને દ્રવ્યો જુદાં પરિણમે છે માટે આત્મા વાણી બોલતો જ નથી. સૌના કર્તાકર્મ સૌ સૌમાં પોતામાં જ છે. ફરી પણ કહે છે કે:—

( આર્યા )

**एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य ।**
**एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥५२॥**

અર્થ :—વસ્તુ એક જ સદા પરિણમે છે, એકનાં જ સદા પરિણામ થાય છે (અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે) અને એકની જ પરિણતિ-ક્રિયા થાય છે, કારણ કે અનેકરૂપ થવાં છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.

વસ્તુ એક જ સદા પરિણમે છે તે આખો સિદ્ધાંત છે. જે પરિણામ થાય છે તે એકના જ થાય છે, એક અવસ્થાથી બીજી અવસ્થા બદલાય છે તે એકની જ બદલાય છે, આત્મામાં અનેક અવસ્થા થવા છતાં ભેદ નથી, એટલે કર્તા, ક્રિયા ને કર્મ તે ત્રણે જુદાં નથી, એક વસ્તુનાં જ છે; આત્માનાં કર્તા, કર્મ ને ક્રિયા આત્મામાં છે ને જડનાં કર્તા, કર્મ, ક્રિયા જડમાં જ છે.

એક આત્મામાં અનંત ગુણ છે, એક પરમાણુમાં પણ અનંત ગુણ છે. તે અનંત ગુણમાં સમયે સમયે જે અવસ્થા થાય છે તેને પરિણામ કહેવાય છે. વસ્તુ અને પરિણામને નામભેદ, લક્ષણભેદ છે પણ વસ્તુભેદ નથી. જેમ ગોળ અને ગળપણમાં લક્ષણભેદ અને સંજ્ઞાભેદ છે પણ વસ્તુભેદ નથી તેમ.

શરીર અને શરીરની અવસ્થા જુદાં નથી. પુદ્‌ગલ, પુદ્‌ગલના ગુણો અને તેની અવસ્થામાં નામભેદ અને લક્ષણભેદ છે પણ વસ્તુભેદ નથી-પ્રદેશભેદ નથી. દરેક વસ્તુ પોતાથી એકમેક છે પણ બીજી ચીજથી એકમેક થતી નથી, સૌના પરિણામ જુદા જુદા થાય છે. વસ્તુમાં કર્તા, ક્રિયા ને કર્મ થાય છે તેમાં લક્ષણભેદ છે, નામભેદ છે પરંતુ વસ્તુભેદ નથી. અનેક પરિણામ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.

જેમ સોનારૂપ વસ્તુ અને તેના પીળાશ, ચીકાશ વગેરે ગુણો, ને કડાં, કુંડળ વગેરે તેની પર્યાય-તે ત્રણેમાં નામભેદ, સંખ્યાભેદ ને લક્ષણભેદે ભેદ છે પણ વસ્તુભેદે ભેદ નથી, જે અવસ્થાનું ક્ષેત્ર છે, જે ગુણોનું ક્ષેત્ર છે તે જ વસ્તુનું ક્ષેત્ર છે. તેમ

આત્મામાં જાણવું, માનવું ને ઠરવું તેવા ગુણ અનંત છે અને તેનો ધરનારો ગુણી એક છે. આ પ્રમાણે ગુણથી અનંત અને વસ્તુથી એક—એવી રીતે સંખ્યાભેદ છે. પરંતુ વસ્તુભેદ નથી, ક્ષેત્રભેદ નથી. ગુણ કયાંક રહે ને દ્રવ્ય કયાંક રહે તેમ નથી; તેથી વસ્તુ-ભેદ નથી. દ્રવ્ય ને ગુણ જો જુદા હોય તો જે જુદા પડે પરંતુ જે ભેગા અભેદપણે હોય તે જુદા પડે નહિ. આત્મા અને ગુણ એમ નામ જુદાં પડયાં તે નામ- ભેદ ભેદ છે. અનંત ગુણનો પિંડ તે દ્રવ્યનું લક્ષણ છે અને દરેક ગુણનું-તો જાણવું-માનવું-ઠરવું વગેરે એકેક ગુણનું જુદું જુદું કાર્ય છે. એ રીતે ગુણ ને દ્રવ્યમાં લક્ષણભેદે ભેદ છે. દ્રવ્યનું પ્રયોજન ગુણોનાં કાર્યોને ધારી રાખવા તે છે અને ગુણનું પ્રયોજન પોતપોતાના સ્વભાવ પ્રમાણે જુદાં જુદાં કાર્યો કરવાં તે છે. દ્રવ્યનું પ્રયોજન દરેક ગુણ અને તેની અવસ્થાને ધારી રાખવી તે છે અને અવસ્થાનું પ્રયોજન તો ક્ષણે ક્ષણે અનુભવ આપવો તે છે.

દરેક વસ્તુ અને વસ્તુની ક્ષણે ક્ષણે થતી હાલત તેમાં લક્ષણાદિ ભેદ છે છતાં પણ વસ્તુમાં ભેદ નથી, એવી રીતે દરેક આત્મા, પરમાણુ, કાલાણુ, આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તે બધા પદાર્થમાં વસ્તુ અને અવસ્થાના નામભેદ અને લક્ષણભેદ વગેરે છે પણ વસ્તુભેદે ભેદ નથી.

જે ભાવે સંસાર છે તેનાથી ઊંધા ભાવે મોક્ષ છે. સંસારનું ભણતર નિશાળમાં માસ્તર પાસે ભણવા જવું પડે, તેમ મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજવા માટે ને સંસારનો અભાવ કરવા માટે ગુરુ પાસે અભ્યાસ કરવા જવું પડે. સંસારનું ભણતર પેટ ભરવાના હેતુએ છે અને આત્માનું ભણતર મોક્ષ કરવાને માટે છે, સંસાર ને મોક્ષ બન્નેના વિપરીત ભાવ છે. જે ભાવે સંસાર ફળે છે તે ભાવે મોક્ષ કદી ન મળે, પુણ્ય-પાપના ભાવથી સંસાર ફળે છે માટે તેનાથી મોક્ષ કદી ન મળે અને આત્માના શુદ્ધ સ્વભાવે મોક્ષ ફળે છે, તેનાથી સંસાર ફળે નહિ પણ સંસારનો નાશ જ થાય.

વળી કહે છે કે:—

( આર્યા )

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत ।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा ॥५३॥

અર્થ:—બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી, બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી અને બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી; કારણ કે અનેક દ્રવ્યો છે તે અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી.

આત્માની અવસ્થા આત્મામાં થાય અને જડની અવસ્થા જડમાં થાય. અરે !

રજકણે રજકણની અવસ્થા પોતપોતામાં થાય છે. છાશના રજકણો જુદાં છે અને દૂધના રજકણો પણ જુદાં છે, બે ભેગા થઈને કામ કરતાં નથી. કોઈ કહેશે કે દૂધમાં છાશ પડી એટલે દહીં જામ્યું, પણ ભાઈ! દહીં એટલે શું ? દહીં કહેવું કોને ? અમુક કાળ સુધી એક સંયોગી ચીજ રહે તેને લોકેએ નામ આપ્યું કે આ દહીં છે, દૂધના રજકણોની મીઠી અવસ્થા પલટીને ખાટી અવસ્થા થવાની લાયકાત તૈયાર થઈ ત્યારે તેને છાશનું નિમિત્ત મળ્યું, એટલે દૂધમાંથી દહીંરૂપે અવસ્થા થઈ, તોપણ દહીંના દેફામાં જે અનંત રજકણો છે તે દરેકનું કાર્ય જુદું જુદું છે, કોઈ રજકણનું કાર્ય કોઈ રજકણ કરતું નથી.

પરમાણુમાં રસ નામનો ગુણ છે, તેની મીઠાશ અને ખટાશ વગેરે અવસ્થા થાય છે, રસ ગુણ કાયમ રહીને અવસ્થા બદલાય છે.

દૂધમાં જ્યારે મીઠી અવસ્થા બદલીને ખાટી અવસ્થા થવાની લાયકાત થાય ત્યારે જ અવસ્થા બદલે છે, પણ લોકોને એવી ઊંધી માન્યતા બેઠી છે કે છાશ જ દૂધમાંથી દહીં કરાવી આપે છે. દૂધના પરમાણુ ખટાશ સન્મુખ થઈને પરિણમે ત્યારે જ ખાટી અવસ્થા થાય છે, તેના સ્વતંત્ર પરિણમન વગર છાશનો ભાર નથી કે દૂધને દહીં બનાવી દે, દરેક પરમાણુનું પરિણમન સ્વતંત્ર છે, કોઈનો કોઈ કર્તા નથી.

કોઈ કહે કે અમુક ચીજો શરીરમાં શરદી કરે છે પરંતુ દરેક પરમાણુ સ્વતંત્ર જુદાં છે. બીજા પુદ્‌ગલો બીજાં પુદ્‌ગલોમાં શરદી કરી શકે જ ન નહિ, શરીરમાં શરદી થવાની લાયકાત થાય ત્યારે તેને અનુકૂળ નિમિત્તો મળે છે. બીજું દ્રવ્ય માત્ર જોડે રહે ત્યાં અજ્ઞાની કહે કે આ જોડે રહેલા દ્રવ્યે આનું કાર્ય કરી દીધું; તે માન્યતા તદ્દન ખોટી છે. તત્ત્વની જેને ખબર નથી તે તત્ત્વનું ખૂન કરનાર છે; અજ્ઞાન તે બચાવ નથી; કોર્ટના કાયદામાં પણ આવે છે કે અજ્ઞાન તે બચાવ નથી; તેમ વસ્તુનો જે સ્વભાવ એટલે કે નિયમ છે તે ન જાણે અને કહે કે અમને ખબર નહોતી તો વીતરાગ-દેવ કહે છે કે રખડ ત્યારે. જડ ચૈતન્યનો જે સ્વભાવ છે તે સ્વભાવને જાણે નહિ, અને કહે કે આવા સ્વભાવની અમને ખબર નથી તો વીતરાગદેવ કહે છે કે જા, રખડ ચોરાશીમાં, બચાવ ફચાવ કામ નહિ આવે.

આત્માનો સ્વતંત્ર સ્વભાવ કેવો છે તે સમજવાનું ટાણું આવ્યું ને જે સમજતો નથી તેને આચાર્યદેવ કહે છે કે હે ભવ્યાત્મા! સત્ સમજ અને અજ્ઞાન ટાળ! બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી એવું સ્વતંત્રતાનું જ્ઞાન કર!

આત્મા રાગ પણ કરે ને જડ દ્રવ્યની બોલવાની અને ચાલવાની ક્રિયા પણ કરે

તેમ બને નહિ, કોઈ વસ્તુ બદલીને એક થાય તેમ બને નહિ, એક રજકણનું બીજું રજકણ કાંઈ કરે નહિ, એક આત્માને બીજો આત્મા કાંઈ કરે નહિ, એક આત્માને રજકણ કાંઈ કરે નહિ. એક રજકણને આત્મા કાંઈ કરે નહિ, તે ચૌભંગીથી કોઈનું કોઈ કરે નહિ તેમ સમજી લેવું. દરેક વસ્તુનાં ક્ષેત્ર જુદાં છે માટે બે દ્રવ્યો એક થતાં નથી, બે દ્રવ્યોનું એક કાર્ય થતું નથી, બે દ્રવ્યોની એક ક્રિયા થતી નથી.

કેટલાક કહે છે કે આત્મા સિદ્ધમાં જાય છે ત્યારે એક આત્મા બીજા આત્મામાં ભળી જાય છે; "જ્યોતમાં જ્યોત મિલાય" એમ કહે છે પણ તે વાત તદ્દન જૂઠી છે, ત્રણકાળ ત્રણલોકમાં તેમ નથી. આત્મા સંસારમાં પણ જુદો છે અને મોક્ષમાં પણ જુદો જ રહે છે; જે જુદો તે ત્રિકાળ જુદો જ છે. બે દ્રવ્ય કોઈ દિવસ એક થતાં નથી, બે દ્રવ્યનાં કાર્ય એક થતાં નથી અને બે દ્રવ્યોની ક્રિયા પણ એક થતી નથી. જગતમાં સત્‌સમજણ વગર ગોટા ઊઠયા છે.

દરેક દ્રવ્યોનાં સ્વક્ષેત્ર જુદાં છે, દરેક દ્રવ્યનાં સ્વ ચતુષ્ટય જુદે જુદાં છે, તેમાં નિમિત્ત કાંઈ કરી દેતું નથી.

પ્રશ્નઃ—વસ્તુમાં કાર્ય જો પોતાથી જ થતું હોય તો પછી નિમિત્તની શું જરૂર છે?

ઉત્તરઃ—જ્યારે કાર્ય થાય ત્યારે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરી દેતું નથી; સૂર્યવિકાસી કમળ ખીલે ત્યારે સૂર્યનો ઉદય હોય એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે પણ સૂર્યે કમળને ખીલવ્યું નથી; કમળ પોતાની મેળે ખીલે છે ત્યારે સૂર્યની હાજરી હોય એવો સંબંધ છે; તેવી રીતે ચંદ્રવિકાસી કમળ ખીલે ત્યારે ચંદ્રનો ઉદય હોય એવો સંબંધ છે તોપણ ચંદ્રવિકાસી કમળને ચંદ્રે ખીલવ્યું નથી પણ કમળ ખીલવા ટાણે ચંદ્રની હાજરી હોય છે.

અવસ્થા થવાની લાયકાત પોતામાં હોય ત્યારે નિમિત્તની હાજરી હોય છે, નિમિત્તની વાટ ઉપાદાને જોવી પડે તેમ નથી; પણ ઉપાદાનમાં જ્યારે તે અવસ્થા થવાની લાયકાત થાય છે ત્યારે તેને અનુકૂળ નિમિત્ત હાજર હોય એવો સંબંધ છે. આગળ પાછળ નહિ પણ ઉપાદાન ને નિમિત્ત બન્ને સાથે હોય છે.

પોતાના માટીના વ્યાપારને અનુરૂપ ઘડાની ઉત્પત્તિમાં કુંભાર અનુકૂળ હોય છે કુંભાર ઘડાને કરતો પ્રતિભાસતો નથી, પરંતુ પોતાના અભિમાનના પરિણામને કરતો ભાસે છે. કોઈ કહે કે નિમિત્ત અને ઉપાદાન યુગપદ્ છે માટે ભૂલ ખવાઈ જાય છે પણ તેમ કહેનારની વાત તદ્દન ખોટી છે. પોતે પોતાની માન્યતાને કારણે

ભૂલ ખાય છે; યુગપદ્ છે તેથી ભૂલ બિલકુલ થતી નથી.

બે વસ્તુઓ તદ્દન જુદી જ છે, બન્નેના પ્રદેશ પણ જુદાં જ છે, માટે બન્ને એકરૂપે પરિણમે નહિ, એકરૂપ પરિણામ પણ થાય નહિ, અને એકરૂપ પરિણતિ પણ થાય નહિ, જો બે દ્રવ્યો એકરૂપ પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થાય, પરંતુ એમ બનતું જ નથી, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન છે જ નહિ માટે લોપ થવાનો પ્રસંગ જ નથી.

ફરી આ અર્થને દૃઢ કરે છે:—

( આર્યા )

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य ।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात् ।। ५४ ।।

અર્થ:—એક દ્રવ્યના બે કર્તા ન હોય, વળી એક દ્રવ્યનાં બે કર્મ ન હોય અને અને એક દ્રવ્યની બે ક્રિયા ન હોય; કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.

આ શરીરની અવસ્થા શરીર કરે અને શરીરની અવસ્થા આત્મા પણ કરે એમ એક દ્રવ્યના બે કર્તા ન હોય. પોતાનો ગુણ પોતે પણ પ્રગટ કરે અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પોતાના ગુણને પ્રગટ કરે એમ એક દ્રવ્યના બે કર્તા ન હોય, પોતાના ગુણની અવસ્થા પ્રગટ થવામાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય છે, પણ દેવ-ગુરુ-શાસ્ત્ર બીજાના ગુણના કર્તા નથી. તેવી રીતે બે દ્રવ્યોનાં કર્મ જુદાં છે; આત્મા પોતાનું કાર્ય કરે અને આત્મા પરનું કાર્ય પણ કરે; જેમકે તીર્થંકરદેવ પોતાના ગુણને પ્રગટ કરે અને પરના ગુણની પર્યાયને પણ પ્રગટ કરે તેમ એક દ્રવ્યનાં બે કાર્ય ન હોય. તીર્થંકર-દેવ પોતાના ગુણની પર્યાયને પ્રગટ કરે પણ સામાના ગુણની પર્યાય પ્રગટ ન કરે; કારણ કે સામો પોતે પુરુષાર્થથી પ્રગટ કરે તો થાય, માટે એક દ્રવ્યનાં બે કાર્ય ન હોય, એક વસ્તુની બે ક્રિયા ન હોય:—જેમકે આત્મા આત્માની અવસ્થાને પણ બદલાવે અને આત્મા શરીરની અવસ્થાને પણ બદલાવે, અથવા આત્મા રાગ દ્વેષની અવસ્થા ક્ષણે ક્ષણે બદલાવે અને દ્રવ્યની અવસ્થા પણ ક્ષણે ક્ષણે બદલાવે એમ ન બને; એ રીતે એક દ્રવ્યની બે ક્રિયા ન હોય. આ રીતે દ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો એટલે મર્યાદા બતાવી.

આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે તે જો પરમાર્થનયના ગ્રહણથી એક વાર પણ વિલય પામે તો ફરીને ન આવે, તેમ હવે કહે છે.

અનાદિ અજ્ઞાનથી જીવ મિથ્યાદૃષ્ટિ છે. તે અનંતકાળ થયા વીતરાગનું કહેલુ

સ્વરૂપ માનતો નથી તેથી તેને કર્તાકર્મપણાનું અજ્ઞાન છે પણ સાચી પરમાર્થદૃષ્ટિથી વસ્તુસ્વભાવ ગ્રહણ કરે અને કર્તાપણાનો એક વાર જો નાશ કરે તો ફરીને ઉત્પન્ન ન થાય.

અજ્ઞાનથી માણસો એમ માને છે કે ફલાણા ભાઈએ તો બીજાનાં ઘણાં સારાં કામ કરી આપ્યાં છે, તેણે તો જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું, લીલી વાડી મૂકીને મર્યા છે પણ લીલી વાડી એટલે શું? દીકરા, વહુરૂ, લક્ષ્મી વગેરે લીલી વાડી કહેવાતી હશે? એ તો એનો મોહ લઈને મર્યો એમાં શું મરી જાણ્યું અને શું જીવી જાણ્યું! જીવતાં બીજાનાં કામ કરવાનું અભિમાન કરતો તે ભાવ લઈને મર્યો એટલે કર્તાભાવ સાથે લઈને ગયો અને પાછળ રહેનારા એના કર્તાપણાનાં વખાણ કરે એટલે બન્ને જણા અનાદિથી કર્તાકર્મના અજ્ઞાનમાં ડૂબેલા છે પણ જ્ઞાનભાવે તે કર્તાપણાનો નાશ કરે કે મારા સ્વભાવમાં પરનું કર્તાપણું ત્રિકાળ છે નહિ એમ એક વાર પણ જો વિલય પામે તો ફરી વાર કર્તાપણું આવે નહિ. અહીં તો અપ્રતિહત ધારાની જ વાત છે. આ ૫૫ મો કળશ કહેવાશે તે બહુ સરસ છે.

( શાર્દૂલવિક્રીડિત )

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-<br>
र्दुर्वारं ननु मोहिनामिह महाहंकाररूपं तमः ।<br>
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्<br>
तत्किं ज्ञानघनस्य बंधनमहो भूयो भवेदात्मनः ॥५५॥

અર્થ:—આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનો 'પરદ્રવ્યને હું કરું છું' એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અંધકારરૂપ અજ્ઞાનાંધકાર—કે જે અત્યંત દુર્નિવાર છે તે — અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કે : અહો! પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી જો તે એકવાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય? કદી ન થાય.)

ભગવાન આચાર્યદેવ જગતના જીવોને કહે છે કે આ જગતમાં પરનું હું કરું છું ને પર મારું કરે છે, પરનું ભલું-ભૂંડું હું કરું છું ને પર મારું ભલું-ભૂંડું કરે છે એવા પરદ્રવ્યના કર્તાપણાના મહા અહંકારરૂપ અજ્ઞાન અંધકાર જીવોને અનાદિ

સંસારથી ચાલ્યો આવે છે કે જે અત્યંત દુર્નિવાર છે, તે અજ્ઞાનને અભેદનયનું ગ્રહણ કરવાથી એકવાર પણ નાશ કરે તો ફરીને બંધન ન થાય પણ મોક્ષ જ થાય.

પ્રશ્ન :—કોઈ કહે છે કે અમે પરદ્રવ્યના કર્તાપણામાં અહંકાર ન કરીએ પણ અનાસક્તિ ભાવે પરનું કામ કરીએ તો?

ઉત્તર:—પરનું કરવાની જ્યાં ઇચ્છા છે ત્યાં અનાસક્તિ ભાવ જ નથી પણ અનંતી આસક્તિ છે, પરનું હું કરી શકું છું એમ જ્યાં જીવે સ્વીકાર્યું ત્યાં તે પાપી છે-મોહી છે, મૂઢ છે, અનંત આસક્તિનો ધણી છે. જ્ઞાનીને પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિ હોતી નથી પણ કાર્ય થાય છે તે જ ખરી અનાસક્તિ છે પરંતુ પરદ્રવ્યને હું કરું એવી બુદ્ધિ છે ત્યાં અનંતી આસક્તિ છે.

આસક્તિ-અનાસક્તિની ખબર નથી ને જગતના મોહી જીવો-સ્વરૂપની સાવધાની ચૂકનાર તે—પરનું હું કરી શકું છું તેમ માની રહ્યા છે તે જ મહામોહ છે—તે જ અનંત સંસારનું કારણ છે. જે બની શકતું નથી તેને હું કરી શકું છું એવી માન્યતા તે અજ્ઞાન અંધકાર છે. તે અજ્ઞાન અંધકાર સમ્યગ્ભાન વિના નાશ થતો નથી, સમ્યગ્જ્ઞાન-રૂપી બોધનાં કિરણ વિના તે અજ્ઞાન અંધકાર નાશ પામી શકે નહિ.

આચાર્યદેવ કહે છે કે અહો! પરનું હું ન કરી શકું, પર મારું ન કરી શકે એમ પરમાર્થનયનું ગ્રહણ કરીને જો! શુદ્ધદ્રવ્યાર્થિકનય એટલે પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય તે શુદ્ધ છે, આર્થિક એટલે તે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન; શુદ્ધદ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધ-દ્રવ્યાર્થિકનય કહેવાય છે. આચાર્યદેવ કહે છે કે શુદ્ધ સ્વભાવનો અર્થી થઈને જો! તો પર દ્રવ્યનું અકર્તાપણું જણાશે અને પોતાના સ્વભાવનો જ કર્તા જણાશે, શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરવાથી પરદ્રવ્યનું કર્તાપણું છૂટી જાય છે.

કોઈ દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યનું કાંઈ પણ કરવા સમર્થ નથી. આત્માનો જ્ઞાન-સ્વભાવ પરને જાણતાં પરનું કાંઈ પણ કરવા સમર્થ નથી. જેમ આંખ બરફ અને અગ્નિની ક્રિયાને ઊંચી નીચી કરવા સમર્થ નથી તેમ આત્મા પરને જાણતાં પરનું કાંઈ પણ કરવા સમર્થ નથી.

પાંચ હજાર માણસ ભેગા થઈને ૐકારના જાપ જપે અને માને કે આનાથી કલેશની શાંતિ થઈ જાય, રોગચાળો કે કાંઈ ઊપડયું હોય તો શાંત થઈ જાય. મારા શુભભાવની બીજાને અસર થાય તેમ માનીને તે જાપ જપે છે, પરંતુ તેવું માને તે

તદ્દન મૂઢ છે. કોઈનું કોઈ કાંઈ કરી શકે નહિ સામાનાં પુણ્ય-પાપનો ઉદય હોય તેમ બને છે.

કોઈ બાપ એમ કહે છે કે છોકરાને અમે ચા છોડાવીએ, પણ તે છોકરાએ ચા છોડી તે તો પોતાના ભાવેને? છોકરાએ ચા છોડી તો તું નિમિત્ત કહેવાણો, છોકરો ચા ન છોડે ને કલેશ કરે તો બાપ કલેશનું નિમિત્ત કહેવાય; કેટલાક એમ કહે છે કે અમારી કેળવણી સારી એટલે છોકરાં સારાં થયાં અને ન માને તો કહે કે અમારી કેળવણીની પણ અસર થતી નથી, પણ એવું અભિમાન અને ખેદ બન્ને મૂક પડતાં, અને માન કે હું મારા ભાવને જ કરું છું, પરભાવનો કર્તા હું છઉં જ નહિ; માટે ભ્રાંતિનો નાશ કર, અને જ્ઞાનઘન આત્મામાં ઠરી જા, અજ્ઞાન અને રાગ-દ્વેષના વિકલ્પો અંદર પેસે નહિ એવો નિબિડ જ્ઞાનનો ઘન આત્મા છે તેનું ભાન કરીને તેમાં ઠરી જા.

અભેદદૃષ્ટિ ગુણપર્યાયના ભેદને સ્વીકારતી નથી, પોતાના શુદ્ધ સ્વભાવને સ્વીકારે છે, તે શુદ્ધદ્રવ્યાર્થિક અભેદદૃષ્ટિ છે. એક વાર પણ તે ભૂતાર્થનયને ગ્રહણ કર! પરમાર્થનય વડે ક્ષાયિક સમ્યગ્દર્શન ઊપજે છે. ત્યારે દર્શનમોહનો નાશ થાય છે. પરમાર્થદૃષ્ટિ પોતાના પુરુષાર્થ વડે થાય છે, કાળ પાકે ત્યારે થાય છે એમ નથી પણ પોતે પુરુષાર્થ કરે ત્યારે થાય છે, ભ્રાંતિનો નાશ થયો તે ફરીને ઉત્પન્ન ન થાય. આ તો ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત છે, તેરમા ગુણસ્થાનની વાત નથી. ઊંધી માન્યતા ટળી ગઈ એટલે બંધન પણ ટળી ગયું, મિથ્યાત્વનો નાશ થયો તેને ફરીને સંસાર ઊગવાનો નથી. ઝાડનું મૂળિયું નાશ થયું તેને ફરીને ડાળાં પાંદડાં ઊગવાનાં નથી.

૧૯૯૯, આસો વદ ૧૨ સોમ.

( અનુષ્ટુપ )

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः ।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते ॥ ५६ ॥

આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે અને પરદ્રવ્ય પરના ભાવોને કરે છે; કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે અને પરના ભાવો છે તે પર જ છે ( એ નિયમ છે. )

આત્મા સદા-ત્રણેકાળ પોતાના ભાવોને કરે છે, જ્ઞાનભાવે પોતાના ભાવોને કરે છે ને અજ્ઞાનભાવે વિકારભાવોને કરે છે પણ આત્મા જડની અવસ્થાને તો કરતો જ નથી.

શુભાશુભ પરિણામ થાય તે આત્માની વિકારી અવસ્થા છે અને આત્મા

પવિત્ર ભાવને પ્રગટ કરે તે પણ પોતાની અવસ્થા છે, પોતાની અવસ્થા જુદી નથી. શરીરાદિ જડની અવસ્થા જડમાં થાય છે.

પ્રશ્ન:—પરનું કાંઈ કરી શકે નહિ તેમ આપ કહો છો તો તેની દલીલ શું છે?

ઉત્તર:—જડ અને આત્મા બન્ને વસ્તુ સ્વતંત્ર છે, વસ્તુમાંથી પોતામાંથી પોતાના ગુણની અવસ્થા આવે કે પરમાંથી આવે? વસ્તુ હોય તે ગુણવાળી હોય કે ગુણથી ખાલી હોય? કોઈ વસ્તુ ગુણથી ખાલી ન હોય. ગુણ કાયમ રહે કે અમુક ટાઇમ રહે? ગુણ તો કાયમ જ રહે છે. હવે જ્યારે ગુણ કાયમ રહે છે તો પછી ગુણની અવસ્થા પણ તે ગુણમાંથી જ આવે છે માટે કોઈ પરનું કાંઈ કરી શકે નહિ; કોઈના ગુણની અવસ્થા બીજામાંથી થાય નહિ ને સામાના ગુણની અવસ્થા આમાંથી થાય નહિ માટે સૌ પોતપોતાના ભાવોને જ કરે છે.

આત્માના અસ્તિત્વમાં પુણ્ય-પાપના ભાવ થાય છે, કાંઈ તે ભાવો જડમાં થતા નથી; પણ દ્રવ્યદૃષ્ટિ તે વિકારને પોતાનો સ્વીકારતી નથી. આત્મા જ્ઞાનમૂર્તિ છે એમ ભાન થતાં સ્વભાવની દૃષ્ટિએ તીવ્ર રાગાદિ ટળ્યા છે અને અલ્પ રહ્યા છે તેને પણ ટાળવા માગે છે, જે ભાવોને ટાળવા માગે તે ભાવો પોતાના નથી તેથી તે જડ છે.

અજ્ઞાનભાવે જીવ વિકારને રાખવા માગે છે. દૃષ્ટિ જ્યાંસુધી ઊંધી છે ત્યાંસુધી અજ્ઞાનભાવે વિકારનો ઉત્પાદક થાય છે માટે વિકાર ભાવ તેના છે. સાચી દૃષ્ટિનું ભાન નથી ત્યાં પુરુષાર્થ કરે કોનો? ત્યાંસુધી જે કાંઈ ભાવો થાય તેનો તે કર્તા થાય છે. ઊંધી માન્યતા છે એ જ સંસાર છે, જો ઊંધી માન્યતા ન હોય તો સંસાર ન હોય.

જે કોઈ એમ માને છે કે શરીરનું કુટુંબનું, નાતનું, સંઘનું, દેશનું મેં કર્યું, હું હતો તેથી બધું સરખું સળેંઠે ઊતરી ગયું; થાય એની મેળાએ ને તે માને કે હું હતો તેથી સંસ્થા સરખી ચાલી, નહિતર અવ્યવસ્થા થઈ જાત એમ જડનું હું કરું એવું માનનાર મિથ્યાદૃષ્ટિ છે. ૮૬.

પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાની કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદૃષ્ટિ છે, ત્યાં આશંકા ઊપજે છે, શિષ્ય જાણવા માટે આશંકાથી પૂછે છે, શંકાથી પૂછતો નથી. શંકા અને આશંકામાં ફેર હોય છે:—શંકા એટલે સંદેહ કે આ વસ્તુ આમ હશે કે નહિ અને આશંકા એટલે આમાં આ કેવી રીતે હશે તેમ જાણવાની જિજ્ઞાસા, એ રીતે શંકા અને આશંકામાં ફેર છે. શિષ્ય અહીં જાણવા માટે આશંકાથી પૂછે છે કે પ્રભુ! આ ઊંધી માન્યતારૂપ મિથ્યાભાવો છે તે વસ્તુ શી છે? પ્રભુ! આગળ તો તમે કહ્યું હતું કે ઊંધુ માનનાર સર્વજ્ઞના મતની બહાર છે; આત્મા

ને જડની અવસ્થા ક્ષણે ક્ષણે થાય છે તેમાં જડની અવસ્થાને આત્માની અવસ્થા માને, આત્માની અવસ્થાને જડની અવસ્થા માને એમ તત્ત્વને ઊંધું માનનારો સર્વજ્ઞના મતની બહાર છે. તે મિથ્યાત્વભાવ, પુણ્યનાભાવ, પાપનાભાવ, હર્ષ-શોક, કામ-ક્રોધ વગેરેના ભાવ તે વસ્તુ શી છે? તે ભાવોને જો જીવના કહેવામાં આવે તો પહેલાં તે રાગાદિ ભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે, તે ઊંધી માન્યતા અને રાગ-દ્વેષ આદિ ભાવો પુદ્ગલના કહેવામાં આવે તો જેની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે? જીવ કેમ ભોગવે? શિષ્ય કહે છે:— પ્રભુ! ઘડીમાં જીવના પરિણામ કહો છો અને ઘડીમાં પુદ્ગલના પરિણામ કહો છો, વાતને ક્યાંય ખીલે બાંધતા નથી. જેમ ઘરમાં પાંચ માણસ હોય ને બધા ભેગા થઈને કંઈક વાત નક્કી કરતા હોય તેમાં વાત ડોળાઈ જાય તો ઘરનો ડાહ્યો માણસ કહે કે કંઈક વાત ખીલે બાંધોને? નક્કી કરોને! ડોળી શું નાખો છો? એમ શિષ્ય કહે છે કે પ્રભુ! વાતને નક્કી કરો, ખીલે બાંધો; જો રાગ-દ્વેષને જીવપરિણામ કહેશો તો આગળ તમે એને પુદ્ગલના કહ્યા છે, ને જડના કહેશો તો જે અવસ્થા પુદ્ગલની હોય તેની સાથે અમારે શું લેવા દેવા છે? જેની સાથે અમારે કાંઈ પ્રયોજન નથી તેનું ફળ અમે કેમ ભોગવીએ? કર્મના ઘરે રાગ-દ્વેષ થાય તો એને ઘરે રહ્યા એમાં અમારે શું? ભંગિયાના ઘરે કાણ હોય એમાં અમારે શું? એમ આશંકા કરીને સમજવા માગે છે. એવા શિષ્યને આશંકા દૂર કરવા માટે હવે ગાથા કહે છે:—

मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं ।
अविरदि जोगो मोहो कोहदीया इमे भावा ॥८७॥

અર્થ:—વળી, જે મિથ્યાત્વ કહ્યું તે બે પ્રકાર છે—એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ; અને એવી જ રીતે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને ક્રોધાદિ કષાયો— આ ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.

મિથ્યાત્વના બે પ્રકાર છે, પરપદાર્થને પોતાના માનવારૂપ ઊંધો અભિપ્રાય તે જીવમિથ્યાત્વ છે, તેનું બાહ્ય નિમિત્ત પામીને રજકણો મિથ્યાત્વકર્મપણે પરિણમે તે અજીવમિથ્યાત્વ છે, ઊંધો ભાવ કરે પોતે, પણ તે વખતે પૂર્વ કર્મ હાજર હોય છે, ઊંધી માન્યતાના ભાવ વખતે દર્શનમોહનીય કર્મનો ઉદય નિમિત્તરૂપ છે.

---

મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને
અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.

પોતાનું સ્વજ્ઞેય ભૂલીને માત્ર પરજ્ઞેય કરે અને તે પરજ્ઞેયને પોતાનું જાણે તે જીવઅજ્ઞાન છે. તે જીવઅજ્ઞાનના ઊંધા ભાવ વખતે જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું નિમિત્ત છે તે અજીવઅજ્ઞાન છે. જડ કર્મ ઊંધો ભાવ આત્માને કરાવી દેતું નથી, પણ ઊંધો ભાવ જીવ પોતે કરે ત્યારે જડકર્મના ઉદયનું નિમિત્ત હોય છે.

પરપદાર્થ પ્રત્યેની આસક્તિનો અત્યાગભાવ તે જીવઅવિરતિ, પોતાના સ્વરૂપમાં સ્થિર નહિ રહેતાં અસ્થિર થઈ જાય તે અવિરતિ; સમ્યગ્દર્શન થતાં પર પદાર્થની આસક્તિનો શ્રદ્ધામાંથી ત્યાગ થઈ ગયો હોય, જે જે રાગ-દ્વેષના પરિણામ આવે તેનાથી જુદું ભાન વર્તતું હોય તોપણ અસ્થિરતામાંથી આસક્તિ છૂટી ન હોય તેનું નામ જીવઅવિરતિ. તે જીવઅવિરતિ વખતે અપ્રત્યાખ્યાનાવરણીય આદિ ચારિત્રમોહનો ઉદય છે તે અજીવઅવિરતિ છે.

આત્માના પ્રદેશોનું કંપન તે જીવયોગ છે; મનયોગ, વચનયોગ અને કાયયોગની પ્રકૃતિનો ઉદય તે જડયોગ છે.

આત્માનો અસાવધાનરૂપ ભાવ તે જીવમોહ છે; અને તે ભાવ વખતે મોહનીય કર્મનો ઉદય તે અજીવમોહ છે.

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, વિગેરે કષાયભાવો જીવના પરિણામમાં થાય છે તે જીવક્રોધાદિ છે; તે ભાવો વખતે દ્રવ્યકર્મરૂપ ક્રોધાદિ કર્મ ઉદયમાં છે તે જડ ક્રોધાદિ છે.

એમ બધા વિકારી ભાવોમાં જીવ અજીવ બબ્બે પ્રકાર છે, સમ્યગ્દર્શનની ભૂલ મિથ્યાત્વ, જ્ઞાનની ભૂલ તે અજ્ઞાન, ચારિત્રની ભૂલ અસ્થિરતા; મોહ ને ક્રોધાદિ તે ચારિત્રની ભૂલમાં સમાઈ જાય છે.

"મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે."

"જેમ ઘેરો પીળો, લીલો, વાદળી આદિ ભાવો જે મોર વડે ભાવવામાં આવે છે—બનાવાય છે—થાય છે, તે મોર જ છે. મોરના શરીરમાં અને પીંછાંમાં જે ઘેરો પીળો, વાદળી, લીલો આદિ રંગ છે તે મોર જ છે અને દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતો ઘેરો વાદળી, લીલો, પીળો, વગેરે ભાવો તે અરીસાની વિકારી પર્યાય છે, અરીસાની નિર્મળતાનો તે વિકાર છે" માટે અરીસામાં પડતું મોરનું પ્રતિબિંબ અને મોર બન્ને જુદી વસ્તુ છે; અરીસામાં [illegible]ના આકારે જે વિકારી પર્યાય થાય છે તે અરીસાનો મૂળ

સ્વભાવ નથી પણ વિકારી પર્યાય છે, મોરનો રંગ અરીસામાં દેખાય છે તે અરીસાની વિકારી પર્યાય છે, અરીસાની લાયકાતને લઈને અરીસાની પર્યાય થાય છે. અરીસાની સામે આ મોરપીંછી રાખીએ તો અરીસાની પોતાની લાયકાતને લઈને તેમાં પ્રતિબિંબ પડે છે પરંતુ નિમિત્તને લઈને પ્રતિબિંબ પડતું નથી, નિમિત્ત તો માત્ર નિમિત્ત છે, નિમિત્તને લઈને જો પ્રતિબિંબ પડતું હોય તો લાકડામાં પ્રતિબિંબ પડવું જોઈએ પણ લાકડામાં પ્રતિબિંબ પડતું નથી. તેથી સિદ્ધાંત એ થયો કે નિમિત્તને લઈને પ્રતિબિંબ નથી પણ અરીસાની પોતાની રાતા-લીલા-પીળા રંગની અવસ્થા થવાની યોગ્યતા હતી તેથી તે ટાણે મોરપીછાનું નિમિત્ત બની જાય છે. અરીસાની સ્વચ્છતા બદલીને વિકારરૂપે રાતી-લીલી અવસ્થા થઈ જાય છે તોપણ અરીસાની સ્વચ્છતાનો નાશ થતો નથી; વિકારની અવસ્થા કાયમ રહેતી નથી પણ ક્ષણિક છે.

સામે અગ્નિ સળગતી હોય તો અરીસો ઊનો થાય? ન થાય. લાલ અગ્નિ સામે છે, તેવું પ્રતિબિંબ અરીસામાં પડે છે—તેવું પ્રતિબિંબ અરીસામાં દેખાય છે તે અરીસાની લાયકાત છે, અરીસાની સ્વચ્છતાનો વિકાર છે, વિકાર છે ખરો, પણ વિકાર નથી જ એવું નથી, વિકાર ભ્રમ છે એમ નથી પણ વિકારનું પર્યાયરૂપ અસ્તિત્વ છે.

જેમ મોરના લાલ, પીળા રંગ મોરમાં છે ને અરીસાના લાલ, પીળા રંગ અરીસામાં છે તેવી રીતે મિથ્યાત્વભાવ જીવની અવસ્થામાં થાય છે તે જીવમિથ્યાત્વ છે, તે જીવની વિકારી અવસ્થા છે અને મિથ્યાત્વભાવ થવામાં સામું નિમિત્ત કારણ જડમિથ્યાત્વ છે. આ શરીર મારું છે, આ રાગ મારો ભાવ છે, હું તે રાગ, શરીર, મકાન વગેરેનો કર્તા છું તેવી ઊંધી માન્યતાનો ભાવ જીવનો છે, અને અરીસાના પ્રતિબિંબની સામે જેમ મોર છે તેમ જીવનો મિથ્યાત્વભાવ થતી વખતે જડ કર્મમાં મિથ્યાત્વ નામની પ્રકૃતિનો ઉદય છે તે નિમિત્તરૂપ છે.

કોઈ કહે કે આત્મામાં વિકાર અજ્ઞાનભાવે પણ થતો નથી તો તે વાત તદ્દન ખોટી છે, અવસ્થામાં વિકાર થાય છે, પર્યાયમાં વિકારનું અસ્તિત્વ છે; જો પર્યાયમાં વિકાર ન હોય તો સંસાર ન હોય, સંસાર ન હોય તો મોક્ષ પણ ન હોય. જો અવસ્થામાં વિકાર ન હોય તો તેને ટાળવા માટે પુરુષાર્થ કરવાનું કારણ શું? સત્ય સમજવાનું કારણ શું? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ અશુભભાવરૂપ વિકાર ટાળવાને માટે છે. પર્યાયમાં વિકાર જો ન હોય તો દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિમાં જોડાવાનું કારણ શું? માટે પર્યાયમાં શુભાશુભભાવરૂપ વિકાર છે અને તેને ટાળવાનો ઉપાય પણ છે. આત્મા પરથી નિરાળો, પરમપવિત્ર, શુદ્ધ ચિદાનંદ છે તેની ઓળખાણ કરી, તેની શ્રદ્ધા કરી, તેમાં સ્થિર થવું તે શુભાશુભ વિકાર ટાળવાનો ઉપાય છે.

જેમ અરીસાની પોતાની લાયકાતને કારણે મોરનું પ્રતિબિંબ પડે છે તેમ આત્માની પોતાની લાયકાતને કારણે મિથ્યાત્વરૂપ અવસ્થા થાય છે. જડ મિથ્યાત્વ પ્રકૃતિ કાંઈ ચૈતન્યની મિથ્યાત્વરૂપ અવસ્થાને કરી દેતી નથી પણ ચૈતન્યની પોતાની યોગ્યતાને કારણે ચૈતન્ય પોતે ઊંધા વીર્ય વડે વિકારમાં જોડાય છે તેથી મિથ્યાત્વ અવસ્થા થાય છે. ઊંધી માન્યતા થવાનું નિમિત્ત સામે પડ્યું છે તે તરફ પોતે લક્ષ આપે તો પોતામાં ઊંધી અવસ્થા થાય છે, તે તરફ લક્ષ ન આપે અને પોતાના સ્વભાવ તરફ લક્ષ આપે તો સમ્યક્ અવસ્થા થાય છે પણ મિથ્યાત્વ અવસ્થા થતી નથી.

સ્વપદાર્થ કોણ છે તેને ન જાણે પણ માત્ર પરને જ જાણ્યા કરે તે અજ્ઞાન આત્માની અવસ્થામાં થાય છે તેવી અજ્ઞાન અવસ્થા થતી વખતે સામે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હાજરરૂપે હોય છે તે જડઅજ્ઞાન છે.

સમ્યગ્દર્શન થતાં ચોથી ભૂમિકા પ્રાપ્ત થાય છે, તે ચોથી ભૂમિકાએ પર પદાર્થ પ્રત્યે રુચિ છૂટી જાય છે, પણ અલ્પ આસક્તિ રહે છે તે અવિરતિ છે. આસક્તિરૂપ પરિણામ ચૈતન્યની અવસ્થામાં થાય છે તે ચૈતન્યઅવિરતિ છે અને તે અવિરતિનું નિમિત્ત જે અપ્રત્યાખ્યાનાવરણીય પ્રકૃતિનો ઉદય છે તે જડ અવિરતિ છે. અવિરતિ પછી પાંચમે છઠ્ઠે ગુણસ્થાને અલ્પ ક્રોધાદિકષાય થાય છે તેમાં ચૈતન્યની અવસ્થામાં થતા ક્રોધાદિ ચૈતન્યવિકાર છે અને તે વખતે સામે નિમિત્તમાં જડ કર્મનો ઉદય હોય તે જડ કષાય છે. આત્માના પ્રદેશનું કંપન તે ચૈતન્યયોગ છે અને તે વખતે નિમિત્તમાં નામકર્મની પ્રકૃતિના યોગનો ઉદય છે તે જડ યોગ છે.

અજ્ઞાન અને અસ્થિરતા ચૈતન્યના વિકાર માત્રથી ભાવવામાં આવે છે એટલે કે બનાવાય છે. પરનો હું કર્તા છું, પર મને મોક્ષ આપી દેશે. હું તેને મોક્ષ આપી દઈશ તેવા વિકલ્પનો વિકાર ચૈતન્યની અવસ્થામાં થાય છે, જીવ વડે તે ભાવવામાં આવે છે, જીવ વડે તે બનાવવામાં આવે છે અને તે ભાવનું નિમિત્ત જે પ્રકૃત્તિ છે તે જડ વડે ભાવવામાં આવે છે એટલે કે જડ વડે બનાવવામાં આવે છે.

જડની અવસ્થા જડમાં થાય આત્માની ભૂલરૂપ અવસ્થા આત્મામાં થાય, દૃષ્ટાંતમાં મોરને જડ કર્મ પ્રકૃતિની ઉપમા આપી છે અને અરીસાને આત્માની ઉપમા આપી છે.

આત્મામાં વિકાર થાય છે તે પોતામાં થાય કે પરમાં? પોતામાં જ થાય. ચૈતન્યની પર્યાયમાં વિકાર કાંઈ પરવસ્તુ કરાવી દેતી નથી, વિકાર થવામાં સામે બીજી ચીજ છે ખરી, પણ તે કાંઈ વિકાર કરાવી દેતી નથી. અહીં તો બે ચીજ સાબિત કરવી,

'એકડે એક ને બગડે બે.' બે થાય એટલે બગડે, બે બંગડી ભેગી થાય તો ખખડે તેમ આત્મા એકલો હોય તો ભૂલ થાય નહિ પણ પરવસ્તુ ઉપર દૃષ્ટિ મૂકે છે ત્યારે ભૂલ થાય છે. જેમ કોઈ પુરુષ પરસ્ત્રી ઉપર દૃષ્ટિ મૂકે તો ભૂલ થાય છે તેમ આત્મા પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકે તો ભૂલ થતી નથી પણ પર ઉપર દૃષ્ટિ મૂકે તો ભૂલ થાય છે માટે આત્માને વિકાર થવામાં પરચીજ સામે છે પરંતુ પરચીજ વિકાર કરાવી દેતી નથી.

આત્મા રાગ-દ્વેષના ભાવ કરે ત્યારે સામે જડ કર્મનું બાહ્ય નિમિત્ત કારણ છે; જો દૃષ્ટિ સ્વમાં કરે તો પોતાના સ્વભાવમાં રહ્યો અને જો દૃષ્ટિ પરમાં કરી તો તારામાં વિકાર થયો. આત્મામાં જે મિથ્યાત્વ અને અસ્થિરતાની અવસ્થા થાય તે આત્માની છે અને જડ કર્મની અવસ્થા જડ કર્મમાં છે.

અરીસો મૂળ દ્રવ્ય નથી પણ ઘણા પરમાણુદ્રવ્યની અવસ્થા છે તોપણ તેમાં સામે નિમિત્ત હોય તો પ્રતિબિંબનું પરિણમન પોતા વડે થાય એવો સ્વભાવ છે. રજકણમાં ફેરફાર થાય તે તેની પોતાની યોગ્યતા છે. ખાય ધોળા ચોખા અને તેનું લાલ લોહી થઈ જાય, વિષ્ટા થઈ જાય, તેમ એકદમ એકદમ પુદ્ગલનું પરિણમન થઈ જાય છે તે પુદ્ગલનું પોતાનું સ્વતંત્ર પરિણમન છે. જેમ પુદ્ગલનું પરિણમન સ્વતંત્ર છે, તેમ આત્માનું પરિણમન પણ સ્વતંત્ર છે, જડની અવસ્થા જડમાં થાય છે અને આત્માની અવસ્થા આત્મામાં થાય છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ તેનાં શ્રદ્ધા, જ્ઞાન કરી તેમાં ઠરે તો મોક્ષ થયા વગર રહે નહિ.

૧૯૯૯, આસો વદ ૧૩, મંગળ

આત્મામાં ક્રોધાદિ થાય છે તે આત્માનો અરૂપી વિકાર છે અને તે પ્રમાણે જડ પ્રકૃતિ મિથ્યાત્વ આદિ છે તે જડનો વિકાર છે, આત્મા અને કર્મ એ એક જગ્યાએ રહ્યાં છે પણ જડનો ભાવ જડમાં છે અને ચૈતન્યનો ભાવ ચૈતન્યમાં છે; બે વસ્તુ જુદી જુદી છે.

અરીસાની સામે મોર ઊભો હોય તો અરીસામાં મોર જ દેખાય, તેથી જગતના જીવોને ભ્રમ થઈ જાય છે કે બહારનો મોર અરીસામાં કેમ ગરી ગયો હોય ! તેવી રીતે આત્મામાં રાગ-દ્વેષ, હર્ષ-શોકના ભાવ થાય ત્યારે સામે તેવી જ જાતનાં કર્મનું નિમિત્ત હાજર હોય છે તેથી જીવોને એવો ભ્રમ થઈ જાય છે કે કર્મે મને રાગ-દ્વેષ, હર્ષ-શોક કરાવ્યા, પરંતુ હર્ષ-શોક કર્મ કરાવતું નથી; પોતે ઊંધા વીર્ય વડે વિકારમાં જોડાય છે તેથી વિકાર થાય છે.

આ શરીર જાડી માટી છે તેમ કર્મ પણ ઝીણી રજ છે તે આત્મામાં વિકાર થવામાં નિમિત્ત છે. જેમ અરીસામાં નિર્મળતા છે તેમ આત્માની એવી નિર્મળતા છે કે કર્મનો ઉદય આવતાં પોતે તે તરફ જોડાય છે તો તેથી વિકાર થાય છે. નિર્મળતા હોય તો વિકાર થાય ને? નિર્મળતા ન હોય તો વિકાર પણ શું થાય? આત્મામાં નિર્મળતા છે તો વિકાર થાય છે. જેમ અરીસાની સામે મોર આવતાં અરીસાનો લીલો પીળો રંગ થઈ જાય છે તેમ આત્માના જાણવા-દેખવા વગેરે નિર્મળ સ્વભાવનું ભાન નથી એટલે જે ઉદય આવે તેમાં જોડાતાં ઉપયોગ તે આકારે થઈ જાય છે. ચૈતન્યમૂર્તિ આત્મા જુદો છે તેનું ભાન નથી એટલે ક્રોધ, માન, માયારૂપે આત્મા થઈ ગયો તેમ અજ્ઞાની માને છે. જેમ અરીસામાં મોર પેસી ગયો હોય એમ અજ્ઞાનીઓને લાગે છે તેમ આત્મામાં વિકાર પેસી ગયો હોય તેમ અજ્ઞાનીને લાગે છે પણ વિકાર આત્મામાં પેસી ગયો નથી, વિકાર આત્માનો સ્વભાવ નથી.

પૌદ્‌ગલિક કર્મનો ઉદય થાય ત્યારે આત્માના ઊંધા વીર્યને કારણે જે મલિનતા થાય છે તે આત્મામાં થાય છે, દૃષ્ટિ પરમાં ગઈ એટલે પરનો ભાવ મારામાં આવી ગયો તેમ અજ્ઞાની માની બેસે છે, મિથ્યાત્વાદિ પ્રકૃતિનો ઉદય થતાં જે સ્વાદ ઉત્પન્ન થાય છે તે પુદ્‌ગલનો છે, પોતાનો નથી; પણ અજ્ઞાની માની બેસે છે કે આ સ્વાદ મારો છે. વિકારનું પરિણમન પોતે પર તરફ લક્ષ કરે છે તેથી થાય છે ત્યાં અજ્ઞાની માની બેસે છે કે આ વિકાર મારો સ્વભાવ છે, આ વિકાર મારામાંથી ઉત્પન્ન થાય છે. વિકાર જ્ઞાનમાં જણાય છે ત્યાં અજ્ઞાની માની બેસે છે કે આ વિકાર મારો સ્વભાવ છે. પરની દયા, ભક્તિ, પૂજા વગેરે પુણ્યભાવ અને હિંસા, ચોરી, વગેરે પાપભાવ તે બન્ને વિકાર છે, તે હું નથી, તે મારું સ્વરૂપ નથી એમ જ્યારે પોતે જાણે ત્યારે તે રૂપ પરિણમતો નથી, જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે, હું તો જાણનાર અને જોનાર જ છું એમ ભાન થતાં કર્મભાવ કર્મનો જાણે અને આત્માનો ભાવ આત્માનો જાણે.

મોર અરીસામાં નથી પણ તેનું પ્રતિબિંબ અરીસાની સ્વચ્છતાનો વિકાર છે, પરદ્રવ્ય અરીસામાં કાંઈ કરી શકતું નથી, દર્પણની જ અવસ્થા તે રૂપ થાય છે, મોરનું પ્રતિબિંબ અરીસામાં કહ્યું છે એટલે કાંઈ મોરલાનો સ્વભાવ અરીસામાં પેસી ગયો નથી, મોરમાં અરીસાની નાસ્તિ છે અને અરીસામાં મોરની નાસ્તિ છે, માત્ર નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, અરીસામાં તે જાતની અવસ્થા થવાની હોય ત્યારે મોર હાજર હોય છે એટલો સંબંધ છે તેથી મોરનું પ્રતિબિંબ અરીસામાં છે એમ ઉપચારથી કહ્યું છે.

અરીસો અનંત રજકણનો પિંડ છે, અખંડ આખું દ્રવ્ય નથી પણ સ્કંધ છે

માટે થોડામાં ધોળો, થોડામાં લીલો, થોડામાં પીળો એમ ભંગવાળો પરિણમેલો દેખાય છે; તે આખું દ્રવ્ય નથી તેથી તેવા ભંગ દેખાય છે. જ્યારે અરીસામાં મોરની અવસ્થા થવાની હોય ત્યારે મોર હાજર છે. કોઈ કહે કે મોર હાજર ન હોય તો અવસ્થા થતી નથી, પણ ભાઈ ! દ્રવ્યમાં ત્રણકાળની અવસ્થા ક્રમે ક્રમે થવાની લાયકાત ભરી પડી છે. તે ક્રમબદ્ધ અવસ્થા થવાની લાયકાત થઈ, તે ટાણું આવ્યું ત્યાં મોર હાજર હોય, લાયકાત ન હોય તે ટાણે મોર હાજર હોય ન હોય પણ લાયકાતનું ટાણું થાય ત્યાં મોર હાજર હોય જ એવો નિમિત્તનૈમિત્તિકનો સંબંધ છે, નિમિત્ત ન હોય તો એટલીવાર અરીસાની લાયકાત વાટ જુએ, એમ પરાધીન વસ્તુસ્વભાવ નથી. અરીસાની લાયકાત મોરને તાબે નથી, મોર અરીસાને તાબે નથી પણ લાયકાત હોય ત્યારે મોર હાજર હોય જ એવો સંબંધ છે; અરીસાની ધોળી અવસ્થામાંથી લીલી અવસ્થા થઈ તે અરીસો પોતે પરિણમ્યો છે ? કે મોર પરિણમ્યો છે ? અરીસો પોતે પરિણમ્યો છે, મોર પરિણમ્યો નથી. તે અરીસાની પર્યાય છે પણ મોરની પર્યાય નથી, તે અરીસાનો વિકાર છે પરંતુ અરીસાનો મૂળ સ્વભાવ નથી.

તેવી રીતે આત્મામાં જે વિકાર થાય છે તે આત્માની પર્યાય છે, તે વખતે કર્મના ઉદયનું નિમિત્ત હાજર હોય છે એવો સંબંધ છે. વિકાર આત્માનો મૂળ સ્વભાવ નથી પણ કર્મના નિમિત્તને આધીન પોતે થતાં પોતામાં વિકાર થાય છે, દ્રવ્યદૃષ્ટિએ તે વિકાર પોતાનો નથી પણ પર્યાયદૃષ્ટિએ પોતાનો છે. ભેદજ્ઞાન થતાં સમ્યગ્દૃષ્ટિ જીવ દ્રવ્ય-દૃષ્ટિએ તે વિકાર પરનો જાણે છે કારણ કે તે પોતાનો સ્વભાવ નથી, અને પર્યાયદૃષ્ટિએ પોતાની વર્તમાન પર્યાયમાં થાય છે માટે ક્ષણિક અવસ્થા પૂરતો પોતાનો જાણે છે.

પોતે રાગ-દ્વેષ કરે ત્યારે કર્મનો વિપાક નિમિત્ત છે તેમ કહેવાય અને પોતે રાગ-દ્વેષ ને અજ્ઞાન ટાળે એટલે તે કર્મને નિર્જરાનું નિમિત્ત છે તેમ કહેવાયું. રાગ-દ્વેષ પોતે ટાળ્યા એટલે નિમિત્ત ટળ્યા વિના રહે નહિ. કર્મ એની મેળાએ સ્વયં ટળી જાય છે, પોતે ટાળતો નથી, તેને ટાળવાનો પોતે કર્તા નથી; એક વસ્તુમાં બીજી વસ્તુની નાસ્તિ છે, નાસ્તિ છે તેથી પરવસ્તુને પોતે કાંઈ કરી શકતો નથી. કર્મનો ઉદય પોતાને રાગ-દ્વેષ ને અજ્ઞાન કરાવતું નથી, પોતે રાગ-દ્વેષ ને અજ્ઞાન કરે ત્યારે કર્મના ઉદયની હાજરી હોય છે.

વસ્તુમાં સ્વભાવ ભર્યો પડયો છે, રાગ-દ્વેષ અવસ્થાને ટાળવાનો પુરુષાર્થ પોતે કરે તો થાય છે, મલિન અવસ્થા કરે છે પોતે, અને ટાળે છે પણ પોતે.

પ્રશ્ન:—પુરુષાર્થ કરવામાં કર્મ આડું ન આવે?

ઉત્તર:—ના.

પ્રશ્ન:—તો પછી અત્યાર સુધી પુરુષાર્થ કેમ ન થયો?

ઉત્તર:—અકારણ પારિણામિક દ્રવ્ય છે તેને કોઈ કારણ લાગુ પડતું નથી, પોતે પુરુષાર્થની ગતિ સ્વમાં કરે તો સ્વભાવનું કાર્ય આવે અને પુરુષાર્થની ગતિ પરવલણવાળા ભાવો તરફ કરે તો પરનું કાર્ય આવે.

પ્રશ્ન:—પુરુષાર્થ નહિ ઉપાડવામાં કાંઈ પૂર્વનાં કર્મનું કારણ ખરું?

ઉત્તર:—વીર્ય શક્તિ હીણી પોતે જ પૂર્વે પાડી છે અને વર્તમાનમાં સવળી ઉગ્ર પણ પોતે જ કરી શકે છે. નિમિત્તને તો માત્ર આરોપ અપાય છે, પોતાની પરિણમનશક્તિ પોતે જ ઉગ્ર કરે તો થાય છે, હીણી કરવાની અને ઉગ્ર કરવાની પોતામાં તાકાત છે તેમાં કર્મનું કારણ નથી. હું પરથી નિરાળો અખંડ જ્ઞાયકમૂર્તિ છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી પોતામાં ટકયો નહિ એટલે પોતાનું પરિણમનચક્ર હીણું પડયું, તેમાં કર્મનું કારણ નથી, પરિણમનચક્ર ઉગ્ર કરવાની તાકાત પણ પોતામાં જ છે. કર્મની આત્મામાં નાસ્તિ છે, કર્મ આત્માને કાંઈ કરી શકતું નથી, કર્મ માત્ર નિમિત્તરૂપે છે. પોતાની પરિણમનશક્તિને પોતે હીણી પાડી તેથી કર્મનો ઉદય નિમિત્ત છે એમ આરોપ અપાય છે. દ્રવ્યમાં વીર્ય ભર્યું પડયું છે પણ પર્યાયમાં વીર્ય પોતે પ્રગટાવ્યું નથી તેથી પ્રગટતું નથી, કર્મને માત્ર આરોપ અપાય છે, પોતાની પરિણમનશક્તિને પોતે ઉગ્ર કરે તો કર્મનો ઉદય ટળી જાય છે અને તે કર્મને નિર્જરાનું નિમિત્ત કહેવાય છે. ઊંધો પડે તો પોતાના ભાવે ને સવળો પડે તોપણ પોતાના ભાવે; કોઈ તેને મદદગાર નથી; વસ્તુ ગુણ ને પર્યાય પોતે પોતાથી છે, કોઈ તેને મદદગાર નથી.

જ્યારે પોતે ક્રોધમાં જોડાણો ત્યારે સામે કર્મના ઉદયને ક્રોધનું નિમિત્ત કહેવાણું અને પોતાના સ્વભાવમાં જોડાણો તેથી તે કર્મને નિર્જરાનું નિમિત્ત કહેવાણું. પોતે જોડાય કે ન જોડાય પણ ઉદય તો સમયે સમયે ઝરી જ જાય છે કારણ કે સમયે સમયે જે ઉદય આવે તે ખરી જ જાય છે.

કર્મનો ઉદય તો ઉત્પાદપણે છે, ક્રોધમાં જોડાય તો તે ઉત્પાદને ઉદય કહેવાય અને પોતાના સ્વરૂપમાં લીન થાય તો તે ઉત્પાદને નિર્જરા થઈ કહેવાય એટલે કે વ્યય થયો કહેવાય.

જે ટાણે કર્મનો વિપાક છે તે ટાણે તેમાં જોડાણો તો તે ઉદયની હયાતીને બંધનું નિમિત્ત કહેવાણું અને તે જ વખતે પોતે જ્ઞાનમાં જોડાણો, રાગમાં ન જોડાણો તો તે જ ટાણે તે ઉદયની હયાતીને નિર્જરા કહેવાણી, ઉદય ન કહેવાણો—નાસ્તિ કહેવાણી.

જેણે માન્યું કે હું બીજી ચીજને આધીન છું તે ટાણે તેને રાગ-દ્વેષ થયા વગર

રહેતા નથી પણ તે જ ક્ષણે હું જ્ઞાનમૂર્તિ છું, સ્વાધીન છું, એવું ભાન કરીને જેટલે અંશે જોડાતો નથી તેટલી નિર્જરા થાય છે. જેટલે અંશે જોડાતો નથી એટલે અલ્પ જોડાય છે એમ આવી ગયું, અહીં સાધકસ્વભાવની વાત છે. અલ્પ જોડાય છે તેટલો પણ ન જોડાય, ઉત્કૃષ્ટપણે સ્થિર થાય, જેવી માન્યતા છે તેવી સ્થિરતા ભેગી થઈ જાય તો વીતરાગતા પ્રગટે ઉત્કૃષ્ટ સ્થિરતા ન થાય તો સમ્યગ્ભાન થાય તેમાં પણ ઘણા રાગ–દ્વેષ ઘટી જાય છે ને અલ્પ રાગ–દ્વેષ થાય છે તે પણ પોતાની નબળાઈને લઈને થાય છે, કર્મના ઉદયને લઈને પુરુષાર્થ મંદ નથી પણ પોતાના પુરુષાર્થની મંદતાથી પુરુષાર્થ મંદ છે. રાગ–દ્વેષ તે મારા ચૈતન્યના અસ્તિત્વમાં છે જ નહિ તેવી માન્યતા થતાં જ તેટલા રાગ–દ્વેષ થતા નથી. કર્મથી મને રાગ–દ્વેષ થાય છે તેમ માનનારને કર્મની ગાંઠ વધ્યા વગર રહે જ નહિ, સંસાર વધ્યા વગર રહે જ નહિ, રાગ–દ્વેષ થયા વગર રહે જ નહિ. જેમ લગ્ન વખતે કોઈનો મેલો આવે ત્યારે તે મેલાને પ્રગટ ન કરે, કારણ કે લગ્નની શોભામાં બાદ આવે, એમ જ્ઞાની સમજે છે કે મારી ચૈતન્યની શોભાને નુકસાન કરે તેવા કર્મના મેલા તરફ મારે જોવું જ નથી, મારા સ્વભાવને હું આ ક્ષણે જ પ્રગટ કરવા માગું તો મોક્ષ થઈ શકે તેમ છે પરંતુ મારા પુરુષાર્થની નબળાઈથી વાર લાગે છે તેમાં કર્મનું કાંઈ મૂળ કારણ જ નથી. ૮૭.

હવે શિષ્ય પૂછે છે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવમિથ્યાત્વાદિ અને અજીવમિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છે:—

**पुग्गलकम्मं मिच्छं जोगो अविरदि अण्णाणमज्जीवं।**
**उवओगो अण्णाणं अविरइ मिच्छं च जीवो दु ॥ ८८ ॥**

અર્થઃ— જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે તે તો પુદ્ગલકર્મ છે; અને જે અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ જીવ છે તે તો ઉપયોગ છે.

૮૭ મી ગાથામાં જીવમિથ્યાત્વાદિ અને અજીવમિથ્યાત્વાદિ એમ બે ભેદ પાડ્યા ત્યારે શિષ્યે પૂછ્યું કે પ્રભુ! અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? ધર્માસ્તિકાય છે? અધર્માસ્તિકાય છે? પુદ્ગલાસ્તિકાય છે? વગેરે અજીવ પદાર્થોમાંથી કોણ છે? અને જીવમિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર આ ૮૮ મી ગાથામાં આપે છે કે અજીવ

---

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.

મિથ્યાત્વાદિક પુદ્ગલકર્મ છે અને જીવમિથ્યાત્વાદિ છે તે જીવનો ઉપયોગ છે—એ રીતે બન્ને ગાથામાં આ જાતનો ફેર છે.

મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતા, અજ્ઞાન એટલે ઊંધું જ્ઞાન, અને અવિરતિ એટલે ચારિત્રગુણનો વિકાર, એ ત્રણે અવસ્થા છે, એ ત્રણે ઉપયોગરૂપ છે એ ત્રણે ચૈતન્યનો અરૂપી વિકાર છે.

નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, ઇત્યાદિ અજીવ છે તે તો અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ છે; અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જીવ છે તે મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.

આત્મા રાગ-દ્વેષ વિનાનું તત્ત્વ છે, તે પુદ્ગલની અવસ્થાથી અન્ય એવું ચૈતન્ય-દ્રવ્ય છે. હું રાગી-દ્વેષી આત્મા છું તેવી માન્યતા તે જીવનો વિકારભાવ છે, મિથ્યાત્વ છે. જે જ્ઞાન એકલો પરદ્રવ્યને જ જાણે પરંતુ પોતાના સ્વ દ્રવ્યને ન જાણે તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે અને વીતરાગસ્વરૂપે નહિ રહેતાં રાગ-દ્વેષરૂપે અસ્થિર થાય તે જીવનો અવિરતિરૂપ વિકારભાવ છે. ૮૮.

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો? તેનો ઉત્તર કહે છે:—

**उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।**
**मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णायव्वो ॥ ८९ ॥**

અર્થ:— અનાદિથી મોહયુક્ત હોવાથી ઉપયોગના અનાદિથી માંડીને ત્રણ પરિણામ છે; તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિભાવ (એ ત્રણ) જાણવા.

અનાદિથી મોહયુક્ત એટલે સ્વરૂપને ભૂલીને, ઉપયોગ એટલે ચૈતન્યના વેપારના ત્રણ પરિણામ છે; મિથ્યાદર્શન, અજ્ઞાન ને અવિરતિ એ ત્રણ છે.

જો કે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપપરિણમનમાં સમર્થપણું છે, તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત

---

છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.

મોહ સાથે સંયુકતપણું હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.

ખરેખર દૃષ્ટિથી જોતાં દરેક વસ્તુને પોતાના સ્વરૂપપરિણમનમાં જ સમર્થપણું છે, તેમ આત્મામાં પણ પોતાની નિર્મળ અવસ્થા થવાનું જ બળ છે, પોતાની શક્તિથી પોતામાં જ પરિણમ્યા કરે છે, દ્રવ્ય-ગુણ અને તેની કારણપર્યાયથી દ્રવ્ય પોતામાં જ પરિણમ્યા કરે છે, પોતાના રસથી જ પોતાના સ્વભાવભૂત એટલે કે પોતાના ત્રિકાળ સ્વતઃ સ્વભાવભૂત સ્વરૂપમાં પરિણમવાનું જ સામર્થ્ય છે; દરેક વસ્તુ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી સ્વભાવભૂત પરિણમવાના સામર્થ્યવાળી છે. આત્મામાં એક દયાની કે ભક્તિની કાંઈ પણ લાગણી ઊઠે તે આત્માની સ્વભાવભૂત પર્યાય નથી, આત્મામાં રાગ-દ્વેષરૂપ થવાનો સ્વભાવ છે જ નહિ; સર્વ પદાર્થમાં પોતપોતાના સ્વભાવ પ્રમાણે જ અવસ્થા થાય તેવું જ સામર્થ્ય છે. દરેક વસ્તુનો જેવો સ્વભાવ છે તેવી જ તેની અવસ્થા દ્રવ્યરૂપ જ થાય, તેવું જ તેમાં સ્વભાવભૂત અવસ્થા થવાનું સામર્થ્યપણું છે. પુણ્ય-પાપના પરિણામ તે આત્માનો સ્વભાવ નથી, તે આત્માનો ગુણ નથી, આત્મામાં તો પોતાના સ્વભાવભૂત એવું સ્વરૂપપરિણમન થવાનું સામર્થ્યપણું છે. બધા આત્મામાં પવિત્ર સ્વભાવ છે, અને તેની ત્રિકાળ અવસ્થા પણ પવિત્ર છે તે કારણપર્યાય છે.

દરેક આત્માનું પોતાના સ્વભાવમાં જ પરિણમનપણું છે તોપણ અનાદિથી અન્ય વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન ને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.

આત્મા પરથી નિરાળો જ્ઞાયકમૂર્તિ છે તેમ નહિ માનતાં રાગ-દ્વેષ તે મારો સ્વભાવ છે ને હું એનો કર્તા છું તેમ માનવું તે મિથ્યાદર્શન છે. આત્મા પરિપૂર્ણ છે તેમ સ્વસામર્થ્ય નહિ જાણતાં, સ્વ પૂર્વક પરજ્ઞેયને જાણવાનું આત્મામાં સામર્થ્ય છે તેમ નહિ જાણતાં માત્ર પરજ્ઞેયને જાણવું તે અજ્ઞાન, સ્વરૂપમાં સ્થિર થવાને બદલે અસ્થિરતામાં જોડાવું તે અચારિત્ર છે. ચૈતન્ય પરમ સ્વાભાવિક વસ્તુ છે—પરમ પારિણામિક વસ્તુ છે. વસ્તુ છે તે શુદ્ધ છે, અનાદિથી મોહ સાથે સંયુક્ત એટલે મોહ સાથે જોડાવાથી વિકારના આવા ત્રણ પ્રકાર છે. પોતામાં જોડાય તો પોતાની નિર્મળ અવસ્થા થાય, પોતાના સ્વભાવમાં જોડાય તો એવું સામર્થ્ય છે કે તેમાંથી વીતરાગતા જ થાય, પણ પોતાના સ્વભાવ વિના મોહમાં જોડાય તો વિકારવાળી અવસ્થા થાય છે. ઉપયોગનો ત્રણ પ્રકારનો પરિણામવિકાર તે સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ પરને લીધે-પરની ઉપાધિને લીધે ઉત્પન્ન થતો દેખાય છે.

જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં અર્થાત્ પોતાના ઉજ્જવળતારૂપ સ્વરૂપે પરિણમવામાં સમર્થપણું હોવા છતાં, કદાચિત્ સ્ફટિકને કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી સ્ફટિકની સ્વચ્છતાનો કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે.

સ્ફટિકમાં રાતા, લીલા, પીળા ફૂલનો રંગ દેખાય છે તે પરનિમિત્તને લઈને દેખાય છે. સ્ફટિકની નિર્મળતાનું પરિણમન તો ધોળું જ હોય, અવસ્થા સ્વચ્છ જ હોય, વિકાર તો પરને કારણે દેખાય છે.

જીવ ને પરમાણુ-તે બે દ્રવ્યો જ વિભાવપણે પરિણમે છે ને બાકીના ચાર દ્રવ્યો સ્વભાવપણે પરિણમે છે. પરમાણુમાં બે જાતની વૈભાવિક પર્યાય થાય છે, એક સ્કંધરૂપે થવાની અને એક કર્મપણે થવાની એમ બે પ્રકારે થવાની તાકાત છે ( પરમાણુ કર્મપણે થાય છે તેમાં આત્માની વિભાવ પર્યાયનું નિમિત્ત છે ); આત્મામાં તો રાગ-દ્વેષરૂપે એક જ પ્રકારે વિકાર થાય છે.

સ્ફટિકનો સ્વભાવ તો ઉજ્જવળ છે પણ અવસ્થામાં પણ ઊજળાઈરૂપે પરિણમવાનું સામર્થ્ય છે. જુઓ, દૃષ્ટાંતમાં પણ પર્યાય શુદ્ધ છે તેમ કહ્યું; પણ કદાચિત્ નિમિત્તનો યોગ હોય ત્યારે કાળા, લીલા, પીળા રંગના વિકારરૂપે થવાની સ્ફટિકમાં યોગ્યતા છે. તેવી રીતે અનાદિથી, ચૈતન્ય પરમ પારિણામિક પરમ સ્વભાવરૂપ છે તેને નહિ માનતાં પરને પોતાનું માનવારૂપ ઊંધી માન્યતા, પરને પોતાનું જાણવારૂપ અજ્ઞાન ને પરમાં સ્થિર થવારૂપ અવિરતિ એમ આત્માની અવસ્થામાં ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો; આત્માની વિકારી અવસ્થા આત્માથી થાય છે તેમ દેખો. નિર્મળ અવસ્થા થવાનું સામર્થ્ય હોવા છતાં તેને ભૂલીને ત્રણ પ્રકારનો આત્મામાં પરિણામવિકાર થાય છે તોપણ વિકારને ટાળવાનું સામર્થ્ય પોતામાં ભર્યું છે તેને ઓળખીને તેમાં સ્થિર થાય તો વિકારનો નાશ થાય અને મોક્ષની શુદ્ધ પર્યાય પ્રગટે.

૧૯૯૯, આસો વદ ૧૪ બુધ.

આત્માના ઉપયોગમાં ત્રણ પ્રકારના પરિણામવિકાર અનાદિકર્મના નિમિત્તથી છે, આત્મવસ્તુ તો અનાદિ અનંતગુણથી ભરેલ છે તેમાં પોતાના ઊંધા પુરુષાર્થથી વર્તમાન અવસ્થામાં વિકાર કર્મના નિમિત્તથી થાય છે. વિકાર થવામાં માત્ર કર્મની હાજરી છે, કરનાર પોતે આત્મા છે.

વિકાર થવામાં નિમિત્તની હાજરી છે એમ કહેતાં સ્વભાવથી બીજી રીતે છે એમ આવી જાય છે. આત્મામાં વિકાર વ્યવહારથી છે એમ કહેતાં નિશ્ચયથી બીજી રીતે

છે એટલે કે નિશ્ચયથી આત્મામાં વિકાર નથી એમ આવી જાય છે. નિમિત્તના પડખેથી વિકાર છે એમ સ્વદ્રવ્યના પડખેથી પણ વિકાર હોય એમ બની શકે નહિ, કારણ કે નિમિત્ત વગર સ્વયં ઉપાદાનમાંથી જ વિકાર થતો હોય તો વિકાર કોઈ દિવસ છૂટે જ નહિ અને નિર્મળતા કોઈ દિવસ પ્રગટે જ નહિ; આમાંથી એમ સમજવાનું નથી કે નિમિત્ત વિકાર કરાવી દે છે. નિમિત્ત કાંઈ વિકાર કરાવી દેતું નથી, પોતે નિમિત્ત તરફ લક્ષ કરે છે એટલે વિકાર થાય છે, વિકાર થતી વખતે માત્ર કર્મની હાજરી છે એટલો સંબંધ છે, વિકાર થવામાં કર્મ નિમિત્ત છે એમ કહેતાં ઉપાદાનનું પડખું આખું જુદું જ છે એમ જણાઈ આવે છે.

પાણી અવસ્થાએ ઊનું છે, પણ મૂળ સ્વભાવે શુદ્ધ છે, શીતળ છે; તેમ આત્માની વર્તમાન અવસ્થામાં પરિણામવિકાર દેખાય છે તે સ્વભાવમાં તે વિકાર નથી, સ્વભાવ તો શુદ્ધ છે. પાણી જે વખતે ઊનું છે તે જ વખતે સ્વભાવે ટાઢું છે તેમ આત્માની પર્યાયમાં જે વખતે વિકાર છે તે જ વખતે અંદર શુદ્ધતા ભરી છે.

આત્મા પહેલાં શુદ્ધ હતો અને હવે અશુદ્ધ થયો તેમ નથી, પરંતુ સમય સમય થઈને અનંતકાળથી આત્માની અવસ્થામાં વિકાર છે; શરીર મારું, ઇંદ્રિયો મારી રાગ મારો, દ્વેષ મારો એવી મારાપણાની મિથ્યા માન્યતા નવી થતી નથી, જો પહેલાં શુદ્ધ હોય અને પછી અશુદ્ધ થાય તો સિદ્ધને પણ વિકાર થવો જોઈએ.

કોઈ કહે વીરમગામની બોરીંગમાંથી તો ઊનાં જ પાણી નીકળે છે પણ ભાઈ! તે અવસ્થાએ ઊનું છે સ્વભાવે શીતળ છે. તે બોરીંગમાંથી પાણી બહાર કાઢીને ઠારી નાખો તો ઠરી જાય છે, શીતળ થઈ જાય છે, તો સ્વભાવે શીતળ હોય તો શીતળ થાય, નહિતર કયાંથી થાય? કોઈ કહે કે બોરીંગમાં નીચે ગંધક છે તેથી પાણી ઊનું થાય છે, ગંધક જો પાણી ઊનું કરતો હોય તો આકાશને કેમ ઊનું કરતો નથી? એ તો પાણીમાં ઊનું થવાની લાયકાત હોય ત્યારે ગંધક હાજર હોય છે એમ આત્મામાં વિકાર થાય ત્યારે કર્મની હાજરી હોય છે. ૮૯.

હવે આત્મામાં ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે:—

**एएसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।**
**जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता ॥९०॥**

---

એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.

અર્થ:—અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામ વિકારો હોવાથી, આત્માનો ઉપયોગ જોકે (શુદ્ધનયથી) તે શુદ્ધ, નિરંજન (એક) ભાવ છે તોપણ ત્રણ પ્રકારનો થયો થકો તે ઉપયોગ જે (વિકારી) ભાવને પોતે કરે છે તે ભાવનો તે કર્તા થાય છે.

આ ગાથાનો આ અર્થ વ્યાખ્યાનમાં સભા વચ્ચે પહેલો થાય છે. આ ગાથા માંગળિક છે, દિવસો પણ અત્યારે માંગળિકના છે. ભગવાન મહાવીરસ્વામી મોક્ષ પધાર્યા તેવા મહા માંગળિકના આ દિવસો છે અને આ ગાથા પણ મહા માંગળિકરૂપ છે.

અનાદિથી આત્મામાં ત્રણ પ્રકારની અવસ્થા છે, ઊંધી માન્યતા, ઊંધું જ્ઞાન અને ઊંધી એકાગ્રતા એ ત્રણ પ્રકારનો વિકાર છે, જો કે આત્માના ઉપયોગનો વેપાર-અવસ્થા તો શુદ્ધનયથી શુદ્ધ છે.

ઉપયોગ છે તે આત્માની અવસ્થા છે તે પણ શુદ્ધ જ છે, વસ્તુ તો શુદ્ધ છે જ પણ તેનો ઉપયોગ એટલે અવસ્થા પણ અનાદિથી શુદ્ધ જ છે, નિરંજન છે, મલિનતા વગરની છે.

અહીં તો બંધ-મોક્ષ અને કર્મના સદ્ભાવ-અભાવની અપેક્ષા વગરની વાત છે. વસ્તુ તો દ્રવ્યથી ને ગુણથી વર્તમાનમાં ત્રણકાળના સામર્થ્યથી ભરપૂર છે, શુદ્ધ છે અને વસ્તુનો વર્તમાનકાળ એટલે વર્તમાન અંશ તે પણ શુદ્ધ છે, વસ્તુના વર્તમાન શુદ્ધ ઉપયોગનો વેપાર એટલે કે શુદ્ધપર્યાય તે એક જ પ્રકારે છે, તે પર્યાય ઊણી નથી-અધૂરી નથી, મલિન નથી; પણ શુદ્ધ નિરંજન એક જ પ્રકારે પૂરી છે. વસ્તુ તો શુદ્ધ નિરંજન છે પણ તેના પરિણામ એટલે અવસ્થા તે પણ શુદ્ધ નિરંજન છે.

વસ્તુ હોય તેને વર્તમાન હોય ને? વર્તમાન વગરની વસ્તુ હોય? ન હોય, અને વસ્તુનો જેવો સ્વભાવ હોય તેવો જ તેનો અંશ હોય. તેનો વર્તમાન અંશ વિકારી અને અધૂરો ન હોય. વિકાર દેખાય છે તે કર્મની અપેક્ષાવાળી સાપેક્ષ પર્યાય છે, મૂળ સ્વભાવભૂત નિરપેક્ષ પર્યાયમાં વિકાર નથી, તે પર્યાય અનાદિ અનંત છે, શુદ્ધ છે, નિરંજન છે, તેને કારણપર્યાય કહેવાય છે.

ગયા કાળની અવસ્થા અને ભવિષ્યની અવસ્થાનું સામર્થ્ય દ્રવ્યમાં ધ્રુવરૂપે છે અને તેનો વર્તમાન વેપાર પણ ધ્રુવ છે.

આકાશાદિ પદાર્થમાં પોતાના સ્વભાવની જાતનો જ નિર્મળ ઉત્પાદ-વ્યય થાય છે, અને આત્મામાં રાગ-દ્વેષના વિકારી ઉત્પાદ-વ્યયનું પરિણમન થાય છે તે સાપેક્ષ પર્યાય છે. નિમિત્તના સદ્ભાવની અપેક્ષા લાગુ પડે ત્યાં સંસાર અવસ્થા છે અને અભાવની અપેક્ષા લાગુ પડે ત્યાં મોક્ષઅવસ્થા છે, તે બન્ને સાપેક્ષ છે, પણ આત્મામાં

આકાશાદિ પદાર્થની જેમ નિર્મળ નિરપેક્ષ પર્યાય પણ છે કારણ કે આકાશ પણ પદાર્થ છે અને આત્મા પણ પદાર્થ છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે જો નિરપેક્ષ હોય તો જ વસ્તુની અખંડતા થાય છે.

વસ્તુ અનંત ગુણ અને અનંત પર્યાયનો પિંડ છે. ગયાકાળમાં જે થઈ ગઈ અને ભવિષ્યમાં જે થશે તે બધી પર્યાયના સામર્થ્યરૂપ દ્રવ્ય છે, મોક્ષપર્યાય જે બહાર આવે છે એટલે કે પ્રગટે છે તે બધી તાકાત દ્રવ્યમાં ભરી પડી છે. વસ્તુ પોતે ગુણ-પર્યાયનો પિંડ છે તો તેમાં શુદ્ધ કારણપર્યાય પણ છે. જે વસ્તુ હોય તેને વર્તમાન પણ હોય, વર્તમાન વગરની વસ્તુ ન હોય અને તે વર્તમાન અંશ પણ વસ્તુની જાતનો જ હોય; એક પરમાણુ છે તે વસ્તુ છે, વસ્તુમાં તેના સ્વભાવની જાતની જ નિર્મળ પર્યાય હોય. જેમ સ્ફટિકમાં નિર્મળ પર્યાય છે, તેમ આત્મામાં પણ નિર્મળ પર્યાય છે; સ્ફટિક તો સ્કંધની પર્યાય છે તેથી તે મૂળ શુદ્ધ પર્યાય નથી. દાખલો શું અપાય? વસ્તુ જ દાખલા વિનાની છે. આ વિષય તદ્દન જુદી જાતનો જ છે, અપૂર્વ છે.

શ્રીમદ્ રાજચંદ્રે આ સંબંધી એક ટુકડો મૂકી દીધો છે, તેમને ઘણો ઉઘાડ હતો, શક્તિ ઘણી હતી તેથી જૈનદર્શનના રહસ્યનો ગૂઢ ટુકડો મૂકી દીધો છે. શ્રીમદ્ લખે છે કે, 'પરિણામી પદાર્થ-નિરંતર સ્વાકાર પરિણામી હોય તોપણ અવ્યવસ્થિત પરિણામીપણું ?'

સ્વાકાર પરિણામીપણું એટલે વસ્તુના સ્વભાવની જાતનું પરિણામીપણું હોય તેમાં આ વિકારીપણું શું ? એટલે તેનો એવો અર્થ થાય છે કે દરેક દ્રવ્ય, દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી શુદ્ધ જ હોય અને તેનું પોતાના સ્વભાવ-આકારે જ પરિણમન હોય.

પરથી છૂટી ચીજને અપેક્ષા લાગુ પડતી નથી. વસ્તુ, વસ્તુનો ગુણ અને વસ્તુની પર્યાય એ ત્રણે અપેક્ષા વગરના-નિરપેક્ષ છે.

દ્રવ્યથી, ગુણથી ને પર્યાયથી ત્રણે રીતે વસ્તુ અનાદિ અનંત એકરૂપ છે, તેમાં બંધ-મોક્ષની અપેક્ષા લ્યો તો તે નિમિત્ત તરફની અપેક્ષા છે, બંધ-મોક્ષની પર્યાય તે સાપેક્ષ પર્યાય છે, આત્મામાં નિરપેક્ષ પર્યાય અનાદિ અનંત છે.

સમય સમય ઉત્પાદ-વ્યય થાય છે તે વ્યવહાર છે, બંધનો વ્યય અને મોક્ષનો ઉત્પાદ તે વ્યવહાર છે, પરિણામી વસ્તુનાં દ્રવ્ય, ગુણ અને તેનો વર્તમાન અંશ કાયમ એક જ પ્રકારે છે, ધ્રુવરૂપે છે તોપણ વિકારી ત્રણ પ્રકારે પરિણમતો થકો તે ઉપયોગ પોતે વિકારી ભાવને કરે છે; તે ભાવનો તે કર્તા થાય છે.

આત્મા દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અનાદિ અનંત શુદ્ધ છે તોપણ અનાદિથી

અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે એટલે જોડાણપણે પોતાનામાં ઉત્પન્ન થતા પરિણામ વિકારો ત્રણ પ્રકારના છે. ઊંધી માન્યતા એટલે કે પર શરીરાદિને પોતાપણે માને, રાગી-દ્વેષી હું છું તેમ માને તે, અને અજ્ઞાન એટલે પરને પોતાપણે જાણે તે, અને અવિરતિ એટલે પરમાં ઉપયોગને સ્થિર કરે-એ રીતે ત્રણ પ્રકારે પરિણામ-વિકારો થાય છે.

જો કે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર ભાવપણે એક પ્રકારનો છે.

જુઓ ! આ ટુકડામાં આચાર્યદેવે શું અદ્‌ભુતતા લીધી છે ! પરમાર્થદૃષ્ટિથી તો ઉપયોગ ખરેખર શુદ્ધ છે, આ શુદ્ધ અવસ્થા નિરપેક્ષ છે; મોક્ષમાર્ગની અવસ્થા કે મોક્ષઅવસ્થા તે બન્ને અવસ્થા સાપેક્ષ છે. વસ્તુનું વર્તમાન તે શુદ્ધ ઉપયોગરૂપ કારણપર્યાય છે, તે શુદ્ધ પર્યાય નિરંજન છે, એટલે કે તેમાં મેલ બિલકુલ નથી, તેમાં રાગ-દ્વેષની કે પરની અપેક્ષાની ગંધ માત્ર નથી, વસ્તુ અનાદિ અનંત છે, એટલે કે જેને આદિ પણ નથી અને અંત પણ નથી, વસ્તુ જેમ ત્રિકાળ છે તેમ વસ્તુનો ભાવ પણ ત્રિકાળ છે અને તે ભાવ વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર ભાવપણે એક જ પ્રકારનો છે.

નિગોદથી માંડી સિદ્ધ સુધી બધા આત્મામાં આ ઉપયોગરૂપ કારણપર્યાય શુદ્ધ જ છે, એક જ પ્રકાર છે, વસ્તુનો વર્તમાન અંશ વસ્તુમાં ભળેલો છે. વિકારી પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય અને મોક્ષની પર્યાય તે બધી પર્યાય પણ આત્મામાં જ થાય છે-તે પર્યાય સાપેક્ષ છે, કર્મના નિમિત્તની અપેક્ષા રાખતી પર્યાય છે, પણ અનાદિ અનંત કારણપર્યાય છે તે ધ્રુવ પર્યાય છે, આ અંશ ધ્રુવમાં ભળે છે. વસ્તુ પોતે શુદ્ધ, તેના ગુણ શુદ્ધ અને તેનો વર્તમાન અંશ પણ શુદ્ધ છે; તેનો શુદ્ધ અંશ વર્તમાન વર્તમાનરૂપે કાયમ ચાલુ રહે તેની આ વાત ચાલે છે.

એક સમયમાં બે અવસ્થા દ્રવ્યમાં એક સાથે છે, દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો દ્રવ્યનો અને ગુણનો વર્તમાન અંશ પરિપૂર્ણ ધ્રુવરૂપ શુદ્ધ છે. તે એક અવસ્થા અને પર્યાયદૃષ્ટિની અપેક્ષાથી જોઈએ તો રાગ-દ્વેષની અશુદ્ધ અવસ્થા કે મોક્ષમાર્ગ અથવા તો મોક્ષની શુદ્ધ અવસ્થા તેમાંથી એક એમ બન્ને અવસ્થા એક સાથે છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષા રાખતી પર્યાય નિરપેક્ષ છે અને પર્યાયદૃષ્ટિની અપેક્ષા રાખતી પર્યાય સાપેક્ષ છે.

દ્રવ્યથી, ગુણથી અને અવસ્થાથી આવો શુદ્ધ આત્મા છે તોપણ અશુદ્ધ, સાંજન અનેક પ્રકારને પામતો થકો એટલે કે રાગ-દ્વેષ, હર્ષ-શોક, શુભાશુભભાવ વગેરે અનેક

પ્રકારનો થઈને ત્રણ પ્રકારનો થઈ, પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામે છે, મિથ્યાદષ્ટિપણે પરિણમે છે, અજ્ઞાણપણે પરિણમે છે, અવિરતિપણે પરિણમે છે. દોષપણે-અવગુણપણે, જે જે ભાવો કરે છે—જે જે ભાવનો કર્તા થાય છે, તે તે ભાવનો તે મલિન અવસ્થારૂપ ઉપયોગ કર્તા થાય છે; પોતે મોહમાં જોડાઈને પરભાવોને પોતાનું કર્તવ્ય માનીને વિભાવરૂપ ઉપયોગ થઈને વિભાવનો કર્તા થાય છે. પોતે વિભાવમાં જોડાય છે ત્યાં સામે નિમિત્તની અપેક્ષા છે તે કર્મના સદ્‌ભાવરૂપ વ્યવહાર છે ને તે વિભાવના જોડાણને ટાળી મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ કરવો તે પણ વ્યવહાર છે તે કર્મના અભાવની અપેક્ષા રાખતો વ્યવહાર છે.

અરે ભાઈ! આ વાત અમને ન સમજાય તેનું શલ્ય મગજમાંથી કાઢી નાખવું. બધા આત્મા ભગવાન છે, પ્રભુ છે, આ વાત પણ ભગવાન આત્માની જ ચાલે છે, પોતાના ઘરની જ વાત ચાલે છે, તેમાં જિજ્ઞાસાથી, ધ્યાન રાખીને સાંભળે તો ન સમજાય તેમ કેમ બને? 'મને ન સમજાય' એવી જે કલ્પના કરી રાખી છે તે પણ એક મોટું શલ્ય છે. હું પોતે સ્વભાવરૂપ છું અને મને ન સમજાય' તે વાત શી? સમજાય એવી જ ચીજ છે માટે ન સમજાય એવું શલ્ય મગજમાંથી કાઢી નાખવું.

જેટલું કેવળજ્ઞાનીએ જાણ્યું છે તેટલાં જ જાણવાના સામર્થ્ય સ્વરૂપે તું છો; કેવળજ્ઞાનીના જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ જેટલું જણાયું તેટલું તેમની વાણીમાં કહેવાયું નથી; કેવળી ભગવાનનું સામર્થ્ય અનંત-અપાર છે. જેવડો કેવળી ભગવાનનો આત્મા છે તેવડા જ સામર્થ્યવાળો તારો ચૈતન્ય ભગવાન આત્મા છે તો પછી તું તને પોતાને કેમ ન જાણી શકે? તારી જાત તને ન સમજાય તો કોને સમજાશે? ઘરની મૂડીની કેમ બધી ખબર હોય છે? તો પછી સ્વભાવ-ઘરની મૂડી ન સમજાય તેવું શલ્ય કાઢી નાખી સમજવાનો પ્રયત્ન કરવો.

વસ્તુ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી શુદ્ધ છે, નિરંજન છે, એક જ પ્રકારે છે. તે શુદ્ધ કારણપર્યાય ઊણી નથી, વિકારી નથી, પણ પરિપૂર્ણ છે; પર્યાયદષ્ટિએ તે પર્યાય અપ્રગટ છે અને દ્રવ્યદષ્ટિએ તે પર્યાય પ્રગટ છે. જે વસ્તુ હોય તેનું વર્તમાન પણ હોય, વસ્તુનું વર્તમાન તે તેની શુદ્ધપર્યાય છે.

પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જો કે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.

પરમાર્થે તો ઉપયોગ શુદ્ધ નિરંજન છે તોપણ અશુદ્ધ, સાંજન, અનેકપણાને પામતો થકો જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.

આ રીતે ઉપયોગને કર્તા જાણવો. ઉપયોગમાં મલિનતા થાય છે તે અજ્ઞાનભાવથી છે; સ્વભાવદૃષ્ટિથી, શુદ્ધદ્રવ્યાર્થિકદૃષ્ટિથી આત્મા રાગ દ્વેષ ને ભ્રાંતિનો કર્તા નથી. અશુદ્ધદ્રવ્યાર્થિકદૃષ્ટિથી આત્મા વિકારનો કર્તા થાય છે, ઉપયોગ અને આત્મા એક જ છે જુદા નથી માટે આત્માને પણ વિકારનો કર્તા કહેવાય છે, શુદ્ધદ્રવ્યદૃષ્ટિમાં વિકારનું કર્તાપણું છે નહિ, તે શુદ્ધદૃષ્ટિ સંસારભાવની નાશક છે પણ કર્તા નથી.

આ ગાથા ફરીથી

૧૯૯૯ આસો વદ ૦)) અમાસ ગુરુ.

આ કર્તાકર્મ અધિકાર ચાલે છે. કર્તા એટલે થનારો કોણ છે ને થનારમાં થાય છે શું? તે વાત ચાલે છે. માટી થનાર છે ને ઘડો થાય છે, થનાર તે કર્તા છે ને થાય તે કર્મ છે. કુંભાર કર્તા છે ને ઘડો કાર્ય છે એવો કર્તાકર્મસંબંધ છે નહિ, માટી ઉપાદાન છે અને કુંભાર નિમિત્ત છે.

આત્મા પોતે થનાર છે અને આત્માનું ખરેખરું કાર્ય તે સ્વભાવકાર્ય છે; વિકલ્પ રહિત જ્ઞાન કરવું, વિકલ્પ રહિત શ્રદ્ધા કરવી અને વિકલ્પ રહિત રમણતા કરવી તે આત્માનું ખરેખરું કાર્ય છે. નિર્મળ શ્રદ્ધા, નિર્મળજ્ઞાન, નિર્મળચારિત્ર તે સ્વભાવકાર્ય છે. અજ્ઞાનઅવસ્થા તે કર્તા અને પુણ્ય-પાપના ભાવ તે કર્મ તે વિભાવકાર્ય છે. આત્મા જડનો કર્તા અને જડ આત્માનું કાર્ય થાય તેવી રીતે કર્તા-કાર્ય નથી. આત્મા થનાર છે અને વીતરાગ ભાવ તે તેનું ખરેખરું કાર્ય છે. કારણપર્યાય કારણ છે અને નિર્મળ પર્યાય પ્રગટે તે કાર્ય છે.

દ્રવ્ય, ગુણ અને કારણપર્યાય ઉપર વર્તમાનમાં અભેદદષ્ટિ આપવાથી નિર્મળ ઉત્પાદ-વ્યયરૂપ કાર્ય પ્રગટે છે. નિર્મળ સમ્યગ્જ્ઞાન, નિર્મળ સમ્યક્પ્રતીત અને નિર્મળ સમ્યક્ચારિત્ર તે સ્વભાવકાર્ય છે. વસ્તુ વર્તતી વર્તતી ત્રિકાળ વર્તે છે તે કારણપર્યાય છે. વસ્તુ ધ્રુવ છે, વસ્તુનો ગુણ અને તેની વર્તમાન, વર્તમાન વર્તતી નિર્મળ પર્યાય અનાદિ અનંત ધ્રુવ છે, એનું મનન કરતાં સ્વભાવપર્યાય પ્રગટે તે કાર્યપર્યાય છે.

દ્રવ્ય, ગુણ અને તેની કારણપર્યાય તે નિશ્ચય છે; તે ત્રણે ઉપર અભેદદૃષ્ટિ આપવાથી અને તેમાં એકાગ્ર થવાથી નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પ્રગટે છે તે વ્યવહાર છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ તે બધી વસ્તુ, વસ્તુનો ગુણ અને તેની અવસ્થા પણ નિર્મળ જ છે. પરમાણુ પોતે વસ્તુ, તેનો ગુણ અને તેની

વર્તમાનપર્યાય પણ નિર્મળ જ છે. પરમાણુ પોતે બધી રીતે નિર્મળ છે પરંતુ પરમાણુમાં બે પ્રકારનો વિભાવ પણ થાય છે. પરમાણુની સ્કંધરૂપે અવસ્થા થાય છે તે એક પ્રકારનો વિભાવ છે અને પરમાણુ ભેગા થઈને આત્માની વિભાવ પર્યાયનું નિમિત્ત પામીને કર્મપણે પરિણમે છે તે બીજા પ્રકારનો વિભાવ છે. છૂટા પરમાણુમાં વસ્તુ, વસ્તુનો ગુણ અને તેની પર્યાય ત્રણે નિર્મળ છે, પાંચે દ્રવ્યની પર્યાય નિર્મળ છે તો પછી આત્માની પર્યાય નિર્મળ કેમ ન હોય? હોય જ. આત્મામાં જે રાગ–દ્વેષની અને ભ્રાંતિની મલિન પર્યાય થાય છે તે પર્યાય મૂળ સ્વભાવરૂપ નથી, પણ વિકારી પર્યાય છે; માટે આત્મામાં મૂળ સ્વભાવરૂપ નિર્મળ પર્યાય હોવી જોઈએ. વળી બીજા દ્રવ્યોમાં પર્યાયની પ્રગટપણે નિર્મળતા છે તેમ આત્મામાં પણ જો પ્રગટ નિર્મળતા હોય તો સંસાર કેમ હોઈ શકે? ન હોઈ શકે; માટે આત્માની પર્યાયમાં જે નિર્મળતા છે તે પ્રગટ નથી પણ અનાદિ અનંત સ્વભાવાકારે છે, સાપેક્ષ પર્યાય જેમ પ્રગટ છે તેમ આ નિરપેક્ષ પર્યાય પ્રગટ નથી પણ અપ્રગટ છે.

વસ્તુ પોતે સામાન્ય છે; જે સામાન્ય હોય તેનું વિશેષ પણ હોવું જોઈએ, વસ્તુનું વિશેષ વસ્તુની જાતનું હોય, બીજી જાતનું ન હોય, સામાન્ય–વિશેષ થઈને વસ્તુનું અખંડ સ્વરૂપ થાય છે. વસ્તુ હોય અને એની પર્યાય નિર્મળ ન હોય તો વસ્તુ જ નિર્મળ હોઈ શકે નહિ. બીજા પદાર્થોની અવસ્થા નિર્મળ છે અને આત્મદ્રવ્યનો કાંઈ વાંક! કે આત્માની પર્યાય નિર્મળ ન હોય? હોય જ. વળી એકલી પ્રગટ નિર્મળ પર્યાય હોય તો સંસાર–મોક્ષ હોય જ નહીં, પરંતુ સંસાર–મોક્ષ દેખાય છે અને છે માટે આત્મામાં સ્વભાવાકાર પર્યાય અપ્રગટ છે, બીજા પાંચ પદાર્થોની નિર્મળ પર્યાય પ્રગટ પરિણમનરૂપે છે.

આ વિષય ઝીણો છે. આ વર્તમાન અંશ ન હોય તો વસ્તુ હોઈ શકે નહિ, વર્તમાન અંશ ન હોય તો આખી વસ્તુ થતી નથી, વસ્તુમાં ખંડ પડી જાય છે. દ્રવ્ય, ગુણ અને તેનો વિશેષ થઈને અખંડ–આખી વસ્તુ થાય છે. પરિણામી પદાર્થ નિરંતર સ્વાકાર પરિણામી હોવો જોઈએ એમ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે.

કારણપર્યાય સ્વાકાર પરિણામી હોવાથી કોઈ અપેક્ષાએ પરિણામી છે, દ્રવ્ય અને ગુણ પણ કથંચિત્ પરિણામી છે. પર્યાયદૃષ્ટિએ સાપેક્ષ પર્યાય પ્રગટ છે અને નિરપેક્ષ પર્યાય અપ્રગટ છે. દ્રવ્યદૃષ્ટિમાં પ્રગટ–અપ્રગટના ભેદ નથી, દ્રવ્યદૃષ્ટિમાં વસ્તુ, વસ્તુનો ગુણ ને વસ્તુની પર્યાય પ્રગટ જ છે.

હીરા સરાણે ચડે છે તેનો ભૂકો લઈ જાય તોપણ લાભનો રસ્તો છે. આજ માંગળિકનો દિવસ છે, આ વાત તદ્દન અપૂર્વ છે.

જેમ ચાર અરૂપી પદાર્થ અને પુદ્‌ગલ પરમાણુ; એ પદાર્થોમાં વર્તમાન વર્તતી પર્યાય પ્રગટ ન હોય તો પરિણમન ન હોય માટે વર્તમાન પરિણમતી શુદ્ધ પર્યાય એ પદાર્થોમાં પ્રગટ જ છે કારણ કે એ પદાર્થોમાં અશુદ્ધતા નથી તેથી તેમાં વર્તમાન પરિણમતી શુદ્ધ પર્યાય પ્રગટ જ છે; તેમ આત્મામાં જો પ્રગટપણે નિર્મળતા હોય તો ગુરુ અને શિષ્ય કાંઈ પણ રહેતું નથી, ઉપદેશ આપવો. સમજાવવું, સમજવું વગેરે કાંઈ પણ રહેતું નથી; મલિનતા છે તો તેને ટાળવાને માટે ઉપદેશ અપાય છે, મલિનતા છે તો તેને ટાળવાને માટે શિષ્ય સમજવાનો પ્રયત્ન કરે છે; માટે મલિનતા છે, તદ્દન પ્રગટપણે નિર્મળતા નથી. અને જો વસ્તુમાં વસ્તુ આકારે વર્તમાન અંશની નિર્મળ પર્યાય ન હોય તો આખી દ્રવ્યાર્થિક દૃષ્ટિ થતી નથી, આખી નિરપેક્ષ વસ્તુ થતી નથી.

આત્મામાં મલિન પર્યાય થાય છે તે સાપેક્ષ છે. ક્ષયોપશમ ભાવમાં કર્મના ઓછા–વધારે ઉઘાડની અપેક્ષા છે, ક્ષાયિક ભાવમાં કર્મ ટળવાની અપેક્ષા છે, ઉપશમ ભાવમાં કર્મ ઉપશમી જવાની અપેક્ષા છે તે બધી પર્યાય સાપેક્ષ છે; મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યયજ્ઞાનની પર્યાય પણ સાપેક્ષ છે. આ કારણપર્યાય તે તો એકલા પારિણામિક ભાવની વાત છે.

આત્મા દ્રવ્યથી, ગુણથી ને પર્યાયથી નિર્મળ છે. એ ત્રણેની અભેદદૃષ્ટિ કરીને તેનું મનન કરતાં સ્વભાવપર્યાય પ્રગટે છે. દ્રવ્ય-ગુણ નિરપેક્ષ છે તો પર્યાય પણ નિરપેક્ષ હોવી જોઈએ, કારણપર્યાય ન હોય તો વસ્તુ ન હોય, અને સાપેક્ષ પર્યાય ન હોય તો સંસાર–મોક્ષ ન હોય. કારણપર્યાય નિર્મળ ન હોય તો મોક્ષની નિર્મળ પર્યાય પ્રગટે જ નહિ, દ્રવ્ય, ગુણ અને કારણપર્યાય ત્રણે નિર્મળ ન હોય તો મોક્ષની નિર્મળ પર્યાય પ્રગટે જ નહિ, દ્રવ્ય ગુણ અને કારણપર્યાય ત્રણે નિર્મળ ન હોય તો વસ્તુની અખંડતા થતી નથી. આ કારણપર્યાય ભગવાન આત્માને વિષે વસ્તુદૃષ્ટિથી અનાદિ અનંત છે, આ અંશ ધ્રુવ છે, ધ્રુવમાં ભળેલો છે.

આ દિવાળીના દિવસો છે, માણસો દિવાળીના દિવસોમાં પકવાન જમે છે. અહીં પણ કુદરતી મોટો પકવાન પીરસાય છે.

અનાદિ અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણે એટલે કે તેમાં જોડાએલો હોવાથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિરૂપ ભાવો ઉત્પન્ન થાય છે. પરને પોતાપણે માનવારૂપ મિથ્યાભાવ, પોતાને જાણવું મૂકીને એકલો પરનો જ વિષય કરે તે અજ્ઞાન, સ્વમાં એકાગ્રતા ચૂકીને પરમાં એકાગ્રતા કરે તે અસ્થિરતા—એ ત્રણ વિકારી પરિણામ મોહમાં જોડાવાથી ઉત્પન્ન થાય છે.

જો કે પરમાર્થે તો ઉપયોગ એટલે કે આત્માની નિર્મળ અવસ્થા-ઉપયોગ એટલે ચૈતન્ય વેપાર તે શુદ્ધ છે, નિરંજન છે, મલિન નથી, દ્રવ્ય-ગુણમાં તો મેલ નથી પરંતુ અવસ્થામાં પણ મેલ નથી. અનાદિનિધન વસ્તુ, તેનો ગુણ તેની વર્તમાન પરિણતિ ત્રણે શુદ્ધ છે. વર્તમાન અંશને પરિણતિ કહેવાય પણ તે અપ્રગટ છે, છતાં લબ્ધ જેવું નહિ, લબ્ધ તો તેને કહેવાય કે પહેલાં પ્રગટ નહોતું અને પછી પ્રગટ થયું. આ કારણ-પર્યાયમાં એમ નથી, આ પર્યાય તો અનાદિ અનંત વસ્તુદૃષ્ટિથી પ્રગટ જ છે.

દ્રવ્ય અને ગુણ પણ કોઈ અપેક્ષાએ પરિણામી છે. દ્રવ્યમાં ક્ષણે ક્ષણે જે ઉત્પાદ-વ્યય થાય છે તે દ્રવ્ય-ગુણ પોતે જ પરિણમીને ઉત્પાદ-વ્યય થાય છે, દ્રવ્ય-ગુણ જુદા રહી જાય અને ઉત્પાદ વ્યય દ્રવ્ય-ગુણના આધાર વિના ઉત્પન્ન થાય છે એવું કાંઈ છે નહિ; દ્રવ્ય-ગુણના આધારે જ ઉત્પાદ-વ્યય થાય છે માટે દ્રવ્ય-ગુણ પણ કોઈ અપેક્ષાએ પરિણામી છે. દ્રવ્ય અને ગુણને સદૃશ-એક સરખા પરિણમનની અપેક્ષાએ પરિણામી કહ્યા છે. એ રીતે દ્રવ્ય-ગુણ પણ કથંચિત્ પરિણામી છે. વસ્તુનો વર્તમાન વર્તતો અંશ તે તેની કારણપર્યાય છે.

જેમ દ્રવ્યની કારણપર્યાય છે તેમ જ્ઞાનદર્શન વગેરે અનંત ગુણની કારણપર્યાય છે. દ્રવ્યનો દ્રવ્યાકારે વર્તમાન અંશ પરિપૂર્ણ છે તે દ્રવ્યની કારણપર્યાય છે અને જ્ઞાન, દર્શન, આદિ અનંતે ગુણનો ગુણઆકારે વર્તમાન અંશ પરિપૂર્ણ છે તે ગુણની કારણપર્યાય છે.

શુદ્ધ પર્યાયને નિરંજન કહી છે અને અશુદ્ધ પર્યાયને સાંજન કહી છે, શુદ્ધ પર્યાય એક પ્રકારે કહી છે અને અશુદ્ધ પર્યાય અનેક પ્રકારે કહી છે, અનેક પ્રકારે-ત્રણ પ્રકારે ઉપયોગ થયો થકો, અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો વિકારરૂપ-દોષ-રૂપ-મલિનરૂપ-બંધનના ભાવરૂપ જે જે અવસ્થાને કરે છે તેમાં સ્વભાવદૃષ્ટિ ચૂકીને તે ભાવનો કર્તા થાય છે.

હવે એક બીજી વાત લેવાય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશાસ્તિ અને કાળ તે ચાર દ્રવ્ય તો છૂટાં છે, એક જ પ્રકારે છે, તેમાં વિકાર થતો નથી ને પુદ્‌ગલ-પરમાણુમાં બે પ્રકારનો વિકાર થાય છે; એક પ્રકાર તો એ કે પરમાણુ, પરમાણુ ભેગા થઈને સ્કંધ થાય છે તે વિકાર છે અને જીવના વિકારભાવનું નિમિત્ત પામીને પુદ્‌ગલ-પરમાણુ કર્મસ્કંધપણે પરિણમે છે તે બીજા પ્રકારનો વિકાર છે. તેમ આત્મામાં કર્મની અપેક્ષા તરફના બે પ્રકારના ભાવ થાય છે; કર્મના નિમિત્તાધીન થઈને, જે ઉદયભાવ-

વિકારીભાવ થાય છે તે જડ કર્મને સ્કંધ થાય છે તેના સામો લેવો ને બીજો ભાવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ થાય છે તે પરમાણુ પરમાણુ ભેગા થઈને વિભાવ થાય છે તેના સામો લેવો. તે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવમાં કર્મના અભાવની અપેક્ષા છે તે અપેક્ષાએ તેને વિભાવભાવ કહ્યો છે. જેમ પુદ્‌ગલમાં બે જાતના વિભાવ છે તેમ આત્મામાં પણ આ પ્રકારે બે જાતના વિભાવ છે, પુદ્‌ગલ કરતાં આત્માનો સ્વભાવ વિરુદ્ધ જાતનો છે માટે બીજી જાતના બે વિભાવ લીધા, આત્મામાં જે બે વિભાવભાવ લીધા તેમાં એકમાં કર્મના નિમિત્તની હયાતીની અપેક્ષા છે અને બીજામાં કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા છે, એકમાં અસ્તિની અપેક્ષા છે અને એકમાં નાસ્તિની અપેક્ષા છે.

અભાવભાવ અપેક્ષિત છે, માટે તે ભાવ પર્યાયમાં સમાય છે; દ્રવ્ય, ગુણ અને નિરપેક્ષ કારણપર્યાય તે ત્રણે દ્રવ્યદૃષ્ટિમાં સમાય છે; દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ તે બન્ને થઈને આખું પ્રમાણ થાય છે. ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ, એ ચારને કોઈ ઠેકાણે શાસ્ત્રમાં વિભાવભાવ કહ્યા છે, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવને ગૌણ કરી પરની અપેક્ષા વગરનો એકલો સ્વભાવભાવ છે તેને શાસ્ત્રમાં પારિણામિકભાવ કહ્યો છે—જ્ઞાયકભાવ કહ્યો છે. જે પરિણમે તે કર્તા છે. અવસ્થામાં જે બદલનારો છે તે પોતે આત્મા છે, રાગ, દ્વેષ અને વિકારીભાવે થનારો અજ્ઞાની આત્મા છે; ઉપયોગ અભાનરૂપ થઈને પરિણમ્યો છે, અંદર નિર્મળતા ભરી છે તેમાંથી પર્યાય આવે છે પણ દૃષ્ટિ ઊંધી છે તેથી પર્યાય મલિન થઈ જાય છે, તેનો અજ્ઞાની કર્તા થાય છે. બંધ-મોક્ષ પણ વ્યવહારે છે પરંતુ પરમાર્થે તો બંધ-મોક્ષ પણ નથી. વ્યવહારનયનું જ્ઞાન કરીને શુદ્ધ દ્રવ્યાર્થિકનયને આદરણીય જાણીને શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષય ઉપર આરૂઢ થઈને વ્યવહાર એટલે કે અશુદ્ધ પરિણતિનો અભાવ થાય છે.

અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે અશુદ્ધ અવસ્થા આત્મામાં થાય છે તે અપેક્ષાએ અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહી છે, તે અપેક્ષાએ આત્માને વિકારનો કર્તા પણ કહ્યો છે, વર્તમાન ઉપયોગની અવસ્થા વિકારી હોવાથી તે વસ્તુનો અંશ વસ્તુમાં ગણીને આત્માને અશુદ્ધનયે વિકારનો કર્તા કહેવામાં આવે છે; ઉપચારથી કહેવામાં આવે છે કે આત્મા અશુદ્ધ છે. ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે, તે અવસ્થા હોય તે વખતે કર્મના રજકણો એની મેળાએ જ કર્મરૂપે પરિણમે છે તેનો આત્મા કર્તા નથી.

શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયમાં રાગ-દ્વેષનું કરવું કે રાગ-દ્વેષનું ટાળવું તે કાંઈ ન આવે, જો કે દ્રવ્યાર્થિકનયનો વિષય કરતાં રાગ-દ્વેષ ટળી જાય ખરા, પણ શુદ્ધદ્રવ્યાર્થિક-

નયનો વિષય રાગ-દ્વેષને ટાળવાનો નથી પણ અખંડ દ્રવ્યને જ લક્ષમાં લેવાનો છે. શુદ્ધદ્રવ્યાર્થિક એટલે શુદ્ધ દ્રવ્ય જ જેનું પ્રયોજન છે, પર્યાય જેનું પ્રયોજન નથી; પર્યાય તે પર્યાયાર્થિકનયનું પ્રયોજન છે. આ વાત ઝીણી છે પણ તેને ઓગાળવી જોઈએ. જેમ સાકરનો સ્વાદિયો સાકરનો ગાંગડો મોઢામાં રાખીને એક ગલોફાથી બીજા ગલોફામાં ઓગાળ્યા કરે છે તેમ આ વાત કઠણ હોય તોપણ ઓગાળવી જોઈએ, તેનો વિચાર કરે, મનન કરે, તેની અંદરથી ધગશ થવી જોઈએ, તેના ખપી થવું જોઈએ ત્યારે આ વાત સમજાય તેવી છે. ૯૦.

હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છે:—

**जं कुणइ भावमादा कत्ता सो होदि तस्स भावस्स ।**
**कम्मत्तं परिणमदे तह्मि सयं पुग्गलं दव्वं ॥ ९१ ॥**

અર્થ:—આત્મા જે ભાવને કરે છે તે ભાવનો તે કર્તા થાય છે; તે કર્તા થતાં પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે કર્મપણે પરિણમે છે.

આત્મા પુણ્ય-પાપના ભાવ કરે તેનો તે કર્તા થાય છે અને તે ભાવ તેનું કાર્ય થાય છે; અને કર્તા થાય ત્યાં કર્મના રજકણો પોતાની મેળે જ કર્મની અવસ્થારૂપે થાય છે, કર્મની જુદી જુદી અવસ્થા થાય છે તે બધી આત્માનાં ભાવનું નિમિત્ત પામીને એની મેળાએ જ પરિણમી જાય છે.

જેમ આંબો વાવ્યો હોય ત્યાં પાણી સીંચવાથી આંબો એની મેળાએ આંબાપણે પરિણમ્યે જાય છે, પાણી તેને પરિણમાવી દેતું નથી; જો પાણી આંબાને પરિણમાવી દેતું હોય તો જે જે ઝાડમાં પાણી સીંચે ત્યાં બધે આંબો જ ઊગવો જોઈએ પણ જેનું જે જાતનું બીજ હોય તે પ્રકારે તે પરિણમે છે, તેથી સિદ્ધ થયું કે પાણી તેને પરિણમાવી દેતું નથી; તેમ આત્મામાં રાગ-દ્વેષના પરિણામનું નિમિત્ત પામીને જે રજકણો કર્મપણે થવાને યોગ્ય હોય તે તેની મેળાએ જ તુરત જ કર્મપણે પરિણમી જાય છે.

આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે) પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે, ખરેખર કર્તા એટલે વસ્તુસ્વભાવે કર્તા છે તેમ નહિ પણ

---

જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

વ્યવહારે કર્તા છે તેથી ખરેખર કર્તા કહ્યો છે, અજ્ઞાનીની દૃષ્ટિ કર્તાપણાની છે તે અપેક્ષાએ ખરેખર કર્તા કહ્યો છે, મંત્ર સાધનારની જેમ; આત્માનો ભાવ નિમિત્તભૂત થતાં પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ પરિણમે છે. જેમ મંત્રસાધનારો મંત્ર સાધે છે ત્યારે બાહ્ય બીજા પુદ્‌ગલના રજકણો તેની મેળાએ પરિણમે છે, તેમ આત્માના વિકારી ભાવનું નિમિત્ત પામીને કર્મના રજકણો એની મેળાએ કર્મરૂપે પરિણમે છે.

૨૦૦૦ કારતક સુદ ૧ શુક્ર.

આ અધિકાર કર્તાકર્મનો છે. આત્મા શું કરી શકે? આત્મા પોતાનું કરે કે જડનું કાંઈ કરે? જડનું તો આત્મા કાંઈ કરી જ શકે નહિ. બહુ તો અજ્ઞાનભાવે પોતાના વિકારી ભાવનો કર્તા થાય છે. આત્માના પ્રદેશ સાથે એકક્ષેત્રાવગાહી કર્મના રજકણો પડયાં છે તેનો પણ આત્મા કર્તા નથી તો પછી સ્થૂલ દેહાદિ બાહ્ય પદાર્થોનો તો કર્તા કયાંથી જ હોય?

કર્મ તે કાંઈ નજરે દેખાતાં નથી, શાસ્ત્રે કહ્યું કે કર્મ છે; તું જેવા ભાવ કરે તેવા પ્રકારનાં કર્મ બંધાય; દયા, ભક્તિ, પૂજા વગેરે શુભભાવ કરવાથી પુણ્ય કર્મ બંધાય અને હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય વગેરે–અશુભભાવ કરવાથી પાપકર્મ બંધાય તેમ શાસ્ત્રે કહ્યું તે માન્યું, તો હવે શાસ્ત્રકાર બીજી તરફથી એમ પણ કહે છે કે તું જડ કર્મનો અને દેહાદિક બાહ્ય પદાર્થોનો કર્તા નથી તો તેને પણ તું માન.

ક્રોધાદિના ભાવ કરે તો નવાં કર્મ બંધાય, તે કર્મના ફળમાં, ભવિષ્યમાં પ્રતિકૂળતાનાં સાધનો મળે; તે પ્રતિકૂળતાના સંયોગો વખતે જો તીવ્ર ક્રોધાદિ ભાવ ન કરે પણ મંદ કષાય કરે તો શુભ ભાવ થાય, પુણ્ય બંધાય અને તીવ્ર ક્રોધાદિ ભાવ કરે તો વળી પાછો પાપબંધ થાય. એમ ને એમ અનાદિકાળથી કર્મનું ચક્ર ચાલ્યા જ કરે છે, ક્રોધાદિભાવો કર્યા તેનું ફળ ખરી રીતે તો તે ક્ષણે જ આવી જાય છે, આકુળતા કરી અને ક્ષમા ગુણ હણાણો તે આકુળતાનું વેદન તે ક્ષણે જ તેને થઈ જાય છે. કષાય અને ભ્રાંતિ થવામાં ઘાતી કર્મનું નિમિત્ત છે, પ્રતિકૂળતા થવામાં અઘાતિ કર્મનું નિમિત્ત છે; અવગુણનો ભાવ લંબાવ્યા કરે તો પ્રતિકૂળતાના સંયોગ વખતે તેને દ્વેષ થાય છે, પ્રતિકૂળતાના સંયોગ વખતે ઉપચારથી એમ કહેવાય કે આ પ્રતિકૂળતા દુઃખનું કારણ છે પણ અવગુણનો ભાવ પોતે ન છોડે તો પ્રતિકૂળતામાં તેને દુઃખ થયા કરશે. પૂર્વે વીર્ય ઊંધું નાખ્યું છે અને વર્તમાનમાં સવળો પુરુષાર્થ કરતો નથી તેથી પ્રતિકૂળતાના સંયોગ વખતે દ્વેષ થયા કરે છે.

રાગ–દ્વેષ, ક્રોધ-માનનો જે ભાવ પોતે કર્યો તેના નિમિત્તે જે કર્મ બંધાય તે

સ્વયમેવ બંધાય છે, આત્મા તેનો કર્તા નથી; કર્મ તે પર વસ્તુ છે, કોઈ વસ્તુનો કર્તા કોઈ પર વસ્તુ હોઈ શકે નહિ.

તું તારું જ્ઞાન કર અને પરનું જ્ઞાન કર એવો તારો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવ જણાવવા માટે પર વસ્તુનું કથન કર્યું છે પણ કર્તા થવાનું કહ્યું નથી. કર્મ છે એમ જાણ્યું ક્યાંથી? શાસ્ત્રથી જાણ્યું કે કર્મ છે તો શાસ્ત્રકાર કહે છે કે કર્મને તું કરી ન શકે તો હવે તે માન અને તારી વાતને ફેરવી નાખ!

કોઈ કહે કે જો કર્મ નડતું ન હોય તો અસંજ્ઞીપણે પુરુષાર્થ કેમ થતો નથી? પોતે પોતાના વીર્યવડે અશુદ્ધભાવને ઘટ્ટ કરતો જાય છે તેથી પુરુષાર્થ થતો નથી; પણ જડ કર્મ નડતું નથી; અસંજ્ઞીપણામાંથી ઊંચો આવે છે તે પણ પોતાના વીર્ય વડે જ આવે છે. કર્મ તેને ઊંચો લાવી દેતું નથી; પોતાનું વીર્ય કષાયની મંદતામાં જોડાય છે તેથી ઊંચો આવે છે પરંતુ કર્મ તેને નડતું નથી અથવા કર્મ તેને ઊંચો લાવતું નથી, પોતાની અશુભ પરિણતિથી નીચી ગતિમાં જાય છે અને શુભ પરિણતિથી ઊંચી ગતિમાં જાય છે.

ભાઈ! આ વાત સમજવા જેવી છે, દુકાનને થડે બેઠો હોય તો ઊંઘ ન આવે પણ અહીં ઊંઘ આવે, પણ ભાઈ! આ અનંતકાળના ફેરા ટાળવાનાં ટાણાં છે માટે સત્સ્વરૂપની જિજ્ઞાસા કર! મનન કર! વિચાર કર! પુરુષાર્થ કર! વૈરાગ્ય કર! અંતરમાં ઠર! તો જ આ મનુષ્યભવ સફળ છે. જો આ જીવનમાં કાંઈ નવીન ન કર્યું, કાંઈ અપૂર્વતા ન કરી તો આ જીવન મળ્યું કે ન મળ્યું બરાબર છે, કૂતરા કાગડા સૌ જન્મે ને મરે છે, પણ આ જીવનમાં જો કાંઈ અપૂર્વતા થઈ, અંતર વલણ વળ્યું તો જ આ જીવનની સફળતા છે.

આત્મા અજ્ઞાનભાવે હિંસા-જુઠું, પૂજા-ભક્તિના ભાવ કરે ત્યાં કર્મ એની મેળાએ સ્વયમેવ બંધાય છે, એનો કર્તા પોતે નથી.

જેમ મંત્રસાધક પોતે મંત્રના ભાવે પોતે જ પરિણમતા થકો મંત્રના ભાવને કરે છે, સર્પ ઉતારવાના મંત્રો આમ જપવા, વીંછી ઉતારવાના મંત્રો આમ જપવા તે ભાવમાં પોતે જ પરિણમે છે, સામાનું ઝેર ઉતારવાની ક્રિયા પોતે કરતો નથી પણ મંત્રના ભાવ પોતે કરે છે. મંત્રના ભાવ કરે અને સામાના પુણ્યનો ઉદય હોય તો ફટ દઈને સર્પનું ઝેર ઊતરી જાય છે અને પાપનો ઉદય હોય, અશાતાનો ઉદય હોય તો મંત્ર નિમિત્ત થાય નહિ; પુણ્યનો ઉદય હોય તો મંત્રને ઉપચારથી નિમિત્ત કહેવાય છે. પોતે ભાવ કરી શકે છે કે આને સર્પનું ઝેર ઊતરી જાઓ પણ તે ભાવ સામાના ઝેર

ઉતારવાની ક્રિયાનો કર્તા નથી પરંતુ ઝેર ઉતારવાના મંત્રનો ભાવ સામાનું ઝેર ઉતારવામાં માત્ર બાહ્યકારણ હોવા છતાં, નિમિત્ત હોવા છતાં સામાને ઝેર ઊતરી જાય એવો નિમિત્તનૈમિત્તક સંબંધ છે. સામાનો પુણ્યનો ઉદય હોય તો ઝેર ઊતરી જાય છે, નિમિત્ત તેને કાંઈ કરી શકતું નથી એમ પોતાના સ્વભાવના જ્ઞાન-ધ્યાનમાં એકાગ્ર થાય ત્યાં કર્મનું ઝેર ફટ દઈને ઊતરી જાય છે, કર્મ એની મેળાએ ઝરી જાય છે, ઝેર ઊતરી જાય છે.

મંત્રનો સાધનાર એના ભાવને કરે છે પણ સામાના ઝેરને ઉતારવાની ક્રિયા કરતો નથી, પોતે ભાવ કરે ત્યાં સામાનું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે એવો લગભગ નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. કોઈના મંત્ર સાધવાના નિમિત્તથી સ્ત્રીઓ વિડંબના પામે છે, ધૂણવા મંડે છે, જે સ્ત્રીઓ એવી યોગ્યતાવાળી હોય તેને તે વિડંબના થાય છે, પાપનો ઉદય જેને હોય તે સ્ત્રીઓને તેવી વિડંબના થાય છે, મંત્ર સાધનાર જ્યાં મંત્ર સાધે ત્યાં સ્ત્રી સ્વયમેવ ધૂણવા મંડે છે, મંત્ર સાધનાર તેને ધુણાવતો નથી, પણ જ્યાં અહીં મંત્ર સાધવા મંડે ત્યાં સ્ત્રી એની મેળાએ ધુણવા મંડે છે; વળી મંત્ર સાધવાથી બંધનો તૂટી જાય છે.

ભક્તામરથી ભગવાનની સ્તુતિ કરતાં માનતુંગાચાર્યને બેડી તૂટી ગઈ, જિનેંદ્ર ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા કે હે પ્રભુ ! તું સર્વ પાપનો નાશક છે, તું જ્ઞાનનો સાગર છે, તું વીતરાગતાનો પિંડ છે, હે નાથ ! જેણે તારું સ્વરૂપ જોયું તેનું મન જન્માંતરમાં પણ ક્યાંય જવાનું નથી, હે પ્રભુ ! તને જોવાથી જેનું મન હરાણું, તેનુ મન હરવા જગતમાં કોઈ પદાર્થ સમર્થ નથી. હે દેવ ! તારા દર્શન જે એકાગ્ર ચિત્તથી કરે છે તેના હૃદયમાં જે સંતોષ થાય છે તેવો સંતોષ બીજે ક્યાંય તેને થતો નથી, હે પ્રભુ! દેવેંન્દ્રો અને નરેંદ્રોના મણિરત્નના મુગટ આપના ચરણકમળમાં નમી રહ્યા છે, એવા હે પ્રભુ! આપ દેવના પણ દેવ છો વગેરે ભગવાન ઉપર બહુમાન આવતાં, સ્તુતિનો શુભભાવ થતાં, બેડીનાં બંધનો તૂટી ગયાં, શુભભાવને અને પુણ્યના ઉદયને મેળ થતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મેળ થતાં બંધનો તૂટી ગયાં. ગુણી હોય તેને બંધનો તૂટી જ જાય એવો કાંઈ નિયમ નથી, ગુણી હોય અને પુણ્યનો ઉદય હોય તો શુભભાવનો મેળ થતાં બંધનો તૂટી જાય છે, પ્રતિકૂળતા ટળી જાય છે.

તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે મિથ્યાદર્શનાદિ ભાવે પોતે જ પરિણમતો થકો, મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે. પર મને લાભ કરે, હું પરને લાભ કરું, પર મને નુકસાન કરે, હું પરને નુકસાન કરું એવી ઊંધી શ્રદ્ધા, ઊંધું જ્ઞાન અને ઊંધું આચરણ એવા ભાવનો કર્તા અજ્ઞાની થાય છે, તે ઊંધી શ્રદ્ધા, ઊંધું જ્ઞાન અને

ઊંધા આચરણના ભાવ પુદ્‌ગલદ્રવ્યને કર્મરૂપે પરિણમવામાં અનુકૂળ હોવાથી નિમિત્ત-ભૂત થતાં, આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે. ઊંધી શ્રદ્ધા આદિ ભાવો કર્મને થવામાં અનુકૂળ છે પણ તડકો પડે તે કાંઈ કર્મને પરિણમવામાં અનુકૂળ નિમિત્ત નથી; રાગ કરે એટલે કાંઈ શરીરનો દેખાવ ફરી ન જાય પણ રાગ કરે તે કર્મને પરિણમવામાં અનુકૂળ નિમિત્ત છે. ભ્રાંતિ અને રાગ-દ્વેષ કરે તેથી કર્મ સ્વયમેવ પરિણમી જાય છે, ભ્રાંતિ અને રાગ-દ્વેષ કર્મને પરિણમવામાં અનુકૂળ છે પણ ભ્રાંતિ અને રાગ-દ્વેષ કરવાથી પોતે રોટલો ખાતા હોય તે રોટલાના રજકણો ફરી ન જાય; કર્મના રજકણો સ્વયમેવ પરિણમે છે તેમાં આત્માના વિકારીભાવનું નિમિત્ત છે તોપણ આત્મા તેનો કર્તા નથી. કર્મના ઝીણાં રજકણો છે તે પરદ્રવ્ય છે તેને ફેરવવા-બદલાવવા તે તારા હાથમાં નથી, તું તારા ભાવને ફેરવ; બાકી પરદ્રવ્યને તું કાંઈ ફેરવી શકે તેમ નથી. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે.

ભાઈ સાથે, દીકરા સાથે મમત્વ કરે કે આ મારા છે અને હું એનો છું, અમે તો બન્ને એક છીએ, એમ માને છે; પણ અરે ભાઈ! તારા પોતાના શરીરના રજકણે રજકણ જુદાં છે, કોઈ નખરૂપે પરિણમ્યાં છે, કોઈ લોહીના રંગે પરિણમ્યાં છે, કોઈ બીજા રંગે પરિણમ્યાં છે, આંખની કીકીના રજકણો કાળા રંગે પરિણમ્યાં છે અને શરીરની ચામડીના રંગ બીજા રંગે પરિણમ્યાં છે, કોઈ રજકણો માથાના કાળા વાળરૂપે પરિણમ્યાં છે, એ રીતે કોઈ રજકણો કાળા રંગે, ધોળા રંગે, રાતા રંગે એમ એક શરીરમાં જ કેટલા રંગ છે જુઓને! રજકણે રજકણના રંગ જુદા છે તો પછી બે ભાઈનો તો એક રંગ ક્યાંથી હોય? બે ભાઈ તો એક ક્યાંથી હોય? બાપ ને દીકરો બે, તે એક ક્યાંથી હોય? માટે ભાઈ! મમત્વને છોડ! બધાં દ્રવ્યો ભિન્ન-ભિન્ન જુદાં છે.

અજ્ઞાની જીવ રાગ-દ્વેષનો કર્તા થાય છે, અનુકૂળતામાં રાગનો કર્તા થાય છે ને પ્રતિકૂળતામાં દ્વેષનો કર્તા થાય છે; તે ભાવ નિમિત્તભૂત થતાં કાર્માણવર્ગણાને જીવના વિકારનું બાહ્ય કારણ મળતાં તે પોતાની મેળે પોતાના ભાવે કર્મરૂપે પરિણમી જાય છે, કોઈ કહેશે કે જડમાં ભાવ હોય? હા, જડમાં ભાવ હોય, પુદ્‌ગલનો ગુણ તે તેનો ભાવ છે, પુદ્‌ગલની અવસ્થા તે તેનો ભાવ છે. પુદ્‌ગલ એના ભાવે સ્વયમેવ પરિણમે છે.

બહારમાં અનુકૂળતા મળવી, પૈસા, સ્ત્રી, કુટુંબ વગેરે બધી સગવડતા મળવી તથા પ્રતિકૂળતાના સંયોગ મળવા—તે બધું કર્મનું કાર્ય બહાર ફળરૂપે દેખાય છે,

કર્મના સૂક્ષ્મ રજકણ કર્મરૂપે બંધાય તેનું ફળ બહારમાં અનુકૂળતા-પ્રતિકૂળતારૂપે દેખાય છે.

પોતાના ભાવમાં રાગ થયો તે નૈમિત્તિક ભાવ છે અને તે વખતે કર્મની હાજરી છે તે નિમિત્ત છે; અને કર્મનો બંધ થાય છે ત્યારે કર્મ એના પોતાના ભાવથી પરિણમે છે તે કર્મનો નૈમિત્તિક ભાવ છે અને આત્માના વિકાર ભાવનું તે વખતે નિમિત્ત છે. એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કર્મો સ્વયમેવ પરિણમે છે, કોઈ કોઈનો કર્તા નથી. ૯૧.

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે:—

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो ।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि ॥ ९२ ॥

અર્થ:—જે પરને પોતારૂપ કરે છે અને પોતાને પણ પર કરે છે તે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા થાય છે.

નવાં જડકર્મ બંધાય એનો અજ્ઞાની કર્તા પોતાને માને છે પણ નવાં ભાવ-કર્મનો કર્તા અજ્ઞાની થાય છે, પર દ્રવ્યને પોતારૂપ માને છે અને પોતાને પરરૂપ માને છે; જડ દ્રવ્યની અવસ્થા જીવ ન કરે કારણ કે બન્ને દ્રવ્ય જુદાં છે.

આજે નવા વર્ષનો દિવસ છે, સવારે વ્યાખ્યાનમાં સુપ્રભાતનું માંગળિક થયું હતું. વર્ષ તો ઘણાં બેસે છે અને પૂરાં થાય છે પણ આત્મામાં અનાદિકાળથી નહિ પ્રગટ થયેલ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું સુપ્રભાત પ્રગટે તે જ ખરું સુપ્રભાત છે, તે જ ખરું માંગળિક છે. તે જ ખરું બેસતું વરસ છે, જે પ્રભાત પ્રગટ્યું તે કેવળ-જ્ઞાન લીધે જ છૂટકો, પોતે પોતાનું જ શરણ અને પોતાનો જ આશીર્વાદ લેવાથી સુપ્રભાત પ્રગટે છે. આ તો નવા વર્ષને દિવસે દોડાદોડી કરે અને આશીર્વાદ લેવા જાય, વળી માને કે બીજાના આશીર્વાદ મળે તો આપણે સુખી થઈ જઈએ, વર્ષ આપણું સારું જાય; તેવી માન્યતા અજ્ઞાન છે.

અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો

---

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

હોય ત્યારે પરને પોતારૂપ અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો કર્મનો કર્તા પ્રતિભાસે છે.

અજ્ઞાનથી એટલે જેવું પોતાનું સ્વરૂપ છે તેવું નથી માનતો, પરનો અને પોતાનો પરસ્પર તફાવત નથી જાણતો એટલે તે રાગ–દ્વેષનો કર્તા થાય છે. પરને પોતારૂપ કરે છે કે હાશ, આ રાગનો ભાવ આવ્યો એટલે ઠીક થયું, રાગથી મને સુખ થયું, એ રીતે રાગમાં સંતોષ માનતો પોતાનાં સ્વરૂપને નહિ જાણતો વિકારભાવને પોતારૂપ માને છે. પોતાના નિર્મળ સ્વરૂપને વિકારરૂપ માને છે, પુણ્ય-પાપ, શરીર, મન, વાણી—તે બધાંને પોતારૂપ માને છે અને પોતાને શરીરાદિરૂપ માને છે એમ અજાણપણે થતો કર્મનો કર્તા પ્રતિભાસે છે. મારું સ્વરૂપ અનાદિ અનંત જુદું છે, હું જાણનાર તત્ત્વ છું, આ રાગ–દ્વેષના વિકારીભાવો ક્ષણિક છે, તેમ જાણતો નથી તેથી કર્મને હું કરું છું એમ તેને ભાસે છે. તે વાત સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે:—

જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરવામાં સમર્થ એવી શીત–ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

ટાઢી અને ઊની અવસ્થા છે તે પુદ્‌ગલની અવસ્થા છે. અગ્નિના અંગારામાં ઉષ્ણતા છે તે અગ્નિથી જુદી નથી પણ અગ્નિથી એકમેક છે, બરફની ઠંડી અવસ્થા છે તે બરફથી જુદી નથી પણ બરફથી એકમેક છે, બરફ ટાઢો છે અને અગ્નિ ઊની છે એવુ જ્ઞાન કરાવવામાં સમર્થ એવી જે પુદ્‌ગલની અવસ્થા તે પુદ્‌ગલથી અભિન્ન છે, પુદ્‌ગલ આત્માને જ્ઞાન કરાવી દેતું નથી પણ પુદ્‌ગલમાં જણાવા યોગ્ય શક્તિ છે માટે જ્ઞાન કરાવવામાં સમર્થ એમ કહ્યું છે પરંતુ તે ટાઢી–ઊની અવસ્થા આત્માથી અત્યંત ભિન્ન છે.

શરીરમાં ટાઢિયો તાવ આવે–ઊનો તાવ આવે તે બધી પુદ્‌ગલની અવસ્થા છે, તે પુદ્‌ગલથી અભિન્ન છે-એકમેક છે. આત્માથી અત્યંત જુદી છે; પોતાનું જ્ઞાન કરાવવા સમર્થ છે. આત્મા જ્ઞાન કરનાર છે અને પરદ્રવ્યની અવસ્થા તે જ્ઞેય છે. જેવા પ્રકારની સામી અવસ્થા હોય તેવું જ જ્ઞાન થાય પણ આડું–અવળું ન થાય એવો જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે.

ટાઢી–ઊની અવસ્થા પુદ્‌ગલથી એકમેક છે ને આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. ટાઢો બરફ, ઊનાં ભજીયાં, ઊની ખીચડી–કઢી, તે ઊનાંપણું પુદ્‌ગલથી એકમેક છે,

આઈસક્રીમની ઠંડી અવસ્થા પણ પુદ્ગલથી એકમેક છે. ટાઢી-ઊની અવસ્થાના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એટલે તેનું જ્ઞાન પણ તે પ્રકારનું હોય છે, ટાઢી અવસ્થા હોય ત્યારે જ્ઞાનમાં ટાઢી અવસ્થા જણાય અને ઊની અવસ્થા હોય ત્યારે જ્ઞાનમાં ઊની અવસ્થા જણાય. પણ અજ્ઞાનીને એમ થઈ જાય છે કે મારું જ્ઞાન ટાઢું થઈ ગયું, મારું જ્ઞાન ઊનું થઈ ગયું. એમ સ્વ-પરને જુદાં નહિ પાડતાં એક કરે છે. અજ્ઞાની કહે છે કે ટાઢી અવસ્થા અને ઊની અવસ્થા અમારા શરીરમાં અસર ન કરે તો જાણીએ કે ટાઢી અવસ્થા ને ઊની અવસ્થા જ્ઞાનથી જુદી છે પણ તેમ તો થતું નથી, ટાઢી અવસ્થા ને ઊની અવસ્થા અસર તો કરે છે. અરે ભાઈ! ટાઢું અને ઊનું તે તારા જ્ઞાન-સ્વભાવમાં પેસી જતું નથી, ટાઢી-ઊની તે પુદ્ગલની અવસ્થા છે ને જ્ઞાન તેને જાણનાર છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, આત્મા શરીરથી જુદો છે, રાગાદિથી જુદો છે અને બહારના પુદ્ગલદ્રવ્યથી પણ જુદો છે, તેને ટાઢું-ઊનું અસર કરી શકે નહિ. જ્યારે જ્ઞાનની લાયકાત ટાઢી અવસ્થાને જાણવાની હોય ત્યારે સામી પુદ્ગલની ટાઢી અવસ્થાની હાજરી હોય અને જ્ઞાનની જ્યારે ઊની અવસ્થાને જાણવાની લાયકાત હોય ત્યારે પુદ્ગલની ઊની અવસ્થાની સામી હાજરી હોય, ટાઢી અવસ્થાની હાજરી હોય ત્યારે જ્ઞાનમાં ટાઢું જ જણાય અને ઊની અવસ્થાની હાજરી હોય તે ટાણે જ્ઞાનમાં ઊનું જ જણાય. ઊના ટાણે ટાઢું ન જણાય ને ટાઢા ટાણે ઊનું ન જણાય એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે તેથી અજ્ઞાનીને એમ થાય છે કે સામી ચીજ સાથે મારે મેળ લાગે છે. સામી ચીજ અને હું બન્ને એકમેક છીએ; પણ ભાઈ! ટાઢી-ઊની ચીજના જ્ઞાન સાથે મેળ છે પણ ટાઢી-ઊની ચીજ સાથે મેળ નથી, પરવસ્તુ સાથે એકમેક નથી, ટાઢા-ઊનાનો તે પ્રકારનો અનુભવ એટલે કે જ્ઞાન-તે આત્માથી જુદું નથી પરંતુ તે જ્ઞાન આત્માથી એકમેક છે. તે જ્ઞાન આત્મા સાથે અત્યંત એકમેક હોવાથી પુદ્ગલથી અત્યંત ભિન્ન છે, ટાઢી-ઊની અવસ્થાને પુદ્ગલ સાથે મેળ છે પણ ટાઢો-ઊનો પદાર્થ જણાય તેથી જ્ઞાન ટાઢું-ઊનું થતું નથી.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થા તે પુદ્ગલથી અભિન્ન એકમેક છે તેમ કહ્યું. ૯૧ મી ગાથામાં કહ્યું હતું કે રાગ-દ્વેષભાવનો કર્તા અજ્ઞાનભાવે આત્મા છે અને અહીં રાગ-દ્વેષના વિકાર ભાવને જડમાં નાખી દીધા; તેનું કારણ એ છે કે અહીં એ

દ્રવ્ય જુદાં બતાવવાં છે. પરવલણને લઈને વિકારી પર્યાય પોતામાં થાય છે પણ તે પોતાનો સ્વભાવ નથી માટે તે જડની છે એમ કહી દીધું છે. અહીં બે દ્રવ્ય જુદાં બતાવે છે. પરને પડખે ઊભો રહીને વિકારભાવ કરે છે માટે તે પર જ છે. વિકારભાવે ઉત્પન્ન થતું કાર્ય તે જડનું છે અને તેનાથી છૂટી જવું તે ચૈતન્યનું કાર્ય છે; કર્મના નિમિત્તરૂપે નીવડવું તે ચૈતન્યનો સ્વભાવ છે જ નહિ, ચૈતન્યના સ્વભાવરૂપે નીવડવું તે ચૈતન્યની સ્વભાવપર્યાય છે.

જેમ બરફ અને અગ્નિને જાણવા ટાણે જ્ઞાન કાંઈ ટાઢું કે ઊનું થતું નથી તેમ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થાને જાણવા ટાણે જ્ઞાન રાગી-દ્વેષી, સુખમય કે દુઃખમય થતું નથી. તે પ્રકારનો અનુભવ એટલે રાગ થાય ત્યારે રાગને જાણે, શોક થાય તો શોકને જાણે, શોકને કાંઈ રાગ જાણે? અથવા રાગને કાંઈ શોક જાણે? ના, તેમ ન જાણે. જેમ જે અવસ્થા હોય તેમ જાણે એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એવો સ્વ-પર-પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે.

રાગ ટાણે રાગનું જ જ્ઞાન થાય ત્યાં અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે હું રાગમય થઈ ગયો, હું દ્વેષમય થઈ ગયો, પણ ભાઈ! જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે, કરુણાનો ભાવ આવે ત્યારે તેવું જ જાણે, રાગનો ભાવ આવે ત્યારે તેવું જ જાણે, હર્ષનો ભાવ આવે ત્યારે તેવું જ જાણે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, પરને પોતાનું કરવાનો સ્વભાવ નથી પણ પરનો પ્રકાશ એટલે પ્રકાશ કરનારો છે, હર્ષ વખતે શોક ન જાણે ને શોક વખતે હર્ષ ન જાણે, જેવું હોય તેવું જ જાણે એવી જ્ઞાનની તેવડ છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે, સમ્યગ્દૃષ્ટિને નિકાલ થઈ ગયો છે, તેને અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો તે જાણનાર છે પણ કરનાર નથી, રાગ-દ્વેષ અને ક્રોધને જાણનારું જ્ઞાન સદાય પુદ્ગલથી જુદું છે, જ્ઞાનની નિર્મળતા રાગ-દ્વેષથી સદાય જુદી છે. જેમ ટાઢા-ઊનાની અવસ્થા જડ છે અને જડ સાથે એકમેક છે તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખની અવસ્થા જડની છે અને જડથી એકમેક છે પણ અજ્ઞાની તેને પોતાની માને છે પણ મારા જ્ઞાનનું સામર્થ્ય સ્વ-પરને જાણવાનું છે તેમ નહિ જાણતા રાગ-દ્વેષ મારા છે તેમ માનતાં નવું કર્મ બંધાઈ જાય છે.

જ્ઞાન ઝીણું, આત્મા ઝીણો, તેનું કારણ ઝીણું, તેનું કાર્ય પણ ઝીણું છે માટે પોતે ઝીણો થઈને જાણે તો પોતે ઝીણો છે તેવો સમજાય. પોતાના જ્ઞાનનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ છે તેમ નહિ જાણતાં પરને પોતાનું કરે છે તેથી નવું કર્મ બંધાય છે.

૨૦૦૦, કારતક સુદ ૨ શનિ.

અહીં કર્તાકર્મની વાત ચાલે છે. જ્ઞાની પરનો કર્તા થતો નથી, અજ્ઞાની પરના કર્તા થાય છે.

જેમ પુદ્ગલમાં ટાઢી-ઊની અવસ્થા છે તે પુદ્ગલથી અભિન્ન છે, તેનું આત્મા જ્ઞાન કરે પણ તે ટાઢી અવસ્થા કે ઊની અવસ્થામાં આત્મા પેસી જતો નથી, તેનાથી આત્મા અત્યંત જુદો છે; તેવી રીતે રાગ-દ્વેષ અને ક્રોધાદિના ભાવ આત્માના નથી કેમ કે તે ભાવ ક્ષણિક છે, વિકારી છે અને આત્મા તો નિર્વિકારી અને ત્રિકાળ રહેનાર છે માટે તે વિકારી ભાવો આત્માથી જુદા છે. હું જ્ઞાનસ્વરૂપ છું અને આ વિકારી ભાવો તે હું નથી એવું ભેદજ્ઞાન થાય ત્યારે વિકારી ભાવને પોતાના માનતો નથી. બહારનાં મકાન આદિની વાત તો દૂર રહી પણ આ તો અંતરના વિકારી ભાવોને પણ ભિન્ન જાણવા તેની વાત છે. જ્ઞાની તેને ભિન્ન માને છે પણ અજ્ઞાની ભિન્ન માનતો નથી. અજ્ઞાની વિકારી ભાવોનો અને આત્માનો તફાવત નથી જાણતો તેથી રાગ-દ્વેષ સુખ-દુ:ખના ભાવ અને જ્ઞાનને એકમેક માને છે.

જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુ:ખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ) જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગ-દ્વેષ-સુખ-દુ:ખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું (અર્થાત્ આ હું રાગ કરું છું)' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

જ્યારે અજ્ઞાનને લીધે આત્મા રાગ-દ્વેષને સુખ-દુ:ખાદિનો અને તેના અનુભવનો એટલે કે જ્ઞાનનો પરસ્પર તફાવત ન જાણતો હોય ત્યારે એટલે કે અજ્ઞાનભાવે એક જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે, એમ કહીને આચાર્યદેવે એમ કહ્યું છે કે રાગ-દ્વેષની અવસ્થા ચૈતન્યમાં થાય છે તેની સાથે પરસ્પર ભેદ નથી જાણતો એમ કહીને વ્યવહાર કહ્યો, અને રાગ-દ્વેષ પુદ્ગલના છે એમ કહીને બે દ્રવ્યો જુદાં કહ્યા. અજ્ઞાનીને રાગ-દ્વેષના જાણનારનો અને રાગ-દ્વેષનો તફાવત પાડતાં આવડતો નથી. ભેદ પાડતાં આવડતો નથી, તેથી આ જાણનાર તેટલો જ હું અને રાગ-દ્વેષ તે હું નહિ, હું તો તેનો જોનાર છું તેમ નહિ માનતો રાગ-દ્વેષરૂપ જ પોતાને માને છે. પણ આચાર્યદેવ તો કહે છે કે જેમ શીત-ઉષ્ણની માફક જેમના રૂપે પરિણમવું અશક્ય છે એટલે કે જેમ શીત-ઉષ્ણની અવસ્થારૂપે આત્મા થતો નથી

તેમ રાગ-દ્વેષ ને સુખ-દુઃખાદિની અવસ્થારૂપે આત્મા થતો નથી; આત્મા તે રૂપે થતો જ નથી એમ અહીં કહ્યું છે, રાગ-દ્વેષરૂપે થવું આત્મા વડે અશકય છે એટલે કે આત્મા તે રૂપે થતો જ નથી. જે આત્મા છે તે થતો નથી ત્યારે કોણ થાય છે? રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો અજ્ઞાનભાવે તે અવસ્થારૂપે થાય છે પણ આત્મભાવે તો તે અવસ્થારૂપે થતો નથી.

જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશકય છે, અશકય એટલે શકય જ નથી. દુર્લભ કહ્યું નથી પણ અશકય કહ્યું છે. દુર્લભનો અર્થ દુઃખે કરીને પ્રાપ્ત થાય એવો થાય છે પણ આ તો અશકય કહ્યું છે. તેનો અર્થ એવો છે કે કોઈ રીતે પ્રાપ્ત ન થાય.

પ્રશ્ન:—રાગ-દ્વેષ તો આત્મામાં થાય છે ને?

ઉત્તર:—રાગ-દ્વેષ અજ્ઞાનભાવે આત્મામાં થાય છે પણ જ્ઞાનભાવે આત્મામાં થતા નથી, અલ્પ અસ્થિરતા થાય છે તે વાત અહીં નથી; અહીં તો દ્રવ્યદૃષ્ટિની વાત છે.

જે રાગ-દ્વેષરૂપ અવસ્થા થાય છે તે આત્માને જ્ઞાન કરાવવામાં સમર્થ છે, તે અવસ્થા જ્ઞાતાનું જ્ઞેય થાય છે એટલે કે જ્ઞાન વધારીને છૂટી જાય છે. અવસ્થા જ્ઞેય છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ તે જ્ઞાન છે.

અજ્ઞાનીની દૃષ્ટિ અજ્ઞાનમય થઈ જાય છે-તન્મય થઈ જાય છે, જ્ઞાનીની માફક તેની દૃષ્ટિ જુદી રહેતી નથી. અજ્ઞાની જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરે છે.

અજ્ઞાની રાગ-દ્વેષ-સુખ-દુઃખ અને તે પ્રકારનો અનુભવ એટલે કે તે પ્રકારના જ્ઞાનનો તફાવત નહિ જાણવાથી એકપણાના અધ્યાસને લીધે જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું, આ હું દ્વેષી છું' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. જેમ ટાઢા-ઊનો આત્મા ન થઈ શકે તેમ રાગ-દ્વેષ ને હર્ષ-શોક વડે આત્માનું પરિણમવું અશકય છે. રાગ-દ્વેષ ક્ષણિક છે અને આત્મા તો ત્રિકાળ રહેનાર છે, તેથી આત્માનું રાગ-દ્વેષમય થવું સ્વભાવદૃષ્ટિએ અશકય છે, હર્ષ-શોકપણે થ[illegible] તે આત્માનો સ્વભાવ નથી, તે વડે આત્માનું પરિણમવું અશકય છે તોપણ અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો, પરિણમ્યો હોવાનું માનતો થકો, ક્ષણિક ભાવ વખતે જાણે હું આખો તે ભાવમય થઈ ગયો એમ માનતો થકો પોતાના જ્ઞાનનું અજ્ઞાનપણું પ્રગટ કરે છે.

શરીર-મન-વાણીનું હું કરી દઉં છું એવો ભાવ તે તો અજ્ઞાન જ છે પણ અંદર જે હર્ષ-શોક થાય છે તેને હું કરી દઉં છું, તે મારો સ્વભાવ છે તેમ માનવું તે પણ અજ્ઞાન છે. અજ્ઞાની આત્મા, હર્ષ-શોક-સુખ-દુઃખ વગેરે ભાવ અને મારો

સ્વભાવ તે બધા એક થઈ ગયા તેમ માનતો થકો પરિણમે છે. હું જ્ઞાનસ્વરૂપ છું-જાણનાર છું-જોનાર છું, એવું ભાન નહિ રાખતાં અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો અજ્ઞાની થાય છે. શરીરાદિરૂપે ને રાગાદિરૂપે વસ્તુ થતી નથી તોપણ આત્માનો જે જ્ઞાનધર્મ છે તેમાં અજ્ઞાની અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો 'આ હું રાગી છું, આ હું દ્વેષી છું' એમ માનતો થકો રાગાદિનો કર્તા થાય છે.

પ્રશ્ન:—અજ્ઞાનપણાને આટલી બધી ગાળ દીધી તેના કરતાં જે હરામખોર હોય તેને ગાળ દેવી જોઈએ ને?

ઉત્તર:—અજ્ઞાન જેવી કોઈ હરામખોરી નથી, આત્માનો નિર્મળ સ્વભાવ જેવો છે તેવો જ્યાંસુધી સમજે નહિ ત્યાંસુધી, તેના જેવી કોઈ હરામખોરી નથી પૈસા રળવા જાય ત્યાં નીતિ જાળવે પણ મારી હોશિયારીથી હું પૈસા રળું છું, મારા ડહાપણથી ને આવડતથી પૈસા રળું એવી બુદ્ધિ છે તે અજ્ઞાન છે, વર્તમાનમાં ભલે નીતિના શુભ પરિણામ કરતો હોય પરંતુ શુભાશુભ બન્ને પરિણામ આકુળિત છે, તે મને સુખરૂપ નથી પણ મારો સ્વભાવ જ મને સુખરૂપ છે એવી સમ્યક્પ્રતીતિ જ્યાંસુધી નથી થઈ ત્યાંસુધી ભલે નીતિના શુભ પરિણામ કરતો હોય તોપણ આ પરિણામનો કર્તા હું છું, આ પરિણામ મને સુખરૂપ છે, આ મારો સ્વભાવ છે. એવી અજ્ઞાનબુદ્ધિ છે તેથી ભવિષ્યે તે અજ્ઞાન ફાટીને મહા અનીતિ કરશે, મહા હિંસા ને મહા જૂઠાં સેવશે. પોતાના આત્મતત્ત્વને ન સમજ્યો તેના જેવું કોઈ પાપ નથી.

સાધારણ દયા પાળે, સત્ય બોલે તેને લોકો નીતિ કહે છે, તે શુભ પરિણામ છે, આત્માનો સ્વભાવ નથી; પંચ મહાવ્રત પાળતો હોય તોપણ તે શુભ પરિણામ છે, તે પરિણામથી મને ધર્મ થાય, લાભ થાય, સુખ થાય તેવી માન્યતા તે અજ્ઞાન છે. ભલે પંચ મહાવ્રતના શુભ પરિણામ સેવતો હોય પણ અજ્ઞાનનું શલ્ય જો ભેગું છે તો ભવિષ્યમાં તે અજ્ઞાન ફાટીને મહા હિંસા-જૂઠાં વગેરેમાં પ્રવર્તશે.

હરામનો અર્થ એવો છે કે આત્માના સ્વભાવમાં રાગ-દ્વેષ હરામ છે, એટલે કે આત્મસ્વભાવમાં રાગ-દ્વેષ ખપતા નથી.

લીલોતરીની દયા પાળી, એક જુવારનો દાણો પણ પગે ન કચર્યો, ચામડાં ઉતરડીને ખાર છાંટયા છતાં આંખનો ખૂણો પણ લાલ ન થયો એવું સહન કર્યું, છતાં પણ એમ માને કે હું પરની દયા પાળું છું, પરનું સહન કરું છું, પરથી મને લાભ છે, પરથી મને ધર્મ છે આવી ઊંધી માન્યતા તે અજ્ઞાન છે; મારા સ્વભાવમાં રહેવું તે જ ધર્મરૂપ છે, તે જ સુખરૂપ છે, મારો સ્વભાવ જ સામ્યસ્વરૂપે-સમતાસ્વરૂપે છે

એમ નહિ માનતાં પરનું હું સહન કરું છું, પરની દયાથી મને લાભ થાય છે તેમ માનનાર ભવિષ્યમાં અનંતા ગર્ભમાં ગળાવાનો છે.

ધર્મી જીવ રાગ–દ્વેષનો નાશક છે, પણ ઉત્પાદક નથી, આત્મામાં રાગ–દ્વેષ–હર્ષ-શોકનું થવું તે પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે, તેને જાણતાં આત્મા તે–રૂપ થતો નથી. જેમ કાળીજીરીને જાણનારો કાળીજીરીરૂપે કડવો થતો નથી ને ગોળને જાણનારો ગોળરૂપે ગળ્યો થતો નથી, તેમ પુણ્યપરિણામ તે ગોળ અને પાપપરિણામ તે કાળીજીરી, પુણ્ય–પાપના પરિણામને જાણતાં આત્મા તે–રૂપ થતો નથી. પાપના પરિણામ તો હળાહળ ઝેર છે પરંતુ પુણ્યના પરિણામ પણ ઝેર છે, જ્યાંસુધી વીતરાગ ન થાય ત્યાંસુધી પુણ્યના પરિણામ વચ્ચે અધૂરી દશામાં આવે છે ખરા, પણ તે વિકાર છે, આત્માનો સ્વભાવ નથી માટે ઝેર છે, તે ઝેરને જાણતાં આત્મા તે–રૂપે થતો નથી.

પોતાના ત્રિકાળ અવિનાશી સ્વભાવના અભાનપણાને લીધે રાગ–દ્વેષ અને પોતાના અવિનાશી સ્વભાવની જુદાઈનું ભાન નહિ હોવાથી આ રાગ–દ્વેષની વિકારી પર્યાય મારી છે એમ અજ્ઞાની માને છે. તેને એમ થાય છે કે આ વિકારી ભાવો જે જણાય છે તે સ્વરૂપે જ મારો આખો આત્મા છે. હું ત્રિકાળી ક્રોધી છું, માની છું, દંભી છું. ઇત્યાદિ વિકારીભાવોવાળા પોતાને માને છે; આત્માના સ્વભાવની ખબર નથી તેથી પુણ્ય કરવું તે મારું કર્તવ્ય, વિકારી ભાવો કરવા તે મારું કર્તવ્ય છે એમ તે માને છે.

હર્ષ–શોકની ક્ષણિક અવસ્થા આત્માના ત્રિકાળ જ્ઞાનની પર્યાયમાં જણાય છે; જે જ્ઞાનના સામર્થ્યમાં ટાઢું–ઊનું જણાય તે જ જ્ઞાનના સામર્થ્યમાં રાગ–દ્વેષ–હર્ષ–શોક પણ જણાય છે; ટાઢા–ઊનાને જ્ઞાન જાણે તોપણ જ્ઞાન ટાઢું–ઊનું થતું નથી, ટાઢા–ઊનાથી હું જુદો છું એમ તેની જુદી નજર જતી નથી તેથી ટાઢો–ઊનો હું થઈ ગયો તેમ અજ્ઞાની માને છે. હું ટાઢો–ઊનો થઈ ગયો તેમ માને છે છતાં કાંઈ ટાઢો–ઊનો થતો નથી; તેવી રીતે રાગ–દ્વેષથી હું ચૈતન્ય જુદો છું તેમ જુદી નજર પોતે કરતો નથી તેથી પોતાને રાગ–દ્વેષરૂપ માને છે. અજ્ઞાનભાવે રાગ–દ્વેષરૂપ પોતાને માને છે તોપણ રાગ–દ્વેષરૂપ પોતે આખો આત્મા કાંઈ થઈ જતો નથી. જો આખો આત્મા રાગ–દ્વેષરૂપ થઈ જતો હોય તો સમ્યગ્‌ભાન કરીને રાગ–દ્વેષ ટાળી શકાય જ નહિ.

બહુ તાવ આવ્યો હોય તોપણ આત્મા ગરમ થઈ જતો નથી. બહુ તાવમાં કદાચ દેહ છૂટી જાય, આત્મા ચાલ્યો જાય તોપણ શરીરમાં લગભગ બે કલાક ઉષ્ણતા રહે છે, તાવમાં જો આત્મા ઊનો થઈ ગયો હોય તો આત્મા જ્યાં જાય ત્યાં ઊનાપણું ભેગું જવું જોઈએ, ઊનાપણું તો મડદામાં રહી જાય છે અને આત્મા તો ચાલ્યો જાય છે;

એવી રીતે આત્માની અવસ્થા હર્ષ-શોક વગેરે ક્ષણિક ભાવો થાય તે ટાઢા-ઊના તાવ જેવા છે, કેવળજ્ઞાન પ્રગટ થતાં તે રાગ-દ્વેષનાં મડદાં મૂકીને આત્મા ચાલ્યો જાય છે.

શરીર ઉપર જેની દૃષ્ટિ છે, શરીર મારું મારું જેને થઈ રહ્યું છે, ચૈતન્ય ઉપર જેણે દૃષ્ટિ મૂકી નથી તેને શરીર જતાં ધખોય નમઃ થઈ જાય છે, શરીરમાં ભીંસ પડતાં અસાધ્ય થઈ જાય છે, રાગ-દ્વેષ ને હર્ષ-શોક મારા માન્યા છે, ચૈતન્યની ઓળખાણ કરવા તરફ લક્ષ કર્યું નથી, ઓળખાણ કરવાની ધગશ પણ કરી નથી, તેનાં મરણ-ટાણાં બગડી જ જવાનાં; જેણે આત્માની ઓળખાણ કરી, આત્મામાં દૃષ્ટિ દઈ, આત્માની શાંતિ-સમાધિને અનુભવી છે તેનાં મરણ ઉજ્જવળતાં પૂર્વક થશે, તેનાં મરણ મહોત્સવ-પૂર્વક થશે, શાંતિ-સમાધિમાં ઝૂલતો, આનંદના ઓડકાર લેતો દેહને છોડશે. ૯૨.

એ રીતે સમ્યગ્જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છે:—

**परमप्पाणकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो ।**
**सो णाणमओ जीवो कम्मामकारगो होदि ॥ ९३ ॥**

અર્થ:—જે પરને પોતારૂપ કરતો નથી અને પોતાને પણ પર કરતો નથી તે જ્ઞાનમય જીવ કર્મોનો અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

ધર્મી જીવ એને કહીએ કે જે પર એવા રાગ-દ્વેષ, હર્ષ-શોક, મન, વાણી, દેહ, કુટુંબ, મકાન, વગેરે બાહ્ય પદાર્થો તેને પોતાનાં માનતો નથી, તે ભાવોનો પોતે કર્તા-હર્તા થતો નથી અને પોતાને તે પરભાવોરૂપ કરતો નથી એટલે કે માનતો નથી, જાણવું-જોવું અને સ્થિર રહેવું-તે સિવાય પોતાના જીવનનું કાંઈ કર્તવ્ય સ્વીકારતો નથી.

જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.

જ્ઞાન વડે આ આત્મા પરનો અને પોતાનો વિશેષ એટલે તફાવત જાણતો હોય ત્યારે તે—વિવેકી જ્ઞાન, વિવેકી ઓળખાણ થાય ત્યારે—પરભાવને પોતારૂપ ન કરતો એટલે પોતાના નહિ માનતો, અવસ્થામાં મલિનતા થાય છે તેને પોતારૂપ નહિ માનતો પોતે જ્ઞાનમય થયો થકો કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. જ્ઞાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર

---

પરને ન કરતો નિજરૂપ, નિજ આતમને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

ત્રણે આવી જાય છે. જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન, તેની શ્રદ્ધા અને તેમાં એકાગ્ર થતો પરનો કર્તા થતો નથી, પુણ્ય-પાપની કારવાઈ મારી છે જ નહિ, હું તેનો અકર્તા છું, જ્ઞાતા છું-એમ જ્ઞાનમય થયો થકો અકર્તા પ્રતિભાસે છે, અલ્પ અસ્થિરતા થાય છે પણ તેનો કર્તા થતો નથી.

જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

પુદ્ગલની ટાઢા-ઊનાની અવસ્થા પુદ્ગલથી એકમેક છે અને આત્માથી અત્યંત જુદી છે. પુદ્ગલની ટાઢી-ઊની અવસ્થાનું બાહ્ય કારણ પામીને તે પ્રકારનું જ્ઞાન આત્માથી સદાય અત્યંત અભિન્ન છે, એકમેક છે, ટાઢા-ઊનાનું જ્ઞાન આત્માથી એકમેક છે અને પુદ્ગલથી સદાય અત્યંત જુદું છે.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

રાગ-દ્વેષ ને કામ-ક્રોધના જેવા વિકલ્પો આવે તેવું જ જ્ઞાન થાય, જેવા વિકલ્પો થાય તેવું જ જાણે પરંતુ તેથી ઊંધું ન જાણે, જેમકે ક્રોધને માન ન જાણે અને માનને ક્રોધ ન જાણે, હર્ષના ભાવને શોકનો ભાવ ન જાણે અને શોકના ભાવને હર્ષનો ભાવ ન જાણે; તે ભાવોમાં જ્ઞેયશક્તિ છે અને આત્મા તે પ્રકારનો અનુભવ એટલે તે પ્રકારનું જ્ઞાન કરનાર છે, રાગ-દ્વેષ અને સુખ-દુઃખ તે પુદ્ગલકર્મના પરિણમનની અવસ્થા છે, જડનું પરિણમન થતાં થતાં, તેમાંથી પલટો ખાતાં ખાતાં રાગ-દ્વેષ સુખ-દુઃખની અવસ્થા આવે છે પણ આત્માની અવસ્થા બદલતાં તે આવતી નથી; તે અવસ્થા આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં થાય છે તે વાત અહીં ગૌણ છે, કેમ કે અહીં સ્વભાવદૃષ્ટિએ વાત છે. જેટલા પરવલણવાળા ભાવ થાય તે બધા પુદ્ગલના છે એમ કહ્યું છે. પર્યાયદૃષ્ટિએ તે વિકારી પર્યાય આત્માની છે પણ સ્વભાવદૃષ્ટિએ પોતાનો તે સ્વભાવ નથી માટે પુદ્ગલની છે.

ઘડીકમાં રાગ થાય, ઘડીકમાં દ્વેષ થાય તેનું આત્મા જ્ઞાન કરનાર છે; જેવા

વિકારી પરિણામ થાય તે પ્રકારનો અનુભવ એટલે તે પ્રકારનું જ્ઞાન કરનાર છે. જ્ઞાન પુદ્‌ગલથી ભિન્ન છે ને આત્માથી અભિન્ન છે.

કોઈ કહેશે કે ઘડીકમાં રાગ-દ્વેષ આત્માના કહો છો ને ઘડીકમાં રાગ-દ્વેષ પુદ્‌ગલના કહો છો? ભાઈ! એકની એક વાત કહેવામાં ઘણાં પડખાં હોય છે; જેમ એકના એક માણસને પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય, પિતાની અપેક્ષાએ પુત્ર કહેવાય કાકાની અપેક્ષાએ ભત્રીજો કહેવાય, ભત્રીજાની અપેક્ષાએ પોતાને કાકો કહેવાય, મામાની અપેક્ષાએ ભાણેજ કહેવાય અને ભાણેજની અપેક્ષાએ મામો કહેવાય; એવી રીતે એક જ માણસને જુદી જુદી અપેક્ષાએ જુદી જુદી રીતે ઓળખવામાં આવે છે. એવી રીતે આત્મામાં પર્યાયદૃષ્ટિએ વિકાર આત્માનો કહેવાય અને સ્વભાવદૃષ્ટિએ વિકાર પરનો કહેવાય. જેમ ભત્રીજાની અપેક્ષાએ પોતે કાકો છે પણ તેના કાકાની અપેક્ષાએ પણ તે કાકો છે એમ ન બને; તેમ પર્યાયદૃષ્ટિએ વિકાર આત્માનો છે અને સ્વભાવદૃષ્ટિએ પણ વિકાર આત્માનો છે તેમ ન બને.

આત્મા અજ્ઞાની હોય છે ત્યારે સ્વ-પરની જુદાઈ જાણતો નથી પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે રાગ-દ્વેષ સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો એટલે કે જ્ઞાનનો પરસ્પર તફાવત જાણે છે તેથી વિકારી ભાવ અને આત્મા બન્ને એક નથી પણ ભિન્ન છે. જો કે અજ્ઞાનીને પણ ભિન્ન જ છે પરંતુ અજ્ઞાનીએ એક માન્યા છે અને જ્ઞાનીએ પરસ્પર ભેદ જાણ્યો છે. બન્નેનો પરસ્પર ભેદ જાણવામાં અનંતો પુરુષાર્થ આવી જાય છે.

સ્વ-પરના વિવેકને લીધે શીત-ઉષ્ણની માફક જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશકય છે એવાં રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાન આત્મા વડે જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, 'આ હું રાગને જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે,' ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

જેમ ટાઢા અને ઊનાપણાની અવસ્થાપણે થવાનું આત્મામાં અસમર્થપણું છે તેમ જ્ઞાન થવાથી પુણ્ય-પાપના ભાવપણે થવાનું પણ આત્મામાં અસમર્થપણું છે, પરંતુ તે વિકારી ભાવોનો અભાવ કરવાનું આત્મામાં સમર્થપણું છે. જ્ઞાન થયા પછી રાગ-દ્વેષમાં જરાય નહિ પરિણમતો પોતાના સ્વભાવમાં પરિણમે છે, અલ્પ અસ્થિરતા થાય છે તેની અહીં ગણતરી ગણી નથી, અનંતો સંસાર ટળી ગયો, અનંતું બળ પ્રગટ્યું. પહેલાં અજ્ઞાનદશા હતી ત્યારે વિકારમાં અનંત બળથી જોડાતો અને સવળાઈ થતાં સ્વભાવમાં પણ અનંત બળથી જોડાય છે, વિભાવ કરતાં સ્વભાવમાં અનંતગુણું

બળ વધારે છે; અસ્થિરતામાં હવે અલ્પ બળથી જોડાય છે તેથી અલ્પ અસ્થિરતા થાય છે.

અજ્ઞાનીને અનુકૂળતામાં સુખના સડકા આવે છે ને દુઃખમાં હાલક-લોલક થાય છે. અત્યારે આ લડાઈ ચાલે છે તેથી કેટલાકને તો કાંઈકનું કાંઈક થઈ જાય છે; પણ ભાઈ! આવા લોહાણ તો ઘણાય આવ્યા અને ગયા પરંતુ ધર્મી તે વડે જરાય નહિ પરિણમતો જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો એટલે કે આત્માનું આત્મપણું પ્રગટ કરતો રાગને જાણે છે. તે સમજે છે કે હું તો આ રાગનો જાણનાર છું પણ તેનો કરનાર નથી, રાગ તો પુદ્ગલની અવસ્થા છે. રાગી તો પુદ્ગલ છે, રાગ મારો સ્વભાવ નથી માટે રાગ પુદ્ગલ છે; હું તો એક પ્રકારે છું, હું તો જાણનાર છું. વિકારી પર્યાય ચૈતન્યની અવસ્થામાં થાય છે તે વાતને અહીં ગૌણ કરી છે. જુઓ, અહીં જરાય નહિ પરિણમતો તેમ કહ્યું છે; અલ્પ રાગ-દ્વેષ થાય છે પણ તેનો કર્તા થતો નથી, વિકારીભાવોનો જાણનાર છે પણ કર્તા થતો નથી. આ રીતની માર્ગની વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત હર્ષ-શોક આદિ વિકારી ભાવોનો અકર્તા પ્રતિભાસે છે.

આ વસ્તુ સમજ્યા વિના મરણ ટાણે કોઈનું શરણ છે નહિ, એક રજકણ પણ કામ નહિ કરે, એક આંગળી પણ કામ નહિ કરે, એક ઠસકું પણ ખાઈ નહિ શકે, અંદર બેઠેલા ચૈતન્યને ઘણીએ ઇચ્છા હોય કે આંગળીથી ઈશારો કરીને બીજાને મારા ભાવ બતાવું, ઠસકું ખાઈને અંદરનો કફ કાઢી નાખું, પણ તે જડની ક્રિયા કયાં આત્માના હાથની છે? ઇચ્છા અને શરીરની ક્રિયા જુદી છે એમ આ દાખલાથી પણ પ્રત્યક્ષ જણાય છે; પરંતુ જે જીવો વસ્તુના સ્વભાવને સમજે નહિ અને જડના કર્તાપણાના અહંકારમાં જ રહ્યા કરે તેને મરણ વખતે કોણ શરણ થાય? ખરી રીતે પોતાનું શરણ પોતે જ છે, પોતે જો વસ્તુસ્વભાવને સમજે તો તેને શાંતિ-સમાધિનું શરણ પોતાથી પોતામાં પોતાને મળે તેમ છે. દેવ, ગુરુ, શાસ્ત્રનું શરણ કહેવું તે પણ ઉપચારથી છે. દેવ, ગુરુ, અને શાસ્ત્રે કહેલો ભાવ જો પોતે સમજે તો દેવ, ગુરુ, શાસ્ત્રનું ઉપચારથી શરણ કહેવાય છે.

આત્મા પુરુષાર્થ કરે તો શું ન કરી શકે? નવ વરસના મનુષ્યો-રાજકુમારો કેવળજ્ઞાન પામ્યા છે, એવા એક નહિ પણ અનંત જીવો પામ્યા છે, ભવિષ્યકાળમાં અનંત જીવો પામશે અને વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં પામે છે. નવ વરસની ઉંમરે કેવળજ્ઞાન થયા પછી કેટલાકની ક્રોડો વરસ સુધી દેહની સ્થિતિ ટકે, દેહ દેહના કારણે ટકે છે-આત્માના કારણે ટકતો નથી, ક્રોડો વરસ સુધી આહારનો કણિયો પણ કેવળ-જ્ઞાનીને નથી છતાં શરીર એવું ને એવું મહા તેજસ્વીપણે ટકી રહે છે. ખોરાકની વૃત્તિ નથી માટે ખોરાક પણ નથી. આહાર લેવાના રાગને અને આહાર લેવાની ક્રિયાને

નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કેવળજ્ઞાનીને રાગ ન હોય તેથી આહાર લેવાની ક્રિયા પણ તેમની પાસે ન જ હોય.

જ્યારે આત્મા રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થાને પોતાના સ્વરૂપથી જુદી જાણે-ભિન્ન જાણે એટલે કે તે અવસ્થા મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ તો જાણનાર —જોનારપણે ટકી રહેવું તે છે-એમ ભેદજ્ઞાન થાય ત્યારે પોતાને જ્ઞાતા જાણે; હું જ્ઞાયક-સ્વરૂપે જ છું અને રાગ-દ્વેષાદિ પુદ્‌ગલના છે તેમ જાણે તેથી પોતે રાગાદિનો કર્તા થતો નથી અને જ્ઞાતા જ રહે છે. ભેદજ્ઞાન થતાં જ્ઞાયકસ્વરૂપ પોતાનું સ્પષ્ટપણે, નિશ્ચયપણે પોતાને જણાય એટલે રાગ-દ્વેષાદિ મારા નથી એમ સ્પષ્ટપણે જણાઈ જાય છે. આ ભેદજ્ઞાન જ મુક્તિનો ઉપાય છે, આ ભેદજ્ઞાન વડે જ પુરુષાર્થ કરીને પોતે મુક્તિ પામે છે; આ જ રસ્તો ત્રિકાળ છે, બીજો કોઈ મુક્તિનો માર્ગ છે જ નહિ. ૯૩.

૨૦૦૦, કારતક સુદ ૩ રવિ.

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? અજ્ઞાન એટલે આત્માના નિર્મળ સ્વભાવના ભાન વિના કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? તેનો ઉત્તર કહે છે:—

तिविहो एसुवओगो अप्पवियप्पं करेइ कोहोऽहं ।
कत्ता तस्सुवओगस्स होइ सो अत्तभावस्स ॥९४॥

અર્થ:—ત્રણ પ્રકારનો આ ઉપયોગ 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ કરે છે; તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

હું ક્રોધ છું, ક્રોધ તે મારું સ્વરૂપ છે એમ ક્રોધને પોતાથી જુદો નહિ પાડતાં મિથ્યાદર્શન, અજ્ઞાન ને અવિરતિરૂપ વિકારના પરિણામ આત્મા કરે છે તેથી તે ભાવોનો કર્તા થાય છે.

ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરનાં અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સ્વ-પરના સમસ્ત ભેદને છુપાવીને પોતાના સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે.

---

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

આત્મામાં અજ્ઞાન થાય છે તે અવસ્થા આત્મામાં નથી થતી એમ નથી પરંતુ તે અવસ્થા આત્મામાં થાય છે તેથી 'ખરેખર' શબ્દ આચાર્યદેવે વાપર્યો છે. સંક્ષેપમાં આત્મામાં ત્રણ પ્રકારનો વિકાર થાય છે, ઊંધી માન્યતા, ઊંધું જ્ઞાન ને ઊંધુ ચારિત્ર. પોતાના ને પરના અવિશેષ એટલે કે એકરૂપ પરિણામ, સામાન્ય પરિણામ, તે વડે પોતાનો ને પરનો સમસ્ત ભેદ છુપાવીને પરનો કર્તા થાય છે. પરને અને પોતાને એક માનવું તે મિથ્યાદર્શન છે, પરને અને પોતાને એક જાણવું તે મિથ્યાજ્ઞાન છે, પર સાથે એકરૂપ લીનતા કરવી તે મિથ્યાચારિત્ર છે.

હું જ્ઞાનસ્વરૂપ આત્મા જુદો છું, આ વિકારી ભાવ તે હું નથી એમ નહિ માનતાં આ વિકારી ભાવ અને હું બન્ને એક છીએ એમ માનવું-જાણવું ને એકપણે લીન થવું તે સંસારનું કારણ છે.

અંદર અણગમો આવ્યો તે આત્માનો સ્વભાવ નથી તોપણ આત્માના સ્વભાવને અને અણગમાને બન્નેને એક માનવાથી, બન્નેની જુદાઈ નહિ જાણવાથી હું અને વિકાર બન્ને એક છીએ એમ લીનતાથી સ્વ-પરના સમસ્ત ભેદને છુપાવીને વિકાર પરિણામનો કર્તા થાય છે.

જાણનારને અને ગુસ્સાના પરિણામને એક માનવાથી, જાણનારને અને ગુસ્સાને એક છું તેમ જાણવાથી, જાણનારને અને ગુસ્સાને એક છું એમ લીનતાથી પોતાના અને પરના સમસ્ત ભેદને ઢાંકી દઈને વિકારી ભાવનો કર્તા થાય છે.

ભગવાન આત્મા જુદો છે અને વિકાર ભાવ જુદો છે એમ નહિ માનતાં અમે બન્ને એક છીએ એમ માનવાથી, જાણવાથી અને લીનતાથી સ્વ-પરના સમસ્ત ભેદને છુપાવીને ભાવ્યભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી (-જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવન કરવાથી 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી, 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિને લીધે જે સવિકાર (વિકાર સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

જાણનાર આત્મા અને વિકારી ભાવને એકરૂપ માનવાથી, એકરૂપ જાણવાથી અને એકરૂપ લીનતાથી સ્વ-પરના બધા ભેદને ઢાંકીને ભાવ્યભાવકભાવને પામેલ એવાં ચૈતન્ય અને જડને એકરૂપ અનુભવે છે, એટલે કે ભાવ્ય એટલે ક્રોધાદિના વિકારી પરિણામ થવા તે અને ભાવક એટલે ક્રોધ થવાનું નિમિત્ત દ્રવ્યકર્મ-જડકર્મ છે તે, એ રીતે ભાવ્ય-ભાવકભાવને પામેલાં એવાં ચેતન-અચેતનનું સામાન્ય અધિકરણથી અનુભવન કરવાથી

વિકારી ભાવનો કર્તા થાય છે. ગુસ્સાના પરિણામ અને જ્ઞાનસ્વભાવી આત્માના પરિણામ એ બન્ને ઠેકાણેથી આવતાં હોય, ક્રોધ અને જાણવું એ બન્ને જાણે એક આધારેથી આવતાં હોય એમ અનુભવન કરવાથી 'હું ક્રોધ છું' એમ માને છે; 'હું જાણનાર છું' એમ ભૂલીને 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે. ક્રોધ છે તે મોહકર્મરૂપ ભાવકનું ભાવ્ય છે, ફળ છે, પણ તે કાંઈ આત્માના સ્વભાવનું ફળ નથી; તેમ નહિ માનવાથી હું જાણનાર છું-નિર્દોષ છું એમ નહિ જાણવાથી, હું ક્રોધ છું એવી ભ્રાંતિને લીધે ઊંધું માનતો થકો, વિકારી પરિણામે ચૈતન્ય પોતે પરિણમતો થકો વિકારી ભાવનો કર્તા થાય છે. ક્રોધનો હું કર્તા છું અને ક્રોધ મારું કાર્ય છે એમ માને છે.

અજ્ઞાનથી એવો ક્રોધ કરે કે, ક્રોધમાં આવીને એમ બોલે કે મારા જેવો કોઈ ભૂંડો નથી મને કાંઈ બોલાવશો નહિ, જો બોલાવીશો તો તમારું ભૂંડું કરી નાખીશ, પણ ખરી રીતે પરનું ભૂંડું કોઈ કરી શકતું નથી પરંતુ પોતાનું જ ભૂંડું થાય છે.

કેટલાકનો તો એવો અભિપ્રાય હોય છે કે ક્રોધ કરવો જ જોઈએ, ઘરમાં સર્પ ફૂંફાડો રાખવો જ જોઈએ, બૈરાં ઉપર કે છોકરાં ઉપર જો કડપ ન રાખીએ તો તે આપણું માને નહિ માટે કડપ રાખવી જ જોઈએ એવું માનનારના અભિપ્રાયમાં એમ આવ્યું કે ક્રોધ જ મારું કર્તવ્ય છે. ક્રોધ જ જાણે હું છું, ક્રોધ અને હું બન્ને એક છીએ એમ માનતો હોવાથી અજ્ઞાનભાવે કર્મ બંધાય જ છે. આત્મા અને ક્રોધ એ બન્નેનું અભાનપણું તે જ કર્મની ઉત્પત્તિનું કારણ છે, ક્રોધ સંસારની ઉત્પત્તિનું કારણ નથી પણ અજ્ઞાન સંસારની ઉત્પત્તિનું કારણ છે એમ કહ્યું છે. જ્ઞાન થયા પછી અલ્પ કષાય રહે છે પરંતુ તેની ગણતરી નથી, તેનાથી ભવ વધતા નથી, મિથ્યાત્વ ટળતાં અનંતો સંસાર ટળી જાય છે; પછી અલ્પ કષાય રહે છે તેને પુરુષાર્થ વડે ટાળીને સ્વરૂપસ્થિરતા વધારીને એક બે ભવમાં મુક્તિ લેશે.

પ્રશ્ન:—આત્મભાન થયા પછી અલ્પ કષાય હોય એમ આપ કહો છો અને વળી તે ભ[illegible]વાળો લડાઈમાં પણ ઊભો હોય છે તો પછી જેને અલ્પ કષાય હોય તે લડાઈમાં કેમ ઊભો હોય?

ઉત્તર:—આત્માનું ભાન થયા પછી અલ્પ કષાય રહે છે. અલ્પ એટલે જરા કષાય હોય છે પણ બીજાને બહારથી ઝાઝો લાગે કારણ કે લડાઈમાં ઊભો હોય, ભૃકુટી ચડાવીને બીજા ઉપર બાણ છોડતો હોય એટલે દેખાવમાં બહારથી ઝાઝો ક્રોધ દેખાય પણ અંતરમાંથી અનંતો કષાય ટળી ગયો છે. હું જુદો છું, મારું જ્ઞાયકસ્વરૂપ પરથી જુદું છે એમ ભાન વર્તે છે પણ હજી સંપૂર્ણ વીતરાગતા થઈ નથી તેથી અલ્પ કષાય છે, અલ્પ કષાય છે તેથી ગૃહસ્થાશ્રમમાં ઊભો છે, લડાઈની ક્રિયામાં પણ ઊભો છે.

એક અજ્ઞાની લડાઈની ક્રિયામાં ઊભો હોય અને એક જ્ઞાની લડાઈની ક્રિયામાં ઊભો હોય, બન્નેની બહારની ક્રિયા સરખી દેખાય પણ અંતરના ભાવમાં આંતરો છે, માટે ફળમાં આંતરો હોય છે. જેમ મીંદડી પોતાના મોઢાથી ઉંદરને પકડે અને પોતાના બચ્ચાંને પણ પકડે છતાં પકડ પકડમેં ફેર હૈ, બચ્ચાંને રક્ષાના ભાવે પકડે છે અને ઉંદરને મારવાના ભાવે પકડે છે, ક્રિયા એક જાતની હોવા છતાં ભાવમાં આંતરો હોય છે; તેમ જ્ઞાની–અજ્ઞાનીની ક્રિયા એક જાતની હોવા છતાં ભાવમાં આંતરો હોય છે.

તળાવના પાણીનું માપ કરવું હોય તો બહાર ઊભા ઊભા કરે તો બહારથી અને અંદરથી સરખું માપ લાગે, પરંતુ અંદર પાણીમાં લાકડી નાખીને માપ કરે તો પાણીની ઊંડપની ખબર પડે, માપ આવે; તેમ જ્ઞાની-અજ્ઞાનીને બહારની ક્રિયા ઉપરથી માપે તો સરખું લાગે પણ અંતરના હૃદય તપાસે તો અંતરના ભાવની ખબર પડે.

શ્રી કૃષ્ણ વાસુદેવ જ્યારે જરાસંઘ સામે લડાઈ કરવા ગયા ત્યારે નેમનાથ ભગવાનને રથમાં બેસાડીને સાથે લઈ ગયા છે. શ્રી કૃષ્ણ વાસુદેવને લડાઈ વખતે પણ આત્માનું ભાન વર્તે છે, આત્માનું અનંતું ભાન પ્રગટ્યું છે, પણ રાજનો અલ્પ રાગ છે તેથી લડાઈમાં જોડાણા છે. જરાસંઘ અને શ્રી કૃષ્ણ વાસુદેવને ખૂબ જોરબંધ લડાઈ ચાલી, તેમાં થોડીવાર જરાસંઘનું બહુ જોર વધી ગયું તેથી શ્રી કૃષ્ણ વાસુદેવ શ્રી નેમનાથ ભગવાનને પૂછે છે પ્રભુ! આ શું? આ જરાસંઘનું આટલું બધું જોર કેમ? તે આટલી બધી વિદ્યા ફેરવે છે તેથી કયાંક આપણી હાર થશે તો? શ્રી કૃષ્ણને નેમનાથ ભગવાન કહે છે કે અરે વાસુદેવ! તમે ચિંતા ન કરો, તમે વાસુદેવ પદે છો, તમારી હાર કદી ન હોય, તમે જીતવાના જ છો, માટે વાસુદેવ! તમે ચિંતા ન કરો. નેમનાથ ભગવાનને હજી કેવળજ્ઞાન નથી થયું તેથી લડાઈમાં સાથે ગયા છે પણ તે અલ્પ રાગ છે, આત્માનું જુદું ભાન અનંતું વર્તે છે, અનંતો કષાય ટળી ગયો છે, અલ્પ જ રાગ રહ્યો છે, જેથી નેમનાથ ભગવાન પણ લડાઈમાં ગયા છે; અંતરનું માપ બહારની ક્રિયાથી થઈ શકે તેમ નથી.

જ્ઞાની પરને પોતાનું માનતો નથી તેથી અલ્પ કષાય છે અને અજ્ઞાની પરને પોતાનું માને છે તેથી અનંતો કષાય છે. તળાવની સપાટી ઉપરથી સરખી લાગે પણ અંદરથી ફેર છે, તેવી રીતે અજ્ઞાનીના ભાવમાં ફેર હોય છે.

શરીરની ક્રિયા ઝાઝી થાય તો ઝાઝો કષાય અને શરીરની ક્રિયા ન કરતો હોય, છાનોમાનો બેસી ગયો હોય તો ઓછો કષાય છે એમ સમજવાનું નથી, બહારથી કષાયનું માપ નથી પણ અંતરથી રસ કેટલો ઘટી ગયો છે એના ઉપર કષાયનું માપ

છે. બિલાડી છાનીમાની ઉંદરને પકડવા માટે બેઠી હોય તેથી ઓછો કષાય છે એમ નથી પણ અંદરની ક્રૂરતા ઉપર કષાયનું માપ છે, બહારની ક્રિયા ઉપર કષાયનું માપ નથી. જ્ઞાનીને લડાઈના પ્રસંગમાં શરીરની ક્રિયા ઝાઝી થાય એટલે ઝાઝો કષાય છે એમ સમજવાનું નથી અને અજ્ઞાની છાનોમાનો બેસી ગયો હોય તેથી ઓછો કષાય છે એમ સમજવાનું નથી. અજ્ઞાનીને ક્રોધથી હું જુદો છું એવું ભાન નથી, ક્રોધસ્વરૂપ જ હું છું એમ માનીને ક્રોધ કરે છે, તેથી તે ક્રોધ કેટલો થાય તેનો મેળ ન રહે, અનંતો થાય; ક્રોધ સ્વરૂપ જ હું છું એમ માનીને ક્રોધ કરે છે તેથી ક્રોધમાં જ અનંતો અર્પાઈ જાય છે. આત્માનું બેહદ વીર્ય ને બેહદ જ્ઞાન છે તે બધું વિકારમાં જ જોડી દે છે તેથી અજ્ઞાનીનો ક્રોધ અનંતો છે. જ્ઞાનીને ક્રોધથી હું જુદો છું, ક્રોધ સ્વરૂપ મારું નથી એવું ભાન છે; પોતાના બેહદ સ્વભાવના ભાનમાં-સ્વભાવની હદમાં રહ્યો થકો વિકારમાં કેટલુંક વીર્ય જોડાય? અલ્પ જ જોડાય.

જેમ ખાનદાનના દીકરાને એવી ખુમારી હોય છે કે હું કોણ? હું ખાનદાનનો દીકરો! અમુક તો મારે ન જ હોય! એમ પોતાની ખાનદાની સંભારીને તીવ્ર કષાયવાળી અનીતિમાં અર્પાઈ ન જાય. તેમ જ્ઞાનીને ભાન થયું કે હું પરમાત્મસ્વભાવે ખાનદાન છું, વિકાર મારો સ્વભાવ નથી, વિકાર મારી જાત નથી તેથી વિકારમાં જોડાવું મને શોભે નહિ, એમ પોતાની ખાનદાનીને સંભારીને પુરુષાર્થની મંદતાને કારણે લડાઈની ક્રિયામાં બહારથી ઊભો હોય પણ અંતરમાં કષાય તરફ વીર્ય અલ્પ જોડાય છે. અજ્ઞાનીને હું નિર્વિકારી છું એમ ભાન નથી તેથી હું વિકારી જ છું એમ માને છે અને તેથી વિકારમાં વીર્ય પણ અનંતું જોડાય છે. આ તો એક ક્રોધની વાત થઈ તે રીતે માન, માયા વગેરે બધું સમજવું.

ગરાસિયાને એવું માન હોય છે કે તેને બે નામે જ બોલાવે તો ઠીક પડે, જેમ કે 'સંતોક બા' ને 'દાદુ ભા' એ રીતે બે નામે બોલાવે તો જ તે રાજી થાય. તે એમ કહે, 'અમે કોણ? અમે ગરાસિયા! માટે અમને બે નામે જ બોલાવવા જોઈએ.' એક પાટીદાર હતા, તે પહેલાં પૈસાદાર હતા ને પછી ગરીબ થઈ ગયા, પણ માન તો ઊભું રહ્યું તેથી જ્યાં બેસવા જાય ત્યાં ગોદડી રાખે સાથે; પછી કોઈએ કહ્યું કે પટેલ! ગોદડી કેમ સાથે રાખો છો? ત્યારે તેણે કહ્યું કે પાટીદાર મુઆ છીએ! તેથી જ્યાં જઈએ ત્યાં ગોદડી સાથે રાખીએ છીએ અને જ્યારે કોઈ બેસવાનું આસન ન આપે ત્યારે તેના ઉપર બેસીએ છીએ, સાધારણ સ્થિતિ થઈ ગઈ છે તેથી હવે કોઈ માન આપતું નથી. જીવને એવું માન ચડી જાય છે કે બીજા કોઈ માન ન આપે તો માન પોતાની મેળે લેવા જાય છે; અમે મોટાના દીકરા છીએ વગેરે ભાવ આવે તે માન છે. માન અને

આત્મા એકપણે જાણે, માન અને આત્મા એકપણે માને, માન અને આત્મામાં એકપણે લીનતા કરે તે અજ્ઞાન છે, તે અજ્ઞાનથી કર્મ બંધાય છે.

માયા એટલે કપટ. જુઓને ! અત્યારે વેપાર ધંધામાં કેવા દગા-પ્રપંચ ચાલ્યા છે, સારી વસ્તુઓમાં ભેગ કરીને આપે, ઘીમાં ચરબીના ઘીનો ભેગ કરીને આપે, ટોપરાંના તેલ ઘીમાં નાખે, અત્યારે તો ગજબના દગા ચાલ્યા છે, દૂધમાં પાણી નાખે, વગેરે વગેરે દગા-પ્રપંચ કરનારા આત્માને છેતરનારાં છે, ઠગનારાં છે. તે એમ માને છે કે અમે બીજાને છેતરીએ છીએ પણ બીજા કોઈ છેતરાતા નથી; પોતે જ ખરી રીતે છેતરાય છે, તે એમ માને છે કે અમે દગા-પ્રપંચ કરીને પૈસા કમાઈએ છીએ, તે માન્યતા જ મહા મૂઢતા અને અજ્ઞાનથી ભરેલી છે. પૈસા કમાવા તેમાં પૂર્વના પુણ્યનું કારણ છે. અને વર્તમાનમાં દગા-પ્રપંચ કરી રહ્યો છે, તેનું ફળ ભવિષ્યમાં મળશે. દગા-પ્રપંચ કરીને વર્તમાનમાં આકુળતા ને દુઃખ વેદે છે ને ભવિષ્યમાં પણ તે દગા-પ્રપંચના ફળમાં દુર્ગતિમાં ચાલ્યો જશે. માયાના ભાવથી ભવિષ્યમાં ભડાકા ઊઠશે. તે એમ માને છે કે અમે કેવા દાવપેચ કરીએ છીએ, કેવા હોશિયાર છીએ ! પણ ભાઈ ! તે હોશિયારી નથી પણ મહા મૂઢતા સેવે છે. આવું કપટ કરનારો અજ્ઞાની જીવ કપટના ભાવને અને આત્માને એકપણે માને છે, એકપણે જાણે છે અને એકપણે લીનતા કરે છે તે સંસારનું કારણ છે.

લોભ એટલે પરપદાર્થમાં આસક્તિ, લક્ષ્મી વગેરે પરપદાર્થને ભેગા કરવાની લાલસા, લક્ષ્મીને લોભથી ભેગી કરે પણ ક્યાંય યોગ્ય સ્થળમાં લક્ષ્મીનો વ્યય ન કરે તે લોભી છે, કંજૂસ છે. દાનનો ઉપદેશ ચાલતો હોય તો લોભીના મનમાં એમ થાય કે શું ! કાંઈ ઘરમાં ન રાખવું ! છોકરાં સારુ ન રાખવું ! બધું દાનમાં આપી દેવું ! તેમ બચાવ કરે. એવો બચાવ કરનારા એકલા લોભના પૂતળાં છે. આચાર્યદેવે તો જ્યાં દાનના પ્રકાર વર્ણવ્યા છે ત્યાં ઊંચામાં ઊંચો દાની એને કહ્યો છે કે પોતાના પૈસામાંથી ચોથો ભાગ દાનમાં કાઢે, અને નાનામાં નાનો દાની એને કહેવાય કે જે પોતાના પૈસામાંથી દશમો ભાગ તો કાઢે જ. પદ્મનંદી આચાર્યે તો એમ કહ્યું છે કે જેઓ સત્ માર્ગે દાન કરતા નથી તેનો ગૃહસ્થાશ્રમ પથ્થરની નાવ સમાન છે, તે ગૃહસ્થાશ્રમને ઊંડા જળમાં પ્રવેશ કરીને અંજલિ દઈ દેજે; વળી કહ્યું છે કે માણસો અનાજ પકાવીને ખાય, તેના દાઝેલા ઉખળિયા નીકળે તે કાગડાને નાખે તો કાગડો પણ તેને એકલો ખાતો નથી પરંતુ કાં કાં કરીને બીજા ઘણા કાગડાને બોલાવીને બધા ભેગા થઈને ખાય છે; અને તને આ જે ધન મળ્યું છે તેમાં તું એકલો ખાય છે

અને જરા પણ સત્માર્ગમાં ધનનો વ્યય કરતો નથી તો કાગડામાંથી પણ જાઈશ, વગેરે વગેરે પદ્મનંદીઆચાર્યદેવે દાનના અધિકારમાં ઘણું ઘણું કહીને છેવટ કહ્યું છે કે ભમરો જેમ ગુંજારવ કરતો ચંમેલીના ફૂલે આવીને બેસે તો ચંપેલીનું ફૂલ ફડાક દઈને ખીલી નીકળે તેમ આ અમારો ગુંજારવ કરતો દાનનો ઉપદેશ સાંભળીને જેનાં હૃદય ચંપેલી જેવાં હશે તે ખીલી નીકળશે. ભમરો ગુંજારવ કરતો કાળમીંઢ પથ્થર ઉપર જઈને બેસે તો તે પથ્થરો ક્યાં ખીલે તેમ છે! તેમ જે પથ્થરા જેવા હશે તે અમારા ઉપદેશથી નહિ ખીલે, ચંદ્રમાના કિરણથી કમળ ખીલે, પથ્થર ન ખીલે તેમ આચાર્યદેવ કહે છે કે અમારા ઉપદેશથી કમળ ખીલશે પણ પથ્થર નહિ ખીલે. તીવ્ર લોભી લોભને અને આત્માને જુદા પાડતો નથી પણ લોભ અને હું બન્ને એક છીએ એમ માને છે, લોભ અને હું (આત્મા) બન્ને એક છીએ તેમ જાણે છે, લોભ અને હું, બન્ને એક છીએ તેમ લીનતા કરે છે; તે લોભ તેને સંસારમાં રખડાવનાર છે.

મોહ એટલે મૂર્છા, પરવસ્તુમાં મૂંઝાઈ જવું તે; મોહ તે હું છું તેમ જાણવું. મોહ તે હું છું તેમ માનવું અને મોહમાં લીન થઈ જવું તે અજ્ઞાન છે. અહીં તો અજ્ઞાનથી જ કર્મ બંધાય છે તેમ કહે છે.

રાગ એટલે સ્નેહ, બાયડી–છોકરાંનો રાગ, મકાનનો રાગ, લક્ષ્મીનો રાગ, શરીરનો રાગ તે બધો રાગ છે. રાગ અને આત્માને એકપણે માનવા, એકપણે જાણવા, એકપણે લીન થવું તે બધું અજ્ઞાન છે.

દ્વેષ એટલે અણગમો, જરીક ધાર્યું ન થાય ત્યાં માખી છીંકાઈ જાય, ઘડી ઘડીમાં મોઢું ફરી જાય, ઘડી ઘડીમાં અણગમો–અરુચિ થઈ જાય, તે બધો દ્વેષભાવ છે. દ્વેષ તે જ હું તેમ માને, તેમ જાણે, તેમાં લીન થાય તે અજ્ઞાનભાવ છે અને સંસારનું કારણ છે.

કર્મ કાંઈક માર્ગ આપે તો અમે ધર્મ કરીએ, ગુણ પ્રગટાવીએ તેમ માનનારે કર્મને અને આત્માને એક માન્યાં છે, કર્મ તે જ હું તેમ માન્યું, જાણ્યું અને તે પ્રકારે લીનતા કરી તે અજ્ઞાન છે.

નોકર્મ એટલે મકાન, દાસ–દાસી, સ્ત્રી, કુટુંબ, શરીર–મન–વાણી, પ્રકાશ, દૂધ–દહીં, ઘી, બદામ, પીસ્તાં વગેરે બહારની સામગ્રી તે બધાં નોકર્મ છે, તેને આત્મા સાથે એકત્વબુદ્ધિએ માનવા, એકત્વબુદ્ધિએ જાણવા અને એકત્વબુદ્ધિએ લીન થવું તે બધું અજ્ઞાન છે.

મન–વચન ને કાયા તે ત્રણે હું છું તેમ માનવું તે અજ્ઞાન છે; શરીર સારું હોય તો ધર્મ કરીએ, શરીર મારું છે, શરીરમાં રોગ થતાં મને રોગ થઈ જાય છે

એમ શરીર અને આત્માને એક માનવા-જાણવા ને લીન થવું તે સંસાર છે. વાણી તે હું છું, મને કેવું સારું બોલતાં આવડે છે, મારો કંઠ કેવો સારો છે એમ વાણી અને પોતાને એકપણે માનવાં-જાણવાં ને તેમાં લીન થવું તે સંસાર છે. મન તે હું છું, મન મારું સ્વરૂપ છે, મન વિના હું રહી ન શકું એમ મનને અને આત્માને એકપણે માનવાં-જાણવાં ને લીન થવું તે અજ્ઞાન છે અને તે બંધનું કારણ છે.

વળી શ્રોત્રેંદ્રિય પોતાની માને તે અજ્ઞાન છે. શ્રોત્ર એટલે કાન, કાનથી જ જ હું સાંભળી શકું છું, જાણી શકું છું, એમ માને છે તેના અભિપ્રાયમાં કાન તે જ આત્મા છે એમ આવી ગયું, કાન વિષે પોતાપણું માન્યું, જાણ્યું અને તેમાં લીન થયો તે અજ્ઞાન છે. એ રીતે આંખ વિષે પોતાપણું માને છે કે આંખ વિના હું દેખી શકું નહિ, આંખ વિના હું સમજી શકું નહિ, એમ માન્યું પણ આંખથી જુદું મારું જ્ઞાનસ્વરૂપ છે તેનાથી જ હું જાણી શકું છું, સમજી શકું છું, અધૂરા જ્ઞાનમાં ઇંદ્રિયોનું નિમિત્તમાત્ર હોય છે, પણ જાણી શકું છું હું મારા જ્ઞાન વડે જ, ઇંદ્રિયોથી હું ત્રિકાળ જુદો છું એમ ન માન્યું અને આંખનું તેમ જ આત્માનું એકપણું માન્યું, તે પ્રકારે જાણ્યું અને તેમાં લીન થયો તે બંધનું કારણ છે. અજ્ઞાની એમ માને છે કે મારી આંખ ઝીણી છે, મોટી છે, કચોળા જેવી છે, હું અને આંખ બન્ને એક છીએ, આંખથી હું જુદો નથી પરંતુ આંખ તે જ હું છું વગેરે આંખ વિષે પોતાપણું માને છે તે અજ્ઞાન છે.

એમ નાક વિષે પોતાપણું માને છે, બધા માણસના શરીરના કોઈ પણ આકાર સરખા હોતા નથી તેમ નાક પણ બધાનાં સરખાં હોતા નથી, કોઈનું નાક લાંબું, કોઈનું ટૂંકું, કોઈનું બેઠેલું, વગેરે અનેક પ્રકારનો નાકનો આકાર હોય છે તેમાં અજ્ઞાનીને જે જાતનો આકાર મળ્યો હોય તે આકારને પોતાપણાની બુદ્ધિ વડે જાણે છે, અને લીન થાય છે તે સંસાર છે, બંધનું કારણ છે. એ રીતે જીભમાં પોતાપણું માને છે, જીભથી જ હું ચાખી શકું છું, જીભથી જ ઘી, ગોળ વગેરે પદાર્થના રસને જાણી શકું છું, જો જીભ ન હોત તો હું એ રસને કેમ જાણી શકત ? એમ માનનાર અજ્ઞાની છે. હું રસને જાણું છું તો મારા જ્ઞાનથી જ, પણ ઓછા ઉઘાડને લઈને વચ્ચે જીભનું નિમિત્ત આવે છે એમ નહિ જાણતાં જીભ વડે જ હું જાણી શકું છું એ રીતે જીભને પોતાની માની, જાણી, અને તેમાં લીન થયો તે અજ્ઞાની છે. એ રીતે સ્પર્શને પણ પોતાપણે માને છે તે અજ્ઞાન છે. શરીર ટાઢું પડે તો હું ટાઢો થઈ ગયો, શરીર ગરમ થાય તો હું ઊનો થઈ ગયો એમ માને, શરીર જાડું થઈને ભારે થાય તો હું ભારે થઈ ગયો અને શરીર પાતળું થઈને હલકું થાય તો હું હલકો થઈ ગયો એમ માને,

તેણે શરીરને જ આત્મા માન્યો, જાણ્યો, અને તેમાં લીન થયો તે અજ્ઞાન છે. એ રીતે પાંચે ઇંદ્રિયો વિષે એકપણું માનનાર અજ્ઞાની છે, જ્ઞાની પાંચે ઇંદ્રિયથી પોતાનું સ્વરૂપ જુદું જાણે છે.

આત્માના પર્યાયમાં મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણ પ્રકારનો વિકાર છે; આત્મદ્રવ્ય તો ત્રિકાળ અવિનાશી છે, વિકારનો પર્યાય તો ઉત્પન્નધ્વંસી છે, નાશવાન છે. પરંતુ અજ્ઞાની તેને પોતાનો માનીને તેનો કર્તા થાય છે. અજ્ઞાનીને પરથી જુદાપણાનો વિવેક નથી, પરને એકપણે માને છે તે જ બંધનનું કારણ છે. ૯૪.

હવે એ જ વાતને વિશેષ કહે છે:—

**तिविहो एसुवओगो अप्पवियप्पं करेइ धम्माई।**
**कत्ता तस्सुवओगस्स होइ सो अत्तभावस्स॥ ९५॥**

અર્થ:— ત્રણ પ્રકારનો આ ઉપયોગ 'હું ધર્માસ્તિકાય આદિ છું' એવો પોતાનો વિકલ્પ કરે છે; તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

જીવ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણ પ્રકારના પરિણામ વિકાર વડે હું ધર્માસ્તિકાય છું, હું અધર્માસ્તિકાય છું, હું આકાશાસ્તિકાય છું એવો પોતાનો વિકલ્પ કરે છે તેથી ધર્માસ્તિકાય આદિને પણ પોતાના માને છે અને તે ભાવનો કર્તા થાય છે.

ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સ્વ-પરના સમસ્ત ભેદને છુપાવીને જ્ઞેયજ્ઞાયક-ભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી અનુભવન કરવાથી, 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્‍ગલ છું, હું અન્ય જીવ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે.

સંક્ષેપથી જીવના ત્રણ પ્રકારના પરિણામ છે, ઊંધું જ્ઞાન, ઊંધી માન્યતા ને ઊંધી સ્થિરતા, પરને અને પોતાને એકપણે માને તે ઊંધી માન્યતા છે, પરને અને

---

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

પોતાને એકપણે જાણે તે ઊંધું જ્ઞાન છે, પરમાં એકપણે લીન થાય તે ઊંધી સ્થિરતા છે; એ રીતે સ્વ અને પરના સમસ્ત ભેદને ઢાંકી દે છે. પર સાથે ચૈતન્યને માત્ર જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ છે પરંતુ અજ્ઞાની ચેતન અને અચેતનનો એક આધાર માનવાથી, એકરૂપે અનુભવ કરવાથી જ્ઞેય તે હું છું એમ પર જ્ઞેયને પોતાનાં કરે છે, હું ધર્માસ્તિકાય છું, હું અધર્માસ્તિકાય છું વગેરે વિકલ્પને પોતાનો કરે છે; વિકલ્પને પોતાનો કરે છે તેથી પરદ્રવ્યને પણ પોતાનું કરે છે. અજ્ઞાની અન્ય જીવને પણ પોતાનો માને છે, પુદ્‌ગલને પણ પોતાનું માને છે, સ્ત્રી, કુટુંબ, શરીર વગેરેને પોતાનાં માને છે; તે તો બધી પર વસ્તુ છે, આત્માના જ્ઞાનનું જ્ઞેય છે તોપણ અજ્ઞાની માને છે કે સ્ત્રી-કુટુંબ-છોકરાં ભાઈ-બેન-બાપ અમે બધાં એક છીએ, ડાંગે માર્યાં પાણી જુદાં પડે નહિ, સ્ત્રી છે તે તો અર્ધાંગના છે તેથી અમે બન્ને એક છીએ તેવી માન્યતા તે અજ્ઞાન છે. ભાઈ! સ્ત્રીનો આત્મા જુદો ને તારો આત્મા જુદો, સ્ત્રીનું શરીર જુદું ને તારું શરીર જુદું, બન્ને દ્રવ્યો તદ્દન જુદે જુદાં છે, સ્ત્રી કયાંકથી આવી ને કયાં જશે, તું કયાંથી આવ્યો ને કયાં જઈશ, બેને કયાંય શેઢેસીમાડે મેળ નથી તું મોહનો માર્યો એકપણું માનીને અજ્ઞાનતા સેવી રહ્યો છે. કેટલાક કહે છે કે અમે પિતા ને પુત્ર બન્ને એક છીએ, તેમ માનનાર પર આત્મા અને પોતાના આત્માને બન્નેને એક જ માને છે. અરે ભાઈ! બધા દ્રવ્ય જુદાં છે, કોઈ દ્રવ્ય એક થઈ શકતું જ નથી, ભ્રાંતિ વડે તેં એકતા માની છે, તે સંસારમાં રખડવાનું કારણ છે, પરવસ્તુ જાણવા યોગ્ય-જ્ઞેય છે અને તું જાણનાર છો પણ ભ્રાંતિને લઈને જ્ઞેય અને જ્ઞાનને અજ્ઞાની એક માને છે. મારો આત્મા અને પરનો આત્મા અમે બન્ને એક ઝાડના વેલા છીએ એવી માન્યતા તે તદ્દન અજ્ઞાન છે, પુદ્‌ગલદ્રવ્ય અને આત્મા બન્નેના આધાર જુદા જુદા છે એમ નહિ માનતાં બન્નેનો આધાર એક છે તેમ માને છે તે અજ્ઞાનતા છે.

ધર્માસ્તિકાય તો ગતિમાં નિમિત્તમાત્ર છે ત્યાં અજ્ઞાની માને છે કે ધર્માસ્તિકાય અને હું બન્ને એક છીએ. જે જ્ઞેય અને જ્ઞાનને જુદા પાડી શકતો નથી તે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશાસ્તિ વગેરે બધાં જ્ઞેયને એક માની રહ્યો છે. ધર્માસ્તિકાય વગેરેનો જે વિકલ્પ આવે તે વિકલ્પથી પોતાને જુદો જાણતો નથી માટે ધર્માસ્તિકાયને જ પોતાનું માને છે.

કેટલાક કહે છે કે ધર્માસ્તિકાયને અમે જાણતા જ નથી, જાણતા પણ નથી અને દેખતા પણ નથી માટે અમે એને મારાપણે માનતાં નથી. પણ શાસ્ત્રમાંથી ધર્માસ્તિકાયનું નામ સાંભળ્યું છે ને! તેથી ધર્માસ્તિકાયનો વિકલ્પ આવે અને તે વિકલ્પથી પોતાને જુદો જાણતો નથી, વિકલ્પ ને હું બન્ને એક છીએ એમ માને છે તેથી

ધર્માસ્તિકાય પણ હું છું એમ માને છે. ગતિમાં, સ્થિતિમાં, અવકાશમાં, પરિણમનમાં બીજાં દ્રવ્યોનું નિમિત્ત છે એમ જે માનતો નથી તે ધર્માસ્તિકાય વગેરે બધાં દ્રવ્યોરૂપ હું જ છું એમ માની જ રહ્યો છે.

શરીરાદિને પોતાનાં માનીને જડને પોતાનાં માને છે, સ્ત્રી, કુટુંબને પોતાનાં માનીને અન્ય જીવ દ્રવ્યને પોતાનાં માન્યાં, પોતે માંદો પડે અને સ્ત્રી, પુત્ર વગેરે સારી સેવાચાકરી કરે એટલે એમ માને કે તમે બધાએ મારી સારી માવજત કરી, સારી સેવા કરી તેથી મને આરામ થયો છે, એમ માનનારો અભિપ્રાય પરજીવ અને હું એક જ છીએ, એવો અજ્ઞાન અભિપ્રાય થયો. અરે! અન્ય જીવને પોતારૂપ માનવામાં તો દેવ-ગુરુ બધા આવી જાય છે. દેવ ગુરુ તે મારા આત્માનો આધાર છે, મારો આત્મા દેવ, ગુરુમાંથી ઉત્પન્ન થયો છે, માટે દેવ, ગુરુ મારા આત્માનો આધાર છે, [ આત્માની સ્વભાવપર્યાય પ્રગટે ત્યારે દેવ-ગુરુનું નિમિત્ત હોય છે પણ દેવ, ગુરુ અને શાસ્ત્ર પોતાની સ્વભાવપર્યાય પ્રગટાવી દેતા નથી. ] દેવ, ગુરુ અને શાસ્ત્ર મારા આત્માની સ્વભાવપર્યાય પ્રગટાવી દે છે એમ અજ્ઞાની માને છે. એક રજકણથી માંડીને ત્રિલોકનાથ તીર્થંકરદેવ તે બધા અને હું સર્વ એક જ છીએ એમ માનવું, જાણવું અને તેમાં લીન થવું તે અજ્ઞાન છે. બીજો મને લાભ-નુકસાન કરે છે તેવો અભિપ્રાય ક્યારે આવે? કે પર ને હું બે એક છીએ તેમ માન્યા વિના એવો અભિપ્રાય આવે જ નહિ. સ્વપરની એકતારૂપ ઊંધા અભિપ્રાય વડે સ્વ-પરને જુદા પાડવાનો વિવેક ઢંકાઈ જાય છે.

કોઈની કૃપાથી મોક્ષ થાય તેમ માનનાર અને કોઈના શાપથી નરક-નિગોદમાં જાય તેમ માનનાર પરને પોતાનું માને છે, તે સ્વ-પરની એકતારૂપ માન્યતા સ્વ-પરના જુદા વિવેકને ઢાંકી દે છે. ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ તે સર્વ પદાર્થો હું છું એવી ભ્રાંતિને લીધે જે સોપાધિક-ઉપાધિ સહિત છે એવા ચૈતન્ય-પરિણામે પરિણમતો થકો આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. આ જ્ઞેયો અને હું બન્ને એક છીએ એમ ભ્રાંતિને લઈને માને છે; જ્ઞેય-જ્ઞાયક ભાવને જુદા નહિ રાખતાં એક કરે છે. રાગ-દ્વેષ ચૈતન્ય સાથે નજીક ક્ષેત્રે છે તેને પોતાના માનવા તે સવિકાર પરિણામ છે તેમ કહ્યું હતું અને બીજાં જ્ઞેયો છે તે દૂર છે માટે તેને પોતાનાં માનવાં તે સોપાધિક પરિણામ છે. તે સોપાધિક પરિણામનો ચૈતન્ય પોતે કર્તા થાય છે.

ચૈતન્ય અજ્ઞાનભાવે અન્ય જીવને પોતાના માને છે તે અન્ય જીવમાં કોણ બાકી રહ્યું? ત્રિલોકનાથ તીર્થંકરદેવ પણ બાકી ન રહ્યા. એક તરફ ચૈતન્ય પોતે અને એક

તરફ બધાં જ્ઞેયો આવી ગયાં, એક તરફ રામ અને એક તરફ ગામ બધું આવી ગયું, દિવ્યધ્વનિ અને શાસ્ત્ર પણ બાકી ન રહ્યાં. અજ્ઞાનથી દિવ્યધ્વનિને તથા શાસ્ત્રને બધાંને પોતારૂપ અજ્ઞાની માને છે. પોતાના આત્માને, તીર્થંકરદેવને અને દિવ્યધ્વનિને કોઈને જુદા પાડતો નથી, બધાને એકમેક માને છે. જેણે એક પદાર્થને પોતારૂપ માન્યો તેણે સર્વ પદાર્થને પોતારૂપ માન્યા છે.

હું અન્ય નિમિત્ત વિના જ ગતિ કરી શકું છું એમ જે માને છે તે પોતાને ધર્મદ્રવ્યરૂપ માને છે. કેટલાક કહે છે કે અમે ધર્માસ્તિકાયને દેખતા નથી, પરંતુ ભાઈ! શરીરની ગતિ થાય છે તેમાં ધર્માસ્તિકાયનું નિમિત્ત છે. જે શરીરની ગતિને પોતાની માને છે તે તેના નિમિત્તને પણ પોતાનું માને છે. એટલે કે ધર્માસ્તિકાયને પણ પોતાનું માને છે. હું અન્ય નિમિત્ત વિના જ સ્થિર રહું છું એમ જે માને છે તે અધર્માસ્તિકાયને પોતાનું માને છે, શરીર સ્થિર રહે છે તેની સ્થિરરૂપ અવસ્થામાં અધર્માસ્તિકાય નિમિત્ત છે; શરીરની સ્થિરરૂપ અવસ્થાને જે પોતાની માને છે તે તેના નિમિત્તને પણ પોતાનું જ માને છે એટલે કે અધર્માસ્તિકાયને પણ પોતાનું માને છે. આકાશાસ્તિકાય અવગાહન દેવામાં નિમિત્ત છે તેને નહિ માનતાં આ જગ્યા મારી છે એમ મમત્વ કરે છે તે જગ્યારૂપ પોતાને માને છે એટલે કે આકાશાસ્તિકાયને જુદું નહિ સ્વીકારતાં હું પોતે જ આકાશાસ્તિકાય છું એમ માને છે. નિમિત્તનાં કાર્યો હું કરી શકું છું એમ જે માને છે તે નિમિત્તને પણ પોતાનાં માને છે. તેવી રીતે કાળદ્રવ્યને પણ પોતાનું માને છે; કાળ નામનો પદાર્થ સ્વતંત્ર જુદો છે તેને નહિ સ્વીકારતાં દિવાળીના દિવસો સારા છે. લગ્નના દિવસો સારા છે. તે મને સુખકર્તા છે એમ જે કાળમાં મમત્વ કરે છે તે કાળદ્રવ્યને પોતાનું માને છે. દરેક દ્રવ્યના પરિણમનમાં કાળદ્રવ્યનું નિમિત્ત છે તેને નહિ સ્વીકારતાં કાળનું મમત્વ કરે છે તે કાળદ્રવ્યને પોતાનું માને છે. હું પરિણમું છું મારાથી, પણ તેમાં કાળદ્રવ્યનું નિમિત્ત છે એમ જે નથી માનતો તે કાળદ્રવ્યનું મમત્વ કરે છે અને કાળદ્રવ્યને તેમ જ પોતાને એકરૂપ માને છે.

પૌદ્‌ગલિક પદાર્થોની ક્રિયાને હું જ કરું છું એમ જે માને છે તે પોતાને પુદ્‌ગલદ્રવ્યરૂપ માને છે. વાણીની ક્રિયા, શરીરની ક્રિયા, લુગડાં સરખાં રાખવાની ક્રિયા, લુગડાં સરખાં પહેરવાની ક્રિયા—તે બધી ક્રિયા હું જ કરું છું એમ જે માને છે તે પુદ્‌ગલદ્રવ્યને પોતાનું જ માને છે.

અન્ય જીવનું હિતાહિત હું જ કરું છું એમ જે માને છે તે પોતાને અન્ય જીવરૂપ માને છે, પારકા મારું ભલું કરે, હું પારકાનું ભલું કરું; પારકા મારું ભૂંડું કરે, હું પારકાનું ભૂંડું કરું એમ જે માને છે તે બીજા–અનેરા જીવને પોતાના માને

છે, પર મને લાભ–નુકસાન કરે છે, હું બીજાને લાભ–નુકસાન કરું છું એમ જેણે માન્યું તેણે પોતાને અને બીજા જીવને એકમેક માન્યા; બીજા જીવોને પોતાથી જુદા માન્યા નહિ તે જ અજ્ઞાન છે. બીજાનું હિત કરવા કોઈ સમર્થ નથી, બીજા પોતાનું હિત કરવા સમર્થ નથી. કોઈ કોઈનું ત્રણકાળમાં કાંઈ પણ કરવા સમર્થ નથી; એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ પણ કરે તો બે તત્ત્વ એક થઈ જાય પરંતુ તેમ તો કદી બનતું જ નથી. દરેક પદાર્થ જુદે જુદા પોત પોતામાં સ્વતંત્ર છે. કોઈનો ઉપકાર કોઈ કરી શકતું જ નથી, જ્યારે બીજા જીવનું હિત થાય ત્યારે સામે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય છે, તેથી ઉપચારથી ઉપકાર કર્યો એમ કહેવાય છે. જે નિમિત્તને અને પોતાને જુદાં નથી માનતો તે નિમિત્ત અને પોતાને એકમેક માને છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાસ્તિકાય, કાળ, પુદ્દગલ વગેરેના વિકલ્પ વખતે પોતે શુદ્ધ ચૈતન્ય-માત્ર હોવાનું ભાન નહિ રાખતાં ધર્માદિના વિકલ્પમાં જે એકાકાર થઈ જાય છે તે પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.

૨૦૦૦, કારતક સુદ ૪ સોમ.

અહીં કર્તાકર્મનો અધિકાર ચાલે છે. આત્માનો સ્વભાવ નિર્મળ છે, આત્માના પર્યાયમાં જે રાગ–દ્વેષ થાય છે તે વિકાર છે. વિકાર પોતાનો સ્વભાવ નથી, વિકારમાં નહિ જોડાતાં સ્વરૂપમાં જોડાવું તે ધર્મીનું કર્તવ્ય છે, પરદ્રવ્યથી પોતાનું સ્વરૂપ ભિન્ન માને તે ધર્મીનું લક્ષણ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે છ એ દ્રવ્યો મને મદદ કરે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. પર તે હું છું એવી એકત્વબુદ્ધિ થયા વિના પર મને મદદ કરે છે એવો ભાવ ઊઠે જ નહિ. પરદ્રવ્ય ઉપર, સંયોગી ભાવ ઉપર દૃષ્ટિ રાખવી તે ધર્માની દૃષ્ટિ નથી, પરંતુ આત્માના નિર્મળ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખવી તે ધર્મીની દૃષ્ટિ છે.

ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય–પરમાણુ–અસંખ્ય કાલાણુ અને અન્ય આત્મા તે બધાના વિકલ્પમાં એકાકાર લીન થઈ જાય. હું જ્ઞાનસ્વરૂપ જુદો છું એવું ભાન ન રાખે ને પરદ્રવ્યના નિમિત્તે પોતાના ઊંધા વીર્યના જોડાણથી જે રાગ થાય તે હું છું એમ માને તે અન્યદ્રવ્યોને પોતારૂપ માને છે અને પોતાને અન્યદ્રવ્યરૂપ માને છે. વિકલ્પમાં જે દ્રવ્યનો વિષય થયો તે વિકલ્પમાં પોતાને ભૂલીને એકાકાર થયો તે જ ધર્માસ્તિકાય વગેરેને પોતારૂપ માને છે. આત્માનો નિર્મળ સ્વભાવ પરથી જુદો છે, એના વર્તમાન પર્યાયમાં વિકાર થાય છે તેને પોતાનો માને છે તે પરદ્રવ્યને પોતારૂપ માને છે, પરદ્રવ્યનો શુભ કે અશુભ જે જે વિકલ્પ આવે તે તે વિકલ્પને જે પોતાપણે માને છે તે પરદ્રવ્યને પોતાપણે માને છે; સ્ત્રી–કુટુંબનો રાગ આવે કે તીર્થંકરદેવનો

રાગ આવે પરંતુ તે વખતે જે પોતાના આત્માનું જુદું ભાન ન રાખે અને રાગને જ પોતાનો માને તે અન્ય આત્મારૂપ પોતાને માને છે. ૯૪ મી ગાથામાં એમ કહ્યું હતું કે ભાવક એટલે મોહકર્મની પ્રકૃતિ અને ભાવ્ય એટલે પુણ્ય-પાપ વગેરેના પરિણામ તે બધાથી આત્મા ભિન્ન છે, અને આ ૯૫ મી ગાથામાં એમ કહ્યું છે કે બધાં પરદ્રવ્યથી આત્મા ભિન્ન છે.

બીજા આત્માનું હિત કે અહિત કરવાનો વિકલ્પ આવ્યો તેમાં કોઈ પણ પર અવલંબન લક્ષમાં લઈને વિકલ્પ આવે છે તે વર્તમાન અવસ્થામાં આખું દ્રવ્ય રોકાઈ જાય છે, અખંડ વસ્તુનું જુદું ભાન ન રહ્યું તેથી વિકારી અવસ્થાને પોતારૂપ કરી અને અન્ય આત્માનું હિતાહિત તેમ જ અન્ય આત્માને પણ પોતાપણે કર્યા ને પોતે પણ તે રૂપ થયો. અન્ય આત્માનું હિતાહિત હું કરું છું એટલે હું તે-રૂપ થઈ જાઉં છું એમ માન્યતા કરી એ રીતે પરદ્રવ્યને પોતારૂપ કરે છે.

આત્મા ત્રિકાળી અનંત આનંદથી ભરેલો છે, તેમાં વર્તમાન અવસ્થામાં જે પુણ્ય-પાપનો વિકાર થાય છે તે વિકારમાં જ જે રોકાઈ જાય છે, વિકાર એ જ હું, વિકાર મારું કર્તવ્ય છે એમ માને છે તે પરદ્રવ્યને પોતારૂપ કરે છે. ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના વિચાર, હું મારા સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી તેથી આવે છે એમ ભાન નહિ રહેતાં, હું તેનાથી જુદો છું એમ ભાન નહિ રહેતાં, જે વિચાર આવે છે તેમાં જ રોકાઈ જાય છે, વર્તમાન અવસ્થામાં જ રોકાઈ જાય છે અને પોતાને ભૂલી જાય છે તે પરદ્રવ્યને પોતારૂપ કરે છે.

જેમ નટ નાચતાં નાચતાં દોરને ચૂકતો નથી તેમ હું એક જ્ઞાયક આત્મા છું એમ દોર જો ચૂકયો તો પછી તીર્થંકરદેવ પાસે તે બેઠો હોય, વ્રતમાં કે પૂજામાં બેઠો હોય, ગમે તે શુભક્રિયામાં બેઠો હોય પણ તે પરદ્રવ્યને પોતારૂપ કરે છે, તેથી તેને ચોરાશીના નિવેડા આવે તેમ નથી. અજ્ઞાનથી વિકારનો તે કર્તા થાય છે અને વિકાર એનું કાર્ય થાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર તરફના શુભ પરિણામમાં હોય, શાસ્ત્રશ્રવણમાં બેઠો હોય પરંતુ માત્ર શબ્દ ઉપર લક્ષ હોય તો-માત્ર શબ્દમાં જ એકાકાર હોય તો -શુભ પરિણામમાં જ એકાકાર હોય તો-તેને જુદા જ્ઞાયક આત્માનું ભાન નથી તેથી તે પરદ્રવ્યનો કર્તા છે ને તેને લઈને પરિભ્રમણનો અભાવ થાય તેમ નથી, જ્ઞાનીને જ્ઞાયક આત્માના ભાનનો દોર વર્તે છે, શુભાશુભ પરિણામથી જુદાપણાનો વિવેક વર્તે છે એવી દશામાં શુભ પરિણામ આવે ખરા, પણ તે શુભ પરિણામથી તો સંસાર વધતો નથી પરંતુ અશુભ પરિણામથી પણ સંસાર વધતો નથી કારણ કે તેને શુભાશુભ

પરિણામમાંથી એકત્વબુદ્ધિ ટળી ગઈ છે, તેથી સંસાર પણ ટળી ગયો છે.

કોઈ એમ કહે કે આવા પંચમકાળમાં પુરુષાર્થ કેમ થાય? પણ જેને પુરુષાર્થ કરવો નથી તે એવું કાળનું બ્હાનું કાઢે છે. પોતે પુરુષાર્થ કરે તો કાળ કાંઈ નડતો નથી, પોતાના પુરુષાર્થની મંદતાએ પંચમકાળમાં જન્મ થયો છે તેમાં કાંઈ કાળનું કારણ નથી, ત્યાં પણ તારું પોતાનું જ કારણ છે. પોતાનું માહાત્મ્ય ન આવે એટલે પછી બધા પરનાં બ્હાનાં કાઢે, પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવે તો રાગ-દ્વેષ પણ ઘટે. હું રાગ-દ્વેષને ટાળનારો કેવો ને કેવડો છું એનું માહત્મ્ય આવ્યા વગર રાગ-દ્વેષ વાસ્તવિક રીતે ઓછા થાય નહિ તો પછી ટળે તો ક્યાંથી જ? સ્વરૂપના ભાન વગર કદાચ કષાય મંદ કરે તો પુણ્ય બાંધે, સ્વર્ગમાં જાય પણ ભવના નિવેડા થાય નહિ.

સ્વતત્ત્વ ચૈતન્ય વીતરાગસ્વભાવી રાગ-દ્વેષ વિનાનો કેવો છે એનું ભાન અને એકાગ્રતાના આશ્રય વિના રાગ-દ્વેષ ખરી રીતે ટાળી શકાતા જ નથી.

અનંતકાળસુધી રાગ-દ્વેષ કર્યા, પછી જ્યારે જાગ્યો એટલે કહે છે કે હવે મારે રાગ-દ્વેષ કરવા નથી, હવે મારે રાગ-દ્વેષ જોઈતા નથી; અનંતકાળ સુધી રાગ-દ્વેષ કર્યા અને હવે ક્ષણમાં કહે છે કે હવે મારે રાગ-દ્વેષ જોઈતા નથી એવું ભાન કરનારો કેવડો હશે? એનું માહાત્મ્ય કેવું હશે? એવા અચિંત્ય આત્મ-સ્વભાવના ભાન વિના, એના માહાત્મ્ય વિના, એની દૃષ્ટિ અને દોર વિના કષાય ટળે નહિ, વીતરાગી સ્વભાવના આશ્રય વિના કષાય ખરી રીતે ટળતા જ નથી. આત્મસ્વભાવના આશ્રય વિના-અસ્તિના આશ્રય વિના કષાયની નાસ્તિ થતી નથી. આત્માના ભાન વિના કષાય મંદ કરે તો પુણ્ય બાંધે અને સ્વર્ગમાં જાય પરંતુ આત્માનું ભાન કર્યું નથી તેથી પરંપરાએ નિગોદમાં ચાલ્યો જશે. નિગોદની ગતિ અને મોક્ષની ગતિ સામસામી છે. તત્ત્વદૃષ્ટિનો તદ્દન વિરાધક તે નિગોદમાં જાય છે ને તત્ત્વદૃષ્ટિનો તદ્દન આરાધક તે મોક્ષમાં જાય છે.

વિકારને નાશ કરનારો નવો થતો નથી પરંતુ સ્વતઃસિદ્ધ, અનાદિઅનંત છે. વિકારને નાશ કરનારો અત્યારસુધી રહ્યો ક્યા? કઈ રીતે રહ્યો? તેના ભાન વિના બંધનથી મુક્ત થતો નથી, કર્તાકર્મપણું મટતું નથી. જેવા રાગ-દ્વેષ થયા એવડો પોતાને માન્યો તેથી રાગ-દ્વેષ ટળે ક્યાંથી? રાગ-દ્વેષને નાશ કરનારો એકલો શુદ્ધ-પવિત્ર અનંત વીર્યવાળો આત્મા કેવડો છે? ક્યાં છે? કેવો છે? એના ભાન વિના કષાય ટળે નહિ, કદાચ વર્તમાનકાળ પૂરતા કષાય મંદ થયા દેખાય પણ પાછા એવા ને એવા કષાય થાય.

શરીર, મન, વાણી તો આત્મામાં નથી જ, પણ પુણ્ય-પાપના પરિણામ પણ

આત્મામાં નથી. પરમાં એકાગ્ર ક્યારે થાય કે પર મને લાભ-નુકસાન કરે-મદદ કરે એવી માન્યતા હોય ત્યારે, અને પર મને લાભ-નુકસાન કરે છે એમ ક્યારે મનાય કે પર ને હું બન્ને એક છીએ એમ માને ત્યારે. બે દ્રવ્યને એક માન્યા વગર પર મને અને હું પરને લાભ-નુકસાન કરી શકું છું એવો ભાવ આવે જ નહિ. પરમાં દેવ-ગુરુ-શાસ્ત્ર બધાં આવી ગયા. અજ્ઞાનને કારણે કર્તાકર્મપણું છે, અજ્ઞાન જ કર્મબંધનને ઉત્પન્ન કરવાનું કારણ છે, તે પહેલેથી જ ચાલ્યું આવે છે. અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે તેથી તે અજ્ઞાનરૂપ ઉપાધિપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે. ૯૫.

"તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું" એમ હવે કહે છે:—

**एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धिओ ।**
**अप्पाणं अवि य परं करेइ अण्णाणभावेण ॥९६॥**

અર્થ:—આ રીતે મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની અજ્ઞાનભાવથી પર દ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પર કરે છે.

આત્મા તો નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ છે એનો જે અજાણ છે તે મંદબુદ્ધિ છે-અજ્ઞાની છે, પછી ભલે તે ધારાશાસ્ત્રી હોય કે વડા પ્રધાન હોય, પણ જેને આત્માનું ભાન નથી તે બધા મંદબુદ્ધિમાં સમાઈ ગયા.

અજ્ઞાની જીવ પરને પોતાનું માને છે અને પોતાને પર માને છે, પરમાં લીન થાય છે, અને પરને પોતાનું કરવા મથે છે પરંતુ પર કોઈ દિવસ પોતાનુ થતું નથી.

એ રીતે અજ્ઞાની આત્મા 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ અને 'હું ધર્મ દ્રવ્ય છું' ઇત્યાદિની જેમ પરદ્રવ્યને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે.

આત્મા ક્રોધાદિ વિકાર રહિત છે, પરાશ્રય રહિત છે, પણ અજ્ઞાની તેને વિકાર સહિત ને પરાશ્રય સહિત માને છે-એ રીતે તે પરને પોતારૂપ માને છે. હું પુણ્યના પરિણામથી નભનારો, પુણ્ય વિના મારે ચાલે નહિ એમ પોતાના નિર્વિકાર સ્વરૂપને ભૂલીને વિકારપરિણામ જેટલો જ પોતાને જેણે માન્યો તેણે પોતાને પરરૂપ કર્યો અને પરને પોતારૂપ કર્યા; તડકાની ખબર પડે, છાંયાની ખબર પડે, ટાઢ-તાપની ખબર પડે,

---

જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

ભૂખ લાગી માટે ખાઉં, આ મને અનુકૂળ છે, આ મને પ્રતિકૂળ છે, એમ બધા પરની ખબર પડે પણ હું અખંડ ત્રિકાળી પૂર્ણ સ્વરૂપે કોણ છું તેની ખબર ન મળે, પોતે અનંતગુણ સ્વરૂપ આત્મા છે એવા પોતાના સ્વરૂપનું માહાત્મ્ય નહિ પણ પરનું જ માહાત્મ્ય આવે છે, અભાનપણામાં પરની જ મહિમા આવે છે. અજ્ઞાનને લીધે જેમ વિકારી પરિણામને અજ્ઞાની પોતાનાં કરે છે તેમ ધર્માદિક દ્રવ્ય અને અન્ય જીવ દ્રવ્યને પણ પોતાના કરે છે, પર ઉપર જ દૃષ્ટિ હોવાથી અન્ય જીવનું હિતાહિત હું કરી શકું છું, પરને હું તારી શકું છું એમ તે માને છે અને તેથી તે હિતાહિત પરિણામ પૂરતો જ પોતાને માને છે. ભલે તે એવડો માને પણ એવડો પોતે છે નહિ, સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત છે એમ આચાર્યદેવ કહે છે. ધર્માદિકદ્રવ્યો પણ આત્મામાં નથી, પુણ્ય-પાપના પરિણામ પણ આત્મામાં નથી, પુણ્ય-પાપના પરિણામને પણ પરવસ્તુ કહી છે; તે બધાને અજ્ઞાની જીવ પોતાનાં માને છે. ભગવાન આત્મા તો સમસ્ત પરવસ્તુના સંબંધથી રહિત બેહદ-અમર્યાદિત સ્વભાવવાળો છે પણ અજ્ઞાનીને ભાન નથી તેથી પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે.

આત્મા તો સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ-શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલાં ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવા અનંત અનંત સામર્થ્યથી ભરપૂર વર્તમાનમાં જ છે. સમય-સમય ત્રિકાળી થઈને આત્મા અનંત છે એવી અનંતતા નથી પણ વર્તમાન સમયે જ અનંત સામર્થ્યવાળા ભાવથી ભરેલો છે તેથી અનંત એવો આત્માનો બેહદ સ્વભાવ છે.

વર્તમાન પર્યાયમાં ક્રોધ, માન, માયા અને લોભના જે પરિણામ થાય છે તેની હદમાં રોકાઈ જા તેવડો તું નથી પણ તું તો બેહદ છો. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય વગેરે દ્રવ્યોનું અવલંબન લે તેવડો તું નથી પણ તે બધાથી રહિત બેહદ-અમર્યાદિત સ્વભાવવાળો તું છો, તે બધાં દ્રવ્યોની તારામાં નાસ્તિ છે.

આત્મા શુદ્ધ ચૈતન્યધાતુમય છે, આત્માના સ્વભાવને ધરી રાખે તે ધાતું. આત્મા બેહદ સ્વભાવવાળો છે, પરનું અવલંબન લઈને પર તરફ અટકે તે આત્માનો સ્વભાવ નથી. આત્મા પોતે પોતાને જાણે અને પોતાથી ભિન્ન એવાં બીજાં સર્વ દ્રવ્યોને પણ જાણે એવો બેહદ આત્માનો સ્વભાવ વર્તમાનમાં જ છે, તેવડો બેહદ આત્માને ન માને પણ ક્રોધ, માન આદિ વિકાર જેવડો જ આત્માને માને તે સંસારનું કારણ છે.

આ ગાથા બહુ ઊંચી છે. આત્માના બેહદ સ્વભાવની પ્રતીત-વિશ્વાસ-ભરોંસો લાવ એમ કહે છે.

આત્માના જ્ઞાન-શ્રદ્ધા-શાંતિ-વીર્ય વગેરે સ્વભાવનું સામર્થ્ય અમાપ છે, બેહદ છે. આત્મા પોતાના સ્વભાવથી ખસીને કોઈ દિવસ એકલો વિકારમય થયો નથી તોપણ અજ્ઞાનને લીધે પોતાને સવિકાર અને સોપાધિક માને છે. સ્વભાવના સામર્થ્યના બેભાનને લીધે, ( બેભાન એટલે ડબલ ભાન તેમ અર્થ નથી પણ બેભાન એટલે અજ્ઞાન સમજવું ) સ્વભાવના સામર્થ્યના અભાનને લીધે વર્તમાન વિકાર જેટલો જ પોતાને માને છે એટલે કે સવિકાર પોતાને માને છે.

ક્રોધ, માન, માયા, લોભને પોતાનાં માનવાં તે સવિકાર પરિણામ છે અને છ દ્રવ્યને પોતાનાં માનવાં તે સોપાધિક ચૈતન્યપરિણામ છે, તે વિકારી પરિણામ ચૈતન્યમાં થયા માટે તે પરિણામવાળો થયો થકો તે પ્રકારે હું થનારો છું તેમ તેને ભાસે છે પણ પરને પોતાનું માનવામાં મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાની વિકારી પરિણામમાં ભેગો ભળીને તે મારા છે તેમ માની લે છે પણ જ્ઞાની તે રીતે માનતા નથી; જ્ઞાનીને વિકારનો ભય લાગતો નથી કારણ કે તેણે સાધકદશા પ્રગટ કરી છે તેથી પૂર્ણ વીતરાગતા કેમ પ્રગટાવી શકાશે એવો તેને ભય લાગતો નથી, જ્ઞાનીએ અમુક અંશે વીતરાગ સ્વભાવની જાતને પ્રગટાવી છે તેથી તે પૂર્ણ વીતરાગતા પ્રગટાવતાં ડરતો નથી.

શ્રીમદ્ રાજચંદ્રે દાખલો આપ્યો છે કે સિંહણને સિંહનો ભય ન હોય, નાગણીને નાગનો ભય ન હોય કારણ કે તે પ્રકારનો અજ્ઞાનભાવ તેને ટળી ગયો છે. મને આ દુઃખ આપશે તેવા પ્રકારનું અજ્ઞાન તેને ટળી ગયું છે, આ મને દુઃખ નહિ આપે પરંતુ મારી રક્ષા કરશે તેવી તેને સમજણ છે, તેથી સિંહણને સિંહનો અને નાગણીને નાગનો ભય લાગતો નથી, વસ્તુ ભય કરાવતી નથી પણ અજ્ઞાન ભયનું કારણ છે. માણસોને સિંહનો ભય લાગે છે તે સિંહને કારણે નથી લાગતો પરંતુ પોતાના અજ્ઞાનને કારણે લાગે છે. સિંહને કારણે ભય થતો હોય તો સિંહણને પણ થવો જોઈએ.

મિયાણા કોઈકનું ખૂન કરીને આવે, અથવા ચોરી કરીને ધન લાવે તો મિયાણાની બાયડીને ભય લાગે નહિ કારણકે તેને ખ્યાલ છે કે આ મને પ્રતિકૂળતા કરનાર નથી પણ અનુકૂળતા કરનાર છે.

તેવી રીતે જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ, ક્રોધ-માન વગેરે થાય પણ તે સમજે છે કે આ વિકાર મારા સ્વભાવમાં નથી પણ પુરુષાર્થ મચક ખાઈ જાય છે તેથી વિકારી પરિણામ થાય છે, પરંતુ તે વિકારી પરિણામ સ્વભાવની હદ ચૂકીને થતા જ નથી.

જ્ઞાનીનો પુરુષાર્થ એટલો તીવ્ર છે કે તેને વિકારી પરિણામનો એવો ભય નથી લાગતો કે આ પરિણામ મારા સ્વભાવને ચુકાવી દેશે તો! એવો ભય જ્ઞાનીને લાગતો જ નથી; જ્ઞાની પોતાના સ્વરૂપને અને વિકારના સ્વરૂપને બરાબર જાણે છે. તે સમજે છે કે હું અનંત સામર્થ્યવાળો આત્મા છું, સ્વરૂપના ભાનને ચુકાવી દે એવી વિકારી પરિણામમાં સત્તા નથી. જ્યાંસુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાંસુધી જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય છે, પણ જ્ઞાનીએ અંશે વીતરાગસ્વભાવ પ્રગટ કર્યો છે તેથી તે પૂર્ણ વીતરાગતા પ્રગટાવતાં ડરતો નથી.

અજ્ઞાની પુણ્ય-પાપના વિકાર જેટલો જ પોતાને માને છે તે દોષનું મૂળિયું અજ્ઞાનભાવ છે. લોકો કહે છે કે અમે નીતિ કરીએ છીએ પણ હું આત્મા કોણ છું? મારો શું સ્વભાવ છે? તેની ઓળખાણ વગર અનીતિના ઢગલે ઢગલા પડ્યા છે. વસ્તુનો સ્વભાવ જેમ છે તેમ ન માને અને બીજી રીતે માને તે જ ખરી અનીતિ છે. જેમ લોકમાં જૂઠું બોલે તેને અનીતિ કહેવાય છે તેમ વસ્તુસ્વભાવ જે જાતનો છે તેને તે રીતે નહિ માનતાં વિપરીત માને તે જ ખરું જૂઠું થયું માટે તે જ મોટામાં મોટી અનીતિ થઈ. બેહદ ચૈતન્યમૂર્તિ આત્મા છું તેના ભાન વિના વિકાર ટળે નહિ અને જ્યાંસુધી આત્માનું ભાન નથી ત્યાંસુધી પર પદાર્થના વલણનો ભાવ ટળે નહિ. તે વિકારી પરિણામનું મૂળ કારણ અજ્ઞાન છે, વિકારી-અવિકારી સ્વરૂપનો અવિવેક તે અજ્ઞાન છે. તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે:—

જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત ભયંકર આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

જેના શરીરમાં ભૂત પેઠું તેને આ ભૂત છે ને આ હું મનુષ્ય છું તે જાતનું ભાન રહેતું નથી તેથી ભૂતને અને પોતાને એક કરે છે. ભૂત જે ચેષ્ટા તેના શરીરમાં રહ્યો થકો કરે છે તે ચેષ્ટાને તે પોતાની ચેષ્ટા માને છે, મનુષ્યને શોભે નહિ એવી ચેષ્ટા કરે, સાસુ-સસરા બેઠા હોય ને બાઈઓ ઝંટિયાં ખેંચે, જેમ તેમ બોલે, દોડે, ભાગે, લુગડાં ફાડે, ઘરની વસ્તુઓ ભાંગે-ફોડે વગેરે અનેક જાતની મનુષ્યને ન શોભે એવી ચેષ્ટાઓ કરે અને તે ભાવો બધા મારા છે એવું તેને અજ્ઞાનને લીધે ભાસે, તેથી તે ભાવનો કર્તા થાય છે. કોઈના પાપનો ઉદય હોય તો કોઈ વખતે કોઈને એવા ભૂત-પ્રવેશનો પ્રસંગ બને, કોઈ હલકા વ્યંતર દેવો હોય છે તે કોઈ વખતે જેના પાપના ઉદય હોય ત્યાં પ્રવેશ કરે છે. બાકી ઘણે ઠેકાણે તો બાઈઓ ખોટા ઢોંગ જ કરે છે, મોટે ભાગે તો ઢોંગ જ દેખાય છે. સાચું તો ક્યાંક જ હોય છે. અહીં તો સાચા ભૂત

વળગેલાનું દૃષ્ટાંત આચાર્યદેવે આપ્યું છે. બાઈઓમાં કપટ-કળા બહુ હોય અને ઘરમાં પોતાનું ચાલતું ન હોય, ધણી સાધારણ હોય, દેર સારો હોય, સાસુ કનડગત કરતી હોય, પછી પોતાનું માન વધારવા એવા ખોટા ઢોંગ કરે. એક બાઈ હતી તે કહે કે મને દેવી આવે છે અને જો તમે નહિ માનો તો આ ઘરમાં જે કાળિયો ને ધોળિયો બે બળદ છે તે મરી જશે, તોપણ ઘરમાં કોઈ માને નહિ; પછી રાતમાં તે બાઈ ઊઠી અને ધોળિયા બળદને મારી નાખ્યો, પછી સવારે કહે કે જો હજી તમે નહિ માનો તો આ કાળિયો બળદ પણ મરી જશે. પછી તે રાત્રે બધા ખાનગી જાગ્યા ને જોયું તો બાઈ પોતે અડધી રાત્રે ઊઠી ને બળદ પાસે જતાં બધાએ જોઈ એટલે ઘરના માણસોએ તે બાઈને ખૂબ મારી એટલે ઢોંગ ક્યાંય જતા રહ્યા. એ રીતે એવાં માન-મોટપ લેવા માટે દુનિયામાં ઢોંગ તો બહુ ચાલે છે પણ તેવા ઢોંગવાળાનું આ દૃષ્ટાંત નથી, અહીં તો આચાર્યદેવે સાચું ભૂત જેના શરીરમાં પ્રવેશ્યું હોય તેવાનું દૃષ્ટાંત આપ્યું છે.

તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવક-રૂપ પરને અને પોતાને એક કરે કરે છે. ભાવક એટલે મોહકર્મનું નિમિત્ત અને ભાવ્ય એટલે ક્રોધ, માન, માયા વગેરેના વિકારી ભાવો-તેને મારા માને તે જ ભૂતાવળ વળગી છે, આત્માના ભાન વગર ગાંડા જેવા થઈને પરને પોતાનું માનીને ઘેલછા કરે છે. વ્યંતરનું ભૂતડું વળગે તે તો અમુક કાળની અથવા એક ભવ પૂરતી ગાંડાઈ રહે પણ આ શરીરાદિકને, દ્રવ્યકર્મ અને ભાવકર્મને પોતાનાં માન્યાં તેમાં તો અનંતકાળથી ગાંડાઈ છે, તે ગાંડાઈ તો સમ્યગ્જ્ઞાન થયે જ ટળે, પરમાં સુખબુદ્ધિ મનાણી છે તેથી જ પરને પોતાનું માનવારૂપ ભાવ છે, પણ સમ્યગ્દર્શન વડે પોતાના સ્વરૂપમાં સુખબુદ્ધિ મનાય એટલે પરને પોતાનું માનવારૂપ મિથ્યાબુદ્ધિ ટળી જાય છે.

અજ્ઞાનને લીધે પરને અને પોતાને એક કરતો થકો અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક એટલે શ્રદ્ધા-જ્ઞાનની અવસ્થા થવા યોગ્ય એવો જે ભાવક તેનો અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનના અનુભવરૂપ જે નિર્મળ અવસ્થા તેને અનુચિત એટલે તેને ન શોભે એવાં ક્રોધ, માન, માયા વગેરે વિકારી પરિણામોથી મિશ્રિત ચૈતન્યપરિણામો, મિશ્રિત એટલે પોતે આત્મા જેવો અવિકારી છે તેવી જ અવસ્થા ન રહી પણ અવસ્થા વિકારી થઈ ગઈ તેથી મિશ્રિત ચૈતન્યપરિણામવાળો તેમ કહ્યું. શુભાશુભ વિકારી પરિણામ થાય તેમાં આખો આત્મા તે વિકારી ભાવોરૂપે સલવાઈ જતો નથી પણ માત્ર અવસ્થા પૂરતો સલવાઈ છે, જો આખો આત્મા ક્રોધાદિભાવોરૂપે થઈ જતો

હોય તો પછી ક્રોધાદિભાવો ટાળીને નિર્મળ પર્યાય આત્મા પ્રગટ કરી શકે નહિ; પરંતુ એમ તો બનતું નથી. ક્રોધાદિભાવો ટાળીને નિર્મળ પર્યાય આત્મા પ્રગટ કરી શકે છે માટે તે વિકારીભાવોરૂપ માત્ર વર્તમાન અવસ્થા જ થઈ છે પણ આખો આત્મા વિકારરૂપે થયો નથી પણ નિર્મળ છે.

અજ્ઞાનભાવથી ક્રોધાદિ વિકારી ભાવોનો કર્તા પ્રતિભાસે છે, અજ્ઞાનીને ક્રોધાદિભાવો પોતાના ભાસે છે પણ હું તે ભાવોથી જુદો છું તેમ ભાસતું નથી, હું તો ક્રોધાદિભાવોને જાણનાર છું પણ તે ભાવોરૂપે થનાર હું ખરેખર નથી, હું તો મારાં જ્ઞાન-સુખાદિ સ્વરૂપનો અનુભવ કરનાર છું, નિર્મળ સ્વભાવનો સ્વાદ લેનાર છું પણ આ વિકારી ભાવોનો સ્વાદ લેનારો નથી તેમ અજ્ઞાનીને ભાસતું નથી તેથી તે પ્રકારના ભાવોનો કર્તા થાય છે.

આ ભૂતનો દાખલો આપીને અહીં એમ બતાવ્યું કે જેમ ભૂતની ચેષ્ટા માણસને ન શોભે તેમ આત્મા નિર્મળ જ્ઞાનમૂર્તિ છે તેને તો નિર્મળ અવસ્થારૂપે થવું જ શોભે, નિર્મળ અવસ્થાનું વેદન કરવું તે જ આત્માને તો ઉચિત છે; પરંતુ ક્રોધાદિના પરિણામ થવા તે તો તેને અનુચિત છે. એકલો ચૈતન્યરૂપ ન રહ્યો પણ મિશ્રિત થઈ ગયો કે ક્રોધાદિ જ મારાં કાર્ય છે ને તેનો જ હું કર્તા છું તેવી કર્તાપણાની બુદ્ધિ તે અજ્ઞાન છે. હું તો તેનો જાણનાર છું, કર્તા નથી, પણ નાશક છું, ભક્ષક છું, તેમાં ભળનાર નથી, તેવું ભાન ન રહ્યું અને કર્તા થયો; તે કર્તાપણાનું મૂળિયું અજ્ઞાન છે, અને તે બંધનું કારણ છે.

૨૦૦૦, કારતક સુદ જ્ઞાનપંચમી, મંગળ.

કર્તાકર્મનો અધિકાર ચાલે છે, તેમાં ૯૬ મી ગાથા ચાલે છે. તેની ટીકામાં ભૂતાવિષ્ટનું દૃષ્ટાંત ગઈકાલે આવી ગયું છે કે જેમ કોઈને ભૂત વળગ્યું હોય, પછી આ ભૂતથી હું જુદો છું તેનું ભાન નહિ રહેતાં ભૂતને અને પોતાને એક માને છે અને મનુષ્યને અયોગ્ય ચેષ્ટા કરે તેને પોતાની ચેષ્ટા માને છે; તેમ કર્મના નિમિત્તે થતા વિકારી ભાવોને અજ્ઞાની પોતાના માને છે.

હવે આચાર્યદેવ બીજું દૃષ્ટાંત આપે છે. જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો, 'હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું' એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

કોઈ ભોળો કણબી હતો તેને કોઈ આવા જેવા ભાન વગરના ગુરુ મળી ગયા, તે ઘણાને ધ્યાન કરવાનું કહેતા હશે તેથી આ ભોળા કણબીએ તેના ગુરુને પૂછયું કે મારે શેનું ધ્યાન કરવું? ત્યારે ગુરુએ તેને કહ્યું કે તને જે વહાલું હોય તેનું તું ધ્યાન કર, ત્યારે કણબીએ કહ્યું કે મને તો પાડો વહાલો છે માટે હું પાડાનું ધ્યાન કરું! એમ કહી તે એક નાની ઓરડીમાં પાડાનું ધ્યાન કરવા લાગ્યો કે પાડાનું આવું શરીર છે, પાડાનું આવું મોઢું છે, આવો શરીરમાં જાડો છે, આવડું મોટું તેનું માથું છે ને આવડાં મોટાં શિંગડાં છે એમ પાડાના વિચારમાં એવો એકાગ્ર થયો, કે તે વિચારમાં છ મહિના ગયા, અને પછી પાડો આવો એમ કરતાં કરતાં હું જ પાડો છું તેમ તેને થઈ ગયું, હું ગગન સાથે ઘસાતાં એવાં મોટાં શિંગડાંવાળો છું, બારણું નાનું ને શિંગડાં મોટાં, હવે હું આ ઓરડાના બારણામાંથી કેમ નીકળી શકીશ? એમ કરી ઊભો થયો ને પાડો ચાલે તેમ શરીરને આડુંઅવળું ફેરવીને ચાલવા લાગ્યો, પાડાનું શરીર આડું હોય ને આ મારું શરીર ઊભું છે તેવો કાંઈ પણ ખ્યાલ તેને ન રહ્યો, કારણ કે પાડાનું ધ્યાન કરતાં કરતાં હું જ પાડો છું એવી ભ્રમણબુદ્ધિ તેને થઈ, એવો જ અભ્યાસ થઈ ગયો, તે બારણામાંથી મનુષ્યથી નીકળી શકાય તેવું હતું, મનુષ્ય યોગ્ય તે બારણું હતું કારણ કે પોતે પેઠો તે મનુષ્ય જ હતો ને! એ તો ભ્રમણાથી હું પાડો છું એમ એને થઈ પડયું, તેથી તે ભાવનો કર્તા પ્રતિભાસે છે એટલે કે હું પાડો જ છું એવા જ ભાવ તેને ભાસે છે પણ હું મનુષ્ય છું એમ ભ્રમણાને કારણે તેને ભાસતું નથી, હું પાડો જ છું તે ભાવનો તે કર્તા છે.

તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેય-જ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસને લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવને પોતારૂપ કરે છે.

અજ્ઞાનને લીધે અજ્ઞાની જીવ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલ, અન્ય જીવ—જે બધાં પર દ્રવ્યો છે, જ્ઞેયો છે તે જ્ઞેયને અને પોતાને એક કરે છે; છ દ્રવ્યમાં દેવ, ગુરુ, અને શાસ્ત્ર પણ આવી ગયાં. દેવ, ગુરુ, શાસ્ત્રનું ધ્યાન કરતાં હું દેવ, ગુરુ, શાસ્ત્રરૂપ થઈ ગયો એવો ભ્રમ અજ્ઞાનીને થઈ જાય છે; કોઈ કારણે તેને દેવ, ગુરુનું ધ્યાન કરવાનું કહ્યું ત્યાં તે-મય થઈ જવાનો તેને ભ્રમ ઊપજે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ વગેરે દ્રવ્યોના વિચાર કરવાનું કહ્યું ત્યાં તે પદાર્થો હું છું તેવો ભ્રમ અજ્ઞાનીને ઊપજે છે. જ્ઞાનમાં પરવસ્તુ જણાણી ત્યાં પરથી મારું જ્ઞાન છે, પર વિના મારું જ્ઞાન હોય નહિ, પર વિના મારું જ્ઞાન ઊઘડે નહિ. એ રીતે પરની પડી

ગઈ ટેવ. જેમ પાડાનું ધ્યાન કરતાં હું પાડો છું એવો અધ્યાસ થઈ ગયો તેમ પર પદાર્થનો વિચાર કરતાં હું પર પદાર્થ છું એવો અધ્યાસ અજ્ઞાનીને થઈ જાય છે. ભૂતાવિષ્ટની જેમ વિકારભાવોને પોતાના માનવારૂપ ભૂતડું વળગ્યું અને ધ્યાનાવિષ્ટની જેમ જ્ઞેયને જાણતાં હું જ્ઞેયમય થઈ ગયો એવો ભ્રમ થઈ ગયો; જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાના ધ્યાનમાં અટકયો તેમ અજ્ઞાનીને કોઈ એવા ગુરુ મળ્યા કે આત્માનો વિચાર ન કર્યો અને ધર્માદિના વિચારમાં જ અટકયો. પોતાનું ઉપાદાન એવું હોય તેથી નિમિત્ત એવું મળી રહે છે.

આચાર્યદેવે ટીકામાં કહ્યું કે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ-તે બધાં મનના વિષય છે,શુભભાવના વિષય છે, એટલે એનો અર્થ એમ છે કે સ્ત્રી-કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર તે બધા પણ મનના વિષય છે; સામે ત્રિલોકનાથ તીર્થંકરદેવ હોય તો તે પણ મનના વિષય છે. આત્માનો વિષય સહજસ્વભાવ છે, આત્મા સ્વ-પરપ્રકાશક સામર્થ્યવાળો અનંતગુણનો પિંડ છે તે આત્માનો વિષય છે. મનનું લક્ષ જાય તો શુભાશુભભાવ સુધી જાય છે, મનનો વિષય પર પૂરતો છે. પુસ્તક-પાનાં, દેવ-ગુરુ-શાસ્ત્ર, એક પરમાણુથી માંડીને ત્રિલોકનાથ તીર્થંકરદેવ તે બધા મનના વિષય છે. મનનો વિષય પરપદાર્થ છે. આત્માના સહજ સ્વભાવના ભાનના પુરુષાર્થ વખતે મન સાથે હોય છે પણ તે વખતે મન મુખ્ય નથી પરંતુ આત્મા મુખ્ય છે, આત્માનું ભાન આત્મા વડે થાય છે પણ મન તો સાથે હાજરરૂપે આવી જાય છે. ખરી રીતે મનનો વિષય પર છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્‌ગલ અન્ય જીવ વગેરે વિચારમાં આવતાં જાણે હું પરરૂપ થઈ ગયો એમ અજ્ઞાનીને લાગે છે. આત્માની એકાગ્રતાના અંશમાં પર ઉપર લક્ષ જતું નથી, આત્માની એકાગ્રતાના વિષયમાં પર આવતું નથી. શુભાશુભભાવ હોય છે ત્યારે શુભાશુભભાવનો વિષય પરદ્રવ્ય છે. મનનો વિષય પરદ્રવ્ય છે, વિષય એટલે લક્ષ ને લક્ષ એટલે ધ્યેય, ધ્યેય એટલે સાધ્ય.

ધર્માસ્તિકાયનો વિચાર તે શુભરાગ છે, આકાશાસ્તિકાયનો વિચાર તે શુભરાગ છે, પરમાણુનો વિચાર પણ શુભરાગ છે, અન્ય જીવનો વિચાર પણ શુભરાગ છે, હવે શું બાકી રહ્યું ? બધા આવી ગયા. સ્ત્રી-કુટુંબ, વેપાર-ધંધા વગેરેના વિચાર તે અશુભરાગ છે અને દેવ, ગુરુ, શાસ્ત્ર તેમજ ધર્મ તરફના કોઈ વિચાર આવે તે શુભરાગ છે.

શુભાશુભભાવથી આત્માનો સહજ સ્વભાવ જુદો છે. હું જ્ઞાયકમૂર્તિ છું, મારો સ્વ સ્વભાવ શુભાશુભ ભાવથી જુદો વીતરાગ સ્વરૂપ છે, મારાથી હું જાણનાર છું, સહજ સ્વભાવે હું મને અને આખા લોકાલોકને જાણું એવો મારો સ્વપરપ્રકાશક

સ્વભાવ છે: અધૂરો છું માટે અશુભથી બચવા માટે આ શુભભાવ આવે છે, શુભભાવમાં જોડાવું પડે છે, આવું જ્ઞાનીને ભાન વર્તે છે, આત્માના નિરાળા સ્વભાવનું ભાન થયા પછી પણ અશુભભાવથી બચવા શુભ પરિણામ આવે છે પરંતુ મારું જ્ઞાન મારા વડે થાય છે પણ જાણવામાં પર જ્ઞેય હોય છે એવું જ્ઞાનીને ભાન વર્તે છે.

મનના વિષયરૂપ છ દ્રવ્ય વડે શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવલબોધ (જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને મૃતક કલેવર (શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

પોતાના જ્ઞાયકસ્વભાવને જ્ઞાન વડે ધારી રાખવો જોઈએ તેને બદલે મનના વિષયમાં શુદ્ધ ચૈતન્યધાતુ રોકાઈ ગઈ, શુદ્ધ ચૈતન્યસ્વભાવ મનના વિષયમાં રોકાયેલ હોવાથી, ધર્માદિના વિચારમાં-શુભાશુભ ભાવમાં શુદ્ધ ચૈતત્યધાતુ રોકાઈ ગઈ, હું પરનું અવલંબન લઈશ તો જ ટકી શકીશ એમ માની પરમાં રોકાણો તેથી ચૈતન્યધાતુ ત્યાં રોકાઈ ગઈ.

સિદ્ધ ભગવાન, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, મુનિરાજ—એ પંચ પરમેષ્ઠી અરૂપી છે અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશાસ્તિ, કાળ તે પદાર્થો પણ અરૂપી છે. તે બધા અરૂપી પદાર્થો મનના વિષયમાં આવી શકે છે પરંતુ તેનાથી હું જુદો છું એમ ભાન નહિ કરતાં મનને અને મનના વિષયને એક કરતો ત્યાં રોકાયેલો હોવાથી જ્ઞેય-જ્ઞાયકને એક કરે છે.

હવે પાંચ ઇંદ્રિયોના વિષય જે રૂપી પદાર્થ છે તેના વર્ણમાં, રસમાં, ગંધમાં અને સ્પર્શમાં રોકાયેલો હોવાથી કેવળ બોધ ઢંકાયેલો છે; કેવળ બોધ ઢંકાયેલો હોવાથી મૃતક કલેવર એવું જે શરીર, તે વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયો છે. આ શરીર તો મૃતક કલેવર જ છે ને! મડદું જ છે ને! જીવ હોય ત્યારે શરીરને સચેત કહેવામાં આવે છે તે માત્ર ચૈતન્ય જોડે છે તે અપેક્ષાએ ઉપચારથી કહેવાય છે પરંતુ વાસ્તવિક રીતે તો જીવ હોવા છતાં શરીર તો મડદું જ છે. એકલા શરીરને એના ઉપાદાનથી લક્ષમાં લ્યો તો તે મરેલું મડદું જ છે. જીવ વગરનું મૃતક કલેવર જ છે, તેને જીવતું કહેવું તે પાણીના કલશા જેવું છે. કલશો તો ખરેખર પિત્તળનો જ છે પરંતુ પાણીના સંયોગે પાણીનો કલશો કહેવાય છે પણ ખરેખર કળશો પાણીનો થતો નથી; તેમ શરીર તો ખરેખર મરેલું મડદું જ છે પરંતુ જીવના સંયોગે તેને સચેત કહેવાય છે પણ ખરેખર તે સચેત છે નહિ, ઉપચારથી સચેત કહેવાય છે.

એકેંદ્રિયજીવનું શરીર, બેઇંદ્રિયજીવનું શરીર, લીલોતરીનું શરીર, દેવનું શરીર, નારકીનું શરીર, મનુષ્યનું શરીર, એમ જે કહેવું તે બધું પાણીના કળશા જેવું છે. જીવ તે શરીરમય થતો નથી; જો તે શરીરમય જીવ થઈ જતો હોય તો એક શરીરમાંથી નીકળીને બીજું શરીર ક્યાંથી ધારણ કરી શકે? માટે તે શરીરમય જીવ થતો નથી પણ જીવ એવા ભાવ કરે છે તેથી તેવી તેવી જાતનાં શરીર મળે છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે છતાં જીવ તે જીવરૂપ જ છે—જ્ઞાનરૂપ જ છે અને શરીર તે મૃતક કલેવર જ છે.

પરમ અમૃત વિજ્ઞાનઘન અમૃતનો પિંડ આત્મા અજ્ઞાનને લઈને શરીરરૂપ મરેલા મડદે મૂર્છાણો છે. મડદાની કેટલી ચિંતા! સવારમાં ઊઠે ત્યાંથી કેટલી ચિંતા! જંગલ જાવું, દાતણ કરવું, ખાવું-પીવું, વળી શરીરમાં રોગ હોય તો ફરવું પડે વગેરે શરીરની અનેક જાતની ચિંતા, ચોવીસે કલાકના ટાઈમટેબલ ઘડી રાખ્યા હોય તોપણ તે શરીર તો મડદું જ છે. મડદાની કેટલી ચિંતા કરીશ? માટે શરીરની ચિંતા છોડીને આત્માનું ભાન કર! પરમ અમૃત વિજ્ઞાનઘન મડદે કેમ મૂર્છાણો છે? મડદે કેમ રોકાણો છે? હવે જાગૃતિ કરીને આત્માનું ભાન કર! અને એમાં ઠરી જા! આચાર્યદેવે શરીરને મડદું કહ્યું છે અને તેના સામે આત્માને પરમ અમૃત વિજ્ઞાનઘન કહ્યો છે.

છ પદાર્થના વિચારમાં ચૈતન્યધાતુ રોકાઈ ગઈ, પાંચ ઇંદ્રિયના વિષયમાં કેવળ બોધ ઢંકાઈ ગયો ને પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘનસ્વભાવ મૃતક કલેવરમાં મૂર્છિત થયો. પહેલા બોલમાં રોકાઈ ગયો કહ્યું, બીજા બોલમાં ઢંકાઈ ગયો કહ્યું અને ત્રીજા બોલમાં મૂર્છિત થયો કહ્યું, એમ ત્રણે બોલમાં એકેકથી ચડતો શબ્દ છે.

આ શરીરને મરેલા મડદાની ઉપમા આપી છે. આત્મા તો શાશ્વત નકોર મૂર્તિ છે, કાંઈ પણ પરનું કરવું તે તેનો સ્વભાવ નથી, પુણ્ય-પાપના પરિણામ પણ આત્માનો સ્વભાવ નથી; પરંતુ અજ્ઞાનને લીધે અમૃતઘન ભગવાન આત્મા મડદાના રખોપામાં મૂર્છાઈ ગયો છે, મૂંઝાઈ ગયો છે; આ શરીરને આમ રાખવું ને આ શરીરને તેમ રાખવું એવી ઘટમાળ કર્યા જ કરે, શરીરની પુષ્ટિનાં સાધનોની ચિંતા કર્યા જ કરે છે, પેટમાં જોઈએ રોટલો અને ઉપાડયો પાંચ દશ લાખનો પોટલો ને માથે મૂકયો મોટલો; પછી ભાઈસાહેબ જાણે કે હાશ! ઠીક થયું. જેને પૈસા ન હોય તેને પૈસાવાળા થવાની ચિંતા અને જેને હોય તેને તેથી પણ વધારે ભેગું કરવાની ચિંતા; ગમે તેટલા લાખ થાય તોપણ સંતોષ નહિ અને જેટલા પૈસા છે તેને સાચવવાની ચિંતા, એ રીતે અમૃતઘન આત્મા પરમાં મૂંઝાઈ ગયો છે.

મનના વિષયમાં છએ પદાર્થ આવ્યા, સ્ત્રી, કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર બધું

આવ્યું. મનનો વિષય, ઇંદ્રિયનો વિષય અને મૃતક કલેવરમાં મૂર્છાણો તે ત્રણેમાં કર્તાપણાની બુદ્ધિ છે, તે ત્રણે પ્રકારના ભાવથી બંધન થાય છે. મનના વિષયમાં છ પદાર્થ આવ્યા તેનાથી હું જુદો કેમ હોઉં! એટલે કે હું તેની સાથે એકમેક છું પણ જુદો નથી, પાંચ ઇંદ્રિયના વિષયથી હું જુદો કેમ હોઉં! એટલે કે હું તેની સાથે એકમેક છું એમ અજ્ઞાની માને છે, મૃતક કલેવરથી હું જુદો કેમ હોઉં! એટલે કે હું તેમાં એકમેક છું પણ જુદો નથી, એવી ઊંધી દૃષ્ટિથી પરનો કર્તા થાય છે અને તેથી બંધન થાય છે.

અહીં ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું અને ધર્માદિક અન્ય દ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું. પાડાનું ધ્યાન કરનારને એમ થઈ ગયું કે હું પાડો જ થઈ ગયો, ફોનોગ્રાફની રેકર્ડ ઉતારનારો, પહેલાં રેકર્ડમાં કઈ રીતે શબ્દ ઉતારવા તેમાં એવો એકાગ્ર થઈ ગયો કે ત્રણ દિવસ સુધી ચા પીવાની ખબર રહી નહિ. જુઓ, ઊંધા ધ્યાનમાં કેટલો એકાગ્ર થયો! એવી રીતે આત્મા સિવાય આત્માને ભૂલીને છ પદાર્થોના વિષયમાં, પાંચ ઇંદ્રિયના વિષયમાં, શરીરમાં એકાગ્ર થયો તે બધું પાડા જેવું જ ધ્યાન છે. જ્ઞેયરૂપ ધર્માદિક છ દ્રવ્યોને જ્ઞાયક સાથે એકરૂપ કરતો, ઇંદ્રિયોના વિષયોને અને શરીરને જ્ઞાયક સાથે એકરૂપ કરતો પરનો કર્તા થાય છે અને તેથી બંધન થાય છે. ૯૬.

તેથી પૂર્વોક્ત કારણથી એમ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે. જ્ઞાનમાં, દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. જ્ઞાનથી જ કર્તાપણાનો નાશ થાય છે એમ હવે કહે છે:—

**एदेण दु सो कत्ता अदा णिच्छयविदूहिं परिकहिदो ।**
**एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं ॥ ९७ ॥**

અર્થ:— આ (પૂર્વોક્ત) કારણથી નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ તે આત્માને કર્તા કહ્યો છે—આવું નિશ્ચયથી જે જાણે છે તે (જ્ઞાની થયો થકો) સર્વ કર્તૃત્વને છોડે છે,

---

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
—એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

આ પૂર્વોક્ત કારણથી નિશ્ચયના જાણનારા સર્વજ્ઞ ભગવાનને તે આત્માને કર્તા કહ્યો, જે આત્માને પોતાના સ્વરૂપનું ભાન નથી તે જ પરનો કર્તા થાય છે. કર્તાનું આવું સ્વરૂપ છે એમ જે જાણે છે તે જ્ઞાની થયો થકો પરના કર્તાપણાના ભાવને છોડે છે. તે એમ જાણે છે કે પર વિકાર તે મારામાં છે જ નહિ, પર વસ્તુ પણ મારામાં છે જ નહિ; પુણ્ય-પાપના ભાવમાં અજ્ઞાનપણે એકરૂપે થઈ જતો તે હું પુણ્ય-પાપના ભાવથી તદ્દન જુદો જ છું, હું કોઈ કાળે પુણ્ય-પાપના ભાવરૂપે થયો જ નથી તો પછી પર વસ્તુરૂપે થયો હોઉં એમ તો બને જ કયાંથી? હું અનાદિ અનંત જ્ઞાયકસ્વરૂપે એકરૂપે છું, પુણ્ય-પાપના ભાવ અવસ્થામાં થતાં, ઊપજતાં અને બદલતાં મારું ચૈતન્યદ્રવ્ય તે અવસ્થારૂપે કોઈ કાળે થયું જ નથી, આવું જાણનારો ભગવાનનો ભક્ત, ભગવાનનો દાસ કર્તાપણાને છોડે છે.

આ આત્મા અજ્ઞાનને લીધે પરનો ને પોતાનો એકપણાનો આત્મવિકલ્પ કરે છે તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે—આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે.

અજ્ઞાની મૂઢ, આત્માનો વિરોધી—ભગવાનનો વિરોધી એમ માને છે કે પર ને હું બન્ને એક છીએ, તેવો આત્મવિકલ્પ કરે છે તેથી પરનો કર્તા થાય છે. વિકાર અને હું બન્ને એક છીએ એવું અજ્ઞાનીને ભાસે છે, વિકારરૂપે થયો તેથી તેને ટાળવાનું રહ્યું નહિ, પરરૂપે થયો તેથી પોતે જુદો રહ્યો નહિ, પર સાથે એકત્વબુદ્ધિને લઈને કર્તાપણું ઊભું રહે છે; આવી જાતના અજ્ઞાનના સ્વરૂપને જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે. સાચી આત્માની ભક્તિ કરનાર-સાચી ભગવાનની ભક્તિ કરનાર એમ માને છે કે વિકાર મારા થતા નથી, પર પદાર્થ મારા થતા નથી, હું તો બધા પદાર્થોથી જુદો જ્ઞાતા છું, આવું જેને જ્ઞાન છે તે પરનો અકર્તા જ છે.

આ આત્મા અજ્ઞાની થયો થકો અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને મિલિત (-એકમેક મળી ગયેલા) સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્ગલ-કર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી), જેને ભેદ-સંવેદનની (ભેદજ્ઞાનની) શક્તિ બિડાઈ ગયેલી છે એવો અનાદિથી જ છે.

આખા ત્રિકાળી સ્વભાવનું અભાન તે જ અજ્ઞાન. આચાર્યદેવ કહે છે કે આવી અજ્ઞાનની ભૂલ કાંઈ અત્યારની નથી પણ અનાદિ સંસારથી આવી ભૂલ જીવ કરતો જ આવ્યો છે, કોઈ વાર સવળી દૃષ્ટિ કરી જ નથી, દૃષ્ટિને ફેરવી જ નથી, સ્વભાવ સામું જોયું જ નથી તેથી સ્વભાવનો અમૃત સ્વાદ લીધો જ નથી, પરંતુ

વિકારનો મિલિત સ્વાદ લીધો છે. આત્મા જ્ઞાન અને શાંતરસ સ્વરૂપે છે તેનું ભાન નહિ હોવાથી પુણ્ય-પાપના ભાવને જ અનુભવે છે.

અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે તેથી એને એમ લાગે છે કે પર ને હું બન્ને એક થઇ ગયા છીએ તેથી તેને શુભાશુભભાવનો સ્વાદ આવતાં પર ને હું બન્ને એક થઈને સ્વાદ આવે છે એમ તે માને છે. એકમેક મળી ગયેલાનો એવો અર્થ છે કે આત્માના સ્વાદનો આનંદ ચૂકીને પુણ્ય-પાપના સ્વાદનો જ અનુભવ કરે છે પરંતુ થોડો આત્માનો નિર્મળ આનંદ અને થોડો પરનો આનંદ-એવો તેનો અર્થ નથી, પણ અજ્ઞાની પરની અને પોતાના આત્માની જુદાઈ નહિ જાણતો હોવાથી પરને અને પોતાને એકમેક માને છે તેથી પરના અને પોતાના મિલિત સ્વાદનો અનુભવ અજ્ઞાની કરે છે એમ કહ્યું છે; અજ્ઞાની માત્ર વિકારી સ્વાદને જ અનુભવે છે પરંતુ નિર્વિકારી સ્વાદને જરાપણ અનુભવતો નથી.

પાંચ શેર દૂધમાં માત્ર અડધા ભાર ઝેર નાખે તો તેમાં બધો ઝેરનો જ સ્વાદ આવે પણ દૂધનો કાંઈ પણ સ્વાદ ન આવે; તેમ આત્માનો તો એકલો આનંદસ્વભાવ છે. મીઠા દૂધ જેવો સ્વભાવ છે, પણ તેમાં ઊંધી દૃષ્ટિના ઝેરને લીધે માત્ર આકુળતાનો સ્વાદ લે છે, રાગ-દ્વેષનો સ્વાદ લે છે, મલિન સ્વાદ લે છે. અશુભભાવ તો આકુળતા છે જ, પણ શુભભાવ પણ આકુળતા છે; બન્ને કર્મના નિમિત્તે થતા ભાવ છે, પોતાનો સ્વાદ ચૂક્યો એટલે એવા આકુળિત સ્વાદમાં લીન થયો, દુઃખમય સ્વાદમાં લીન થયો.

ઘણા કહે છે કે લાડવામાંથી સ્વાદ આવે છે, કારેલાંના કડકડિયા શાકમાંથી સ્વાદ આવે છે; પણ ભાઈ! તું જરા વિચાર તો ખરો! જડનો સ્વાદ આત્મામાં આવે ખરો? પુદ્‌ગલનો સ્વાદ આત્મામાં આવે ખરો? માત્ર લાડવા પ્રત્યેના રાગનો સ્વાદ આવે છે. આ ચીજ ગળપણવાળી છે એમ માત્ર જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે પરંતુ રાગ કર્યો તેથી તને રસ લાગ્યો. આવે છે પોતાના રાગનો રસ, અને માને છે કે લાડવાનો રસ આવે છે. જો લાડવામાંથી રસ આવતો હોય તો મોઢામાં લાડવો હોય અને વેપાર-ધંધાની ચિંતામાં ચડી ગયો હોય તો તેને તે વખતે ચિંતાનો સ્વાદ આવે છે, લાડવાના સ્વાદની ખબર પણ રહેતી નથી; માટે સિદ્ધ થાય છે કે લાડવાનો રસ નથી પણ પોતાના રાગનો રસ છે. રાગનો સ્વાદ આકુળિત છે, આત્માનો નિર્વિકારી સ્વાદ અદ્‌ભુત અને નિરાકુળ છે.

મોઢામાં કારેલાનું કડકડિયું શાક હોય તે વખતે દીકરો પરદેશમાંથી આવે તો દીકરાના રાગમાં ચડી જાય અને શાક ને રોટલી શું ખવાય છે તેનો ખ્યાલ પણ ન રહે માટે શાકમાંથી સ્વાદ આવતો નથી પણ પોતાના રાગનો સ્વાદ આવે છે. એ રીતે

બધા પ્રકારોમાં સમજી લેવું કે પુદ્‌ગલમાંથી સ્વાદ આવતો નથી પણ પોતાના રાગનો–વિકારી પર્યાયનો સ્વાદ આવે છે.

પર વસ્તુને જાણતાં જ્ઞાન ત્યાં રોકાઈ જાય છે, રોકાણો તેથી રાગ થયો એટલે અજ્ઞાનીને એમ લાગે છે કે પરમાંથી રસ આવ્યો, તેથી તે રાગના સ્વાદમાં અટકે છે, અરાગી સ્વાદને ચૂકીને રાગના સ્વાદમાં સેળભેળ થઈ જવાથી તેની ભેદસંવેદનની શક્તિ બિડાઈ ગઈ છે.

હું આત્મા જાણનાર છું, મારામાં જ આનંદ છે, તે આનંદ નિરાકુળ છે, સુખમય છે, શાશ્વત છે અને રાગનો રસ પર જનિત છે, આકુળિત છે, દુઃખમય છે, ક્ષણિક છે એવી સ્વ–પરના સ્વાદની જુદાઈનું વિવેકી જ્ઞાન નહિ હોવાથી, ભેદજ્ઞાન નહિ હોવાથી જેની ભેદસંવેદનશક્તિ બિડાઈ ગઈ છે એવો અનાદિથી જ છે, તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે; તેથી હું ક્રોધ છું, હું માનસ્વરૂપ છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું શરીર છું, હું ઠીંગણો છું, હું લાંબો છું, હું કાળો છું, હું ધોળો છું, વગેરે પરમાં આત્મવિકલ્પ કરે છે એટલે કે પરમાં પોતાપણાનો વિકલ્પ કરે છે, તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.

આત્માનો સ્વભાવ નિર્વિકલ્પ છે, આત્મામાં શુભાશુભભાવના વિકલ્પો નથી. જ્ઞાનમાં શુભાશુભરાગથી ભેદ પડે તે વિકલ્પ છે, તે વિકલ્પ કૃત્રિમ છે કારણ કે તે ક્ષણે ક્ષણે પર નિમિત્તે થતો નવો ભાવ છે, ભેદરૂપ ભાવ છે, સહજ–અકૃત્રિમ ભાવ નથી, આત્મા તો અકૃત્રિમસ્વભાવે છે. પર પદાર્થને પોતાના માનનાર–પોતાપણે વિકલ્પ કરનાર, કૃત્રિમ અને અકૃત્રિમ સ્વભાવનો ભેદ પાડી શકતો નથી. જે માણસ ખાવાનો ગૃદ્ધિ હોય તે ખાંડના અને સાકરના લાડવાના સ્વાદને જુદો પાડી શકતો નથી, ખાંડના અને સાકરના લાડવાના સ્વાદમાં તફાવત હોય છે પણ સ્વાદનો ગૃદ્ધિ તે સ્વાદમાં કયાં ભેદ પડે છે, કયાં તફાવત પડે છે તેને જાણી શકતો નથી, તેમ અજ્ઞાની પરમાં આસક્ત થયો થકો પોતાનો નિર્વિકલ્પ, અકૃત્રિમ સ્વભાવ અને પરની આસક્તિવાળા થતા નવા કૃત્રિમ વિકાર ભાવો તેનો ભેદ પાડી શકતો નથી અને વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ થયો થકો અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો પ્રતિભાસે છે.

અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર ને પર ઉપર જ છે તેથી પરનું આમ કરી દઉં અને પરનું તેમ કરી દઉં, તે રીતે પરનો ઓશિયાળો તે કાંઈ ઓશિયાળો! જાણે પરમય જ! પણ તું ગમે તેટલું કર છતાં પુણ્ય વગર એક કણિયો માત્ર પણ ફળે તેમ નથી, માત્ર વિકલ્પ કર્યા કરે, બીજું કાંઈ બની શકે નહિ; હું એક પરથી નિરાળી ચીજ છું

તેમ ભાન કર, તો બધી ઓશિયાળ ટળી જશે. જ્ઞાનસ્વરૂપ આત્માને સમજવાથી અને ઠરવાથી કર્તાપણું ટળી જાય છે અને અકર્તાપણું થાય છે.

૨૦૦૦, કારતક સુદ ૬, બુધ.

અધિકાર કર્તાકર્મના ચાલે છે, ગાથા ૯૭ મી ચાલે છે. ટીકામાં અજ્ઞાનીના કર્તાપણાની વાત થઈ ગઈ, હવે જ્ઞાનીની વાત આવે છે.

જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનની આદિથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી ( અર્થાત્ પુદ્ગલકર્મના અને પોતાના સ્વાદનું-એકરૂપે નહિ પણ ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી ), જેની ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે એવો હોય છે.

આત્મા જ્યારે જ્ઞાની થાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે ત્યારથી તે આત્માનો સ્વાદ અને રાગ-દ્વેષનો સ્વાદ ભિન્નભિન્નપણે અનુભવે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું એટલે આત્માનો સિદ્ધ જેવો અમુક અંશે અનુભવ સમ્યગ્જ્ઞાની કરે છે; પૂર્ણ વીતરાગતાનો અનુભવ પ્રગટ્યો નથી તેથી અમુક અંશે કષાયનું વેદન રહ્યું છે પણ તે કષાયના અંશનો અને આત્માના પવિત્ર નિર્મળ અંશનો તદ્દન પૃથક્ પૃથક્પણે એટલે કે ભિન્નભિન્નપણે અનુભવ કરે છે પરંતુ એકરૂપે અનુભવ કરતો નથી તેથી તેને ભેદ-સંવેદનશક્તિ ઊઘડી ગઈ છે; રાગ-દ્વેષના અલ્પ અંશ રહ્યા છે તેને ટાળવા જેવા માને છે અને પોતાના સ્વરૂપસંવેદનમાં લીન થવું તેને આદરણીય માને છે; જે નાશ કરવા જેવું છે તેને પોતાનું કર્તવ્ય માનતો નથી પણ જે આદરણીય છે તેને જ પોતાનું કર્તવ્ય માને છે, આત્માના સ્વાદને અને કષાયના સ્વાદને એકમેક માનતો નથી. આત્માનો સ્વાદ શાંત, નિર્મળ અને પરમ આનંદરૂપ છે તેને તે-રૂપે અનુભવે છે અને કષાયને દુઃખરૂપે-આકુળતારૂપે અનુભવે છે; એ રીતે જેને ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે—એવી ભેદ પાડવાની વિવેકશક્તિ જેને ઊઘડી ગઈ છે તે જ્ઞાની છે.

ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે તેથી તે જાણે છે કે અનાદિ નિધન નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ ( ભિન્ન ), અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આત્મા છે અને કષાયો તેનાથી ભિન્નરસવાળા ( કષાયેલા-બે સ્વાદ ) છે.

જ્ઞાની એમ સમજે છે કે હું તો અનાદિઅનંત છું, મારો આત્મા કોઈથી ઉત્પન્ન થયો નથી તેથી તેની આદિ નથી અને તેનો કયારે પણ નાશ થવાનો નથી.

જેની ઉત્પત્તિ હોય તેનો નાશ હોય, આત્માની ઉત્પત્તિ નથી તેથી તેનો નાશ પણ નથી માટે આત્મા અનાદિ અનંત છે. નિરંતર સ્વાદમાં આવતો એવો ચૈતન્યરસ છે; તે ચૈતન્યરસ સમસ્ત અન્ય રસથી વિલક્ષણ છે. દુનિયાના હર્ષ-શોકનો જેટલો સ્વાદ છે તે બધો વિકારનો સ્વાદ છે, બરફી ખાવામાં આવે અને જે હર્ષ થાય, શરીરમાં રોગ આવે ને જે ખેદ થાય, ઇંદ્રપદ કે રાજપદ મળે ને જે હર્ષ થાય, દીકરો મરે ને જે શોક થાય, તે બધા વિકારી રસ છે, આત્માના રસ નથી. તે સમસ્ત વિકારીરસથી વિપરીત લક્ષણવાળો આત્માનો રસ છે જે અત્યંત મધુર છે. ચૈતન્યનો રસ અત્યંત મીઠો છે, મધુરો છે, અમૃતસ્વાદથી ભરેલો કોઈ અપૂર્વ રસ છે, એવો આત્મા છે. આત્માના રસ આગળ જગતના સમસ્ત રસ ફિક્કા ભાસે છે. પુણ્ય-પાપના પરિણામ, દયાના ભાવ કે હિંસાના ભાવ તે સમસ્ત શુભાશુભભાવો આત્માના સ્વાદ આગળ કષાયેલા-બેસ્વાદ લાગે છે.

આજે તો બહુ સેવા કરી, આજે તો બહુ દયા કરી, આજે તો મન બહુ આનંદમાં છે એમ ઘણા કહે છે પરંતુ તે બધો કષાયનો સ્વાદ છે, શુભપરિણામની પ્રવૃત્તિમાં આનંદ માનવો તે રાગનો આકુળિત સ્વાદ છે. તે રાગથી આત્માનો નિવૃત્ત આનંદસ્વભાવ જુદો છે, આત્માનો રસ અને કષાયનો રસ તે બન્નેમાં એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાન છે.

જ્યારે જ્ઞાન થાય છે ત્યારે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે, ભિન્નતાના ભાનવડે પર વિકાર સાથે આત્મવિકલ્પ જરાય કરતો નથી. અકૃત્રિમ એક જ્ઞાન જ હું પરંતુ કૃત્રિમ, અનિત્ય, અનેક જે ક્રોધાદિક તે હું નથી એમ જાણતો થકો 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી, સમસ્ત કર્તૃત્વને છોડી દે છે તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.

દીકરા-દીકરીને પરણાવવા વગેરેનો જે ભાવ તે અશુભભાવ છે અને દયા વગેરેનો જે ભાવ છે તે શુભભાવ છે, તે શુભાશુભ ભાવોને આત્મા સાથે એક માનવા તે અજ્ઞાનભાવ છે. પુણ્ય-પાપના પરિણામ થાય તે કૃત્રિમ છે અને આત્માનો સ્વભાવ તો અકૃત્રિમ છે. શરીર-મન-વાણી તો દૂર રહ્યાં પણ ક્રોધ-માન-માયા વગેરે ભાવ થાય તે પણ કૃત્રિમ છે એટલે કે અનિત્ય છે, અને આત્મા તો અકૃત્રિમ છે એટલે કે સ્વતઃ સિદ્ધ, નિત્ય, કાયમ રહેનારી વસ્તુ છે. શરીર-મન-વાણી વગેરે તો બાજુએ રહ્યા પરંતુ અણુવ્રત અને મહાવ્રતના પુણ્યપરિણામ થાય તે પણ અનિત્ય છે. ક્ષણિક છે, કૃત્રિમ છે. જ્ઞાન થયા પછી હું વિકારી છું, હું ક્રોધી છું એમ આત્મવિકલ્પ જરાય કરતો નથી એમ આચાર્યદેવે કહ્યું છે. લડાઈમાં ઊભો હોય તોપણ લડાઈની ક્રિયામાં અને લડાઈના

અશુભપરિણામમાં જરાય આત્મ-વિકલ્પ કરતો નથી. જ્ઞાની પોતાના જ્ઞાયકના સામર્થ્ય સિવાય અન્ય કાંઈ કરતો નથી, લડાઈમાં ઊભો હોય તોપણ દૃષ્ટિથી છૂટી ગયો છે, જ્ઞાતાપણે પરથી નિરાળો જુદો ઊભો રહે છે, અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને પોતાના ગણતો નથી, તેનો સ્વામી થતો નથી. તે સમજે છે કે સ્થિરતા ઓછી છે તેથી રાગમાં જોડાઈ જવાય છે પરંતુ ભિન્નતાના ભાનવડે પરનો-વિકારનો સદાય જ્ઞાતા જ રહે છે અને તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે; સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે.

કોઈ કહે કે જ્ઞાની ઉદાસીન હોય તો ધંધો-વેપાર કેમ કરે છે ? ભાઈ ! ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ અંતરથી ઉદાસીન જ છે પરંતુ અલ્પ રાગ રહ્યો છે તેથી ગૃહસ્થાશ્રમમાં ઊભા છે. પોતાને કેટલો રાગ થાય છે, કેટલો દ્વેષ થાય છે, કેટલો હર્ષ થાય છે, કેટલો શોક થાય છે વગેરે વધું જ્ઞાતાભાવે જાણ્યા જ કરે છે. અંતરથી ઉદાસીન જ છે તોપણ અલ્પ રાગ છે ખરો. જો એટલો પણ રાગ ન હોય તો ત્યાગી થઈ જાય, અલ્પ રાગ છે તે છૂટતાં ગૃહસ્થાશ્રમ પણ છૂટી જાય છે; જો સર્વથા રાગ છૂટી જાય તો મુનિપણું થઈ જાય, રાગને અને બાહ્ય પદાર્થોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પાંચમી ભૂમિકાએ અમુક અંશે ત્યાગ આવે છે અને છઠ્ઠી ભૂમિકાએ સર્વથા ત્યાગ આવે છે; વળી ત્યાં સ્વરૂપરમણતા ઘણી ઘણી વધી જાય છે અને બહારથી પણ તદ્દન નગ્ન દિગંબર મુનિપણું આવે છે. વસ્ત્રનો રાગ છૂટતાં વસ્ત્ર પણ છૂટી જાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જેવો માતાએ જન્મ્યો તેવું માત્ર શરીર રહે છે, કોઈ પણ જાતની કૃત્રિમતા રહેતી નથી.

અહીં તો ચોથી ભૂમિકાવાળી વાત ચાલે છે. જ્ઞાની અનેક પ્રકારના વિકારી પરિણામથી પોતાને જુદો માને છે, પોતે એકરૂપ-અભેદરૂપ છે તેની સામે આચાર્યદેવે કષાયના પરિણામ અનેક કહ્યા છે, એકની સામે અનેક કહ્યું છે. આત્માનો સ્વભાવ નિર્મળ જ્ઞાયકરૂપ છે. મારા સ્વભાવમાં કષાય નથી, રાગ-દ્વેષ પર્યાયમાં-અવસ્થામાં છે પણ સ્વભાવમાં નથી, અવસ્થામાં છે માટે ટાળી શકું છું એવા નિર્ણય વગર પ્રયત્ન કરી શકાય નહિ. આ વાત આબાળ-ગોપાળ સર્વને માટે છે. પ્રથમ એકડિયાની આ વાત છે. શ્રદ્ધાની વાત તે પ્રથમ એકડો છે અને ચારિત્રની-સ્વરૂપરમણતાની વાત તે મેટ્રિકની છે. શ્રદ્ધા પહેલી હોય, વર્તન પછી આવે; પ્રથમ શ્રદ્ધા કરીને કષાયથી જુદો પડે છે, પછી અલ્પકષાય રહે છે તેને પણ જ્ઞાની ટાળે છે.

ગરમ પાણીમાં વર્તમાન અવસ્થા પૂરતી ઉષ્ણતા છે, જે ટાણે ઉષ્ણતા છે તે જ ટાણે શીતળતા છે; એમ આત્માની અવસ્થામાં વર્તમાન પર્યાય પૂરતી મલિનતા છે,

જે ટાણે મલિનતા છે તે જ ટાણે આત્મામાં નિર્મળતા ભરી છે. જે રાગ-દ્વેષને ટાળવા માગે છે તે કાંઈ બીજું રાખવા પણ માગે છે; રાખવા જેવી વસ્તુ શું છે તેની શ્રદ્ધા ને જ્ઞાન કર્યા પછી શ્રદ્ધાના જોરમાં સ્થિરતા વધી જાય છે અને રાગ-દ્વેષ ટળી જાય છે. આત્મા શું વસ્તુ છે એની ઓળખાણ અને પ્રતીત કર્યા વિના મલિનતા ટાળવાનું જોર આવશે નહિ, પુરુષાર્થ ઉપડશે નહિ; અને જ્ઞાનીને ભાન થયા પછી અલ્પ રાગ-દ્વેષ રહે છે તોપણ તે સમજે કે મારી નબળાઈને લઈને આ થાય છે; અંદર પોતાની નબળાઈને દેખશે પરંતુ તે નબળાઈને ટાળીને પુરુષાર્થ વધારીને અલ્પકાળમાં મુક્તિ લેશે. આત્માની ઓળખાણ અને પ્રતીત થતાં જ્ઞાની પરનો અકર્તા થાય છે, અત્યંત ઉદાસીન થાય છે, નિર્વિકલ્પ અત્યંત વિજ્ઞાનઘન થયો થકો અકર્તા પ્રતિભાસે છે, અત્યંત વિજ્ઞાનઘન થયો થકો શોભે છે. આત્માનાં જ્ઞાન અને શ્રદ્ધાન વડે સ્થિરતાને વધારતો અલ્પકાળમાં મુક્તિ લે છે.

જ્ઞાની થયા પછી પરદ્રવ્યનું અને પરભાવનું કર્તાપણું રહેતું જ નથી. અજ્ઞાની રહેવું હોય એટલે કે પવિત્ર ન થવું હોય તે પરનું કર્તાપણું રાખે પણ જેને આત્માનું કલ્યાણ કરવું હોય તે તો પરદ્રવ્યનું કર્તાપણું ન રાખે. જ્ઞાની થયા પછી પરનો અકર્તા થાય છે, અલ્પ કષાય રહે છે પણ તેને ટાળીને અવશ્ય મુક્તિ લેવાનો છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

(વસંતતિલકા)

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम् ।। ५७ ।।

અર્થઃ—નિશ્ચયથી સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનને લીધે જે જીવ, ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે) તે, દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા—મીઠા રસની અતિ લોલુપતાથી શિખંડને પીતાં છતાં પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.

જેમ હાથીને ચૂરમું આપે ત્યારે હાથી ચૂરમાને અને પડછાને ભેગાં ખાય છે, ચૂરમું અને ઘાસ ભેગાં કરીને ખાય છે, તેમ આ જગતના જીવો રાગમાં આનંદ માને છે. મારો આનંદ જાણે પરમાં જ હોય, એમ માની ખુશી થાય છે, રાગને અને આત્માને

ભેળસેળ કરે છે, ભેળસેળ એટલે કે કાંઈક આત્માનો આનંદ અને કાંઈક પરનો આનંદ એમ નહિ પણ એકલા રાગના વિકારનો જ આનંદ લે છે; વિષયમાં, ખાવામાં, પીવામાં શરીરમાં, સ્ત્રીમાં, છોકરાંમાં—તે બધામાં આનંદ હોય તેમ અજ્ઞાની માની રહ્યો છે, પોતાનો આનંદસ્વભાવ એક ક્ષણિક વિકારી પર્યાયમાં કલ્પી લીધો. લગ્ન વખતે હરખજમણને દિવસે પિસ્તાંના પાપડ ને માવાનાં જાંબુ, બદામનો મેસુબ ને પત્તરવેલિયાંનાં ભજીયાં ઊડતાં હોય, એક બીજા વેવાઈ સામસામા જમાડતા હોય ત્યારે ભાઈસાહેબ આનંદ આનંદ માની રહ્યો હોય, અરે ! તે દિવસ ગયા પછી પણ તે હરખ જમણના દિવસને યાદ કરી કરીને હરખના સડકા વેદે, પોતાના સ્વભાવનાં આનંદની રુચિ ચૂકીને ઢોરની માફક પરમાંથી આનંદ લે છે. જેમ હાથીનો ઊંચો ખોરાક તો ચૂરમું જ છે પણ તે મૂઢતાને લઈને એકલું ચૂરમું નહિ ખાતાં પડછાં અને ચૂરમું ભેગાં ખાય છે; તેમ આત્માનો ખરો સ્વાદ તો પરથી નિરાળો સ્વતઃસિદ્ધ સ્વભાવે અમૃતમય આનંદરૂપ છે પણ અજ્ઞાનને લીધે રાગના સ્વાદને આત્માનો સ્વાદ માને છે. આખું દ્રવ્ય ક્ષણિક વિકારી પર્યાયમાં ' આ મારો સ્વાદ છે ' એમ કલ્પના કરીને રોકાણું તે એનું ભેળસેળપણું છે. શુભાશુભભાવની લાગણી થવી તે પડછાં છે. પડછાં એટલે કે ફોતરાં જેવા તે ભાવો છે, આત્માના સ્વભાવનો સ્વાદ દાણા જેવો છે, દાણા જેવો મીઠો ને મધુરો આત્માનો સ્વાદ છે.

દારૂ પીધેલા માણસને શિખંડનો સ્વાદ દૂધ જેવો લાગે છે, એટલે તે શિખંડના સ્વાદ માટે ગાયના આંચળ દોવે છે; તેમ મોહરૂપી દારૂને લઈને આ આત્મા શું છે તેનું અભાન હોવાથી સ્ત્રી, છોકરાં, શરીર વગેરે પર પદાર્થમાંથી જાણે આનંદ આવતો હોય એમ માની તેમાંથી આનંદ લેવા જાય છે, અને પુણ્ય-પાપના પરિણામમાં એકાગ્ર થઈને તેમાંથી પોતાના સ્વાદને દોવા માગે છે.

જેને રસની બહુ લોલુપતા હોય તેને ખાટા-મીઠા રસની ખબર ન પડે, રસની લોલુપતાને કારણે પર પદાર્થમાંથી જાણે સુખના સડકા આવતા હોય એમ માની પર પદાર્થમાંથી સુખ લેવાના ઝાંવાં મારે છે. મોહનો દારૂ જેને ચડયો છે તે પોતાના સ્વાભાવિક આનંદનો અને રાગના-આકુળતાના આનંદના સ્વાદનો ભેદ પાડી શકતો નથી. ભિન્ન કરી શકતો નથી જુદા જાણી શકતો નથી.

ચક્રવર્તી સમકિતી રાજા છ ખંડમાં ઊભો હોય છતાં તે છ ખંડનો રાગ રોગ સમાન જાણે છે, રોગની રુચિ નથી. જ્ઞાનીને જ્યારે વિષય અને લડાઈનો યોગ હોય ત્યારે તે એમ સમજે છે કે આ રોગ આવ્યો, પીડા આવી. જેમ કોઈ માણસને શરીરમાં શીતળા નીકળ્યા હોય અને દાણે દાણે ઇયળ પડી હોય તે વખતે જે પીડા થાય, તેવી

પીડા જ્ઞાનીને વિષય અને લડાઈના યોગ વખતે થાય છે, અલ્પ રાગની અસ્થિરતાને કારણે લડાઈ અને વિષયના કાર્યોમાં જોડાય ખરો, પણ તે સમજે છે કે અરેરે! આ સ્વરૂપ મારું નહિ, આ તો આપદા છે, આફત છે, ઉપસર્ગ છે, આમાંથી સર્વથા છૂટીને સર્વથા પ્રકારે સ્વરૂપમાં લીન થઈશ તે દિવસ ધન્ય થશે.

જ્ઞાનીને સ્વભાવ સિવાય શુભાશુભભાવમાં જોડાવું તે રોગ ને પ્રતિકૂળતા લાગે છે આફત લાગે છે, ઉપસર્ગ લાગે છે; અનુકૂળતા અને પ્રતિકૂળતા બન્ને તરફ જોડાવું તેને જ્ઞાની પ્રતિકૂળતા જ સમજે છે, કારણ કે બન્ને પોતાના સ્વભાવથી વિરુદ્ધભાવ છે માટે બન્નેનો રાગ તે રોગ જ છે તેમ જાણે છે, છતાં તેમાં જોડાવું પડે છે તે મારા પુરુષાર્થની નબળાઈ છે; જ્ઞાની સમજે છે કે મારા સ્વભાવઘનને ચૂકીને પરમાં જોડાવું તેમાં મારી જ નબળાઈ છે, કોઈ પરનો દોષ નથી.

જ્ઞાની અશુભ પરિણામથી બચવા માટે શુભ પરિણામમાં પુરુષાર્થ વડે જોડાય ખરા, પરંતુ અંતરમાં સ્વરૂપમાં ઠરવાનો ઉદ્યમ ને પુરુષાર્થ હોય છે, ચોથે ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા-ભક્તિના અને સ્વાધ્યાય વગેરેના શુભ પરિણામ હોય છે ત્યાં પણ તે સ્વરૂપમાં લીન થવાનો ઉદ્યમી રહે છે, પાંચમે ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા-ભક્તિ ને શાસ્ત્રસ્વાધ્યાય વગેરેના શુભ પરિણામ હોય અને અણુવ્રતના શુભ પરિણામ હોય છે; છઠ્ઠે ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના, સ્વાધ્યાય અને મહાવ્રત વગેરેના શુભ પરિણામ હોય છે પરંતુ તે બધી ભૂમિકાએ સ્વરૂપમાં ઠરવાનો ઉદ્યમ રહે છે. છઠ્ઠી-સાતમી ભૂમિકાએ તો ઘણી ઘણી જ સ્વરૂપ રમણતા હોય છે, અંતર્મુહૂર્તમાં આત્મામાં અને અંતર્મુહૂર્તમાં બહાર એવી મુનિઓની દશા હોય છે, ક્ષણમાં સ્વરૂપમાં ઠરી જાય છે અને ક્ષણમાં બહાર શુભ પરિણામ આવે છે એવી રીતે હજારો વાર આવજા કરે છે.

અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના સ્વાદમાં લીનતા છે, ભગવાન આત્મા પરના કર્તૃત્વ વિનાનો શાંત સ્વભાવી છે તેને સમજતો નથી ને પરમાં લીન થઈ જાય છે, નિર્વિકારી અને વિકારી સ્વાદનો ભેદ નહિ પરખતાં વિકારી સ્વાદને પોતાનો સ્વાદ માને છે તે સંબંધમાં આચાર્યદેવે શિખંડ અને હાથીના બે દૃષ્ટાંત આપ્યા.

અજ્ઞાનથી જીવો કર્તા થાય છે. સ્વ-પરની જેને ખબર નથી એવો અજાણ જીવ પોતાને પરનો કર્તા માને છે, એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

( શાર્દૂલવિક્રીડિત )

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावंति पातुं मृगा

अज्ञानात्तमसि द्रवंति भुजगाध्यासेन रज्जौ जनाः ।

अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरंगाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः ॥ ५८ ॥

અર્થઃ—અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે; અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે; અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે આ જીવો, પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહ કરતા હોવાથી—જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ આકુળ બનતા થકા પોતાની મેળે કર્તા થાય છે.

હરણિયાં અજ્ઞાનને કારણે મૃગજળમાં જળની બુદ્ધિ કરે છે એટલે કે ખારવાળી જમીનમાં સૂર્યનાં કિરણો પડવાથી પાણી જેવું દૂરથી દેખાય તેને હરણિયાં પાણી માનીને પીવા દોડે છે, પરંતુ તે ઝાંઝવાનાં પાણી છે, વાસ્તવિક પાણી નથી, એવા ઝાંઝવાંનાં પાણી દેખીને મૂઢ હરણિયાં પાણી પીવા દોડયા જ કરે છે; એને એટલી પણ ખબર નથી કે આટલો આટલો માર્ગ કાપીને આવ્યો છતાં પણ ઠંડી હવા લાગતી નથી, મારી દૃષ્ટિમાં પાણી દેખાણું ત્યાંસુધી હું આવ્યો છતાં હજી આઘું આઘું જતું જાય છે માટે આઘું તે આઘું જ છે, નજીક છે જ નહિ, એટલે ઝાંઝવાનાં પાણીમાં ખરું પાણી છે જ નહિ તેમ નહિ સમજતાં પીવાં દોડે છે ને પછી ખેદખિન્ન થાય છે.

તેવી રીતે આત્મા અજ્ઞાનને લીધે રાગ-દ્વેષમાં સુખ છે એવું માને છે, આઘા આઘામાં સુખની કલ્પના કર્યા કરે છે, ઘડીમાં એમ માને કે આ છોકરો મને સુખરૂપ છે; વળી પાછો એમ માને કે છોકરો નહિ પણ બાયડી સુખરૂપ છે, વળી ઘડીમાં એમ માને કે બાયડી નહિ પણ ધન સુખરૂપ છે, વળી માને કે ધન નહિ પણ મકાન સુખરૂપ છે એમ આઘા આઘામાં સુખની કલ્પના કર્યા કરે છે. વળી કોઈ તો એમ કહે કે અહીં પુણ્યપરિણામ કરીને દેવમાં જશું, ત્યાં સુખ લેશું પણ અરે મૂઢ! દેવમાં કયાં સુખ હતું? એ તો જેવો આ સંસાર છે તેવો તે પણ સંસાર છે. જેમ હરણિયાંને કોઈ દિવસ પાણીની તૃપ્તિ થતી નથી તેમ અજ્ઞાનીને પર ઉપર દૃષ્ટિ હોવાથી કયાંય સુખ ને શાંતિ થતી નથી છતાં પણ તેમાંથી સુખ માનવું મૂકતો નથી.

વળી કેટલાક તો કહે છે કે અહીં લીલી વાડી મૂકીને મરીએ તો ઠીક, તો સુખી કહેવાઈએ પણ તે બધું મૂકીને તું કયાં જવાનો તેની કાંઈ ખબર ખરી! તારા આત્માની કાંઈ લીલી વાડી કરી કે માત્ર બહારની જ; આત્મામાં સમ્યગ્દર્શનની લીલી વાડી પ્રગટ કર્યા વગર સુખી છો જ નહિ, દુઃખી જ છો.

વળી કેટલાક કહે છે કે બાળપણામાં ધર્મ કરી શકાતો નથી, માટે જુવાન થશું

ત્યારે ધર્મ કરી સુખી થઈશું, પછી થાય જુવાન એટલે કહે કે હવે વૃદ્ધ થશું ત્યારે ધર્મ કરશું, પણ ભાઈ! ધર્મ બાળપણામાં, જુવાનપણામાં કે વૃદ્ધપણામાં નથી પરંતુ ધર્મ આત્મામાં છે, તેમાંથી ગોત તો સુખી થઈશ.

અજ્ઞાનને લીધે દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી, દોરડીમાં સર્પ મનાઈ જવાથી અરે! આ સર્પ છે એમ કરી લોકો ભય પામી ભાગે છે પણ ઊભો તો રહે, જો તો ખરો! અહીંથી બધા હાલેચાલે છે, છતાં તે હલતો નથી, એમ ને એમ સ્થિર પડયો છે, માટે સર્પ નથી પણ દોરડી જ છે એમ નક્કી તો કર! નક્કી કરીને ભાગ-ભાગ કરવું મૂકી દે.

જેમ દોરડીમાં સર્પનો આરોપ માનીને દોડયો તેમ અજ્ઞાની પર પદાર્થમાં સુખનો આરોપ કરીને દોડાદોડ કરે છે પણ પોતાનો સ્વભાવ ઉદાસીન જ્ઞાતા છે, શુદ્ધ શાંત પવિત્ર સ્વભાવ છે તેને નહિ ઓળખતાં, શ્રદ્ધા નહિ કરતાં પરમાં આકુળ બનીને પરનો કર્તા થાય છે. માણસોને નિવૃત્તિ લઈને અંતરમાં સમજવાની અને હિત કરવાની દરકાર જ નથી, ધગશ જ નથી તેથી જેમાં પોતાનું હિત છે તે હિતને રસ્તે પોતે વળતો નથી.

જેમ સમુદ્રમાં પવનના ઝપાટાને લઈને તરંગોના સમૂહે સમૂહો ઊછળે છે તેમ અજ્ઞાનીને અજ્ઞાનને લીધે રાગ–દ્વેષરૂપ વિકલ્પના તરંગો ઊઠે છે, ઘડીમાં એમ થાય કે વેપાર કરીએ, વળી એમ થાય કે સટ્ટો કરીએ તો ઝટ પૈસા ભેગા થાય, વળી એમ થાય કે છોકરાને સારે ઠેકાણે ઝટ પરણાવાય તો ઠીક, વળી વિકલ્પ ફરે કે આ છોડિયું મોટી થઈ છે તે ઝટ ઠેકાણે પડે તો ઠીક, છોકરાનો વાંધો નહિ, વળી બીજો વિકલ્પ આવે કે આ શરીરમાં ઝીણો ઝીણો રોગ ચાલ્યા કરે છે માટે ઝટ મટી જાય તો ઠીક, પાછો વિચાર ફરે કે રોગ તો મટવાનો હશે ત્યારે મટશે પણ અત્યારે પેટમાં ભૂખ લાગી છે માટે ખાઈ તો લઉં વગેરે અનેક અનેક જાતના વિકલ્પો કર્યા કરે છે. ક્રોધના, માનના, માયાના, લોભના વગેરે અનેક જાતના વિકલ્પોના ઢગલે ઢગલા કર્યા કરે છે, આત્મા તો શુદ્ધ જ્ઞાનઘન છે પણ તેનું ભાન નહિ હોવાથી અનેક જાતના વિકલ્પોનો કર્તા થાય છે.

પવનથી દરિયો ક્ષોભ પામીને ડોલાયમાન થાય છે તેમ ચૈતન્યભગવાન રાગના વિકલ્પોથી ડોલે છે; અનેક પ્રકારની આકુળતાની વૃત્તિઓથી ડોલમડોલ છે તેમાં જરાય શાંતિ નહિ, છતાં પણ આત્માની શ્રદ્ધા કરે નહિ તેથી દુઃખી થયા જ કરે. પોતાના આત્માને ઓળખવાનો પ્રયત્ન કરે કે હું તો જાણનાર જ્યોત છું, જે કાંઈ પણ બને તેને જાણ્યા જ કરવું તે જ મારું સ્વરૂપ છે, પણ આમ થયું ને તેમ થયું તેવા વિકલ્પો કરવા તે મારું સ્વરૂપ નથી; એમ પોતાના સ્વરૂપનાં શ્રદ્ધાં–જ્ઞાન કરે અને તેમાં ઠરે તે

જ સુખનો ઉપાય છે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે જ સુખનો ઉપાય છે, તે સિવાય બીજો કોઈ સુખનો ઉપાય નથી.

જ્ઞાનથી આત્મા કર્તા થયો નથી એમ હવે કહે છે:—

( વસંતતિલકા )

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वा:पयसोर्विशेषम् ।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किंचनापि ॥ ५९ ॥

અર્થ:—જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ જે જીવ જ્ઞાનને લીધે વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી પરના અને પોતાના વિશેષને જાણે છે તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ) અચળ ચૈતન્યધાતુમાં આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો) માત્ર જાણે જ છે, કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી).

હંસની ચાંચમાં ખટાશ હોવાથી તે દૂધમાં ચાંચ બોળે ત્યાં દૂધનું કોકડું થઈ જાય છે અને પાણી જુદું પડી જાય છે; તેમ સમ્યગ્જ્ઞાન વડે સાચો બોધ થયો હોવાથી, સાચો વિવેક થયો હોવાથી પરની અને પોતાની જુદાઈને જાણે છે કે હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું અને આ રાગ, ક્રોધ વગેરે પર વસ્તુ છે. જેમ કોઈ સંસારનો ડાહ્યો માણસ સંસારનો રસિક હોવાથી બજારમાં ચોખા લેવા જાય ત્યાં તે સારા-નરસાનો વિવેક કરે છે, તેમ જ્ઞાની પોતાના સ્વરૂપાનંદનો રસીલો હોવાથી નિર્વિકારી, જ્ઞાનસ્વભાવી આત્માનો અને રાગ-દ્વેષરૂપ વિકારી ભાવોનો વિવેક કરે છે, જુદા જાણે છે.

જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધને ગ્રહણ કરે છે તેમ ધર્માત્મા જ્ઞાની જીવ અચલ ચૈતન્યમાં આરૂઢ થયો થકો, પોતાના સ્વભાવનો આશ્રય કરતો થકો માત્ર જાણનાર જ રહે છે—સાક્ષીપણે જ રહે છે પણ કર્તા થતો નથી.

૨૦૦૦, કારતક સુદ ૭, ગુરુ.

પરનો અને પોતાનો જુદો વિવેક થવાથી આત્મા પરનો જ્ઞાતા જ રહે છે પણ કર્તા થતો નથી. જ્ઞાતા રહેવામાં અનંતગુણી ક્રિયા છે; પરનો કર્તા ન થયો અને જ્ઞાતાપણે રહ્યો; તે જ્ઞાતાપણે રહેવામાં અનંતગુણી ક્રિયા છે, તે જ ચૈતન્યની ક્રિયા છે. જડની ક્રિયાથી ધર્મ માનવો તે અજ્ઞાન છે.

હવે જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છે :—

( મંદાક્રાન્તા )

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः ।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिंदती कर्तृभावम् ॥६०॥

અર્થ :—( ગરમ પાણીમાં ) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ, જ્ઞાનથી જ પ્રગટ થાય છે. શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દન ભિન્નતા જ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. નિજરસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ, કર્તૃત્વને ( કર્તાપણાના ભાવને ) ભેદતો થકો-તોડતો થકો, જ્ઞાનથી જ પ્રગટ થાય છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે જ પરને અને પોતાને જાણનાર છે. અગ્નિના નિમિત્તે પાણીની વર્તમાન થતી ઉષ્ણતાને અને પાણીની મૂળ સ્વભાવની શીતળતા પણ જ્ઞાન વડે જ પ્રકાશિત થાય છે; મારો સ્વભાવ શું છે, મારો સ્વભાવ ટાઢો છે કે ઊનો છે, વગેરે કાંઈ પણ પાણી જાણતું નથી પરંતુ જાણનાર જ તેને જાણે છે.

કારેલાંનું શાક, ઘિસોડાંનું શાક વગેરે શાકનો સ્વાદ અને તેમાં નાખેલા મીઠાનો સ્વાદ-તેની તદ્દન જુદાઈ જ્ઞાન વડે જ જણાય છે, શાક અને મીઠું જાણતા નથી કે અમે કેવા સ્વાદવાળાં છીએ. મીઠાને ખબર નથી કે મારો કેવો સ્વભાવ છે, શાકને ખબર નથી કે મારો કેવો સ્વભાવ છે, તે બન્ને જડસ્વભાવે છે તેને જાણનાર જ્ઞાન છે.

કેટલાક કહે છે કે જ્ઞાન વડે જણાતું નથી પણ માથાના મગજ વડે જણાય છે; પણ ભાઈ! માથાનું મગજ તો જડ છે, જડમાંથી જાણવું આવે નહિ. જાણવાની ક્રિયા જાણનાર તત્ત્વમાં થાય છે. માથાનું મગજ જાણતું હોય તો મડદાને પણ જ્ઞાન થવું જોઈએ પણ મડદાને કાંઈ જ્ઞાન થતું નથી તેથી જાણનાર તત્ત્વ શરીરથી જુદું છે; માથાનું મગજ જડ છે, જાણનાર તત્ત્વ તો ચૈતન્ય છે, ચૈતન્ય ચૈતન્યની ક્રિયા વડે જાણે છે, માથાનું મગજ કાંઈ જાણતું નથી પરંતુ જાણનાર જ બધું જાણે છે.

નિજરસથી વિકસતી ચૈતન્યધાતુ અને ક્રોધ, માન, માયા, લોભનો ભેદ—એ બન્નેનું જુદાપણું જ્ઞાન જ જાણે છે, જ્ઞાન જ તેને ભિન્ન ભાળે છે; હું કર્તા અને ક્રોધાદિ મારાં કામ, એવા કર્તૃત્વને તોડતું થકું જ્ઞાન પ્રગટ થાય છે, જ્ઞાનનો સ્વપર-પ્રકાશક સ્વભાવ હોવાથી સ્વનો પણ વિવેક કરે છે અને પરનો પણ વિવેક કરે છે.

આ ક્રોધાદિ વિભાવો તે હું નહિ, હું જ્ઞાયક આત્મા જ્ઞાનસ્વરૂપે છું એમ જ્ઞાયક ઉપર દૃષ્ટિ મૂકીને જ્ઞાયકની હયાતીને જાણીને જે ભેદવિજ્ઞાન કરે છે તે કર્તૃત્વને છોડે છે.

આત્માનો અજાણ એવો અજ્ઞાની શુભાશુભભાવને કરે છે પણ જડના ભાવોને કદી પણ કરતો નથી, આત્મા અજ્ઞાનભાવે કાં તો રાગ-દ્વેષ કરે અને જો જ્ઞાનભાવે રહે તો રાગ-દ્વેષનો જાણનાર રહે, તે સિવાય આત્મા કાંઈ કરે નહિ. દીકરાનું કાંઈ કરી શકાય કે નહિ? કાંઈ કરી શકાતું નથી, માત્ર દીકરા સંબંધીના રાગ દ્વેષને કરી શકાય છે, તેવી રીતે પૈસાનું, શરીરનું, કોઈનું કાંઈ કરી શકાતું જ નથી, માત્ર તે સંબંધીના રાગ-દ્વેષ કરી શકાય છે; પરના કર્તાપણાનું મૂળ કારણ અજ્ઞાન છે.

ખારાપણું અને શાક બન્ને જુદાં છે એવા જુદાપણાનો વિવેક જ્ઞાન કરે છે, પાણીની વર્તમાન અવસ્થામાં ઉષ્ણતા છે અને ત્રિકાળી સ્વભાવ શીતળ છે એવો વિવેક જ્ઞાન કરે છે, ક્રોધાદિ અને ચૈતન્યસ્વભાવ બન્ને ભિન્ન છે તેવો વિવેક પણ જ્ઞાન કરે છે, પુણ્ય-પાપના ક્ષણિક ભાવો પાણીની ઉષ્ણતા જેવા છે, તે ભાવો હું છું, તે મારાં કાર્ય છે તેમ અજ્ઞાની અજ્ઞાનભાવને કરે છે; પુણ્ય-પાપના ઉષ્ણ ક્ષણિક પર્યાય તે હું નથી, હું તો શીતળ સ્વભાવે છું એમ જ્ઞાની વિવેક કરે છે. લવણ અને શાકના સ્વાદને અભેદ કરતો અજ્ઞાની અજ્ઞાનભાવને કરે છે. લવણ અને શાકના સ્વાદને જુદા જાણતો જ્ઞાની વિવેકજ્ઞાનને કરે છે એમ જ્ઞાની જ્ઞાન કરે છે અજ્ઞાની અજ્ઞાન કરે છે.

હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી—એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :—

( અનુષ્ટુપ્ )

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमंजसा ।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित् ॥६१॥

અર્થ :—આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો આત્મા પોતાના જ ભાવનો કર્તા છે, પરભાવનો ( પુદ્‌ગલના ભાવોનો ) કર્તા તો કદી નથી.

ક્રોધ, માન, માયા, હર્ષ, શોક, વેદ, વિકાર વગેરે વિભાવભાવો મારા છે, હું એનો કર્તા છું અને એ મારાં કાર્ય છે એમ અજ્ઞાની અજ્ઞાનભાવને કરે છે પરંતુ ક્રોધાદિ વિકારો મારા નથી પણ ચૈતન્યમૂર્તિ જ્ઞાન-આનંદનો દરિયો અનંતગુણથી ભર્યો છે તે જ હું છું, તેને જાણવું, માનવું, અને તેમાં ઠરવું તે જ મારું કાર્ય છે એમ જાણતો થકો જ્ઞાની જ્ઞાનભાવને કરે છે.

પ્રશ્ન:—આત્મા જ્ઞાનભાવે તો પરનું કાંઈ ન કરે પણ વિભાવભાવ વડે તો પરનું કાંઈ કરી શકે કે નહિ?

ઉત્તર:—આત્મા વિભાવભાવને કરી શકે પણ તે વિભાવભાવ વડે પરદ્રવ્યનું કે પરભાવોનું કાંઈ પણ ન કરી શકાય.

એ જ વાતને દઢ કરે છે:—

(અનુષ્ટુપ)

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोतिकिम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥ ६२ ॥

અર્થ:—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; તે જ્ઞાન સિવાય બીજું શું કરે? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

આત્મા તો જાણનાર જ્ઞાનસ્વરૂપ છે, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ ગુણ અને ગુણીનો ભેદ પાડીને કહ્યું અને પછી કહ્યું કે આત્મા પોતે જ જ્ઞાન છે; પહેલાં કહ્યું કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને પછી કહ્યું કે આત્મા પોતે જ જ્ઞાન છે એમ અભેદ કહ્યું. જ્ઞાન છે તે જ હું છું એવી જ્ઞાનની પ્રતીતિ, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનની રમણતા—તે ત્રણે જ્ઞાનમાં આવી ગયાં, જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે ત્રણે જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમાઈ ગયાં. આત્મા જ્ઞાન સિવાય બીજું શું કરી શકે? પોતાના સ્વભાવને જ કરી શકે, પરનું કાંઈ ન કરી શકે તોપણ પરભાવનો કર્તા માનવો તે વ્યવહારી જીવોનો મોહ છે. ઘરનું, છોકરાનું, મકાનનું વગેરે પર પદાર્થનું હું કરી દઉં છું એવી માન્યતા તે વ્યવહારી જીવોનો મોહ છે. જેટલા ભેદ પડે, પ્રકાર પડે, તે બધાં વ્યવહારનાં પડ છે; તે પરાશ્રયરૂપ વ્યવહારમાં એક થઈ ગયો ને જુદો ન રહ્યો તે અજ્ઞાની છે. પરનો હું કર્તા છું એવો વ્યવહારી જીવોનો મોહ છે. ૯૭.

હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે:—

ववहारेण दु आदा करेदि घडपडरथाणि दव्वाणि ।
करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि ॥ ९८ ॥

---

ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,
નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.

અર્થ:—વ્યવહારથી અર્થાત્ વ્યવહારી લોકો માને છે કે જગતમાં આત્મા ઘડો, કપડું, રથ, ઇત્યાદિ વસ્તુઓને, વળી ઇંદ્રિયોને, અનેક પ્રકારનાં ક્રોધાદિ દ્રવ્યકર્મોને અને શરીરાદિ નોકર્મોને કરે છે.

વ્યવહાર એટલે વર્તમાન દૃષ્ટિથી-સ્થૂળ દૃષ્ટિથી જગતના જીવો એમ માને છે કે હું ઘડો કરું છું, હું કપડું વણું છું, હું રથ કરું છું એટલે કે હું વાહન કરું છું, હું મકાન કરું છું, હું પુસ્તક કરું છું, હું ઉપદેશ આપું છું વગેરે વસ્તુઓનો અજ્ઞાની જીવ કર્તા થાય છે, અભેરાઈ સરખી ગોઠવાય, ચાકળા સરખા ગોઠવાય, રસોઈ સારી થાય વગેરે કાર્ય થાય તેમાં અજ્ઞાની જીવ માને છે કે આ બધું મારાથી થાય છે. શરીરની ઇંદ્રિયોને હું સારી રાખી શકું છું, આંખનો ડોળો જેમ ફેરવવો હોય તેમ હું ફેરવી શકું છું, આંખની પાંપણ જેમ હલાવવી હોય તેમ હું હલાવી શકું છું, જીભ વડે હું રસ ચાખી શકું છું, હું બોલી શકું છું, મારે જેમ બોલવું હોય તેમ જીભને હલાવી શકું છું વગેરે પાંચે ઇંદ્રિયોનો અજ્ઞાની કર્તા થાય છે.

નવાં કર્મ બંધાય છે તેને હું બાંધું છું; જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય વગેરે જડકર્મને હું બાંધું છું એમ અજ્ઞાની જીવ માને છે, શરીરાદિ નોકર્મોને પણ હું કરું છું એવો વ્યવહારી જીવોનો વ્યામોહ છે. શરીર મારાથી હાલે છે, મારાથી બેસાય છે, મારાથી ઉઠાય છે, મારાથી બોલાય છે વગેરે શરીરાદિ નોકર્મનો અજ્ઞાની કર્તા થાય છે.

કોઈ કહે કે શરીર એની મેળાએ હાલતું હોય તો શરીરને જ્યારે ચાલવું હશે ત્યારે એની મેળાએ ચાલીને, એની મેળાએ આવશે તમારે ઘેર! ભાઈ! બીજાને ત્યાં જવાનો ભાવ થાય તે વખતે શરીરને ચાલવાનો ઉદય હોય તો પોતાના ભાવને અને શરીરના ઉદયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થવાથી બીજાને ઘેર જણાય છે, પોતાના ભાવને અને શરીરના ઉદયને લગભગ સંબંધ થવાથી શરીર મારાથી ચાલે છે એમ અજ્ઞાનીને ભાસે છે પરંતુ શરીર તો શરીરના કારણે જ ચાલે છે, આત્માના ભાવથી તે ચાલતું નથી. આત્માના ભાવથી તે ચાલતું હોય તો જ્યારે માંદો પડે ને શરીરમાં નબળાઈ આવી જાય ત્યારે પણ તે ચાલવું જોઈએ; તે વખતે પોતાને ચાલવાના ઘણા ભાવ હોય તોપણ શરીરમાં નબળાઈ હોવાથી ચાલી શકાતું નથી માટે શરીર તો તેના પોતાના સ્વતંત્ર પરિણમનને કારણે જ ચાલે છે, પરંતુ વ્યવહારમાં એવી લાંબી ભાષા બોલાય નહિ. પાણીનો કળશો લાવ એમ કહેવાય પણ તેનો અર્થ એવો નથી, કળશો તો પિત્તળનો છે, પાણીનો કળશો ઉપચારથી કહેવાય છે; તેમ શરીરની ક્રિયા શરીરથી થાય છે પરંતુ અજ્ઞાની માને છે કે મારાથી થાય છે.

આત્મા સિવાય બહારની કોઈ પણ વસ્તુ આત્માને હાથ નથી છતાં અજ્ઞાની

જીવો એમ માને છે કે અમે હતા તો આ બધી વ્યવસ્થા કરી દીધી, અમે હતા તો આ બધું ઠેકાણે પડી ગયું; ઇંદ્રિયોનો, કર્મોનો અને નોકર્મોનો કર્તા હું, તેમ માને તે આત્માના સ્વભાવનો અજાણ હોવાથી ભગવાનનો ભક્ત નથી પણ જડનો ભક્ત છે.

જેથી પોતાના (ઇચ્છારૂપ) વિકલ્પ અને (હસ્તાદિની ક્રિયારૂપ) વ્યાપાર વડે આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્ય કર્મને કરતો (વ્યવહારીઓને) પ્રતિભાસે છે.

જુઓ, આમાં શું કહ્યું? કે અજ્ઞાનીઓને એવું દેખાય છે કે પરદ્રવ્યસ્વરૂપ બાહ્ય કર્મને આત્મા કરે છે એટલે એનો અર્થ એમ છે કે વાસ્તવિક રીતે આત્મા પર દ્રવ્યનો કર્તા છે જ નહિ. ભ્રાંતિથી એમ ભાસે છે એટલે એમાં એમ આવ્યું કે ખોટા ભાવથી એમ ભાસે છે પરંતુ સાચા ભાવથી એમ છે નહિ, આમાં તો બધી વાત આવી ગઈ; બાઈઓ ચોખા કરે. ખીચડી કરે, રોટલા બનાવે, પકવાન બનાવે, મોતી પરોવે વગેરે, તે બધાનો કર્તા આત્મા છે નહિ, તે બધી વસ્તુની અવસ્થા ચૈતન્યને હાથ છે નહિ, એ બધી વસ્તુની અવસ્થા એવી જાતની થવાની હોય ત્યારે બાઈનું નિમિત્ત હોય છે.

કોઈ કહેશે કે મોતીના દાણા જેવા અમે તો અક્ષર કરીએ છીએ, પણ ભાઈ! તેવા અક્ષર કરવા તે તારા હાથની વાત નથી, જો અક્ષર ન થવાના હોય તો આંગળીમાં ફોડકી થાય, લખતાં લખતાં આંગળી ઠરડાઈ જાય માટે સારા અક્ષર કરવા તે આત્માના હાથની વાત નથી. જ્યારે અક્ષર સારા થવાના હોય ત્યારે હાથનું અનુકૂળ નિમિત્ત હાજર હોય, પણ સીસપેન સીસપેનમાં ને હાથ હાથમાં, કોઈના કાર્યનો કોઈ કર્તા નથી; બન્ને સ્વતંત્ર ચીજ છે.

અજ્ઞાનભાવે ઇચ્છા અને યોગના કંપનનો આત્મા કર્તા છે. ઇન્દ્રિયોનો કે શરીરની ક્રિયાનો તો અજ્ઞાની પણ કર્તા નથી. માણસોને ખોટાં અભિમાન ચડી ગયાં છે, પરને હું આમ કરી દઉં અને પરને હું તેમ કરી દઉં; પણ પોતે જરાપણ કરી શકતો નથી, માત્ર સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે કે પરનું હું કરી દઉં છું.

ક્રોધાદિ સમસ્ત અંતરંગ કર્મ અને બાહ્ય દ્રવ્યકર્મ તથા નોકર્મ તે બન્ને પરદ્રવ્યસ્વરૂપ હોવાથી તેમનામાં તફાવત નથી. વ્યવહારી જીવોની એવી મૂઢતા છે કે શરીરને અમે આમ ચલાવી દઈએ, કંઠને અમે બહુ સારી રીતે મલાવી દઈએ, વાણી અમે સારી બોલી શકીએ છીએ વગેરે પરદ્રવ્યનું કર્તાપણું માની મૂઢતા સેવે છે. અજ્ઞાનભાવે ક્રોધાદિ વિકારોનો, દ્રવ્યકર્મનો અને નોકર્મનો આત્મા કર્તા થાય છે.

પરદ્રવ્યના કર્તાપણાનાં અભિમાન કર્યાં હોય ને એમાં જ્યાં ધાર્યું ન થાય ત્યાં એવો કષાય ચડે કે મરણ કરે, પાંચ લાખની મૂડી કહેવાતી હોય ને એમાં જ્યાં ખોટ જાય ત્યાં તો શરમ શરમ થઈ પડે અને વિચારે કે આના કરતાં તો મરી જઈએ તો નિરાંત થાય, તો શું! ત્યાં માશીબા બેઠા છે? કે 'આવો ભાણેજ! તમારા માટે અહીં પલંગ પાથર્યા છે' તેમ કહેનાર કોઈ પરભવમાં બેઠું નથી. જેવા પરિણામ કર્યા હશે તેવી ગતિમાં ચાલ્યો જઈશ, કયાંય કાગડે, કૂતરે, નરક, નિગોદમાં ચાલ્યો જઈશ' આબરૂ સરખી રહેવી કે ન રહેવી તે પુદ્‌ગલની ક્રિયા છે તેમાં તારા આત્માનું કાંઈ કાર્ય નથી.

ઘટ, પટ, કર્મ, નોકર્મ, આબરૂ, કીર્તિ, લક્ષ્મી વગેરે પરદ્રવ્યનો હું રખોપિયો છું અને હું એનો નાશક છું એમ માનવું તે વ્યવહારી લોકોનું અજ્ઞાન છે. ૯૮.

વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે:—

**जदि सो परदव्वाणि य करिज्ज णियमेण तम्मओ होज्ज।**
**जह्मा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता॥ ९९॥**

અર્થ:—જો આત્મા પરદ્રવ્યોને કરે તો તે નિયમથી તન્મય અર્થાત્ પરદ્રવ્યમય થઈ જાય; પરંતુ તન્મય નથી તેથી તે તેમનો કર્તા નથી.

ભગવાન આચાર્યદેવે ન્યાય મૂકયો છે કે પર વસ્તુને જો આત્મા કરે તો તે નિયમથી પર વસ્તુમાં ભળી જાય, પરંતુ તે પર વસ્તુમાં ભળતો નથી માટે તે પર વસ્તુનો કર્તા નથી.

ટેબલ સુતાર કરતો નથી, ખુરસી સુતાર કરતો નથી, બારણાં-બારી સુતાર કરતો નથી, પરંતુ તે બધું થવાનું હોય છે ત્યારે સુતાર હાજર હોય છે; પણ સુતાર એમ માને કે આ બધું મારાથી થાય છે તે તેની મૂઢતા છે.

આત્મા જો શરીર, વાણી, ઘટ, પટ, રથ, મકાન, મોટા હોલ વગેરે પર દ્રવ્યની કાંઈ પણ અવસ્થા કરે તો તે જરૂર તન્મય થઈ જાય પણ તે તન્મય થતો નથી. તે-રૂપ થતો નથી, માટે તે પરનો કર્તા નથી.

આ કાર્ય મારે એવું સરસ કરવાનું હતું પણ ફેલાણા વચ્ચે પડયા અને એવું

---

પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,
પણ તે નથી તન્મય અરે! તેથી નહિ કર્તા ઠરે. ૯૯.

કદુક કાઢયું કે બધાં કામ અટકી ગયાં, પણ ભાઈ! તે અટકવાનું હતું તેથી અટકયું, થવાનું હતું તે થયું, પરના દોષ જોવા મૂકી દે, અને આમ સવળી દૃષ્ટિથી જો તો કેટલી શાંતિ થાય અને આકુળતા ટળે!

કોઈથી પૈસા રાખ્યા રહે નહિ, કોઈ કોઈને રાખવા સમર્થ નથી, તેમ કોઈ કોઈનો નાશ કરવા પણ સમર્થ નથી. પરમાણુનું સ્વતંત્ર પરિણમન હોય તેમ થાય છે. ફલાણે આવીને નુકસાન કર્યું તેથી પૈસા જતા રહ્યા અને ફલાણે આવીને મદદ કરી તેથી પૈસા મળ્યા એવી માન્યતા તે મૂઢતા છે.

જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે (આત્મા) નિયમથી તન્મય (પર-દ્રવ્યમય) થઈ જાય; પરંતુ તે તન્મય તો થતો નથી.

પરિણામી એટલે અવસ્થાનો કરનાર અને પરિણામ એટલે અવસ્થા થાય તે. ઘટ, પટ, રથની અવસ્થા થાય તે પરિણામ છે અને આત્મા પરિણામી થઈને જો તે ઘટ-પટાદિ પરિણામને કરે તો આત્મા જડ થઈ જાય, જડની અવસ્થાને આત્મા કરે તો પરિણામ અને પરિણામી બંન્ને એક થઈ જાય, તેથી આત્મા જડ થઈ જાય.

આત્મા જો ઘડાને કરે તો ઘડામાં પેસી જાય, ઘડો થઈ જાય; આત્મા જો મકાનનો કર્તા હોય તો મકાનરૂપ થઈ જાય, શરીરનો કર્તા હોય તો શરીરરૂપ થઈ જાય, રથ કરે તો રથમય થઈ જાય, આઠ કર્મને આત્મા કરે તો આઠકર્મમય થઈ જાય તેથી આત્મા આત્માપણે રહે નહિ પણ પરદ્રવ્યમય થઈ જાય. અવસ્થા અને અવસ્થાયીનું કોઈ પણ રીતે જુદાપણું હોઈ શકે નહિ, તેથી જો આત્મા પરદ્રવ્યને કરે તો અવસ્થા અને અવસ્થાયી બન્ને એક થઈ જાય; પરંતુ આત્મા પરદ્રવ્યને કરતો નથી.

ઊના ફળફળતા શીરાને જો પોતે કરતો હોય તો પોતે શીરામાં ભળી જવો જોઈએ, દૂધપાકનો કે ગુલાબજાંબુનો જો આત્મા કર્તા હોય તો દૂધપાક અથવા ગુલાબ-જાંબુરૂપે થઈ જવો જોઈએ, કારણ કે અવસ્થાને અવસ્થાયી બન્ને એક હોય, જુદા ન હોય; તેથી આત્મા પરદ્રવ્યને જો કરે તો તે—મય થઈ જવો જોઈએ, પરંતુ તેમ તો બનતું નથી. અવસ્થાયી આત્મા પોતાની ચેતન અવસ્થાનો કર્તા છે પણ પરની અવસ્થાનો કર્તા નથી કારણ કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ-દોષ આવે, માટે આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.

મિથ્યાદૃષ્ટિ જીવ એમ માની રહ્યો છે કે મારાથી પરનાં કામ થાય છે તેને આચાર્યદેવ આ વ્યાપ્યવ્યાપકનું સૂત્ર કહીને ના પાડે છે કે તું પરનો કર્તા નથી.

વ્યાપ્ય એટલે જડની અવસ્થામાં પેસી ગયો નથી ને પેસ્યા વિના તેનો કર્તા માને તે તદ્દન જૂઠી વાત છે. જે જેમાં પેસે તેનો જ તે કર્તા હોઈ શકે, પરમાં પેસી શકતો નથી માટે પરનો કર્તા નથી; જોડે હાજર રહેનાર એમ કહે કે મારાથી પરનાં કામ થાય છે તો એવું માનનાર તદ્દન અસત્યનો સેવનાર છે. એક વસ્તુ બીજી વસ્તુને કાંઈપણ કરે તો બન્ને દ્રવ્ય એક થઈ જાય; એક વસ્તુમાં બીજી વસ્તુની નાસ્તિ છે, સૌ સૌ દ્રવ્યોની પોત પોતાથી અસ્તિ છે, પોત પોતાથી સત્ છે, પરથી અસત્ છે, કોઈ દ્રવ્યનો કોઈ બીજું દ્રવ્ય કર્તા નથી. કોઈ પણ વસ્તુ અનેરી વસ્તુરૂપે થાય તો તે વસ્તુનો નાશ થાય માટે આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી. એક વસ્તુ બીજી વસ્તુમાં પેઠા વિના કર્તાકર્મપણું હોઈ શકે નહિ, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં પેસતું નથી માટે આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.

૨૦૦૦, કારતક સુદ ૮ શુક્ર.

આત્મા ઘડો, મકાન, કપડું વગેરે પર વસ્તુનો કર્તા નથી, કારણ કે તેને પર વસ્તુ સાથે વ્યાપ્યવ્યાપકસંબંધ નથી. વ્યાપ્ય એટલે અવસ્થા ને વ્યાપક એટલે વસ્તુ પોતે; આત્મા પરદ્રવ્યમાં પેસીને પરદ્રવ્યને કરતો નથી કારણ કે પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. શરીરની હાલવા-ચાલવાની અવસ્થાનો કર્તા આત્મા નથી, જો તેનો કર્તા હોય તો તેમાં તન્મય થઈ જાય.

શરીરની જે ક્રિયા થાય છે તે તેના ઉપાદાનપણે થાય છે, આત્મા તેનો નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કર્તા નથી. મકાનના રજકણોની જે અવસ્થા થાય છે તેમાં રજકણો એની મેળાએ ગોઠવાણા છે, એની ક્રિયાવતી શક્તિને લઈને તે ક્રિયા થઈ છે. માટીના ઘડાની અવસ્થા એની પોતાની ક્રિયાવતી શક્તિને લઈને થઈ છે, કુંભાર એનો કર્તા નથી. ઉપાદાનપણે તો કુંભાર કર્તા નથી પણ નિમિત્ત નૈમિત્તિકપણે છે કે નહિ તેનો ખુલાસો હવેની ગાથામાં આવશે. ૯૯.

આત્મા ( વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ ) નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છે:—

**जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे ।**
**जोगुवओगा उत्पादगा य तेसिं हवदि कत्ता ॥ १०० ॥**

---

જીવ નવ કરે ઘટ, પટ નહિ, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

અર્થ:—જીવ ઘટને કરતો નથી, પટને કરતો નથી, બાકીનાં કોઈ દ્રવ્યોને (વસ્તુઓને) કરતો નથી; પરંતુ જીવના યોગ અને ઉપયોગ ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે તેમનો કર્તા જીવ થાય છે.

આત્મા ઘડાની અવસ્થાને કરતો નથી, ખીચડીની અવસ્થાને કરતો નથી, કઢીની અવસ્થાને કરતો નથી, શરીરની અવસ્થાને કરતો નથી, બોલવાની અવસ્થાને કરતો નથી, વસ્ત્રની અવસ્થાને કરતો નથી, બીજી કોઈ પણ પર વસ્તુની અવસ્થાને કરતો નથી. પરંતુ યોગ એટલે કંપન અને ઉપયોગ એટલે વિકારી ઉપયોગ તેનો અજ્ઞાની કર્તા છે, અને યોગ ને ઉપયોગ તે પર વસ્તુની અવસ્થાને નિમિત્ત છે, યોગ એટલે બહારના જડ યોગ ન સમજવા પરંતુ ચૈતન્યના પ્રદેશનું કંપન સમજવું. જે યોગ ને ઇચ્છાનો કર્તા થાય છે, જેનું લક્ષ પર ઉપર છે તે એમ માને છે કે હું પરનો નિમિત્તપણે કર્તા છું. વસ્તુ અખંડ છે એવી વસ્તુદૃષ્ટિ જેની થઈ છે તે નિમિત્તપણે પણ કર્તા નથી, વસ્તુ કર્તા નથી એટલે વસ્તુની દૃષ્ટિવાળો પણ કર્તા નથી એટલે કે સમ્યગ્દૃષ્ટિ નિમિત્તપણે પણ કર્તા નથી. આત્મવસ્તુ પોતે ઘટ-પટ થવામાં નિમિત્ત નથી પણ અજ્ઞાનીની વૃત્તિ નિમિત્ત છે. ઘટ કરું ને પટ કરું તે વૃત્તિનો અજ્ઞાની કર્તા થાય છે તેથી અજ્ઞાનીની રાગની વૃત્તિ ઘટ-પટ થવામાં નિમિત્ત છે, પણ જ્ઞાની રાગની વૃત્તિનો કર્તા થતો નથી, તે રાગની વૃત્તિને પોતાની માનતો નથી; અખંડ વસ્તુદૃષ્ટિ પ્રગટી છે તેથી જ્ઞાની પર વસ્તુની અવસ્થાનો કર્તા નથી.

ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવે તો કરતો નથી કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે; વળી નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો (સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો) પ્રસંગ આવે.

આત્મા ઘટ-પટાદિને અને ક્રોધાદિક પરદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવે તો કરે જ નહિ કારણ કે જો એમ કરે તો તન્મય થઈ જાય પરંતુ નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી, જો એમ કરે તો નિત્ય કર્તાપણું રહે, કોઈ દિવસ કર્તાપણું છૂટે જ નહિ.

વસ્તુ પોતે પરદ્રવ્યની કર્તા નથી પરંતુ યોગ અને ઇચ્છા પરવસ્તુની અવસ્થા થવામાં નિમિત્ત છે પણ જ્ઞાની યોગ અને ઇચ્છાનો કર્તા નથી માટે જ્ઞાની પરવસ્તુની અવસ્થાનો નિમિત્તપણે પણ કર્તા નથી. વસ્તુ પોતે તો કર્તા નથી પરંતુ વસ્તુની દૃષ્ટિવાળો નિમિત્તપણે પણ કર્તા નથી.

કેટલાક કહે છે કે મકાનની, ઘટની, પટની, અડદિયાની, સાલમપાકની વગેરે

પરદ્રવ્યની અવસ્થામાં આત્મા એકમેકપણે પેસીને કર્તા ન થાય પણ નિમિત્તપણે તો કર્તા થાય ને? ભાઈ! જો દ્રવ્ય કર્તા હોય તો નિત્ય કર્તાપણું રહે માટે દ્રવ્ય કર્તા નથી, પણ દ્રવ્યનો વિકારી ઉપયોગ અને કંપન-તે બન્ને વિકારી પર્યાય પરદ્રવ્યની અવસ્થા થવામાં નિમિત્તપણે કર્તા છે પણ તે યોગ-ઉપયોગનો અજ્ઞાની કર્તા થાય છે, જ્ઞાની કર્તા થતો નથી; માટે જેમ આત્મા કર્તા નથી તેમ આત્માનો દૃષ્ટિવંત પરદ્રવ્યની અવસ્થાનો નિમિત્તપણે પણ કર્તા નથી. આત્માની દૃષ્ટિવાળાને વિકારી અવસ્થા થતી હોય, કંપન અને ઇચ્છા થતાં હોય તોપણ ત્યાં તેનું વજન નથી. સ્વભાવ ઉપર વજન છે, વસ્તુ ઉપર વજન છે, વિકારી પર્યાય ઉપર વજન નથી, તેને પોતાની પર્યાય માનતો નથી માટે તે પરવસ્તુનો નિમિત્તપણે પણ કર્તા નથી.

વસ્તુ તો પોતે નિમિત્તપણે કર્તા છે જ નહિ પરંતુ વિકારી પર્યાય નિમિત્તપણે કર્તા છે. અજ્ઞાનીએ વિકારી પર્યાયનું કર્તાપણું સ્વીકાર્યું છે અને વિકારી પર્યાયનું લક્ષ પર ઉપર છે તેથી અજ્ઞાની નિમિત્તપણે કર્તા છે પરંતુ જ્ઞાની કર્તા નથી.

વસ્તુ તો કાયમી છે, વસ્તુ પોતે જો કર્તા હોય તો કોઈ દિવસ પરનું કર્તાપણું ટળે નહીં, અને પરનું કર્તાપણું પોતાનો સ્વભાવ થઈ જાય માટે વસ્તુ પોતે પરની કર્તા નથી.

સમકિતી બાઈ ખીચડી રાંધતી હોય, કઢી રાંધતી હોય વગેરે રસોઈ કરતી હોય તોપણ તે રસોઈની નિમિત્તપણે પણ કર્તા થતી નથી કારણ કે વસ્તુ પોતે કર્તા નથી ને વસ્તુ ઉપર દૃષ્ટિ છે તેથી નિમિત્તથી પણ કર્તાપણું સ્વીકારતી નથી. પોતાની પર્યાયમાં રાગ થાય છે; તે રાગની પર્યાય નિમિત્ત છે પણ તે રાગ ઉપર જ્ઞાનીની દૃષ્ટિ નથી, તેનું કર્તાપણું સ્વીકારતી નથી, તેની સ્વામી થતી નથી, પોતાના અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે, શુદ્ધ દ્રવ્ય કર્તા નથી તેથી શુદ્ધ દૃષ્ટિ પણ કર્તા નથી એમ આચાર્યદેવે કહ્યું છે.

જ્ઞાની કુંભાર હોય તો તે પણ ઘડાનું કર્તાપણું નિમિત્તપણે પણ ન સ્વીકારે કારણ કે તેની દૃષ્ટિ વસ્તુ ઉપર છે. જ્ઞાની જાણે છે કે જોગ ને ઇચ્છા મારાં છે જ નહિ માટે હું નિમિત્તપણે પણ કર્તા નથી.

વસ્તુ જો કર્તા હોય તો નિમિત્તપણે કર્તા-પણું કોઈ દિવસ છૂટે નહિ તેથી નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે. વસ્તુ જો નિમિત્તપણે કર્તા હોય તો કેવળજ્ઞાની પણ કર્તા રહે અને તેથી કર્તાપણું કોઈ દિવસ છૂટે નહિ.

જ્ઞાની માને છે કે શરીર, વાણી, મન, ઘટ, પટ વગેરે બધી પરવસ્તુને અમે

ઉપાદાનપણે તો કર્તા નથી પણ નિમિત્તપણે પણ કર્તા નથી. સ્વપરને જાણીએ ખરા પણ અમે કર્તા થતા નથી.

જ્ઞાનીને યોગ (પ્રદેશનું કંપન) અને ઇચ્છા હોય પણ તેનો કર્તા નથી માટે તે વસ્તુદૃષ્ટિએ પરવસ્તુનો નિમિત્તપણે પણ કર્તા નથી. અજ્ઞાની યોગ અને ઉપયોગનો કર્તા છે તેથી તે નિમિત્તપણે પરવસ્તુનો કર્તા થાય છે. અજ્ઞાની યોગ-ઉપયોગનો કર્તા થાય છે, તેની પર ઉપર નજર છે માટે તેના યોગ અને ઉપયોગ પરવસ્તુના નિમિત્તપણે કર્તા થાય છે. આમાં જ્ઞાની અને અજ્ઞાનીનું બધું કાર્ય આવી જાય છે.

અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા) યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના (-પરદ્રવ્યસ્વરૂપ કર્મના) કર્તા છે. (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા (કદાચિત્) ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.

વસ્તુ જો કર્તા હોય તો નિત્ય કર્તાપણાનો પ્રસંગ આવે પરંતુ વસ્તુ કર્તા નથી પણ અનિત્ય એટલે કે સર્વ અવસ્થાઓમાં પ્રસરતા નથી એવા યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે પરદ્રવ્યસ્વરૂપ કર્મના કર્તા છે. જે અનિત્ય છે, ક્ષણિક છે, વર્તમાન ક્ષણ પૂરતા છે એવા યોગ અને ઉપયોગ જ પરદ્રવ્યના નિમિત્તપણે કર્તા છે. આત્મા રાગાદિવિકારવાળા ચૈતન્યના વ્યાપારને અને પ્રદેશોના ચલનરૂપ ચૈતન્યના વ્યાપારને અજ્ઞાનથી કરે છે તોપણ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો નિમિત્તપણે પણ કદી નથી. અજ્ઞાનથી આત્મા યોગ અને ઉપયોગનો કર્તા તો કદાચિત્ ભલે હોય તોપણ પરવસ્તુનો કર્તા તો આત્મા નિમિત્તપણે કોઈ દિવસ નથી.

અજ્ઞાની પર વસ્તુને વ્યાપ્ય-વ્યાપકભાવે તો કરતો નથી પણ તેની દૃષ્ટિ પર ઉપર છે તેથી નિમિત્તપણે કર્તા થાય છે, ઇચ્છા અને જોગ ઉપર અજ્ઞાનીની દૃષ્ટિ છે તેથી પર વસ્તુનું નિમિત્તપણે કર્તાપણું પોતે સ્વીકારી લે છે. હું નિર્વિકાર ચિદાનંદસ્વરૂપ છું તેમ નહિ માનતાં ઇચ્છા અને કંપન જેટલો જ હું છું તેમ અજ્ઞાની માની લે છે તેથી પર વસ્તુનું નિમિત્તપણે કર્તાપણું સ્વીકારી લે છે; ઘડા વગેરે પરવસ્તુનો કર્તા હું છું એમ નિમિત્તપણે સ્વીકારી લે છે. ઇચ્છા અને જોગ પરવસ્તુનું કાર્ય થવામાં નિમિત્ત છે, તે ઇચ્છા અને જોગનો અજ્ઞાની કર્તા થયો તેથી પરનું કર્તાપણું નિમિત્તપણે પોતે સ્વીકારી લીધું.

આત્મા કોને કહેવો? જોગ ને ઇચ્છા વર્તમાન હોય એટલો આત્મા કહેવાય?

ના, જોગ ને ઇચ્છા પૂરતો આત્મા નથી પણ જોગ-ઇચ્છાથી રહિત વીતરાગતા, અયોગપણું, જ્ઞાન, દર્શન, ચારિત્ર, બળ વગેરે અનંત ગુણપર્યાયોનો પિંડ છે. એવો આત્મા જો નિમિત્તપણે પણ પરનો કર્તા હોય તો તેનું નિમિત્તપણે કર્તાપણું ત્રણકાળમાં ક્યારેય પણ છૂટે નહિ.

જ્ઞાની જાણે છે કે હું મને અને પરને જાણનાર છું પણ કર્તા નથી. પર વસ્તુનો ઉપાદાનપણે તો કર્તા નથી જ, પણ નિમિત્તપણે પણ કર્તા નથી; અજ્ઞાનીની પર ઉપર નજર છે તેથી નિમિત્તપણે કર્તાપણું સ્વીકારે છે. કાયમ નિત્યપણે નહિ રહેતા એવા કંપન અને ઇચ્છાની વિભાવ અવસ્થા, પર વસ્તુની અવસ્થા થાય ત્યારે નિમિત્તપણે હોય છે, કંપન અને ઇચ્છાનો જે ધણી થાય છે તે પરવસ્તુની અવસ્થા વખતે હું હાજર હતો એમ માને છે. કંપન અને ઇચ્છા પોતાનો સ્વભાવ નથી છતાં પોતાનાં માની લે છે તેમ ઘટ-પટાદિનો નિમિત્ત કર્તા હું છું તેમ પોતે માની લે છે.

ખીચડી કઢી બનાવવામાં, લુગડાં પહેરવામાં, લુગડાં બનાવવામાં જોગ અને ઉપયોગ નિમિત્તપણે કર્તા છે એમ અજ્ઞાની માને છે.

પ્રશ્ન:—આ વાત ન સમજાય તો ભ્રમણા ઘણી રહી જાયને?

ઉત્તર:—હા, ભ્રમણા ઘણી જ રહી જાય; આ વાત સમજાય તો તે ભ્રમણા ટળવાનું મૂળિયું છે અને આ વાત ન સમજાય તો તે ભ્રમણા રહેવાનું પણ મૂળિયું છે.

અજ્ઞાનીએ રાગને અને કંપનને પોતાનાં માન્યાં છે તેથી આચાર્યદેવે પોતાના વિકલ્પનો અને પોતાના કંપનનો કદાચિત્ અજ્ઞાનથી કર્તા છે, એમ કહ્યું છે. અજ્ઞાનીએ રાગને પોતાનો માન્યો એટલે આચાર્યદેવે 'પોતાનો વિકલ્પ' એમ શબ્દ લીધો છે, (પણ ખરી રીતે વિકલ્પ પોતાનો નથી). રાગને પોતાનો માને છે તેથી 'આ વસ્તુ મેં કરી મેં કરી' એમ માને છે.

કોઈ કહે સારાં કામ થાય એમાં ડાહ્યો માણસ હોય તો ફેર પડને? તું તારે ખોટું માન્યા કરને! ફેરબેર કાંઈ પડવાનો નથી, જેમ થવાનું હોય છે તેમ થાય છે.

કોઈ પણ ઘટ, પટ, પુસ્તક, મકાન, સાબુના લાટા પાડવા, છોકરાંઓને નિશાળે બેસાડવાં, અડદીઓ કરાવવો વગેરે પરવસ્તુની બધી અવસ્થા તેના પોતાના કારણે થાય છે, પણ જોડે જે હોય તે માને કે હું આ બધાનો કર્તા છું તે અજ્ઞાની છે.

પ્રશ્ન:—આ ધર્મ કહેવાય છે?

ઉત્તરઃ—હા, આ ધર્મ કહેવાય છે. આ સમજ્યે જ સાચો ધર્મ થાય, આમાં એક પણ આડી-અવળી અપેક્ષા નાખે તો મિથ્યાત્વ આવે. નિમિત્તથી કથન થાય તે જુદી વાત છે અને નિમિત્તથી કર્તાપણું માનવું તે જુદી વાત છે.

શિષ્ય ગુરુને કહે કે અહો ! પ્રભુ ! આપે મારા ઉપર પરમ ઉપકાર કર્યો છે, મને પામરને આપે ન્યાલ કર્યો છે, આપે મને તારી દીધો છે વગેરે પોતાના ગુણની પર્યાય ઉઘાડવા માટે વિનયથી, નમ્રતાથી કહે છે, વ્યવહારમાં ગુરુ પ્રત્યે વિનય અને નમ્રતા કરે છે, ગુરુના ગુણોનું બહુમાન કરે છે અને નિશ્ચયથી પોતાના પૂર્ણ સ્વભાવ પ્રત્યે વિનય, નમ્રતા અને બહુમાન કરે છે. હજી અધૂરો છે તેથી વ્યવહારમાં દેવ, ગુરુના ગુણોનું બહુમાન આવ્યા વગર રહેતું નથી, પોતાને પૂર્ણતા જોઈએ છે; નિશ્ચયમાં પોતાને પૂર્ણ સ્વભાવનું બહુમાન છે તેથી વ્યવહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવ્યા વગર રહેતું નથી. દેવ, ગુરુ ગુણમાં વિશેષ છે તેથી સમજીને સામા ઉપર આરોપ કરીને બોલે કે તમે મને તારી દીધો તે જુદી વાત છે પણ તેમ માની બેસે તો તે ખોટું છે.

અજ્ઞાનીને ઇચ્છા છે તેમ જ્ઞાનીને પણ અધૂરાશ છે ત્યાંસુધી ઇચ્છા તો છે પરંતુ તે ઇચ્છાને જ્ઞાની પોતાની માનતો જ નથી; તેથી તે જ્ઞાનીની ઇચ્છા નાશ થવાને માટે છે. ઇચ્છા, રાગ, દ્વેષ વગેરે ભાવોનો ચોથા ગુણસ્થાનથી માંડીને ઉપરના ગુણસ્થાનોમાં કર્તા નથી માટે પરવસ્તુનો નિમિત્તપણે પણ કર્તા નથી.

જ્યાંસુધી કંપન અને રાગ પોતાનાં માને છે ત્યાંસુધી તે ધર્મનો અજાણ જીવ રાગ અને યોગનો કર્તા તો કદાચિત્ ભલે હો પણ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો નિમિત્ત-પણે પણ નથી.

ટીકામાં આચાર્યદેવે પહેલાં કહ્યું કે આત્મા કર્તા નથી અને પછી કહ્યું કે અજ્ઞાની આત્મા કર્તા ભલે હો. કર્તા તો અવસ્થા છે; કાંઈ દ્રવ્યકર્મનો કર્તા આત્મા નથી પણ આત્માની વિકારી અવસ્થા દ્રવ્યકર્મની અવસ્થા થવામાં નિમિત્તમાત્ર છે; અજ્ઞાની આત્મા તો ખરી રીતે યોગ અને ઉપયોગનો કર્તા છે, જડનો કર્તા નથી; પરંતુ રાગ અને જોગનું કર્તાપણું માને છે તેથી પણ અજ્ઞાની આત્માને કર્તા કહેવાય, બાકી ખરી રીતે તો રાગને અને જોગને પોતાના માન્યા તે આત્મા જ નથી, અનાત્મા છે.

ઘડો બનાવવામાં જેમ જ્ઞાની નિમિત્તપણે પણ કર્તા નથી તેમ ઘડો ફોડવામાં પણ નિમિત્તપણે કર્તા નથી તેમ સમજી લેવું. અજ્ઞાની ઘડો ફોડવાનો પણ કર્તા થાય છે. જ્ઞાની લડાઈમાં ઊભો હોય છતાં પણ જોગ અને ઈચ્છાનો કર્તા થતો નથી; હું લડાઈનો નિમિત્તપણે પણ કર્તા નથી એમ તે માને છે, હું તો જ્ઞાયક છું, જાણનાર છું, સાક્ષીપણે

રહેનાર છું અને સાક્ષીપણે રહેવાનો કર્તા છું એમ જ્ઞાની માને છે.

યોગ એટલે મન-વચન-કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશનું ચલન અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું જોડાવું, આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિક નિમિત્ત કર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્માને સંસાર અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.

અજ્ઞાની ક્રોધ અને કંપન હું છું તેમ માને છે તેથી ઘટાદિકનો નિમિત્તપણે હું કર્તા છું તેમ સ્વીકારે છે, પણ ભગવાન આત્મા પરવસ્તુનો નિમિત્તપણે પણ કર્તા કહેવાય નહિ; આત્મા પોતે કર્તા નથી તેથી આત્માનો દૃષ્ટિવંત પણ કર્તા નથી.

સંસારદશામાં અજ્ઞાન અવસ્થાને કારણે નિમિત્તપણે કર્તાપણું સ્વીકાર્યું છે. સંસાર તો ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી પણ છે, છતાં તે સંસાર પોતાના કારણે નથી પરંતુ પરના કારણે છે, પોતાની વિકારી પર્યાયના કારણે છે, આત્માના સ્વભાવમાં તો સંસાર છે નહિ. જેવો સ્વભાવ છે તેવો જાણ્યો, શ્રદ્ધા કરી અને અનુભવ્યો, તેવા સ્વભાવદૃષ્ટિવંતને સંસાર તેના પોતાના ભાવમાં નથી, પરંતુ પોતાની ઊણી અવસ્થા છે તેથી સંસાર ઊભો છે, પોતાની સ્વભાવદૃષ્ટિમાં સંસાર નથી, અલ્પ અસ્થિરતાને કારણે એકાદ ભવ રહે છે તે વાત અહીં ગૌણ છે. દૃષ્ટિ સ્વભાવ ઉપર છે, પુરુષાર્થ પૂર્ણ પર્યાય પ્રગટ કરવાનો ચાલુ છે. તેથી પૂર્ણ પર્યાય પ્રગટી જવાની છે, માટે સંસાર છે નહિ, તેથી અજ્ઞાનીને સંસાર ગણ્યો છે, પણ જ્ઞાનીને સંસાર ગણ્યો નથી.

આ ૧૦૦ મી ગાથામાં દ્રવ્યદૃષ્ટિનું જોર છે, આખી વસ્તુસ્થિતિ આમાં બતાવી દીધી છે. દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનો કર્તા નથી પરંતુ પર્યાય દૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે. કોઈ વખતે એટલે અજ્ઞાન અવસ્થામાં જોગ અને રાગ મારા માને છે ત્યાંસુધી કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે તેમ કહેવાય છે, કારણ કે હું નિમિત્ત છું તેમ માન્યું છે તેથી નિમિત્ત થાય છે તેમ કહેવાય. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનો કર્તા છે, અન્ય દ્રવ્યની અવસ્થાને અન્ય દ્રવ્ય ન કરી શકે તે ત્રિકાળ અબાધિત સિદ્ધાંત છે. પર વસ્તુ પરિણમે તેના પોતાના કારણે તેમાં બીજો શું કરી શકે? આ ૧૦૦ મી ગાથામાં સ્વદ્રવ્યને આખું ઊભું રાખ્યું છે. પરનો તો તું નિમિત્તપણે પણ કર્તા નથી એમ કહીને આખી સ્વતંત્રતા જાહેર કરી છે.

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે, તે જ્ઞાનીને નવાં કર્મ બંધાય તેમાં તે નિમિત્ત-

પણે પણ કર્તા નથી. કોઈ કહેશે કે જ્ઞાનીને અલ્પ કર્મ બંધાય છે ને? તેથી તેનું નિમિત્ત તો ખરોને? ના! ના! તેનો પણ જાણનાર છે, અલ્પ ઇચ્છા અને જોગ છે તેનો પણ જાણનાર છે, નિમિત્તપણે પણ કર્તા નથી. અહો! આ સમયસારમાં બધી વાત મૂકી છે, કાંઈ પણ બાકી રાખી નથી, ચૌદપૂર્વનું રહસ્ય આ સમયસારમાં આવી જાય છે. એવા કોઈ સુયોગકાળે આ સમયસારની રચના થઈ છે કે જેમાં કેવળીનાં પેટ આવી ગયાં છે. આ સમયસારનું રહસ્ય જે સમજે તેને ન્યાલ થવાનાં ટાણાં છે.

૨૦૦૦, કારતક સુદ ૯, શનિ

ગાથા ૧૦૦ મી ફરીથી.

શરીરની અવસ્થા, વાણીની અવસ્થા વગેરે પર વસ્તુની અવસ્થાનો વ્યાપ્ય-વ્યાપકભાવે તો આત્મા કર્તા નથી પરંતુ નિમિત્તનૈમિત્તિકભાવે પણ કર્તા નથી-એમ આ ૧૦૦ મી ગાથામાં કહે છે.

મૂળ ગાથામાં આવે છે કે ઘટાદિની અવસ્થા જીવ કરતો નથી. જીવ એટલે વસ્તુ પોતે કર્તા નથી, આત્મદ્રવ્ય પોતે ઘડાની અવસ્થાનો કર્તા નથી, એક આત્મદ્રવ્ય અનેરા આત્માની કે આત્મા સિવાય બીજા કોઈ પરમાણુની અવસ્થાનો નિમિત્તપણે પણ કર્તા નથી. વસ્તુ કર્તા નથી માટે વસ્તુનો દૃષ્ટિવંત પણ કર્તા નથી.

આત્મા ઘટ-પટનો કર્તા નથી, એક રજકણથી માંડીને બધાં જડ દ્રવ્યનો કર્તા નથી, એક નિગોદથી માંડીને બધા આત્માની અવસ્થાનો વસ્તુનો દૃષ્ટિવંત એટલે કે જ્ઞાની આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી.

ઇચ્છા અને જોગનો જ્ઞાની કર્તા નથી પણ ઇચ્છા અને જોગનો અજ્ઞાની કર્તા છે, એની દૃષ્ટિ રાગ અને જોગ ઉપર છે, રાગ અને જોગનો વિષય પર છે તેથી અજ્ઞાની નિમિત્તપણે પરનો કર્તા છે એમ આચાર્યદેવે કહ્યું છે.

કંપન અને રાગ જેવડો હું છું, રાગ અને કંપન મારાં છે, હું એનો કર્તા છું—એમ અજ્ઞાની માને છે તેથી પર દ્રવ્યનું કર્તાપણું પણ નિમિત્તપણે માની લે છે. રાગ અને જોગનો વિષય પર છે, વળી દ્રવ્યકર્મ, રાગ અને જોગને નિમિત્ત છે તેથી રાગ અને જોગનું કર્તાપણું સ્વીકારતાં પરદ્રવ્યનું કર્તાપણું પણ ભેગું આવી જાય છે.

ઘડાની અવસ્થા આત્મા વ્યાપ્ય-વ્યાપક ભાવે કરતો નથી. એટલે કે તેમાં પેસીને કરતો નથી. જો એમ હોય તો બે દ્રવ્યો એક થઈ જાય. ઘડાની અવસ્થાનો આત્મા હાજર રહીને નિમિત્ત રહીને પણ કર્તા નથી, જો એમ હોય તો પરદ્રવ્યનું કર્તૃત્વ

નિત્ય રહ્યા કરે એટલે કે જોગ અને રાગનો નિત્ય કર્તા રહ્યા કરે તેથી પરવસ્તુનો કર્તા નિત્ય રહ્યા કરે.

જીવોએ નિમિત્તકર્તા છે, નિમિત્તકર્તા છે એવા નિમિત્તના અભિપ્રાયના બ્હાને નિમિત્તને ઉપાદાન માની લીધું છે એટલે કે બે દ્રવ્યોને એક માની લીધા છે. નિમિત્ત એટલે માત્ર સામી વસ્તુની હાજરી એટલે કે ઘડો થવામાં કુંભારની હાજરી અનુકૂળ હોય પરંતુ ત્યાં વકીલની હાજરી અનુકૂળ ન હોય, તે હયાતી માત્ર નિમિત્તને જીવોએ ઉપાદાનપણે સ્વીકારી લીધું છે એટલે કે ઉપાદાન અને નિમિત્તને એક સ્વીકારી લીધાં છે. વસ્તુનો દૃષ્ટિવંત પરવસ્તુનો હાજરીપણે પણ કર્તા થતો નથી, ઉપચારથી કહેવાય કે આ માણસની હાજરીથી આ કાર્ય થયું; જે કાર્ય થવામાં જે માણસની હાજરી હોય તેને ઉપચારથી કહેવાય કે આ માણસના નિમિત્તથી આ કાર્ય થયું પરંતુ સ્વભાવ-દૃષ્ટિ તે નિમિત્તને પણ સ્વીકારતી નથી.

ઘડો કરતી વખતે કુંભાર ઊભો રહ્યો એનામાં, કુંભારના હાથની ક્રિયા કુંભારના હાથમાં થઈ, દોરો દોરામાં ફર્યો, હાથ હાથમાં ફર્યો; ચક્ર ચક્રમાં ફર્યું (ચક્ર એટલે કુંભારનો ચાકડો), સૌ સૌની ક્રિયા સૌ સૌમાં થાય છે, કુંભારના હાથે ચાકડો ફેરવ્યો હોય તો કુંભારનો હાથ ચાકડામાં પેસી જવો જોઈએ પણ તેમ તો થતું નથી; માટે કુંભારના હાથ આમથી તેમ ફરે છે તે તેના પોતામાં જ ફરે છે, ચાકડામાં ફરતા નથી. દરેક દ્રવ્ય પોતપોતામાં સ્વતંત્ર પરિણમે છે, પરંતુ કુંભાર અજ્ઞાનને લઈને માની લે છે કે હું હાજર હતો માટે ઘડો થયો. એ રીતે નિમિત્તથી કર્તાપણું સ્વીકારી લીધું છે; માટે કર્તા નથી.

અજ્ઞાનીનું લક્ષ જોગમાં ને રાગમાં ગયું છે અને જોગનો ને રાગનો વિષય તો પર છે; જોગ ને રાગ મારા છે, હું એનો છું, રાગને મારો માન્યો અણે રાગાદિનો વિષય જે પરદ્રવ્ય એને પણ પોતાનાં માન્યાં; રાગનો કર્તા થયો એટલે રાગનો વિષય જે પરદ્રવ્ય છે તેનો પણ નિમિત્તપણે કર્તા થયો.

વસ્તુ પોતે નિમિત્તપણે પણ પરદ્રવ્યની અવસ્થાની કર્તા નથી, જો વસ્તુ કર્તા હોય તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે; આ વાત જેને બેસતી નથી તે રખડશે ચોરાસીની પાટમાં. જોગ અને રાગનો કર્તા થાય છે તેથી પરવસ્તુની અવસ્થાનું કર્તાપણું સ્વીકારી લે છે માટે જે પરવસ્તુની અવસ્થાનું કર્તાપણું નિમિત્તપણે સ્વીકારે છે તેને રાગનું કર્તાપણું નિત્ય રહેવાથી કદી પણ રાગ છૂટીને નિર્વિકલ્પ વીતરાગતા થશે નહિ; પરવસ્તુની અવસ્થાના કર્તાપણાની જેને પક્કડ હોય તે ન સુધરે; પણ ભૂલ હોય અને તે ભૂલને

સ્વીકારે તો સુધરે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ આવે તોપણ જેણે પક્કડ કરી હશે તેને નહિ છૂટે, મારી ભૂલ છે એમ જેને જોવું નથી અને માત્ર પક્કડ રાખવી છે તે ક્યાંથી સુધરે?

કુંભારને આત્માનું ભાન થયા પછી લાખો ઘડા થવામાં તે કુંભાર હાજર હોય તોપણ તે નિમિત્તપણે કર્તા થતો નથી. કુંભારને વીતરાગતા થઈ નથી તેથી ઘડો કરવાનો રાગનો વિકલ્પ આવે, યોગની ક્રિયા પણ થાય, હાથની ક્રિયા આમથી આમ ફરે, જોગની અને રાગની ક્રિયા ઘડાને અનુકૂળ થાય પણ તેનો તે કર્તા થતો નથી. કુંભાર ક્ષાયિકસમકિતી હોય તોપણ સંપૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાંસુધી ઘડો કરવાનો વિકલ્પ તેને ઊઠે, યોગની ક્રિયા પણ થાય પરંતુ નિમિત્તકર્તાપણાની દૃષ્ટિ નથી. જોગ અને કષાયનો જે કર્તા છે તે નિમિત્તકર્તાપણું સ્વીકારે છે.

બાહ્ય વસ્તુ તો જેમ છે તેમ છે પણ ઊંધી માન્યતા હતી ત્યારે તે વસ્તુનો કર્તા થતો હતો ને જ્ઞાન થતાં તે વસ્તુનો અકર્તા થાય છે. મકાન, પુસ્તક-પાનાં, વાણી વગેરે પરદ્રવ્ય તો એનાં એ છે પરંતુ પહેલાં કર્તા થતો હતો અને જ્ઞાન થતાં કર્તાપણું છૂટી ગયું.

વાણીની અવસ્થા વાણીથી થાય છે તેનો નિમિત્તપણે પણ કર્તા જ્ઞાની થતો નથી.

પ્રશ્ન :—ભગવાનને એમ કહેવાય છે ને કે હે પ્રભુ! આપે અમારા ઉપર કરુણા કરીને દિવ્યધ્વનિ છોડી.

ઉત્તર :—ભગવાનની વાણી અને જોગને, ભગવાનનાં વીર્ય અને જ્ઞાન સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તેથી ભગવાન બોલ્યા એમ કહેવાય છે પણ તેનો અર્થ એવો નથી, એક બીજાની હાજરીમાં એકબીજાની અનુકૂળ, સરખી, મેળ ખાતી ક્રિયા થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ તેથી તેમાં નિમિત્તપણે કર્તાપણું આવતું નથી. ભગવાનના જ્ઞાન પ્રમાણે વાણીની ક્રિયા સરખી, અનુકૂળ, મેળખાતી થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ તેથી નિમિત્તકર્તાપણું જરાય નથી.

જ્ઞાનીને પણ રાગની અને જોગની જે ક્રિયા થાય છે તે ઘડો વગેરે પરદ્રવ્યની અવસ્થાને અનુકૂળ થાય એવો લગભગ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તોપણ વસ્તુનો દૃષ્ટિવંત જ્ઞાની તેનો નિમિત્તપણે પણ કર્તા થતો નથી. પણ તેનું જ્ઞાન કરે છે. મકાન કરવાના, પુસ્તક કરવાના, ઘડો કરવાના વિકલ્પો અસ્થિરતાને લઈને જ્ઞાનીને થાય છે તેથી અને તે કાર્ય થવામાં જ્ઞાનીની હાજરી હોય છે તેથી તેને ઉપચારથી કર્તા કહેવાય છે કે આ માણસે એ કામ કર્યું, પરંતુ વસ્તુનો દૃષ્ટિવંત જ્ઞાની અસ્થિરતાનો કર્તા

નથી, જોગનો પણ કર્તા નથી તો પછી પરદ્રવ્યની અવસ્થાનો કર્તા તો ક્યાંથી હોય?

વિકલ્પ ને જોગ પોતાના છે જ નહિ પરંતુ અજ્ઞાનીએ વિકલ્પ ને જોગ પોતાના માન્યા છે, જેણે વિકલ્પ ને કંપન પોતાનાં માન્યાં છે તેને કદાચિત્ એટલે કે અજ્ઞાન વર્તે છે ત્યાંસુધી જોગ અને ઉપયોગનું કર્તાપણું છે અને તેથી પરનો પણ નિમિત્તપણે કર્તા થાય છે. અજ્ઞાન કાયમ રહેતું નથી પણ પલટાઈ જાય છે તેથી 'કદાચિત્' શબ્દ આચાર્યદેવે ટીકામાં કહ્યો છે. યોગ-ઉપયોગનો કર્તા આત્મા પણ અજ્ઞાનભાવે ભલે હો પણ પરદ્રવ્યનો કર્તા તો કદી નથી.

અહીં તો સિદ્ધાંત એ છે કે આત્મા પોતે અને આત્માની દૃષ્ટિ થઈ છે તે, પરને નિમિત્તપણે પણ કર્તા નથી, તેમ જ પર મને નિમિત્ત નથી; તેમ દ્રવ્યદૃષ્ટિમાં છએ દ્રવ્યનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પણ આવતો નથી. પોતે પોતાપણે છે અને પોતે પરપણે નથી, પોતે પોતાપણે છે તે અસ્તિ અને પોતે પરપણે નથી તે નાસ્તિ. દર્શન પોતાના દ્રવ્યમાં બીજા દ્રવ્યના સંબંધને સ્વીકારતું નથી, દર્શનનો વિષય પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયના સંબંધનો નકાર કરે છે; છએ દ્રવ્યો પોતે પોતામાં અસ્તિપણે છે ને પરમાં નાસ્તિપણે છે, એ રીતે છએ દ્રવ્યનો નિમિત્તનૈમિત્તિક-સંબંધ પણ દર્શનના વિષયમાં નથી. અરે! દર્શનનો વિષય તો પોતાના સ્વદ્રવ્યના ગુણ-પર્યાયના ભેદને પણ સ્વીકારતું નથી, અનંત ગુણ-પર્યાયના પિંડ સ્વરૂપ અભેદ દ્રવ્ય ઉપર જ જેનું લક્ષ છે, અભેદ દ્રવ્ય જ જેનો વિષય છે.

દર્શન કારણ છે ને જ્ઞાન કાર્ય છે. દર્શન પૂર્વક થયેલું જ્ઞાન દર્શનને જાણે છે; દર્શનનો વિષય પોતાના દ્રવ્યમાં પરદ્રવ્યનો નકાર કરે છે તેથી દર્શન સાથે ઊઘડેલું જ્ઞાન પણ પર દ્રવ્યનો નકાર કરે છે પરંતુ જ્ઞાન પરજ્ઞેયને જાણે છે, જ્ઞાન સ્વપર-પ્રકાશક છે, દર્શનનો વિષય અભેદ છે, દર્શન અધૂરી, પૂરી અને વિકારી પર્યાયને સ્વીકારતું નથી, દર્શન નિમિત્તનૈમિત્તિકસંબંધને પણ સ્વીકારતું નથી, દર્શનનો વિષય અખંડ પરિપૂર્ણ સ્વદ્રવ્ય છે. જ્ઞાન અભેદ અને ભેદ બન્નેને જાણે છે, જ્ઞાન દર્શનને જાણે છે, દર્શનના વિષયને જાણે છે, જ્ઞાન સ્વદ્રવ્યને જાણે છે, જ્ઞાન પરદ્રવ્યને જાણે છે, જ્ઞાન નિમિત્તનૈમિત્તિકસંબંધને જાણે છે, જ્ઞાન અધૂરી, પૂરી અને વિકારી પર્યાયને પણ જાણે છે. દર્શનનો વિષય પરિપૂર્ણ અખંડ, અભેદ છે, જ્ઞાન નિમિત્તનૈમિત્તિકસંબંધને જાણે છતાં કર્તા થાય નહિ.

અજ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન નથી તેથી પોતાના અખંડસ્વરૂપનો ખ્યાલ આવતો નથી, પરનો હું કર્તા છું તેમ તે માને છે કારણ કે દૃષ્ટિ પર ઉપર છે. અજ્ઞાનીના

જોગ અને રાગ નિમિત્તકર્તા કહેવાય શા માટે ? તે માને છે તેથી કહેવાય; તેને માન્યતાના ભાવરૂપ વાચ્ય છે માટે નિમિત્તકર્તાનો વાચક શબ્દ પણ છે. આત્મા કર્તા નથી કારણ કે આખી વસ્તુને કર્તા કહો તો વસ્તુ તો કાયમ રહે છે તેથી કાયમ કર્તાપણાનો પ્રસંગ આવશે. વસ્તુસ્વરૂપના જ્ઞાન વગર ઉપાદાન તરફ વલણ થાય નહિ માટે વસ્તુના સ્વભાવનું જ્ઞાન કરવું પ્રયોજનભૂત છે.

કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા તો કહી શકાય નહિ, પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઈ વસ્તુની અવસ્થા કોઈ ટાણે-કોઈ વખતે અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે. દ્રવ્યદૃષ્ટિથી તો સર્વ સંબંધનો અભાવ છે, એવી દૃષ્ટિ કબૂલ્યા વિના નિમિત્તનૈમિત્તિક-સંબંધ જાણી શકાય નહિ, કોઈ વસ્તુની અવસ્થા થતી વખતે કોઈ વસ્તુની અવસ્થા હાજર હોય છે. અજ્ઞાની કર્તાપણું માને છે તેથી તેને કર્તા કહ્યો પરંતુ પરમાર્થે કોઈનો કોઈ કર્તા નથી.

૧૦૦ મી ગાથાની ટીકાના પહેલા બોલમાં આચાર્યદેવે એમ કહ્યું કે જો આત્મા પરદ્રવ્યને કરે તો તે પરદ્રવ્યમાં પેસી જાય, તન્મય થઈ જાય, માટે તે પરદ્રવ્યને વ્યાપ્ય-વ્યાપકભાવે કરતો નથી બીજા બોલમાં એમ કહ્યું કે આત્મા પરદ્રવ્યના પર્યાયને નિમિત્તનૈમિત્તિકભાવે પણ કરતો નથી. વળી કહ્યું કે આત્મા જો પરદ્રવ્યના પર્યાયને નિમિત્તનૈમિત્તિકભાવે પણ કરે તો નિત્યકર્તાપણાનો પ્રસંગ આવે, કદી પણ કર્તાપણું છૂટે નહિ અને તેથી તે કર્તાપણું છૂટીને સ્વદ્રવ્યના નિર્મળ પર્યાયને પ્રગટ કરવાનો પ્રસંગ ન આવે માટે આત્મા પરદ્રવ્યની અવસ્થાનો કર્તા નથી પરંતુ અજ્ઞાન અવસ્થાએ યોગ અને રાગાદિ ઉપયોગનો અજ્ઞાની કર્તા હોવાથી તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર છે તેથી અજ્ઞાનીના યોગ-ઉપયોગની અવસ્થા સામા પરદ્રવ્યની અવસ્થાને નિમિત્ત તરીકે-હાજરી તરીકે કર્તા છે પણ જ્ઞાન અવસ્થાએ યોગ અને રાગાદિ ઉપયોગનો કર્તા નથી માટે પરદ્રવ્યનો નિમિત્ત કર્તા નથી. ૧૦૦.

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે-ધર્મી જીવ પોતાના જ્ઞાનનો જ કર્તા છે. જુઓ, પરદ્રવ્યનો કર્તા કાઢી નાખ્યો, નિમિત્તનૈમિત્તિકકર્તા પણ કાઢી નાખ્યો; હવે પોતાની અવસ્થાનો કર્તા છે તેમ લાવીને ઊભું રાખ્યું. જ્ઞાની જ્ઞાનપર્યાયને કરે છે તે ટાણે અલ્પ રાગ છે તેથી નવું બંધન થાય છે છતાં તેમાં હું નિમિત્તપણે પણ કર્તા નથી, માત્ર તેનો હું જાણનાર છું તેમ હવે કહે છે :—

जे पुग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा ।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी ॥१०१॥

અર્થ:—જે જ્ઞાનાવરણાદિક પુદ્‌ગલદ્રવ્યોનાં પરિણામ છે તેમને જે આત્મા કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે.

અહીં જ્ઞાનાવરણાદિક કર્મ છે બંધાય જે તેને જ્ઞાની જાણે કે આમ થાય છે, કર્મ બંધાય છે; પણ કર્તા થતો નથી. જેમ જ્ઞાનમાં પર વસ્તુ જણાય છે તેમ જે કર્મ બંધાય છે તેને પણ જ્ઞાની ધર્માત્મા પોતાના જ્ઞાનની વૃદ્ધિપણે જાણે છે. બંધનને હું જ્ઞાતાપણે જાણું છું, માટે મારા જ્ઞાનની જ વૃદ્ધિ છે, બંધનની વૃદ્ધિ નથી. જાણવાનો ફેલાવ થયો, તેમાં જ્ઞાન ફેલાણું માટે જ્ઞાનની વૃદ્ધિ થઈ તેમાં બંધન ક્યાં આવ્યું? માટે જ્ઞાનીને કર્મ બંધાતાં નથી પણ નિર્જરા થઈ જાય છે તેમ વાત છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી જે જે કર્મ બંધાય, જે જે વિકારી પર્યાય થાય તેને જ્ઞાયકપણે રહીને જ્ઞાની જાણે છે, જ્ઞાન-પર્યાયને વધારતો જાણે છે, જ્ઞાતાપણાની તીખાશને-સ્થિરતાને વધારતો જાણે છે; અલ્પ અસ્થિરતા પુરુષાર્થની મંદતાને કારણે થાય છે તેને પણ જાણે છે, પણ તે અસ્થિરતા ટળી જવાની છે, પુરુષાર્થ વધારીને અલ્પકાળમાં મુક્તિ લેવાનો છે.

જેમ દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને ઊપજતાં ગોરસનાં ખાટાં-મીઠાં પરિણામ છે.

ગાયના દૂધના રસનું સામાન્યપણું તેને ગોરસ કહેવાય છે, ગોરસ પોતે વ્યાપીને ખાટી, મીઠી અવસ્થાપણે પરિણમે છે તેને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી. બાઈ દૂધ મેળવે છે તે ગોરસને જાણે છે કે આ દૂધમાંથી દહીં થશે, પરંતુ તે ગોરસનાં ખાટાં-મીઠાં પરિણામને તે બાઈ કરતી નથી. દૂધ પરિણમીને દહીં થયું, દહીં પરિણમીને માખણ થયું, માખણ પરિણમીને ઘી થયું—તે બધી ગોરસની અવસ્થા છે, બાઈ તો તટસ્થપણે બધું જોયા કરે છે, બાઈના હાથની અવસ્થા કાંઈ ગોરસમાં પેસી ગઈ નથી, બાઈ તો માત્ર જાણ્યા જ કરે છે.

તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતાં પુદ્‌ગલદ્રવ્યનાં પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી.

---

જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલતણાં પરિણામ છે,
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

જ્ઞાનાવરણાદિક ખરેખર પુદ્‌ગલનાં પરિણામ છે તેને હું કરતો નથી તેમ જ્ઞાની સમજે છે કારણ કે જ્ઞાનાવરણાદિક કર્મ પુદ્‌ગલ પોતે વ્યાપીને થાય છે તેને હું કેમ કરું? હું તો તટસ્થ જોનાર છું; જેમ કોઈ નદીના તટ ઉપર સ્થિર ઊભેલો માણસ નદીમાં પાણીનાં લોઢ ગમે તેટલા આવે તેને તે જોયા જ કરે છે તેમ. પાણીમાં ગમે તેવા લોઢ થાય તેમાં જોનારને શું? તેવી રીતે જ્ઞાનાવરણાદિ કર્મ ગમે તેવાં બંધાય તેને જ્ઞાની જાણ્યા જ કરે છે. પુદ્‌ગલ પોતે પરિણમીને કર્મપણે થાય તેમાં જ્ઞાની સમજે છે કે મારે શું? અહીં દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ કથન છે, અસ્થિરતાની વાત ગૌણ છે.

જેમ તે ગોરસનો જોનાર પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસપરિણામનું દર્શન (જોવાપણું) તેમાં વ્યાપીને, થઈને ઊપજતું પુદ્‌ગલદ્રવ્યપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને માત્ર જાણે જ છે. આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.

જ્ઞાનાવરણાદિક જે કર્મ થાય તેને જ્ઞાની કરતો નથી; કરતો નથી એટલે કે નિમિત્ત પણ થતો નથી એમ અહીં કહેવું છે. અહીં દ્રવ્યદૃષ્ટિનું જોર છે, અસ્થિરતાની વાત ગૌણ રાખીને દૃષ્ટિથી તો કૃતકૃત્ય-મોક્ષ છે એમ અહીં બતાવવું છે.

જ્ઞાની પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને માત્ર જાણે જ છે. નિમિત્તનું જ્ઞાન થયું એટલો જ્ઞાનમાં વધારો થયો; પુદ્‌ગલદ્રવ્યમાં નવા કર્મરૂપ જે અવસ્થા થઈ તે અને રાગનાં પરિણામ તે બધાનો દૃષ્ટિમાં નિષેધ કર્યો અને જ્ઞાને તે બધાનું જ્ઞાન કર્યું તેમાં જ્ઞાનનું વિશેષપણું જ થતું જાય છે. દર્શનગુણમાં એટલે કે દેખવાના ગુણમાં વૃદ્ધિ કરી કે મારું જાણવાનું અને દેખવાનું જે સામર્થ્ય છે તેની વૃદ્ધિ થવામાં આ એક નિમિત્ત નીવડ્યું. નિમિત્તનું જ્ઞાન કર્યું તેથી મારો જ્ઞાનગુણ, દર્શનગુણ અને આનંદગુણ ઓછા થતા નથી પણ વૃદ્ધિ પામે છે; ધર્મી જીવને જ્ઞાન વધ્યું જ છે તેમ પ્રતીતમાં આવે છે, કારણ કે ગમે તેવા પ્રસંગમાં જ્ઞાનીને જ્ઞાતાપણાની તીખાશ વધતી જ જાય છે; જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું વધતું જ જાય છે. દૃષ્ટિમાં રાગ નહિ, વિકલ્પ નહિ, કર્મ નહિ, કર્મનો પર્યાય કર્મમાં થયો, મારામાં તો ઊલટાનો નિમિત્તને જાણતાં જ્ઞાનપર્યાય વૃદ્ધિને પામ્યો, આ રીતે ધર્મી જીવ પોતાના અનંતગુણના નિર્મળ પર્યાયરૂપે થનાર છે પણ પરની અવસ્થારૂપે થનાર નથી.

કોઈ કહે કે સમજીને ઠરવાનું કામ છે ને? એટલો જ સરવાળો છે ને? પણ આ બધાં પડખાં સમજ્યા વગર ઠરશે શેમાં? ભરોંસો તો કર કે મારો જ્ઞાન-પર્યાય વધતો જ જાય છે; હું નિમિત્તપણે નથી, સાક્ષીપણે છું, જ્ઞાતાપણે છું એમાં તો અનંતો

પુરુષાર્થ જોઈશે, મારા ગુણની અવસ્થા ક્ષણે ક્ષણે વધતી જ જાય છે તેનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ પ્રગટે ત્યારે જ થાય, દ્રવ્યદૃષ્ટિ પ્રગટતાં તો અનંતો પુરુષાર્થ પ્રગટે છે, કેવળીનાં પેટ પરખાય છે, સિદ્ધની જાતની વાનગી ચખાય છે, એવી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ્યા પછી જ ઠરી શકાય છે.

૨૦૦૦, કારતક શુદ ૧૦ રવિવાર.

આત્મા રાગ-દ્વેષાદિ વિકારનો સ્વભાવદૃષ્ટિએ કર્તા નથી એટલે કે ઉત્પાદક નથી, તો પછી જ્ઞાનાવરણાદિક જડ કર્મ નવાં બંધાય તેનો તો કર્તા ક્યાંથી હોય? એટલે કે તેનો કર્તા જ્ઞાની નથી.

જેમ ગોરસનાં ખાટાં-મીઠાં પરિણામને તટસ્થ જોનાર પુરુષ કરનાર નથી પણ જોનાર છે તેમ જ્ઞાની રાગાદિનો કરનાર નથી પણ જોનાર છે. કર્મની જે અવસ્થા થાય તેનું જે ફળ આવે તે રૂપે જ્ઞાની પરિણમનાર નથી એટલે કે થનાર નથી. જ્ઞાની જાણે છે કે મારી જ્ઞાનઅવસ્થાએ જ હું પરિણમનાર-થનાર છું પણ કર્મની અવસ્થાએ હું પરિણમનાર-થનાર નથી. કર્મ દેખાતાં નથી પણ તેનું ફળ દેખાય છે તેને જ્ઞાની માત્ર જાણે છે.

જ્ઞાની જાણે છે કે કર્મ એક વસ્તુ છે ને હું જોડાઈ જાઉં છું, જો બીજી ચીજ ન હોય તો વિકાર થાય નહિ, હું સ્વાધીન હોઉં તો સિદ્ધપણું ને મોક્ષ હોવાં જોઈએ પરંતુ સિદ્ધપણું તો દેખાતું નથી, વિકાર દેખાય છે; માટે કર્મ છે, બીજી વસ્તુ છે એમ તેના ફળ ઉપરથી સિદ્ધ થાય છે. વિકાર દેખાય છે તે કર્મનું ફળ છે.

આત્મા અનંતગુણનો પિંડ છે, આત્મા પરનો કર્તા નથી, આત્મા પરનો ભોક્તા નથી પણ અજ્ઞાની માને છે કે હું પરનો કર્તા છું ને હું પરનો ભોક્તા છું, પરંતુ સમ્યગ્ભાન થતાં પરનું કર્તાપણું છૂટી જાય છે. હું અનંત ગુણોનો પિંડ સ્વાધીન છું, સ્વાધીન સ્વરૂપે છું, હું પરનો કર્તા નથી, પર મારું કર્તવ્ય નથી, પર અવસ્થારૂપે હું થનાર નથી પણ જ્ઞાનની અવસ્થારૂપે હું થનાર છું. જ્ઞાનીને અલ્પ અસ્થિરતા થાય છે પણ તેની વાત અહીં ગૌણ છે.

જેવી રીતે જ્ઞાની જ્ઞાનાવરણીય કર્મનો કર્તા નથી તેવી રીતે દર્શનાવરણીય કર્મનો પણ કર્તા નથી, આત્મામાં એક દૃષ્ટાશક્તિ છે તેને આવરણરૂપે નિમિત્ત થનાર એક દર્શનાવરણીય કર્મ છે તેને જ્ઞાની જાણે છે પણ કર્તા થતો નથી. કોઈ કહેશે કે કર્મને જ્ઞાનીએ દેખ્યું નથી અને કર્મનો જાણનાર શી રીતે? જ્ઞાની જાણે છે કે મારી દર્શનશક્તિ પૂરી દેખાતી નથી માટે દર્શનાવરણીય કર્મ છે એમ કર્મના ફળ ઉપરથી

પ્રતીત થાય છે. પોતાની પરિણમનશક્તિ પોતાથી રોકાણી છે, પોતે સ્વાધીન છે, કર્મ તો નિમિત્તમાત્ર છે; તે દર્શનાવરણીય કર્મનો જ્ઞાની જાણનાર છે. કર્મના ફળ ટાણે કર્મની અવસ્થારૂપે ન થતાં પોતાની જ્ઞાનની અવસ્થાનો કર્તા થાય છે. મારી અવસ્થા મારે આધીન છે, પરને આધીન નથી એમ જ્ઞાની જાણે છે.

જીવોને શરીરનું નામ એવું ઘટ્ટ થઈ ગયું છે કે રાત્રિના કોઈ ઓચિંતા બોલાવે કે "એ પુરુષોત્તમ" તો કહેશે 'હં', તેમાં જરાય ભૂલ ન પડે; તેવી રીતે જ્ઞાનીને હું મારા સ્વભાવનો જ કર્તા છું, પરનો કર્તા નથી, આ સંયોગી ચીજ મારે આધીન નથી, હું એને આધીન નથી, હું મારે આધીન છું; તે એને આધીન છે, સૌ સ્વતંત્ર છે, હું શરીરથી જુદો, વાણીથી જુદો, મનથી જુદો, સંકલ્પ-વિકલ્પથી જુદો જ્ઞાયકસ્વરૂપ આત્મા છું, હું પરનો સાક્ષી છું પણ કર્તા નથી, હું મારા સ્વભાવનો જ કર્તા છું, આવું પરથી નિરાળાપણાનું ભાન જ્ઞાનીને એવું ઘટ્ટ થઈ ગયું હોય છે કે તેમાં કદી ભૂલ ન પડે, રાત્રે ઊંઘતો હોય તોપણ નિરાળાપણાનું ભાન ચૂકે નહિ.

વેદનીય કર્મનો જ્ઞાની કર્તા થતો નથી. શાતાવેદનીય કે અશાતાવેદનીય કર્મ ગમે તેટલો અનુકૂળતાનો કે પ્રતિકૂળતાનો ઘેરો ઘાલ્યો હોય તોપણ જ્ઞાની તે-રૂપ થઈ જતો નથી. જ્ઞાની સમજે છે કે શાતા અને અશાતા વેદનીયના ફળરૂપે હું નથી, મારું સ્વરૂપ શાતા-અશાતાથી જુદું છે, હું તેનાથી ભિન્ન છું. જ્ઞાનીનું વીર્ય જ્ઞાનની અવસ્થાનો વધારો જ કરતું જાય છે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો જ્ઞાનીને અસર કરી શકતા નથી.

અજ્ઞાની શાતા-અશાતાના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં એકમેક થાય છે. વેદનીય-કર્મ મને દુઃખ આપે છે ને વેદનીયકર્મ મને સુખ આપે છે એમ અજ્ઞાની માને છે પણ શાતા-અશાતા તો કર્મનું ફળ છે—સંયોગી ચીજ છે, તે મારું સ્વરૂપ નથી, હું તેનાથી જુદો છું તેમ અજ્ઞાની માનતો નથી.

આત્મા અનંત ગુણનો પતિ છે એની ઓળખાણ જ્ઞાનીને હોય છે, ગમે તેવો અશાતાવેદનીયનો આકરો ઉદય આવે તોપણ તે ઉદય જ્ઞાનીનું જ્ઞાતાપણું ચુકાવી શકે નહિ, જ્ઞાનીને અલ્પરાગ છે તેથી દવા પણ કરાવે છતાં જ્ઞાની તેનો કર્તા થતો નથી. વેદનીયકર્મના ઉદય વખતે જ્ઞાનીની જ્ઞાતાપણાની અવસ્થા વધતી જ જાય છે. જ્ઞાની રોગને જ્ઞેયરૂપે જાણે છે, રોગનો જાણનાર રહે છે પણ રોગમાં એકમેક થતો નથી.

જ્ઞાની સમજે છે કે મોહનીયકર્મ હું નથી, મોહનીયકર્મના ફળ ટાણે એની અવસ્થાનો હું કર્તા નથી, હું તો મારી જ્ઞાનઅવસ્થાનો કર્તા છું એવી રીતે જ્ઞાની મોહનીયકર્મનો જ્ઞાતા રહે છે.

ધર્માત્મા જ્ઞાની આયુષ્યકર્મની અવસ્થાનો ફેરફાર કરનાર નથી. આયુષ્ય ઓછું બંધાય કે આયુષ્ય વધારે બંધાય વગેરે આયુષ્યકર્મ ગમે તે રીતે બંધાય તેનો જ્ઞાની કર્તા નથી. ધર્માત્મા જ્ઞાનીને એક બે ભવ બાકી હોય તો નવું આયુષ્યકર્મ બંધાય છે પણ જ્ઞાની સમજે છે કે મારી તો અક્ષય સ્થિતિ છે; એમ પોતાના આત્માની અખંડ પ્રતીતમાં જ્ઞાનની અવસ્થામાં વધે છે. જે આયુષ્યકર્મ બંધાય તે તો જડ કર્મ છે એ રીતે જ્ઞાની આયુષ્યકર્મનો કર્તા થતો નથી.

એ રીતે નામકર્મ બંધાય છે એની અવસ્થાનો કર્તા ધર્મી નથી, ધર્મી પોતાની જ્ઞાનઅવસ્થાનો કર્તા છે.

એ રીતે ગોત્રકર્મ બંધાય તેનો કર્તા જ્ઞાની નથી, જ્ઞાની પોતાની જ્ઞાનઅવસ્થાનો કર્તા છે.

એ રીતે અંતરાયકર્મનો કર્તા જ્ઞાની નથી, દાનાંતરાય, વીર્યાંતરાય વગેરે કર્મો આત્માની વીર્ય-શક્તિને રોકે છે અને આત્માના નિજસ્વરૂપની અનંત દાનાદિ શક્તિને રોકે છે તેનો કર્તા અજ્ઞાની થાય છે પણ જ્ઞાની થતો નથી, જ્ઞાનીને અલ્પ અસ્થિરતા છે તેથી અલ્પ વીર્યાંતરાય વગેરે કર્મો બંધાય છે પણ તે બધાનો જ્ઞાની જ્ઞાન કરનાર છે.

જ્ઞાની અલ્પ રાગ આવે તેનું જ્ઞાન કરનાર છે, રાગનો નાશક છે પણ કર્તા નથી, સાક્ષીપણે ઊભો રહીને રાગને જ્ઞેયપણે જાણે છે પણ તેમાં ભળતો નથી. જ્ઞાનીને અલ્પ દ્વેષ પણ આવે તેનું પણ જ્ઞાની જ્ઞાન કરનાર છે, દ્વેષના જ્ઞાનની અવસ્થારૂપે જ્ઞાની થાય છે, પરંતુ દ્વેષરૂપે થનાર નથી એટલે કે કર્તા નથી, દ્વેષમાં એકમેક થતો નથી.

જ્ઞાનીને અલ્પ ક્રોધ પણ થાય છે પણ તે ક્રોધમાં તન્મયપણે જોડાતો નથી. જ્ઞાનીને આત્માના ભરોંસે રહ્યા થકા અલ્પ ક્રોધ થાય છે, અને અજ્ઞાની ક્રોધના ભરોંસે રહ્યા થકા ઘણો ક્રોધ કરે છે.

છોકરાની મા જ્યારે ક્રોધમાં આવી હોય ત્યારે છોકરાને કહે માળા! લુચ્ચા! તોફાન બહુ કરીશ તો બાવાને આપી દઈશ. તો શું! તે વાત સાચી છે? જરાય સાચી નથી, આખો વારસો છોકરાને દેવાનો છે, બહારથી ગુસ્સો દેખાય છે છતાં અંતરથી છોકરા ઉપર અપ્રીતિ થઈ નથી, પરંતુ ઘણી જ પ્રીતિ છે; તેવી રીતે જ્ઞાનીને અલ્પ ક્રોધ અવસ્થામાં થાય છે પરંતુ પોતાના જ્ઞાયકસ્વભાવ સાથે સગપણ રાખીને, તન્મયતા રાખીને અલ્પ ક્રોધ થાય તેનું જ્ઞાન કરે છે. દુનિયાની રીતથી અને દુનિયાના કથનથી આ માર્ગની અપૂર્વ શૈલિ છે.

જેમ માતાએ છોકરા ઉપર દુશ્મનપણે ક્રોધ કર્યો નથી પણ પ્રીતિ રાખીને અલ્પ દ્વેષ કર્યો છે, માતા કોઈ વાર છોકરાને એમ કહે કે બે કાન વચ્ચે માથું કરી નાખીશ, માથું તો બે કાન વચ્ચે જ હોય છે માટે જેમ છે તેમ જાણે છે અને કહે છે દીકરા! તારું જ્ઞાન જેમ છે તેમ મને રહ્યા કરો એમ તેનો અર્થ છે, તેમ જ્ઞાની અલ્પ ક્રોધમાં જોડાય છે પણ સ્વભાવની પ્રીતિ ખસતી નથી, સ્વભાવની પ્રીતિ રાખીને પુરુષાર્થની મંદતાએ અલ્પ વિકારમાં જોડાઈ જાય છે, જેમ બીજી ચીજને જ્ઞાની પારકાપણે જાણે છે તેમ ક્રોધને પણ પારકાપણે જાણે છે; કોઈ બહારની દૂરની ચીજને જુદાપણે જાણે છે તે રીતે જ્ઞાની ક્રોધને દૂરપણે, જુદાપણે, તટસ્થપણે જાણે છે, અનંતા-ગુણનો પિંડ આત્મા એના ઉપર જ્ઞાનીની દૃષ્ટિ પડી છે, વસ્તુ ઉપર દૃષ્ટિ પડી છે, અખંડ ઉપર દૃષ્ટિ ઊભી છે, જ્ઞાતા ઉપર દૃષ્ટિ ઊભી છે માટે જ્ઞાની જ્ઞાનની જ અવસ્થાનો કરનાર છે.

જ્ઞાની વીતરાગ થયો નથી તેથી અલ્પ માન પણ આવી જાય છતાં પણ તે માનની અવસ્થાનો સ્વામી થતો નથી, તે માનનો જાણનાર રહે છે.

જ્ઞાનીને હજુ અલ્પ કષાય છે તેથી અલ્પ માયા થાય છે, સાધારણ માયા થાય છે; તે માયાને પોતાનું કર્તવ્ય સ્વીકારતો નથી. કષાયથી છૂટવાની નિરંતર જ્ઞાનીની ભાવના હોય છે. માયા તો ખરી અજ્ઞાની જ કરે છે, જ્ઞાની માયા કરતો જ નથી. પરથી નિરાળા આત્માની જેને પ્રતીત નથી તે પોતાને છેતરે છે. જ્ઞાની સમજે છે કે મારા સ્વરૂપમાં તો માયા છે જ નહિ, હું તો ત્રિકાળ સરળ ને સીધા સ્વભાવે છું એમ જ્યાં માન્યું, સ્વરૂપની પ્રતીત થઈ પછી અલ્પ-સહેજ માયા થાય તે પણ વર્તમાન પૂરતી થાય છે, માયાની લાંબી લાળ ચાલતી જ નથી, લાંબી લાળ તો જ્ઞાન ને એકાગ્રતાની ચાલે છે.

તેવી રીતે અલ્પ લોભ પણ જ્ઞાનીને થાય પણ તે લોભને પોતાનું સ્વરૂપ સ્વીકારતો નથી, જ્ઞાની હજી વીતરાગ થયા નથી તેથી અલ્પ કષાય છે તેથી ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેનો અલ્પ ઉદય હોય છે. લોભ એટલે ઇચ્છા. શાસ્ત્રમાં આચાર્યોએ કહ્યું છે કે યોગ્ય સ્થળમાં લક્ષ્મીનો સદ્‌વ્યય ન કરે તો તે લોભી છે, છોકરા માટે તો પૈસા રાખવાની વૃત્તિ તે લોભ છે. છોકરા માટે તો એવા ઠેકાણે મૂકે કે પૈસા અને વ્યાજ બન્ને રહે, એવી અનેક જાતની યુક્તિઓ કરે પણ તે બધો લોભ છે, પૈસા ઉપર તો એટલું બધું જીવોને મમત્વ હોય છે કે જો પરભવમાં તેને સાથે લઈ જવાતા હોય હોય તો કોઈ મૂકીને જાય તેમ નથી પણ લઈ જવાતા નથી તેથી શું થાય? છોકરા માટે મૂકીને જાય છે. પદ્મનંદી આચાર્યદેવ તો કહે છે કે હે ભાઈ! તને જે લક્ષ્મી મળી તે તું જિન ભગવાનના મંદિરમાં, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના વગેરેમાં સદ્‌વ્યય કર તો તને

લક્ષ્મી મળી લેખે છે, નહિ તો લક્ષ્મી મળી તે ન મળ્યા બરાબર છે, પેટ તો કાગડા-કૂતરા પણ ભરે છે, અને તું જો લક્ષ્મી મળી છતાં ધર્મપ્રભાવનામાં તેનો સદ્‌વ્યય ન કર તો તારામાં અને કાગડા કૂતરાનાં જીવનમાં શું ફેર પડયો? સમ્યગ્દૃષ્ટિ જીવ દાનનો ઘણો ભાગ ધર્મ-પ્રભાવનામાં આપે છે; કારણ કે તેમને ધર્મ તરફ વલણ છે તેથી પહેલું વલણ તેમનું દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ જ જાય છે.

શરીર, મન, વાણી, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો તે બધાં નોકર્મ છે, સામી નજર કરતાં વચ્ચે જે ભીંત આવે તે ભીંત પણ નોકર્મ છે કારણ કે જાણવામાં આડખીલરૂપે નિમિત્ત થયું માટે તે નોકર્મ છે, તે બધાનું જ્ઞાની જ્ઞાન કરનાર છે, જ્ઞાની સમજે છે કે ભીંતે મારા જ્ઞાનને રોકયું નથી પણ મારા જ્ઞાનની યોગ્યતા જ એવી હતી એટલે વચ્ચે એવું નિમિત્ત બન્યું છે; અજ્ઞાની માને છે કે ભીંત આડી આવી તેથી મને દૂરની વસ્તુનું જ્ઞાન થતું નથી. જ્ઞાની તો નિમિત્તનું પણ જ્ઞાન કરે છે, પોતાના જ્ઞાનની યોગ્યતાનું પણ જ્ઞાન કરે છે; કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર સામે આવે તો તેનું પણ જ્ઞાન કરે છે, જે કુદેવાદિ મિથ્યાત્વનું નિમિત્ત બને છે તે કુદેવાદિકને જ્ઞાની જ્ઞાનનું નિમિત્ત બનાવે છે.

જ્ઞાનીને મનનું નિમિત્ત જોડે વર્તતાં છતાં તે મનનું જ્ઞાન જ કરે છે, અજ્ઞાનીને તો એમ થાય કે આપણે મન વિના કેમ રહી શકાય? મન વગરનો આત્મા કેમ રહી શકે? એ રીતે અજ્ઞાની મનને અને આત્માને એક માને છે. જ્ઞાની તો સમજે છે કે મન આત્માનું સ્વરૂપ જ નથી, મન તો જડ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા તેનાથી જુદો છે. હૃદયમાં આઠ પાંખડીનું કમળના આકારે જડ મન છે તે ચૈતન્યનું સ્વરૂપ નથી, ચૈતન્ય તો જ્ઞાનાદિ અનંતગુણનો પિંડ છે. જ્ઞાનીને આત્માના સ્વરૂપનું ભાન છે તેથી જ્ઞાની મનની અવસ્થાના કર્તા નથી.

તેવી રીતે વાણીની અવસ્થાના કર્તા જ્ઞાની નથી, જ્ઞાની તો બધાનું જ્ઞાન જ કરે છે. જ્ઞાની શરીરની અવસ્થાના કર્તા નથી, જ્ઞાની તો શરીરનું જ્ઞાન જ કરે છે. એવી રીતે શ્રોત્રેંદ્રિયનું પણ જ્ઞાની જ્ઞાન જ કરે છે; જ્ઞાની સમજે છે કે શ્રોત્રેંદ્રિય જડ છે ને હું ચૈતન્ય છું માટે શ્રોત્રેંદ્રિયનો કર્તા નથી. તેવી રીતે આંખનું, નાકનું, જીભનું, સ્પર્શનું બધાનું જ્ઞાની જ્ઞાન જ કરે છે પણ કર્તા નથી. ૧૦૧.

હવે કહે છે કે ધર્મની જેને ખબર નથી એવો અજ્ઞાની જીવ પણ પરદ્રવ્યના ભાવને તો કરી શકતો જ નથી.

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता ।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा ॥१०२॥

અર્થ:— આત્મા જે શુભ કે અશુભ (પોતાના) ભાવને કરે છે તે ભાવનો તે ખરેખર કર્તા થાય છે, તે (ભાવ) તેનું કર્મ થાય છે અને તે આત્મા તેનો (તે ભાવરૂપ કર્મનો) ભોક્તા થાય છે.

અજ્ઞાની શુભાશુભ ભાવ કરે છે અને તે ભાવનો કર્તા થાય છે, પોતાના સ્વભાવની શુદ્ધતાની તેને ખબર નથી તેથી તે શુભાશુભભાવ સ્વરૂપ જ પોતાને માને છે અને તેનો જ કર્તા થઈને ઊભો રહે છે; દયા, દાન, હિંસા, જૂઠાના ભાવ સિવાય હું કેટલો છું તેની તેને ખબર નથી, ગુસ્સો કરે છે તેટલો પોતાને માને છે. પોતાનું સ્વરૂપ તેવડું જ કલ્પે છે અને કહે છે કે ગુસ્સો કરીએ છીએ તે અમારું પ્રામાણિકપણું છે. અરે ભાઈ! સમજતો ખરો! ગુસ્સો કર્યો એટલે કષાય કર્યો, તે કષાય કર્યો એમાં પ્રામાણિકપણું હોય ખરું? પ્રામાણિકપણું તો સમ્યગ્જ્ઞાનમાં હોય છે.

જે ભાવ કર્યો તે ભાવનું જ વેદન એટલે કે ભોક્તાપણું હોય છે; જે વખતે રાગ-દ્વેષના ભાવ કરે તે વખતે જ તેને આકુળતાનું વેદન હોય છે માટે ભોક્તાપણું પણ તે વખતે જ છે. માણસો બાહ્ય દૃષ્ટિથી જુએ છે કે આણે પાપ કર્યાં માટે તે નરકમાં ક્યારે જશે? આ જૂઠું બોલે છે ને આની જીભ કેમ તરત કપાતી નથી? પણ ભાઈ! તે જે વખતે હિંસા અને જૂઠાના ભાવ કરે છે તે વખતે જ તેના ભાવમાં આકુળતાનું વેદન હોય છે, આકુળતાનું વેદન છે તે અવગુણનું જ વેદન છે. પોતાના સ્વભાવની ઘાત કરી તેથી તે વખતે જ તેના ભાવમાં ફળ મળી ગયું છે, તે વખતે જ ગુણની શક્તિનું પરિણમન ઘટી ગયું, તે જ તેને ઊંધું ફળ મળી ગયું છે. અંતરમાં ફળ આવે છે તે જોતો નથી અને બહારથી ફળ આવે છે એમ જુએ છે તે પરાશ્રય દૃષ્ટિવાળો છે, બહારથી ફળ મળવું તે વ્યવહાર છે. બહારથી ફળ કોઈવાર લાંબા કાળે અને કોઈવાર ટૂંકા કાળે મળે છે પણ અંતરનું ફળ તો તરત જ—તે ક્ષણે જ મળી જાય છે.

પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ આ લોકમાં જે આ આત્મા અનાદિકાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી

---

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.

મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભભાવને કરે છે.

અચલિત વિજ્ઞાનઘન કહીને પહેલાં દ્રવ્યદૃષ્ટિથી વાત કરી, અને પછી પર્યાયદૃષ્ટિથી કહે છે આત્માનો તો એકરૂપ સ્વાદ છે, પુણ્ય-પાપના વિકલ્પરૂપ અસ્થિરતા તે આત્માનો સ્વાદ નથી, આત્મા શાંત નિર્મળ અતીંદ્રિયસ્વરૂપ છે, આત્માનો આનંદ જ સ્વભાવ છે, તેમાં પરનો આશ્રય નથી, સ્વભાવમાં ઊણા અધૂરાપણું હોય નહિ, આત્માનો સ્વાદ એકરૂપ છે એવા સ્વભાવના અજાણપણાને લીધે શુભાશુભભાવ વર્તમાન પૂરતા છે તેને અને ત્રિકાળી સ્વભાવને એટલે કે પોતાના અને પરના ભાવોને એકપણાના અધ્યાસને લઈને આ પુણ્ય પાપના ભાવ મેં કર્યા એ રીતે પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે. પોતાનો સ્વભાવ તે હું છું એવો અભ્યાસ પાડવો જોઈએ તેને બદલે શુભાશુભભાવ હું છું એવી ટેવ પાડી દીધી. કોઈવાર કષાયના મંદ પરિણામ થાય એટલે કે પુણ્યપરિણામ થાય, કોઈ વાર કષાયના તીવ્ર પરિણામ થાય એટલે કે પાપપરિણામ થાય, એ રીતે મંદ રાગ ને તીવ્ર રાગ, મંદ તૃષ્ણા અને તીવ્ર તૃષ્ણા, મંદ માન અને તીવ્ર માન વગેરે તેવા સ્વાદવાળી પુદ્‌ગલકર્મની બે દશાઓ–બે અવસ્થાઓ વડે પોતાના સ્વાદને ભેદતો થકો તોડતો થકો એટલે કે તે સ્વભાવસ્વાદનો અનુભવ નહિ લેતો થકો શુભાશુભભાવને પોતાના માને છે—પોતાનો સ્વાદ માને છે. પોતાના નિરાળા સ્વભાવનું ભાન નથી તેથી શુભાશુભભાવનો કર્તા થાય છે, પોતાના સ્વરૂપની પ્રતીતિ નથી તેથી પોતાની શાંતિ-સમાધિને તોડતો થકો શુભાશુભરૂપ બંને ભાવને કરે છે.

જે વખતે આત્મા શુભાશુભભાવને કરે છે તે વખતે તે આત્મા તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મય પણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે.

આત્મા જ્યારે પુણ્ય-પાપની લાગણીના ભાવ કરે છે તે વખતે જ તેમાં પરિણમીને તે ભાવનો વ્યાપક થઈને તે જ મારાં કામ છે અને તે જ મારી ફરજ છે તેમ માનીને તેનો કર્તા થાય છે અને શુભાશુભભાવરૂપ કર્મ વ્યાપ્ય હોવાથી આત્માનું તન્મયપણે તે કર્તવ્ય થાય છે એટલે કે તે વિકારી પરિણામને તે તન્મયપણે પોતાનું કર્તવ્ય માને છે.

વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી તેનું અનુભાવ્ય (અર્થાત્ ભોગ્ય) થાય છે. આ રીતે અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી પરંતુ પોતાના વિકારી ભાવનો કર્તા છે.

જે વખતે વ્યાપક થઈને આત્મા વિકારી ભાવનો કર્તા થાય છે તે જ વખતે

તેનો તન્મયપણે ભોક્તા પણ થાય છે, તન્મયપણે પુણ્યપાપના ભાવ કર્યા તે વખતે પોતાનો અતીંદ્રિય આનંદ છે તેનું ભાન નથી તેથી પુણ્ય-પાપની લાગણીઓ તે જ મારો સ્વાદ છે તેમ માનતો થકો તેનો ભોક્તા થાય છે અને વિકારી પરિણામ તેનું તન્મયપણે ભોગ્ય થાય છે. પુદ્દગલકર્મનો પછી ઉદય આવશે અને ભોગવાશે તેમ કહેવું તે વ્યવહાર છે. ખરી રીતે જે ક્ષણે ભાવ થાય છે તે જ ક્ષણે ભોક્તા થાય છે, એ રીતે અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી પણ વિકારી પરિણામનો જ કર્તા થાય છે.

કોઈ લાકડી મારે તે કર્મનું બાહ્ય ફળ છે. ખરું ફળ તો તેણે અજ્ઞાન અને રાગ-દ્વેષથી સ્વભાવનો ઘાત કર્યો તે જ છે, જે ક્ષણે ભાવ કર્યા તે જ ક્ષણે આત્માના ગુણની હિંસા થઈ રહી છે, એ રીતે જે ક્ષણે ભાવ કર્યા તે જ ક્ષણે તેનું ફળ છે.

કોઈએ અજ્ઞાનપણામાં ચોરીના ભાવ કર્યા અને પછી સવળો થઈ ગયો, જ્ઞાની થઈ ગયો, ત્યાર પછી તેના ઉપર કોઈએ દાવો માંડયો અને તેથી તે જેલમાં ગયો તોપણ ત્યાં તેને નિરાળા આત્માનું ભાન વર્તે છે, જેલના ઉદયને જ્ઞાતાપણે જાણતો જ્ઞાનની વૃદ્ધિ કરે છે, ચોરીના ભાવ ફરી ગયા તેથી ચોરીના ભાવનું વેદન નથી, ફળ આવ્યું પણ વેદન ફરી ગયું; માટે ખરું વેદન તો જે ક્ષણે ભાવ કરે તે ક્ષણે જ છે, જેલમાં તેને આત્માનું ભાન વર્તે છે તેથી સત્યનો-મોક્ષનો માર્ગ ત્યાં પણ તેને વર્તી જ રહ્યો છે.

૨૦૦૦. કારતક સુદ ૧૧ સોમ.

અજ્ઞાની પોતાના શુભાશુભભાવને કરી શકે અને શુભાશુભભાવ એનું કાર્ય થાય; તે સિવાય શરીરનું, વાણીનું, મનનું વગેરે જડ દ્રવ્યનું આત્મા કાંઈ કરી શકતો નથી. આત્મા તો જ્ઞાનમૂર્તિ સ્વભાવે છે એને ભૂલીને અજ્ઞાની રાગ-દ્વેષનો અનુભવનાર થાય છે; જે ક્ષણે રાગ-દ્વેષ, હર્ષ શોકને કરે છે તે જ ક્ષણે તેને આકુળતાનું વેદન થાય છે, તે જ ક્ષણે આત્માના ગુણોની હિંસા થાય છે.

આત્મા પોતાના ભાવ સિવાય દીકરાનું, દીકરીનું શત્રુનું કાંઈ પણ કરી શકતો નથી, પરંતુ સ્ત્રી, કુટુંબ દીકરા, દીકરી પ્રત્યે રાગ કરે અને દુશ્મન પ્રત્યે દ્વેષ કરે તે ભાવનો કર્તા થાય, અને તે જ ક્ષણે તે વિકારી ભાવનો વેદનાર એટલે ભોક્તા થાય.

બહારનું, શરીરાદિનું જેમ થવાનું હોય તેમ થાય છે પણ પોતે ખોટી માન્યતા કરે છે કે હું પરનું કરી દઉં છું, અરુચિ-અપ્રીતિ-અણગમો વગેરે વિકારી પરિણામ ચૈતન્યની સત્તાના ક્ષેત્રમાં થાય છે, પણ મકાનનું, સ્ત્રીનું, કુટુંબનું, પોતાના શરીરનું કાંઈ પણ કરવું તે પોતાની સત્તાના ક્ષેત્રથી બહાર છે એટલે કે તે પોતાના હાથની વાત નથી.

કોઈ કહે છે કે હિંસાના ભાવ કરે, ક્રોધના ભાવ કરે તેમાં કોઈ પણ જાતનું દુઃખનું વેદન તો દેખાતું નથી, અરે ભાઈ! જરા વિચાર કરીને જો તો તેમાં આકુળતાનું વેદન થઈ જ રહ્યું છે, રળવાનો ભાવ કરે, દીકરાના રમાડવાનો ભાવ કરે, હિંસાનો ભાવ કરે, ક્રોધનો ભાવ કરે ત્યારે તે દુઃખી જ છે, તે વખતે આકુળતાનું વેદન થઈ જ રહ્યું છે; તેવી રીતે જ્યારે શુભભાવ કરે ત્યારે પણ આકુળતાનું વેદન થઈ જ રહ્યું છે. દયાના પરિણામ કરે, પૂજા ને વ્રતના પરિણામ કરે ત્યારે પણ સૂક્ષ્મદૃષ્ટિએ જુએ તો ખ્યાલ આવે કે આકુળતા જ વેદાઈ રહી છે. એક તીવ્ર કષાય છે ને બીજો મંદ કષાય છે પણ બન્ને આકુળતાસ્વરૂપ છે, આત્માના તદ્દન અકષાય-અનાકુળ આનંદ-સ્વભાવથી શુભાશુભ પરિણામનો સ્વાદ વિપરીત છે, તે દુઃખસ્વરૂપ જ છે, આત્માના આનંદગુણને હણનાર છે. અજ્ઞાન અવસ્થાએ પોતાના શુભાશુભ પરિણામને આત્મા કરી શકે છે પણ પરદ્રવ્યનું કાંઈ કરી શકતો જ નથી; દેવનું-ગુરુનું-શાસ્ત્રનું કોઈનું કાંઈ પણ જીવ કરી શકતો નથી, પોતાના શુભભાવને જ કરે છે. કોઈ કહે છે કે ઈશ્વર બીજા પદાર્થની અવસ્થાને કરે છે પણ ભાઈ! ઈશ્વર પણ કોઈ પર પદાર્થની અવસ્થાને કરી શકે નહિ, ઈશ્વર પણ બધા પર પદાર્થથી જુદા એક ચૈતન્ય પદાર્થ છે. કોઈ પદાર્થમાં કોઈ બીજા પદાર્થની અવસ્થાને કરવાનું સામર્થ્ય નથી, કોઈ પદાર્થ કોઈ પદાર્થની અવસ્થાને કરે તો બે પદાર્થ એક થઈ જાય, વસ્તુ પરાધીન થઈ જાય પણ એમ વસ્તુસ્વભાવ છે જ નહિ, દરેક વસ્તુ સ્વાધીનપણે પરિણમે છે. દરેક પરમાણુ અને દરેક આત્માનું કર્તા અને કાર્યપણું સહુનું સહુ વડે જુદું જુદું થાય છે.

જે ક્ષણે વિકારી ભાવને કર્યો તે ક્ષણે તેનો ભોક્તા થાય છે, કર્મ પછી ઉદયમાં આવશે અને પછી ભોગવાશે એમ કહેવું તે વ્યવહાર છે. અજ્ઞાની પરદ્રવ્યને કરી શકતો નથી પણ માને છે કે હું પરદ્રવ્યને કરું છું. જ્ઞાની પરદ્રવ્યની જે અવસ્થા થાય છે તેનો જાણનાર રહે છે, તેનો જ્ઞાનપર્યાય વધતો જાય છે. જ્ઞાની જ્ઞાનનો જ કર્તા થાય છે, પરંતુ પરદ્રવ્યની અવસ્થાનો કર્તા થતો નથી. અજ્ઞાની પરદ્રવ્યને કરી શકતો નથી પણ કર્તાપણું માની લે છે, અજ્ઞાની પોતાના શુભાશુભભાવને કરે છે પણ જડકર્મનો કર્તા કદી પણ નથી એટલે કે અજ્ઞાની ભાવકર્મનો કર્તા છે પણ પુદ્ગલદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય-કર્મ અને નોકર્મનો કર્તા તો કદી પણ નથી ૧૦૨.

પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે.

**जो जह्मि गुणे दव्वे सो अण्णह्मि दु ण संकमदि दव्वे ।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं ॥ १०३ ॥**

જે વસ્તુ (અર્થાત્ દ્રવ્ય) જે દ્રવ્યમાં અને ગુણમાં વર્તે છે તે અન્ય દ્રવ્યમાં તથા ગુણમાં સંક્રમણ પામતી નથી (અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી); અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી તે (વસ્તુ), અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે?

આત્મા આત્મામાં છે, પરમાણુ પરમાણુમાં છે, બીજા આત્માઓ બીજા આત્મામાં છે. એ રીતે છ એ દ્રવ્યો પોતે પોતામાં જ છે. કોઈ દ્રવ્યના ગુણ-પર્યાય કોઈ બીજા દ્રવ્યના ગુણ-પર્યાયરૂપે બદલીને થાય જ નહિ, કોઈ વસ્તુ બીજી વસ્તુરૂપે થાય નહિ, કોઈ ગુણ બીજા દ્રવ્યના પર્યાયરૂપે થાય નહિ, એક આત્મા બીજા આત્માને કાંઈ બદલીને આપે નહિ, એક રજકણ બદલીને આત્માને કાંઈ આપે નહિ, આત્મા બદલીને રજકણને કાંઈ આપે નહિ. એક વસ્તુ બીજી વસ્તુમાં પેસી જાય તો આપ્યું કહેવાય, એક વસ્તુ બીજી વસ્તુમાં પેસતી નથી માટે કોઈને કાંઈ કોઈ આપે નહિ, ત્રણકાળ ત્રણલોકમાં એક વસ્તુ બીજી વસ્તુમાં દ્રવ્યરૂપે જતી નથી, એક વસ્તુ બીજી વસ્તુમાં ગુણરૂપે બદલાતી નથી; એક વસ્તુ બીજી વસ્તુમાં પર્યાયરૂપે બદલીને થતી નથી, એક વસ્તુને બીજી વસ્તુમાં બદલાવવાનું સામર્થ્ય કોઈ વસ્તુમાં નથી, એક વસ્તુ બીજી વસ્તુરૂપે ફરી જતી નથી બદલી જતી નથી એકરૂપે થઈ જતી નથી.

એક માણસને બીજો માણસ ઘણા કાળ સુધી સમજાવે તો પણ સમજતો નથી માટે સમજનાર પોતે પોતાથી સમજે છે. સમજનારને કોઈ બીજું દ્રવ્ય સમજાવી શકતું નથી-બદલાવી શકતું નથી. કર્તાકર્મપણું જુદું જુદું સમજવાનો આ ગાથામાં સિદ્ધાંત છે.

જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજરસથી જ અનાદિથી જ વર્તે છે.

જગતમાં ચૈતન્ય છે તે ચૈતન્યસ્વરૂપ જેવડો જ છે એટલે કે ચૈતન્ય ચૈતન્યસ્વરૂપથી બહાર નથી કે ચૈતન્યસ્વરૂપથી ઊણો નથી એટલે કે ચૈતન્ય ચૈતન્યમાં જ છે; એ રીતે રજકણ પણ રજકણમાં જ છે, જડ ને ચૈતન્ય પોતાના ભાવથી જ અનાદિથી વર્તે છે, પુદ્‌ગલના રજકણો પુદ્‌ગલથી જ અનાદિથી વર્તે છે, આત્મા પોતાના સ્વભાવથી જ અનાદિથી વર્તે છે. એ રીતે દરેકે દરેક દ્રવ્ય પોતાના નિજરસથી અનાદિથી વર્તે છે,

---

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩

પુદ્દગલમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે માટે પુદ્દગલનો રસ પુદ્દગલમાં છે, ચૈતન્યનો રસ ચૈતન્યમાં છે.

એક આત્મા એક આત્મામાં ને બીજો આત્મા બીજા આત્મામાં એક રજકણ એક રજકણમાં અને બીજું રજકણ બીજા રજકણમાં; એ રીતે રજકણ તે રજકણમાં છે અને આત્મા તે આત્મામાં છે.

ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે. અચલિત એટલે ન ચળે તેવી વસ્તુસ્થિતિની મર્યાદા છે. આત્મા જડ બને અને જડ આત્મા બને એમ બને નહિ. વસ્તુ પોતાની મર્યાદામાં જ વર્તે છે, ત્રિલોકનાથ તીર્થંકરદેવ પણ તે મર્યાદાને તોડી શકે નહિ. વસ્તુસ્થિતિની મર્યાદાને તોડીને એની તૈયારી વિના કોઈને પરાણે બીજો સમજાવી શકે નહિ. જે વસ્તુ પોતાનાં દ્રવ્ય, ગુણ અને પર્યાયથી વર્તી રહી છે તે મર્યાદાને તોડવી અશઃક્ય છે એટલે કે તેને કોઈ તોડી શકે જ નહિ.

વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી વસ્તુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી; ગુણાંતરમાં પર્યાય પણ આવી ગયો. વસ્તુ એની મેળાએ સ્વતંત્ર ફરે, એની તાકાતે ફરે ત્યારે સ્વતંત્રપણે એનો પર્યાય ઊઘડે, કોઈ પરાણે ફેરવી શકતું નથી કે કોઈ પરાણે સમજાવીને એનો પર્યાય ઉઘાડી શકતું નથી. જો કોઈને પરાણે સમજાવી શકાતું હોય તો ત્રિલોકનાથ તીર્થંકરદેવ બધાને મોક્ષમાં લઈ જાય ને! પણ તીર્થંકરદેવ કોઈને મોક્ષમાં લઈ જતા નથી. પોતે સમજે ત્યારે પોતાનો મોક્ષપર્યાય ઊઘડે છે.

એક જડ બીજા જડનું કાંઈ ન કરે, એક આત્મા બીજા આત્માનું કાંઈ ન કરે, એક રજકણ આત્માનું કાંઈ ન કરે અને એકેક આત્મા રજકણનું કાંઈ ન કરે. કર્મની અવસ્થા એનામાં થઈ રહી છે, આત્મા એને કાંઈ કરી શકતો નથી. છએ પદાર્થો પોતે જેવડી વસ્તુઓ-જેવડા દ્રવ્યમાં વર્તી રહ્યા છે તે કોઈ ફેરવી શકે નહિ. છએ દ્રવ્યો કોઈ કોઈને કાંઈ આપી શકતાં નથી. કેટલી સરસ વાત છે! આ તો સુખ થઈ જાય એવી વાત છે.

કરોડો રૂપિઆ પુણ્યને લઈને આવે ને પાછા ચાલ્યા જાય છે, તેનું આવવું-જવું તે પોતાના હાથની વાત નથી; કોઈને દશ લાખ રૂપિઆ આવ્યા ને પાછા ચાલ્યા ગયા. પણ ભાઈ! પુણ્યના રજકણ હતા તો આવ્યા પરંતુ એ જવાના હોય ત્યારે આત્મા એને

રાખી શકે નહિ. શરીરમાં રોગ આવે ત્યારે આત્મા એને કાંઈ રોકી શકે છે? પેટમાં વાયુ ચડે, ભીંસ થાય તો કહે કે હું જાઉં છું. પોતે શરીર ઉપર મમતા કરી તેથી ભીંસ લાગે છે તેથી કહે છે કે હું ભીંસાઈ જાઉં છું પણ ખરી રીતે ભીંસ શરીરમાં થાય છે, આત્મામાં થતી નથી. આત્મા તો શરીરથી જુદો છે, શરીર પોતાનું રાખ્યું રહેતું નથી, શરીર એની સ્થિતિ પ્રમાણે ટકે છે; કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને રાખી શકતું નથી, આત્મા પોતાના સ્વભાવ સિવાય પરનું કાંઈ ન કરી શકે, બહુ તો પુણ્ય-પાપના ભાવ કરી શકે પણ પરદ્રવ્યને તો પલટાવી શકે જ નહિ.

પૈસા રહેવા કે ટળવા તે પોતાના હાથની વાત નથી, જ્યારે પુણ્ય ફરે ત્યારે દુકાન બળે, વિમાવાળો ભાંગે, દીકરી રાંડે, દાટેલા પૈસા કોયલા થાય વગેરે એક સાથે બધી સરખાઈની ફરી વળે. કોઈ કહે કે એવું તો કોઈક વાર થાય ને? અરે! પુણ્ય ફરે તો બધા પ્રસંગો ફરતાં વાર લાગે નહિ. પરદ્રવ્યને કેમ રહેવું તે તારા હાથની વાત જ નથી ને! માટે આત્માની ઓળખાણ કરીને તેમાં ઠરી જા!

ધર્મની શ્રદ્ધા થયા પછી પુરુષાર્થની મંદતાને કારણે પૂરી સ્થિરતા ન જામે તેથી અલ્પ અસ્થિરતા રહે છે પણ તે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ બરાબર સમજે છે પુરુષાર્થની નબળાઈને કારણે અલ્પ અસ્થિરતાના પરિણામ આવે છે પણ તે સમજે છે કે એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ પણ કરી શકતું નથી. હું પુણ્યભાવ કરું તો પાંજરા-પોળ નભી જાય અને હું પાપભાવ કરું તો બીજાનું ભૂંડું થઈ જાય એવું ધર્મી માનતો નથી; તે સમજે છે કે સામાનું ભલું-બૂરું થવું તે સામાના પુણ્ય-પાપના ઉદયના આધારે છે, હું તેને કરી શકતો નથી, હું તો માત્ર ભલા-બૂરા પરિણામ કરી શકું છું, અલ્પ અસ્થિરતાને કારણે રાગ-દ્વેષ થાય છે, ખરી રીતે તેનો હું કર્તા નથી, તેનો હું સ્વામી નથી પણ હું તેનો જ્ઞાતા છું.

આ રીતે ભગવાન આત્મા આઠ જડ કર્મનો કર્તા નથી પણ ભાવકર્મનો કર્તા છે, ભાવકર્મને લઈને દ્રવ્યકર્મ સ્વયં—એની મેળાએ બંધાય છે. આ ગાથાઓના સિદ્ધાંતથી આત્મા આઠ કર્મોનો અકર્તા ઠર્યો કારણ કે વસ્તુસ્થિતિની મર્યાદા છે તેને કોઈ તોડી શકતું નથી. ૧૦૩.

આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્‌ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છે:—

दव्वगुणस्स य आदा ण कुणदि पुग्गलमयह्मि कम्मह्मि ।
तं उभयमकुव्वंतो तह्मि कहं तस्स सो कत्ता ॥ १०४ ॥

અર્થ:—આત્મા પુદ્‌ગલમય કર્મમાં દ્રવ્યને તથા ગુણને કરતો નથી; તેમાં તે બન્નેને નહિ કરતો થકો તે તેનો કર્તા કેમ હોય?

આત્મા અરૂપી જ્ઞાનઘન છે તે જગતના રૂપી પુદ્‌ગલોને કેમ કરી શકે? શું જગતમાં રૂપી પુદ્‌ગલો નથી કે આત્મા તેને નવીન ઉત્પન્ન કરી શકે? કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને ઉત્પન્ન કરી શકે નહિ, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યના પર્યાયને પણ કરી શકે નહિ. તે કર્મની અવસ્થા પુદ્‌ગલમાંથી ઉત્પન્ન થઈ છે માટે આત્મા તે કર્મની અવસ્થાનો કર્તા નથી. આત્માએ આઠ કર્મને કર્યાં તે નિમિત્તથી કથન છે. આત્મા શુભાશુભભાવ કરે તેનું નિમિત્ત પામીને પુદ્‌ગલો કર્મરૂપે પરિણમે છે, આત્મા પોતાના વિકારભાવને કરે પણ જડકર્મને તો કરે જ નહિ.

જેવી રીતે-માટીમય ઘડારૂપી કર્મ કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજરસથી જ વર્તે છે તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને નાખતો-મૂકતો-ભેળવતો નથી.

માટીમય ઘડારૂપી કર્તવ્ય છે એટલે કે માટીનો જે ઘડો થયો તે ઘડો માટીમય છે કે કુંભારમય છે? ઘડો તો માટીમય જ છે; તે ઘડો માટીમય દ્રવ્યમાં અને ગુણમાં નિજરસથી જ વર્તે છે; માટીસ્વરૂપે જે ઘડારૂપી કાર્ય તે માટીની અવસ્થારૂપે વર્તે છે, માટીના રસમાં ઘડો વર્તે છે, કુંભારનું કર્મ ઘડો છે નહિ, કુંભાર કાંઈપણ પોતાના ગુણને કે પોતાની વસ્તુને ઘડામાં નાખતો-ભેળવતો નથી; ત્યારે કુંભારે શું કર્યું? કુંભારે જાણ્યું કે ઘડો થાય છે, ઘડો થાય છે પણ કુંભાર ઘડાને કરી શકતો નથી. જોડે ઊભા ઊભા કુંભારે ક્રોધ કર્યો, પ્રેમ કર્યો તો તે કુંભારની અવસ્થા ક્રોધરૂપે કે પ્રેમરૂપે ઘડામાં પેસી જાય છે? નથી પેસતી; કારણ કે કોઈ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે; કોઈ વસ્તુ બીજી વસ્તુરૂપે થાય કે કોઈ ગુણ બીજા ગુણરૂપે થાય તેમ બને જ નહિ એવી વસ્તુસ્થિતિની મર્યાદા છે. કુંભાર માટીમય થયા વિના ઘડારૂપે થવાનું કર્તવ્ય કરી શકે નહિ, કારણ કે જે દ્રવ્ય જેમય હોય, તેમય જ તેની અવસ્થા હોય, માટે ઘડારૂપી અવસ્થા માટીમય જ હોય પણ કુંભારમય ન હોય કારણ

---

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.

કે કુંભાર માટીમય થઈ શકતો જ નથી. એક વસ્તુ બીજી વસ્તુમાં પેઠા વિના–પ્રવેશ્યા વિના, સંક્રમણ એટલે કે પોતે પલટી પરરૂપ થયા વિના, બદલાવી અશક્ય છે.

દ્રવ્યાંતરરૂપે (અર્થાત્ અન્યદ્રવ્યરૂપે) સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી.

આમાં કર્તાકર્મનો સ્પષ્ટ ખુલાસો મૂકયો છે કે એક ચીજ બીજી ચીજમાં જાય નહિ તો પછી તે ચીજે બીજી ચીજને કર્યું શું? કાંઈ ન કર્યું. પોતાનાં દ્રવ્ય–ગુણને ઘડામાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે પરનો કર્તા પ્રતિભાસતો નથી. કુંભાર જ્યારે ક્રોધમાં હોય અને ચાકડો ફેરવતો હોય ત્યારે તે ચાકડામાંથી ઊતરેલા ઘડામાં પણ ક્રોધ ગરી જવો જોઈએ અને તે ઘડામાંથી પાણી પીનારને પણ ક્રોધ થવો જોઈએ પણ તેમ તો થતું નથી; માટે કુંભાર ઘડાનો કર્તા નથી. કુંભાર ક્ષાયિક સમકિતી હોય અને ઘડો બનાવવા માટે ચાકડો ફેરવતો હોય તે વખતે કુંભારને ક્ષાયિક સમકિતમાં જે શાંતિ ને સુખ વેદાય છે તે શાંતિ અને સુખ શું ઘડામાં પેસી જાય છે? અને ઘડામાંથી પાણી પીનારને શું સુખ અને સમ્યક્ત્વ બની આવે છે? તેમ તો બનતું નથી માટે કુંભાર ઘડાનો કર્તા પ્રતિભાસતો નથી એટલે કે ઘડાનો કર્તા દેખાતો જ નથી; તેવી રીતે પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્ગલદ્રવ્ય અને પુદ્ગલના ગુણમાં નિજરસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો–મૂકતો–ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશક્ય છે.

માટીની અવસ્થા કુંભાર કરતો નથી તેવી રીતે જ્ઞાનાવરણાદિ આઠ કર્મની અવસ્થા પુદ્ગલમય જ છે અને પુદ્ગલના નિજ રસથી જ વર્તે છે. આત્માનો કોઈ પણ ગુણ કે અવસ્થા આઠ કર્મમાં જતાં નથી અને પુદ્ગલની કોઈ પણ અવસ્થા આત્મામાં આવતી નથી. આચાર્યદેવ સમજાવે છે કે તું તારા ભાવને કરી શકે, બીજું પરનું તું કાંઈ પણ કરી શકે નહિ; જ્યારે પુદ્ગલમાં ઘડો થવાની લાયકાત હોય ત્યારે તેવી જ જાતની યોગ્યતાવાળા રજકણો ત્યાં હાજર હોય છે. પહેલાં માટીનો પિંડો થાય અને પછી થાશ થાય એવી રીતે ક્રમબદ્ધ અવસ્થા જ્યારે જે થવાની હોય ત્યારે તેવી જાતની લાયકાતવાળા રજકણો ઘડો થવારૂપે હાજર હોય છે; તેવી રીતે જે પરમાણુ કર્મપણે થવાની લાયકાતવાળા હોય તે જ રજકણો કર્મપણે બંધાય છે, આત્મા તેમાં પોતાના દ્રવ્યને કે ગુણને ભેળવતો કે મૂકતો નથી. આત્મા વિકારી ભાવને કરે ત્યારે તેનું નિમિત્ત પામીને કર્મના રજકણો કર્મપણે એની મેળાએ પરિણમે છે. લીંબડાના પાંદડાની અવસ્થારૂપે કયા રજકણો આવે? કે જે કડવા રસરૂપે પરિણમવાની યોગ્યતાવાળા હોય;

લીંબડારૂપે થવાની લાયકાતવાળા હોય તે જ પરમાણુ લીંબડારૂપે પરિણમે છે, તેવી રીતે આઠ કર્મરૂપે પરિણમવાની જે પરમાણુમાં લાયકાત હોય તે જ પરમાણુ કર્મપણે પરિણમે છે. આત્મા કર્મથી જુદો પદાર્થ છે, તે કર્મમાં જતો નથી અને પુણ્યપાપના ભાવ પણ કર્મમાં જતા નથી, આત્મા પોતે પોતાનાં દ્રવ્ય-ગુણને કે પર્યાયને આઠ કર્મમાં નાખતો નથી-ભેળવતો નથી-મૂકતો નથી, કારણ કે કોઈ વસ્તુનું દ્રવ્યાંતર એટલે કે એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે થવું અને ગુણાંતર એટલે એક દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યના ગુણમાં સંક્રમવા એટલે કે બદલવા તદ્દન અશક્ય છે તો પછી દ્રવ્યાંતર અને ગુણાંતરરૂપે બદલ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી પોતાનાં દ્રવ્ય અને ગુણ બન્નેને જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે? કદી ન જ હોઇ શકે, માટે ખરેખર આત્મા પુદ્ગલકર્મનો અકર્તા ઠર્યો.

ખરેખર આત્મા પરનો કર્તા છે જ નહિ કારણ કે પરરૂપ થયા વિના પરનો કર્તા થઈ શકે જ નહિ માટે આત્મા અકર્તા છે. આઠ કર્મની અવસ્થા આત્મા કરતો નથી, તો પછી શરીર, વેપાર વગેરેની અવસ્થા તો ક્યાંથી કરે? વેપાર-ધંધાની અવસ્થા હું કરી શકું છું એમ માનવું તે મિથ્યાત્વ છે.

અજ્ઞાની નિમિત્તપણે પરનો કર્તા થાય છે; પોતે વિકારીભાવ કરે ત્યારે કર્મ બંધાય છે એટલે અજ્ઞાની માને છે કે કર્મનો હું નિમિત્તકર્તા છું, અજ્ઞાની માને છે તેથી ઉપચારથી કહેવાય છે કે આત્માએ કર્મ કર્યું. ૧૦૪.

આત્માને પુદ્ગલકર્મોનો કર્તા કહેવો તે ઉપચાર માત્ર છે, એમ હવે કહે છે:—

**जीवह्मि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं ।**
**जीवेण कदं कम्मं भण्णदि उवयारमत्तेण ॥ १०५ ॥**

અર્થ:—જીવ નિમિત્તભૂત બનતાં કર્મબંધનું પરિણામ થતું દેખીને, 'જીવે કર્મ કર્યું' એમ ઉપચારમાત્રથી કહેવાય છે.

જીવ નિમિત્તભૂત બનતાં એટલે અજ્ઞાની આત્મા પુણ્ય-પાપ, રાગ-દ્વેષ હર્ષ-શોકના ભાવ પોતામાં કરે છે તે ભાવો નિમિત્તભૂત બનતાં કર્મનું પરિણામ એટલે કે અવસ્થા થાય છે; જ્યાં સુધી કર્મરૂપે પુદ્ગલોની અવસ્થા ન થાય ત્યાં સુધી તે

---

જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

પુદ્‌ગલો બીજી અવસ્થારૂપે હોય છે, જીવે રાગ-દ્વેષના ભાવ કર્યા તેનું નિમિત્ત પામીને તે વખતે પુદ્‌ગલોમાં કર્મબંધનું પરિણામ થયું તે દેખીને જીવે કર્મ કર્યું એમ ઉપચારમાત્રથી કહેવાય છે. જુઓ! આચાર્યદેવે ચોખ્ખો ખુલાસો કર્યો છે કે જીવ કર્મને કરે એમ ઉપચારમાત્રથી જ કહેવાય છે એટલે કે વાસ્તવિક રીતે જીવ કર્મને કરતો નથી, પોતાના રાગ-દ્વેષના ભાવને અજ્ઞાન અવસ્થાએ કરે પણ જડ કર્મનો કર્તા તો આત્મા છે જ નહિ.

આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું એવો ઉપચાર છે. સ્વભાવથી એટલે સમ્યગ્દૃષ્ટિ પૌદ્‌ગલિક કર્મનો નિમિત્તભૂત નથી કારણ કે આત્મા છે તે કર્મને નિમિત્તભૂત નથી અને સમ્યગ્દૃષ્ટિનો વિષય પણ આત્મા છે માટે સમ્યગ્દૃષ્ટિ કર્મનો હેતુભૂત નથી. જ્ઞાનીને વિભાવ નથી તે તો જ્ઞાન કરનાર છે. આત્માનો સ્વભાવ જો કર્મને નિમિત્તભૂત થાય તો તો આત્માને પરનો વળગાડ થયો અને તે વળગાડ ક્યારેય પણ છૂટે નહિ માટે આત્માનો સ્વભાવ કર્મને નિમિત્તભૂત નથી. સમ્યગ્દૃષ્ટિ પણ કર્મને નિમિત્તભૂત નથી, સમ્યગ્દૃષ્ટિને અલ્પ અસ્થિરતા થાય છે તેના નિમિત્તે અલ્પ કર્મ બંધાય છે, પરંતુ અસ્થિરતાનો જ્ઞાની સ્વામી નથી તેથી તે વાત ગૌણ છે. અજ્ઞાની કર્મને નિમિત્તભૂત થાય છે.

આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી 'પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું' એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.

આ જગતમાં આત્માનો સ્વભાવ કર્મ બંધ થવામાં નિમિત્ત નથી, સ્વભાવ જો નિમિત્તભૂત હોય તો કર્મનો બંધ કદી છૂટે નહિ. આત્માનો સ્વભાવ તો અનાદિ અનંત એકરૂપ છે. તે સ્વભાવ જો કર્મને નિમિત્તભૂત થાય તો ત્રિકાળ કર્મબંધમાં નિમિત્તભૂત થવો જ જોઈએ અને ત્રિકાળ નિમિત્તભૂત થતાં કર્મબંધનો અભાવ થાય જ નહિ પરંતુ તેમ તો બનતું જ નથી, સ્વભાવ કર્મબંધમાં નિમિત્તભૂત થાય જ નહિ, વિભાવ નિમિત્તભૂત થાય માટે અનાદિ અજ્ઞાન જ પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત છે. આત્મા અજ્ઞાનરૂપે જ્યાં પરિણમે છે ત્યાં તે અજ્ઞાનભાવનું નિમિત્ત પામીને પુદ્‌ગલકર્મ સ્વયં બંધાય છે, તે પુદ્‌ગલની કર્મરૂપ અવસ્થા આત્મા કરતો નથી; આત્મા તો અજ્ઞાનભાવે

પોતાના શુભાશુભભાવને કરે, તે ભાવનું નિમિત્ત પામીને પુદ્ગલકર્મ બંધાય. તે પૌદ્ગલિક કર્મ આત્માએ બાંધ્યું એમ કહેવું તે વ્યવહાર છે, ઉપચાર છે. તે પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે. વિકલ્પમાં આરૂઢ થયેલો અજ્ઞાની એમ માને છે કે હું કર્મને નિમિત્તપણે છું તેથી તે કર્મનો નિમિત્તકર્તા કહેવાય છે. અજ્ઞાનીને પોતાના સ્વભાવની દૃષ્ટિ નથી તેથી તે વિકલ્પમાં એકત્વબુદ્ધિએ વર્તે છે; પરને હું કરું છું, પરને હું કરું છું એવા ખોટા વિકલ્પ કરીને પરના કર્તાપણાનું સ્વામીપણું પોતે સ્વીકારી લીધું છે તેથી તેને પરનો કર્તા કહેવાય છે, બાકી પરને તો અજ્ઞાની પણ કરી શકતો નથી; કાં તો અજ્ઞાની અજ્ઞાનભાવે રાગ-દ્વેષને કરે અને કાં તો જ્ઞાની જ્ઞાનભાવે રાગદ્વેષ રહિત એવા નિર્મળ ભાવને કરે, બાકી પરનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.

વીતરાગસ્વરૂપ સાધવામાં કોઈ રાગ સહાય કરે ? ન કરે. જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે, રાગનો તે સ્વામી થતો નથી માટે તે બંધનું નિમિત્ત થતો નથી. અજ્ઞાની પરનું નિમિત્ત સ્વીકારે છે; માટે તેને પરનો કર્તા ઉપચારથી કહ્યો, જ્ઞાની પરનું નિમિત્ત સ્વીકારતો નથી માટે તે પરનો કર્તા નથી. ૧૦૫.

હવે, ઉપચાર કઈ રીતે છે તે દૃષ્ટાંતથી કહે છે.

**जोधेहिं कदे जुद्धे राएण कदंति जंपदे लोगो ।**
**ववहारेण तह कदं णाणावरणादि जीवेण ॥ १०६ ॥**

અર્થ:—યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, 'રાજાએ યુદ્ધ કર્યું' એમ લોક (વ્યવહારથી) કહે છે તેવી રીતે 'જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યું' એમ વ્યવહારથી કહેવાય છે.

જગતમાં યુદ્ધ યોદ્ધા કરે છે તોપણ રાજાએ યુદ્ધ કર્યું એમ ઉપચારથી કહેવાય છે; લશ્કર લડે છે તોપણ રાજા લડે છે એમ કહેવાય છે, તેવી રીતે અજ્ઞાનભાવે આત્મા રાગ-દ્વેષ કરે છે ત્યારે નવાં કર્મો એની મેળે સ્વયં બંધાઈ જાય છે, માત્ર આત્માના પરિણામની હાજરી હોય છે. કર્મ તો સ્વયં-પોતાની મેળે જ બંધાઈ જાય છે તોપણ ઉપચારથી આત્માએ કર્મ બાંધ્યાં એમ કહેવાય છે.

---

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.

જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજાને 'રાજાએ યુદ્ધ કર્યું' એવો જે ઉપચાર કરવામાં આવે છે તે પરમાર્થ નથી.

યુદ્ધના પરિણામે તો યોદ્ધા પરિણમી રહ્યા છે, લડવાનો ભાવ તો લડવૈયાનો છે, મારવાનો ભાવ તો યોદ્ધાનો છે, રાજાનો નથી; રાજા તો આદેશ કરવામાં નિમિત્ત છે પછી લડતી વખતે રાજા નથી; રાજાએ આદેશ કર્યો, પછી લડતી વખતના પરિણામ લડવૈયાના છે. યોદ્ધા જ્યારે લડે છે ત્યારે યુદ્ધ યોદ્ધા કરે છે, રાજા એકકોર બેઠો છે.

સિદ્ધાંતમાં દૃષ્ટાંતનો એક અંશ લેવાય, દૃષ્ટાંત તો એક અંશે લાગુ પડે, જો દૃષ્ટાંત આખું લાગુ પડે તો દૃષ્ટાંત તે સિદ્ધાંત થઈ જાય માટે સિદ્ધાંતમાં દૃષ્ટાંતનો એક અંશ લેવાય. લડતી વખતે યોદ્ધા લડે છે, રાજા લડતો નથી.

તેમ જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે પરિણમતાં એવા પુદ્‌ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિકર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતા એવા આત્માને 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું' એવો જે ઉપચાર કરવામાં આવે છે તે પરમાર્થ નથી.

જેવી રીતે રાજા લડવાનો આદેશ કરે છે અને તેનું નિમિત્ત પામીને યોદ્ધાઓ યુદ્ધ કરે છે તેવી રીતે અજ્ઞાનથી આત્મા રાગ-દ્વેષ કરે છે તે આદેશને સ્થાને છે અને તેના નિમિત્તે જડ પરમાણુમાં એવી શક્તિ છે કે તે કર્મરૂપ સ્વતંત્ર પરિણમે છે, આત્મા તેને કરતો નથી, આત્માની સત્તાભૂમિમાં આત્મા રાગ દ્વેષના પર્યાયને કરે છે પણ પર સત્તામાં કાંઈ કરી શકતો નથી. જેમ યોદ્ધા યુદ્ધ કરે છે પણ રાજા તો એકકોર બેઠો છે તેમ જ્ઞાનાવરણાદિકર્મ બંધાય તેમાં આત્માનો કાંઈ હાથ નથી. બધી વસ્તુ સ્વતંત્ર જુદી છે, રજકણો સ્વતંત્ર ચીજ છે. આત્મા જ્યારે અજ્ઞાનભાવે રાગ દ્વેષ કરે ત્યારે તેનું નિમિત્ત પામીને પરિણમવાની તાકાત રજકણમાં છે તેમાં આત્માનો હાથ નથી. આત્મા પોતાના અરૂપી વિકારને કરી શકે પણ જડ એવા રૂપીમાં કાંઈ પણ ઘાલમેલ કરી શકે નહિ. જ્ઞાનાવરણાદિકર્મ પુદ્‌ગલદ્રવ્ય પોતે પરિણમીને કરે છે, પરંતુ જ્ઞાનાવરણાદિકર્મરૂપે કાંઈ આત્મા પરિણમતો નથી, કાંઈ આત્મા તેને કરતો નથી, માત્ર આત્માના રાગ-દ્વેષરૂપ વિકારી પર્યાય જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મ સ્વયં બંધાય તેમાં નિમિત્ત થાય છે તેથી ઉપચારથી કહ્યું કે આ કર્મ આત્માએ કર્યું પરંતુ તે પરમાર્થ નથી વ્યવહાર છે.

સૌ સૌનાં કામ જુદે જુદાં છે એમ અહીં બતાવવું છે, તું બીજા દ્રવ્યને દબાવ

અને બીજું દ્રવ્ય તને દબાવે એવું કાંઈ છે નહિ; પોતાના ભાવ સારા હોય અને કોઈ દુશ્મન આવીને ગમે તેમ કરે તોપણ પોતાના ભાવને દબાવી શકે નહિ, હીણા પાડી શકે નહિ; એના ભાવનું જોખમ એને અને આના ભાવનું જોખમ આને, બધાં દ્રવ્યો સ્વતંત્ર જુદે જુદાં છે.

સૂર્યનાં કિરણનું નિમિત્ત પામીને કાચબી સ્વયં પરિણમે છે, પણ સૂર્યનાં કિરણે કાચબી પરિણમાવી નથી. જો સૂર્યનાં કિરણે કાચબી પરિણમાવી હોય તો તે બધી જગ્યાએ કાચબી પરિણમાવી દે પરંતુ તેમ નથી. કાચબીના લીલા, પીળા, રાતા એવા જુદા જુદા રંગે પરિણમવાની તાકાત પુદ્‌ગલમાં પોતામાં છે, પુદ્‌ગલો સ્વયં પરિણમીને તે અવસ્થારૂપે થયાં છે, સૂર્યનાં કિરણે તે અવસ્થા કરી નથી; ચોમાસામાં સૂર્યનાં કિરણનું નિમિત્ત પામીને કાચબી-ઇંદ્રધનુષ થાય છે તે સૂર્યનાં કિરણથી થયું એમ કહેવું તે વ્યવહાર છે.

એમ આત્માની અવસ્થામાં રાગ-દ્વેષ થયાં તે સૂર્યનાં કિરણો સમાન છે અને કર્મ છે તે કાચબી સમાન છે. રાગ દ્વેષનું નિમિત્ત પામીને જે કર્મરજકણોમાં કર્મરૂપે પરિણમવાની યોગ્યતા હોય તે કર્મરૂપે પરિણમી જાય છે, પોતામાં (રજકણોમાં) કર્મ-રૂપે પરિણમવાની તાકાત છે તેથી તે પોતે કર્મરૂપે સ્વયં પરિણમી જાય છે, તેથી ઉપચારથી કહેવાય છે કે આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યાં, પણ તે પરમાર્થ નથી. ૧૦૬.

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યું :—

**उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य ।**
**आदा पुग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं ॥ १०७ ॥**

અર્થ:—આત્મા પુદ્‌ગલદ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે; પરિણમાવે છે અને ગ્રહણ કરે છે એ વ્યવહારનયનું કથન છે.

આત્મા સાથે આ ઔદારિક શરીર છે તે સ્થૂળ છે પણ કાર્મણ શરીર છે તે તો સૂક્ષ્મ છે. તે બધાં શરીરો જડ છે. તેને આત્મા ઉપજાવે છે, કરે છે, બાંધે છે, બદલાવે છે, ગ્રહણ કરે છે તેમ કહેવું તે વ્યવહારનયનું-નિમિત્તનું કથન છે.

---

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે
પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.

આ આત્મા ખરેખર વ્યાપ્યવ્યાપકભાવના અભાવના લીધે પ્રાપ્ત, વિકાર્ય અને નિર્વર્ત્ય—એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક ( -પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ ) કર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી, બાંધતો નથી.

આ આત્મા ખરેખર વ્યાપ્ત-વ્યાપકભાવના અભાવને લીધે જડ રજકણમાં પેસી જતો નથી, દ્રવ્યકર્મરૂપ અવસ્થા આત્મા પોતે કરતો નથી, સ્થિતિ બંધ પણ આત્મા કરતો નથી, કર્મમાં જે મુદ્દત પડે છે તે કર્મ સ્વતંત્ર પરિણમીને પડે છે; આત્મા પોતાના પરિણામમાં તીખાશ કે ઉગ્રતા કરે છે એટલે કે પોતામાં પરિણમનનું ચક્ર ચડે છે તેનું નિમિત્ત પામીને જડ પુદ્‌ગલમાં સ્થિતિબંધ થાય છે તે પુદ્‌ગલ પોતે સ્વયં પરિણમીને થાય છે, આત્મા તેને કરતો નથી; જડમાં અનુભાગબંધ પણ આત્મા કરતો નથી, તે અનુભાગબંધ પુદ્‌ગલ પોતે સ્વયં પરિણમીને થાય છે, જડનો પ્રદેશબંધ પણ આત્મા કરતો નથી, પુદ્‌ગલ પોતે સ્વયં પરિણમીને પ્રદેશબંધ થાય છે.

પુદ્‌ગલ પોતે પોતાની અવસ્થાને પહોંચીવળે છે એટલે કે ગ્રહણ કરે છે તે પ્રાપ્ય; પુદ્‌ગલ પોતે પોતાના પર્યાયનો ફેરફાર કરીને પરિણમે છે તે તેનું વિકાર્ય કર્મ છે; પુદ્‌ગલ પોતે પોતાના પર્યાયને નિપજાવે છે તે તેનું નિર્વર્ત્ય કર્મ છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ પુદ્‌ગલકર્મ પોતે પરિણમે છે, આત્મા તે પુદ્‌ગલકર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી અને બાંધતો પણ નથી.

આત્મા કર્મને ગ્રહતો નથી એટલે કે પકડતો નથી, આત્મા પોતાના ઊંધા ભાવમાં એટલે કે ક્રોધ-માન-માયા-લોભ, મિથ્યાત્વ વગેરેમાં પકડાઈ ગયો છે પણ તે જડને પકડતો નથી. પોતાનો ચૈતન્યસ્વભાવ જ્ઞાનઘન અરૂપી છે તેનું અજ્ઞાનીને ભાન નહિ હોવાથી પોતાની શક્તિ ઢંકાઈ ગઈ છે તેથી તે અજ્ઞાનભાવને લઈને વિકારી ભાવમાં પકડાઈ જાય છે, પરંતુ તે જડને ત્રણકાળ ત્રણલોકમાં પકડી રાખતો નથી. આત્મા પુદ્‌ગલકર્મને પરિણમાવતો પણ નથી, નિપજાવતો પણ નથી, કરતો પણ નથી અને બાંધતો પણ નથી. પુદ્‌ગલકર્મમાં રસસ્થિતિ બંધાય છે તેને આત્મા બાંધતો નથી તોપણ હું પરને બાંધું છું નિપજાવું છું, કરું છું, બદલાવું છું અને ગ્રહું છું એમ માનવું તે ભ્રમ છે.

આત્મા વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે પરમાં પેસીને પરની અવસ્થાને કરતો નથી, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય —એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે એવો જે વિકલ્પ તે ખરેખર ઉપચાર છે.

જ્યાં વ્યાપ્યવ્યાપકપણું ન હોય ત્યાં કર્તાકર્મપણું હોઈ શકે નહિ, જ્યાં વ્યાપ્યવ્યાપકપણું હોય ત્યાં કર્તાકર્મપણું હોઈ શકે; આત્માને પુદ્દગલકર્મ સાથે વ્યાપ્યવ્યાપકપણું નથી તેથી કર્તાકર્મપણું નથી, તોપણ અજ્ઞાની માને છે કે પુદ્દગલકર્મને હું કરું છું તેથી અજ્ઞાનીની અપેક્ષાએ ઉપચારથી કહેવાય છે કે કર્મ આત્માએ કર્યાં. જેમ લાકડીને છોકરાએ ઘોડો માન્યો હોય તેથી તે કહે છે કે આ મારો ઘોડો છે તો તેને એમ કહેવું પડે છે કે છોકરા! તારો લાકડીનો ઘોડો તું આઘો રાખ! તેમ અજ્ઞાની માને છે કે કર્મ મેં કર્યાં તેથી ઉપચારથી કહેવાય છે કે કર્મ આત્માએ કર્યાં. સૂર્યના કિરણનું નિમિત્ત પામીને જેમ કાચબી સ્વયં પરિણમે છે સૂર્ય તેને પરિણમાવતો નથી એમ આત્માના રાગ–દ્વેષ અને અજ્ઞાની અનુકૂળ હાજરી પામીને પુદ્દગલકર્મ એની મેળે સ્વયં પરિણમે છે; આત્માનો રાગ-દ્વેષ અને અજ્ઞાનનો પર્યાય તેને પરિણમાવતો નથી પરંતુ રાગ-દ્વેષ ને અજ્ઞાનની અનુકૂળ હાજરીને કારણે ઉપચારથી કહેવાય છે કે કર્મ આત્માએ કર્યાં, પણ ખરી રીતે કર્મ આત્મા કરતો નથી.

આત્મા અજ્ઞાનભાવે પોતાના રાગ-દ્વેષને કરે છે અને હર્ષ–શોકને ભોગવે છે પરંતુ જડને કોઈ કરી શકતું નથી તેમ ભોગવી પણ શકતું નથી, જડકર્મનું ફળ આવે તેને આત્મા ભોગવી શકતો નથી. ચૂરમું હું ખાઉં છું, ચા હું પીઉં છું, મોટર હું ભોગવું છું વગેરે જડ ચીજો હું ભોગવું છું એવી માન્યતા તે અજ્ઞાન છે, ચૂરમું કાંઈ તારા આત્મામાં પેસી જાય છે? ચા કાંઈ તારા આત્મામાં પેસી જાય છે? તેં ખાધું શું? અજ્ઞાનભાવે ખાધો રાગ ને દ્વેષ, બાકી જડને કોઈ ખાઈ શકતું નથી; જ્ઞાનભાવે તો રાગ-દ્વેષને પણ ખાતો નથી કારણ કે જ્ઞાની રાગ-દ્વેષના પર્યાયનો સ્વામી થતો નથી, તેને પોતાનો માનતો નથી માટે જ્ઞાનપર્યાયને જ ખાય છે. વિકારી પર્યાય ચૈતન્યની અવસ્થા છે તોપણ જ્ઞાની તેનો સ્વામી થતો નથી તેથી તે વિકારી પર્યાયને ખાતો પણ નથી.

અજ્ઞાની વિકારી પર્યાયને પોતાનો માને છે અને વિકારી પર્યાય ચૈતન્યની અવસ્થામાં થાય છે તેથી વિકારી પર્યાયનો તે ભોક્તા છે પણ ચૈતન્યદ્રવ્યથી તદ્દન ભિન્ન એવા પુદ્દગલકર્મનો તો તે પણ ભોક્તા નથી, પુદ્દગલદ્રવ્ય ચૈતન્યથી દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી બધી રીતે ભિન્ન છે, ચૈતન્યદ્રવ્યને જડદ્રવ્યનો કર્તા માનવો એવો વિકલ્પ તે ઉપચાર છે, અજ્ઞાન છે; આત્મા કર્મને ગ્રહણ કરતો નથી, ઉપજાવતો નથી, બદલાવતો નથી.

કોઈ કહેશે કે શ્રીમદ્ રાજચંદ્રના આત્મસિદ્ધિના દોહરામાં આવે છે કે 'હોય ન ચેતન પ્રેરણા કોણ ગ્રહે તો કર્મ'? ચેતનની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? ચૈતન્ય કર્મને પ્રેરે છે એવો તેનો અર્થ નથી પણ પ્રેરણાનો અર્થ મનન થાય છે,

ચૈતન્ય પોતે પરિણામમાં રાગાદિ ભાવનું મનન કરે છે ત્યાં કર્મો એની મેળે સ્વયં બંધાઈ જાય છે પણ આત્મા કાંઈ કર્મમાં પેસી જતો નથી. અનાદિથી એવી પક્કડ ને જક્કડ છે કે આ વાત બેસવી મુશ્કેલ પડે છે. લોકો કહે છે કે કર્મ આત્મા કરે છે ને કર્મને આત્મા ભોગવે છે પણ ખરી રીતે કર્મ આત્મા કરતો નથી અને ભોગવતો પણ નથી; કર્મને આત્મા કરે છે અને કર્મનાં ફળને આત્મા ભોગવે છે તેમ કહેવું તે નિમિત્તનું કથન છે, વ્યવહારનું કથન છે. કર્મના ઉદય વખતે થતા હર્ષ-શોકને આત્મા અજ્ઞાનભાવે ભોગવે છે પણ બહારના સંયોગને કોઈ ભોગવી શકતું નથી અને કરી પણ શકતું નથી તોપણ ઉપચારથી કહેવાય છે કે કર્મ આત્માએ કર્યાં ને કર્મ આત્માએ ભોગવ્યાં. ૧૦૭.

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દૃષ્ટાંતથી કહે છે:—

**जह राया ववहारा दोसगुणुप्पादगोत्ति आलविदो ।**
**तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो ॥१०८॥**

અર્થ:—જેમ રાજાને પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે, તેમ જીવને પુદ્‌ગલદ્રવ્યના દ્રવ્ય-ગુણનો ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે.

દુનિયામાં કહેવાય છે કે 'યથા રાજા તથા પ્રજા', તો શું, તે વાત સાચી છે? ખરી રીતે તે વાત સાચી નથી. રાજા મહા ધર્મી હોય છતાં પ્રજા રાજાનું માને નહિ, કોઈ કોઈ વાતમાં પ્રજા વિરોધ પણ કરે; રાજા મહા અધર્મી હોય ને પ્રજા મહા ધર્મી હોય માટે રાજા તેવી પ્રજા કયાં થઈ? પરંતુ વ્યવહારથી રાજા અને પ્રજાને સંબંધ છે તેથી વ્યવહારે એમ કહેવાય, કે જેવા રાજા તેવી પ્રજા; પણ વાસ્તવિક તેમ નથી.

પ્રજા સારી હોય ને રાજા મહા અધર્મી થાય તે પોતાનાં પાપનાં ઉદયનું કારણ છે. આ પંચમકાળમાં તો એવું ઘણું બને છે, હજી આ પંચમકાળમાં મુનિના હાથમાંથી આહાર લઈ લેનાર રાજા મહા અધર્મી પાકશે, રાજા એના દિવાનને પૂછશે કે આપણી પ્રજામાં કોઈ એવો માણસ છે કે જેની પાસેથી આપણો કર ન લેવાતો હોય? ત્યારે દિવાન કહેશે કે હા! એક નગ્ન દિગંબર મુનિ છે કે જેની પાસે કાંઈ પણ વસ્તુ ન હોઈ શકે, તે તદ્દન નગ્ન જ હોય છે, ત્યારે રાજા કહેશે કે તે ખાતા તો હશેને? જ્યારે તે ખાય તેના આહારમાંથી એક પહેલો કોળિયો આહારનો લઈ લેવો એમ રાજા હુકમ

---

ગુણદોષઉત્પાદક કહ્યો જયમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.

કરશે તેથી મુનિ જ્યારે ગૃહસ્થને ત્યાં આહાર લેવા જશે ત્યારે રાજાનો માણસ ત્યાં આવશે અને મુનિના હાથમાં ગૃહસ્થ જ્યારે આહારનો કોળિયો આપશે ત્યારે રાજાનો માણસ તે કોળિયો લઈ લેશે તેથી મુનિને અંતરાય પડશે અને તે આહાર કર્યા વગર જ પાછા ચાલ્યા જશે, પછી મુનિ જાણશે કે પંચમઆરાનો છેડો હવે આવી ચૂકયો છે એમ જાણી મુનિ સંથારો કરશે, સમાધિમરણ કરીને દેવમાં જશે, અને દેવલોકમાંથી કોઈ દેવ આવીને રાજાને પણ મારી નાખશે. રાજા મરીને નરકે જશે, મુનિ દેવમાંથી મનુષ્યનો એકભવ કરીને તે જ ભવે મોક્ષ જશે.

વ્યવહારથી એમ કહેવાય કે જેવા રાજા તેવી પ્રજા, પરંતુ ખરી રીતે તો રાજાના આત્માના ગુણ-દોષ રાજા સાથે વ્યાપે છે અને પ્રજાના આત્માના ગુણ-દોષ પ્રજા સાથે વ્યાપે છે.

જેમ પ્રજાના ગુણદોષોને અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ ( પ્રજાના પોતાના ભાવથી જ ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં—જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ—'તેમનો ઉત્પાદક રાજા છે' એવો ઉપચાર કરવામાં આવે છે.

રાજાના ગુણદોષોને અને પ્રજાના ગુણદોષોને કાંઈ પણ સંબંધ નથી તોપણ રાજાને પ્રજાના ગુણદોષોનો ઉત્પન્ન કરનાર કહેવું તે ઉપચાર છે. જેમકે લોકમાં કહેવાય છે કે બાપની કેળવણી પામેલાં છોકરાં બાપ જેવાં હોય, પરંતુ બાપની કેળવણીને લઈને છોકરાં સુધર્યાં એમ કહેવું તે વ્યવહાર છે; ખરી રીતે છોકરાંમાં જ કેળવણી લેવાની શક્તિ હતી તેથી તે કેળવણી પામ્યાં, બાપતું માત્ર નિમિત્ત બન્યું, બાપના અને દીકરાના સૌ સૌના ગુણદોષ સૌ સૌમાં પોતામાં જ વ્યાપે છે, બાપના ગુણદોષ દીકરામાં વ્યાપતા નથી અને દીકરાના ગુણદોષ બાપમાં વ્યાપતા નથી, દીકરો મરીને સ્વર્ગે જાય અને બાપ મરીને નરકે જાય, બાપ મરીને સ્વર્ગે જાય અને દીકરો મરીને નરકે જાય, બન્ને સ્વર્ગે પણ જાય અને બન્ને નરકે પણ જાય માટે બાપદીકરાના ગુણ-દોષનો કાંઈ મેળ નથી. બાપ દીકરાનું, દીકરો બાપનું, કોઈ કોઈનું કાંઈ સુધારી શકે તેમ નથી, પોતે ભાવ કરે ખરો કે છોકરાં કેળવણી પામે તો સારું, છોકરાં માટે જુદી મૂડી રાખે, મકાન જુદાં રાખે, દીકરા-દીકરીને ભણવાના રૂપિઆ જુદા રાખે, સારી કેળવણી પામેલ દીકરીયું હોય તો સારે ઠેકાણે વરે એમ ભાવ કરે, બાકી પરનું પોતે કાંઈ પણ કરી શકતો નથી. જો કેળવણી બાપ આપી શકતા હોય તો ઘણા છોકરાં કેળવણી આપતા છતાં પણ સુધરતાં નથી, માટે જે સુધરે છે તે પોતાવડે છે અને જે નથી સુધરતાં તે પોતા વડે નથી સુધરતાં. તેમાં તારું કાંઈપણ કારણ નથી. પોતે પોતા

વડે સુધરે ત્યારે સામાને માત્ર નિમિત્ત કહેવાય છે પણ ખરી રીતે કોઈ કોઈનું કાંઈપણ કરી શકતું નથી, છોકરાં પોતે પોતાને જે વાત ગોઠે તે માને છે ત્યારે તું કહે છે કે મારું માન્યું, તે માત્ર ભ્રાંતિ છે, સૌને ઠીક પડે તેમ સૌ માને છે, વાસ્તવિકરીતે પરનું કોઈ માનતું નથી.

તેવી રીતે પ્રજાના ગુણદોષ રાજામાં વ્યાપતા નથી અને રાજાના ગુણદોષ પ્રજામાં વ્યાપતા નથી, રાજાના ગુણદોષનો પ્રજામાં અભાવ છે અને પ્રજાના ગુણદોષનો રાજામાં અભાવ છે, રાજાના ગુણદોષ રાજામાં છે અને પ્રજાના ગુણદોષ પ્રજામાં છે તોપણ જેવા રાજા તેવી પ્રજા તેમ કહેવું તે ઉપચાર છે. રાજા સારો હોય ને પ્રજા પણ સારી થાય તો તે પ્રજા પોતાને કારણે સારી થાય છે અને રાજા અધર્મી હોય ને પ્રજા પણ જો અધર્મી થાય તો પ્રજા પોતાને કારણે અધર્મી થાય છે, રાજાને કારણે નહિ. જેવો રાજા હોય તેવી જ પ્રજા હોય એવો કાંઈ નિયમ નથી, રાજા સારો હોય અને પ્રજા પણ સારી હોય, રાજા ગુણી હોય ને પ્રજા દોષી હોય, રાજા દોષી હોય ને પ્રજા ગુણી હોય, રાજા દોષી હોય ને પ્રજા પણ દોષી હોય એમ ચૌભંગી છે. માટે રાજા તેવી પ્રજા એમ કહેવું તે માત્ર ઉપચાર છે.

તેવી રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષોને અને પુદ્ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ ( પુદ્ગલદ્રવ્યના પોતાના ભાવથી જ ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં— જો કે તે ગુણદોષોને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ—'તેમનો ઉત્પાદક જીવ છે' એવો ઉપચાર કરવામાં આવે છે.

આઠકર્મ જે બંધાય તેનું વ્યાપ્યવ્યાપકપણું પુદ્ગલદ્રવ્યમાં જ છે, આઠકર્મ બંધાવાની તાકાત પુદ્ગલદ્રવ્યમાં જ છે, તે કર્મની અવસ્થા આત્મા કરી શકે નહિ. જેમ આ શરીર આત્માથી જુદી ચીજ છે તેમ કર્મ પણ આત્માથી જુદી ચીજ છે, આત્મા પોતે અજ્ઞાન-મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિના વિકારી ભાવને કરે છે, તે વિકારી ભાવનું નિમિત્ત પામીને જડ રજકણોમાં કર્મરૂપ અવસ્થા એની મેળે જ થાય છે, એટલો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે; તે નિમિત્તનૈમિત્તિકસંબંધના કારણે આત્મા કર્મ કરે છે એમ કહેવાય, પરંતુ તે કથન ઉપચારથી છે.

આત્માની અવસ્થામાં રાગ-દ્વેષ જેટલા જોરવાળા થાય તે પ્રમાણે નવાં કર્મ બંધાય, તે તેની સ્વતંત્રતાથી બંધાય છે, પરમાણુમાં પણ અનંત શક્તિ છે માટે તે એની મેળે કર્મપણે પરિણમે છે, કર્મ આત્માને ખેંચે ને આત્મા કર્મને ખેંચે એમ નથી, આત્મા પણ સ્વતંત્ર વસ્તુ છે અને પુદ્ગલ પણ સ્વતંત્ર વસ્તુ છે, આત્મામાં

રાગ-દ્વેષના ભાવ થાય ત્યારે કર્મનું નિમિત્ત હોય છે અને પુદ્ગલ કર્મરૂપે બંધાય ત્યારે આત્માના રાગ-દ્વેષના ભાવનું નિમિત્ત હોય છે, એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. લોહચુંબકમાં એવી તાકાત છે કે તે લોઢાને ખેંચે અને લોઢામાં ખેંચાવાની શક્તિ છે, જો લોઢામાં ખેંચાવાની શક્તિ ન હોય અને લોહચુંબક જ લોઢાને ખેંચતું હોય તો લાકડાને પણ લોહચુંબકે ખેંચવું જોઈએ, માટે લોઢામાં એવી યોગ્યતા છે કે લોહચુંબકનું નિમિત્ત-હાજરી પામીને લોઢું ખેંચાઈ આવે છે.

પ્રશ્ન:—કોઈ કહે કે આત્માને બીજી ગતિમાં કર્મ ખેંચી જાય છે ને?

ઉત્તર:—બીજી ગતિમાં જવાની આત્માની પોતાની યોગ્યતા છે, પોતાની ક્રિયાવતી શક્તિની યોગ્યતાને કારણે આત્મા બીજી ગતિમાં જાય છે, કર્મ આત્માને નરકમાં લઈ જાય અને સ્વર્ગમાં લઈ જાય એમ કહેવું તે વ્યવહાર છે, આત્મા પોતે પોતાના શુભાશુભભાવની યોગ્યતાના કારણે નરક અને સ્વર્ગમાં જાય છે. લોકો બોલે છે કે ગાય અને દીકરી જ્યાં દોરે ત્યાં જાય, તેમ આત્માએ કર્મ બાંધ્યાં હોય તે પ્રમાણે આપણે પણ જવું પડે છે પણ તે કથન બધું ઉપચારથી છે. આત્મા કર્મથી દબાણો નથી, પોતાની લાયકાતને કારણે મનુષ્ય, તિર્યંચ અને સ્વર્ગ-નરકમાં જાય છે.

૨૦૦૦, કારતક વદ ૨ શનિ.

પુદ્ગલકર્મની ક્રિયા આત્મા કરતો નથી, આત્મા આત્માની જ્ઞાનક્રિયા કરે છે, જ્ઞાનનું સાક્ષીપણું-જ્ઞાનનું ઉદાસીનપણું તે જ્ઞાનનું સત્કાર્ય છે. હું મારારૂપે થનાર છું પણ પરરૂપે થનાર નથી એવી શ્રદ્ધા ને જ્ઞાન કરીને જ્ઞાનમાં સ્થિર રહેવું તે જ્ઞાનનું સત્કાર્ય છે, પરના કાર્યરૂપે ન થવું પણ પોતાના કાર્યરૂપે થવું તે જ્ઞાનનું સત્કાર્ય છે.

રાજા પ્રજાના ગુણ-દોષોનો ઉત્પાદક છે એમ વ્યવહારથી કહેવાય પણ ખરી રીતે રાજા પ્રજાના ગુણ-દોષોનો ઉત્પાદક નથી. સારા રાજાથી પ્રજા સારી થાય એમ કહેવું માત્ર ઉપચાર છે, સારા રાજાથી પ્રજા સારી થતી નથી પણ પ્રજા પોતે પોતાથી જ સારી થાય છે. તેવી રીતે પુદ્ગલકર્મના ગુણ-દોષને આત્મા કરતો નથી, આત્મા પોતાના ભાવને કરે છે, પુદ્ગલકર્મને કરતો નથી તોપણ પુદ્ગલકર્મ આત્માએ કર્યાં એમ કહેવું તે માત્ર ઉપચાર છે.

હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છે:—અમૃતચંદ્રાચાર્યદેવે ગાથા સાથે કળશની સંધિ કરી છે.

( વસંતતિલકા )

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशंकयैव ।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
संकीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ ॥ ६३ ॥

અર્થ:—'જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી તો તેને કોણ કરે છે?' એવી આશંકા કરીને, હવે, તીવ્ર વેગવાળા મોહનો (કર્તાકર્મપણાના અજ્ઞાનનો) નાશ કરવા માટે, 'પુદ્ગલકર્મનો કર્તા કોણ છે' તે કહીએ છીએ; તે (હે જ્ઞાનના ઇચ્છક પુરુષો!) તમે સાંભળો.

શિષ્ય પૂછે છે કે આઠકર્મને હું કરું નહિ, આઠકર્મને હું બદલાવું નહિ તો આઠકર્મ કરે છે કોણ? આઠકર્મની અવસ્થા આત્મા ન કરે તો કર્મ બંધાય કેમ તે કહો? પ્રભુ! અમે કાંઈ કર્મ જાણ્યાં નહોતાં, શાસ્ત્રે કહ્યું કે કર્મ છે ત્યારે અમે કર્મ જાણ્યાં અને આપ તો કહો છો કે કર્મનો રચનાર તું નથી ત્યારે તેનો રચનાર કોણ છે તે કહો? પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે કહો? એમ શિષ્ય આશંકા કરે છે. આચાર્યદેવ કહે છે કે 'शृणुत' એટલે સાંભળો, તીવ્ર મોહનો નાશ કરવા માટે હે જ્ઞાનના ઇચ્છક પુરુષો! તમે સાંભળો, અંતરમાં શું ઘટમાળ થાય છે તે સાંભળો, તીવ્ર વેગવાળા મોહનો નાશ કરવા માટે પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે કહીએ છીએ તે તમે સાંભળો. ૧૦૮.

પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છે:—

**सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो ।**
**मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा ॥१०९॥**
**तेसिं पुणोवि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो ।**
**मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं ॥११०॥**

---

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
—મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.
વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
—મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.

एदे अचेदणा खलु पुग्गलकम्मुदयसंभवा जह्मा ।
ते जदि करंति कम्मं णवि तेसिं वेदगो आदा ॥ १११ ॥

गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जह्मा ।
तह्मा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि ॥ ११२ ॥

અર્થ:—ચાર સામાન્ય *પ્રત્યયો નિશ્ચયથી બંધના કર્તા કહેવામાં આવે છે—મિથ્યાત્વ, અવિરમણ તથા કષાય અને યોગ (એ ચાર) જાણવા. અને વળી તેમનો, આ તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે—મિથ્યાદૃષ્ટિ (ગુણસ્થાન) થી માંડીને સયોગ-કેવળી (ગુણસ્થાન) સુધીનો. આ (પ્રત્યયો અથવા ગુણસ્થાનો) કે જેઓ નિશ્ચયથી અચેતન છે કારણ કે પુદ્ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે તેઓ જો કર્મ કરે તો ભલે કરે; તેમનો (કર્મોનો) ભોક્તા પણ આત્મા નથી. જેથી આ 'ગુણ' નામના પ્રત્યયો કર્મ કરે છે તેથી જીવ તો કર્મનો અકર્તા છે અને 'ગુણો' જ કર્મોને કરે છે.

આત્મા એક છે અને સામાન્ય પ્રત્યયો એટલે આસ્રવો ભગવાને ચાર કહ્યા છે, આસ્રવો એટલે કર્મબંધનાં કારણો—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર; પુદ્ગલમાં સુખબુદ્ધિ થવી તે ભ્રાંતિ છે-મિથ્યાત્વ છે, હું કોઈનું કલ્યાણ કરું છું ને કોઈ મારું કલ્યાણ કરે છે એવી માન્યતા તે મિથ્યાત્વ છે, આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ છે એને ભૂલીને શરીર તે હું છું-વાણી તે હું છું-મન તે હું છું-શુભાશુભ પરિણામ તે હું છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે; પર વસ્તુમાં આસક્તિ તે અવિરતિ છે, પર વસ્તુમાં પ્રીતિનો અત્યાગભાવ તે અવિરતિ છે; ક્રોધ-માન-માયા-લોભ તે કષાય છે; આત્માના પ્રદેશનું કંપન તે યોગ છે; આ ચાર પ્રકાર કર્મબંધનાં કારણો છે અને તેનો વિશેષ ભેદ તેર પ્રકારનો છે, મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને સયોગીકેવળી (ગુણસ્થાન) સુધીના આસ્રવો પુદ્ગલ કરે છે. આ તેરે ગુણસ્થાનો પુદ્ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે તે

* પ્રત્યયો = કર્મબંધનાં કારણો અર્થાત્ આસ્રવો.

પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

અચેતન છે, તેઓ કર્મ કરે તો ભલે કરે પણ તે કર્મનો કર્તા અને ભોક્તા પણ આત્મા નથી, આત્મા તો અકર્તા છે. કષાય અને યોગના ચાર પ્રકાર છે અને તેના વિશેષ પ્રકાર તેર છે તે તેરે જડ છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત-સંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણ-મોહ, સયોગીકેવળી, તે તેરે ગુણસ્થાન કર્મના નિમિત્તની અપેક્ષા રાખે છે માટે જડ છે. ભગવાન આત્મા તો અખંડ જ્ઞાયકમૂર્તિ છે.

શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે પ્રભુ! કર્મનો કર્તા કોણ છે? શિષ્ય પૂછતો પૂછતો અહીં સુધી આવ્યો છે કે શરીરાદિની ક્રિયા તો આત્મા કરે નહિ પણ સૂક્ષ્મ કર્મોની અવસ્થા પણ આત્મા કરે નહિ, ત્યારે તેને કરે છે કોણ? આચાર્યદેવે એવો ઉત્તર આપ્યો છે કે ચૈતન્યમાં ભેદ પાડવા તે તારું સ્વરૂપ નથી, તું અખંડ જ્ઞાયકમૂર્તિ છો. કર્મો તેર ગુણસ્થાન દ્વારા બંધાય છે તે પણ અલ્પકાળ બંધન રહેશે કારણ કે તે તારું અભેદસ્વરૂપ નથી એવી આચાર્યદેવે સંધિ કરી છે. આચાર્યદેવે કહ્યું છે કે રાજા પ્રજાના ગુણ-દોષનો ખરેખર ઉત્પાદક નથી, તેમ આત્મા ખરેખર કર્મનો ઉત્પાદક નથી તો ખરેખર કર્મનો ઉત્પાદક કોણ છે? ચૈતન્ય રાજાની સાથે કર્મ બંધાય છે એનો કર્તા કોણ છે? એવી તને ઝંખના થઈ છે તો હવે કહીએ છીએ કે તારો આત્મા શુદ્ધ છે, તારા આત્મામાં કાંઈ દોષ નથી એમ પ્રથમ શ્રદ્ધા લાવ! તારો આત્મા અખંડાનંદ છે એમ એકવાર શ્રદ્ધા લાવ! તારા સ્વભાવનો ખરેખર કર્તા તું છો, બીજો કોઈ નથી; પરનો તું કર્તા નથી અને તારો કર્તા બીજો કોઈ નથી; તું તારા અનંતગુણના પિંડ સ્વરૂપ ચૈતન્યસ્વભાવનો કર્તા છો એમ એકવાર યથાર્થપણે તને બેડું તો અલ્પકાળમાં મુક્તિ છે.

ભાઈ! ચૈતન્ય આનંદમાં ભેદ પાડવા તે તારું સ્વરૂપ નથી. આચાર્યદેવ શિષ્યને કહે છે કે તું મિથ્યાત્વ અવસ્થામાં ઊભો છો તોપણ મિથ્યાત્વ તારું સ્વરૂપ નથી, વળી ત્યાર પછીનું શ્રાવકપણું–મુનિપણું વગેરે ભેદો તે તારું ખરેખર અખંડસ્વરૂપ નથી, એવી એકવાર શ્રદ્ધા લાવ! પરમાર્થનું પૂછતો હો તો કહીએ છીએ કે શ્રદ્ધા લાવ!

શિષ્યે ઊછળીને પૂછ્યું છે કે આઠકર્મરજકણનો કર્તા આત્મા નથી ત્યારે તેનો કર્તા છે કોણ? શિષ્યને તે સમજવાની ખટક થઈ છે. આચાર્યદેવ કહે છે કે કર્મનો કર્તા તું નથી, તારું અખંડ સ્વરૂપ કર્મનો કર્તા નથી પણ તેર ગુણસ્થાન કર્મના કર્તા છે. તારા સ્વરૂપમાં ભ્રાંતિ ત્રણકાળમાં નથી; જો ભ્રાંતિ તારા સ્વરૂપમાં હોય તો તે કદી છૂટે નહિ માટે તું તો નિર્વિકલ્પ વીતરાગ છો એમ એકવાર હા તો પાડ! બીજું બધું છોડ! મૂક એકકોર! સત્સમાગમમાં આવીને સમજવાની જેને ધગશ થઈ છે તેને આચાર્યદેવ

સમજાવે છે, તારો જ્ઞાનસ્વભાવ કાંઈ જડ કર્મની અવસ્થા થવામાં નિમિત્ત થાય? આત્મા જાણકશક્તિવાળું તત્ત્વ છે તે પરમાર્થદૃષ્ટિએ-સાચીદૃષ્ટિએ-નિશ્ચયદૃષ્ટિએ જડકર્મને કરતો નથી.

આઠકર્મોની અવસ્થા થવામાં જડ કારણ છે, ચૈતન્ય કારણ નથી. તેર ગુણસ્થાનને અહીં જડ કહ્યા છે અને તે તેર ગુણસ્થાન જડના કર્તા છે એમ કહ્યું છે. વાસ્તવિક દૃષ્ટિની-દ્રવ્યદૃષ્ટિની આ વાત છે. એકકોર ચૈતન્યદળ અને એકકોર જડદળ—એમ બે કટકા કરી નાખ્યા છે, એકકોર રામ અને એકકોર આખું ગામ છે.

ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે; તેના વિશેષો-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે; તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે. હવે, જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે; તેમાં જીવને શું આવ્યું? (કાંઈ જ નહિ.)

ભ્રાંતિ, આશક્તિ, કષાય અને યોગ-તે નવા બંધના સામાન્ય એટલે સંક્ષેપથી હેતુ છે એટલે કે કારણ છે. જડનું કારણ જડ હોય; અહીં વિકારી પરિણામને પણ જડ કહી દીધા છે. હેતુ એટલે નિમિત્ત, નવાં આઠકર્મ બાંધવાનાં સંક્ષેપથી ચાર નિમિત્ત કારણ છે અને વિશેષ પ્રકારે તેર કારણ છે, તેરે ગુણસ્થાન ચૈતન્યનું કર્તવ્ય નથી, જડનું કર્તવ્ય છે એમ અહીં કહ્યું છે.

ગુણસ્થાનની વ્યાખ્યામાં ચૌદે ગુણસ્થાન આવી જાય પણ ચૌદમે ગુણસ્થાને કર્મ બંધાતાં નથી એટલે અહીં તેર ગુણસ્થાન લીધા છે. તે તેર ગુણસ્થાનમાં અનુક્રમે મિથ્યાત્વ-અવ્રત-કષાય અને જોગની અપેક્ષા છે. જે ગુણનો પર્યાય પ્રગટે તે તો ચૈતન્યનો પોતાનો છે પણ તે પર્યાય પૂરતું આખા ચૈતન્યનું સ્વરૂપ નથી. તે પર્યાય ઉપર લક્ષ મૂકતાં રાગ આવે છે, ભેદ પડે છે અને અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકતાં વીતરાગપર્યાય પ્રગટે છે માટે અહીં દ્રવ્યદૃષ્ટિ-અભેદદૃષ્ટિ કરાવવાની વાત છે. અધૂરા પર્યાય સાથે રાગ જોડાયેલો હોય છે તે અપેક્ષાએ ગુણસ્થાનને પણ જડ કહી દીધા છે પણ વાસ્તવિક રીતે કાંઈ ગુણસ્થાનનો પર્યાય જડ નથી, તેરમે સયોગીકેવળી ગુણસ્થાને પણ અધૂરો પર્યાય છે-અકંપપણું પ્રગટ્યું નથી, યોગનું કંપન ઊભું છે તેથી ઉપચારથી સયોગીકેવળી ગુણસ્થાનને જડ કહ્યું છે પરંતુ તે કાંઈ વાસ્તવિક રીતે જડ નથી, તે તો આત્માનો નિર્મળ પર્યાય છે પરંતુ યોગનું કંપન છે તે વિકાર છે, જડ નિમિત્તથી થતો ભાવ પણ જડ છે, વિકાર જડ છે માટે ગુણસ્થાન પણ જડ છે તેમ આચાર્યદેવે કહી દીધું છે,

તેર ગુણસ્થાનના ભંગ કર્મના નિમિત્તથી પડે છે, કર્મ જડ છે માટે તે અપેક્ષાએ ગુણસ્થાનને જડ કહ્યા છે. અધૂરા-પૂરા પર્યાયના ભંગ શુદ્ધદ્રવ્યદૃષ્ટિમાં નથી, શુદ્ધ અખંડ નિરપેક્ષ વસ્તુમાં અધૂરાપણા ને પૂરાપણાની અપેક્ષા લાગુ પડતી નથી, તે બધી અપેક્ષા પર્યાયદૃષ્ટિએ છે. અધૂરા પર્યાય ઉપર લક્ષ મૂકતાં રાગ આવે છે, નીચલી દશામાં અધૂરાં પર્યાય સાથે રાગ હોય છે તેથી ગુણસ્થાન કર્મને કરે છે તેમ કહ્યું છે પણ ખરી રીતે ગુણસ્થાન કર્મને કરતા નથી પરંતુ બાકી રહેલો રાગ છે તે કર્મ બંધાવામાં નિમિત્ત થાય છે, ચૈતન્યનો વિકારી પર્યાય છે, તે પોતાના પુરુષાર્થની મંદતાથી થાય છે, પરંતુ તે ચૈતન્યનો સ્વભાવ નથી. વિપરીત સ્વભાવવાળો ભાવ છે-પર વલણવાળો ભાવ છે, રાગ થવામાં જડનું નિમિત્ત છે તે પોતાનો ભાવ નથી માટે રાગાદિને જડ કહી દીધા છે, અને ગુણસ્થાનના વિકલ્પને એ રીતે જડ કહી દીધા છે; તેરે ગુણસ્થાનના ભંગ કર્મની અપેક્ષાએ પડે છે માટે તેને જડ કહી દીધા છે.

આત્મા નિરાળી વસ્તુ છે, આઠકર્મને બંધાવામાં નિમિત્તપણે પણ તે હાજર નથી, શુદ્ધ દ્રવ્યની અપેક્ષાએ આ વાત છે. શિષ્ય મિથ્યાત્વગુણસ્થાનમાં ઊભો છતાં આચાર્યદેવ કહે છે કે મિથ્યાત્વથી માંડીને તેરે ગુણસ્થાન જડ છે. શિષ્ય મિથ્યાત્વગુણસ્થાનમાં ઊભો છે તોપણ 'તે અવસ્થા જડ છે, તારું શુદ્ધ દ્રવ્ય એનાથી જુદું છે તેમ ભાન કર,' એમ આચાર્યદેવ કહે છે. જાગેલાની આ વાત નથી, હજુ જાગ્યો નથી પણ માત્ર સતની જિજ્ઞાસા થઈ છે કે આત્મા શું છે, તેને સમજાવે છે કે તારો આત્મા પર એવા જડનો નિમિત્તપણે પણ કર્તા નથી પરંતુ તેર ગુથસ્થાન કર્મના કર્તા છે.

જડથી જુદા થવાની જિજ્ઞાસા છે તેને સમજાવે છે કે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ તારા સ્વભાવમાં નથી, તે ક્ષણ પૂરતાં છે, અલ્પકાળ ભલે થાય પણ તું આત્માના સ્વભાવનું ભાન કરીને તેમાં ઠરી જા તો તે ક્ષણમાં ટળી જશે.

આ તેર કર્તાઓ વ્યાપ્ય-વ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને કરે તો ભલે કરે તેમાં જીવને શું આવ્યું? અહીં ગુણસ્થાનની સાથે બાકી રહેલો જે કષાય અને યોગનો પર્યાય છે તે ચૈતન્યની અવસ્થામાં થાય છે પણ તે ચૈતન્યનો સ્વભાવ નથી, જડ તરફનો ભાવ છે તેથી તેને જડ કહી દીધા છે તેથી તેર કર્તાઓ વ્યાપ્ય-વ્યાપકભાવે પુદ્‌ગલકર્મને કરે છે તેમ કહ્યું છે અને તે અત્યંત અચેતન છે એમ આચાર્યદેવે કહ્યું છે. કષાય અને યોગના પરિણામ થવામાં જૂનાં કર્મનું નિમિત્ત છે તેથી જૂનું કર્મ લંબાઈને નવાં કર્મને બાંધે છે, એ રીતે જૂનાં કર્મને અને નવાં કર્મને વ્યાપ્ય-વ્યાપકપણું છે. કષાય અને યોગના નિમિત્તે નવાં કર્મ બંધાય છે અને કષાય ને યોગના પરિણામ થવામાં જૂનાં કર્મનું નિમિત્ત છે; એ રીતે જૂનાં કર્મ અને નવાં કર્મને વ્યાપ્ય-વ્યાપકપણું છે,

જૂનાં કર્મની અવસ્થા જરા લંબાઈને નવાં કર્મ બંધાય છે. જૂનાં કર્મ જરીક લંબાઈને નવાં કર્મ બંધાય તો ભલે બંધાય, પણ તેમાં જીવને શું આવ્યું? કાંઈ જ નહિ, જીવ તો અકર્તા છે.

શિષ્યે જ્ઞાની પાસેથી સાંભળ્યું કે આત્મા પરથી નિરાળો છે, તે કર્મનો કર્તા નથી, તો પછી શિષ્ય પૂછે છે કે આ નવાં કર્મ બંધાય તો છે તેનું કારણ શું છે? શ્રીગુરુ તેને કહે છે કે જૂનું કર્મ જરીક લંબાઈને નવું કર્મ બંધાય છે.

શિષ્યને અંતરમાં જિજ્ઞાસા થઈ છે કે નવાં કર્મ થવામાં આત્માનો હાથ નથી, નવાં કર્મની અવસ્થામાં આત્મા જોડાતો નથી એમ આપ કહો છો તોપછી નવાં કર્મ તો બંધાય છે તેનું શું કરવું? શિષ્યને સમજવાની જિજ્ઞાસા થઈ છે, હજુ ભ્રાંતિ ટળી નથી છતાં સમજવાનો કામી છે તેને શ્રીગુરુ કહે છે કે નવાં કર્મ જે બંધાય છે તે જૂનાં કર્મ લંબાઈને બંધાય છે તે બંધાવામાં કર્મનું કારણ છે, તારું કારણ નથી. આ વાત જેને અંતરથી બેસે છે તેને યથાર્થ રીતે સમજાય છે.

અજ્ઞાની માને છે કે હું નવાં કર્મ થવામાં નિમિત્ત છું પણ જ્ઞાનીની દૃષ્ટિ ફરી જાય છે, પર ઉપર લક્ષ ન કરે-વિકાર ઉપર લક્ષ ન કરે-ખંડ ઉપર લક્ષ ન કરે પણ અખંડ ઉપર લક્ષ કરે તો તેરે ગુણસ્થાન અચેતન છે. તે કર્મને કરે તો ભલે કરે પણ તેમાં તારો હાથ જરાપણ છે નહિ, પુરુષાર્થનું મંદપણું-અધૂરો પર્યાય તે પણ તારા અખંડ-પૂર્ણ સ્વભાવની અપેક્ષાએ પરમાં જાય છે, તે છે ચૈતન્યનો પર્યાય પણ તેમાં કર્મની અપેક્ષા આવે છે માટે તેને પર કહ્યા છે, એકલું આખું-પરિપૂર્ણ ચૈતન્યદળ આચાર્યદેવે કહ્યું છે, ઊણાવિકારીપર્યાયને ગૌણ કરીને જડ કહી દીધો છે, વસ્તુદૃષ્ટિની આ વાત છે. આ ગાથામાં પર્યાયદૃષ્ટિને ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ વાત છે.

ચૈતન્યમાં વિકાર નથી માટે તે જડના ઘરના છે, તું તો અખંડ પૂર્ણ જ્ઞાયક છો તેવી દૃષ્ટિ કર, પછી અલ્પકાળ કર્મ બંધાય તો ભલે બંધાય પણ તેમાં તારી દૃષ્ટિને વાંધો નથી; ચૈતન્યની અખંડ દૃષ્ટિમાં એવું બળ છે કે અલ્પકાળમાં રાગ-દ્વેષનો પર્યાય ટાળીને સ્થિરતા વધારીને ક્રમે ક્રમે મુક્તિનો પર્યાય પ્રગટશે.

આઠ નવાં કર્મને, જરીક લંબાઈને જૂનાં કર્મ કરે તો ભલે કરે એમ આચાર્ય-દેવે કહ્યું છે-તેનો અર્થ એમ ન લેવો કે જૂનાં કર્મ નવાં કર્મને એમ ને એમ કર્યા જ કરે, સંધિ ચાલ્યા જ કરે અને ક્યારે પણ છૂટે નહિ એવી વાત અહીં નથી, અહીં તો બે દ્રવ્ય જુદાં છે એવી દૃષ્ટિ કર તે અપેક્ષાએ વાત છે. બે દ્રવ્ય જુદાંની દૃષ્ટિ કરે તો ક્રમે ક્રમે સ્થિરતા વધારીને કર્મ છૂટી જ જશે.

શિષ્યે પૂછયું છે કે પ્રભુ! આ આઠ કર્મ બંધાય છે તેને કોણ બાંધે છે? આત્મા તો કર્મ બાંધતો નથી એમ આપ કહો છો, પરંતુ આઠ કર્મ બંધાય તો છે? શ્રી ગુરુ કહે છે કે જો ભાઈ! તેર ગુણસ્થાન અત્યંત અચેતન-જડ છે, તે ગુણસ્થાનમાં જે કષાય અને યોગ રહેલા છે તે વિકારી પર્યાય છે તેમાં જૂનાં કર્મનું નિમિત્ત છે માટે તે જુનાં કર્મ નવાં કર્મને કરે છે. ગુણસ્થાનના ભંગ પડવામાં કર્મની અપેક્ષા છે, તે આત્માનું પરિપૂર્ણ અખંડ સ્વરૂપ નથી, તે ગુણસ્થાનના પર્યાય ખંડવાળો છે, તેના ઉપર લક્ષ મૂકતાં રાગ આવે છે, તેના ભંગ પડવામાં કર્મના સદ્‌ભાવ અને અભાવની અપેક્ષા છે, કર્મ જડ છે માટે તેના નિમિત્તે પડતા ગુણસ્થાન ભંગ તે પણ જડ છે. તે તેર ગુણ-સ્થાનની સાથે રહેલા જે કષાય ને યોગ તે કર્મને બાંધે છે, એ રીતે તે તેર ગુણસ્થાન કર્મના કર્તા છે, કષાય અને યોગમાં જૂનાં કર્મનું નિમિત્ત છે માટે જૂનું કર્મ લંબાઈને નવું કર્મ બંધાય છે.

હે શિષ્ય! તું તારા જ્ઞાનસ્વભાવ ઉપર લક્ષ રાખ, તે તારા હાથની વાત છે, તારો સ્વભાવ કર્મના સંયોગથી પર, ભ્રાંતિથી પર, અવ્રતથી પર, કષાયથી પર, યોગથી પર, એવા તારા દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂક તો તેર ગુણસ્થાનનો વિકાર-ભેદ જડ છે, તારા અખંડ સ્વભાવને લક્ષમાં લે તો નિમિત્તપણે પણ તું કર્તા નથી એમ સાબિત થયું, જડની અવસ્થા આત્મા ન કરે અને આત્માની અવસ્થા જડ ન કરે, ખરેખર તે તેર ભેદ જડ છે તે તેર વિકારભેદનું કર્તાપણું છોડાવવા આમ વાત કરી છે; એમ નથી કહેવું કે ભલે, તે તેર પ્રકારના વિકાર તારામાં થયા કરે ને તારા પર્યાયમાં કાંઈ વાંધો નથી, એવો આશય નથી. અહીં દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે, છતાં પણ અવસ્થામાં જે વિકાર થાય છે, અવસ્થા અધૂરી છે તે લક્ષમાં રાખજે, તે લક્ષ જો ન હોય તો દ્રવ્યદૃષ્ટિ પણ ખોટી છે દૃષ્ટિ સાથે ઊણા-વિકારી પર્યાયનું જ્ઞાન પણ હોય છે, જો જ્ઞાન હોય તો જ દૃષ્ટિ સાચી છે.

હવે અહીં આ તર્ક છે કે "પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે."

શિષ્ય પૂછે છે કે ભગવન્! આત્મા જો મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનને કરતો નથી તો પછી આ મિથ્યાત્વાદિ, હર્ષ-શોક વગેરે ભાવનું ભોક્તાપણું દેખાય છે તેનું શું?

શિષ્ય જિજ્ઞાસુ થઈને પૂછે છે, સમજવાનો આકાંક્ષી થઈ પૂછે છે કે જો તે ભાવોનો આત્મા કર્તા નથી તો તેના વેદનમાં શાંતિ આવવી જોઈએને? કર્તાપણાનો ભાવ છૂટી ગયો તો ભોક્તાપણાના વેદનમાં શાંતિ હોવી જોઈએને? પહેલો પ્રશ્ન શિષ્યનો કર્તાપણાનો હતો એટલે કે પરનો અકર્તા થવાનો હતો, સ્વભાવનો કર્તા થવાનો હતો; હવે આ બીજો પ્રશ્ન ભોક્તાપણાનો છે એટલે કે પરભાવનું ભોક્તાપણું છૂટીને

સ્વભાવનું વેદન કરવા તરફનો છે તેથી પૂછે છે કે આઠ કર્મના બંધનમાં નિમિત્તરૂપ હાજરી પણ આત્માની નથી તો તો આત્માને શાંતિનું વેદન હોવું જોઈએ. આ અજ્ઞાનીનો તર્ક છે પણ સત્ તરફ ઢળવા માટેનો છે; શિષ્ય કહે છે કે પ્રભુ! તે મિથ્યાત્વાદિ ભાવો જડ કહ્યા તો તે ભાવોનું વેદન તો આત્માને થાય છે. જો જડ હોય તો આત્માને વેદાય કેમ? જો હું વિકારપણે, મિ[illegible]પણે, રાગ-દ્વેષની અવસ્થાપણે થનાર ન હોઉં તો આ જે વિકારનું વેદન મારી અવસ્થામાં થાય છે તે શું છે? ભોક્તાના ભાવને કોણ કરે છે?

શ્રી ગુરુ કહે છે કે હે ભાઈ! તારો આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી તો પછી પુદ્ગલકર્મનો કર્તા તો હોય જ કયાંથી? હે ભાઈ! તને જુદું પાડતાં આવડતું નથી એટલે મિથ્યાત્વાદિ ભાવને હું વેદું છું એમ તને લાગે છે તે તારો અવિવેક છે, આત્મા ખરેખર ભોક્તા નથી પણ અજ્ઞાનતાથી તને ભોક્તા લાગે છે; આત્મા ખરેખર કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. હર્ષ-શોકના ભાવનું વેદવાપણું આત્માના સ્વભાવમાં નથી કારણ કે ભાવ્ય જે વિકાર તેનો સ્વભાવમાં અભાવ છે, વિકારી ભાવનું વેદન સ્વભાવમાં નથી તો પછી ભોક્તાપણું કયાંથી હોય? અહીં વસ્તુ-દૃષ્ટિની વાત છે; અવસ્થાદૃષ્ટિથી અજ્ઞાનપણે કરે ને ભોગવે તેની વાત આ ગાથામાં કાઢી નાખી છે. પર તરફના વલણવાળો ભ્રાંતિનો ભાવ અને રાગ-દ્વેષનો ભાવ તે બધા ભાવો દ્રવ્યદૃષ્ટિએ આત્મામાં નથી, દ્રવ્યદૃષ્ટિએ આત્મા તેનો કર્તા-ભોક્તા નથી પણ અજ્ઞાન અવસ્થાએ કર્તાપણું ને ભોક્તાપણું માન્યું છે કે પરને હું કરું છું ને પરને હું ભોગવું છું, હર્ષ-શોકને હું કરું છું ને હર્ષ શોક ને હું ભોગવું છું પણ જ્ઞાનઅવસ્થા થતાં વિકારીભાવોનું કર્તાપણું અને ભોક્તાપણું છૂટી જાય છે.

શિષ્યે પૂછયું હતું કે આ હર્ષ-શોકનું વેદન થાય છે તેનું શું સમજવું? તેનો શ્રીગુરુએ જવાબ આપ્યો કે ભોક્તાપણું અજ્ઞાનથી ભાસે છે પણ ખરી રીતે આત્મા ભોક્તા નથી તો કર્તા તો હોય જ કયાંથી? ભાવ્ય-ભાવક ભાવનો અભાવ હોવાથી દ્રવ્યસ્વભાવ પરનો ભોક્તા નથી, જ્ઞાનઅવસ્થા થતાં પરના ભોક્તાપણાની બુદ્ધિ છૂટી જાય છે પછી અલ્પ અસ્થિરતા બાકી રહે છે તેને અહીં ગણી નથી.

પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ 'ગુણ-સ્થાન' શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે) તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્ગલકર્મોનો અકર્તા છે, 'ગુણસ્થાન' જ તેમના કર્તા

છે; અને તે 'ગુણસ્થાન' તો પુદ્‌ગલદ્રવ્ય જ છે; તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.

મોહ અને જોગના કારણે ગુણસ્થાનના ચૌદ પ્રકાર પડે છે તે આત્માનું અખંડ સ્વરૂપ નથી, મોહ અને જોગ તે વિકારી પર્યાય છે, આત્માનો સ્વભાવ નથી; પોતાના પુરુષાર્થની મંદતાએ પર વલણવાળો ભાવ છે માટે તે પરનો છે, જડનો છે તેથી તેનો કર્તા જડ છે, મોહ અને જોગથી કર્મ બંધાય છે અને તે મોહ ને જોગ જડના નિમિત્ત થાય છે માટે તેને જડ કહ્યા. એ રીતે જડ કર્મનો કર્તા જડ છે; જુનું કર્મ જરા લંબાઈને નવું કર્મ બંધાય છે, પુરુષાર્થની મંદતા વગેરે પર્યાય કર્મની અપેક્ષા રાખે છે માટે તે આત્માનું અખંડ સ્વરૂપ નથી, છે તો ચૈતન્યનો પર્યાય પણ કર્મની અપેક્ષા રાખે છે માટે તેને પર કહી દીધું છે. એકકોર આખું શુદ્ધ ચૈતન્યદળ અને એકકોર આખું પુદ્‌ગલનું દળ એમ બે ભાગલા કરી નાખ્યા છે; ગુણસ્થાનના પ્રકાર, ભંગ-ભેદ તે બધા અખંડ ચૈતન્યસ્વરૂપમાં નથી, પર અપેક્ષિત દૃષ્ટિએ—પર્યાયદૃષ્ટિએ—ભંગદૃષ્ટિએ ગુણસ્થાનના પ્રકાર ચૈતન્યના પર્યાયમાં છે ખરા, પણ અખંડ પરિપૂર્ણ વસ્તુદૃષ્ટિ તેને સ્વીકારતી નથી. અખંડ પરિપૂર્ણ વસ્તુમાં વાસ્તવિક રીતે અધૂરાપણું જો હોય તો વસ્તુનું પરિપૂર્ણ વસ્તુત્વ સિદ્ધ થતું નથી. પર્યાયદૃષ્ટિએ અધૂરાપણાના ને પૂરાપણાના ભંગ છે ખરા, પણ નિરપેક્ષદૃષ્ટિ તેને સ્વીકારતી નથી. એકમાં તેર પ્રકાર તે પર્યાયદૃષ્ટિએ છે, અભંગદૃષ્ટિમાં ભંગદૃષ્ટિ ગૌણ છે. વિકારીભાવનો હું કર્તા–ભોક્તા નથી એ વાત જેને બેઠી તેને ભવ રહે નહિ, પછી અલ્પ અસ્થિરતા રહે છે પણ તે ખરી જાય છે, ક્રમે ક્રમે સ્થિરતા વધારીને અલ્પભવમાં મુક્તિ લેશે. આ વાત જેને રુચિ—બેઠી તેને કર્મનું કર્તાપણું છૂટી જાય છે અને તેથી કર્મનું બંધાવાપણું પણ છૂટી જાય છે, અને પોતે જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્ર વધારીને મુક્તિનો પર્યાય પ્રગટ કરે છે. જેને આ વાત બેસતી નથી તેને કર્મનું કર્તાપણું છૂટતું નથી અને તેથી કર્મનું બંધન પણ તેને ઊભું રહે છે.

૨૦૦૦, કારતક વદ ૩ રવિ.

શાસ્ત્રમાં પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે. ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે અર્થાત્ પુદ્‌ગલકર્મના કર્તા છે. વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા (-કરનારું) છે; જીવ કર્તા નથી. જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.

અહીં શુદ્ધદૃષ્ટિને લક્ષમાં લઈને વાત કરી છે. કર્મના નિમિત્તે જેટલા ભંગ-

ભેદ પડે તે આત્માના નથી એવી અંતર અભેદદૃષ્ટિથી અહીં વાત લીધી છે, આવી અભેદદૃષ્ટિનું જ્ઞાન કરી, શ્રદ્ધા કરી અને ઠરવું તે મુક્તિનો ઉપાય છે. પર્યાયદૃષ્ટિથી ગુણસ્થાનો આત્માના પર્યાયમાં થાય છે, પરંતુ દ્રવ્યદૃષ્ટિથી કર્મના નિમિત્તે થતા ભંગ બધા કર્મના છે એમ કહ્યું છે. ૧૦૯-૧૧૨.

વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છે:—

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो ।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं ॥ ११३ ॥

एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो ।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं ॥ ११४ ॥

अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा ।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं ॥ ११५ ॥

અર્થ:—જેમ જીવ ને ઉપયોગ અનન્ય અર્થાત્ એકરૂપ છે તેમ જો ક્રોધ પણ અનન્ય હોય તો એ રીતે જીવને અને અજીવને અનન્યપણું આવી પડયું. એમ થતાં, આ જગતમાં જે જીવ છે તે જ નિયમથી તેવી જ રીતે અજીવ ઠર્યો; (બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો;) પ્રત્યય, નોકર્મ અને કર્મના એકપણામાં અર્થાત્ અનન્યપણામાં પણ આ જ દોષ આવે છે. હવે જો (આ દોષના ભયથી) તારા મતમાં ક્રોધ અન્ય છે અને ઉપયોગસ્વરૂપ આત્મા અન્ય છે, તો જેમ ક્રોધ તેમ પ્રત્યયો, કર્મ અને નોકર્મ પણ આત્માથી અન્ય જ છે.

---

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.
તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.
જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

જેમ જીવનો ઉપયોગ જીવ સાથે અનન્ય એટલે એકરૂપ છે, જીવ અને તેનો જ્ઞાનસ્વભાવ તન્મયરૂપે એકસ્વભાવે એકાકાર છે તેવી રીતે ક્રોધ-માન-માયા-હર્ષ--શોક વગેરે વિકારીભાવો પણ જો જીવની સાથે અનન્ય એટલે કે એકરૂપે હોય તો આત્મા અને જડ પુદ્‌ગલો બન્ને એક થઈ ગયા. જ્ઞાનસ્વભાવ જેવી રીતે આત્માનો છે તેવી જ રીતે ક્રોધાદિભાવો પણ હોય તો જ્ઞાનસ્વભાવ જેમ આત્માથી છૂટે નહિ તેમ ક્રોધાદિભાવો પણ આત્માથી છૂટે નહિ; તેવી રીતે પ્રત્યય એટલે આસ્રવ, અને નોકર્મ એટલે શરીરાદિક અને આઠ પ્રકારનાં દ્રવ્યકર્મ, તે બધાં પણ જ્ઞાનસ્વભાવ જેવાં જો અનન્ય એટલે એકરૂપ હોય તો તેઓ પણ કદી આત્માથી છૂટે નહિ, માટે જેમ ક્રોધાદિભાવો આત્માથી જુદા છે તેમ કર્મ-નોકર્મ-પ્રત્યય વગેરે આત્માથી જુદા છે એમ જાણવું.

જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે (-એમ જો માનવામાં આવે) તો ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે. એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,—એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.

આત્મા જાણવા-દેખવાના સ્વરૂપથી અનન્ય છે તેવી રીતે જો ક્રોધ પણ આત્માથી અનન્ય હોય તો જીવને જડપણું ઠર્યું. ક્રોધાદિ વિકાર થાય છે ચૈતન્યના પરિણામમાં, પણ તે જડના નિમિત્ત થાય છે માટે જડ છે તેમ અહીં કહ્યું છે. ક્રોધને જો આત્મા સાથે અનન્યપણું માને તો વિકારીભાવ અને અવિકારીભાવ બે એક થઈ જાય, ક્રોધ ક્ષણિક-એક સમય પૂરતો છે ને આત્મા ત્રિકાળી છે, ત્રિકાળી આત્મા એક સમય પૂરતા વિકારીભાવરૂપે થતો નથી. જો ક્રોધ વખતે ક્રોધ જ થઈ જાય, માન વખતે માનરૂપ જ થઈ જાય, શુભભાવ વખતે શુભભાવરૂપે જ થઈ જાય, અશુભ ભાવ વખતે અશુભભાવરૂપ જ થઈ જાય તો આત્મા જડ થઈ જાય.

વિકારી ભાવ ચૈતન્યનો પર્યાય છે પણ તે આત્માનો સ્વભાવભાવ નથી, જડ નિમિત્તે થતો ભાવ છે માટે જડ છે. જો તે વિકારીભાવોરૂપ જ આત્મા થઈ જાય તો આત્મા પણ જડ થઈ જાય, પરંતુ તેમ બનતું નથી. અજ્ઞાનીને ક્રોધ વખતે જાગૃતિ નથી રહેતી તે અપેક્ષાએ તે જડ છે, ક્રોધ વખતે આત્માની જાગૃતિ હણાય છે તે અપેક્ષાએ અજ્ઞાનીને જડ કહ્યો છે પણ ખરી રીતે અજ્ઞાની જડ થઈ જતો નથી.

આત્મા તો વિશાળ જાગૃતિ સ્વરૂપે છે, જાગતી જ્યોત છે, ક્રોધ તે જાગૃતિને રોકે છે. જો ક્રોધ જેટલો જ આત્મા થઈ જાય તો જાગૃતિ અને અજાગૃતિ બન્ને એક થઈ જાય,

એક થઈ જાય તે જુદા પડે કઈ રીતે? ક્રોધ, માન, માયા, લોભ તે જાગૃતિને રોકનાર છે ને ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા જાગૃતિનો વિકાસ કરનાર છે.

લોકો કહે છે કે આ તો તમે ઊંચી ઊંચી પૂર્ણિમા જેવી વાતો કરો છો. અરે ભાઈ! વસ્તુસ્થિતિની તને ખબર નથી, સતનું તેં શ્રવણ કર્યું નથી, અને આગ્રહમાં પકડાઈ ગયો છે તેથી ઊંચી ઊંચી પૂર્ણિમા જેવી વાત લાગે, બાકી આ તો બીજની વાત થાય છે, પૂર્ણિમાની વાત નથી. પૂર્ણતાની વાત હોય તો એમાં તો જાણી-માનીને ઠરવાનું આવે. જાણવા, માનવાની વાત તે બીજની વાત છે અને ઠરવાની વાત તે પૂર્ણિમાની વાત છે.

આત્મામાં પુણ્ય-પાપના ભાવો નથી પણ આત્મા તો નિર્વિકારી પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપે છે એવી જે અખંડ દૃષ્ટિ તે નિશ્ચયનય અને અવસ્થામાં પુણ્ય-પાપના ભાવો થાય છે એવું જે જ્ઞાન તે વ્યવહારનય.

ઊંધા લાકડાં જીવોને અનાદિથી પકડાઈ ગયાં હોય છે તેથી તે કહે છે કે વ્યવહારથી નિશ્ચય ઊઘડે પણ તે વાત તદ્દન ખોટી જ છે. શુભભાવ તો વ્યવહાર છે અને શુભ-ભાવ એટલે વિકારીભાવ તેનાથી અવિકારી આત્મા ઊઘડે? કદી ન ઊઘડે, વ્યવહારનો નાશ કરવાથી નિશ્ચય સ્વભાવ ઊઘડે; વ્યવહાર એટલે વિકારી ભાવ; તે વિકારીભાવનો નાશ કરવાથી અવિકારી ભાવ ઊઘડે; વિકારીભાવ તે વ્યવહાર અને તેને જાણવો તે વ્યવહારનય; વ્યવહારનયના ઘણા ભંગ છે.

આત્માના ખરેખરા સ્વભાવની વાત સાંભળતાં (સત્ સ્વરૂપની વાત સાંભળતાં) અરુચિ થાય તો તે અનંતાનુબંધી ક્રોધ છે, આ વાત સાંભળતાં એમ થાય કે અરર! આવી વાત, આવી લૂખેલૂખી વાત, કોરે કોરી વાત, એવી અરુચિ થાય તે અનંતા-નુબંધી ક્રોધ છે, આત્મા પરથી નિરાળો છે તે વાત અજ્ઞાનીને કોરે કોરી લાગે છે પણ અરે ભાઈ! તે વાત કોરી નથી પણ ખરેખરી રસિક છે, આત્માના જિજ્ઞાસુઓને, હિતના વાંછકોને આ વાત બહુ રસિક લાગે છે; તેને તો નિરાળા સ્વરૂપની વાત તરફ જ ઉત્કંઠા રહે છે, તેમાં જ તેને હોંશ અને ઉમંગ આવે છે.

પરથી નિરાળી નિરપેક્ષ વસ્તુ પોતે પોતામાં છે, બાહ્યમાં ક્યાંય નથી, શરીરમાં નથી, વિકારમાં નથી; વ્યવહારમાં નિશ્ચય નથી, લોકો વ્યવહાર વ્યવહાર કરી રહ્યા છે પણ ચૈતન્યનો વ્યવહાર ચૈતન્યમાં હોય કે જડમાં હોય? ચૈતન્યમાં જ હોય. વ્યવહાર-નય તો એને કહેવાય કે અખંડ દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કર્યા પછી, પ્રતીતિમાં લીધા પછી અલ્પ વિકારી અવસ્થા બાકી રહે છે તેને જાણી લેવું તે વ્યવહારનય.

આત્માનો નિર્મળ આનંદરૂપ પર્યાય તે આત્મદ્રવ્યમાંથી જ પ્રગટે છે, આત્મા અને આત્માનો પર્યાય બન્ને અભેદ છે, માટે નિર્મળ પર્યાય પ્રગટવાનો આધાર દ્રવ્ય પોતે છે પણ પર વસ્તુ કોઈ તેનો આધાર નથી.

જે એમ માને છે કે બહારથી હું કાંઈ કરું તો ધર્મ પ્રગટે એનો અર્થ એમ થયો કે હું તો એક નમાલી ચીજ છું, મારામાં તો કાંઈ માલ જ નથી, પર વસ્તુ હોય તો મારો પર્યાય પ્રગટે એમ માનનારને આત્મા પ્રત્યે અણગમો છે તે અનંતાનુબંધી ક્રોધ છે, અનંત સંસારમાં રખડવાનો ભાવ હજી તેને ઊભો છે.

આત્મા તો ચિદ્રૂપ છે, જાણવા-દેખવાના સ્વભાવવાળો છે તેને ક્રોધ સાથે અનન્યપણું માનતા ચિદ્રૂપને ક્રોધપણું આવી પડે, વિકારપણું આવી પડે માટે ક્રોધરૂપ વિકારીભાવ અને ચિદ્રૂપપણું તે બન્ને જુદે જુદાં છે.

આત્મામાં ક્રોધ નથી, માન નથી, વિકાર નથી, એમ ગોખ્યા કરે અને બોલ્યા કરે તો લાભ થાય? ન જ થાય. પણ ચિદ્રૂપ આત્માનું જેવું સ્વરૂપ છે તેવું જાણે, પ્રતીત કરે અને અનુભવ કરે તો લાભ થાય; નીચલી ભૂમિકામાં શુભ પરિણામ આવે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ બહુમાન આવે, પૂજા કરે, ભક્તિ કરે, સ્વાધ્યાય કરે પરંતુ તે સમજે કે આ બધાં નિમિત્તો વગરનું મારું સ્વરૂપ છે; તેવું જ્ઞાન હોય તો દેવ, ગુરુ, શાસ્ત્રને નિમિત્તરૂપ કહેવાય, એવા નિરાળા આત્માનું જ્ઞાન હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્તરૂપ કહેવાય; પોતે પોતાના પુરુષાર્થથી સમજે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્રથી જ મને લાભ થશે, ધર્મ થશે એમ માને તો તેને દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપ પણ નથી, નિમિત્તને નિમિત્તરૂપે સ્વીકારે તો નિમિત્ત થયું કહેવાય પણ નિમિત્તને ઉપાદાનરૂપે જ સ્વીકારે તો નિમિત્ત પોતે જ ઉપાદાન થઈ ગયું, નિમિત્ત ક્યાં રહ્યું?

દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણવાળો ભાવ તે શુભભાવ છે, તે શુભભાવ સમ્યગ્જ્ઞાન ન થાય પણ શુભભાવનો નકાર કરવાથી સમ્યગ્જ્ઞાન થાય.

અહીં સાચી દૃષ્ટિનું વર્ણન કર્યું છે, સાચી દૃષ્ટિ થયા પછી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં જોડાયા વિના જીવ રહે નહિ, સાચી દૃષ્ટિ થયા પછી અશુભ રાગ ટાળવા શુભ રાગમાં જીવ જોડાય છે. દયા-પૂજા-ભક્તિ વગેરેના શુભપરિણામ તેને આવ્યા વગર રહેશે નહિ; દૃષ્ટિ થયા પછી તે શુભપરિણામથી ધર્મ થશે તેમ ન માને, જો તેમ માને તો તો પછી ઊંધી દૃષ્ટિ અને સવળી દૃષ્ટિમાં શું ફેર પડયો? માટે દૃષ્ટિ પછી શુભ-ભાવ આવે પણ તેનાથી લાભ ન માને. સમ્યગ્દર્શન પછી સ્થિરતામાં આગળ વધતાં

વ્રતાદિના પરિણામ પણ આવે, મહાવ્રતના શુભભાવ પણ આવે પરંતુ તેનાથી ધર્મ ન માને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિર્મળ શુદ્ધપર્યાય જેટલે જેટલે અંશે પ્રગટે તેને જ ધર્મ માને, શુભભાવ તો વિકારીભાવ છે તેનાથી પુણ્યબંધ થાય પણ ધર્મ ન માને; વ્રત અને મહાવ્રત આદિ શુભપરિણામને વ્યવહારથી આદરણીય માને પણ નિશ્ચયથી નહિ.

અનાદિકાળથી સ્વભાવની અરુચિ હોવાથી આ વાત સાંભળતાં અજ્ઞાનીને એમ લાગે છે કે અરર! અમારું બધું ઉડાડી નાંખે છે, પણ અરે ભાઈ! આમાં તો આખો ચૈતન્યસ્વભાવ કહેવાય છે, અનંતું કરવાનું કહેવાય છે. ચૈતન્યસ્વભાવની ઓળખાણ કરતાં અનંતો પુરુષાર્થ કરવાનો રહે છે. શું ધર્મ કાંઈ બહાર કૂદવાથી પ્રગટતો હશે કે અંતર્દૃષ્ટિ મૂકતાં પ્રગટતો હશે? પણ અજ્ઞાનીને તો એમ જ થઈ ગયું છે કે હું જાણે અનંત ગુણનો પિંડ આત્મા જ નથી! અને મારો આધાર જાણે કેમ કોઈ બીજો પદાર્થ હોય! એવું થઈ પડયું છે; જ્ઞાની તો સમજે છે કે મારો આધાર હું પોતે જ છું, મારા આધાર સિવાય બીજાથી મને ધર્મ થાય જ નહિ. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિમાં અનંતગુણો આંતરો અંતરમાં હોય છે, બહારની ક્રિયા કદાચિત્ સરખી દેખાય પરંતુ અંતરમાં તદ્દન તફાવત હોય છે.

આત્માનું અનંત સ્વાવલંબી સ્વરૂપ છે તેને સાંભળતાં એમ થાય કે આ તો નિશ્ચયાભાસ છે, તેવી અરુચિ થાય તો તે અનંતાનુબંધી ક્રોધ છે. આત્માએ જો પોતે પોતાના સ્વભાવનું ખૂન કર્યું હોય તો આ ભાવથી જ ખૂન કર્યું છે. નિશ્ચય એટલે ખરેખર; એવા ખરેખરા સ્વભાવની અરુચિ થઈ તેથી "કેવળી આગળ રહી ગયો કોરો."

નિશ્ચયાભાસનું સ્વરૂપ શુષ્કતામાં જાય છે, પણ જે યથાર્થ સ્વાવલંબી નિશ્ચય સ્વરૂપને સમજ્યો છે તેને નિર્મળ પર્યાય વધતો જાય છે. જ્યાંસુધી અધૂરો છે ત્યાંસુધી અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં જોડાય છે; પરિપૂર્ણ સ્વાવલંબી તત્ત્વ ઉપર દૃષ્ટિ રાખીને પુરુષાર્થ કરતો શુદ્ધ નિર્મળ પર્યાયને વધારતો જાય છે. નિશ્ચય એટલે ખરેખર; એવા ખરેખરા સ્વભાવને જેણે જાણ્યો તેનું અંતર પરિણમન પલટો ખાઈ જાય છે. નિશ્ચયાભાસી શુદ્ધ સ્વરૂપની વાતો કર્યા કરે છે પણ શુદ્ધ સ્વરૂપ ઉપર દૃષ્ટિ નથી, નિર્મળ પર્યાયને વધારવાનો પુરુષાર્થ નથી. અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં જોડાવાનો જેનો પ્રયત્ન નથી તે નિશ્ચયાભાસી છે. જેણે યથાર્થ સ્વરૂપ જાણ્યું છે તેનું અંતરંગ આખું ઊથલપાથલ થઈ જાય છે.

ક્રોધ તે આત્મા છે એમ થઈ જતાં આત્મા જુદો રહેતો નથી. ક્રોધ પોતે જ

આત્મા થઈ ગયો, તેથી તેવી માન્યતામાં આત્મા જડ છે એમ થયું. જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યયો, કર્મ ને નોકર્મ-શરીરાદિ તે પણ બધાં જડ છે.

વિકાર મારામાં નથી એમ જણાવતાં વિકાર ભલે થયા કરે એમ કહેવાનું નથી પણ 'હું નિરપેક્ષ વસ્તુ અનાદિ અનંત છું; સ્વાધીન છું-શુદ્ધ છું' એમ પ્રતીત થઈ ત્યાં વિકારનો આદર રહેશે નહિ; જ્યાં વિકાર ભાવનો આદર નથી ત્યાં પછી રાગ-દ્વેષરૂપ વિકારભાવ વધશે કે ઘટશે? ઘટે જ, વધે નહિ; આત્માના અવિકારી સ્વભાવનો આદર થયો તેનો સ્વભાવપર્યાય વધવાનો, જે તરફનો આદર થાય તે તરફનો પુરુષાર્થ વળે અને પર્યાય વધે જ; જેણે પોતાને પરથી જુદો માન્યો અને જાણ્યો તેને વિકાર ટાળવાનું જ જોર આવે પરંતુ જેણે વિકારભાવને પોતાનો માન્યો છે, વિકારનો અને નિર્મળ આત્માનો જુદો ભેદ જાણ્યો નથી તેને વિકારભાવ ટાળવાનું અને સ્વભાવપર્યાય વધારવાનું જોર આવશે ક્યાંથી? શેમાં ઊભો રહીને વિકારભાવને ટાળશે? સ્વભાવની અસ્તિમાં રહીને વિકારભાવની નાસ્તિ કરી શકાય, પણ વિકારમાં ઊભા રહીને વિકારને શી રીતે ટાળી શકાય?

ક્રોધ તે પણ અન્ય છે, જો એમ છે તો રાગ-દ્વેષ, હર્ષ-શોક, રતિ-અરતિ, તે ભાવો પણ આત્માના નથી અને પ્રત્યયો, કર્મ, નોકર્મ, તે પણ બધાં અન્ય છે, આત્મામાં નથી, કારણ કે તેમના જડપણામાં ફેર નથી, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ આત્માથી અન્ય છે.

સતને ખોટું કોણ કહે? અસત્ય (-અસત્ દૃષ્ટિવાળો); પણ સતને સત્ તો ખોટું કહે નહિ, કેવળજ્ઞાની પણ સતને ખોટું ન કહે, સત્ તે સતને સાચું જ કહે પણ અસત્ય જેના હૃદયમાં છે તે સતને ખોટું કહે; સત્ય વાત બેસે નહિ એટલે ખળભળાટ થઈ જાય. કોઈને એમ થાય કે એકલો નિશ્ચય જ આવે છે પણ આમાં એકલો નિશ્ચય ક્યાં આવ્યો? શું, આ બધો વ્યવહાર નથી? ભેદ પાડીને સમજે તે વ્યવહાર નથી? વિકલ્પ થાય, રાગ-દ્વેષ થાય, તે બધાનું જ્ઞાન કરવું તે બધો વ્યવહાર જ છે, નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ જાણવો, હેય-ઉપાદેયનું સ્વરૂપ જાણવું, સાધ્ય-સાધકભાવ જાણવો, તે બધો વ્યવહાર જ છે.

નિશ્ચય એટલે યથાર્થ, વ્યવહાર એટલે આરોપ. આરોપ તે અણારોપ થઈ શકે નહિ. રાગ-દ્વેષના ભાવ જડ છે એમ કહેતાં લોકો થરથરી ઊઠે છે પણ ચૈતન્યના સ્વભાવમાં રાગ-દ્વેષ નથી તે અપેક્ષાએ તે જડ કહેવાય છે; પરંતુ રાગ-દ્વેષના ભાવ કાંઈ જડ કર્મ કરાવી દેતું નથી, પોતે ઊંધા પુરુષાર્થમાં જોડાય છે ત્યારે રાગ-દ્વેષ થાય

છે, પોતાના પર્યાયમાં થાય છે તે અપેક્ષાએ વ્યવહારથી ચૈતન્યના પણ કહેવાય; રાગ-દ્વેષ મારા છે, મારા છે, હું કરું છું, હું કરું છું, એવી બુદ્ધિ તો અનાદિથી જીવોની છે જ, માટે તે બુદ્ધિ છોડાવવા અને દ્રવ્યસ્વભાવ તરફ દૃષ્ટિ કરાવવા દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી અહીં વાત કરી છે; દ્રવ્યદૃષ્ટિ થયા વિના ભવનો અભાવ થાય તેમ નથી. દ્રવ્યસ્વભાવમાં રાગ-દ્વેષ નથી માટે 'નથી' એમ જ બતાવે ... 'નથી' એને 'છે' બતાવે? માટે જેવો વસ્તુનો સ્વભાવ છે તેવું સ્વરૂપ સાંભળતાં જેને તણતણાટ થાય તે આત્માની વાત સાંભળવાને લાયક નથી.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ વિકારી ભાવ છે-બંધભાવ છે, જડભાવ છે એવી વાત સાંભળતાં માણસોને થરથરાટ છૂટે છે, પણ ભાઈ! જરા ઊભો તો રહે! સાંભળ તો ખરો! શું ગુણ વડે બંધ થાય? જો ગુણ વડે બંધ થાય તો તે છૂટે ક્યારે? માટે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ વિકારી ભાવ છે. એકવાર દૃષ્ટિનો વિષય જે આખું ચૈતન્યદળ છે, તેને દૃષ્ટિમાં લાવ તો ખરો! તે આખા ચૈતન્યદળને દૃષ્ટિમાં લીધા વિના અંદરથી તું શું પ્રગટાવીશ! તું ક્યાં જઈશ!

તીર્થંકરગોત્ર કોને બંધાય? રાગનો એક અંશ પણ આદરણીય નથી એમ માન્યતા થયા પછી જ્ઞાની હજુ વીતરાગ થયો નથી તેથી પ્રશસ્ત રાગ આવી જાય છે પરંતુ રાગનો અંશમાત્ર પણ આદરણીય માન્યો નથી તોપણ અધૂરાશને કારણે ઊંચી જાતનો પ્રશસ્ત રાગ આવી જતાં તીર્થંકરગોત્રનો બંધ થાય છે આવા જ્ઞાનીને તીર્થંકર-ગોત્ર બંધાય છે અજ્ઞાનીને તીર્થંકરગોત્ર બંધાય એવો પ્રશસ્ત રાગ આવે નહિ કારણ કે તેણે પરથી જુદો નિરાળો સ્વતંત્ર આત્મા જાણ્યો નથી અને રાગને આદરણીય માન્યો છે તેથી તેને તીર્થંકરગોત્રનો બંધ ન થાય પરંતુ જ્ઞાનીને જ તીર્થંકરગોત્રનો બંધ થાય.

તીર્થંકરગોત્ર બંધાવાનો ઊંચો પ્રશસ્ત ભાવ પણ જડભાવ છે. કોઈ કહેશે કે અરે! એવા ઊંચા શુભભાવને જડભાવ કહેવાય? પણ જે ભાવ ચૈતન્યની જાગૃતિને રોકે તેને જડ ન કહેવો ત્યારે કહેવો શું? ચૈતન્યની જાગૃતિને રોકે તે સ્વભાવભાવ ન હોય પણ વિરુદ્ધ જાતવાળો વિકારીભાવ જ હોય અને વિકારીભાવ દ્રવ્યદૃષ્ટિએ જડ જ છે.

કોઈ કહેશે કે આવી વાતમાં ભક્તિ પણ ઊડી જશે. અરે ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, પ્રભાવના વગેરેના શુભભાવ જેવા જ્ઞાનીને થાય એવા અજ્ઞાનીને થાય જ નહિ.

તીર્થંકરપદ, ચક્રવર્તીપદ, બળદેવપદ, તે પદ બધાં સમ્યગ્દૃષ્ટિ જીવોને જ બંધાય છે, કારણ કે જ્ઞાનીને એમ ભાન છે કે એક મારો નિર્મળ આત્મસ્વભાવ જ આદરણીય

છે, તે સિવાય રાગનો એક અંશ કે પુદ્ગલનો એક રજકણ પણ આદરણીય નથી; આવી પ્રતીત થતાં હજી સંપૂર્ણ વીતરાગ થયો નથી તેથી રાગનો ભાગ આવે છે તેમાં ઊંચી જાતનો રાગ આવતાં તીર્થંકર, ચક્રવર્તી વગેરે પદવીઓ બંધાય છે. ધર્મ પણ જ્ઞાનીને થાય છે અને ઊંચા પુણ્ય પણ જ્ઞાનીને થાય છે, અજ્ઞાનીને આત્માના સ્વભાવની ખબર નથી, તેથી તેને ધર્મ પણ નથી અને ઊંચા પુણ્ય પણ નથી; આવી સ્વાશ્રય તત્ત્વની વાત સાંભળતાં જો અંતરથી તત્ત્વસ્વભાવમાંથી વિશ્વાસ બેસે તો સિદ્ધગતિ છે, નહિ તો નિગોદગતિ તૈયાર છે. તત્ત્વના આદરમાં સિદ્ધગતિ છે ને તત્ત્વના અનાદરમાં નિગોદગતિ છે, સિદ્ધગતિમાં જતાં વચ્ચે એકાદ બે ભવ થાય તેની ગણતરી નથી અને નિગોદમાં જતાં વચ્ચે અમુક ભવ થાય તેની ગણતરી નથી, કારણ કે ત્રસનો કાળ થોડો છે ને નિગોદનો કાળ અનંત છે. તત્ત્વના અનાદરનું ફળ નિગોદ અને આદરનું ફળ સિદ્ધગતિ છે

પહેલાં તો શ્રવણ કરતાં સત્ સ્વરૂપનો આદર થવો જોઈએ, આદર થતાં રુચિ વધે ને રુચિ વધતાં અંતર્મુખ વલણનો પુરુષાર્થ થાય, પણ જો સત્ શ્રવણ કરતાં આદર ન થાય તો એની રુચિ પણ ક્યાંથી વધે અને રુચિ વગર પુરુષાર્થ થાય ક્યાંથી?

જ્ઞાનીનાં પુણ્યપરિણામ અને અજ્ઞાનીનાં પુણ્યપરિણામમાં પણ ફેર છે. અજ્ઞાનીની દૃષ્ટિને અને જ્ઞાનીની દૃષ્ટિને કોઈ રીતે મેળ ખાય નહિ, અજ્ઞાનીની દૃષ્ટિ આખી પરમાં છે અને જ્ઞાનીની દૃષ્ટિ આખી સ્વમાં છે. બન્નેની દૃષ્ટિમાં આખો ઉગમણો અને આથમણો આંતરો છે; અજ્ઞાનીને ભ્રાંતિ વગેરે જે ભાવ થાય તે બધા અજ્ઞાનમય છે, જડમય છે; જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે, જાગૃતિસ્વરૂપ છે. આત્માના ભાન વિના ચોરાશી લાખના અવતાર કરે તે કાંઈ આત્મા કહેવાય? આત્મા તો અનંતગુણમૂર્તિ, આનંદનો પિંડ છે તેનો સ્વાદ લે અને તેમાં લીન થાય તેને આત્મા કહેવાય.

રાગ-દ્વેષને મારા માન્યા તો ટળશે ક્યાંથી? દોષનો કાળ એક સમય છે અને ગુણનો કાળ ત્રિકાળ છે, વિકારનો એક સમય ગયો ને બીજો સમય આવ્યો તે પણ ગયો ને વસ્તુ તો તે બન્ને સમયમાં આખી રહી માટે વસ્તુમાં વિકાર થતો નથી પણ પર્યાયમાં થાય છે. જો વસ્તુમાં વિકાર થતો હોય તો આત્મા જડ થઈ જાય, ભિન્ન દ્રવ્યનો લોપ થાય, તે મોટો દોષ આવે છે. અવગુણનો નાશ થઈને ગુણનો પર્યાય પ્રગટે છે તે આત્માનો સ્વભાવ ભર્યો છે તેમાંથી પ્રગટે છે.

એક જીવ અનંતકાળ પહેલાં સિદ્ધ થયો અને બીજો જીવ અનંતકાળ પછી સિદ્ધ થયો તેમાં પાછળથી સિદ્ધ થનારની શક્તિ શું ઘટી જાય છે? નથી ઘટતી. પાછળથી સિદ્ધ થનાર આત્માની તાકાત જો ઘટી જતી હોય તો આવે ક્યાંથી? એટલે કે દરેક

આત્માની તાકાત અનંતકાળસુધી એક સરખી ને એક જાતની જ છે તેમાં ફેર પડે નહિ. અનંતકાળ પહેલાં સિદ્ધ થનાર અને અનંતકાળ પછી સિદ્ધ થનાર બન્ને આત્માની તાકાત એક સરખી જ છે. અનાદિ અનંત દ્રવ્ય અખંડપણે જેમ છે તેમ છે.

જે ઠેકાણેથી ઊંધું માને છે તે જ ઠેકાણે તપાસ તો તે જ ઠેકાણે સવળું માનવાનું છે. સવળી માન્યતા કરીને ઊંધી માન્યતાને છોડ! અખંડ ચૈતન્યતત્ત્વની રિદ્ધિ-સમૃદ્ધિની ખબર નથી તેથી બાહ્ય દૃષ્ટિથી માને છે કે હું આવડો છું પણ આત્મા તેવડો નથી; આત્મા શરીરાદિથી, શુભાશુભ પરિણામથી રહિત અખંડ પરિપૂર્ણ તત્ત્વ છે. ઘીનો ઘડો છે તે ઘીમય નથી પણ માટીમય છે, તેમ વર્ણાદિવાળો જીવ છે. તે જ્ઞાનમય છે પણ વર્ણાદિવાળો નથી. વિકારીપર્યાય અને શરીર છે ખરાં પણ તે આત્માનો સ્વભાવ નથી. નિમિત્તને જાણવું તે વ્યવહાર, અને તે પોતામાં નથી તેમ નિષેધ કરવો તે નિશ્ચય. આત્મા પોતે અનંતગુણનો પિંડ અખંડ દ્રવ્ય છે તેમ પ્રતીત કરવી અને પર સ્વરૂપે પોતે નથી તેમ નિષેધ કરવો તે નિશ્ચય. ૧૧૩-૧૧૫.

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે ( અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે ).

હવે કોઈ એકાંત લઈ જાય તેને સમજાવે છે. કોઈ કહે છે કે રાગ-દ્વેષ, ક્રોધ વગેરે જડના છે, મારા આત્મામાં તે નથી, મારો આત્મા તો શુદ્ધ છે માટે હવે આપણે ગમે તેમ રાગ-દ્વેષ કરીએ તોપણ વાંધો નથી કારણ કે તે જડના છે, તેને આચાર્યદેવ કહે છે કે ભાઈ! તને અમે વસ્તુદૃષ્ટિની વાત કરીએ છીએ ત્યાં આવું ઊંધું કયાં માર્યું! વસ્તુદૃષ્ટિએ આત્મા પવિત્ર નિર્મળ છે પરંતુ અવસ્થામાં પણ જો મલિનતા ન થતી હોય તો નિષેધ કરે કોણ! અવસ્થામાં મલિનતા થાય છે તેથી તેનો નિષેધ કરાય છે. સાંખ્યમતનો અનુયાયી શિષ્ય પુરુષ અને પ્રકૃતિને અપરિણામી માને છે તેને સમજાવે છે:-

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण ।
जइ पुग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि ॥ ११६ ॥

---

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.

कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण ।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥ ११७ ॥
जीवो परिणामयदे पुग्गलदव्वाणि कम्मभावेण ।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा ॥ ११८ ॥
अह सयमेव हि परिणमदि कम्मभावेण पुग्गलं दव्वं ।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा ॥ ११९ ॥
णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पुग्गलं दव्वं ।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव ॥ १२० ॥

અર્થ:—આ પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં બંધાયું નથી અને કર્મભાવે સ્વયં પરિણમતું નથી એમ જો માનવામાં આવે તો તે અપરિણામી ઠરે છે; અને કાર્મણ-વર્ગણાઓ કર્મભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી જીવ પુદ્‌ગલદ્રવ્યોને કર્મભાવે પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતી એવી તે વર્ગણાઓને ચેતન આત્મા કેમ પરિણમાવી શકે? અથવા જો પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મભાવે પરિણમે છે એમ માનવામાં આવે, તો જીવ કર્મને અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને કર્મપણે પરિણમાવે છે એમ કહેવું મિથ્યા ઠરે છે.

---

જો વર્ગણા કાર્મણતણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્યતણો ઠરે! ૧૧૭.
જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.
સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯.
પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

માટે જેમ નિયમથી *કર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય કર્મ જ છે તેવી રીતે જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ જ જાણો.

આત્મા સાથે રહેલી આઠ કર્મની માટી એટલે કે જડકર્મની જે અવસ્થા થાય છે તે ન માનવામાં આવે અને પુદ્‌ગલ કર્મપણે પરિણમ્યું જ નથી એમ માને તો તે અપરિણામી ઠરે છે અને સંસારનો અભાવ ઠરે છે અને તેથી સાંખ્યમતનો પ્રસંગ આવે છે. જે કર્મની અવસ્થા માનતા નથી તેના મતમાં એમ આવ્યું કે કાંટો અને ઝેર એવી કોઈ પુદ્‌ગલની અવસ્થા જ નથી, એ રીતે પુદ્‌ગલ અપરિણામી છે; પરંતુ તેમ કહેનારની વાત તદ્દન જૂઠી છે. કાંટો અને ઝેર તે કાંઈ મૂળ દ્રવ્ય નથી પણ પરમાણુના પર્યાય છે. પરમાણુમાં કર્મપણે પરિણમવાની તાકાત છે. પરમાણુ જો કર્મપણે પરિણમતાં ન હોય તો સંસારનો અભાવ ઠરે ને આત્માનો મોક્ષ ઠરે; એ રીતે આત્મામાં વિકાર નથી, ને વિકાર નથી તો સંસાર પણ નથી. જો પરમાણુની કર્મપણે અવસ્થા થતી જ ન હોય તો આત્મામાં સંસારનું નિમિત્તકારણ કોણ? સંસારનું ઉપાદાનકારણ તો આત્માનો અશુદ્ધ ભાવ છે પણ તે અશુદ્ધભાવ થવામાં જડકર્મની હાજરી ન હોય તો વિકાર ન હોય અને વિકાર ન હોય તો વિકારનો અભાવ કરી મોક્ષ કોનો કરવો? એ રીતે તો સંસાર અને મોક્ષ બન્નેનો અભાવ ઠરે છે. કર્મની હાજરીનું નિમિત્ત વિકારમાં છે પણ સ્વભાવમાં તેની હયાતીનું નિમિત્ત નથી. જો વિકારમાં પણ નિમિત્ત ન હોય તો વિકાર જ ન હોય, માટે ભાઈ! પરમાણુ જો કર્મરૂપે ન થતાં હોય તો સંસારનો અભાવ થાય.

કોઈ એમ કહે કે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે પરિણમતું નથી પણ જીવ તેને કર્મરૂપે પરિણમાવે છે; પણ ભાઈ! જે વસ્તુમાં પોતામાં જ કર્મપણે પરિણમવાની તાકાત નથી, અથવા પોતે પોતાથી કર્મરૂપે પરિણમતું નથી તેને બીજો કેમ પરિણમાવી શકે? માટે એમ સિદ્ધ થાય છે કે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મભાવે પરિણમે છે. જીવ કર્મને અથવા પુદ્‌ગલદ્રવ્યને કર્મપણે પરિણમાવે છે એમ કહેવું ખોટું ઠરે છે. ચૈતન્યના વિકારી પરિણામ કર્મ કરાવતું નથી પણ પોતે પરિણમે છે ત્યારે થાય છે. જડ આત્મામાં નથી અને આત્મા જડમાં નથી, જે જેનામાં ન હોય તે તેને કેમ બદલાવે—પરિણમાવે? માટે કર્મપણે પુદ્‌ગલદ્રવ્ય પોતે જ પરિણમે છે. એ રીતે નિયમથી કર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય કર્મ જ છે, તે જ રીતે જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ જ છે.

*કર્મ=કર્તાનું કાર્ય, જેમકે—માટીનું કર્મ ઘડો.

૨૦૦૦, કારતક વદ ૪ સોમ.

પુદ્ગલની કર્મરૂપ અવસ્થા આત્મા કરતો નથી; જુદી ચીજ જુદી ચીજની અવસ્થા કરે નહિ. સાકરને ખબર નથી કે હું જીભ ઉપર પડું તો ઓગળું અને લાકડા ઉપર પડું તો ન ઓગળું, પણ એનામાં બદલવાની શક્તિ છે તેથી સ્વયં બદલે છે, તેવી રીતે પુદ્ગલદ્રવ્યમાં કર્મપણે પરિણમવાનું સ્વયં સામર્થ્ય છે, પોતે સ્વયં કર્મપણે પરિણમે છે, આત્મા તેને પરિણમાવતો નથી.

આચાર્યદેવે પહેલાં કહ્યું હતું કે ક્રોધ-માન-માયા-લોભ તારા આત્માનો સ્વભાવ નથી. એ વિકારની લાગણીઓ આત્માના અંતર ઘરની નથી; થાય છે આત્માના પર્યાયમાં, પણ તે ક્ષણિક છે, સંયોગી ભાવ છે તેથી તેને જડના કહ્યા હતા. આથી કોઈ એમ સમજી જાય કે ક્રોધ-માન-માયા-લોભ બધાં જડનાં છે એમ આપે કહ્યું તેથી તે ભલે રહ્યાં, જડનાં હોય તો અમારે ટાળવાં નથી, હવે અમે ગમે તેમ વર્તીએ, વિષય સેવીએ, લંપટપણા કરીએ તોપણ વાંધો નથી? અરે મૂર્ખ! મરી જઈશ! ચાલ્યો જઈશ નરક ને નિગોદમાં! આવી ઉત્તમ સ્વભાવદૃષ્ટિની વાત સ્વચ્છંદી થવા માટે માટે કહી નથી, પુણ્યભાવ છોડી પાપભાવમાં પ્રવર્તવા માટે આ વાત કહી નથી, પણ તે વિકારી-ભાવ તારો સ્વભાવ નથી તેમ શ્રદ્ધા કરવા કહ્યું છે. એવા ને એવા વિષય-વિકાર ને ગૃદ્ધિભાવ તું કર તેટલા માટે આ વાત આચાર્યદેવે કરી નથી. પણ તે ભાવો ટાળવા માટે વાત કરી છે. સ્વભાવદૃષ્ટિએ કર્મના નિમિત્તે થતા જે વિકારી ભાવો તે તારામાં નથી માટે તું સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ કરી તે વિકારી ભાવોનો નાશ કર, તેમ તે ભાવોને નાશ કરવા સ્વભાવદૃષ્ટિ બતાવી છે; પરંતુ તે ભાવો રાખવા અને સ્વચ્છંદી થવા માટે કહ્યું નથી. જો અજ્ઞાનભાવે તું પોતે રાગ-દ્વેષના ભાવ ન કરતો હો તો સંસાર કોનો! અને જો સંસારઅવસ્થા ન હોય તો મુક્તિનો ઉપાય ક્યાં રહ્યો? તે કાંઈ પણ રહેતું નથી, માટે તારા સ્વભાવમાં રાગ-દ્વેષાદિ ભાવો નથી એમ દૃષ્ટિ કર એમ કહેવાનો આશય છે. સંસાર અને મોક્ષ બન્ને પર્યાયો આત્માની અવસ્થામાં થાય છે પણ તે બન્ને પર્યાય એક સાથે ન હોય, સંસારપર્યાય હોય ત્યારે મોક્ષપર્યાય ન હોય ને મોક્ષપર્યાય હોય ત્યારે સંસારપર્યાય ન હોય. અનાદિની આત્મામાં સંસારપર્યાય છે માટે આત્માના સ્વભાવને ઓળખી સ્વભાવની દૃષ્ટિ કરી તેમાં સ્થિર થા તો મોક્ષપર્યાય પ્રગટે અને સંસાર-પર્યાયનો અભાવ થાય. સંસારપર્યાયનો અભાવ કરવા માટે સ્વભાવદૃષ્ટિની વાત કરી છે.

જો પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે. એમ થતાં, સંસારનો અભાવ થાય. કારણ કે પુદ્ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મ રહિત ઠરે; તો પછી સંસાર કોનો?

આઠ કર્મ જો સ્વયં ન પરિણમે તો તે અપરિણામી ઠરે, તેમાં બદલવું ન ઠરે તેથી તે કૂટસ્થ ઠરે અને તેથી સંસાર પણ સાબિત ન થાય.

પરમાણુમાં પરિણમવાની તાકાત ન હોય તો તે બદલે નહિ એટલે કે એકરૂપે રહે, અને એકરૂપે રહે તેથી આત્મામાં વિકારનું નિમિત્ત ન થાય; વિકાર થવામાં નિમિત્ત ન હોય તો વિકાર પણ ન હોય, અને વિકાર ન હોય તો સંસાર પણ ન હોય, સંસાર ન હોય તો સ્વભાવ હોય અને મોક્ષ હોય.

પુદ્ગલદ્રવ્યની અવસ્થા નજરે દેખાય છે. અફીણના પરમાણુ સ્વતંત્ર પરિણમે છે. લાકડું પાણીમાં બૂડતું નથી તે પુદ્ગલદ્રવ્યનું પરિણમન છે. લોઢાની કટકી પાણીમાં મૂકે તો બૂડી જાય છે તે પણ પુદ્ગલદ્રવ્યનું પરિણમન છે. પરમાણુઓ જ્યારે લાકડાની અવસ્થાએ થયાં ત્યારે ન બૂડે પણ લોઢાની અવસ્થાએ થયાં ત્યારે બૂડે; ઘણા પરમાણુ ભેગા થયા માટે બૂડે અને થોડા પરમાણુ ભેગા થાય તો ન બૂડે એવું નથી. લોઢાની કટકીમાં થોડા પરમાણુઓ છે તોપણ બૂડે છે અને લાકડામાં ઘણા પરમાણુઓ છે તોપણ તરે છે. તે બધી પરમાણુની અવસ્થા છે. પરમાણુ એટલે છેલ્લામાં છેલ્લો ઝીણો રજકણ. તેમાં કોઈવાર બૂડવાની અવસ્થા થાય ને કોઈવાર તરવાની અવસ્થા થાય; તેવી રીતે પરમાણુમાં કર્મરૂપે પરિણમવાની પણ તાકાત છે, તેથી તે કર્મરૂપે સ્વયં પરિણમે છે.

કર્મ પોતે સ્વયં પરિણમે છે, બીજું કોઈ તેને પરિણમાવતું નથી. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી," તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે:—શું જીવ સ્વયં અપરિણમતા પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ (માટે પ્રથમ પક્ષ અસત્ય છે.) અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. (માટે બીજો પક્ષ પણ અસત્ય છે.) તેથી પુદ્ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો.

આત્મા પોતે જે દ્રવ્યમાં બદલવાની શક્તિ હોય તેને બદલાવે કે બદલવાની શક્તિ ન હોય તેને બદલાવે? પરમાણુ જો સ્વયં ન બદલાતાં હોય તો આત્મામાં તાકાત નથી કે તેને બદલાવી શકે? જે વસ્તુમાં બદલવાની તાકાત ન હોય તેને બીજું દ્રવ્ય પરિણમન આપી શકે નહિ એટલે કે તેને બદલાવી શકે નહિ. અને જો પુદ્ગલદ્રવ્ય પોતે સ્વયં બદલે છે, એનામાં પોતામાં બદલવાની તાકાત છે તો એમાં આત્માએ શું કર્યું?

કારણ કે જે પોતે જ સ્વયં પરિણમે છે તેમાં બીજાએ પરિણમાવ્યું તેમ કહેવું તે મિથ્યા ઠરે છે. વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.

આત્મામાં રાગ-દ્વેષના જે વિકારી દોષ થાય છે તે પરમાણુ નથી પણ આત્માનો અરૂપી ભાવ છે, ચૈતન્યનો અરૂપી ચિદાભાસ છે. ગુસ્સો આત્મા કરે છે. ગુસ્સો કર્મ કરાવતું નથી. પોતે કરે છે ને પોતે ટાળી શકે છે. લાખ તીર્થંકર કે કેવળજ્ઞાની પાસે ઊભા હોય પણ પોતે બદલે નહિ તો તેને કોઈ બદલાવી શકે નહિ. આ ગાથામાં કર્મ એની મેળે પરિણમે છે તેમ વાત છે અને આના પછી આત્મા તરફની ગાથા આવશે ત્યાં એમ કહેશે કે વિકાર આત્મા કરે છે, કર્મ વિકાર કરાવતું નથી. પહેલાં એમ કહ્યું હતું કે આત્મામાં સંસાર નથી તે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ, પર્યાયનું વજન ગૌણ કરીને, કહ્યું હતું; પણ અવસ્થાદૃષ્ટિએ સંસાર તારામાં છે. તારા પર્યાયમાં છે. તારા પર્યાયમાં સંસાર ન હોય તો ટાળવાનું રહેતું નથી એમ હવેની ગાથામાં કહેશે.

પુદ્‌ગલકર્મ એની મેળે-સ્વયં પરિણમે છે, પરદ્રવ્ય તેને પરિણમાવતું નથી, વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. લોઢામાંથી લાકડું ક્રમે ક્રમે પરમાણુની અવસ્થા બદલીને થાય છે તે પરમાણુની પોતાની તાકાત છે. પરમાણુ સ્વતંત્રપણે બદલીને લોઢામાંથી લાકડું થાય છે અને લાકડામાંથી લોઢું પણ સ્વતંત્રપણે પરમાણુ બદલીને થાય છે. કોઈ પણ વસ્તુમાં બદલવાની શક્તિ છે તે પરની અપેક્ષા રાખતી નથી, પરની અપેક્ષા રાખે તો વસ્તુ પરાધીન થઈ જાય. કોઈને એમ થાય કે પરવસ્તુનું નિમિત્ત તો છે ને? નિમિત્તમાત્ર હોય છે પણ નિમિત્ત કોઈ દ્રવ્યને બદલાવી દેતું નથી-પરિણમાવી દેતું નથી. વસ્તુ કોઈની અપેક્ષા રાખતી નથી, દ્રવ્યનું પરાધીનપણું નથી પણ સ્વાધીનપણું છે; નિમિત્ત માત્ર હાજર હોય છે પણ તે પરવસ્તુને બદલાવી દેતું નથી. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજે તો સમ્યગ્જ્ઞાન થાય. શરીરનું બદલવું, હાલવું-ચાલવું વગેરે પુદ્‌ગલદ્રવ્ય પોતે પરિણમીને થાય છે, આત્મા તેને કરી દેતો નથી. આઠ કર્મ એની મેળે પરિણમી રહ્યાં છે, જે પોતાથી બદલતાં હોય તેને બીજું બદલાવે છે તેમ કહેવું તે વાત જ ખોટી છે. નિમિત્ત હોય છે ખરું પણ વસ્તુ પરની અપેક્ષા રાખતી નથી, પોતે સ્વતઃ પરિણમે છે.

પુદ્‌ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો. એમ હોતાં (હોવાથી), જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે. આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

ઘડાનો કરનાર કુંભાર છે એમ કહેવું તે વાત સાચી નથી કારણ કે વસ્તુની

શક્તિ પરની અપેક્ષા રાખતી નથી. માટીમાં બદલવાની શક્તિ છે, ઘડો થવામાં માટી પોતે જ સન્મુખ થઈ રહી છે, માટી પોતે પરિણમીને ઘડો થાય છે. તેવી રીતે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મ પુદ્‌ગલ પોતે પરિણમીને થાય છે, તારું તત્ત્વ જુદું છે અને એનું તત્ત્વ જુદું છે, બન્ને તત્ત્વો જુદાં છે, આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ—

( ઉપજાતિ )

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता ॥ ६४ ॥

અર્થઃ—આ રીતે પુદ્‌ગલદ્રવ્યની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ. એ સિદ્ધ થતાં, પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે.

પુદ્‌ગલદ્રવ્યમાં સ્વભાવરૂપે પરિણમવાની એટલે કે સ્વભાવરૂપે બદલવાની શક્તિ વિઘ્ન વિના નિર્વિઘ્નપણે સાબિત થઈ, પુદ્‌ગલદ્રવ્યમાં પરિણમવાની શક્તિ એટલે કે અવસ્થાથી અવસ્થાંતર થવાની શક્તિ સ્વતંત્ર છે, તેને પરિણમવામાં કોઈ વચ્ચે વિઘ્ન કરી શકતું નથી. જે એમ કહે કે અમે હોઈએ તો જડનાં કામ થાય, તેમ કહેનારને કહે છે કે બેધડક રીતે પુદ્‌ગલદ્રવ્યની શક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ, પરમાણુમાત્ર પોતાની એક અવસ્થાથી બીજી અવસ્થાને પોતે જ બદલાવે છે, પરમાણુ પોતે જ એક અવસ્થાથી બીજી અવસ્થામાં પરિણમીને ઊપજે છે, તેની અવસ્થા થવામાં તેનું જ કારણ છે, કોઈ પરનું કારણ નથી એમ નક્કી થતાં પુદ્‌ગલદ્રવ્ય પોતાના ભાવને કરે છે, તે ભાવનો તે પોતે જ કર્તા છે. ૧૧૬-૧૨૦.

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છેઃ—

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं ।
जइ एस तुज्झ जीवो अप्परिणामी तदा होदी ॥१२१॥

---

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.

अपरिणमंतह्मि सयं जीवे कोहादिएहि भावेहिं ।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥१२२॥
पुग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं ।
तं सयमपरिणमंतं कहं तु परिणमयदि कोहो ॥१२३॥
अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी ।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा ॥१२४॥
कोहुवजुतो कोहो माणुवजुत्तो य माणमेवादा ।
माउवजुत्तो माया लोहुवजुतो हवदि लोहो ॥१२५॥

અર્થ:—સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે હે ભાઈ! આ જીવ કર્મમાં સ્વયં બંધાયો નથી અને ક્રોધાદિભાવે સ્વયં પરિણમતો નથી એમ જો તારો મત હોય તો તે (જીવ) અપરિણામી ઠરે છે. અને જીવ પોતે ક્રોધાદિભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી પુદ્‌ગલકર્મ જે ક્રોધ તે જીવને ક્રોધપણે પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતા એવા તે જીવને ક્રોધ કેમ પરિણમાવી શકે? અથવા જો આત્મા પોતાની મેળે ક્રોધભાવે પરિણમે છે એમ તારી બુદ્ધિ હોય, તો ક્રોધ જીવને ક્રોધપણે પરિણમાવે છે એમ કહેવું મિથ્યા ઠરે છે.

---

ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્યતણો ઠરે! ૧૨૨.
જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,
ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે! ૧૨૩.
અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.
ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.

માટે એ સિદ્ધાંત છે કે ક્રોધમાં ઉપયુક્ત (અર્થાત્ જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો) આત્મા ક્રોધ જ છે, માનમાં ઉપયુક્ત આત્મા માન જ છે, માયામાં ઉપયુક્ત આત્મા માયા છે અને લોભમાં ઉપયુક્ત આત્મા લોભ છે.

જો આત્મા પોતે જ રાગ-દ્વેષમાં વિકારભાવે સ્વયં પરિણમીને ન થતો હોય, ક્રોધ, માન, માયા, રાગ-દ્વેષરૂપે આત્મા પોતે સ્વયં પરિણમીને ન થતો હોય તો જીવ અપરિણામી ઠરે છે ને આત્માની અવસ્થામાં વિકાર થયા વિના સંસાર કોનો? સંસાર આત્માની વિકારી અવસ્થા છે તે જો આત્મામાં ન થતી હોય તો સંસાર જ ન હોય અને સંસાર ન હોય તો મોક્ષ પણ ન હોય.

કોઈ કહે કે શું કરીએ ભાઈ! કર્મનો એવો આકરો ઉદય હોય તો ધંધામાં સાચાં-ખોટાં પણ કરવાં પડે. પરંતુ તેમ કહેનારની વાત તદ્દન ખોટી છે. જો તું ક્રોધાદિમાં ન પરિણમે તો શું જડ તને પરાણે ક્રોધાદિમાં જોડાવે છે? જો જડ તને ક્રોધાદિમાં પરિણમાવે તો જડ ચૈતન્યના પરિણામનો કર્તા થયો તેથી બે દ્રવ્ય એક થઈ ગયાં પરંતુ એવો વસ્તુનો સ્વભાવ છે જ નહિ, આત્મા પોતે જ સ્વયં ક્રોધાદિ વિકારરૂપે પરિણમે છે તે વખતે જડ કર્મ નિમિત્તરૂપે હાજર હોય છે.

સાંખ્યમત આત્માને તદ્દન શુદ્ધ માને છે, અવસ્થાને માનતા જ નથી. આગળની કેટલીક ગાથામાં એમ વાત આવી હતી કે આત્મા શુદ્ધ છે અને ક્રોધાદિ જડ છે પરંતુ આ ગાથામાં અવસ્થાની વાત કરી કારણ કે કોઈ શુષ્ક એમ વાત ન લઈ જાય કે આપણે વિષયકષાય એવા ને એવા કરો, કારણ કે આત્મા તો શુદ્ધ છે, માટે આપણે ગમે તેવા વિષય આદિમાં વર્તીએ તોપણ વાંધો નથી. તેવી શુષ્કતા ન થવા માટે આચાર્યદેવ સમજાવે છે કે ક્રોધ, માન, માયા વગેરે વિકારીભાવો તારા આત્માની અવસ્થામાં થાય છે. એકવાર કહ્યું કે ક્રોધાદિ તારા નથી અને બીજીવાર કહ્યું કે તારી અવસ્થામાં ક્રોધાદિ થાય છે. ક્રોધાદિભાવ તારામાં નથી એમ આચાર્યદેવે કહ્યું તે સમ્યક્‌શ્રદ્ધાનો વિષય છે. સમ્યક્‌શ્રદ્ધા પરિપૂર્ણ અખંડ દ્રવ્યને સ્વીકારે છે, તે અધૂરા, પૂરા કે વિકારી પર્યાયને સ્વીકારતી નથી પરંતુ શ્રદ્ધા સાથે રહેલું જ્ઞાન પરિપૂર્ણ અખંડદ્રવ્યને જાણે છે અને અધૂરા પૂરા અને વિકારી પર્યાયને પણ જાણે છે, શ્રદ્ધા સાથે રહેલું જ્ઞાન જાણે કે મલિનતા મારા પુરુષાર્થની નબળાઈથી થાય છે. એ રીતે અવસ્થાને જણાવવા માટે અહીં અવસ્થા દૃષ્ટિથી કહ્યું છે, અવસ્થામાં મલિનતા છે ખરી, નથી એમ નહિ. જો અવસ્થાને મલિન ન માને તો જ્ઞાન ખોટું ઠરે છે, પુરુષાર્થની નબળાઈથી પોતે વિકારી અવસ્થારૂપે ન પરિણમે તો મલિનતા થાય નહિ. જડ કર્મ મલિનતા કરાવી દેતું નથી.

જો જડ કર્મ મલિનતા કરાવે તો તો કર્મો કાયમ પડયાં જ છે તે મલિનતા કરાવ્યાં જ કરશે અને તને શુદ્ધ થવાનો પ્રસંગ જ નહિ બને, પરંતુ કર્મ ક્રોધાદિભાવે આત્માને પરિણમાવતું નથી; પોતે વિકારી અવસ્થારૂપે પરિણમે તો ક્રોધાદિ કષાય થાય છે. એ રીતે ક્રોધ, માન, વિષય, કષાય વગેરે પોતાના જ કારણે છે તેથી જડ કર્મ ક્રોધાદિભાવ કરાવે છે તે વાત જૂઠી ઠરે છે. માટે ત્રિકાળી નિયમ છે કે જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો આત્મા ક્રોધ જ છે, માનમાં જોડાયેલો આત્મા માન જ છે, માયામાં જોડાયેલો આત્મા માયા જ છે, લોભમાં જોડાયેલો આત્મા લોભ જ છે.

આત્મા તો શુદ્ધ છે, પવિત્ર છે, અને નિર્મળ જ છે પણ પુરુષાર્થની નબળાઈથી જે સ્વરૂપ પોતાનું છે તે સ્વરૂપે સ્થિર નહિ રહેતાં અણગમો, દિલગિરી, ક્રોધ, માન વગેરેમાં જોડાઈ જતાં અવસ્થામાં તે ભાવો થાય છે. વિકારી પર્યાય આત્માથી જુદા નથી એવી અભેદ અપેક્ષાથી આત્મા ક્રોધ જ છે તેમ કહી દીધું.

કર્મ ક્રોધ કરાવે છે તેમ પણ નથી અને આત્મામાં ક્રોધ પેસી જાય છે તેમ પણ નથી. પોતે ક્રોધરૂપ અવસ્થાપણે પરિણમે છે ત્યારે અવસ્થામાં ક્રોધ થાય છે, પણ આખો આત્મા ક્રોધરૂપે થતો નથી; જો આખો આત્મા ક્રોધરૂપે થાય તો ક્રોધ ટળે કયાંથી?

સંસારી જીવો એમ માને છે કે હું ક્રોધ કરું તો સંસારની વ્યવસ્થા ચાલે, ઘરનાં માણસ, છોકરાં અને નોકરચાકર વગેરેને ઠપકો આપીએ તો તે સુધરે. જુઓ! આ ઊંધાના અભિપ્રાય! ઠપકો તું આપ, ક્રોધ તું કર, અને સુધરે સામો જીવ એમ કેમ બને? જો તારી સાચી સલાહથી સામો માણસ સુધરતો હોય તો તારા ક્રોધાદિભાવથી સામો બગડવો જોઈએ, કારણ કે સિદ્ધાંત તો એક જ હોય. પરંતુ તે તારી વાત તદ્દન જૂઠી છે, તારા શુભ ભાવનું કે અશુભભાવનું લાભ-નુકસાન તને જ છે, સામાનું બગડવું-સુધરવું તે સામાને હાથ છે, સામાની અવસ્થાની વ્યવસ્થા તેના કારણે થાય છે. તું માને છે કે નોકરચાકર ઉપર જરા દબાણ કરું તો કામ થાય તે વાત તદ્દન જૂઠી છે, તારાથી સામો દબાતો નથી પણ તારા ક્રોધથી તું પોતે દબાણો છે, સામાને કેમ થવું, કેમ ન થવું તે તેના કારણે છે. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ કોઈને સુધારી શકતું નથી, પોતે પોતાવડે સુધરે ત્યારે સામાને નિમિત્ત કહેવાય, પણ અજ્ઞાની જીવ માની બેસે છે કે મારાથી સુધર્યો અને મારાથી બગડયો, પણ ખરી રીતે પોતાથી જ સુધર્યો છે ને બગડયો છે. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે. સૌ સૌને ગોઠે તેમ સૌ કરે છે, કોઈનું કોઈ જરાપણ કરી શકતું નથી.

જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે. એમ થતાં સંસારનો અભાવ થાય.

જો જીવ કર્મમાં સ્વયં ન બંધાયો હોય એટલે કે ભાવબંધનમાં ન બંધાયો હોય, જીવમાં બંધાવાનો વિકારભાવ ન હોય એટલે કે પોતે રાગદ્વેષના વિકારભાવે સ્વયં ન થતો હોય તો ખરેખર આત્મા અપરિણામી ઠરે એટલે કર્મ વિકારભાવે આત્માને પરિણમાવે પણ આત્મા પોતે વિકારભાવે ન પરિણમે તો આત્મા અપરિણામી ઠરે.

આત્મા વિકારરૂપે થાય છે અને વિક... નાશ પણ કરે છે ને સ્વભાવભાવ પ્રગટે છે તેમાં આત્મા સ્વયં-પોતે બદલે છે. રાગ-દ્વેષ ને શુભાશુભ લાગણીઓની અવસ્થારૂપે આત્મા પોતે ન પરિણમે તો સંસારનો અભાવ થાય; વિકાર આત્મામાં તદ્દન ન જ હોય તો આત્માનો મોક્ષ હોય.

અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "પુદ્ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી," તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે:—પુદ્ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. (આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.) તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.

જડ ક્રોધ, જડ કર્મ, આત્મા વિકારપણે ન થતો હોય તેને વિકારપણે કરે છે કે આત્મા વિકારપણે થતો હોય તેને વિકારપણે કરે છે? તે બેમાંથી કઈ રીતે વાત છે?

જો આત્મા વિષય-કષાય, રાગ-દ્વેષ વગેરે વિકારી ભાવે ન પરિણમે તો અન્ય કોઈ તેને બદલાવી શકે નહિ-પરિણમાવી શકે નહિ; જે સ્વયં પોતે બદલતો જ નથી તેને બીજો કોણ બદલાવી શકે? જે પોતે સ્વયં વિકારરૂપે પરિણમતો નથી તેને જડ કર્મ કઈ રીતે વિકારપણે પરિણમાવી શકે? અને જો પોતે જ સ્વયં બદલે છે, પોતે જ સ્વયં વિકારરૂપે પરિણમે છે તો તેને પરની અપેક્ષા લાગુ પડતી નથી. પહેલામાં કહ્યું કે જેનામાં સ્વતઃ પરિણમવાની શક્તિ નથી તેને બીજો કેમ પરિણમાવી શકે? અને બીજામાં કહ્યું કે જો પોતે સ્વતઃ પરિણમે છે તો પછી બીજાની અપેક્ષાની જરૂર નથી. વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી, પોતે જ સ્વતઃ વિકારપણે પરિણમે છે તેમાં પરનો હાથ નથી. આ પહેલી વ્યવહારશુદ્ધિ બતાવે છે. કર્મ તને રાગ-દ્વેષ પરાણે કરાવે છે એવી માન્યતાથી સ્વભાવની શુદ્ધિ થશે નહિ પણ જો એમ માને કે કર્મ મને રાગ-દ્વેષ કરાવતું નથી, હું મારા પુરુષાર્થની નબળાઈથી

રાગ-દ્વેષમાં પરિણમું છું તેથી વિકાર થાય છે, તો આ હજી વ્યવહારશુદ્ધિ છે. અંતરંગમાં શુભાશુભ પરિણામથી પણ આત્માનું સ્વરૂપ જુદું છે એવી દ્રવ્યદૃષ્ટિની વાત તો હજી બાકી રહે છે. આ તો બન્ને દ્રવ્યની સ્વતંત્રતાની વાત થઈ.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

જે ઠેકાણે દ્રવ્યનું જોર આપ્યું હોય ત્યાં તે પ્રમાણે સમજવું અને જ્યાં અવસ્થાની અપેક્ષાએ વાત કરી હોય ત્યાં તે રીતે સમજવું, ખેંચતાણ કરે તો કામ આવે નહિ. ખેંચતાણ તે સહજ સ્વરૂપમાં નથી.

જડ અને ચૈતન્ય બન્ને સ્વતંત્ર-જુદા પદાર્થ છે, કોઈ કોઈને બદલાવી શકતું નથી. કેટલાક કહે છે કે કર્મ જેવા ઉદયમાં આવે તે પ્રમાણે પુણ્યના પરિણામ કે પાપના પરિણામ થાય પણ તેમ નથી. જો તારા ભાવમાં મંદ કષાય હોય તો પૂજા-ભક્તિના શુભપરિણામ થાય અને તીવ્ર કષાય હોય તો વિષય-કષાય થાય, તે બધું તારા કારણે થાય છે, કર્મના કારણે નહિ; તારું વીર્ય તીવ્ર ઊંધું હોય તો તીવ્ર રાગ-દ્વેષ થાય અને તારું વીર્ય મંદ ઊંધું હોય તો મંદ રાગ-દ્વેષ થાય, તારું જેવી જાતનું વીર્ય હોય છે તેવી જાતના રાગ-દ્વેષ થાય છે. કર્મનો મંદ ઉદય હોય તો મંદ રાગ-દ્વેષ થાય અને તીવ્ર ઉદય હોય તો તીવ્ર રાગદ્વેષ થાય એવું વસ્તુનું સ્વરૂપ છે જ નહિ. પોતે તીવ્ર રાગ-દ્વેષ કરવા કે મંદ રાગ-દ્વેષ કરવા તે આત્માના હાથની વાત છે. કર્મ તો નિમિત્ત માત્ર છે. પોતે જે રીતે જોડાય છે તે રીતે રાગ-દ્વેષ થાય છે. વિકારમાં ચૈતન્ય પોતે પરિણમે છે છતાં જડ પરિણમાવે છે તેમ કહેવું તે ખોટી વાત છે, ચૈતન્ય પોતે પરિણમતો નથી પણ જડ પરિણમાવે છે તેમ કહેવું તે પણ ખોટી વાત છે, કારણ કે જે પોતે જ પરિણમતો નથી તેને પર કોણ પરિણમાવી શકે? માટે બન્ને પક્ષ ખોટા ઠરે છે. આત્મા વિકાર કરવામાં સ્વતંત્ર છે તો પછી અવિકારી આત્મધર્મ પ્રગટ કરવામાં સ્વતંત્ર હોય જ તેમાં નવાઈ શી છે? આત્મા વિકારપરિણામ કરવામાં કે અવિકારપરિણામ કરવામાં સ્વતંત્ર છે એમ સાબિત થયું.

આ રીતે જીવ પરિણામસ્વભાવવાળો સ્વયમેવ હો. એમ હોતાં (હોવાથી), જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ, અજ્ઞાનસ્વભાવવાળો ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે. આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

આચાર્ય હવે ગરુડનો દાખલો આપ્યો છે કે જેમ ગરુડનો મંત્રસાધક પોતે

ગરુડનું ધ્યાન કરતો હોવાથી હું પોતે ગરુડ છું એમ અજ્ઞાનતાથી માની બેસે છે તેમ જેનો ઉપયોગ ક્રોધાદિરૂપ પરિણમ્યો છે એવો અજ્ઞાની જીવ પોતે જ ક્રોધાદિ છે. અજ્ઞાનીએ ક્રોધ-માન-માયા-લોભને પોતાનાં માન્યાં છે તેથી તેનો ઉપયોગ તેમાં અટકી ગયો છે એટલે કે એકાકાર થયો છે, તેથી અજ્ઞાની જીવને ક્રોધમય અને માનમય કહ્યો છે. રાગ-દ્વેષ ને શુભાશુભ પરિણામનો કર્તા અજ્ઞાની છે, જ્ઞાની તેનો કર્તા નથી, જ્ઞાની તો રાગ-દ્વેષના પરિણામનો નાશક છે, ઉત્પાદક નથી; અજ્ઞાની રાગ-રાગદ્વેષના પરિણામનો ઉત્પાદક છે તેથી તેને તે-મય કહ્યો છે.

આચાર્યદેવ એકકોર કહે છે કે ચૌદ ગુણસ્થાન જડ છે અને બીજી બાજુ કહે છે કે ક્રોધ-માન-માયાનો વિકાર આત્માના પર્યાયમાં છે. જેના ઉપયોગની એકાગ્રતા વિકારમાં જોડાણી તે આત્મા ક્રોધરૂપ છે, તે અવસ્થાદ્રષ્ટિથી કહ્યું છે.

આચાર્યદેવે ગરુડનો દાખલો આપ્યો કે ગરુડનું ધ્યાન કરતાં ગરુડરૂપ થઈ ગયો તેમ વેપારના ધંધાવાળા વેપારમય થઈ જાય છે. વકીલો વકીલાતના ચોપડામાં એકાગ્ર થઈ જાય છે. ઘોકડાંના વેપારી ઘોકડાંમય થઈ જાય છે. એક માણસ ઘોકડાંનો વેપારી હતો તેમાં તે એટલો બધો તલ્લીન થઈ ગયો કે પાણી પીવા ગયો ત્યાં કહે 'રૂ' 'પા'. રૂમાં એવો એકાગ્ર થઈ ગયો કે પાણીને બદલે રૂ. રૂ થઈ પડયું; તેવી રીતે જેને ક્રોધ-માન-કપટ-લોભ વગેરે હું જ છું તેમ થઈ પડયું છે, શુદ્ધ-ઉપયોગ જાણે હું નથી જ પણ વિકારી ઉપયોગ જ હું છું એમ થઈ પડયું છે તેવા જીવને અવસ્થાદ્રષ્ટિની અપેક્ષાએ ભગવાને તે-મય જ-વિકારમય જ કહી દીધો છે. આત્મા પોતે જ અવગુણરૂપે પરિણમે છે. અવગુણ જડ કરાવે તેમ કોઈ દિવસ બનતું નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ—

( ઉપજાતિ )

स्थितेति जीवस्य निरंतराया
स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता ॥ ६५ ॥

અર્થઃ—આ રીતે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ, એમ સિદ્ધ થતાં, જીવ પોતાના જે ભાવને કરે છે તેનો તે કર્તા થાય છે.

આત્મામાં પોતાથી જ પોતાનો સ્વભાવ બદલવાની શક્તિ સ્વયંસિદ્ધ છે તેમ સાબીત થયું. પોતાના પરિણમનમાં કોઈનો હાથ નથી. સૌ પોત પોતાના ભાવોને કરે

છે, ચૈતન્ય ચૈતન્યના ભાવોને કરે છે, પરમાણુ પરમાણુના ભાવોને કરે છે, જ્ઞાની જ્ઞાનભાવને કરે છે, અજ્ઞાની રાગ-દ્વેષને કરે છે, જ્ઞાની રાગ દ્વેષનો કર્તા નથી, અજ્ઞાની જડનો કર્તા નથી, જડ છે તે રાગ-દ્વેષના ભાવનું કર્તા નથી એમ ત્રણે પોત પોતાના ભાવને કરે છે. વસ્તુસ્વભાવને સમજ્યે જ સિદ્ધિ છે, બીજો કોઈ ઉપાય નથી.

૨૦૦૦ કારતક વદ ૫, મંગળ.

આત્મા કર્તા છે અને તેનું કાર્ય શું છે તે વાત અહીં ચાલે છે. અજ્ઞાની અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા થાય છે, જ્ઞાની જ્ઞાનભાવે જ્ઞાનનો કર્તા (-થનારો) થાય છે; જડ પરમાણુનો કર્તા જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી, જડ પરમાણુ પોતે પોતાના સામર્થ્યથી પરિણમીને કાર્ય લાવે છે.

પાંચ ગાથામાં જુદાં જુદાં સ્વતંત્ર કામ બતાવ્યાં. હવે, કોઈ એમ સમજી જાય કે વિકારી ભાવો આત્મા કરે, તો જ્ઞાની પણ વિકારી ભાવો કરે કે નહિ? તેને સમજાવે છે. અજ્ઞાનીનો ઉપયોગ એટલે વેપાર સ્વભાવના અભાનરૂપ છે, આત્માના જ્ઞાનમય તેનો વેપાર નથી. વર્તમાન વિકાર ઉપર દૃષ્ટિ તે અજ્ઞાનનું કાર્ય છે, વિકાર ઉપર એકાગ્ર થવું તે અજ્ઞાનનું કામ છે; ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ તે જ્ઞાનનું કાર્ય છે, જ્ઞાનમાં એકાગ્ર થવું તે જ્ઞાનનું કામ છે.

હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મ, દયા, દાન, પૂજા, ભક્તિ, એ અશુભ અને શુભ ભાવને આત્મા કરે એમ બતાવ્યું તો જ્ઞાની પણ એ જ ભાવને કરે છે કે બીજા ભાવને કરે છે એમ કોઈને પ્રશ્ન થાય તેને હવેની ગાથામાં સમજાવે છે. ૧૨૧-૧૨૫

જ્ઞાની જ્ઞાનમયભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે:—

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स ।**
**णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स ॥१२६॥**

અર્થ:—આત્મા જે ભાવને કરે છે તે ભાવરૂપ કર્મનો તે કર્તા થાય છે; જ્ઞાનીને તો તે ભાવ જ્ઞાનમય છે ને અજ્ઞાનીને અજ્ઞાનમય છે.

આત્મા અને આત્માના ગુણો કાયમ એકરૂપ રહે છે અને અવસ્થા ક્ષણે ક્ષણે બદલાય છે; તેમાં સ્વભાવ અવસ્થાનો આત્મા કર્તા છે, પણ વિકાર અવસ્થાનો આત્મા

---

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬

કર્તા નથી. અજ્ઞાની વિકારી અવસ્થાનો કર્તા થાય છે. જે ભાવમાં કરનારો કર્તા થઈને અટકે તે ભાવનો તે કર્તા થાય છે ને તે ભાવ તેનું કાર્ય થાય છે.

જ્ઞાનીને તો સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચી એકાગ્રતારૂપ અવસ્થા હોય છે, તે જ્ઞાનીનું કાર્ય છે; ક્રોધ, માન, માયા, લોભ વગેરે વિકારી અવસ્થા તે અજ્ઞાનીનું કાર્ય છે.

આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ—કર્મપણાને પામેલાનો—કર્તા તે થાય છે; ( અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે ).

ભગવાન આત્મા પોતાવડે બદલવાના સામર્થ્યવાળો છે, આત્મા કાયમ ટકીને ફેરફારરૂપે થવાના સ્વભાવવાળો છે; તે ફેરફાર થવારૂપ સ્વભાવ એટલે કે પરિણમન-સ્વભાવ કોઈ સંયોગથી થયો નથી, પરથી થયો નથી, વિકારથી થયો નથી પણ સ્વયમેવ પોતે પોતાથી જ અનાદિ અનંત સ્વયંસિદ્ધ છે.

બદલવાના સ્વભાવવાળો છે તોપણ જે ભાવને—જે કર્તવ્યને પામેલો છે તેનો જ તે કર્તા થાય છે. પહેલાં હતો તે જ બીજે ક્ષણે છે, નાશ થયો નથી; નાશ થતો નથી પણ ટકીને બદલે છે, ફેરફાર થાય છે, અવસ્થાંતરપણું પામે છે.

એક માણસ પોતે ક્રોધનો ભાવ બદલાવીને ક્ષમાનો ભાવ પ્રગટ કરે છે તેમાં માણસ તો તેનો તે જ છે, પણ પર્યાય બદલ્યો છે. પર્યાયઅપેક્ષાએ બીજો માણસ થયો તેમ કહેવાય પણ દ્રવ્યઅપેક્ષાએ તો ક્રોધ અને ક્ષમા એ બન્ને અવસ્થામાં માણસ તો તેનો તે જ છે.

તેમ આત્મા વસ્તુ પોતે કાયમ રહીને ફેરફાર થાય છે; તેમાં બે પ્રકાર છે—જ્ઞાની અને અજ્ઞાની, પારકી ઓશિયાળ રાખીને થનારો થાય તે અજ્ઞાની છે, હું બીજાનું ભલું-ભૂંડું કરું અને બીજા મારું ભલું-ભૂંડું કરે એવો જે ભાવ તે બધી પારકી ઓશિયાળ છે, પરાધીનતા છે, સ્વાધીનતાનો નાશ છે, સ્વભાવનું ખૂન છે. પોતાના સ્વાધીન અને સ્વતંત્ર સ્વભાવને ભૂલીને ઠીક-અઠીકભાવમાં રોકાઈને તેનો કર્તા થાય છે તે અજ્ઞાની છે.

હું બીજાને માટે રોકાઉં, બીજા મને મદદ કરે એવી પરની ઓશિયાળમાં ન રોકાણો, પરાધીનતામાં ન ટકયો, રાગ-દ્વેષમાં ન રંગાયો એવા જ્ઞાનીને પરાધીનતાનાં કાર્ય અટકતાં, જાણવાનું કાર્ય રહ્યું. તેથી જ્ઞાની પવિત્ર કામને કરે છે, નિર્મળ પર્યાયને પ્રગટાવે છે ને મલિનતાને ટાળે છે એવું ઉત્તમ જ્ઞાયકભાવનું કાર્ય જ્ઞાનીને કરવાનું હોય છે.

તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે, કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ( સર્વ પરદ્રવ્યભાવોથી ભિન્ન ) આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.

વસ્તુ બદલાય છે છતાં પણ તેમાં ખૂબી એ છે કે જે જ્યાં રોકાય છે તેનો તે કર્તા થાય છે અને તે તેનું કર્મ થાય છે. જ્ઞાની સમજે છે કે જ્ઞાન જ મારું સ્વરૂપ છે, ( જ્ઞાનમાં બીજા અનંતગુણ લઈ લેવા, ) હું જ્ઞાનનો પિંડ આત્મા છું, જ્ઞાન અને આનંદની મૂર્તિ હું છું, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની પ્રતીતિ અને સ્વરૂપમાં ઠરવું તે જ મારું કર્તવ્ય છે, વિકારીભાવો તે હું નથી, તે મારું કર્તવ્ય નથી. જ્ઞાનીને એવો સ્વપરવિવેક, આત્માની ખ્યાતિ એટલે કે આત્માની પ્રસિદ્ધિ અત્યંત અંતરમાં ઉદય પામી છે. લોકો પ્રસિદ્ધિ બહારમાં માને છે, બહારમાં પ્રસિદ્ધિ કાઢવા માગે છે પરંતુ તે પ્રસિદ્ધિ તો ધૂળધાણી અને વા પાણી છે. હું શુદ્ધ, નિર્મળ, શાંત અને પવિત્ર છું એવા સ્વભાવની ખ્યાતિ જ્ઞાનીને અત્યંત ઉદય પામી છે; ભલે અત્યારે કેવળજ્ઞાન પ્રગટ નથી પરંતુ પુણ્યપાપના એક પણ અંશને પોતાપણે સ્વીકારતો નથી એવી ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.

પ્રશ્ન:—આવી અંતરની પ્રસિદ્ધિ જેને પ્રગટ થઈ છે એવા જ્ઞાની ખાય-પીએ ખરા કે નહિ ?

ઉત્તર:—જ્ઞાની ખાતા-પીતા દેખાય ખરા, પરંતુ ખરી રીતે જ્ઞાની ખાતા પણ નથી, પીતા પણ નથી, માંદા પણ હોતા નથી અને સાજા પણ હોતા નથી; તેમ અજ્ઞાની પણ ખાય નહિ, પીએ નહિ, સાજો પણ હોય નહિ અને માંદો પણ હોય નહિ પણ તે માને કે હું ખાઉં છું, પીઉં છું, સાજો છું, માંદો છું, તે તેનું અજ્ઞાન છે.

પરથી જુદાપણાના વિવેકપણે જાણવું તે ભાવનો જ્ઞાની કર્તા છે, વિવેક પૂર્વક પરથી નિવૃત્તપણે સ્વરૂપમાં સ્થિર થવારૂપ અવિકારભાવનો જ્ઞાની કર્તા છે, તે ભાવ જ્ઞાનીનું કર્તવ્ય છે, જ્ઞાનીની તે ફરજ છે.

અજ્ઞાની પોતે પોતાના સ્વરૂપને સમજતો નથી તેથી તે ઠગ છે. અત્યારના માણસો તો કેટલાક એમ કહે છે કે અમારી કેવી ચાલાકી છે! અમે બીજાને છેતરીને કામ કરીએ છીએ! પણ ભાઈ! વાસ્તવિકપણે કોઈ કોઈને ઠગી શકતું નથી, પોતાના ભાવને પોતે જ ઠગે છે, લુચ્ચાઈ કરી તેં, માટે તું જ ઠગાણો, જડ પદાર્થ કોઈવાર તારા થતા નથી, છતાં તું તેને મારા, મારા, એમ માની રહ્યો છે તેથી તું પોતે જ ઠગાયો છે. પરને પોતાનું માનવું તે નુકસાન પોતાથી પોતાને થયું છે. પરવસ્તુનો પલટન સ્વભાવ છે તેથી તે એકરૂપે નહિ રહેતાં પલટી જાય છે, બદલી જાય છે. તે બદલતાં અજ્ઞાનીને

એમ થાય છે કે હાય! હાય! મારી વસ્તુ વહી ગઈ; તેમ માનનારો ઠગ છે. પર વસ્તુને પોતાની માની તેણે પોતાની વસ્તુને પોતાની માની નથી. આત્મામાં પણ બદલવાનો સ્વભાવ છે—આત્મા ફેરફાર થવાના સ્વભાવવાળો છે, તેથી ઊંધી માન્યતામાંથી સવળી માન્યતા કરી શકે છે. અજ્ઞાની પુણ્ય-પાપના ભાવને અને પર રજકણને પોતાના માને છે, પરથી હું જુદો શી રીતે છું તેનું ભાન નથી તેથી તેનું અજ્ઞાનપણે જ કાર્ય થાય છે, અજ્ઞાનીને ભેદજ્ઞાનની જ્યોતિ અત્યંત અસ્ત [illegible] ગઈ છે. જે ભાવ વડે સર્વાર્થસિદ્ધિનો ભવ મળે તે ભાવ પણ મારો નથી તોપછી બાયડી-છોકરાં તો મારાં ક્યાંથી હોય? પરંતુ એવું ભાન અજ્ઞાનીને નહિ હોવાથી તે બધાંને પોતાનાં માને છે કારણ કે તેને ભેદજ્ઞાનજ્યોતિ અત્યંત અસ્ત પામી છે.

અજ્ઞાની એમ માને છે કે ફલાણા ભાઈએ અમુક કામમાં ડહાપણ વાપર્યું તેથી તેને લાખો રૂપિયા મળ્યા, તેમ માનવું તે બધાં ફાંફાં છે. અને પછી અમુક પ્રસંગે તે રૂપિયા જાય તેમ હતા પણ તેને તે વેપાર બંધ કરી દીધો એટલે રહી ગયા, એવી માન્યતા બધી અજ્ઞાનતા છે. અજ્ઞાની એમ માને છે કે વસ્તુને હું હલાવી-ચલાવી શકું છું. દેખાય છે એમ કે વસ્તુ ફરે છે છતાં તે માને છે કે હું ફેરવું છું. તેં શું ફેરવ્યું? તેં તારો વિકલ્પ ફેરવ્યો, બાકી પરવસ્તુને ફેરવવી આત્માના હાથની વાત નથી, એક પરમાણુને એક ક્ષેત્રથી બીજે લઈ જવાની તાકાત ત્રણકાળમાં કોઈની નથી. અરે ભગવાન! તું તો જડથી જુદો ને રાગ-દ્વેષનો નાશક છો એને બદલે એમ માને છે કે રાગ-દ્વેષનો ઉત્પાદક પરનો સંગ્રાહક અને પરનો કર્તા તે તારું અજ્ઞાન છે.

જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન થયું છે, સ્વ એટલે પોતે અવિકારી વસ્તુ, પર એટલે વિકારીભાવ અને જડ પદાર્થો-તેનું ભેદજ્ઞાન થયું છે, સ્વસ્વરૂપની ઓળખાણ થઈને સ્વરૂપમાં લીન થાય ને પરભાવોથી નિવૃત્ત થાય. બસ આ જ માર્ગ છે. આ સિવાય બીજો કોઈ માર્ગ છે નહિ. જ્ઞાની જ્ઞાનનો કર્તા છે, અજ્ઞાની ભેદજ્ઞાન પ્રગટ નહિ થયું હોવાથી અજ્ઞાનનો કર્તા છે. ૧૨૬.

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છે:—

अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि।
णाणमओ णाणिस्सदुण कुणदि तह्मादु कम्माणि ॥१२७॥

અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.

અર્થ:—અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવ છે તેથી અજ્ઞાની કર્મોને કરે છે, અને જ્ઞાનીને તો જ્ઞાનમય (ભાવ) છે તેથી જ્ઞાની કર્મોને કરતો નથી.

આત્માના નિર્મળ-પવિત્ર સ્વભાવનો અજાણ અજ્ઞાની રાગ-દ્વેષ અને અજાણ અવસ્થાનો કર્તા થાય છે અને ત્યાં જ રોકાઈ જાય છે, જ્ઞાનીને પોતાના સ્વભાવની ઓળખાણ હોવાથી પોતામાં લીન થતો સ્વમાં રોકાય છે, તેનો કર્તા થાય છે.

અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે.

સમ્યક્ પ્રકારે કહીને "સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ:" એ બધું લીધું છે. તે ત્રણેથી અજ્ઞાની ભ્રષ્ટ થયો છે. આત્મા અનંતગુણમૂર્તિ પવિત્ર નિર્દોષ છે, એની પ્રસિદ્ધિ જેને આથમી ગઈ છે, એવા ભેદજ્ઞાનની જ્યોતિ જેને અસ્ત થઈ ગઈ છે તેવો અજ્ઞાની પરનાં કામ મારાં છે એમ માની ત્યાં અટકી ગયો છે; રાગ-દ્વેષ, શરીર વાણી-મન તે બધાં મારાં છે અને હું તે-મય છું, તેમ બન્નેના એકત્વની ટેવમાં ટેવાઈ ગયેલો પોતાનું જ્ઞાનદર્શનમય અનાકુળ સ્વરૂપ છે તેનાથી ભ્રષ્ટ થયો છે, પર એવા રાગ-દ્વેષ સાથે એક થઈને તેને અહંકાર પ્રવર્ત્યો છે. જ્ઞાનીને દઢતા છે ત્યારે અજ્ઞાનીને અહંકાર પ્રવર્ત્યો છે. ખરેખર, રાગ તે હું નથી તેવા સ્વભાવની ખબર નથી તેથી ખરેખર રાગ તે હું છું, દ્વેષ તે હું છું, પ્રતિકૂળતા આવે તો મને અણગમો જ થાય, અનુકૂળતા આવે તો રાગ જ થાય એમ અજ્ઞાની પોતાને વિકારીભાવ જેવડો જ માને છે. રાગ-દ્વેષ મારા સ્વભાવમાંથી આવે છે, રાગ-દ્વેષ મારું કર્તવ્ય છે, મારી ફરજ છે, મારાં કાર્ય છે, હું જો રાગ-દ્વેષ ન કરું તો કોણ કરે એમ રાગદ્વેષી, ક્રોધી, માની, કપટી, લોભી પોતાના વીતરાગસ્વભાવને ચૂકીને અજ્ઞાની સ્વભાવનો અજાણ, એ ખબરો, પુણ્ય-પાપનાં કાર્યને પોતાનું કર્તવ્ય માની તે ભાવનો કર્તા થાય છે. કાયમી વસ્તુ નિર્મળ છે, તેના ગુણ પણ નિર્મળ છે. અનંત જેનું સામર્થ્ય છે એવા સ્વભાવથી ભ્રષ્ટ થયેલો પરભાવને કરતો, પોતાના સ્વભાવનાં જ્ઞાન, શ્રદ્ધા અને ઠરવાનું છોડી દે છે.

અજ્ઞાની એમ માને છે કે આ ઠેકાણે અમે ઊભા હતા તો આ કામ સરખાં થયાં, સરેડે ચડયાં, અમારી બે દિવસની ગેરહાજરી હોય તો કામ વેડફાઈ જાય છે. અરે ભાઈ! એ તો વેડફાવાના હોય તો વેડફાઈ જાય જ તેમાં કોઈનું કાંઈ ન ચાલે, માત્ર અહંકાર કરીને તારા ભાવમાં તેં નુકશાન કર્યું. પરની કોઈપણ અવસ્થા સંયોગે બને, તેને આત્મા કરે નહિ, અવસ્થા થાય કોઈથી ને કરનાર કોઈ બીજો બને તે ચોખ્ખું અસત્ય છે તેને સત્ય કેમ મનાય? કોઈ કહે કે મેં આ બધું ભેગું કર્યું તો

આ સારા પ્રસંગો ઊકલ્યા. અરે ભાઈ! જે સંયોગો ભેગા થવાના હોય તેને કોઈ આત્મા ભેગા કરી આપે કે મેળવી આપે તેમ કહેવું તે તદ્દન અસત્ય જ છે, કોઈ કહે કે મારો હાથ હળવો માટે આ ચીજ સારી થાય છે તેમ માનવું તે બધા ગપગોળા છે. એક પરમાણુ જેવા અનંત પરમાણુનું દળ-તેનાં લુગડાં, મકાન, કાગળ, કલમ તે બધાં તેની મેળે પરિણમીને થાય છે. અજ્ઞાની માને છે કે હું કરું છું તે ભાવનો તે કર્તા થાય છે.

જ્ઞાનીને તો સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી જ્ઞાનમય ભાવ જ હોય છે.

જ્ઞાનીને તો હું પરદ્રવ્યથી અને પરભાવથી તદ્દન જુદો આત્મા છું, ચેતનામય મારું સ્વરૂપ છે એટલે કે જાણવાં-દેખવારૂપ ટકી જવું તે મારું સ્વરૂપ છે, હા-ના નું જરા-પણ ઉત્થાન થવારૂપ ભાવ તે મારૂં સ્વરૂપ નથી, એ રીતે જ્ઞાનીને ભિન્ન આત્માની પ્રસિદ્ધિ અત્યંત ઉદય પામી છે-પ્રગટ થઈ છે. એ રીતે ધર્મી જીવ મોક્ષના પંથે પડેલો, સ્વતંત્રતાના રાહે ચડેલો, જ્ઞાન, જ્ઞાનની પ્રતીતિ, જ્ઞાનનું ઠરવું-તેનો કર્તા છે, હું જાણનારો જ છું, દેખનારો જ છું, સાક્ષીરૂપે રહેનારો છું તેવું જેને ભાન છે તેને મેં આ કર્યું કે મેં આ ન કર્યું તેવો ભાવ ત્રણકાળ ત્રણલોકમાં કર્તાબુદ્ધિએ હોતો નથી, હું બીજાને સમજાવી શકું, મારાથી બીજા સમજી જાય છે એવી માન્યતા ત્રણકાળ ત્રણ-લોકમાં જ્ઞાનીને ન હોય; એની સમજવાની લાયકાત એના પોતાથી જ છે, એની સમજવાની અવસ્થા એનાથી જ થઈ છે.

જ્ઞાનીને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી જ્ઞાનમય જ ભાવ હોય છે; અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિત) થયેલો, પર એવાં રાગ-દ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી); તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી.

જ્ઞાનીને સ્વપરના વિવેકી જ્ઞાન વડે ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે તેથી સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે. જ્ઞાની જાણે છે કે પર અને હું ત્રણેકાળે જુદા છીએ, પરનો અને મારો કોઈ કાળે મેળ

નથી, તેવી રીતે જ્ઞાનીને સ્વપરની તદ્દન ભિન્નતા ભાસી છે. અજ્ઞાનમાં "સ્વપરના એકત્વપણાથી" એમ આચાર્યદેવે કહ્યું હતું અને અહીં જ્ઞાનીને "નાનાત્વ એટલે જુદા-પણાના બોધને લીધે" એમ કહ્યું છે. અજ્ઞાની સ્વભાવથી ભ્રષ્ટ થયેલો છે તેથી પુણ્ય અને પાપનાં કામ મારાં છે. એમ માની ત્યાં રોકાઈ રહ્યો છે અને જ્ઞાની પોતાના સ્વભાવમાં સુનિર્વિષ્ટ એટલે કે સમ્યક્પ્રકારે નિવિષ્ટ એટલે કે સ્થિર થયો છે, અને પર એવા રાગ-દ્વેષથી એટલે કે પુણ્ય-પાપના પરિણામથી પૃથગ્ભૂતપણાને લીધે હું જુદો છું, મારું સ્વરૂપ જાણવા સિવાય કાંઈ નથી એવો જ્ઞાનીને વિવેક વર્તે છે. જાણવામાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ અનંત ગુણ ભેગા આવી જાય છે. અજ્ઞાની પરને પોતાનું માનીને અહંકારે પ્રવર્ત્યો છે અને જ્ઞાનીને સ્વભાવમાં સ્થિત થતાં નિજરસ પ્રગટયો છે અને તે નિજરસના પ્રગટવાથી અહંકાર સહજ નિવર્ત્યો છે. હા અને ના ના ખદબદાટના જે જે વિકલ્પો ઊઠે તે મારા કાંઈ પણ છે નહિ, પુરુષાર્થની નબળાઈથી તે પરિણામ આવે છે પણ તે મારું સ્વરૂપ નથી, જ્ઞાનીને સ્વભાવનું જ્ઞાન, સ્વભાવની પ્રતીતિ અને સ્વભાવનું આચરણ પ્રગટ થયાં હોવાથી પર તે હું છું એવી અહંબુદ્ધિ સહજ નિવૃત્ત પામી છે.

જ્ઞાનીને પોતાના સ્વભાવથી સુખ છે, અજ્ઞાની બીજા મને સારો કહે, મોટો કહે તેમ માનીને સુખ માને છે; બહારનાં કાર્યોમાં કોઈ પૂછવા ન આવે તોપણ પોતાની મેળે સલાહ આપ્યા કરે અને બીજા ન માને તો તેને દુઃખ થાય; જ્ઞાનીને તો સામા પૂછવા આવે અને ન માને તોપણ તેનું સુખ જાય નહિ. અણસમજુ અજ્ઞાનીને તો એમ થાય કે પહેલાં મારા પિતા હતા તેથી મભો હતો, પણ હવે મભો ન રહ્યો, પહેલાં મારું બધા માનતા હતા, હવે કોઈ મારું માનતા નથી. અરે ભાઈ! તે માને તોપણ તેને કારણે અને ન માને તોપણ તેને કારણે, તારું માનવું તારામાં છે અને સામાનું માનવું સામામાં છે. જ્ઞાની સમજે છે કે મારું કોઈએ માન્યું નથી, મેં કોઈનું માન્યું નથી, મેં સલાહ કોઈને આપી નથી અને કોઈની સલાહ મેં લીધી નથી, મારો મભો પહેલાં કોઈએ રાખ્યો નથી અને મારો મભો કોઈ દિવસ ટળ્યો નથી; જ્ઞાનીને શાંતરસનો અનુભવ હોવાથી પરનો અહંકાર નિવૃત્ત થયો છે. જે વાત પોતાને બેસે છે, ગોઠે છે તેને જ સૌ માની રહ્યું છે એટલે કે સૌ પોતે પોતાને જ માની રહ્યું છે, પરનું માન્યું તેમ કહેવું તે ઉપચાર છે.

દરેક આત્મા પોતે સ્વતંત્રપણે પોતાના સ્વભાવનો કરનાર અને ઠરનાર છે, પરનું કાંઈ પણ કરી શકે નહિ. ત્રિલોકનાથ તીર્થંકરદેવ જે અનંત વીર્યની મૂર્તિ છે તેઓ પણ પરનું કાંઈ કરી શકયા નથી તો પછી પામરના શ્યા ગજા! મફતનાં ખોટાં અભિમાન

અજ્ઞાની કરે છે. અજ્ઞાની કહે છે કે એવી સારી સલાહ બીજાને આપીએ કે તે માન્યા વિના રહે નહિ! પણ ભાઈ! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. સામો બીજાનું માને છે તે પોતે સ્વતંત્રપણે માને છે, કોઈ તેને પરાણે મનાવી દેતું નથી, માત્ર અજ્ઞાનીને એવી ભ્રાંતિ છે કે હું પરને મનાવી દઉં છું. ચૈતન્યના જ્ઞાનગુણથી ભ્રષ્ટ થયેલાને અહંકાર થયા વિના રહે નહિ.

જ્ઞાનીને સ્વપરનો વિવેક હોવાથી પરથી જુદાપણાની શ્રદ્ધા ને જ્ઞાન હોવાથી, શ્રદ્ધા-જ્ઞાન અને નિજરસનો અનુભવ હોવાથી પરના અહંકારથી નિવર્ત્યો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, જાણવા અને દેખવા સિવાય આત્માનું બીજું કાંઈ કર્તવ્ય છે નહિ. જ્ઞાની સાક્ષીપણે રહેતો થકો રાગી-દ્વેષી થતો નથી એટલે કે રાગ-દ્વેષનો કર્તા થતો નથી. બધાં દ્રવ્યો તદ્દન જુદે જુદાં-સ્વતંત્ર છે. સૌ સૌના સ્વભાવના ઢગલા સ્વતંત્ર–જુદા છે. જ્ઞાની કેવળ જાણે જ છે. અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને પણ જાણે છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો અનંતો કષાય ટળી ગયો છે અને જે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો કર્તા થતો નથી તેથી જ્ઞાની રાગી-દ્વેષી થતો નથી તેમ કહ્યું છે; અલ્પ રાગ-દ્વેષ થાય છે તે ગૌણ છે. અનુકૂળતાના રાગમાં અને પ્રતિકૂળતાના દ્વેષમાં જ્ઞાની અટકતો નથી તેથી પોતાથી પર એવા-વિકારી ભાવને નહિ કરતો થકો કર્મને પણ કરતો નથી. આચાર્યદેવે એવી સ્પષ્ટ–સહેલી અને સુગમ ટીકા કરી છે કે બાળક પણ જો ધ્યાન રાખે તો તેને પણ સમજાઈ જાય તેવી વાત છે. આચાર્યદેવની કહેવાની રીત એવી સરસ છે કે વસ્તુસ્વરૂપનું રહસ્ય સીધી રીતે સમજાઈ જાય, એવા સરલ ભાવ–સીધાભાવ કહેવાની સીધી ઢબ એકેક ગાથામાં છે કે એકદમ સમજાઈ જાય.

ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય આવતાં ચૈતન્યના ઉપયોગમાં રાગ-દ્વેષની કલુષિતતાનો સ્વાદ આવતાં તે જ હું છું તેમ રાગ-દ્વેષમાં અહંબુદ્ધિ કરતો, સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી અજ્ઞાની અજાણ પોતાને રાગી-દ્વેષી કરે છે, પોતાના સ્વભાવમાં નથી એવા નિમિત્તાધીન ભાવને પોતાના કરીને તેનો જ કર્તા થાય છે અને તે રીતે અજ્ઞાનભાવથી કર્મબંધ થાય છે.

જ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે એકલો શુદ્ધ પરથી ઉપાધિ વગરનો જ્ઞાનમાત્ર શુદ્ધોપયોગ છે તે જ હું છું, તે જ મારું સ્વરૂપ છે; રાગ-દ્વેષ છે તે મારું સ્વરૂપ નથી તેમ રાગ-દ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો થકો જ્ઞાની પોતાને રાગી-દ્વેષી કરતો નથી, કેવળ જ્ઞાતા જ રહે છે તેથી તે કર્મોને કરતો નથી. આ પ્રમાણે સ્વભાવનું ભાન થવાથી વિકારભાવ થતો નથી અને નવાં કર્મ પણ બંધાતા નથી.

૨૦૦૦ કારતક વદ ૬ બુધ.

જડના પરિણામ જડથી થાય અને આત્માના પરિણામ આત્માથી થાય. જ્ઞાનભાવથી જ્ઞાનઅવસ્થા થાય અને અજ્ઞાનભાવથી અજ્ઞાનઅવસ્થા થાય. અજ્ઞાની રાગ-દ્વેષની અવસ્થા કરે અને જ્ઞાની જાણવાની અવસ્થા કરે.

હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે :—

( આર્યા )

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः ।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः ॥६६॥

અર્થ:—અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય અને અન્ય (અર્થાત્ અજ્ઞાનમય) ન હોય? વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય અને અન્ય (અર્થાત્ જ્ઞાનમય) ન હોય?

ધર્મી જીવને બધા ધર્મમય જ ભાવ કેમ હોય એમ શિષ્યનો પ્રશ્ન છે. જ્ઞાની લડાઈમાં ઊભો હોય તોપણ તેનું આત્મભાવમય જ કાર્ય છે, લડાઈનું કાર્ય જ્ઞાનીનું નથી, ધર્મી જીવ લડાઈમાં કે વેપારમાં ક્યાંય ઊભો નથી પણ આત્મામાં ઊભો છે. અજ્ઞાનીને બધા અધર્મમય ભાવ કેમ હોય અને જ્ઞાનીને બધા ધર્મમય ભાવ કેમ હોય? એમ શિષ્યનો પ્રશ્ન છે. ૧૨૭.

આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે:—

**णाणमया भावाओ णाणमओ चेव जायए भावो ।**
**जह्मा तह्मा णाणिस्स सव्वे भावा हु णाणमया ॥१२८॥**
**अण्णाणमया भावा अण्णाणो चेव जायए भावो ।**
**जह्मा तह्मा भावा अण्णाणमया अणाणिस्स ॥१२९॥**

અર્થ—કારણ કે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનીના સર્વ ભાવો ખરેખર જ્ઞાનમય જ હોય છે. અને, કારણ કે અજ્ઞાનમય ભાવમાંથી

---

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઉપજે,
તે કારણે જ્ઞાનીતણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.
અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઉપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.

અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય જ હોય છે.

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે ધર્મીને તો ક્ષણે ક્ષણે ધર્મ જ થયા કરે અને અધર્મીને તો ક્ષણે ક્ષણે અધર્મ જ થયા કરે તે કઈ રીતે છે?

જ્ઞાનીને 'હું નિર્મળચૈતન્યસ્વરૂપ છું' તેવું ભાન છે, તેની દૃષ્ટિ બધા પ્રવર્તનમાં સ્વભાવ ઉપર જ ઊભી છે તેથી જ્ઞાની ગમે તેવા સંયોગોમાં ઊભો હોય તો પણ તેના બધા ભાવો જ્ઞાનમય જ હોય છે. જ્ઞાની વેપારમાં કે દુકાનમાં બહારથી ઊભો દેખાય પણ ખરી રીતે તે વેપારમાં કે દુકાનમાં ઊભો નથી પણ સ્વભાવમાં ઊભો છે કારણ કે તેની દૃષ્ટિ સ્વભાવ તરફ જ છે. રાગ-દ્વેષના વિકારથી નિરાળો આત્મસ્વભાવ તેના જ્ઞાનમાં વર્તી રહ્યો છે અને તેમાં અંશે ઠર્યો છે. વળી ઠરવાનો પ્રયત્ન પણ ચાલુ છે, જે શુભાશુભ પરિણામ આવે તેને સ્વભાવની દિશામાં ઊભો રહીને સાક્ષીપણે જાણ્યા કરે છે તેથી જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ છે.

અજ્ઞાની ધર્મશ્રવણ કરવા બેઠો હોય પણ તેની દૃષ્ટિ ઊંધી છે, 'પર તે હું છું' એવી પર સાથે એકત્વબુદ્ધિ ઊભી છે તેથી અજ્ઞાની ગમે તે સંયોગમાં ઊભો હોય તોપણ તેના બધા ભાવ અજ્ઞાનમય છે; ધર્મશ્રવણ કરીને પોતાના નિરાળા સ્વભાવનો નિર્ણય કરે તે વાત જુદી રહી જાય છે. ધર્મી-અધર્મીનું માપ બહારના પ્રવર્તન ઉપર નથી.

જ્ઞાની ગમે તેવા બહારના પ્રસંગોમાં ઊભો હોય તોપણ ક્ષણે ક્ષણે સ્વભાવની વૃદ્ધિ જ કરે છે, બહારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં જ્ઞાનીને ઉદાસીન ભાવ વર્તે છે, જ્ઞાનમયભાવ, પવિત્રતામયભાવ, સ્વભાવમયભાવ, ગમે તે કાળે, ગમે તે સંયોગે, ગમે તે ક્ષેત્રે પણ ધર્મીને પવિત્રતામય જ હોય છે; તે ભાવ છૂટતો નથી, તેનો વિરહ પડતો નથી, કાયમ રહે છે; ગમે તે કાળે, ગમે તેવા સંયોગમાં તેને દૃષ્ટિનો વિરહ પડતો નથી, અમુક જગ્યાએ બેઠો હોય જેમકે મંદિરમાં બેઠો હોય તો ધર્મ થાય ને દુકાનમાં કે ઘરમાં બેઠો હોય તો ધર્મ ન થાય તેમ નથી.

અજ્ઞાનીને અજ્ઞાનમય દૃષ્ટિ છે તેથી પૂંજણીથી પૂંજતો હોય તોપણ અધર્મ થાય ને જ્ઞાનીને જ્ઞાનમય દૃષ્ટિ હોવાથી દુકાને બેઠો હોય કે લડાઈમાં ઊભો હોય તોપણ તેને ધર્મ થાય છે. દુકાનના વેપારથી જ્ઞાનીને ધર્મ થતો નથી પણ તેની દૃષ્ટિ સ્વભાવમાં ઊભી છે તે વડે ધર્મ થાય છે.

સાતમ આઠમનો મેળો હોય, કોઈ ઢેઢયા ભેગા થયા હોય અને ફજેતફાળકે ફરતા હોય, એમાં વાણિયો ફજેતફાળકામાં બેસી ગયો હોય તો તેમાં બેસવા માત્રથી કાંઈ વાણિયો ઢેઢ થઈ જાય? તેને શંકા પણ પડતી નથી કે મારી જાત વાણિયાની છે

તે ફીટીને હું ઢેઢ થઈ ગયો હઈશ? તેને તો નિઃશંકતા જ છે કે હું તો વાણિયો જ છું; ફજેતફાળકામાં બેસવાની ઇચ્છા થઈ તેથી અહીં આવ્યો છું પણ મારી જાત તો જે છે તે જ છે. જ્ઞાનીને નરકનું આયુષ્ય પહેલાં બંધાઈ ગયું હોય તો નરકમાં પણ જાય છતાં તે પોતાની જાતને ભૂલતો નથી, તેને પોતાના સુખની તૃપ્તિ વર્તે છે તેથી પરમાં ક્યાંય સુખબુદ્ધિ થતી નથી, તેનો જ્ઞાનમયભાવ વધ્યે જ જાય છે. જુઓ ભાઈ! આ સ્વચ્છંદની વાત નથી, ગમે તેમ વિષય કષાય સેવે પણ વાંધો નથી એમ નથી, જ્ઞાનીને અલ્પ રાગ છે તેથી ગૃહસ્થાશ્રમમાં ઊભો છે પણ જે દૃષ્ટિ ઊભી છે તેનાથી તો ધર્મ જ થાય છે, રાગ છે તેને પુરુષાર્થ વડે ટાળીને મુનિપણું લઈને સ્થિરતા વધારીને ક્રમે ક્રમે કેવળજ્ઞાન લેવાનો છે.

જ્ઞાનીને અલ્પ અસ્થિરતા થાય છે પણ અજ્ઞાની કરતાં જ્ઞાનીના અંતરમાં મોટો ફરક પડી ગયો હોય છે, ચોરાશી લાખના પરિભ્રમણમાંથી જેની વૃત્તિ ઊઠી ગઈ છે, પરપદાર્થમાંથી મારાપણાની બુદ્ધિ ખસી ગઈ છે, પરમાંથી સુખબુદ્ધિ જતી રહી છે, અલ્પ અસ્થિરતાને કારણે જરા રાગની વૃત્તિ રહી છે; શરીર, વાણી, મનના વિકલ્પ વગરનો ચૈતન્યગોળો છૂટો છું, જાણનાર ને દેખનાર સ્વરૂપે હું ત્રિકાળ છું એવી નિરંતર જ્ઞાન અને પ્રતીત જ્ઞાનીને વર્ત્યા જ કરે છે, એવી દશામાં જ્ઞાનીને ગમે તે બહારનું કાર્ય થતું હોય તોપણ જ્ઞાનભાવ વધ્યે જ જાય છે. જ્ઞાનીને ગમે તે બહારનું કાર્ય થતું હોય-એનો અર્થ એવો નથી કે જ્ઞાની અણછાજતા અનીતિના આચરણમાં વર્તતા હોય. જ્ઞાનીને તીવ્ર વિષય-કષાયના અણછાજતા અનીતિના આચરણ હોય જ નહિ. ગમે તે બહારનું કાર્ય થતું હોય એનો અર્થ એવો છે કે જ્ઞાની પોતાની યથાયોગ્ય પદવી અનુસાર રાજ, લડાઈ, સ્ત્રી, કુટુંબ વગેરે ગૃહસ્થાશ્રમનાં કાર્યોમાં ઊભા હોય છે તોપણ પરથી જુદાપણાની જ્ઞાન અને પ્રતીત વર્ત્યા જ કરે છે તેથી જ્ઞાનમયભાવ વધ્યે જ જાય છે.

ચૌદ બ્રહ્માંડના ભાવનો, ચૌદ બ્રહ્માંડના પરમાણુનો ધણી થાય છે તે અજ્ઞાની છે. એવા અજ્ઞાનીનાં વ્રત, તપ, જપ, પૂજા, ભક્તિ બધું અજ્ઞાનમય છે, તે ગમે ત્યાં ઊભો વિકારભાવને પોતાના માનતો, નિર્વિકારીસ્વભાવને ભૂલતો એકલા અજ્ઞાનમયભાવની જ ઉત્પત્તિ કરે છે, વિકાર અને તેનાં ફળ-સ્ત્રી, કુટુંબાદિ બહારનો સંયોગ તે બધાનો કર્તા થઈને ઊભો છે કારણ કે તેની દૃષ્ટિ પર ઉપર છે તેથી તેના બધા ભાવો અજ્ઞાનમય છે, વસ્તુસ્થિતિ શું છે તેનાં દર્શન અને બોધનથી અજાણ છે તેથી અજ્ઞાનપણાને નહિ ઉલંઘતો વિકારભાવને કર્યે જ જાય છે. અસંગસ્વભાવ અને નિર્મળસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી તેની દૃષ્ટિ મલિનતા અને સંયોગ ઉપર છે તેથી

મલિનતાને જ ઉત્પન્ન કરે છે, ગમે તે સંગ-પ્રસંગમાં આવે ત્યાં તે અજ્ઞાનને પોષણ મળે તેવું જ ગ્રહણ કરે છે, જ્ઞાની સવળું કહે તોપણ પોતે ઊંધું માની લે છે, વાત સાચી હોય તોપણ અજ્ઞાની ઊંધું ગ્રહે છે, હું પરથી છૂટું તત્ત્વ છું તેવું પરિણમન નથી તેથી ગમે ત્યાં અજ્ઞાનના ભાવની મીઠાશને વેદતો હોય છે, પછી ભલે ભગવાનની પૂજા-ભક્તિમાં બેઠો હોય તોપણ અજ્ઞાનભાવની મીઠાશને વેદતો હોય છે.

જ્ઞાની ગમે તેવા પ્રસંગમાં ઊભો હોય છતાં તેના બધા ભાવ જ્ઞાનમય છે—ધર્મમય છે; દયા, પૂજા, ભક્તિ વગેરે બધું તેને માટે જ્ઞાનમય છે. આત્માની નિર્મળ દૃષ્ટિમાં જે ભાવ થાય તે બધા નિર્મળ જ હોય છે. જ્ઞાની સમજે છે કે મારો સ્વભાવ આનંદમય છે તેથી જ્ઞાન, દર્શન અને અંતર રમણતાને નહિ ઉલંઘતો જ્ઞાની ધર્મમય છે, સ્વભાવના સ્વામીપણા સિવાય એક વિકલ્પનું પણ ધણીપણું જ્ઞાનીને નથી તેથી ત્યાં સ્વભાવની અને પવિત્રતાની જ વૃદ્ધિ હોય છે.

ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે. અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલંઘતો થકો જ્ઞાનમય જ હોય છે, તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.

જે ભાવે સર્વાર્થસિદ્ધિનો ભવ મળે તે ભાવની પણ જ્ઞાનીને મીઠાશ નથી. સર્વાર્થસિદ્ધિનો ભવ મળે તેવો શુભભાવ જ્ઞાનીને આવે ખરો પણ તે ભાવનો તે જ્ઞાતા રહે છે, તે ભાવની જ્ઞાનીને મીઠાશ નથી પણ બધા ભાવનું તે જ્ઞાન જ કરે છે તેથી તેના બધા ભાવ જ્ઞાનમય જ છે. જેને સર્વાર્થસિદ્ધિના ભાવમાં મીઠાશ નથી તેને કયા ભાવમાં મીઠાશ હોય? જ્ઞાનીને જરા આર્ત્તધ્યાન પણ થઈ જાય પરંતુ તેનો પણ તે જ્ઞાતા છે, આર્ત્તધ્યાનનો નાશ કરીને સ્વભાવની જ વૃદ્ધિ કરે છે. જ્ઞાની બધા ભાવોમાં જ્ઞાનમય ભાવને નહિ ઉલંઘતો હોવાથી તેના બધા ભાવો જ્ઞાનમય છે. જ્ઞાનીનું અંતર પરિણમન અજ્ઞાની કરતાં જુદી જ જાતનું હોય છે.

અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનપણાને નહિ ઉલંઘતા હોવાથી અજ્ઞાનમય છે, અજ્ઞાનીનું પરિણમન સ્વભાવનું ભાન નહિ હોવાથી અજ્ઞાનમય છે. અજ્ઞાનીનાં ક્રોધ-માન-માયા-લોભ બધાં અજ્ઞાનમય છે; તે બધા ભાવમાં મીઠાશને નહિ ઉલંઘતો હોવાથી તેના બધા ભાવ અજ્ઞાનમય છે. આત્માનો શુદ્ધ, પવિત્ર, નિર્મળ ભાવ છે તેનો અજ્ઞાની કર્તા-ભોક્તા થતો નથી પણ પુણ્ય-પાપના ભાવનો કર્તા-ભોક્તા થાય છે તે અજ્ઞાનમય છે,

તે ચોરાશી લાખનાં મૂળિયાં છે અને ચોરાશી લાખને પોષણ આપનાર છે.

સ્વભાવને રસ્તે સત્ય આવે અને અજ્ઞાનને રસ્તે અસત્ય આવે, સત્‌ને રસ્તે ત્રિકાળ સત્ આવે અને અસત્‌ને રસ્તે ત્રિકાળ અસત્ આવે. અજ્ઞાની ગમે ત્યાં જાય કે ગમે ત્યાં ઊભો હોય પણ હું જાણું છું, હું સમજુ છું, આના કરતાં હું વધારે છું, આના કરતાં મને વધારે આવડે છે વગેરે ભાવ તેને આવ્યા વગર રહેતા નથી. અજ્ઞાનીમાં સાક્ષીપણે રહેવાની તાકાત નથી.

જ્ઞાનીને ગમે તે ભાવમાં, ગમે તે પ્રસંગમાં સાક્ષીપણે રહેવાની તાકાત છે, બધા ભાવોની વચ્ચે પોતે સાક્ષીપણે રહી શકે છે; અજ્ઞાનીને જ્યાં હોય ત્યાં હું અને મારું કર્યું થાય છે તેવો ભાવ આવ્યા વગર રહેતો નથી. જ્ઞાની બધેથી ઊઠી ગયો છે અને અજ્ઞાની બધે ચોંટયો છે.

વસ્તુ જેમ છે તેમ રહેશે, અજ્ઞાનીની કલ્પનાથી વસ્તુ ફરવાની નથી. વસ્તુને જેમ છે તેમ રહેવા દો, કલ્પનાથી ઘાલમેલ ન કરો, કોઈ વસ્તુ કોઈનું કાંઈ કરી શકતી નથી. ધર્મનું મૂળિયું સમ્યગ્જ્ઞાન છે અને અધર્મનું મૂળિયું અજ્ઞાન છે.

જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ હોય છે, જ્ઞાનીના અંતર્ કાળજાની પવિત્રતા જોયા વગર બહારથી કલ્પના કરશો નહિ, તેથી એમ સમજવાનું નથી કે જ્ઞાની અંધાધુંધ અન્યાય ને અનીતિના આચરણ કરે; જ્ઞાનીને અંધાધુંધ અન્યાય અને અનીતિના આચરણ હોય નહિ.

જ્ઞાની ઝવેરાતનો વેપાર કરતો હોય તોપણ તેની દૃષ્ટિ આત્મા ઉપર જ છે. અજ્ઞાની અનંતવાર ત્યાગી થઈ નવ ગ્રૈવેયક ગયો પણ અંતરદૃષ્ટિથી ત્યાગ વગર તેને ખરો ત્યાગ આવ્યો નહિ.

આ માણસ ઊંચી જાતનો છે માટે તે ઊંચો છે ને આ માણસ નીચી જાતનો છે માટે તે નીચો છે તે પરીક્ષાની દૃષ્ટિ નથી. ઊંચા-નીચા સ્થાન ઉપર નહિ જોતાં એની દૃષ્ટિ વિકાર ઉપર છે કે અવિકારી આત્મા ઉપર છે તે ઉપર માપ છે. દૃષ્ટિ સમ્યક્ હોય છતાં પણ પોતપોતાની ભૂમિકા પ્રમાણે શુભાશુભ ભાવ જ્ઞાનીને આવે ખરા પરંતુ તે સ્વચ્છંદી ન હોય; તે સમજે કે મારા પુરુષાર્થની મંદતા છે એટલે આ ભાવો આવે છે, આ ક્ષણે વીતરાગ થવાતું હોય તો આ કાંઈ જોઈતું નથી. ક્ષણે ક્ષણે જ્ઞાનીનો પુરુષાર્થ તો ચાલુ છે તોપણ પુરુષાર્થ મંદ રહે છે, ત્યાંસુધી વીતરાગ થવાતું નથી. જ્ઞાનીને આર્ત્તધ્યાન પણ થઈ જાય પરંતુ તે બધું ટળી જઈને તેને નિર્જરાની જ વૃદ્ધિ

થાય છે—જ્ઞાનની જ વૃદ્ધિ થાય છે. અજ્ઞાની હજારો રાણી અને રાજને છોડીને ત્યાગી થયો હોય, પછી એટલું બધું બહારથી સહન કરે કે કોઈ બાળી મૂકે તોપણ મનથી ક્રોધ ન કરે, એવો શુભભાવ કરે કે પોતે પણ રાજી થાય અને બીજા દેખનારા પણ રાજી થઈ જાય; પરંતુ શુભભાવ ઉપર કાંઈ અંતરનું માપ નથી. બહારથી દયા પાળતો હોય, પૂજા કરતો હોય તોપણ અજ્ઞાનપણાના ભાવને ઉલંઘતો નથી. જ્યાંસુધી બધા શુભાશુભ પરિણામથી નિરાળા આત્મસ્વભાવનું ભાન નથી ત્યાંસુધી તે અજ્ઞાનપણાને ઉલંઘતો નથી.

હવે કળશરૂપ કાવ્ય કહે છે:—

( અનુષ્ટુપ્ )

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि ।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवंत्यज्ञानिनस्तु ते ॥ ६७ ॥

અર્થઃ—જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનથી નીપજેલા ( -રચાયેલા ) હોય છે અને અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનથી નીપજેલા ( -રચાયેલા ) હોય છે.

જ્ઞાનીનું પરિણમન બદલાઈ ગયું છે, દૃષ્ટિ બદલાઈ ગઈ છે, દિશા બદલાઈ ગઈ છે તેથી જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનથી રચાયેલા હોય છે, ધર્મીના સર્વ ભાવો આત્માની દૃષ્ટિથી નીપજેલા હોય છે. અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનથી ઉપજેલા હોય છે; અજ્ઞાનીના સર્વ ભાવો ચોરાશીના ચક્રમાં ભમવાના હોય છે. અહીં ધર્મીને અલ્પ રાગ-દ્વેષ થાય છે તે વાતને ગૌણ કરી છે, તે ભાવો ટાળવા ખાતર છે, જ્ઞાની તે ભાવનો સ્વામી થતો નથી માટે જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનથી જ રચાયેલા હોય છે.

કોઈ માણસને એવી પ્રતિકૂળતા હોય કે જેથી કોઈ તેને મા અને દીકરી-બેનની ગાળો દે, કાને કીડા ખરે તેવી ગાળો દે તો તેને તે સારી માને? ન જ માને. હજારો માણસની વચ્ચે બેઠો હોય, સામો માણસ જનેતા અને બેનની ગાળો દેતો હોય, બધા તેને કહે કે જો આ તને ગાળો દે છે, તું કેમ બેઠો છો? ત્યારે તે કહે કે શું કરું? બિલકુલ અંતરમાં તો રુચતું નથી પણ પ્રતિકૂળતાનો સંયોગ આવી પડ્યો ત્યાં શું થાય? તે ગાળો આપે એમ હું ભાવના ભાવતો નથી; એમ સમ્યગ્જ્ઞાની પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપના સંયોગોને ગાળોની જેમ માને છે. જેમ પેલા માણસને ગાળોની રુચિ નથી તેમ આને પુણ્ય-પાપના ભાવોની રુચિ નથી, જેમ પેલો માણસ ગાળોની ભાવના ભાવતો નથી તેમ આ પુણ્ય-પાપના ભાવોની ભાવના ભાવતો નથી પરંતુ પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે. ઉદયનો સંયોગ પણ ઊભો હોય છે, પણ

તેને પોતાનું સ્વરૂપ માનતો નથી, તેમાં તેને રુચિ નથી કે એકત્વબુદ્ધિ નથી.

અજ્ઞાનીને તો પરનું અભિમાન છે કે આ મેં છોડયું, આ મેં મૂકયું ને આ મેં ગ્રહ્યું. સ્વભાવના સત્તાસ્થળને જાણતો નથી ને ગ્રહવા-મૂકવાના અભિમાનથી ભરેલો છે તેથી તે ત્યાગી છતાં અત્યાગી છે; અંતરથી આસક્તિ ટળી નથી, અંતરમાં આત્માનું ભાન કરીને, સ્વરૂપમાં રમણતા કરીને આસક્તિ ટાળી નથી, અંતરમાં હજુ બધી આસક્તિ ઊભી છે તેથી તે ત્યાગી છતાં અત્યાગી છે.

પુણ્ય-પાપના ભાવ તે મારા સ્વભાવને-મારા ગુણને ગાળ છે તેમ જ્ઞાની માને છે તેથી તેનો આદર કેમ હોય? ગુણી, ધર્માત્મા, જ્ઞાની પુણ્ય-પાપની વૃત્તિઓને ગાળ સમાન ને સંયોગોને ઉપસર્ગ સમાન સમજે છે.

જેમ કોઈ માણસ ઘણા માણસની વચ્ચે બેઠો હોય ને તેને કોઈ જનેતા અને બેન સમી આકરી ગાળો આપતો હોય ત્યારે કોઈ કહે કે અરે ભાઈ! આવી ગાળો તું સાંભળે છે શું કામ? કાન બંધ કરને? ત્યારે તે કહે કે ભાઈ! મને જનેતા અને બેન સમી ગાળો આપે છે તે મને ઉપસર્ગ આવી પડયો છે એમ જાણી શાંતિ રાખું છું; તેમ જ્ઞાનીને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવતાં તેને તે ઉપસર્ગ માને છે તેથી જ્ઞાનીને ગમે તેવા પ્રસંગોમાં જ્ઞાનભાવની જ વૃદ્ધિ થાય છે, અજ્ઞાનીને અજ્ઞાનભાવને લીધે ગમે તે સંયોગમાં અજ્ઞાનભાવની જ વૃદ્ધિ થાય છે. ૧૨૮-૧૨૯.

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે:—

**कणयमया भावादो जायंते कुंडलादयो भावा।**
**अयमयया भावादो जह जायंते तु कडयादी ॥१३०॥**
**अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते।**
**णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति ॥ १३१ ॥**

અર્થ:—જેમ સુવર્ણમય ભાવમાંથી સુવર્ણમય કુંડલ વગેરે ભાવો થાય છે અને લોહમય ભાવમાંથી લોહમય કડાં વગેરે ભાવો થાય છે, તેમ અજ્ઞાનીને (અજ્ઞાનમય

---

જયમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઉપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.
ત્યમ ભાવ બહુવિધ ઉપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

ભાવમાંથી) અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો થાય છે અને જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) સર્વ જ્ઞાનમય ભાવો થાય છે.

આચાર્યદેવે દૃષ્ટાંત આપ્યું છે કે સુવર્ણમય ધાતુમાંથી સુવર્ણનાં જ કુંડળ-કડાં-બેરખાં વગેરે દાગીના થાય અને લોખંડમાંથી તાવેથા, કડાયાં વગેરે થાય; સુવર્ણમાંથી લોહમય દાગીના ન થાય અને લોહમાંથી સુવર્ણમય દાગીના ન થાય. લોઢું તપે તો તણખા ઊડે અને સોનું તપે તો ચીકણું થઈને ઢીમ થાય; તેમ અજ્ઞાની લોઢા સમાન છે, અજ્ઞાન અને રાગ-દ્વેષના તણખા ઊડે છે તેથી ચારગતિમાં ઊડી ઊડીને ફરે છે અને જ્ઞાની સોના સમાન છે, પરીષહ અને ઉપસર્ગ આવવાથી બહારથી તપીને પોતાના અનંતગુણપિંડસ્વરૂપ આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતામાં એકરૂપ થઈને ઠરીને મુક્તિને પામે છે.

અજ્ઞાનીને શુદ્ધ ચૈતન્યધાતુની ખબર નથી તેથી પુણ્ય-પાપના પરિણામના કાટ-કીટોડાનો ધણી થઈ જાય છે, તે મારા છે અને હું એનો કર્તા છું તેમ સર્વ ભાવોને મારા માને છે. જેમ લોઢામાંથી તાવેથા, કડછી વગેરે થાય તેમ અજ્ઞાનમાંથી સર્વે અજ્ઞાનમય ભાવો જ થાય છે.

અગ્નિથી સોનું ઊનું થાય તોપણ તે સોનાપણાને ન છોડે, તેમ ધર્મીને પ્રતિકૂળતાના સંયોગો આવે તોપણ તે ધર્મ ન છોડે.

અજ્ઞાનીને જ્યાં પ્રતિકૂળ સંયોગો આવે ત્યાં તે ભય અને ત્રાસથી આકુળ-વ્યાકુળ થઈ જાય પરંતુ જ્ઞાની ધર્મને ન છોડે, સ્વભાવની શાંતિ-સમાધિને ન છોડે. જુઓ આ સમ્યગ્જ્ઞાનનું ને સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે, અજ્ઞાનમાં વિવેક નથી પણ જ્ઞાનમાં વિવેક છે.

જેવી રીતે પુદ્‌ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં, કારણ જેવાં કાર્યો થતાં હોવાથી, સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય, અને લોખંડ-મય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય.

જેવી રીતે પરમાણુ સ્વયં-પોતાની મેળે પરિણામસ્વભાવવાળું હોવાથી કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી સોનામાંથી સોનાના જ દાગીના થાય અને લોઢામાંથી લોઢાની જ ચીજ થાય, સોનામાંથી લોઢાની ચીજ ન થાય ને લોઢામાંથી સોનાની ચીજ ન થાય; જેવું કારણ આપો એવું જ કાર્ય થાય. ગમે તેવા સંયોગમાં સોનાપણાને નહિ ઉલ્લંઘતા એવા સોનામાંથી સોનાના જ દાગીના થાય, જેવું કારણ હોય તેવું જ

કાર્ય થાય, સજાતિય કારણ-કાર્ય હોય છે. લોઢું પાંચશેર કે દશશેર હોય તેમાંથી સુવર્ણમય દાગીનાં ન થાય અને સોનું પાંચશેર કે દશશેર હોય તો તેમાંથી લોઢાની ચીજ ન થાય, સોનાના દાગીનામાં સોનાની જ જાત છે અને લોઢાનાં કડાયાં આદિમાં લોઢાની જ જાત છે, સોનાને કાટ ચડે નહિ પણ લોઢાને કાટ ચડી જાય, ગમે તેવા સંયોગમાં પણ લોખંડપણાને નહિ ઉલ્લંઘતા એવા લોઢામાંથી કડાયાં વગેરે લોઢાની જ વસ્તુ થાય પણ સુવર્ણમય ન થાય. આચાર્યદેવે કહ્યું છે કે પુદ્ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું છે એટલે કે સ્વયં બદલે છે તોપણ સોનામાંથી લોઢું ન થાય અને લોઢામાંથી સોનું ન થાય, બંને પુદ્ગલદ્રવ્યો છે તોપણ તેવી રીતે થતું નથી.

તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં, કારણ જેવા જ કાર્યો થતાં હોવાથી, અજ્ઞાનીને—કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને-અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય; અને જ્ઞાનીને—કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા સર્વ જ્ઞાનમય ભાવો જ થાય પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.

જીવ પરિણમનસ્વભાવવાળો હોવાથી જેવાં કારણ તેવાં જ કાર્યો થાય છે, અજ્ઞાનીને અજ્ઞાન કારણ છે માટે કાર્ય પણ અજ્ઞાનનું જ આવે છે. તેની દૃષ્ટિ શરીર, વાણી, મનરૂપી કાટ ઉપર પડી છે પણ વસ્તુસ્વભાવ ઉપર પડી નથી. જીવ પરિણમન-સ્વભાવવાળો હોવાથી ગમે તેમ પરિણમ્યા કરે તેમ નથી પણ જેવી દૃષ્ટિ તેવું કાર્ય આવે. અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર પડી છે તેથી પરભાવમય જ કાર્યો થાય છે, પરિભ્રમણ થાય તેવા ભાવ છે તેથી પરિભ્રમણનાં જ કાર્યો થાય છે. રાગ-દ્વેષ અને પરના કર્તૃત્વની મીઠાશ છે તેને અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અજ્ઞાનમય જ ભાવો થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય. જુઓ! આ ટીકાના પાઠમાંથી એમ નીકળે છે કે અજ્ઞાનમય ભાવમાંથી ગમે તેવા ભાવ કરે તોપણ જ્ઞાનભાવ ન થાય.

લોકો કહે છે કે આપણે પુણ્ય-પાપનાં કાર્ય કરો; એમ કરતાં કરતાં ધર્મ થશે પરંતુ એમ બને નહિ કારણ કે દૃષ્ટિને ફેરવ્યા વિના સ્વભાવનો નિર્મળ પર્યાય પ્રગટે નહિ. ઊંધી દૃષ્ટિ ન ફેરવે તેને ગમે તેવા ઊંચા સંયોગ મળે, સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ તીર્થંકર ભગવાનનો જોગ મળે તોપણ તે ઊંધું ગ્રહણ કરે, ધર્મની વાત થતી હોય તે સાંભળતાં કહે કે એકલી આત્માની જ વાત માંડી છે પણ કાંઈ રોટલાની ખરી કે નહિ? એમ કરીને ઊંધું ગ્રહણ કરે. જ્ઞાની કહે છે કે તમે સંસારની બાહ્યક્રિયા શું કરી શકો છો? એકલા ભાવ જ કરો છો. પરદ્રવ્યનું કોઈ કરી શકતું જ નથી. જ્ઞાની

પણ ભાવ જ કરે છે, બીજું કોઈ પણ કાંઈ પરનું કરી શકે જ નહિ. અજ્ઞાની શું પૈસા વગેરેનો સંગ્રહ કરી શકે છે? ના, કરી શકતો જ નથી, માત્ર ભાવ જ કરે છે; સંગ્રહ વગેરે કર્યા થાય નહિ અને રાખ્યા રહે નહિ તેથી અજ્ઞાની અજ્ઞાનભાવની જ ગડમથલ કર્યા કરે છે, ચોવીશે કલાક તેને તે ભાવ જ હોય છે.

જ્ઞાની સમજે છે કે હું મારા સ્વરૂપથી શરણરૂપ છું, પરથી અશરણ છું; માટે પર તરફ રુચિ કરવી તે મને કર્તવ્ય નથી. જેમ નટ પોતાની દોરી ઉપરથી નજર ન ચૂકે, હજારો માણસ જોવા ઊભા હોય તેના ઉપર તેની નજર ન હોય પણ માથું નીચું અને પગ ઊંચા. થાળીમાં માથું છે, થાળી દોર ઉપર છે માટે નટ થાળી અને દોર ઉપરથી નજર ન ચૂકે; પહેલાં નાચવાનું શરૂ કરતાં પૈસાનો હેતુ હોય છે પણ નાચતી વખતે કોણ અમારો નાચ જોઈને રાજી થાય છે ને કોણ રાજી નથી થતું તેના ઉપર નજર નથી. એને તો દોરી ઉપર અને થાળીમાં માથું રાખીને થાળી દોરીથી આઘી-પાછી ન જાય તે ઉપર નજર હોય છે. તેમ જ્ઞાનીને સંયોગ અને સંયોગ તરફના પુણ્ય-પાપના ભાવ-તેમાં કયાંય પણ ઢળવાની રુચિ નથી, એક અખંડ સ્વભાવ ઉપર દોર છે, એટલે કે મીટ છે તેથી તે બંધાતો નથી. "જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ અને અનંત પર્યાય તે જ મારું સ્વરૂપ છે, તેની સાથે જ મારે સંબંધ છે, એ સિવાય પરને અને મારે કોઈ કાળે સંબંધ નથી," જ્ઞાનીને આવું દ્રવ્યની સ્વતંત્રતાનું જ્ઞાન વસ્તુસ્વભાવને સ્પર્શીને હોય છે, તેથી તેના બધા ભાવો પવિત્ર જ હોય છે.

જેમ બાઈ બેડું લઈને પાણી ભરવા ગઈ હોય, ઘરે છોકરાને સુવાડયો હોય, વળી એમાં એકલું ઘર હોય, ધણી બહાર ગયો હોય તેથી ઘર બંધ કરીને ઘરમાં છોકરાંને સુવાડયો હોય, આસપાસમાં કોઈ પાડોશ ન હોય, એવી રીતે છોકરાને મૂકીને બાઈ પાણી ભરવા જાય ત્યારે તેને એમ થાય કે છોકરો કદાચ રડશે તેથી જલદી બેડું ભરીને ઘરે જાઉં, ત્યાં રસ્તામાં સંબંધવાળી કોઈ બાઈ મળી અને જરા વાત કરવા ઊભી રહી, ત્યાં અડધો જવાબ દે-ન દે અને કહે કે બેન! પછી તમને મળીશ, કારણ કે અત્યારે છોકરાને એકલો સુવાડીને આવી છું; એમ છોકરા ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. જરા આઘી ચાલી ત્યાં રસ્તામાં કોઈ પિયેરના સમાચાર દેવા ઊભું રહ્યું તો તેને પણ કહે કે તમે ઘરે સમાચાર દેવા આવજો પણ અત્યારે નહિ ઊભી રહું, કારણ કે છોકરાને એકલો સુવાડીને આવી છું, ઘરને તાળું દીધું છે, ફળિયામાં કોઈ છે નહિ; એમ પિયેરના સમાચાર મળતાં પણ પુત્રનું ધ્યેય ન ચૂકે. એવી રીતે ધર્મી જીવ-જ્ઞાની જીવ રાજ કરતો હોય, વેપાર કરતો હોય, લડાઈમાં ઊભો હોય તોપણ પોતાના સ્વભાવનું ધ્યેય ન ચૂકે. ધર્મી જીવ ખાતો હોય, પીતો હોય, વેપાર કરતો હોય, રસોઈ કરતો હોય પરંતુ તે

બધામાં આ મારું નહિ, આ મારું નહિ, મારો સ્વભાવ, મારો સ્વભાવ એમ સ્વભાવ ઉપર મીટ માંડી તે માંડી જ છે. જેમ પેલી બાઈને બહાર કામ કરતાં છતાં પણ છોકરા ઉપરથી મીટ ખસતી નથી તેમ સ્વભાવદૃષ્ટિવંત જ્ઞાનીને બહારનાં કાર્ય કરવા છતાં સ્વભાવ ઉપરથી મીટ ખસતી નથી, બહારથી અલ્પ જોડાએલ દેખાય છતાં અંતરથી તો ઉદાસીન! ઉદાસીન છે.

લોકો એમ દેખે છે કે જુઓ તો ખરા! બાઈ પાણી ભરવા ગઈ ને છોકરાને તાળામાં-જેલમાં નાખીને ગઈ. અરે બાપુ! તું જેલ કહે તો જેલ, પણ છોકરો મારા કાળજે છે તે તું કેમ જાણે? માતાનો છોકરા ઉપરનો પ્રેમ તો એનાં કાર્ય ઉપરથી દેખાય છે, કારણ કે તેને એક જ લક્ષ ને એક જ દોર છે. પણ અણસમજુ ઊંધી રીતે જુએ, સમજુ સવળી રીતે જુએ; તેવી રીતે જ્ઞાનીનાં બહારનાં કાર્યો દેખીને લોકો એમ કહે કે જ્ઞાની થઈને લડાઈમાં ઊભો છે, હજાર તો સ્ત્રીઓ છે. અરે બાપુ! અરે ભાઈ! તું લડાઈમાં ઊભો કહે' તો લડાઈમાં ઊભા છીએ અને 'સ્ત્રીઓમાં ઊભો કહે' તો સ્ત્રીઓનાં વૃંદમાં ઊભા છીએ પરંતુ અમારા અંતરમાં તેના પ્રત્યેની કેટલી અરુચિ, કેટલી ઉદાસીનતા, અને સ્વભાવની કેટલી રુચિ અને કેટલી લીનતાને તું ક્યાંથી જાણી શકે? તે તો અમારું હૃદય જાણે છે. અજ્ઞાનીને અજ્ઞાનભાવે ખતવણી ખસતી નથી અને જ્ઞાનીને જ્ઞાનભાવે ખતવણી ખસતી નથી. જ્ઞાનમાંથી જ્ઞાનનું જ કાર્ય આવે છે અને અજ્ઞાનમાંથી અજ્ઞાનનું જ કાર્ય આવે છે; જેવું કારણ તેવું જ કાર્ય થાય છે.

અજ્ઞાની કહે છે કે વૃદ્ધાવસ્થામાં પૈસા ગયા, છોકરો મરી ગયો વગેરે પ્રતિકૂળતા આવી તેથી સહન કરવું આકરું લાગે છે પણ જો જુવાનીમાં ગયું હોત તો સહન કરી શકત, એવી અજ્ઞાનીને બધે ઠેકાણે સંયોગ ઉપર દૃષ્ટિ પડી છે. જ્ઞાની ગમે તેવા સંયોગોમાં હોય તોપણ તેને અસંયોગી દૃષ્ટિ ઊભી છે-સ્વભાવ ઉપર દૃષ્ટિ ઊભી છે. જ્ઞાની લડાઈમાં-વેપારમાં-બાયડી-છોકરામાં દેખાય તોપણ તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે, પરમાં ક્યાંય એકત્વબુદ્ધિ થતી નથી, અંતરથી છૂટો જ છે તોપણ અલ્પ રાગ-દ્વેષ છે, અલ્પ રાગ-દ્વેષ ન હોય તો બંધ ન હોય, અલ્પ રાગ-દ્વેષ ન હોય તો મુનિ થઈ જાય—વીતરાગ થઈ જાય પણ તે દશા નથી માટે અલ્પ વિકાર છે, પુરુષાર્થ મચક ખાય છે પરંતુ દૃષ્ટિ તો સ્વભાવ ઉપર જ છે. એ રીતે જ્ઞાનીને જ્ઞાનભાવ થાય છે ને અજ્ઞાનીને અજ્ઞાનભાવ થાય છે.

૨૦૦૦, કારતક વદ બીજી ૬, ગુરુ.

અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે. રાગ-દ્વેષ થાય છે તે પરપદાર્થ તરફનો ભાવ છે તેમાં અજ્ઞાનીને આત્મબુદ્ધિ

હોવાથી અજ્ઞાનીનાં વ્રત-તપ-જપ બધાં અજ્ઞાનની ભૂમિકામાંથી ઉત્પન્ન થાય છે માટે અજ્ઞાનમય જ છે, ઝેરની ભૂમિકામાંથી ઝેર જ ઉત્પન્ન થાય, ઝેરના ઝાડમાંથી ઝેર જ ઉત્પન્ન થાય, અમૃત ઉત્પન્ન ન થાય; જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ છે, કારણ કે તેને પર તરફનીસન્મુખતાવાળા ભાવમાં એકત્વબુદ્ધિ નહિ હોવાથી તેના બધા ભાવો જ્ઞાનમય જ છે, અમૃતના ઝાડમાંથી અમૃત જ ઉત્પન્ન થાય પણ ઝેર ઉત્પન્ન ન થાય.

અવિરતસમ્યગ્દૃષ્ટિ ( જ્ઞાની ) ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી, તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે; તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે—આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે ( જ્ઞાની ) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી અને જો કે ઉદયની બળજોરીથી પરિણમે છે તો પણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી; જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.

જ્ઞાની પૂર્ણ આસક્તિથી નિવર્ત્યો નથી તેથી ચારિત્રમોહને કારણે જરા ક્રોધ, જરા માન, જરા માયા, જરા લોભ હોય, તેમાં તે પ્રવર્તતો બહારથી દેખાય પણ તેને જુદા આત્માનો વિવેક વર્તે છે તેથી તેમાં તેને આત્મબુદ્ધિ નથી કે આ મારું છે ને હું એનો છું પણ તેને તે પરની ઉપાધિ માને છે. વિકારી ભાવ છે તે તો આત્માના ગુણને ગાળે છે. જ્ઞાનીને અલ્પ દોષ થાય છે પણ તે આવીને ખરી જાય છે.

જ્ઞાનીને સંપૂર્ણ રીતે અંતરમાંથી રાગદ્વેષની નિવૃત્તિ થઈ નથી પણ 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ', એ ન્યાયે તેને અવગુણનો વ્યય ને ગુણના પર્યાયની ઉત્પત્તિ અને વર્તમાન એક સમયમાં હું અનંતગુણનો પિંડ છું એવી ધ્રુવની દૃષ્ટિ હોવાથી વસ્તુદૃષ્ટિમાંથી ગુણની નિર્મળ અવસ્થા જ ઉત્પન્ન થાય છે, દૃષ્ટિ તેવી જ સૃષ્ટિ રચાય છે. પુરુષાર્થમાં જરા મચક ખાઈ જાય છે પણ ખરી રીતે અવગુણનો વ્યય થતો જાય છે અને નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થાય છે અને અખંડ વસ્તુની દૃષ્ટિ ઊભી છે.

જ્ઞાનીને જ્ઞાનદૃષ્ટિ પ્રગટી, આત્માનું ભાન થયું તેથી અખંડ વસ્તુની દૃષ્ટિમાં તેની સૃષ્ટિ કેવી હોય? દૃષ્ટિ છે પવિત્રતાની, તો સૃષ્ટિ પણ પવિત્રતાની હોય, વિકારનો વ્યય થતો જાય છે અને નિર્વિકારી પર્યાયનો જ ઉત્પાદ થાય છે, જરા અવગુણ રહી ગયા છે પરંતુ તે ટળવા ખાતર છે, રહેવા ખાતર નથી.

સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો લડાઈમાં ઊભો હોય, છતાં 'હું જ્ઞાયક છું',

પવિત્ર છું', એવી દૃષ્ટિ થઈ હોવાથી સાક્ષીપણે ઊભો છે એટલે તેને પવિત્રતાની ઉત્પત્તિ થાય છે અને અવગુણના પર્યાયનો વ્યય થતો જાય છે. એક સમયમાં એક અવસ્થાની ઉત્પત્તિ હોય પરંતુ અવગુણ અને ગુણના પર્યાયનું મિશ્રપણું નથી. બે થઈને એક પર્યાય નથી, દૃષ્ટિ શુદ્ધ ઉપર છે તેથી ઉત્પાદ એક શુદ્ધનો જ છે, અલ્પ અવગુણ ખરવા ખાતે રહ્યા છે, તેમાં ધર્મી જીવ ઉદ્યમી [illegible] કરવા જેવું છે તેમ માનીને જોડાતો નથી; આખો પરિપૂર્ણ હું નિર્મળ છું તેવા ભાનમાં અવગુણ કરવાનો પુરુષાર્થ નથી, પુરુષાર્થ ગુણના પર્યાયનો ઉત્પાદ કરવાનો જ છે, એકલી દૃષ્ટિ પ્રમાણે અવસ્થા કરવાનો પુરુષાર્થ છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ભગવાન ચક્રવર્તી-પદે હતા ત્યારે લડાઈમાં ઊભા હોય છતાં ગુણની અવસ્થાનો ઉત્પાદ થતો જાય છે, અવગુણના પર્યાયનો હ્રાસ થતો જાય છે. લડાઈ તરફના ભાવમાં જોડાતાં જરીક વીર્ય મોળું તો પડે છે, જરીક અવગુણ પણ થાય છે, ગુણની હાનિ પણ જરા થાય છે, પરંતુ ત્યાં તેમની ભાવના નથી. જ્યાં જેની ભાવના ત્યાં તેની વૃદ્ધિ; જ્યાં જેની ભાવના નથી ત્યાં તેનો વ્યય છે, વૃદ્ધિ નથી. જ્ઞાનીને ગુણની ભાવના હોય કે અવગુણની? ગુણની જ હોય. બસ જ્યાં જેની ભાવના ત્યાં તેની વૃદ્ધિ. જ્ઞાનીને અલ્પ રાગ છે તેને તે ઉપાધિરૂપ માને છે, તેનું ધણીપણું માનતો નથી, કરવાની ભાવના નથી, રાખવાની દૃષ્ટિ નથી, ઉત્પન્ન કરવાનો ભાવ નથી. જ્ઞાની કર્મની બળજોરીથી વિકારમાં જોડાતો નથી, કર્મ તેને પરાણે વિકારમાં પ્રવર્તાવતું નથી પણ પોતાનો પુરુષાર્થ જરા મચક ખાય છે તેથી રાગ-દ્વેષ થાય છે; તોપણ જ્ઞાતાપણું ચૂકીને રાગ-દ્વેષમાં જોડાતો નથી, ધણીપણું માનીને જોડાતો નથી. જેમ આકાશ ને પાતાળ જણાય છે, પત્થર આદિ જેમ જણાય છે, વિષ્ટા જેમ જણાય છે, બીજાં અન્ય જ્ઞેયો જેમ જણાય છે તેમ જ ક્રોધાદિ ભાવો જ્ઞાનીને જાણવામાં આવે છે. જેમ ભંગિયા વાણિયાની નાતના નથી, તેમ કામ, ક્રોધ આત્માની નાતના નથી તેમ જ્ઞાનીને જોવામાં આવે છે. ભંગિયાનો છોકરો વાણિયાનો વારસો ન રાખે તેવી રીતે ચૈતન્યની સ્વજાતિની પ્રતીતિ થતાં વિજાતીય કામ-ક્રોધ મારા સ્વગુણનો વારસો રાખનાર નથી એમ ધર્મીને જોવામાં આવે છે. નિષ્કલંકી સ્વભાવમાં આ કલંક-સ્વરૂપ મારું નથી, તેનો કરનારો હું નથી, તે મારું કાર્ય નથી, મારું કાર્ય તો જ્ઞાન-મય છે એવું જ્ઞાનીને જ્ઞાન વર્તે છે, જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે, પુરુષાર્થની નબળાઈથી અલ્પ વિકાર થાય છે પણ તેમાં તે જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી તેથી જ્ઞાનીના સર્વભાવો જ્ઞાનમય જ છે.

હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છેઃ—

( અનુષ્ )

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम् ।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम् ॥ ६८ ॥

અર્થ:—અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને (આગામી) દ્રવ્યકર્મના નિમિત્ત જે (અજ્ઞાનાદિક) ભાવો તેમના હેતુપણાને પામે છે (અર્થાત્ દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે).

આત્મા નિર્વિકારી, સ્વસંવેદ્ય, નિર્દોષ અને પવિત્ર છે. અજ્ઞાની તેને ભૂલીને અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને એટલે કે રહીને નવાં કર્મ બંધાવાનો અજ્ઞાન અને રાગ દ્વેષનો ભાવ કરે છે, જડ કર્મનો ઉદય આવતાં પોતે અજ્ઞાન અને રાગ-દ્વેષના ભાવો કરે છે તે નવાં કર્મના હેતુ થાય છે, જૂનાં કર્મના ઉદય વખતે વર્તમાન વિકારી ભાવરૂપે જોડાય છે તેથી તે ભાવ નવાં કર્મનું કારણ થાય છે. ૧૩૧.

આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે:—

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी ।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं ॥१३२॥
उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं ।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ ॥१३३॥
तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो ।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा ॥१३४॥

---

અજ્ઞાન તત્ત્વતણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.
જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમતણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.
શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટાતણો,
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.

एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागयं जं तु ।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं ॥१३५॥
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागयं जइया ।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं ॥१३६॥

અર્થ:—જીવોને જે તત્ત્વનું અજ્ઞાન (અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ-વિપરીત જ્ઞાન) છે તે અજ્ઞાનનો ઉદય છે અને જીવને જે (તત્ત્વનું) અશ્રદ્ધાન છે તે મિથ્યાત્વનો ઉદય છે; વળી જીવોને જે અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે અસંયમનો ઉદય છે અને જીવોને જે મલિન (અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત) ઉપયોગ છે તે કષાયનો ઉદય છે; વળી જીવોને જે શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ (મન-વચન-કાયા આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે તે યોગનો ઉદય જાણ.

આ (ઉદયો) હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત (કાર્મણવર્ગણારૂપ) પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે ખરેખર જીવમાં બંધાય છે ત્યારે જીવ (પોતાના અજ્ઞાનમય) પરિણામભાવોનો હેતુ થાય છે.

આત્માના સ્વભાવ તરફનું જ્ઞાન નહિ કરતાં પરનું જ જ્ઞાન કરવું તે અજ્ઞાનભાવ છે, તે અજ્ઞાનનો ઉદય છે.

હું સુખરૂપ છું એવી પ્રતીતિ નહિ થતાં પરમાં સુખબુદ્ધિ થવી, પરમાં પોતાપણાની બુદ્ધિ થવી તે મિથ્યાત્વ છે. એવી માન્યતા થવામાં પૂર્વના મિથ્યાત્વકર્મના વિપાકનું નિમિત્ત છે. તે ઉદય તરફ આત્મા જોડાય છે-ત્યારે ભ્રાંતિ થાય છે, કર્મ પરાણે કરાવે એમ નથી.

પરની આસક્તિથી નિવર્ત્યો નથી તે અત્યાગભાવ છે એટલે કે અવિરતભાવ છે, તે અવિરતિભાવમાં કર્મના ઉદયનું નિમિત્ત છે. ઉપયોગમાં નિર્મળતા-સ્વચ્છતા નથી રહેતી તે કષાયભાવ છે, તે કષાયભાવમાં કષાયકર્મના ઉદયનું નિમિત્ત છે.

---

આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.
કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

શુભયોગમાં કે અશુભયોગમાં પ્રવર્તવું કે નિવર્તવું એટલે કે શુભમાં પ્રવર્તવું અને અશુભથી નિવર્તવું, અશુભમાં પ્રવર્તવું અને શુભથી નિવર્તવું તે યોગનો ઉદય છે. આત્માના પ્રદેશનું કંપન છે તે યોગ છે, તે વિકાર છે તેમાં કર્મનું નિમિત્ત છે.

જૂનાં કર્મના ઉદયના વિપાકમાં પોતે જોડાય તે નવા કર્મબંધનું કારણ થાય છે. તત્ત્વના અજ્ઞાનરૂપે ( અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે ) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો ( -સ્વાદમાં આવતો ) અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો કે જેઓ ( નવાં ) કર્મના હેતુઓ છે તેઓ—તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.

આત્મા તો શુદ્ધ-પવિત્ર છે પણ અવસ્થામાં વિકારભાવે પરિણમે છે તેથી જ્ઞાન હીણું થાય છે. ઓછા જ્ઞાનનો જે સ્વાદ આવે છે તેમાં જ્ઞાનાવરણીયકર્મના વિપાકનું ફળ છે, વિપરીત જ્ઞાનનો સ્વાદ છે તે અપવિત્રતાનો સ્વાદ છે, પવિત્રતાનો સ્વાદ નથી. અહીં આ ગાથામાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તે ચારે ભાવોને અજ્ઞાનમય કહ્યા છે; સમ્યગ્દૃષ્ટિને ચારે ભાવો નથી એમ કહ્યું છે. અજ્ઞાનભાવમાં ચારે ઊભા છે અને જ્ઞાનભાવમાં ચારે ટળી ગયા છે. ચૈતન્યના જ્ઞાનસ્વભાવમાં ન ટકે તેથી જ્ઞાન હીણું થાય તે અજ્ઞાનભાવ; ચૈતન્યના નિરાળા સ્વભાવમાં ન ટકે અને પરમાં આત્મબુદ્ધિ કરી રોકાય તે મિથ્યાત્વ છે; સ્વરૂપની નિવૃત્તિમાં ન ટકે અને પરની આસક્તિમાં ટકે તે પરનો અત્યાગભાવ તે અવિરતિ; સ્વભાવની નિર્મળતામાં ન રોકાય ને મલિન ઉપયોગમાં રોકાય તે કષાય; અયોગમાં ન રોકાય અને કંપનમાં રોકાય તે યોગ. આત્માનું સમ્યગ્ભાન જ્યાં થયું ત્યાં અજ્ઞાન ગયું, મિથ્યાત્વ ગયું, તે પ્રકારની અંશે સ્થિરતા થઈ, તે પ્રકારનો એટલે કે મિથ્યાત્વ સંબંધીનો કષાય ગયો, મિથ્યાત્વ સંબંધીનો યોગ ગયો; સમ્યગ્દર્શન થયું ત્યાં બધું ગયું. ચારેને અજ્ઞાનમય ભાવ કહ્યા છે.

કોઈ કહેશે કે યોગ તો કેવળીને પણ હોય છે ને? કેવળીને યોગ હોય છે પરંતુ તે વાત પર્યાયદૃષ્ટિએ છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિને વસ્તુદૃષ્ટિ થઈ ત્યાં બધું ગયું તે વાત છે:

વસ્તુમાં અજ્ઞાન નથી, ભ્રાંતિ નથી, અવિરતિ નથી, કષાય નથી, જોગ નથી. જેમ વસ્તુમાં નથી તેમ જેને વસ્તુની દૃષ્ટિ થઈ તેને પણ તે નથી. વસ્તુદૃષ્ટિવંતને અજ્ઞાન નથી, ભ્રાંતિ નથી, અવિરતિ નથી અને યોગ પણ નથી. અજ્ઞાનનું કર્તા અને કાર્યપણું અજ્ઞાનભાવમાં હોય, ભ્રાંતિનું કર્તા અને કાર્યપણું અજ્ઞાનભાવમાં હોય, અવિરતિનું કર્તા અને કાર્યપણું અજ્ઞાનભાવમાં હોય, કષાયનું કર્તા અને કાર્યપણું અજ્ઞાનભાવમાં હોય, કંપનનું કર્તા અને કાર્યપણું અજ્ઞાનભાવમાં હોય.

જ્ઞાનભાવે અજ્ઞાનનું કર્તા-કર્મપણું નથી, જ્ઞાનભાવે ભ્રાંતિનું કર્તા-કર્મપણું નથી, જ્ઞાનભાવે અવિરતિનું કર્તા-કર્મપણું નથી, જ્ઞાનભાવે કષાયનું કર્તા-કર્મપણું નથી અને જ્ઞાનભાવે જોગનું પણ કર્તા-કર્મપણું નથી. જ્ઞાન થતાં તે બધા અજ્ઞાનમય ભાવો હોતા નથી, જ્ઞાન થયા પછી અલ્પ વિકારી ભાવો થાય છે પણ તેનો તે કર્તા થતો નથી, તેનો તે સ્વામી થતો નથી માટે જ્ઞાન થતાં તે બધા અજ્ઞાનમય ભાવો હોતા નથી. સ્વભાવનું ભાન થતાં પરનો કર્તા-ભોક્તા હોય જ નહિ, જો કર્તા-ભોક્તા હોય તો તેને સ્વભાવની ખબર જ નથી. આ વસ્તુદૃષ્ટિનો આખો વિષય છે, પરિપૂર્ણ સ્વભાવથી ભરપૂર અનંતગુણનો અખંડ પિંડ આત્મા દૃષ્ટિનો વિષય છે. વસ્તુદૃષ્ટિમાં આખું આવે છે. પણ જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે તેથી જ્ઞાન ઊણી અવસ્થાને પણ જાણે છે અને પૂરી અવસ્થાને પણ જાણે છે. વસ્તુદૃષ્ટિ સાથે જે જ્ઞાનનો પર્યાય પ્રગટે તે જ્ઞાન સાચું જાણે છે, તે જ્ઞાન દૃષ્ટિના વિષયને પણ જાણે છે ને અવસ્થાને પણ જાણે છે. જ્ઞાન આખા વિષયને પણ જાણે છે અને અલ્પ વિકારી ભાવ રહ્યો તેને પણ જાણે છે, જ્ઞાન નિર્મળ પર્યાયને પણ જાણે છે ને સમળ પર્યાયને પણ જાણે છે, દ્રવ્યને પણ જાણે છે ને અધૂરા કે પૂરા પર્યાયને પણ જાણે છે.

દૃષ્ટિ થયા પછી અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને દૃષ્ટિ સ્વીકારતી નથી, જ્ઞાન તેને જાણે છે પરંતુ દૃષ્ટિના અભેદ વિષયમાં ભેદ આવતો નથી, દૃષ્ટિપૂર્વક જ્ઞાન તે સાચું જ્ઞાન છે. જ્ઞાન, દર્શનના વિષયની પરિપૂર્ણતાને પણ જાણે છે તેમ અવસ્થાનું પડખું પણ જાણે છે.

અજ્ઞાન એટલે સ્વભાવને ચૂકીને જે ભાવ થાય તે. પહેલાં અજ્ઞાનની સામાન્ય વાત કરી પછી ચાર ભેદ પાડયા. આત્મા આનંદમૂર્તિ છે તેમાં શાંતિ ને સુખનો સ્વાદ નહિ માનતાં પરમાં આનંદ માનીને જ્ઞાનમાં જે આકુળતા થાય તે ભ્રમણા છે. પોતાનામાં સુખ છે તેનું લક્ષ નહિ કરતાં પરમાં સુખ છે તેમ લક્ષ કરીને પરિણામમાં જે આકુળતા થાય તે કલુષિતતા છે, તે અજ્ઞાન છે, અહીં મુખ્યપણે બધા બોલમાં અજ્ઞાનભાવ લીધો છે. આત્માના સ્વભાવનું ભાન ન હોય ત્યારે ઊંધી માન્યતાનો સ્વાદ હોય પણ સ્વભાવનો સ્વાદ ન હોય, તત્ત્વશ્રદ્ધાનું પરિણમન ન હોય તેથી પરનો આશ્રય ને ઓશિયાળાપણું ટળે નહિ માટે તે આકુળતારૂપ છે.

તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે; અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે; કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે; શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે.

ઊંધી માન્યતાનો સ્વાદ કલુષિત છે, ભલે ઉઘાડ હોય અગિયારઅંગનો, તોપણ તે વિનાશિક છે, વસ્તુદૃષ્ટિના લક્ષપૂર્વક ઉઘાડ થાય તે અવિનાશી છે. જ્ઞાનીને વર્તમાન પર્યાયમાં અભાન થતું નથી, વર્તમાન પર્યાયમાં મૂંઝાતો નથી, અસ્થિરતામાં આત્મબુદ્ધિ થતી નથી. અસ્થિરતા ઉત્પન્ન કરવાની ભાવના હોતી નથી, રાખવાની દૃષ્ટિ હોતી નથી. અલ્પ અસ્થિરતા થાય છે તેને તે ઉપાધિ માને છે. અલ્પ થાય છે તે અવસ્થાદૃષ્ટિમાં જાય છે, દ્રવ્યદૃષ્ટિમાં તે ગૌણ છે; જ્ઞાનમાં બન્ને વાત છે. આત્મા પરથી નિરાળો છે તેની પ્રતીત વિના, તેના ભરોંસા વિના પરનો ભરોંસો થતાં ભ્રમણાનો સ્વાદ આવે છે, જ્ઞાનમાં ભ્રમણાનો સ્વાદ આવે છે તેમાં મિથ્યાત્વના ઉદયનું નિમિત્ત છે.

જેટલો વિષયની આસક્તિનો ભાવ છે તે અત્યાગભાવ છે, આસક્તિરૂપે સ્વાદમાં આવતો તે અસંયમ છે, અજ્ઞાન, મિથ્યાત્વ, આસક્તિ વગેરેનો આકુળતારૂપ સ્વાદ છે.

લોકો કહે છે ને? કે હૃદયમાં દાહ થાય છે, કાળજામાં બળે છે, કાળજે ક્યાંય સુખ થતું નથી. પોતાને એક જ દીકરો હોય, પોતે ચાર ભાઈઓ હોય, પોતાના એકના એક છોકરાનાં લગ્ન હોય, મોટા ભાઈ પાસે પોતાનું ચાલતું ન હોય, ચારે ભાઈઓ ભેગા હોય, પોતાને એક જ દીકરો હોવાથી વધારે ધામધૂમ કરવી હોય ત્યારે બીજા ભાઈઓ કહે કે તારે એક જ દીકરો છે તેથી તું આવું કર પણ અમારે ચાર ચાર દીકરા છે તો અમારે કઈ રીતે કરવું? એ રીતે બીજા ભાઈઓ માનતા ન હોય ત્યારે જોઈ લ્યો તેના હૃદયનો દાહ! તે કષાયનો દાહ છે, એ કલુષિત પરિણામ તે મલિન સ્વાદ છે, આત્મસ્વભાવથી વિરુદ્ધ સ્વાદ છે. સંસારનો બાહ્ય વ્યવહાર પણ અટપટો છે તેનો ઉકેલ કરતાં ન આવડે ને જ્યાં ધાર્યું ન થાય ત્યાં આકુળતા આકુળતા થઈ જાય. તે બધો કષાયનો સ્વાદ છે. અનુકૂળતામાં બહુ હર્ષ કર્યો હશે તો પ્રતિકૂળતામાં શોક પણ થશે. માટે બન્નેમાં મૂક કૉળી ને વળ આત્મા તરફ! આત્માનો સ્વાદ લીધા વગર ક્યાંય સુખ થાય તેમ નથી.

શુભ પરિણામની પ્રવૃત્તિ ને અશુભ પરિણામની નિવૃત્તિ–તે પણ કલુષિતભાવ છે, અહીં ચારે બોલમાં અજ્ઞાનીની જ વાત લીધી છે. જ્ઞાનીને શુભાશુભ પરિણામ અલ્પ થાય તેની ગણતરી નથી, તેનો તે સ્વામી થતો નથી; અજ્ઞાની શુભાશુભપરિણામનો સ્વામી થાય છે, શુભાશુભ પરિણામ જેટલો જ આત્માને માને છે. શુભભાવની પ્રવૃત્તિમાં એમ ભાવ આવે કે 'મેં આમ કર્યું, મેં તેમ કર્યું'–તે બધો કલુષિતભાવ છે.

કોઈ કહે કે ધર્મનાં કાર્યો અમે ઘણાં કર્યાં પણ ધર્મ કહેવાય કોને તેની તો ખબર નથી. શુભ પરિણામ થાય તેમાં ધર્મ માન્યો છે પરંતુ શુભભાવ તો વિકારીભાવ

છે, તેમાંથી આત્માની શાંતિ ક્યાંથી આવશે? કોઈ કહે કે રૂપીઆ ખર્ચીએ તો શાંતિ આવે કે નહિ? અરે! લાખ રૂપીઆ ખર્ચે તોપણ તેનાથી શાંતિ ન આવે, કારણ કે રૂપીઆ પર વસ્તુ છે; પરવસ્તુથી આત્માને શાંતિ ન આવે, શાંતિ પોતાના સ્વભાવમાંથી આવે છે, સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન કરવાથી શાંતિ આવશે. પુણ્યના પરિણામ થાય તેનાથી અનુકૂળ સંયોગો મળે પરંતુ અંતરની શાંતિ નહિ મળે, વિકારભાવમાંથી સ્વાભાવિક શાંતિ ક્યાંથી આવે?

જેમ તાડનાં ઝાડ લાંબા હોય છે ને પાંદડાં ઊંચે ઊંચે થોડાં હોય છે. તે તેના થડને પણ છાંયો ન આપે, તેનું થડ સુકાય નહિ તેટલો છાંયો પણ ન આપે, તાડના થડ ઉપર ચૈત્ર-વૈશાખના ભઠ્ઠ તડકા પડતા હોય, થડ સુકાતું હોય પણ તેનાં પાંદડાં તેને છાંયો ન આપે અને બીજાને પણ છાંયો ન આપે; તેમ ચૈતન્યસ્વભાવના ભાન વિના શુભપરિણામનાં પાંદડાં ફૂટયાં પરંતુ તે ચૈતન્યના મૂળિયાને શાંતિ આપે નહિ. શાંતિ તો ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં ઠરે તો મળે પરંતુ શુભ પરિણામ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈને શાંતિ ન આપે કારણ કે તે વિકાર ભાવ છે, વિકારભાવ ત્રણકાળમાં કોઈને શાંતિ આપે નહિ.

મિથ્યાત્વ, અસંયમ વગેરેના પરિણામ આકુળતારૂપ છે, તે સુખરૂપ નથી, તેનાથી બંધ થાય છે. આ પૌદ્ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે તત્ત્વઅશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

એક સાથે ત્રણ વાત લીધી છે, કર્મનો ઉદય, તેમાં જોડાવું અને નવાં કર્મનું બંધાવું. નવાં કર્મ બંધાય છે તે જુનાં કર્મથી બંધાય છે, એટલે કર્મનો ઉદય આવતાં અજ્ઞાનભાવે જીવ તે તરફ જોડાય છે તેથી નવાં કર્મ બંધાય છે. વિકારી ભાવ છે તે પર વલણવાળો ભાવ છે માટે તે જડ છે, એ રીતે જુનાં કર્મ નવાં કર્મને બાંધે છે. જુનાં કર્મનું ફળવું, નવાં કર્મનું બંધાવું અને જીવનું અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે પરિણવું- એ ત્રણે એક સમયે જ થાય છે. જીવ પોતે જ પોતાના પરિણામનો હેતુ થાય છે, પોતે જ ઊંધા પુરુષાર્થવડે નિમિત્ત તરફ જોડાય છે, જુનાં કર્મ રાગ-દ્વેષ કરાવતા નથી, તે નવાં કર્મને કહેતાં નથી કે તું નવાં કર્મરૂપે બંધાઈ જા. જુનાં કર્મ નવાં કર્મનું કારણ ક્યારે થાય? કે તું પોતે તે તરફ જોડાઈ જા તો. જ્ઞાની જુનાં કર્મ તરફ જોડાતા નથી તેથી તેમને નવાં કર્મ બંધાતાં નથી. અહીં ચારે બોલ અજ્ઞાનના લીધા છે. અજ્ઞાન-પૂર્વક મિથ્યાત્વ છે એમ નથી પણ વાસ્તવિક રીતે મિથ્યાત્વપૂર્વક અજ્ઞાન છે. કર્મના

ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવાં પુદ્‌ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે; અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે. એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે. મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવાં પુદ્‌ગલોનું કર્મરૂપે પરિણમવું તથા બંધાવું, અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું–તે ત્રણેય એક સમયે જ થાય છે; સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.

અહીં મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ ચારે બોલને અજ્ઞાનમય લીધા છે, સમ્યગ્દષ્ટિને તે ચારે બોલ નથી. આત્માનું સમ્યગ્જ્ઞાન થયું ત્યાં અજ્ઞાન ગયું, મિથ્યાત્વ ગયું, તે પ્રકારની અંશે સ્થિરતા થઈ, તે પ્રકારનો કષાય ગયો, મિથ્યાત્વ સંબંધીનો યોગ ગયો, એ રીતે બધું ગયું; સમ્યગ્દર્શન થયા પછી અલ્પ કષાય વગેરે રહી જાય તે વાત અહીં ગૌણ છે કારણ કે તે વાત અવસ્થાદૃષ્ટિની છે, આ વાત વસ્તુદૃષ્ટિની છે.

સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ અખંડ વસ્તુ ઉપર છે, દ્રવ્યદૃષ્ટિનો વિષય આખું–પરિપૂર્ણ દ્રવ્ય છે.

દ્રવ્યદૃષ્ટિ, અખંડદૃષ્ટિ, વસ્તુના ઊણા, પૂરા કે વિકારી પર્યાયને સ્વીકારતી નથી, અરે! નિર્મળ પર્યાયને પણ સ્વીકારતી નથી, નિર્મળ પર્યાય પૂરતો પણ આત્માને માનતી નથી, દ્રવ્યદૃષ્ટિનો વિષય અખંડ પરિપૂર્ણ દ્રવ્ય છે.

દ્રવ્યદૃષ્ટિના વિષયમાં અધૂરા કે પૂરા પર્યાયના ભંગ આવતા નથી, સાધ્ય–સાધકના ભંગ આવતા નથી. દ્રવ્યદૃષ્ટિ અખંડ પરિપૂર્ણ નિરપેક્ષ દ્રવ્યને સ્વીકારે છે. અધૂરો, પૂરો, વિકારી પર્યાય છે ખરો, તેની તદ્દન નાસ્તિ નથી પણ દ્રવ્યદૃષ્ટિનો તે વિષય નથી. દ્રવ્યદૃષ્ટિ તેને સ્વીકારતી નથી; અધૂરા, પૂરા, કે વિકારી પર્યાયને જ્ઞાન જાણે છે, શુભાશુભ પરિણામ ક્ષણ પૂરતા આત્માના પર્યાયમાં થાય છે તેને સમ્યગ્જ્ઞાન જાણે છે, તે અસદ્‌ભૂત વ્યવહારનય છે; અધૂરા નિર્મળ પર્યાય અને પૂરા નિર્મળ પર્યાયને જાણનાર જ્ઞાનને સદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે.

દ્રવ્ય અને પર્યાય બન્નેને એક સાથે જાણનાર જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે; દ્રવ્યદૃષ્ટિના જોરપૂર્વક નિર્મળ પર્યાય વધારતાં જ્ઞાન સામાન્ય સાથે એક થાય છે, એટલે સામાન્ય અને વિશેષ બન્ને એક થાય છે તે પ્રમાણજ્ઞાન છે; સામાન્યરૂપ આખું દ્રવ્ય છે, નિર્મળ પર્યાય પ્રગટ થઈને સામાન્ય સાથે એક થાય છે તે સામાન્ય અને વિશેષ બન્ને એક થાય છે તે

પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન દ્રવ્યદૃષ્ટિને અને અધૂરા, પૂરા, વિકારી પર્યાયને સહજપણે જાણે છે.

જ્ઞાનીને યથાર્થ દ્રવ્યદૃષ્ટિ પ્રગટી છે તેના જોરમાં સ્થિરતાને વધારતો કેવળજ્ઞાનને પામે છે પણ જ્યાંસુધી અધૂરો છે, પુરુષાર્થ મંદ છે, સ્થિરતા અધૂરી છે, શુદ્ધ સ્વરૂપમાં પૂર્ણપણે ઠરી શકતો નથી, ત્યાંસુધી અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં જોડાય છે પણ તેને આદરણીય માનતો નથી, સ્વભાવમાં તેની નાસ્તિ છે તેથી દૃષ્ટિ તેનો નિષેધ કરે છે પરંતુ અસ્થિરતાને કારણે અશુભ પરિણામથી બચવા તે ભાવો આવે છે, પરંતુ જ્ઞાનીને ક્ષણે ક્ષણે એ ભાવના હોય છે કે આ ક્ષણે વીતરાગ થવાતું હોય તો આ શુભ પરિણામ પણ જોઈતા નથી પણ અધૂરાશને કારણે તે ભાવો આવ્યા વગર રહેતા નથી.

જ્ઞાની અશુભ પરિણામથી બચવા શુભ પરિણામમાં પુરુષાર્થ વડે જોડાય છે પણ તેને પોતાનું સ્વરૂપ માનતા નથી, તેના સ્વામી થતા નથી. દ્રવ્યદૃષ્ટિ તેનો નિષેધ કરે છે. જ્ઞાન સ્વપરપ્રકાશક છે, દ્રવ્ય અને પર્યાયને બરાબર જાણે છે, દ્રવ્યદૃષ્ટિના વિષયને અને અધૂરા, વિકારી પર્યાયને જ્ઞાન બરાબર સહજપણે જાણે છે.

શુભ પરિણામ પણ ધર્મીને આફતરૂપ અને બોજારૂપ લાગે છે તેનાથી પણ તે છૂટવા જ માગે છે, પરંતુ આવ્યા વગર રહેતા નથી, તે ભાવો આવે છે તોપણ તે સ્વરૂપમાં ઠરવાનો જ ઉદ્યમી રહે છે. કોઈ કોઈ વાર બુદ્ધિપૂર્વકના બધા વિકલ્પો છૂટી જાય છે અને સ્વરૂપમાં સહજ ઠરી જાય છે તે વખતે સિદ્ધ ભગવાન જેવો અંશે અનુભવ કરે છે, પરંતુ સર્વથા ઠરી શકતો નથી તેથી શુભ પરિણામમાં જોડાય છે.

ચોથી ભૂમિકાએ જ્ઞાનીને વ્રતના પરિણામ હોતા નથી પણ સમ્યગ્દર્શનના આઠ અંગ હોય છે. નિઃશંક, નિકાંક્ષ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના. તે આઠ અંગનો સમ્યગ્દર્શન સાથે સંબંધ હોય છે પણ વ્રતનો સંબંધ ચોથી ભૂમિકાએ નથી. પહેલાં સમ્યગ્દર્શન થાય, પછી સ્થિરતા થાય એવો મોક્ષમાર્ગનો ક્રમ છે તેથી એમ સમજવાનું નથી કે સહજદશા ન થાય ત્યાંસુધી રાગ પાતળો ન પાડવો. સમ્યગ્દર્શન ન થાય ત્યાંસુધી રાગ પાતળો ન પાડવો તેમ કહેવાની વાત નથી. રાગ પાતળો પાડવા માટે બ્રહ્મચર્ય લે, તીવ્ર હિંસાના પરિણામ ન કરે, તીવ્ર જૂઠાના પરિણામ ન કરે. પરસ્ત્રીનો ત્યાગ કરે વગેરે કરી શકે છે પણ જ્ઞાન બરાબર કરવું કે તે સહજદશાપૂર્વકનાં વ્રત નથી. અંતરંગમાં આત્માના-ભાનપૂર્વક સ્વરૂપરમણતા વધતાં વ્રતના શુભ પરિણામ આવે છે તે સાચું શ્રાવકપણું અને સાચું મુનિપણું છે.

પાંચમી ભૂમિકાએ સ્થિરતા વધતાં અણુવ્રતના શુભ પરિણામ આવે છે ને છઠ્ઠી

ભૂમિકા થતાં મહાવ્રતના શુભ પરિણામ આવે છે, ત્યાં છઠ્ઠી ભૂમિકાએ ક્ષણમાં સ્વરૂપમાં ઠરી જાય છે ને ક્ષણમાં ઉપયોગ બહાર શુભ પરિણામમાં આવે છે, એવી રીતે હજારો વાર સ્વરૂપમાં ને બહાર આવજા કરે છે, એવી મુનિઓની સહજદશા હોય છે. આવી સ્થિરતા સાથે પંચ મહાવ્રતના શુભ પરિણામ હોય છે, મુનિપણું આવતાં શરીર પરનાં લુગડાં પણ છૂટી જાય છે. મુનિપણું છે તે કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાક્ષાત્ કારણ છે, પોતાના રાગને કારણે લુગડાં વગેરેનો પરિગ્રહ ન છૂટે ત્યાંસુધી કેવળજ્ઞાન ન થાય, વીતરાગતા ન થાય એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. રાગ હોય ત્યાંસુધી વીતરાગતા ન થાય, વસ્ત્રનો રાગ છૂટતાં વસ્ત્ર પણ છૂટી જાય. રાગ છૂટતાં રાગનાં નિમિત્ત પણ છૂટી જાય એવો સંબંધ છે; રાગ છૂટી જાય અને વસ્ત્ર રહી જાય તેમ ન બને કારણ કે રાગ જતા રાગનું નિમિત્ત પણ છૂટી જ જાય એવો સંબંધ છે. રાગનો મૂળમાંથી ક્ષય ન થાય ત્યાંસુધી કેવળજ્ઞાન ન થાય, કેવળજ્ઞાન થતી વખતે નગ્ન દિગંબર મુનિપણાનું બાહ્યલિંગ હોય છે અને અંતરમાં વારંવાર સ્વરૂપમાં ઝૂલ્યા કરે છે, કેવળજ્ઞાનની સમીપ વર્તે છે.

પાંચમી ભૂમિકા હોય ત્યાંસુધી વસ્ત્ર હોય છે અને છઠ્ઠી ભૂમિકા આવતાં ગૃહસ્થાશ્રમ ને વસ્ત્ર બધું છૂટી જાય છે. ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન થતાં દૃષ્ટિથી કૃતકૃત્ય મોક્ષ છે પણ સ્થિરતાથી મોક્ષ નથી. સ્થિરતાથી મોક્ષ તો મુનિપણું આવ્યા પછી કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે.

છઠ્ઠી ભૂમિકાએ મુનિ જ્યારે સ્વરૂપમાં જામી જાય છે ત્યારે સાતમી ભૂમિકા થાય છે. વળી ઉપયોગ બહાર આવે ત્યારે કોઈવાર શાસ્ત્રસ્વાધ્યાયના, કોઈવાર ઉપદેશના કોઈવાર દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચારના, કોઈવાર શિષ્યોને શિક્ષા, દીક્ષા, પ્રાયશ્ચિત્ત વગેરે દેવાના શુભ પરિણામ આવે છે, કોઈવાર જિન પ્રતિમાના દર્શનના, જિન પ્રતિમાની સ્તુતિના, શાસ્ત્ર લખવાના વગેરે શુભભાવ આવે છે, કોઈવાર આહાર-વિહારના પરિણામ આવે છે, એવી રીતે અંતર્મુહૂર્ત બહાર શુભ ઉપયોગમાં અને અંતર્મુહૂર્ત સ્વરૂપમાં જામી જાય છે, એ રીતે ક્ષણમાં બહાર અને ક્ષણમાં અંદર એમ હજારોવાર સ્વરૂપમાં ઝૂલ્યા કરે છે, આવી મુનિઓની દશા હોય છે.

ચોથી ભૂમિકાએ સમ્યગ્દર્શનનાં આઠ અંગ હોય છે, પાંચમી ભૂમિકાએ સમ્યગ્દર્શનનાં આઠ અંગ સહિત અણુવ્રત હોય છે અને છઠ્ઠી ભૂમિકાએ આઠ અંગ સહિત મહાવ્રતના પરિણામ હોય છે એવો નિયમ છે. ચોથી ભૂમિકાએ વર્તતા બધા સાધક જીવોના, પાંચમી ભૂમિકાએ વર્તતા બધા સાધક જીવોના, અને છઠ્ઠી ભૂમિકાએ વર્તતા બધા સાધક જીવોના ઉદયના પરિણામ એક સરખા હોતા નથી. રાગના પરિણામમાં

ફેર હોય છે અને તેથી તે રાગને અનુકૂળ બહારનાં નિમિત્તોમાં પણ ફેરફાર હોય છે. જેમકે શાસ્ત્રસ્વાધ્યાયના પરિણામમાં શાસ્ત્રનું નિમિત્ત હોય છે અને ભગવાનના દર્શનના શુભપરિણામમાં ભગવાનનું નિમિત્ત હોય છે. પરિણામ પ્રમાણે નિમિત્તનું મળવું કે ન મળવું તે પુણ્યાધીન રહે છે અને જો નિમિત્ત મળે તો ભગવાનના દર્શનના પરિણામ વખતે ભગવાનનું નિમિત્ત હોય છે.

ચોથી ભૂમિકાએ સમ્યગ્દર્શન થયા પછી જે અસ્થિરતા રહે છે તે પોતાના પુરુષાર્થની મંદતાએ રહે છે. પોતે સ્થિરતા પુરુષાર્થ વડે પ્રગટાવે તો અસ્થિરતા ટળી જાય છે, રાગ-દ્વેષ ટળી જાય છે. અંદરનાં ઘાતિકર્મનો નાશ થવો તે આત્માના પુરુષાર્થને આધારે છે. કેવળજ્ઞાન પ્રગટ થતાં ઘાતિકર્મ સ્વયં ટળી જાય છે એવો સંબંધ છે. કેવળજ્ઞાન પ્રગટ થતાં ચાર ઘાતીકર્મનો ક્ષય થાય તોપણ ચાર અઘાતિ કર્મ બાકી રહે છે. ગૃહસ્થાશ્રમનો રાગ છૂટતાં ગૃહસ્થાશ્રમનો સંયોગ છૂટી જાય એવો સંબંધ છે. અમુક હદનો રાગ છૂટતાં જે ભૂમિકાએ જે ન હોય તેવાં અઘાતિકર્મના ઉદયનો સંયોગ છૂટી જ જાય એવો સંબંધ છે, જેમકે મુનિપણું થતાં વેપારધંધા, સ્ત્રી, કુટુંબ, લૂગડાં વગેરે છૂટી જાય છે એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે; પરંતુ કેવળજ્ઞાન થતાં બધા પ્રકારે અઘાતિકર્મ ટળી જાય એવો સંબંધ નથી, કેવળજ્ઞાન થાય તોપણ અઘાતિકર્મ રહી જાય છે.

ગુણપૂજા તે યથાર્થ વિવેક છે-માર્ગ છે પણ વ્યક્તિ પૂજા તે માર્ગ નથી, યથાર્થ વિવેક નથી. જ્યાં યથાર્થ ગુણ દેખાય ત્યાં આદર કરવા યોગ્ય છે, જ્યાં ગુણ ન દેખાય ત્યાં આદર કરવા યોગ્ય નથી. અમુક જ વ્યક્તિને માનવી તે પક્ષપાત છે; એવું જૈન-દર્શનમાં છે જ નહિ, જૈનદર્શનમાં ગુણપૂજા છે, વ્યક્તિપૂજા છે નહિ.

કોઈ કહેશે કે આ તો બધી ઊંચી ઊંચી વાત થઈ પણ પ્રથમ શરૂઆતમાં અમારે શું કરવું તે સમજાવો?

પ્રથમ શરૂઆતમાં યથાર્થ સત્ સમજવાની યથાર્થ જિજ્ઞાસા-રુચિ કરવી, સમજતાં વાર લાગે તો ધીરજ રાખવી, વારંવાર પ્રયત્ન કર્યા કરવો. સત્ સમજવા માટે સત્‌દેવ, અને સત્‌શાસ્ત્રનો બહુમાનપૂર્વક-ભક્તિપૂર્વક સમાગમ કરવો-પરિચય કરવો. સત્‌ની જિજ્ઞાસાપૂર્વક સત્ વાંચન, સત્ વિચાર, સત્‌શ્રવણ, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન કરવું-તે બધાં સાચી સમજણ કરવાનાં સાધનો છે, તે તરફ લક્ષ કરતાં શુભરાગ આવે છે ખરો પણ તે શુભરાગની સાથે જે સત્ સમજવા તરફનું યથાર્થ જોર છે—વલણ છે તે પોતે સત્ સમજવાનું કારણ બને છે અને શુભરાગને હેય માન્યો છે તેથી

તે ટળી જાય છે. સત્ સમજવા તરફ યથાર્થ વલણ થતાં સતશ્રવણ વગેરેનો શુભરાગ આવ્યા વગર રહેતો નથી. જેને આત્મા તરફની રુચિ જાગી તેને વિષય-કષાય તરફની રુચિ સહેજે છૂટી જ જાય છે અને વિષય કષાયની રુચિ છૂટી જ જતાં અમુક પ્રકારે તીવ્ર હિંસા છૂટી જાય, તીવ્ર જૂઠું છૂટી જાય, તીવ્ર ચોરી છૂટી જાય, પરસ્ત્રીનું લંપટપણું છૂટી જાય; જેને આત્માની જિજ્ઞાસા જાગી તે લંપટપણું કરતો હોય તેમ ન બને, આત્માની જિજ્ઞાસા જેને થઈ તેને કષાયો છૂટી જાય પરંતુ તે યથાર્થ આત્માની ઓળખાણ અને સ્થિરતાપૂર્વકનાં સાચાં વ્રત નથી. સાચાં વ્રત તો પાંચમી અને છઠ્ઠી ભૂમિકાએ આવે છે, ચોથી ભૂમિકાએ તો સમ્યગ્દર્શનનાં આઠ અંગ હોય છે, વ્રત તો સ્થિરતા પ્રગટતાં પાંચમે ગુણસ્થાને હોય એવો માર્ગનો ક્રમ છે.

પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે, આત્માની સાચી ઓળખાણ કરવા માટે સતશ્રવણ, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન, સતવિચાર વગેરે હોય છે, તે સત્ સમજવાનાં સાધનો છે, તે બધા શુભરાગની સાથે યથાર્થ સત્ સમજવા તરફનું વલણ હોય તો પુરુષાર્થ વડે અવશ્ય સત્ સમજાય છે. જિજ્ઞાસાની ભૂમિકામાં તીવ્ર વિષય-કષાયના પરિણામ હોતા નથી, વ્રતના શુભ પરિણામ આવે પરંતુ તે સાચાં વ્રત નથી.

ચોથી ભૂમિકાએ સમ્યગ્દર્શન થાય છે, શુભાશુભ પરિણામથી જુદા નિરાળા આત્માનું ભાન થાય છે, શુભાશુભ પરિણામનું સ્વામિત્વ છૂટી જાય છે, પરંતુ-શુભાશુભ પરિણામનું કર્તાપણું છૂટીને તેનો જ્ઞાતા થાય છે. કોઈ કોઈવાર ઉપયોગ બાહ્યથી છૂટીને અંતરમાં લીન થાય છે ત્યારે શુભાશુભ વિકલ્પ પણ છૂટી જાય છે, સિદ્ધ જેવો અંશે અનુભવ કરે છે, બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે અને ઉપયોગ સ્વરૂપમાં લીન થાય છે, અબુદ્ધિપૂર્વકના વિકલ્પ હોય છે પણ તેને સર્વજ્ઞ જાણી શકે છે, છદ્મસ્થ તેને જાણી શકતો નથી. કેવળજ્ઞાન થતાં અબુદ્ધિપૂર્વકના વિકલ્પ પણ છૂટી જાય છે.

૨૦૦૦, કારતક વદ ૭ શુક્ર.

જીવથી જુદું પુદ્ગલનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :—

કર્મની અવસ્થા અને આત્માની અવસ્થા બન્ને એક સાથે થવા છતાં આઠકર્મની અવસ્થા એને કારણે ને આત્માની અવસ્થા આત્માને કારણે-બન્ને અવસ્થા જુદી જુદી થાય છે. આત્માના રાગ-દ્વેષનું નિમિત્ત પામીને જે પરમાણુ કર્મરૂપે પરિણમે છે તેનો આત્મા કર્તા નથી; એવા સૂક્ષ્મકર્મસ્કંધોનો આત્મા કર્તા નથી તો સ્થૂળ સ્કંધોનો તો કર્તા ક્યાંથી હોય? ઝીણાનો કર્તા નથી તો જાડાનો કર્તા ક્યાંથી હોય?

પ્રશ્ન :—આત્મા આ લાકડાને પકડી શકે કે નહિ?

ઉત્તર:—આત્મા પરવસ્તુને પકડી શકે નહિ. બન્નેની અવસ્થા એક સાથે થવા છતાં પણ હાથ હાથમાં છે ને લાકડું લાકડામાં છે; તેવી રીતે આત્માની અવસ્થા આત્મામાં છે ને કર્મની અવસ્થા કર્મમાં છે; બન્નેની અવસ્થા એક સાથે થવા છતાં પણ આત્માની અવસ્થા ક્ષણે ક્ષણે આત્મામાં થાય છે ને કર્મની અવસ્થા ક્ષણે ક્ષણે કર્મમાં થાય છે, બન્નેની અવસ્થા જુદી જુદી થાય છે.

શરીરની હલવાની અવસ્થા, હાથની હલવાની અવસ્થા આત્મા કરી શકે નહિ, આત્મા રાગને કરી શકે છે પણ હાથની અવસ્થાને કરી શકતો નથી. વળી લાકડાની અવસ્થાને હાથ પણ પકડી શકતો નથી, લાકડાને આધારે લાકડું છે ને હાથને આધારે હાથ છે, હાથની અવસ્થા હાથમાં ને લાકડાની અવસ્થા લાકડામાં; બન્નેની અવસ્થા ભિન્ન ભિન્ન છે. કોઈ કહેશે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરી શકે નહિ પણ પર્યાય તો કરી શકે ને? ના, તે વાત ખોટી છે. એક દ્રવ્ય તો બીજા દ્રવ્યને કરી શકે નહિ પણ એક પર્યાય પણ પરદ્રવ્યના પર્યાયને કરી શકે નહિ કારણ કે સર્વ દ્રવ્યો દ્રવ્યથી, ગુણથી ને પર્યાયથી સ્વતંત્ર છે.

જે જીવ આત્માની અવસ્થા આત્માને આધારે થાય છે એમ નથી માનતો તે બીજા બધા પદાર્થનો આધાર તે તે પદાર્થ છે પણ હું નથી એમ પણ માનતો નથી. લાકડાં, હાથ, શરીરાદિ બધા પદાર્થોનો આધાર હું નથી એમ તેને બેસતું નથી.

દરેક વસ્તુ અનાદિઅનંત જુદી છે એમાં જે ક્ષણે ક્ષણે અવસ્થા થાય તેનો આધાર તે વસ્તુ છે. આત્માના ગુણની અવસ્થા આત્માને આધારે થાય છે એમ જેને બેસતું નથી તેને બીજા પદાર્થની અવસ્થાનો આધાર તે તે જુદી જુદી વસ્તુ પોતે છે પણ હું તેનો આધાર નથી એવી પ્રતીત બેસતી નથી, જેને વસ્તુની પ્રતીતિ નથી તેને પર્યાયની પ્રતીતિ પણ બેસતી નથી. પોતે વસ્તુ બીજી વસ્તુથી સ્વતંત્ર-ભિન્ન છે એમ જેને પ્રતીતિ નથી તે પોતાના પર્યાયનો આધાર બીજું દ્રવ્ય છે એમ માને છે; વસ્તુ પોતે ત્રિકાળ છે એમ બેસે તો તેમાં જે ક્ષણે ક્ષણે અવસ્થા થાય તે તેમાંથી જ થાય છે પણ પરથી થતી નથી એમ પ્રતીત બેસે.

ચોપડી ચોપડીમાં છે ને હાથ હાથમાં છે; શરીર શરીરમાં છે ને આત્મા આત્મામાં છે. વ્યવહારથી કહેવાય કે પાણીનો કળશો, પાણી અને કળશો એક ક્ષેત્રે રહ્યાં હોવાથી પાણીનો કળશો કહેવાય પણ કળશો પાણીનો નથી, કળશો તો પિત્તળનો છે.

કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં પેસતું નથી, સર્વ દ્રવ્ય જુદાં છે. આત્મામાં જ્યારે

વિકારી ભાવ થાય તે ટાણે કર્મની જે કાંઈ અવસ્થા થાય તે કર્મ સ્વતંત્ર પરિણમીને થાય છે, આત્મા તેને પરિણમાવી દેતો નથી. ૧૩૨-૧૩૬.

જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :—

जइ जीवेण सह च्चिय पुग्गलदव्वस्स कम्मपरिणामो।
एवं पुग्गलजीवा हु दोवि कम्मत्तमावण्णा ॥ १३७ ॥
एकस्स दु परिणामो पुग्गलदव्वस्स कम्मभावेण।
ता जीवभावहेदूहि विणा कम्मस्स परिणामो ॥ १३८ ॥

અર્થ :—જો પુદ્‌ગલદ્રવ્યને જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે (અર્થાત્ બન્ને ભેળાં થઈને જ કર્મરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો એ રીતે પુદ્‌ગલ અને જીવ બન્ને ખરેખર કર્મપણાને પામે. પરંતુ કર્મભાવે પરિણામ તો પુદ્‌ગલદ્રવ્યને એકને જ થાય છે તેથી જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ કર્મનું પરિણામ છે.

જુઓ ભાઈ! આ વસ્તુ પહેલાં સમજવા જેવી છે, કે દરેક વસ્તુની અવસ્થા સ્વતંત્ર થાય છે. એક તરફ આત્મા રાગ-દ્વેષ કરે ને સાથે કર્મની અવસ્થા પણ કરે—એમ બે એકી સાથે ન કરે. જો કર્મની અવસ્થા આત્મા કરે તો તે ટાણે આત્માની અવસ્થા શું? આત્માની અવસ્થા જુદી ન રહી, એટલે કે એની અવસ્થા જડમાં ગઈ, જુદી ન રહી. શરીરની હાલવા-ચાલવાની અવસ્થા થાય તે ટાણે આત્માની અવસ્થા થાય છે કે નહિ? જો શરીરની હાલવાની અવસ્થા આત્મા કરે તો આત્માની અવસ્થા શું રહી? શરીરની હાલવાની અવસ્થા પણ આત્મા કરે ને રાગની અવસ્થા પણ આત્મા કરે એમ બને નહિ, જડની અને વિકારી પરિણામની બે ક્રિયા આત્મા ન કરે; જડ અને આત્મા બન્ને સાથે હોવા છતાં બન્નેની અવસ્થા જુદી છે, હાલવાની અવસ્થા થાય તે જડની છે અને રાગની અવસ્થા થાય તે ચેતનની છે. હાલવું-ચાલવું તે જડની

---

જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળાં જ, પુદ્‌ગલનાં બને,
તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.
પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મનાં પરિણામ છે. ૧૩૮.

ક્રિયાવતી શક્તિની અવસ્થા છે; કોઈવાર તીવ્ર ગતિ કરે, કોઈવાર મંદ ગતિ કરે તે ક્રિયાવતી શક્તિની અવસ્થા છે.

જડની અવસ્થા આત્મામાં ન હોય અને આત્માની અવસ્થા જડમાં ન હોય, આત્માની અવસ્થા જો જડમાં ગરી જાય તો આત્મા જ ન રહ્યો, જડની અવસ્થામાં જો આત્મા છે તો તે ટાણે આત્માની અવસ્થા શું ? જડની હાલવા-ચાલવાની અવસ્થા થાય તે વખતે છદ્મસ્થને રાગ હોય તોપણ રાગ અને જડની હાલવા-ચાલવાની અવસ્થા એકરૂપ થઈ જાય નહિ, કારણ કે બન્ને એકરૂપ થઈ જાય તો આત્માની અવસ્થા ન રહી પરંતુ એકલી જડની અવસ્થા રહી.

કર્મ ને આત્મા બે ભેગાં થઈને કર્મની અવસ્થારૂપ થાય તો જીવ અને પુદ્‌ગલ બન્ને કર્મપણાને પામે, પરંતુ કર્મની અવસ્થા તો પુદ્‌ગલમાં થાય છે અને આત્માની અવસ્થા આત્મામાં થાય છે. કર્મ ને આત્મા બન્ને સાથે સાથે છે તોપણ બન્નેની અવસ્થા જુદી જુદી જ છે, જડની અવસ્થા જડમાં ને આત્માની અવસ્થા આત્મામાં.

કાગળમાં લખવાની ક્રિયા ને રાગની ક્રિયા; તે બે ક્રિયાને એક દ્રવ્ય ન કરે; લખવાની અવસ્થા પણ આત્મા કરે અને રાગની અવસ્થા પણ આત્મા કરે એમ અને જડની અને ચૈતન્યની બે અવસ્થા આત્મા કરી શકે નહિ; બહુ તો આત્મા રાગની ક્રિયા કરે, લખવાની ક્રિયા તો પુદ્‌ગલદ્રવ્યની છે. પરંતુ લખવાની ઇચ્છા થાય ત્યારે શરીરથી લખવાનો કર્મનો અનુકૂળ ઉદય હોય તો લખાય છે પણ ત્યાં અજ્ઞાનીને એવો ભ્રમ થાય છે કે ઇચ્છા થઈ અને લખાય છે માટે હું લખી શકું છું પરંતુ ભાઈ! લખવાની ક્રિયા તો પુદ્‌ગલદ્રવ્યની છે, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાનસ્વરૂપ આત્મા શું લખી શકે? શું આત્મામાંથી રુશનાઈ ટપકે છે કે આત્મા લખી શકે? માટે લખવાની ક્રિયા તે પુદ્‌ગલદ્રવ્યની જ છે, લખવાની ક્રિયા અને રાગની ક્રિયા-બે ક્રિયાને એક દ્રવ્ય ન કરે; તેમ કર્મની અવસ્થા પણ આત્મા કરે ને રાગની અવસ્થા પણ આત્મા કરે એમ હોય? ન હોય. એ તો બન્ને અવસ્થા એક સાથે થાય છે તેથી અજ્ઞાનીને એવો ભ્રમ થઈ ગયો છે કે આત્મા કર્મની અવસ્થાને કરે છે.

સૂર્યવિકાસી કમલ ખીલે ત્યારે સૂર્યનું ઊગવું હોય જ, પરંતુ બન્ને અવસ્થા એક સાથે જ હોય છે; તેથી અજ્ઞાનીઓને એવો ભ્રમ થઈ જાય છે કે સૂર્યે સૂર્યવિકાસી કમળને ખીલવ્યું. તેમ કર્મની અવસ્થા થાય ત્યારે આત્માની રાગાદિ અવસ્થાની હાજરી હોય છે ને આત્મામાં રાગાદિની અવસ્થા થાય ત્યારે કર્મરૂપ અવસ્થાની હાજરી હોય છે, એ રીતે એક સાથે બન્ને હોવાથી અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે આત્માના રાગની અવસ્થા જડ કર્મે કરી ને જડ, કર્મની અવસ્થા આત્માએ કરી.

જો પુદ્ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ- અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ ( અર્થાત્ બન્ને ભેગાં મળીને જ ), કર્મરૂપ પરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ-રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્ગદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.

અજ્ઞાનભાવે પરિણમેલો જીવ નવાં કર્મના બંધનમાં નિમિત્ત થાય છે, એને ખબર નથી કે 'હું જુદો છું' તેથી તે કર્મના બંધનમાં નિમિત્ત થાય છે; જ્ઞાનીને અખંડ વસ્તુદૃષ્ટિ પ્રગટ થવાથી તે નવાં કર્મનાં નિમિત્તભૂત થતો નથી; અલ્પ અસ્થિરતાનું નિમિત્ત પામીને નવાં કર્મ બંધાય છે પણ વસ્તુદૃષ્ટિએ જ્ઞાની નિમિત્તપણું સ્વીકારતો નથી. અજ્ઞાનભાવે પરિણમેલા જીવનો પર્યાય કર્મને નિમિત્તભૂત થાય છે પણ જીવનો પર્યાય જીવમાં ને જડનો પર્યાય જડમાં થાય છે પણ જડ ચૈતન્ય બન્ને ભેગાં થઈને કર્મની અવસ્થા કરતા નથી.

હળદરનો પીળો રંગ ને ફટકડીનો ધોળો રંગ-બે રંગ ભેગા થાય ત્યારે એક રાતો રંગ રહે છે, ધોળો રંગ ને પીળો રંગ રહેતા નથી પણ એક ત્રીજો રાતો રંગ થઈ જાય છે; તેમ આત્માની રાગની અવસ્થા અને કર્મની અવસ્થા—બે અવસ્થા એક થાય તો એક ત્રીજી મિશ્ર અવસ્થા થવી જોઈએ, બેની અવસ્થા ભેગી થાય તો એક અવસ્થા થઈ જાય. આત્મા અજ્ઞાનભાવને કરે અને જડ કર્મને કરે તો બન્ને ભેગાં થઈને એક ત્રીજી અવસ્થા આવવી જોઈએ; જેમ ફટકડી ને હળદર ભેગી થતાં ત્રીજો રંગ થાય છે તેમ; પણ તેમ તો બને નહિ. સર્વ વસ્તુનાં દ્રવ્ય, ગુણ ને પર્યાય સૌ સૌમાં સ્વતંત્ર છે: બીજાની અવસ્થા બીજામાં આવે તો વસ્તુનો નાશ થઈ જાય. ફટકડી ને હળદર ભેગી થતાં ત્રીજો રંગ થાય છે તોપણ સૌ પરમાણુની અવસ્થા સૌ સૌમાં સ્વતંત્ર છે, કોઈની અવસ્થા કોઈમાં પેસી જતી નથી. જો પુદ્ગલદ્રવ્ય અને જીવ બન્નેની અવસ્થા એક થાય તો પુદ્ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે પરંતુ પુદ્ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ થાય છે તેથી જીવનો રાગાદિ અજ્ઞાન-પરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલકર્મનું પરિણામ છે.

અજ્ઞાનીએ એમ માની લીધું કે શરીરની અવસ્થા હું કરું છું ને મારી અવસ્થા પણ હું કરું છું, કર્મની અવસ્થા હું કરું છું અને મારી અવસ્થા પણ હું કરું છું એમ અજ્ઞાનીએ માત્ર અજ્ઞાનથી માની લીધું છે; પરંતુ કોઈ દ્રવ્યની અવસ્થાને કોઈ કરી શકતું જ નથી, સૌ દ્રવ્યના પર્યાય સૌ સૌમાં જુદા જુદા જ થાય છે.

લખવાની ક્રિયા પુદ્ગલ કરે છે તેમાં જ્ઞાન તો માત્ર જાણે છે; જ્ઞાન તો છેટે રહ્યું

પણ જાણે ને નજીક રહ્યું પણ જાણે. દૂર રહેલો જ જ્ઞાન કરી શકે અને નજીક રહેલો જ્ઞાન ન કરી શકે એવું કાંઈ છે નહિ. લખવાની ક્રિયાને કેવળજ્ઞાની જ જાણે અને નજીક રહેલો ન જાણે એમ નથી, લખવાની ક્રિયામાં નજીક રહેલો પણ જાણે કે આ લખાય છે. લખવાનો જે રાગ થાય તેને પણ જ્ઞાની જ્ઞાતાભાવે જાણે અને લખવાની ક્રિયાને પણ જ્ઞાતાભાવે જાણે, પણ અજ્ઞાની એમ માને કે હું છું તો આ લખાય છે એમ ઊંધી માન્યતા કરે પણ જડની ક્રિયા તો અજ્ઞાની પણ કરી શકતો નથી.

જો પુદ્ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે. પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલ-દ્રવ્યનું કર્મ પરિણામ છે.

જો પુદ્ગલ ને જીવ બે ભેગાં થઈને પરિણમે તો જીવ પણ જડની અવસ્થાને ધારણ કરે; પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી. બોલવાની અવસ્થા ટાણે જો આત્માની અને જડની બન્ને અવસ્થા ભેગી થઈ જતી હોય તો આત્માની અવસ્થા રહેશે શું? કોઈ કહે કે વાણીમાં તો નિમિત્ત ખરું ને? હા, નિમિત્ત છું તેમ માનવું અજ્ઞાનપણામાં ટળશે નહિ, જ્ઞાની સમજે છે કે હું જાણનાર છું, દૃષ્ટિ અપેક્ષાએ શરીરાદિની અવસ્થામાં જ્ઞાની નિમિત્ત પણ નથી. જ્ઞાનીની દૃષ્ટિ સ્વ ઉપર હોય છે, પર ઉપર નથી માટે તે નિમિત્ત નથી, એની અવસ્થા એનામાં ને મારું જ્ઞાન મારામાં, એમ જ્ઞાની સમજે છે. ઇચ્છા થાય ત્યારે અનુકૂળ ઉદય હોય તો વાણી બોલાય છે પણ અજ્ઞાનીને એવો ભ્રમ થાય છે કે ઇચ્છા થાય છે અને વાણી બોલાય છે માટે હું વાણી બોલી શકું છું. હું વાણી બોલવાનો નિમિત્ત કર્તા છું. જ્ઞાની સમજે છે કે વાણી એની મેળે સ્વતંત્ર પરિણમે છે, હું એનો કર્તા નથી, ઇચ્છા ઇચ્છામાં, વાણી વાણીમાં, જ્ઞાન જ્ઞાનમાં સ્વતંત્ર પરિણમે છે.

અજ્ઞાનીની નજર પર ઉપર છે માટે તે નિમિત્તરૂપે કર્તા છે, હાથથી સ્વતંત્ર લખાય છે તેમ કેવળજ્ઞાની પણ જાણે અને જ્ઞાની પણ જાણે અજ્ઞાનીને એમ થાય છે કે હું છું તો લખાય છે એ રીતે તેણે નિમિત્ત કર્તાપણું સ્વીકાર્યું છે.

આચાર્યદેવે આ કર્તાકર્મ અધિકારની ૭૬ ગાથામાં ઘણો વિસ્તાર કર્યો છે કારણ કે 'હું પરનું કરી શકું છું' તેવા ગાઢ સંસ્કાર અજ્ઞાનીને પડી ગયા છે તેથી આચાર્યદેવે ખૂબ વિસ્તાર કર્યો છે. ૧૩૭-૧૩૮.

પુદ્ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ—

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादि ।
एवं जीवो कम्मं च दोवि रागादिभावण्णा ॥ १३९ ॥
एकस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं ।
ता कम्मोदयहेदूहि विणा जीवस्स परिणामो ॥ १४० ॥

અર્થ:—જો જીવને કર્મની સાથે જ રાગાદિ પરિણામો થાય છે (અર્થાત્ બન્ને ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો એ રીતે જીવ અને કર્મ બન્ને રાગાદિપણાને પામે. પરંતુ રાગાદિભાવે પરિણામ તો જીવને એકને જ થાય છે તેથી કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ જીવનું પરિણામ છે.

જીવ અને કર્મ બન્ને ભેગાં થઈને રાગની અવસ્થા કરે તો કર્મ પણ રાગરૂપ થયું, જડરૂપ રહ્યું નહિ. ચાલવાની અવસ્થા, બોલવાની અવસ્થા અને રાગની અવસ્થા તે બન્ને જડ–ચૈતન્યની અવસ્થા ભેગી થઈ જતી હોય તો ચાલવાની ને બોલવાની અવસ્થા જ ન રહે, બધી અવસ્થા રાગરૂપ જ થાય; પરંતુ રાગાદિ ભાવે પરિણામ તો જીવને એકને જ થાય છે તેથી કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ જીવનું પરિણામ છે.

જો જીવને, રાગાદિ–અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું પુદ્ગલકર્મ તેની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), રાગાદિ–અજ્ઞાનપરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલરંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ અજ્ઞાનપરિણામ આવી પડે. પરંતુ જીવને એકને જ રાગાદિ અજ્ઞાનપરિણામ તો થાય છે.

રાગાદિ–અજ્ઞાનપરિણામને નિમિત્તભૂત જૂનાં કર્મ ઉદયમાં આવવાથી જીવને રાગાદિપરિણામ થાય અર્થાત્ બન્ને ભેગાં મળીને રાગાદિ–અજ્ઞાનપરિણામ થાય છે એમ માનવામાં આવે તો જડને પણ રાગ-દ્વેષ થયો, જડની અવસ્થા ચેતનના રાગરૂપ થાય તો પછી જડની હાલત તે ટાણે શું રહે? માટે જડની અવસ્થા તે ટાણે જડમાં જ

---

જીવનાં, કરમ ભેળાં જ, જો પરિણામ રાગાદિક બને,
તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.
પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.

થાય છે, અજ્ઞાનભાવે રાગ-દ્વેષ તારામાં થયો. કર્મના ઉદયથી મને રાગ-દ્વેષ થાય છે એમ જો તું માને તો કર્મે જ તને રાગ-દ્વેષ કરાવ્યો તેથી તું પરાધીન થયો માટે તું છૂટી ક્યાંથી શકે? પરંતુ વસ્તુસ્વભાવ તેમ છે નહિ. તારો પુરુષાર્થ તારા હાથમાં છે, વિકારરૂપે પરિણમવું પણ તારા હાથમાં છે અને સ્વભાવમાં પરિણમવું પણ તારા હાથમાં છે; જડ કર્મ તને રાગ દ્વેષ કરાવતું નથી પરંતુ તું પોતે અજ્ઞાનભાવે રાગ-દ્વેષ કરે છે ત્યારે કર્મનું નિમિત્ત હાજર હોય છે.

જીવ અને પુદ્ગલ બન્ને ભેગાં થઈને રાગ-દ્વેષ કરે તો જડ તે જીવ થાય, પણ જડ તે જીવ કોઈ દિવસ થાય નહિ. કોઈ કોઈને રાગ-દ્વેષ કરાવે નહિ, પોતે ઊંધા વીર્યથી વિકારમાં જોડાય તો વિકાર થાય. કેટલાક કહે છે કે કર્મનો ઉદય અમને રાગ-દ્વેષ કરાવે છે એમ માનીને જે સ્વચ્છંદે પ્રવર્તે છે અને વિષય-કષાય સેવે છે તેને કહે છે કે અરે ભાઈ! કર્મનો ઉદય તને રાગ-દ્વેષ કરાવતું નથી પણ તું પોતે જ તે-રૂપે પરિણમે છે, કર્મનો ઉદય તને વિષય-કષાય કરાવી દેતું નથી પણ તારી સ્વાધીનતાએ તું ઊંધા વીર્યથી તે-રૂપે પરિણમી રહ્યો છે માટે જેમ છે તેમ સમજ ને કર આત્માની ઓળખાણ!

જ્ઞાની સ્વચ્છંદ સેવે નહિ, જ્ઞાનીને પુરુષાર્થની મંદતાને લઈને અલ્પ અસ્થિરતા થાય છે પણ તેમાં તેને રુચિ નથી, અંતરથી ઉદાસ ઉદાસ છે; એક રાગનો કણિયો પણ મારું સ્વરૂપ નથી, હું તો તે બધા ભાવોથી નિરાળો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું. આ ક્ષણે વીતરાગ થવાતું હોય તો મારે કાંઈ જોઈતું નથી પણ શું થાય? પુરુષાર્થની મંદતાને લઈને ઊભો છું.

અજ્ઞાની કહે છે કે જ્ઞાનીને બંધ નથી, જ્ઞાની વિષય-કષાય સેવતો હોય તોપણ બંધ નથી તેથી અમને પણ આત્માનું ભાન થયું છે પરંતુ ઉદયને લઈને વિષય-કષાય સેવીએ છીએ માટે અમને પણ બંધ નથી કારણ કે શાસ્ત્ર ના પાડે છે. અરે ભાઈ! શાસ્ત્ર ના પાડે છે કે તારો ભાવ ના પાડે છે? શાસ્ત્રની વાત શાસ્ત્રમાં રહી પણ તારું હૃદય શું કહે છે? અંતરમાં તો તન્મયતા થઈ જાય છે, અંતરથી લોલુપીપણું છે, અંતરથી ઉદાસીનપણું છે નહિ, નિરાળા આત્માનું ભાન તો રહેતું નથી, સાક્ષીપણું તો રહેતું નથી ને સ્વચ્છંદપણે ખોટો બચાવ કરે છે.

જ્ઞાનીને તો દૃષ્ટિનું જોર છે, આત્મામાં આનંદ અને સમાધિ વેદે છે, અલ્પ રાગ થાય છે તે ખ્યાલમાં છે પણ પુરુષાર્થની મંદતાને લઈને તે રાગ થાય છે તેમ સમજે છે, પુરુષાર્થ જરા મચક ખાઈ જાય છે પણ તેને આદરણીય માનતો નથી,

અંતરથી ઉદાસ છે. જ્ઞાનીને તો હૃદયથી આવે છે કે આ રાગ ને રાગના સંયોગ તે બધા વિષ્ટા છે, ઝેર છે, અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને સ્વભાવદૃષ્ટિમાં વિષ્ટા જ સમજે છે તેથી તેનો આદર નથી.

અજ્ઞાની તો સ્વચ્છંદપણે વિષય-કષાયમાં મગ્ન રહે છે અને કહે છે કે અમને બંધ નથી. પણ ભાઈ! તેવો મફતનો માલ માર્ગમાં છે નહિ. જો સ્વચ્છંદપણે વર્ત્યો તો ચાલ્યો જઈશ ચોરાશીના ચોકમાં, અનંતકાળે નીકળવું મુશ્કેલ થઈ પડશે. એવા ને એવા પરિણામ સેવવા ને કહેવું કે અમને ચારિત્રમોહનો ઉદય છે! અરે! ઉદય છે કે સ્વચ્છંદ છે? જો તો ખરો!

જ્ઞાનીને કામ-ક્રોધનો અલ્પ રાગ હોય છે પણ તેને તે સ્વભાવદૃષ્ટિએ વિષ્ટા જ દેખે છે, તેનો આદર નથી, માટે તે નવાં કર્મને નિમિત્તરૂપે પણ કહેવાતો નથી. અલ્પ અસ્થિરતાને કારણે અલ્પ બંધ થાય છે પણ તે અસ્થિરતાને પોતાનું સ્વરૂપ માનતો નથી, પરિપૂર્ણ સ્વભાવદૃષ્ટિ પ્રગટ થઈ છે માટે સ્વભાવદૃષ્ટિએ જ્ઞાની નવાં કર્મને નિમિત્તરૂપ પણ નથી.

અજ્ઞાની તો કર્મનો ઉદય આવ્યા ભેગો જ કર્મે મને રાગ-દ્વેષ કરાવ્યા તેમ માની લે છે. પણ કર્મે તને રાગ-દ્વેષ કરાવ્યા ત્યારે તું ક્યાં ઊભો હતો? ઊભો હતો કે નહિ? શું મરી ગયો હતો? તારી અવસ્થા ક્યાં ગઈ હતી? તારી અવસ્થા અજ્ઞાનભાવે તારે તાબે હતી કે નહિ? તું જો કર્મને તાબે થઈ ગયો હો તો તું પરાધીન થયો. તારી સ્વતંત્રતા ક્યાં રહી? દરેક દ્રવ્ય ત્રણે કાળ સ્વતંત્ર છે. કોઈ કોઈને તાબે નથી. એકેક ગાથા ટંકણખાર છે, જરા ગરજ રાખીને મનન કર તો નિવેડો આવે. બાકી નિવેડો આવે નહિ.

કર્મના ઉદય વખતે તું સ્વતંત્રપણે જોડાણો અને વળી કહે છે કે કર્મે મને રાગ-દ્વેષ કરાવ્યો તે તારી વાત તદ્દન ખોટી છે. બે અવસ્થા એક થઈ જાય તો બન્ને દ્રવ્ય એક થાય પણ બે દ્રવ્ય એકપણે ત્રણકાળ ત્રણલોકમાં થાય નહિ; કર્મનું ફળ આવે કર્મમાં અને વિષયવાસના તને જે થાય તે તારી અવસ્થામાં થાય છે, જડ તો જાણતું પણ નથી, વિકારી અવસ્થામાં અટકવું તારા હાથમાં છે.

અજ્ઞાનભાવ તારામાં થાય છે, કર્મ તને કરાવતું નથી. અજ્ઞાની નિમિત્તને આશ્રયે જ ચાલ્યો જાય છે, પર આશ્રયે જે ભાવ થાય તેને પોતાના માની લે છે, જ્ઞાની પરને વશ થતો નથી અને પરભાવને પોતાનો ભાવ માનતો નથી. અજ્ઞાની જે કર્મનું ફળ આવે તેના આશ્રયે જે ભાવ થાય તેમાં અર્પાઈ જાય છે તેથી કર્મ મને

રાગ-દ્વેષ કરાવે છે તેમ માની લે છે. જ્ઞાની રાગને પોતાનો માનતો નથી તેથી કર્મ મને રાગ કરાવે છે તેમ પણ માનતો નથી, પરની અવસ્થા થાય તેમાં પોતાનું નિમિત્ત જ્ઞાની માનતો નથી, તેથી કર્મ પણ બંધાતાં નથી.

જીવ અને કર્મ બે ભેળાં થઈને રાગાદિરૂપ પરિણમે છે તેમ નથી. જેમ ફટકડી ને હળદર બન્ને ભેગી થઈને ત્રીજો રંગ થાય છે તેમ આત્મા ને કર્મ બન્ને ભેગાં થઈને ત્રીજી અવસ્થા થાય છે તેમ નથી. ફટકડી ને હળદરમાં તો બધા પરમાણુ છૂટેછૂટાં છે, સૌ સૌની અવસ્થા જુદે જુદી છે, માત્ર સ્થૂળપણે બે દ્રવ્યની એક ત્રીજી લાલ અવસ્થા દેખાય છે પણ વાસ્તવિક તેમ નથી. જો જીવ અને કર્મ ભેગાં થઈને રાગાદિ થતા હોય તો જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ પરિણામ આવી પડે પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાન પરિણામ તો થાય છે તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાન પરિણામનું નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે, પુદ્ગલકર્મ તો જીવના રાગાદિરૂપે કદી પરિણમી શકતું નથી તેથી જીવની વિકારી અવસ્થા જુદી છે અને પુદ્ગલકર્મની અવસ્થા પણ જુદી છે, બન્નેની અવસ્થા જુદે જુદી છે. ૧૩૯-૧૪૦.

હવે અંતરના પરિણામમાં નયવિભાગથી વાત કરે છે, મનના નિમિત્તે બે પ્રકારના રાગના વિકલ્પો થાય છે તે પણ પક્ષ છે એમ હવે કહેશે. હું બદ્ધ છું અને હું અબદ્ધ છું એવો વિકલ્પ પણ પક્ષ છે, રાગ છે તેવી સૂક્ષ્મ વાત હવે કહેશે.

૨૦૦૦, કારતક વદ ૯, રવિ.

બધી વસ્તુ સ્વતંત્ર છે. બધાનું કર્તા-કર્મપણું સ્વતંત્ર છે. પરંતુ જ્યાં સુધી પરની અવસ્થા હું કરું છું એમ જીવ માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ૧૦૦મી ગાથામાં કહ્યું હતું કે ઘટપટનો કર્તા અજ્ઞાની પણ નથી પણ જોગ-ઉપયોગનો કર્તા અજ્ઞાની થાય છે માટે નિમિત્તપણે તે ઘટપટનો કર્તા થાય છે. નિમિત્તપણે ઘટપટનો કર્તા હું છું તેમ મિથ્યાદૃષ્ટિ કુંભાર માને છે; સમ્યગ્દૃષ્ટિ કુંભાર હોય તો તેના યોગ અને ઉપયોગ ઘડો થવામાં નિમિત્તરૂપે નીવડે ખરા પણ યોગ અને ઉપયોગનો કર્તા તે નથી માટે તે ઘડો થવામાં નિમિત્ત પણ નથી. પહેલાં કહ્યું હતું કે ઘટપટ થવામાં અને નવાં કર્મ બંધાવામાં જ્ઞાની નિમિત્ત નથી. હવે કહેવું છે કે મનના વિષયમાં નયનાં બે પડખાં પડે છે તે પણ તારું સ્વરૂપ નથી.

'આત્મામાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે'—તે નયવિભાગથી કહે છે:—

**जोवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं ।**
**सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवइ कम्मं ॥ १४१ ॥**

અર્થ:—જીવમાં કર્મ (તેના પ્રદેશો સાથે) બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે એવું શુદ્ધનયનું કથન છે.

આત્મામાં કર્મ બદ્ધ છે અને કર્મ બદ્ધ નથી એ બે પડખાંનો વિચાર રાગમિશ્રિત છે, એકલા નિર્વિકલ્પ સ્વભાવમાં-એકાકાર સ્વભાવમાં આ બે પડખાં-'આમ છે' અને 'આમ નથી' એવા વિકલ્પ—નથી, એવા વિકલ્પનો હું કર્તા અને એ મારું કાર્ય એવું કર્તાકર્મપણું સ્વભાવદૃષ્ટિમાં નથી. આત્મા બદ્ધસ્પષ્ટ નથી એવો વિચાર પણ રાગમિશ્રિત છે.

સ્વભાવધર્મે વસ્તુ અખંડ છે તેમાં મનના નિમિત્ત વિના જ્ઞાનનાં બે પડખાં પડે નહિ. હું અબદ્ધસ્પૃષ્ટ છું ને બદ્ધસ્પૃષ્ટ છું-એવાં રાગમિશ્રિત જ્ઞાનનાં બે પડખાં, બે ભંગ, મનના અવલંબનથી પડે છે, તે મનના અવલંબન તરફનાં બે પડખાં સ્વભાવની એકાગ્રતાનું કારણ નથી, કારણ કે રાગમિશ્રિત વિચાર સ્વભાવની એકાગ્રતાનું કારણ ક્યાંથી હોય? સ્વભાવનો અંશ સ્વભાવની એકાગ્રતાનું કારણ છે વિભાવનો અંશ સ્વભાવની એકાગ્રતાનું કારણ નથી. ખંડપણું-વિકલ્પપણું-વૃત્તિપણું સ્વભાવમાં નથી તો એ સ્વભાવપર્યાય પ્રગટવાનું કારણ પણ ક્યાંથી હોય? સાધક જીવ વસ્તુને અને પર્યાયને-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બન્ને નયોને જાણે છે; પ્રમાણજ્ઞાનમાં બન્ને સાથે જણાય છે પણ પર તરફનું વલણ જાય ત્યારે એક વખતે એક જ ઉપયોગ સાધક જીવને હોય છે કાં અબદ્ધ તરફ ને કાં બદ્ધ તરફ; તેની સાથે બે જાતના રાગના વિકલ્પ હોય છે તે આત્માનો સ્વભાવ નથી. ઘટપટનો કર્તા તો હું નથી પણ સ્વભાવ તરફ આવતા વિચારનાં બે પડખાં પડે છે તે પણ રાગ છે. બધે ઠેકાણેથી ઉપાડીને મૂકયો સ્વભાવમાં; આત્મામાં કર્મ બદ્ધ છે અને કર્મ બદ્ધ નથી એવા વિકલ્પો નથી. આચાર્યદેવે 'આઠ કર્મનો કર્તા નથી અને બહારના પરદ્રવ્યોનો કર્તા નથી' એમ કહીને બધેથી ઉઠાડયો ત્યાં આત્મામાં કર્મ બદ્ધ છે અને કર્મ બદ્ધ નથી એવા કર્તાકર્મપણામાં અટકયો પણ તે તેનો સ્વભાવ નથી. ક્યાંક સૂક્ષ્મ પક્ષમાં ઊભો રહે

---

છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧.

તેને પણ કર્તાકર્મપણું છે. સ્વભાવનું ભાન ન કરે અને આવા પક્ષમાં ઊભો રહે તો તે પણ પકડ છે.

જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતાનો અભાવ હોવાથી જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે. જીવના અને પુદ્‌ગલકર્મના અનેક દ્રવ્યપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.

આત્મામાં કર્મ નિમિત્તપણે, સંયોગપણે બંધાયેલ છે એમ નિમિત્ત તરફની અપેક્ષાથી કહેવાય છે તે વ્યવહાર છે. આત્મામાં એકક્ષેત્રાવગાહે કર્મ બંધાયેલાં છે તે નિમિત્ત તરફનું કથન છે. જેમ ઘીનો ઘડો કહેવાય છે પણ ઘડો ઘીનો નથી, પરંતુ માટીનો છે; એમ આત્મામાં કર્મ બંધાયાં છે તે તરફનું પડખું લક્ષમાં લેવું તે એક નય છે પણ વાસ્તવિક રીતે આત્મામાં કર્મ બંધાયાં નથી પરંતુ નિમિત્ત તરફના નયથી કહેવાય છે કે આત્મામાં કર્મ બંધાયાં છે. આત્મા પરથી અબદ્ધસ્પૃષ્ટ છે એવો બીજો નય છે.

આત્માના શુદ્ધ સ્વભાવનો-સામાન્ય સ્વભાવનો અબદ્ધસ્પૃષ્ટપણાનો વિષય કરનાર જે નય છે તે પણ રાગમિશ્રિત છે કારણ કે તેણે વસ્તુના એક પડખાનો પક્ષ કર્યો છે, રાગમિશ્રિત વિચારમાં તે રોકાણો છે—શુભભાવમાં તે રોકાણો છે—મનના જોડાણમાં તે રોકાણો છે. હું અબદ્ધસ્પૃષ્ટ છું અને હું બદ્ધસ્પૃષ્ટ છું આવા બે ભંગ મનના અવલંબનથી પડે છે. તે બે વિકલ્પ છે—રાગ છે.

બદ્ધસ્પૃષ્ટ તરફની દૃષ્ટિએ જોતાં બદ્ધસ્પૃષ્ટ છે પણ પરમાર્થે બંધ નથી, વ્યવહારે બંધ છે. જો તદ્દન ભિન્ન હોય તો પરમાર્થનું અસંગપણાનું પ્રગટ વેદન હોય પણ તે નથી માટે બદ્ધ છે. વિકાર છે માટે નિમિત્ત પણ છે; જો નિમિત્ત ન હોય તો વિકાર પણ ન હોય. માટે બદ્ધસ્પૃષ્ટ છે તે વ્યવહારનું પડખું છે, તેમાં પણ રાગ છે, તે પડખામાં અટકતાં પણ રાગમાં રોકાવું થાય છે.

પર્યાયની-હાલતની દૃષ્ટિથી આત્મા બંધાયેલ છે અને ભિન્ન તત્ત્વથી જોતાં આત્માને અને કર્મને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે. પર્યાયદૃષ્ટિથી આત્મા બંધાયેલ છે એવો વિકલ્પ તે રાગની પકડ છે અને વસ્તુદૃષ્ટિથી જોતાં આત્મા પરથી ભિન્ન છે એવો વિકલ્પ તે પણ પકડ છે

પ્રશ્નઃ—અનાદિનો વિકાર છે માટે કેમ બદલે?

ઉત્તરઃ—અનાદિ તો પ્રવાહે છે, પલટતો ભાવ પ્રવાહે અનાદિ છે, પર્યાય છે કાયમી વસ્તુ નથી માટે તે બદલે છે, વર્તમાન અવસ્થા પૂરતો છે, ક્ષણ ક્ષણ કરતાં

પ્રવાહે અનાદિ છે, કાયમી વસ્તુ નથી, પર્યાય છે તે બદલે છે માટે વિકાર પલટાવી શકાય છે.

જાણી લીધું કે વ્યવહારે બંધ છે અને નિશ્ચયે બંધ નથી; પણ ભાઈ! નિશ્ચયે બંધ નથી તેવો વિચાર પણ રાગમિશ્રિત છે. અહીં તો બધેથી કર્તાકર્મપણું છોડાવે છે.

શુદ્ધનયને નિર્વિકલ્પ પણ કહેવાય છે પણ અહીં વિકલ્પવાળા નયની વાત છે, શુદ્ધનય નિર્વિકલ્પ પણ છે વિકલ્પ સહિત પણ છે. અધૂરા, પૂરા અને વિકારી પર્યાયને જાણનાર અને સામાન્ય સ્વભાવને સહજ જાણનાર નિર્વિકલ્પ પ્રમાણજ્ઞાન છે. આત્મા સામાન્યરૂપ અને વિશેષ પર્યાયરૂપ પણ છે, તે સામાન્ય ને વિશેષ ઉપર વિકલ્પ સહિત લક્ષ કરનાર જ્ઞાનને વિકલ્પવાળું પ્રમાણજ્ઞાન કહેવાય છે.

બે નયનાં પડખાનાં વિચારમાં રોકાવું તે રાગ છે, પક્ષ છે. આચાર્યદેવ કોઈ જીવ નયના પડખામાં સલવાઈ જાય નહિ તેથી સમજાવે છે. પરદ્રવ્યનો કર્તા નથી, કર્મનો કર્તા નથી એમ બહારથી ઉપાડતાં ઉપાડતાં અંદર લઈ ગયા છે. પક્ષમાં ક્યાંક ઊભો રહે અને વસ્તુસ્વભાવ જેમ છે તેમ ખ્યાલમાં ન આવે તો તે નયનો પક્ષ જ્ઞાનનું ફળ નથી પણ વિવાદનું ફળ છે. કોઈ પણ પક્ષમાં ઊભો રહે તે જ્ઞાનનું ફળ વિવાદ થયો પરંતુ જ્ઞાનનું ફળ સ્વભાવ ન થયો. ભંગનો હું કર્તા છું ને ભંગ મારું કાર્ય છે, વિકલ્પનો હું કર્તા છું ને વિકલ્પ મારું કાર્ય છે, તેવા ભાવમાં ઊભો રહે તે પક્ષમાં ઊભો છે; બહાર ઊભો છે; પણ રાગમિશ્રિત પક્ષને ઓળંગી ગયો તે સ્વભાવમાં ઊભો છે.

સ્વભાવ તો એકાકાર છે તેમાં બે પડખાં પાડવાં તે નયપક્ષ છે. નિર્વિકલ્પ સ્વભાવમાં હું બદ્ધ છું અને હું અબદ્ધ છું એવા બે પડખાં પાડવાં તે નયપક્ષ છે, તે પક્ષને છોડી દઈને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે.

જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,—એમ હવે ગાથામાં કહે છે:—

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।**
**पक्खातिक्कंतो पुण भण्णदि जो सो समयसारो ॥ १४२ ॥**

---

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

અર્થ :—જીવમાં કર્મ બદ્ધ છે અથવા અબદ્ધ છે-એ પ્રકારે તો નયપક્ષ જાણ; પણ જે પક્ષાતિક્રાંત ( અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો ) કહેવાય છે તે સમયસાર ( અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ ) છે.

રાગમિશ્રિત પડખામાં રોકાઈ જવું તે નયપક્ષ છે. અહીં નિશ્ચયનયને રાગવાળો લીધો છે. ચૌદમી-પંદરમી ગાથામાં અને ઘણે ઠેકાણે રાગ વગરનો શુદ્ધનય લીધો છે. સામાન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ રહે ત્યાં પર્યાય ગૌણ થઈ જાય છે તે શુદ્ધનય કહ્યો છે. પોતાના અખંડ સ્વભાવ તરફ ઢળતો ભાવ તેને શુદ્ધનય કહ્યો છે પણ અહીં રાગવાળો શુદ્ધનય કહ્યો છે, જુદી જુદી અપેક્ષાએ કહ્યું છે.

જીવમાં કર્મ બદ્ધ છે અથવા અબદ્ધ છે-તે બન્ને વિકલ્પ છે. વસ્તુ તો જેમ છે તેમ છે, તેમાં વસ્તુ બદ્ધ છે કે અબદ્ધ છે એવા વિકલ્પ તે રાગ છે.

આત્માની સ્વભાવદૃષ્ટિ જ્યાં થઈ ત્યાં અનંતો પુરુષાર્થ થયો. સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે જે સર્વજ્ઞ ભગવાને જોયું તે ત્રણકાળમાં ફરે નહિ. તે સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન કરવામાં-સર્વજ્ઞ ભગવાનનો નિર્ણય કરવામાં અનંતો પુરુષાર્થ છે.

દ્રવ્યમાં એક સમય પછી બીજા સમયનો ક્રમબદ્ધપર્યાય થાય છે, તેનું યથાર્થ-જેમ છે તેમ જ્ઞાન કરવાથી સમભાવ થઈ ગયો તે જ અનંતો પુરુષાર્થ છે. બીજા અનંત પદાર્થમાં અને મારા પદાર્થમાં ક્રમબદ્ધ પર્યાય થાય છે તેમ માન્યું તેમાં સમભાવ આવ્યો, તેમાં અનંતો પુરુષાર્થ આવ્યો. સર્વજ્ઞે જોયું તે ત્રણકાળમાં ફરે નહિ, સર્વજ્ઞ એટલે પૂર્ણ જ્ઞાન, તે પૂર્ણજ્ઞાનનો નિર્ણય કરવો તેમાં અનંતો પુરુષાર્થ છે, નિર્ણય કરનારમાં અનંતો પુરુષાર્થ છે, સર્વજ્ઞનો જેને નિર્ણય થયો તેને પોતાના આત્માના સ્વભાવનો નિર્ણય થયો જ હોય છે. સર્વજ્ઞ ભગવાને પુરુષાર્થ વડે મોક્ષ જોયો છે, જેણે સર્વજ્ઞને જાણ્યા તેણે પુરુષાર્થને જાણ્યો જ છે, ચૈતન્યમાં પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ પર્યાય સર્વજ્ઞ ભગવાને જાણ્યો છે, જેણે સર્વજ્ઞને જાણ્યા તેણે પુરુષાર્થને જાણ્યો જ છે. જે ભાવે સર્વજ્ઞના પૂર્ણ સ્વભાવનો નિર્ણય કર્યો અને પોતાના સ્વભાવનો નિર્ણય કર્યો તે ભાવમાં —ભવનો ભાવ હોય જ નહિ—અનંત સંસારનો નાશ થયો. પરનું આમ કરું છું, પરનું તેમ કરું છું તે અટકાવીને પર્યાય ક્રમબદ્ધ હોય છે તેમ જ્ઞાન કર્યું ત્યાં સમતા થઈ ગઈ, પરની ઘાલમેલ વગરનું જ્ઞાન અને વીર્ય સ્વભાવમાં વળ્યાં. જડમાં પુરુષાર્થ નથી તેથી જડનો પર્યાય પુરુષાર્થ વિના ક્રમસર, ક્રમબદ્ધ થયા જ કરે છે અને ચૈતન્યમાં મોક્ષપર્યાય થતાં સુધી પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધપર્યાય સર્વજ્ઞ ભગવાને જાણ્યો છે. જેણે સર્વજ્ઞનું યથાર્થ સ્વરૂપ જાણ્યું તેણે ક્રમબદ્ધપર્યાયને યથાર્થ જાણ્યો છે.

હું આમ ફલાણાનું સારું કરી દઉં, ફલાણાને આગળ વધારી દઉં તેવી માન્યતાનો હાથ હવે પરમાંથી ઉઠાવી લીધો. જેવો હું ઓશિયાળો નથી પણ સ્વતંત્ર છું તેમ સામો પદાર્થ પણ ઓશિયાળો નથી પરંતુ સ્વતંત્ર છે—એ રીતે બધા પદાર્થ સ્વતંત્ર છે એમ નક્કી થયું ત્યાં વીર્ય પરની ઘાલમેલમાં રોકાતું તે અટકી ગયું અને જાણ્યું કે હું તો જે છઉં તે છઉં, મારે પર સાથે કાંઈપણ સંબંધ નથી. ક્રમબદ્ધ પર્યાયનું યથાર્થસ્વરૂપ યથાર્થજ્ઞાન થયા વગર સમજાય તેમ નથી.

અહીં બે પક્ષનો નકાર કરીને નિરપેક્ષ તત્ત્વ બતાવવું છે. આત્મા કર્મથી બંધાયેલ છે અને આત્મા કર્મથી બંધાયેલ નથી તે બે પડખાંનો વિચાર રાગમિશ્રિત છે, રાગમિશ્રિત વિચારના અવલંબને સ્વભાવનું ભાન થાય તેમ ક્યારેય પણ બને નહિ. જે પક્ષને ઓળંગી ગયો છે તે પક્ષાતિક્રાંત છે. આત્માના સ્વભાવને પહેલાં નયથી કે નિક્ષેપથી નક્કી કર્યો છે, પછી અનુભવ વખતે તે નય-નિક્ષેપનું કામ પડતું નથી. જેમ ખાવાની એક વસ્તુ લીધી ત્યારે તે માલને કાટલેથી તોળ્યો છે પરંતુ માલને ખાવા ટાણે તે કાટલાં કામ આવે નહિ, તેમ નય-નિક્ષેપથી પહેલાં વસ્તુનો સ્વભાવ નક્કી કર્યો છે, પછી અનુભવ વખતે તે નય-નિક્ષેપ કામ ન આવે. નય-નિક્ષેપમાં વિકલ્પ રહે છે, પક્ષાતિક્રાંતમાં વિકલ્પનો અભાવ થાય છે.

પક્ષાતિક્રાંત કહેતાં આપણે બધા ધર્મને સરખા માનવા, કોઈ ધર્મનો ભેદ ન પાડવો, બધા માર્ગ સરખા છે એમ કોઈ એનો અર્થ લે તો એવો અર્થ લેવાનો નથી. વસ્તુનું સત્સ્વરૂપ શું છે તેનો નિર્ણય બરાબર કરવો; પરંતુ અહીં તો આખી વસ્તુ નિરપેક્ષ બતાવવી છે. રાગમિશ્રિત પક્ષ છોડાવવાની આ વાત છે.

અહીં પક્ષ છોડવાનું કહ્યું છે તેથી નિર્ણય છોડવાનું કહ્યું છે એમ સમજવાનું નથી કારણ કે રાગ છોડવાનું કહ્યું છે. કાંઈ નિર્ણય છોડવાનું કહ્યું નથી. આત્માને આ અપેક્ષાએ બંધ છે ને આ અપેક્ષાએ બંધ નથી, આ અપેક્ષાએ નિમિત્ત છે અને આ અપેક્ષાએ નિમિત્ત નથી, આ અપેક્ષાએ રાગ છે અને આ અપેક્ષાએ રાગ નથી, દ્રવ્યદૃષ્ટિથી આત્મા પરથી નિરાળો પરિપૂર્ણ શુદ્ધસ્વરૂપ છે અને પર્યાયદૃષ્ટિથી અવસ્થામાં મલિનતા થાય છે વગેરે વસ્તુસ્વભાવ જેમ છે તેમ જ્ઞાન અને પ્રતીત કરીને રાગને છોડવો પણ જ્ઞાન અને પ્રતીત છોડવાનું કહ્યું નથી. હું બંધાયેલ છું અને બંધાયેલ નથી એવા વિચારમાં અટકવાથી રાગ થાય છે તેથી રાગ છોડીને સ્વભાવમાં ઠરવાનું કહ્યું છે પણ જ્ઞાન અને પ્રતીત છોડવાનું કહ્યું નથી. 'બંધાયેલ છું' અને 'બંધાયેલ નથી' તેવા પક્ષથી અતિક્રાંત થવાનું કહ્યું છે બે ભેદમાં જે અટકી જાય છે તેને છોડાવે છે.

પ્રશ્ન:—ગૌતમસ્વામીને ભગવાન ઉપર રાગ હતો તેથી અટક્યા હતાને?

ઉત્તર:—નિમિત્ત તરફની અપેક્ષાથી કહીએ તો કહેવાય કે ગૌતમસ્વામીને ભગવાન ઉપર રાગ હતો પણ ખરી રીતે પુરુષાર્થની મંદતાથી રાગ હતો. પરવસ્તુના કારણે રાગ નથી, નિમિત્તથી રાગ નથી, દ્રવ્યમાં રાગ નથી, પરમાર્થ ઉપર દૃષ્ટિ છે અને રાગ ઉપર દૃષ્ટિ નથી, પર્યાયમાં રાગ થાય છે તેના ઉપર દૃષ્ટિ નથી. હવે રાગ રહ્યો પોતાના પર્યાયમાં પુરુષાર્થની મંદતાના કારણે; ભગવાન ઉપર ગૌતમસ્વામીને રાગ હતો એમ નિમિત્ત તરફથી કહેવાય પણ ખરી રીતે પુરુષાર્થની મંદતાના કારણે રાગ હતો. ભગવાનના કારણે રાગ ન્હોતો. ગૌતમસ્વામી તો અનેક ઋદ્ધિના ધારક, ચાર જ્ઞાનના ધણી, મહા સમર્થ ગણધર હતા., તેઓ રાગાદિ ત્રણ કષાયનો અભાવ કરી સ્વરૂપમાં બહુ લીન હતા પરંતુ પૂર્ણ વીતરાગદશા તેમને પ્રગટી ન્હોતી તેથી અલ્પ રાગ હતો, તે રાગ ભગવાનને કારણે ન્હોતો પણ પોતાને કારણે હતો.

છઠ્ઠી ભૂમિકા હોય ત્યાં અલ્પ રાગ હોય અને તે રાગનું નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે જ હોય, પ્રશસ્ત રાગનાં નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે છે પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્રના કારણે રાગ નથી પણ પોતાને વીતરાગદશા થઈ નથી; અધૂરી ભૂમિકા છે તેથી રાગ આવ્યા વિના રહે નહિ.

ચોથી ભૂમિકાએ જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં ઊભા હોય તેથી તેમને શુભાશુભ પરિણામ આવ્યા વિના રહે નહિ, પોતાની ભૂમિકા અધૂરી છે તેથી ગૃહસ્થાશ્રમ ઊભો છે ને તેથી રાગ ઊભો છે, તે રાગ પરના કારણે ઊભો નથી પણ પોતાના પુરુષાર્થની મંદતાના કારણે ઊભો છે. રાગ આવે છે પણ તે રાગ ઉપર જ્ઞાનીને સ્વામિત્વબુદ્ધિ નથી, રાગમાં પોતાનું કર્તવ્ય માન્યું નથી—અખંડ પરિપૂર્ણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે; દૃષ્ટિ સાથે રહેલું જ્ઞાન તે દ્રવ્યને જાણે છે ને પર્યાયને પણ જાણે છે તેમ જ રાગના પર્યાયને પણ જાણે છે ને રાગના નિમિત્તને પણ જાણે છે. જે જ્ઞાન સ્વપરને જાણતું નથી, જે જ્ઞાન સ્વભાવના સામર્થ્યને, રાગને અને રાગના નિમિત્તને જાણતું નથી તે જ્ઞાન ખોટું છે, સમ્યક્ નથી.

ભક્તિ તે ભક્તિ ખાતર નથી, બીજા ખાતર નથી પણ પોતા માટે છે. ખરી રીતે ભક્તિ પોતાની જ કરે છે, પરની ભક્તિ કોઈ કરી શકતું નથી. પોતાને ગુણનું બહુમાન આવે છે તેનો પર ઉપર આરોપ કરે છે, એનો અર્થ એમ થાય છે કે પોતાને ગુણ ઉપર રુચિ છે એટલે કે તે ગુણ પોતે પ્રગટાવવા માગે છે માટે પોતે પોતાની જ ભક્તિ કરે છે, બીજાની ભક્તિ કરી તેમ ઉપચારથી કહેવાય છે.

સમયસાર-સ્તુતિમાં આવે છે કે:—

"તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા" તેમ સ્તુતિ કરવામાં આવે છે તે ઉપચારથી કરવામાં આવે છે. ખરી રીતે વસ્તુસ્વરૂપની તેને રુચિ છે તેથી ભક્તિ કરે છે; તે રાગ પરના કારણે આવતો નથી પણ પોતાના કારણે આવે છે.

કોઈ એમ કહે કે ચોથે ગુણસ્થાને આત્માનું ભાન થતાં તદ્દન રાગ ન જ હોય અને રાગનાં નિમિત્ત ન જ હોય તો તે જ્ઞાન ખોટું છે; ચોથી ભૂમિકાએ અશુભરાગ હોય છે અને તેનાં નિમિત્તો સ્ત્રી, પુત્ર વગેરે હોય છે અને શુભરાગ હોય છે તેનાં નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે હોય છે; પણ ચોથી ભૂમિકાએ તદ્દન રાગ ન જ હોય કે તદ્દન વીતરાગ જેવી ભૂમિકા માને તો તે જ્ઞાન ખોટું છે. ચોથી ભૂમિકાએ જ્ઞાનીને રાગ આવે છે પણ તેને તે પોતાનો સ્વભાવ માનતો નથી, અખંડ પરિપૂર્ણ દ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ છે. જો રાગને પોતાનો સ્વભાવ માને તો દૃષ્ટિ ખોટી અને રાગ તદ્દન આવતો જ નથી એમ માને તો જ્ઞાન ખોટું. આ ગાથામાં તો રાગમિશ્રિત પરિણામમાં જ જે અટકયો છે ને તે મારો સ્વભાવ છે એમ જેણે માન્યું છે તેને સમજાવે છે, સાધક અવસ્થામાં વીર્યની મંદતાથી એકલા પરથી નિરાળા ચિદાનંદ સ્વભાવમાં કાયમ ન રહી શકાય તેથી બાહ્ય લક્ષ આવે છે, ત્યાં હું બદ્ધ છું ને અબદ્ધ છું એવા પક્ષમાં રોકાય છે તેને પણ સમજાવે છે. આચાર્યદેવ એવી સૂક્ષ્મતાથી સમજાવે છે કે બધાં પડખાંના પક્ષ છૂટી જાય, કોઈ પડખાનો પક્ષ ઊભો ન રહે.

૨૦૦૦, કારતક વદ ૧૦, સોમ.

આત્મા અજ્ઞાનભાવે શું કરી શકે છે ને જ્ઞાનભાવે શું કરી શકે છે? અજ્ઞાનભાવમાં રાગ-દ્વેષનો કર્તા થાય છે, અને જ્ઞાનભાવમાં જ્ઞાનનો કર્તા થાય છે.

'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે. જે તે નયપક્ષને અતિક્રમે છે (-ઓળંગી જાય છે, છોડે છે), તે જ સકલ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે.

આત્મામાં કર્મ એકક્ષેત્રે સંબંધરૂપે વ્યાપીને રહ્યાં છે એવો શુભ વિકલ્પ નયપક્ષ છે અને આત્મામાં નિમિત્તરૂપે પણ કર્મ બદ્ધ નથી એવો શુભવિકલ્પ તે પણ નયપક્ષ છે. બન્ને નયપક્ષમાં જ્ઞાનની અવસ્થા રાગમાં પકડાઈ જાય છે. આ બે નયપક્ષનાં પડખાં પડે છે તે સ્વભાવનું કર્તવ્ય નથી; અજ્ઞાનભાવ તેનો કર્તા થાય છે ને રાગ તેનું કર્તવ્ય છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તે પરિણમ્યા વગર રહે નહિ એટલે કે રૂપાંતર થયા વગર રહે નહિ. વસ્તુ હોય તે તદ્દન કૂટસ્થ રહે નહિ, વસ્તુ વસ્તુપણે અને ગુણપણે કાયમ રહીને બદલે છે એવો વસ્તુનો સ્વભાવ છે.

રાગને બદલાવીને દ્વેષ થાય છે તેમાં થનારો કર્તા હું છું એમ અજ્ઞાની માને છે; ક્ષણે ક્ષણે વિકારી પર્યાયનો પલટો તો થાય છે પણ તેનું લક્ષ સ્વ ઉપર છે કે પર ઉપર છે તેના ઉપર કર્તાકર્મનું માપ છે. અવિકારી સ્વભાવને ભૂલીને અજ્ઞાનભાવ, વર્તમાનભાવ, ક્ષણિકભાવ થાય છે તે તેનો અજ્ઞાનભાવ છે અને રાગ-દ્વેષ એનું કર્તવ્ય છે.

આત્મા જ્ઞાનભાવે તો નિર્મળ અવસ્થાનો કર્તા છે, પોતાના પુરુષાર્થની નબળાઈથી સ્વમાં એકલું ન રહી શકાય તેથી આત્મામાં કર્મ બદ્ધ છે ને કર્મ બદ્ધ નથી એવા વિકલ્પમાં રોકાય તે નયપક્ષ છે તેને પણ સમજાવે છે.

સ્ત્રી, કુટુંબ, ધંધા, વેપાર વગેરેના અશુભ પરિણામ તો કાઢી નાખ્યા, જડ તરફનું સ્થૂલ કર્તાપણું છોડાવીને અહીં તો મનના શુભ પરિણામ સુધી લઈ ગયા. મનના એકલા શુભ વિકલ્પની વાત લીધી છે; કર્મ બદ્ધ છે અને કર્મ બદ્ધ નથી તે બન્ને શુભ વિકલ્પ છે. જો કે આત્મા અબદ્ધ છે. શુદ્ધ છે, નિરપેક્ષ છે, પરથી નિરાળો છે તે પક્ષ તો સત્ય છે પરંતુ તે પક્ષમાં રોકાવું તે પણ શુભ વિકલ્પ છે માટે રાગનો પક્ષ છે; આત્મા બદ્ધ છે તે વાત પર્યાયદૃષ્ટિએ સાચી છે પણ દ્રવ્યદૃષ્ટિએ અભૂતાર્થ છે, અસત્ય છે અને તે તરફનો પક્ષ તે રાગ છે. જ્ઞાનનો સ્વભાવ તો ઠરવાનો છે પણ જ્ઞાન સંક્રમ્યું—પલટો ખાધો—અસ્થિર થયું; રાગના આશ્રય વિના જ્ઞાન બદલે નહિ, વિકલ્પનો ખંડ પડે નહિ, ભેદ પડે નહિ. સ્વભાવમાં પરિણતિ થવી—પલટન થવું તે તો પોતાનો સ્વભાવ છે પરંતુ વિકારમાં પલટો ખાય ત્યારે જ્ઞાન અસ્થિર થાય છે—રાગનો આશ્રય આવે છે.

'આમ છે' અને 'તેમ છે' એવું એકાકાર સ્વભાવમાં કાંઈ છે નહિ, જ્ઞાનનો સ્વભાવ તો એકરૂપ સહજ છે તે જેમ છે તેમ સહજજ્ઞાન નહિ માનતા 'આમ છે' અને 'આમ નથી' તેવી વૃત્તિ તે કૃત્રિમ ઉત્પત્તિ છે, પોતાનો સ્વભાવ નથી. જ્ઞાન તો સહજ, સમવસ્થિત, જેમ છે તેમ, એકાકાર છે; પરંતુ કર્મ બદ્ધ છે અને કર્મ બદ્ધ નથી એવી વૃત્તિ તે કૃત્રિમ છે.

પોતાના સ્વભાવના આંગણે આવીને અટકે છે તેની આ વાત છે, બહારના કર્તાપણાની વાત નથી. શરીરનું મેં કરી દીધું, પરનું મેં કરી દીધું, હું હતો તો આ થયું, જડનો હું કર્તા ને જડ મારું કર્તવ્ય વગેરે જડના કર્તાપણાની વાત તો ક્યાંય રહી પણ સ્વભાવને આંગણે આવીને 'હું આવો છું' ને 'હું આવો નથી' એવા વિકલ્પમાં અટક્યો તેથી એકરૂપ જ્ઞાન ન રહ્યું—વીતરાગભાવ ન રહ્યો. અબદ્ધ છું તે વાત ભૂતાર્થ છે—સત્યાર્થ છે પણ બદ્ધ છું તે વાત અભૂતાર્થ છે—અસત્યાર્થ છે પરંતુ બે નય બે

પડખાંનું કામ કરે છે. પર્યાયદૃષ્ટિએ ઉપચારથી આત્મા કર્મથી બંધાયેલો છે તે વાત સાચી છે પરંતુ દ્રવ્યદૃષ્ટિએ તે વાત ખોટી છે.

વસ્તુની વાત ઝીણી છે પણ વસ્તુનો સ્વભાવ તો જેમ છે તેમ છે, અણઅભ્યાસે મોંઘી લાગે પણ સહજ સ્વભાવે મોંઘી નથી. માટે તેને સાંભળતાં અરુચિ ન આવવી જોઈએ. અનાદર ન આવવો જોઈએ.

પ્રશસ્ત રાગનો પક્ષ છૂટીને સકલ વિકલ્પને અતિક્રમ્યો થકો સાક્ષાત્ સમયસાર થાય છે.

'આત્મા બદ્ધ છે' અને 'આત્મા અબદ્ધ છે' એવા બન્ને વિકલ્પથી છૂટીને વિજ્ઞાનઘન થયો થકો સાક્ષાત્ સમયસાર થાય છે. જેમ નિબિડ-કઠણ ઘીમાં આંગળી પેસે નહિ તેમ રાગનો પક્ષ છૂટીને જ્ઞાન નિબિડઘનરૂપે થઈ જાય છે; હું શુદ્ધ સ્વરૂપ છું તેમ ભેદરૂપ વૃત્તિ પણ થતી નથી, આમ છું કે આમ નથી તેવો કોઈપણ જાતનો વિકલ્પ રહેતો નથી, વસ્તુસ્વરૂપે જેમ છું તેમ છું. એ રીતે બદ્ધ-અબદ્ધના પક્ષથી છૂટીને જ્ઞાન જ્ઞાનરૂપે ઘટ્ટ થયું થકું, જ્ઞાન જ્ઞાનમાં જામ્યું થકું, વિજ્ઞાનઘન થયો થકો સાક્ષાત્ સમયસાર થાય છે. સાક્ષાત્ એટલે સ્વભાવ શક્તિમાં હતો તે પર્યાયમાં પ્રગટ થયો, અનુભવમાં આવ્યો. અજ્ઞાનભાવે વિકલ્પનો-રાગાદિનો કર્તાકર્મપણે આત્મા થતો હતો તે છૂટીને હવે સાક્ષાત્ જ્ઞાનનો કર્તાકર્મપણે થયો.

જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી, અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી; વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી. તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે; જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે-અનુભવે છે.

જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને ઓળંગી જાય છે તોપણ રાગને ઓળંગતો નથી અને સ્વભાવમાં ઠરતો નથી; 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ જે એક પડખાના રાગમાં રોકાઈ જાય છે તે પક્ષના વિકલ્પને ઓળંગે છે તોપણ રાગને ઓળંગતો નહિ હોવાથી સ્વભાવમાં ઠરતો નથી; શુભ વિકલ્પો એવા આવે કે આત્મા કર્મથી બંધાયેલો છે ને આત્મા કર્મથી બંધાયેલો નથી એવા બે પક્ષને નથી ઓળંગતો તે શુભ રાગના પક્ષને છોડતો નથી

તેથી તે સમસ્ત નયપક્ષને ઓળગંતો નથી, અતિક્રમતો નથી અને તેથી સમયસારને અનુભવતો નથી—આત્માને અનુભવતો નથી; પરંતુ જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે-ઓળંગે છે તે જ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સમયસારને અનુભવે છે, વિકલ્પ વગર એકલા આત્માના સ્વભાવને અનુભવે છે, પરની અપેક્ષા વગરનો નિરપેક્ષ, સહજ, શાંત, નિર્વિકલ્પ સ્વરૂપને અનુભવે છે, અનુભવ એટલે વેદન કરે છે. સહજ આનંદ આદિ ગુણોનું વેદન કરે છે, નિજરસનો સ્વાદ લે છે, નિજરવાદમાં લીન થઈ જાય છે તેને સમયસારનો અનુભવ એટલે કે આત્માનો અનુભવ કહેવાય છે. પર નિમિત્ત તરફના રાગ-દ્વેષના ભંગથી ઓળંગાએલી દશાને તદ્દન નિર્વિકલ્પ કહેવાય છે તે નિર્વિકલ્પ સ્વરૂપ થઈને આત્માના સ્વભાવનો અનુભવ કરે છે તે સ્વભાવ કર્મ છે-કાર્ય છે-પર્યાય છે.

કર્મ ત્રણ પ્રકારનાં છે:—જડકર્મ, અજ્ઞાનકર્મ અને સ્વભાવકર્મ. જડની અવસ્થા જડમાં થાય તે જડનું કર્મ, અજ્ઞાનભાવે વિકારીભાવનું-શુભાશુભ ભાવનું કર્મ કરે છે માટે તે અજ્ઞાનકર્મ. અજ્ઞાનભાવે કર્મ કરે છે માટે જ્ઞાનભાવે પણ કર્મ કરે છે, અજ્ઞાનભાવે કર્મ ન હોય તો જ્ઞાનભાવે પણ કર્મ ન હોય પણ અજ્ઞાનભાવે કર્મ છે માટે જ્ઞાનભાવે કર્મ છે. કર્મમાં ફળ દેવાની જે શક્તિ છે તે જડનું કર્મ છે. સ્વભાવ કર્મ તો સિદ્ધમાં પણ છે, ત્યાં પણ પરિણમન છે, સમયે સમયે પરિણમન થયા જ કરે છે, સ્વભાવકાર્ય થયા જ કરે છે, સહજરૂપ નિર્મળ દશાનું કાર્ય થયા જ કરે છે માટે ત્યાં પણ કર્મ છે.

આચાર્યદેવ સૂક્ષ્મ વિકલ્પને પણ કઢાવીને સ્વભાવકાર્ય પ્રગટાવવાનું કહે છે. હું બદ્ધ છું અને અબદ્ધ છું એવા શુભ વિકલ્પનો પક્ષ પણ સ્વરૂપને રોકે છે તો પછી બીજો કયો પક્ષ ન રોકે? કયો પક્ષ મદદ કરે? બહારની વાત તો કયાંય આઘી રહી જાય છે.

એકેક આત્મા પરિપૂર્ણ છે એવા પક્ષમાં રોકાણો તે પણ રાગનો પક્ષ છે, તેને છોડીને સ્વરૂપમાં ઠર્યો તે સમયસાર-શુદ્ધાત્મા છે.

એકેક આત્મા ગુણે અને પર્યાયે પૂર્ણ છે-એવું એક નયે ગ્રહણ કર્યું તેને પણ અહીં પક્ષ કહે છે તો પછી બહારની સ્થૂળ વાત તો કયાંય આઘી રહી જાય છે.

કોઈ કહે છે કે આત્માનો કોઈ કર્તા છે, ઇશ્વર એનો કર્તા છે, ઇશ્વર એનો અધિષ્ઠાતા છે, આવું જે માને છે તે તો બહુજ સ્થૂળ અજ્ઞાનભાવનું કાર્ય છે, ગૃહીતમિથ્યાત્વ છે, નિશ્ચય પૂર્વકનું વ્યવહારમિથ્યાત્વ છે. સતદેવ, સતગુરુ, અને સતશાસ્ત્ર ઉપર જેને શ્રદ્ધા છે તેને ગૃહીતમિથ્યાત્વ છૂટયું છે; પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર જ લક્ષ રહ્યા કરે તો તે રાગ છે; દેવ-ગુરુ-શાસ્ત્રે કહેલા નયપક્ષ ઉપર જ લક્ષ રહ્યા કરે તો તે મિથ્યાત્વ છે. સૂક્ષ્મ અગ્રહીતમિથ્યાત્વની આ વાત છે.

અનાદિઅનંત નિગોદમાં ગૃહીતમિથ્યાત્વ નો'તું. શુભાશુભ પરિણામ તે હું છું અને તે મારા છે તેવી ભ્રાંતિ હતી, ઉપાદાનની અશુદ્ધતાની ભ્રાંતિ હતી તેમાં નિમિત્ત તરફની ભ્રાંતિ પેઠી એટલે કે અસત્ દેવ-ગુરુ-શાસ્ત્રને સત્ માન્યા તેવી ભ્રાંતિ પેઠી તેથી ગૃહીતમિથ્યાત્વ થયું.

હવે આંગણે આવ્યો. દેવગુરુશાસ્ત્રે કહ્યું કે રાગનાં બે પડખાં પડે છે તે તારો સ્વભાવ નથી. જ્ઞાન અધૂરું છે-ક્ષયોપશમ જ્ઞાન છે તેથી મુખ્ય-ગૌણમાં હળ્યા વગર રહે નહિ. જ્ઞાન ઓછું જાણે એટલે નય તરફ જાય ત્યાં મુખ્ય-ગૌણ થયા વગર રહે નહિ.

જેવો છે તેવો અખંડ સ્વભાવ લક્ષમાં ન લે તો દેવગુરુશાસ્ત્રે વસ્તુનું જે સ્વરૂપ કહ્યું છે તે લક્ષમાં ન લીધું, સાચા નિમિત્ત ઉપર શ્રદ્ધા છે પણ તેઓ જે વસ્તુનું સ્વરૂપ કહેવા માગે છે તે પ્રમાણે ગ્રહણ ન કર્યું અને રાગના પક્ષમાં અટકયો તો અગૃહીત મિથ્યાત્વ છે. અહીં અગૃહીત સૂક્ષ્મ મિથ્યાત્વના નાશનો ઉપાય બતાવે છે. રાગનાં બે પડખામાં પણ અટકીશ નહિ તેમ કહે છે.

જેને સાચા દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા છે, જેને નિમિત્ત સાચાં છે તેને શુભપરિણામ પણ ઊંચા થાય. પંચમહાવ્રતધારી, નગ્ન દિગંબર મુનિ થયો હોય અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જો બરાબર શ્રદ્ધા હોય તો નવગ્રૈવેયક જાય એવા ઊંચા શુભ પરિણામ થાય પણ ભવભ્રમણ ટળે નહિ. ભવભ્રમણ તો અગૃહીતમિથ્યાત્વ ટળતાં આત્મભાન થાય ત્યારે જ ટળે. જેને અસત્ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, જેને નિમિત્ત ખોટાં છે તેને શુભભાવ પણ ઊંચો ન થાય, નવગ્રૈવેયક જાય તેવા ઊંચા શુભ પરિણામ ખોટા નિમિત્તને માનનારને ન થાય, તો ભવભ્રમણ તો ટળે જ કયાંથી?

અહીં તો કહે છે કે નયપક્ષમાં અટકવાનું પણ છોડ! એક નય કહે છે કે આત્મામાં કર્મ બદ્ધ છે, બીજો નય કહે છે કે આત્મામાં કર્મ અબદ્ધ છે—આ બે પડખાં તો સત્દેવ, સત્ગુરુ અને સત્શાસ્ત્ર પાસેથી સમજ્યો છે. આ અપેક્ષાએ બદ્ધ છે અને આ અપેક્ષાએ અબદ્ધ છે વગેરે પડખાં સત્ નિમિત્ત પાસેથી સમજ્યો છે. જેમની પાસેથી નયનાં પડખાં સમજ્યો તે કહે છે કે આ નયના પક્ષમાં કેમ ઊભો છે! હવે જા તારા સ્વભાવમાં! વિકલ્પ તોડીને સ્વભાવમાં ઠર!

દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વિકલ્પનો આશ્રય પણ તારા સ્વભાવમાં નથી તો પછી બીજો કયો આશ્રય સ્વભાવમાં હશે? માટે વિકલ્પને તોડ! સ્વભાવમાં ઠર!

સત્દેવ-ગુરુ પાસેથી નયનાં પડખાં સાંભળ્યાં, તેમણે સમજાવ્યાં, તો પછી એમના

કહેલા નયનાં પડખાંમાં ઊભું રહેવું પણ પાલવશે નહિ કારણ કે તે નયના વિકલ્પ સહજ સ્વભાવ નથી, કૃત્રિમ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વિકલ્પ પણ કૃત્રિમ છે, સહજ સ્વભાવ નથી.

પ્રથમ શ્રદ્ધા કરે કે નયપક્ષના વિકલ્પ રહિત મારું સહજ સ્વરૂપ એકાકાર છે એમ નિશંક થાય, પછી વિકલ્પ હોય તોપણ તે આગળ જવાનો છે, વિકલ્પ તોડશે અને સ્વભાવમાં જશે.

કોઈએ અબંધપક્ષ પકડયો તેણે પણ રાગને જ ગ્રહણ કર્યો. કોઈએ બંધપક્ષને પકડયો તેણે પણ રાગને જ ગ્રહણ કર્યો; બન્નેએ રાગને જ પકડયા છે. દ્રવ્યદૃષ્ટિએ અબદ્ધ અને પર્યાયદૃષ્ટિએ બદ્ધ છે એવું વસ્તુનું સ્વરૂપ છે, તોપણ એના રાગમાં રોકાઈ જવું તે પોતાનો સ્વભાવ નથી. જે કોઈ પક્ષ તોડીને સ્વભાવમાં ઠરે છે તે સમયસારને પામે છે. નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે. આ સમ્યગ્દર્શનની વાત છે, આ પૂર્ણ વીતરાગની વાત નથી. વીતરાગ મારો સ્વભાવ છે એવી પ્રતીતિ થતાં નિર્વિકલ્પ વીતરાગસ્વભાવમાં ઠરવું તે સમયસાર છે. તે સમ્યગ્દર્શન છે.

'હવે 'જો આમ છે તો ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે?' નચાવે એટલે કે કોણ ન પરિણમાવે? એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાના ૨૩ કળશરૂપ કાવ્ય કહે છે:—

(ઉપેંદ્રવજ્રા)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसंति नित्यम् ।
विकल्पजालच्युतशांतचित्ता-
स्त एव साक्षादमृतं पिबंति ॥ ६९ ॥

અર્થ:—જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, સાક્ષાત્ અમૃતને પીએ છે.

જે સહજ આત્મસ્વરૂપમાં ગુપ્ત થઈને રહે છે, સ્વસન્મુખ થઈને સ્વરૂપમાં ઠરે છે તે બદ્ધ-અબદ્ધના પક્ષના રાગમાં ઊભો રહેતો નથી, રાગના જાળાં છોડીને જેનું ચિત્ત શાંત થયું છે તે આત્માના અમૃત આનંદસ્વભાવનો સ્વાદ લે છે, આકુળતાનો અભાવ થઈને નિજરસનો સ્વાદ લે છે, નયપક્ષના ત્યાગની ભાવનાને નચાવીને આત્માના અમૃતને પીએ છે.

બદ્ધ છું અને અબદ્ધ છું એવા પક્ષમાં જે રહે છે તેના ચિત્તમાં ક્ષોભ મટતો નથી-આકુળતા મટતી નથી, રાગ ટળતો નથી; પરંતુ બદ્ધ છું ને અબદ્ધ છું તેવા વિકલ્પથી છૂટી જાય ત્યારે વીતરાગસ્વભાવમાં પ્રવૃત્તિ થાય છે. આત્માનો અતીંદ્રિય આનંદ સુખસ્વરૂપ અનુભવાય છે, નિર્વિકલ્પ વીતરાગભાવનું વેદન થાય છે. જે બદ્ધ-અબદ્ધના વિકલ્પ રહિત આત્માનું સ્વરૂપ જાણે છે તે નિર્વિકલ્પસ્વભાવનો વેદનારો થાય છે, અનંત ગુણપિંડસ્વરૂપ આત્માનો અનુભવનારો થાય છે. આ વાત અપૂર્વ, અચિંત્ય ને અલૌકિક છે, આ વાત સમજ્યા વિના સ્વભાવની મહિમા આવે નહિ, તેને ભવભ્રમણનો અભાવ થાય નહિ; પરંતુ આ સ્વભાવને જે સમજે તેને જ સ્વરૂપની મહિમા આવે, તે જ નિજરસનો સ્વાદ લેનારો થાય, તેને જ ભવભ્રમણનો અભાવ થાય.

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષને જે છોડે છે તે તત્ત્વવેદી ( તત્ત્વનો જાણનાર ) સ્વરૂપને પામે છે:—

( ઉપજાતિ )

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७० ॥

અર્થ:—જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી ( વસ્તુસ્વરૂપનો જાણનાર ) પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ).

એક પક્ષના પક્કડવાળો કહે છે કે જીવ બંધાયેલો છે, બીજા પક્ષના પક્કડવાળો કહે છે કે જીવ બંધાયેલો નથી; ભગવાન આત્મા તો ચિત્સ્વરૂપ છે તેમાં આવાં જે બે પડખાં પડે છે તે રાગનાં પડખાં છે, રાગના ભેદ છે; પરંતુ જે તત્ત્વનો અનુભવનાર છે તે આ રાગના પડખાંથી રહિત છે. હું આવો છું કે તેવો છું તે ભાવને છોડીને, વિકલ્પને તોડીને સ્વભાવમાં ઠર્યો, નિર્વિકલ્પરૂપ થયો તે ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. બદ્ધ છું ને અબદ્ધ છું એવા વિકલ્પ તે રાગનું આંગણું છે. ભગવાન આત્માનું તે આંગણું નથી. આવું જે જાણે તે તત્ત્વવેદી છે-સ્વરૂપનો અનુભવનાર છે-તત્ત્વનો વેદનાર છે.

આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યનાં પરિણામ પર નિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્યદેવ ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે—આ શુદ્ધનયનો પણ પક્ષપાત ( વિકલ્પ ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી ? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય.

આ શાસ્ત્રમાં વ્યવહારનયને ગૌણ કરીને, શુદ્ધનયને મુખ્ય કરીને કથન કર્યું છે. કર્મનો, રાગનો, નિમિત્તનો, ભેદનો વિષય કરનાર એવું જે જ્ઞાન તે વ્યવહારનય છે. તે વ્યવહારનયનું વજન આ શાસ્ત્રમાં ગૌણ કરીને કથન કર્યું છે. આત્મા અનંતગુણે કરીને શુદ્ધ છે, વિકાર એનો સ્વભાવ નથી. સ્વભાવમાં મન નહિ, વાણી નહિ, શરીર નહિ, એકલો શુદ્ધ અનંતગુણના પિંડસ્વરૂપ આત્મા, એનો વિષય કરનાર જ્ઞાન તે શુદ્ધનય છે.

વિકારી સ્વભાવપણે અનેકરૂપે થાય તે વસ્તુનો સ્વભાવ નથી, તારામાં તે છે નહિ ને તું એવો છો નહિ. રાગ-દ્વેષનો ક્ષણિક વિકાર થાય તે તારામાં નથી, તું તો ચિદાનંદમૂર્તિ છો એમ આચાર્યદેવ પહેલેથી કહેતા આવ્યા છે. આત્મા તો ચૈતન્યમાત્ર-સ્વરૂપ છે તેમાં વિકારનો અંશ નથી, પરનો ભેળ નથી એવો. શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છે તે શુદ્ધનયનો વિષય છે.

આચાર્યદેવે આત્મા શુદ્ધ છે એવી શુદ્ધતાની વાત અત્યારસુધી કરી, પણ અહીં તો શુદ્ધનયનો વિકલ્પ પણ ટાળવો છે. આત્મા શુદ્ધ છે અને આત્મા અશુદ્ધ છે એવા બે વિકલ્પ પણ પક્ષપાત છે, તે વિકલ્પ તૂટ્યા વગર સ્વરૂપમાં ઠરી શકાતું નથી; માટે અહીં વિકલ્પ તોડવાની વાત કરી છે.

શુદ્ધ કહેતા અશુદ્ધતાને ગૌણ કરી છે, નિત્ય કહેતાં પર્યાયને ગૌણ કર્યો છે, શુદ્ધનયને જે વિકલ્પથી કહેવા માગે છે તે વિકલ્પ પણ તારો સ્વભાવ નથી, અખંડ સ્વભાવ તરફ વળવા માટે, ભંગ તરફથી ઉપયોગને ઉપાડવા માટે તું રાગ તરફ ન જો, શરીર તરફ ન જો, નિમિત્ત તરફ ન જો, બંધ-મોક્ષનાં બે પડખાં પડે તેને પણ ગૌણ કરીને એકલો સહજ સ્વભાવ છે તેનો આશ્રય કર, વિકલ્પને તોડવા માટે અભેદ સ્વભાવનો આશ્રય કરવાનું કહ્યું છે. જેમ નદીમાં પાણીનો પ્રવાહ એકરૂપે ચાલ્યો આવતો હોય અને તેમાં નાળાં વચ્ચે આવે તો એક પ્રવાહનો ભંગ પડી જાય છે, તેમ સ્વભાવ તરફ એકરૂપ પ્રવાહે જ્ઞાન ઢળવું જોઈએ પણ વચ્ચે રાગમાં, શરીરમાં અને નિમિત્તમાં રોકાતાં એકરૂપ પ્રવાહનો ભંગ પડે છે, માટે કહ્યું છે કે એકલો જ્ઞાયક અનંતગુણોથી

ભરેલો છે એનો આશ્રય કરીશ તો નિજસ્વરૂપમાં અપૂર્વ આનંદને પામીશ; પણ જો શુદ્ધનયના વિકલ્પમાં પણ અટકી જઈશ તો તે સ્વાદને નહિ પામ.

આચાર્યદેવ કહે છે કે શુદ્ધનયના વિકલ્પમાં અટકીશ નહિ. અશુદ્ધનયની તો વાત જ શી? કારણ કે શુદ્ધનયનો પક્ષપાત કરીશ તોપણ રાગ નહિ મટે અને વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્રસ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધસ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગદશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.

આત્મા રાગી છે, દ્વેષી છે, બંધાએલ છે, શરીરવાળો છે એવી દૃષ્ટિ જેને ઊભી છે તેની વાત તો દૂર રહો! તે તો શુદ્ધસ્વરૂપને આંગણે પણ આવ્યો નથી, તેણે તો શુદ્ધ સ્વરૂપને પીઠ દીધી છે, તે તો શુદ્ધસ્વરૂપને સન્મુખ પણ થયો નથી, પણ જે આત્માની શુદ્ધતા અને અશુદ્ધતાનું યથાર્થ જ્ઞાન કરીને શુદ્ધસ્વરૂપના પડખાના રાગમાં ઊભો રહે છે તે પણ શુદ્ધસ્વરૂપને પામી શકતો નથી, આત્માના સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી.

અશુદ્ધનય તરફનો અસદ્‌ભૂત વ્યવહાર જે છે તેના પક્ષની તો વાત જ નથી, પણ જે ગુણ-ગુણીના રાગ વડે ભેદ પડે ત્યાં પણ અટકીશ નહિ. શુદ્ધના આંગણે ઊભો ઊભો 'હું આવો છું-હું આવો છું' એમ વિકલ્પ કરીને ઊભો રહેશે તેને પણ નિર્વિકલ્પ સ્વાદનું સ્વાદન થશે નહિ, તે ત્યાં ને ત્યાં રોકાઈ જશે, જેવું સહજ આત્મસ્વરૂપ છે તેવો વીતરાગ નહિ થાય, માટે પક્ષપાતને છોડીને એક શુદ્ધ ચિન્માત્રસ્વરૂપમાં લીન થવાથી સ્વરૂપને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, સ્વરૂપમાં લીન થઈને, પક્ષપાતને છોડજે!

આચાર્યદેવે શુદ્ધનયને જાણવાનું કહ્યું છે, કારણ કે જાણ્યા વિના શું છોડશે? માટે આત્મા પરથી નિરાળો છે એમ બરાબર જાણીને, અશુદ્ધ પડખાને ગૌણ કરીને, શુદ્ધસ્વરૂપને જાણ! પછી શુદ્ધના પડખાના રાગને પણ છોડીને સ્વરૂપમાં લીન થા! કષાયનું પ્રવર્તન પણ સ્વરૂપમાં નથી એમ યથાર્થ શ્રદ્ધા કરી શ્રદ્ધાનું વર્તન લાવ! શ્રદ્ધા પછી ચારિત્ર-સ્થિરતા લાવ! શ્રદ્ધાનો વિષય સામાન્ય છે, પછી વર્તન લાવ! એટલે વિશેષ લાવ! 'આવો છું અને તેવો છું' તે વિકલ્પને છોડીને સ્વરૂપ વિષે પ્રવર્તન-આચરણચારિત્ર લાવ! વિકલ્પ નહિ છૂટે તો વીતરાગ-સ્વભાવ થશે નહિ.

જેવું સ્વરૂપ છે તેવું પ્રાપ્ત કરવું યોગ્ય છે પણ પક્ષમાં ઊભું રહેવું તે યોગ્ય નથી, વિકલ્પમાં ઊભું રહેવું તે યોગ્ય નથી માટે સ્વભાવના આનંદના વર્તન માટે વિકલ્પના ભંગનો ત્યાગ કરવો.

૨૦૦૦, કારતક વદ ૧૧ મંગળ.

આત્મા પરવસ્તુની અવસ્થાને કરે અને પરવસ્તુ આત્માની અવસ્થાને કરે તે વાત સાચી નથી. આત્મા રાગદ્વેષનો કર્તા છે તેમ કહેવું તે વાત પણ સાચી નથી. અહીં તો તેથી પણ સૂક્ષ્મ વાત છે. વસ્તુને જોવાનાં બે પડખાં છે તે નય છે. એક પર અપેક્ષાએ જોવાનું પડખું અને એક સ્વ અપેક્ષાએ જોવાનું પડખું. આત્માને કર્મના બંધનની અપેક્ષાએ જોવો તે વ્યવહારપડખું, અને અબંધ અપેક્ષાએ જોવો તે નિશ્ચયપડખું, તે બન્ને પડખાના વિકલ્પમાં રોકાવું તે નયપક્ષ છે, રાગ છે; માટે તે પક્ષમાં ઊભા રહેવાથી વીતરાગદશા પ્રાપ્ત થતી નથી માટે તે પક્ષને છોડી સ્વરૂપમાં લીનતા પ્રાપ્ત કરવી યોગ્ય છે.

( ઉપજાતિ )

एकस्य मूढो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७१ ॥

અર્થ:—જીવ મૂઢ ( મોહી ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ મૂઢ ( મોહી ) નથી એવો બીજા નયનો પક્ષ છે: આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ).

જીવ મૂઢ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ મૂઢ નથી એવો બીજા નયનો પક્ષ છે. નય અપેક્ષાનો એક એવો પક્ષ છે કે જીવ મૂઢ છે, નય અપેક્ષાનો બીજો પક્ષ છે કે જીવ મૂઢ નથી. અજ્ઞાભાવે કર્મ તરફ જોડાએલો છે, પરમાં મૂંઝાઈ ગયો છે એવા પર્યાય અપેક્ષાએ જુઓ તો આત્મા મૂઢ છે.

બીજા નયનો એવો પક્ષ છે કે જીવ મૂઢ નથી; પરમાર્થદૃષ્ટિએ આત્મા મૂઢ નથી તે વાત સાચી છે, કારણ કે ત્રિકાળ જ્ઞાનસ્વભાવી આત્મા કદી પરમાં મૂંઝાય નહિ, પણ તે તરફનો વિકલ્પ તે પક્ષ છે. પરમાર્થનયે આત્મા મૂઢ નથી તે વાત સાચી છે પણ અજ્ઞાન અપેક્ષાની દૃષ્ટિથી મૂઢ છે તે વાત ખોટી નથી પરંતુ તે બન્ને નયપક્ષ છે. બન્ને પક્ષમાં રોકાવું તે રાગ છે.

અહીં તો આત્માનું વાસ્તવિક હિત કેમ થાય તે વાત છે, બીજું બધું ટાળતાં ટાળતાં નયના પક્ષો પણ ટાળવા તેમ આચાર્યદેવનો ઉપદેશ છે.

આત્મા જ્ઞાનાદિ અનંતગુણનો પિંડ છે; તેને વર્તમાન પર્યાયદૃષ્ટિથી જુઓ તો મૂઢ છે પણ ત્રિકાળ દૃષ્ટિથી જુઓ તો મૂઢ નથી પરંતુ તેના ઉપર પક્ષ કરીને રોકાવું

તે રાગ છે; જે તત્ત્વવેદી છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ અનુભવાય છે. એકલું શુદ્ધ ચૈતન્યતત્ત્વ જ્યારે અનુભવમાં લીન છે ત્યારે ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે; તેમાં આમ છું અને તેમ છું તેવા નયનાં બે પડખાં નથી; તેને તો ચિત્સ્વરૂપ જેવો છે તેવો અનુભવાય છે.

આત્માની અવસ્થામાં મૂઢપણું ભાસે છે પણ આત્મા વસ્તુદૃષ્ટિએ મૂઢ નથી, કર્મથી મૂંઝાયેલો નથી; તે બે નયોના બે પક્ષપાત છે. હું કર્મથી મૂંઝાયેલો છું અને હું કર્મથી જુદો એવો આત્મા મૂંઝાયેલો નથી એવા બન્ને વિકલ્પો ખરી રીતે વ્યવહાર જ છે પણ અહીં એકને નિશ્ચય કહ્યો છે. હું જાગતી જ્યોત, કર્મમાં મૂંઝાઉં નહિ એવો વિકલ્પ તે પક્ષ છે. પરમાર્થદૃષ્ટિએ આત્મા મૂંઝાતો નથી તે વાત સાચી છે પણ એવો વિકલ્પ તે રાગ છે માટે વ્યવહાર છે.

રાજા થાય એટલે હું રાજા થયો, રાજા થયો તેમ ક્યાં સુધી ગોખ્યા કરે? પછી તો હું રાજા જ છું એમ નિર્ણય જ થઈ ગયો; તેવી રીતે પરથી જુદો જાગતી જ્યોત આત્મા મૂંઝાયેલો નથી એમ ભાન થયા પછી વિકલ્પમાં અટકી રહે તો સ્વાનુભવ થાય નહિ. મીઠું ખારું છે, ખારું છે એમ ક્યાંસુધી ગોખે? ગોખ્યા કરવાથી મીઠાનો સ્વાદ આવે? મીઠું મીઠું એમ ગોખવાથી મીઠું ખવાય ખરું? ન ખવાય. તેવી રીતે હું અમૂઢ છું, હું અમૂઢ છું તેમ ગોખવાથી, તે વિકલ્પમાં રોકાઈ જવાથી સ્વભાવનો સ્વાદ આવે ખરો? ન આવે.

કીટોડો કાઢતાં કાઢતાં મનને આંગણે આવીને ઊભો રહ્યો અને વિચાર કરે કે હું અમૂઢ છું, હું અમૂઢ છું તે પણ પક્ષ છે. આત્મા તો જેમ છે તેમ છે, તેનું વેદન કરવું તે વસ્તુસ્વભાવ છે. વસ્તુસ્વભાવ બે પક્ષપાતથી રહિત છે; જે તત્ત્વના વેદનાર છે તેને ચિત્સ્વરૂપ જીવ નિરંતર ચિત્સ્વરૂપ જ છે તેમ અનુભવાય છે.

( ઉપજાતિ )

एकस्य रक्तो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ।। ૭૨ ।।

અર્થ:—જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો એવો પક્ષ છે કે જીવમાં રાગ છે અને બીજા નયનો એવો પક્ષ છે કે જીવમાં રાગ નથી, વર્તમાન અવસ્થામાં રાગ છે એમ રોકાઈ જવાનો એક નયનો

પક્ષ છે, અને બીજો નય કહે છે કે સ્વભાવમાં રાગ નથી; રાગ નથી, તે નયદૃષ્ટિએ પણ ભંગ પાડયો. એક ચિત્સ્વરૂપમાં બે ભંગ નથી. આત્મા રાગી નથી અને અરાગી નથી, રાગી નથી એટલે વીતરાગી છે અને અરાગી નથી એટલે રાગી છે એવા વિકલ્પના બે ભંગ ચિત્સ્વરૂપમાં નથી. ચિત્સ્વરૂપ તો નિરંતર ચિત્સ્વરૂપ જ છે.

મેસૂબ ખરીદવા જાય ત્યાં પૂછે કે બે રૂપીએ શેર છે કે અઢી રૂપીએ શેર છે? પણ જ્યારે ખાવા બેસે ત્યારે બે રૂપીએ શેર છે કે અઢી રૂપીએ શેર છે તેમ બોલ્યા કરે, ગોખ્યા કરે તો મેસૂબ ખાઈ શકાય નહિ અને મેસૂબનો સ્વાદ આવે નહિ. ચૈતન્યનું સ્વરૂપ સર્વજ્ઞ ભગવાને જેમ કહ્યું છે તેમ પકડતાં પકડતાં પ્રથમ રાગ તો આવે વિકલ્પ તો આવે, એક અપેક્ષાએ (અવસ્થામાં) રાગ છે અને બીજી અપેક્ષાએ રાગ નથી તેવા વિકલ્પ પણ આવે ખરા; પણ તે વિકલ્પમાં જ રોકાઈ જાય તો ચૈતન્યના સ્વાદનો અનુભવ કરી શકે નહિ. જેમ પહેલાં મેસુબ ખરીદવા જાય ત્યાં મેસૂબનો ભાવ પૂછે, સારા-નરસાની પરીક્ષા કરે પણ જ્યારે મેસુબ ખાવા બેસે ત્યારે તે બધું છોડે તો મેસૂબ ખાઈ શકાય; તેવી રીતે આત્માને જાણવા માટે પ્રથમ બધી અપેક્ષાનું જ્ઞાન કરે. હિત શેમાં છે અને અહિત શેમાં છે વગેરે બધી પરીક્ષા કરી, યથાર્થ નિર્ણય કરે પણ તે વિકલ્પમાં રોકાઈ જાય તો ચૈતન્યના સ્વરૂપનો સ્વાદ લઈ શકે નહિ.

આત્મા તો જેવો છે તેવો જ છે. જેમ સૂર્ય તો જેવો છે તેવો જ છે પણ ઉપરવાળો કહે કે સૂર્ય આ તરફ છે અને પડખેવાળો કહે કે સૂર્ય મારી તરફ છે, બીજા પડખે ઊભેલો કહે કે સૂર્ય મારી તરફ છે પણ સૂર્ય તો જેમ છે તેમ છે, જ્યાં છે ત્યાં છે; તેમ ચૈતન્યસૂર્ય તો જેમ છે તેમ છે પરંતુ એક પક્ષવાળો કહે કે રાગી છે, બીજા પક્ષવાળો કહે કે રાગી નથી. પર્યાયદૃષ્ટિથી અને દ્રવ્યદૃષ્ટિથી બન્ને વાત સાચી છે પણ તેવા વિકલ્પ ચૈતન્યસૂર્યમાં નથી, તે વિકલ્પથી રહિત ચૈતન્યસૂર્ય તો જેવો છે તેવો જ છે તેથી બે પડખાંનો રાગ છોડીને આત્મામાં એકાગ્ર થાય તો આત્માના સ્વભાવનો આનંદ આવે. જે તત્ત્વવેદી છે તે ચિત્સ્વરૂપને નિરંતર અનુભવે છે.

(ઉપજાતિ)

एकस्य दुष्टो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ।। ७३ ।।

અર્થ:—જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દ્વેષી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ દ્વેષી છે, બીજા નયનો પક્ષ છે કે જીવ દ્વેષી નથી. કેટલાકનો એવો અભિપ્રાય હોય છે કે આપણને કોઈ પ્રતિકૂળતા કરે ત્યારે દ્વેષ થયા વગર રહે નહિ; આપણને અગવડતા આપે એના ઉપર દ્વેષ થાય જ એવું માનનારના અભિપ્રાયમાં આત્મા દ્વેષી જ છે તેમ થયું. તે પણ એક પક્ષ છે; બીજા પક્ષવાળો એમ કહે છે કે આત્મામાં દ્વેષ નથી. દ્વેષ વર્તમાન સમયના પર્યાયમાં થાય છે, ત્રિકાળ દૃષ્ટિએ આત્મામાં દ્વેષ-અણગમો-અરુચિ કાંઈ છે જ નહિ; પણ એવા પક્ષમાં ઊભું રહેવું તે રાગ છે કારણ કે આત્મા તો વીતરાગસ્વરૂપ જેમ છે તેમ છે. તેવા પક્ષ રહિત આત્માનો અનુભવ નહિ કરતાં આત્મા દ્વેષી નથી તેવો પક્ષ કરવો તે રાગ છે.

પરમાર્થે આત્મામાં દ્વેષ નથી પણ વ્યવહારે આત્માની અવસ્થામાં દ્વેષ છે. જ્યાંસુધી રાગનો અંશ છે ત્યાંસુધી દ્વેષનો અંશ પણ છે પરંતુ આત્માના ત્રિકાળી અસલ સ્વભાવમાં દ્વેષ નથી, પરંતુ તે પક્ષના વિકલ્પમાં રોકાતાં રાગમાં રોકાઈ જવાય છે, તેમાં જ્ઞાન સંક્રમે છે, બદલે છે માટે જે તત્ત્વનો વેદનાર છે તે પક્ષના રાગમાં નહિ રોકાતાં ચિત્સ્વરૂપ જીવ વિષે ચિત્સ્વરૂપ જીવનો જ અનુભવ કરે છે.

(ઉપજાતિ)

एकस्य कर्ता न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७४ ॥

અર્થ:—જીવ કર્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો એવો પક્ષ છે કે જીવ કર્તા છે અને બીજા નયનો એવો પક્ષ છે કે જીવ કર્તા નથી. અજ્ઞાનભાવે જીવ રાગ-દ્વેષનો કર્તા છે એવો એક નયનો પક્ષ છે, બીજા નયનો એવો પક્ષ છે કે આત્મા રાગ-દ્વેષનો તો કર્તા નથી પણ નિર્મળ અવસ્થાનો કર્તા પણ વ્યવહારથી છે. વાસ્તવિક રીતે નિર્મળ અવસ્થાનો પણ કર્તા વ્યવહારથી છે, શુદ્ધાત્મા તો જેમ છે તેમ છે, એમાં કોઈ જાતના ભેદ-વિકલ્પ લાગુ પડતા નથી તેથી કર્તા છે અને કર્તા નથી એવા વિકલ્પ તે પક્ષ છે, તે રાગમિશ્રિત વિચાર છે. તત્ત્વનો જાણનાર પક્ષપાત રહિત છે.

મીઠું ખારું છે એમ નક્કી થઈ ગયા પછી આ ખારું છે, આ ખારું છે એમ ગોખવાનું રહે નહિ; ખારું છે તેમ નક્કી જ છે પછી ગોખવાનું રહેતું નથી અને જો

ગોખે તો મીઠાનો સ્વાદ લઈ શકાતો નથી; તેમ આત્માનો સ્વભાવ જાણ્યા પછી આત્મા કર્તા છે અને કર્તા નથી એમ ગોખ્યા કરે તો સ્વરૂપનો સ્વાદ લઈ શકાતો નથી. આત્મા કર્તા છે અને કર્તા નથી એવી ઉત્થાનવૃત્તિ તે રાગ છે, તે રાગ આત્માનો સ્વભાવ નથી, રાગ વિનાનું વીતરાગ સ્વરૂપ આત્માનું છે.

ધર્મ આત્માનો સ્વભાવ છે. આત્માનું ભાન અને પ્રતીત કરીને આત્મામાં ઠરવું તે ધર્મ છે. હું કર્તા છું અને હું કર્તા નથી એવા રાગમિશ્રિત વિચાર તે આત્માના સ્વભાવનું કર્તવ્ય નથી, મનના અવલંબનનું એ કર્તવ્ય છે. હું પુણ્યપરિણામનો કર્તા છું અને પુણ્યપરિણામનો કર્તા નથી. હું સ્વભાવઅવસ્થાનો કર્તા છું-નિર્મળ અવસ્થાનો કર્તા છું એવા વિકલ્પ તે રાગ છે-અસ્થિરતા છે. જેમ પાણીને ડોળવામાં આવે ત્યારે પાણી હલાહલ થાય છે, તેમ વિકલ્પો છે તે સ્થિર સ્વભાવ નથી પણ હલાહલ છે. આત્મામાં સહજ સ્વભાવ જેમ છે તેમ ભર્યો છે, તે એકરૂપ સ્વભાવમાં વિકલ્પોની હલાહલ તે ડોળ છે. તત્ત્વવેદી તે વિકલ્પોથી રહિત છે, ચિત્સ્વરૂપ આત્માને અનુભવે છે.

( ઉપજાતિ )

एकस्य भोक्ता न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७५ ॥

અર્થ :—જીવ ભોક્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ભોક્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે આત્મા ભોક્તા છે અને બીજા નયનો પક્ષ છે કે આત્મા ભોક્તા નથી. શરીરમાં તાવ આવે ત્યારે અરુચિ દિલગીરી કરે અને નીરોગતા વખતે રાગ કરે; તે રાગ દ્વેષ અને અજ્ઞાનભાવ જ ભોગવાય છે. રોગને અને નીરોગતાને કોઈ ભોગવતું નથી પણ તેમાં રાગ, દ્વેષ અને અજ્ઞાનભાવ જ ભોગવાય છે. એક નય કહે છે કે અજ્ઞાનભાવે હર્ષ-શોકનો ભોક્તા છે અને જ્ઞાનભાવે જ્ઞાનનો ભોક્તા છે, બીજો નય કહે છે કે આત્માને ભોક્તા કહેવો તે પણ વ્યવહાર છે માટે આત્મા ભોક્તા નથી, તે તો જેમ છે તેમ છે, પરંતુ જેમ છે તેમ છે એવો વિકલ્પ પણ રાગ છે; જે તત્ત્વના જાણનાર છે તે સર્વ વિકલ્પથી રહિત ચૈતન્યસ્વરૂપ આત્માને જ અનુભવે છે.

( ઉપજાતિ )

एकस्य जीवो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७६ ॥

અર્થ:—જીવ જીવ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ જીવ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો એવો પક્ષ છે કે જીવ જીવ છે, બીજા નયનો એવો પક્ષ છે કે જીવ જીવ નથી. આત્મા પોતે છે તે વાત તો સાચી છે પણ હું જીવ છું, હું જીવ છું એવો વિકલ્પ તે રાગનો પક્ષ છે. જીવ જીવ નથી એટલે કે જીવ પોતાપણે છે અને જીવ પરપણે નથી, છે તે પોતાની અપેક્ષાએ અને નથી તે પરની અપેક્ષાએ, એવી રીતે બે નયના બે પક્ષ છે. અહીં અસ્તિ-નાસ્તિની વાત કરી છે. વસ્તુસ્વભાવે તો આત્મા પોતાપણે છે અને પરપણે નથી. વસ્તુસ્વભાવ તો એવો જ છે પરંતુ હું જીવ મારાપણે છું અને પરપણે નથી એવા રાગના પક્ષમાં જે રોકાય છે તેને આત્માનો અનુભવ થતો નથી. માલને તોળી રાખવાથી કાંઈ ખાવાનો અનુભવ થતો નથી પણ માલને ખાય ત્યારે જ ખાવાનો અનુભવ થાય છે; તેમ નયદ્વારા આત્માને જાણીને ગોખ્યા કરવાથી કાંઈ આત્માનો નિજરસ વેદાતો નથી પણ પક્ષ છોડીને આત્મામાં લીન થવાથી આત્માનો નિજરસ વેદાય છે. જ્ઞાનસ્વરૂપ આત્મામાં રાગસ્વરૂપ વૃત્તિનું ઉત્થાન નથી પણ આત્માના વિકારી પર્યાયમાં રાગનું ઉત્થાન છે. રાગની વૃત્તિ તો આકુળિત ને દુઃખસ્વરૂપ છે માટે તત્ત્વનો વેદનાર જ્ઞાની અનાકુળસ્વરૂપ ચિદાત્મામાં લીન થઈ રાગની વૃત્તિ તોડી આત્માના અપૂર્વ રસને અનુભવે છે.

(ઉપજાતિ)

एकस्य सूक्ष्मो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७७ ॥

અર્થ:—જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સૂક્ષ્મ નથી એવો બીજા નયનો છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક પક્ષવાળો કહે છે કે જીવ સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે તે વાત સાચી છે પણ તેના વિકલ્પમાં રોકાવું તે રાગ છે. મન, વાણી કે શુભાશુભ પરિણામથી પકડાય નહિ એવો છે માટે સૂક્ષ્મ છે. શરીર, મન, વાણી તે આત્મામાં નથી; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પણ આત્મામાં નથી; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રૂપી છે અને આત્મા અરૂપી છે માટે સૂક્ષ્મ છે. કોઈ કહે કે શ્વાસ તો આત્માનો છે ને? ના રે ના, શ્વાસ તો રૂપી છે અને આત્મા અરૂપી છે, માટે શ્વાસ સ્થૂલ છે અને આત્મા સૂક્ષ્મ છે. શરીરનું આયુષ્ય પૂરું થઈ

રહે છે ત્યારે શ્વાસ બંધ પડી જાય છે અને શરીર અહીં પડયું રહે છે. સૂક્ષ્મ જ્ઞાનઘન આત્મા દેહથી છૂટીને બીજી ગતિમાં જાય છે. શરીર, મન, વાણી, શ્વાસ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્થૂલ છે અને આત્મા સૂક્ષ્મ છે; વિકારીભાવ સ્થૂલ છે અને આત્મા સૂક્ષ્મ છે; પરંતુ સૂક્ષ્મ છું, સૂક્ષ્મ છું એવા વિકલ્પમાં રોકાવું તે રાગ છે માટે જે વિકલ્પને તોડીને સ્વરૂપમાં સ્થિર થાય છે તે આત્માનો અનુભવ કરે છે.

બીજા પક્ષવાળો કહે છે કે આત્મા સ્થૂલ છે, તેના બે પ્રકાર છે:—એક પ્રકાર એવો છે કે:—શરીર અને ઇંદ્રિય સાથે સંબંધવાળો છે માટે આત્મા સ્થૂલ છે. બીજો પ્રકાર એ છે કે:—ડુંગર ઉપર ઊભો હોય ને પચીશ ગાઉના દૂર ક્ષેત્રના પદાર્થો જણાય છે, તેથી પચીશ ગાઉ જેવડો આત્મા થઈ જતો નથી પણ તે બધુંય જ્ઞાન જાણે છે માટે આત્મા સ્થૂલ છે. કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે માટે આત્મા સ્થૂલ છે. બધું જણાય તે અપેક્ષાએ સ્થૂલ છે તે વાત સાચી છે પણ તેના રાગના પક્ષમાં રોકાઈ જવું તે સ્થિરતાની સ્થિતિ નથી. તે રાગમાં રોકાતાં સ્વરૂપનું વેદન આવે નહિ. શેરડીના રસનો અને બાસુંદીનો સ્વાદ એક સાથે આવે નહિ, બાસુંદીનો સ્વાદ લેવો હોય તો શેરડીના રસને છોડી દેવો પડે; તેમ આ અપેક્ષાએ સ્થૂલ છું અને આ અપેક્ષાએ સૂક્ષ્મ છું તેવા વિચારના અવલંબને સ્થિર થવા જાય તો સ્થિર થઈ શકે નહિ, તે કૂચા કાઢી નાખવા જેવા છે. રાગના વિકલ્પના કૂચા કાઢી નાખે તો વીતરાગી બાસુંદીનો સ્વાદ આવે. આ તો એકલી તત્ત્વદૃષ્ટિ–સમ્યગ્દૃષ્ટિ–નિર્વિકલ્પ શ્રદ્ધા–વીતરાગી શ્રદ્ધા ચોથે ગુણસ્થાને હોય તેની વાત છે. રાગમિશ્રિત વિચારની કે વિકલ્પની આ વાત નથી.

( ઉપજાતિ )

एकस्य हेतुर्न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७८ ॥

અર્થ :—જીવ હેતુ ( કારણ ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ હેતુ ( કારણ ) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક પક્ષ કહે છે કે આત્મા કારણ છે અને બીજો પક્ષ કહે છે કે આત્મા કારણ નથી. પર્યાયદૃષ્ટિએ આત્મા અજ્ઞાનભાવે રાગ-દ્વેષનું કારણ કહેવાય પણ વસ્તુદૃષ્ટિએ આખી વસ્તુ રાગ દ્વેષનું કારણ નથી, માત્ર વસ્તુની અવસ્થામાં રાગ-દ્વેષ થાય છે. નવો નવો અજ્ઞાનભાવ થાય તે રાગ દ્વેષનું કારણ છે. જો વસ્તુ રાગ-દ્વેષનું કારણ હોય તો તે કોઈ દિવસ ટળે નહિ. પર્યાયદૃષ્ટિએ આત્મા રાગ-દ્વેષનું કારણ છે તે વાત સાચી પણ તે વિકલ્પમાં અટકી જવું તે સંસારનું કારણ છે.

જો આત્માનું યથાર્થ સ્વરૂપ ન જાણ્યું અને તેમાં ન ઠર્યો તો માથે ચોરાશીના અવતાર ઊભા છે, જ્યાં કોઈ શરણ નહિ, કોઈ સગું નહિ, ખેતર નહિ, પાદર નહિ, નામ નહિ, ઠામ નહિ, ધામ નહિ એવા કૂતરે, કાગડે, ગધેડીની કૂખે ચાલ્યો જઈશ.

કોઈ કહેશે કે આ બધું કોને કહેવાય છે? પ્રભુ! તારી માંડી છે. એકવાર શ્રદ્ધાએ તો પ્રભુ થઈ જા! તો પછી સાક્ષાત્ પ્રભુ થવાનું ટાણું કોઈક દિવસ આવશે. સ્વભાવે તો બધા પ્રભુ છે તેમ એકવાર શ્રદ્ધા તો કર! પછી વર્તમાન પર્યાયમાં મલિનતા છે તેને પુરુષાર્થ વડે ટાળીને નિર્મળ પર્યાય પ્રગટાવીને વીતરાગતા થશે.

જો અત્યારે ન ચેત્યો તો મરીને ચાલ્યો જઈશ ચોરાશીના અવતારમાં! ગોત્યો હાથ નહિ આવ! આ શરીરમાં જો તત્ત્વ ન સમજ્યો તો ચોરાશીના અવતારમાં ગોત્યો હાથ નહિ આવ! જેમ દોરા વગરની સોય ઉકરડામાં ખોવાઈ જાય છે તેમ ચોરાશીના અવતારમાં ખોવાઈ જઈશ. સમ્યગ્જ્ઞાનરૂપી સાચો દોરો પરોવ્યો તો ચોરાશીના ઉકરડામાં ખોવાઈશ નહિ, પણ જો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો ન પરોવ્યો તો સોય જેમ ખોવાઈ જાય છે તેમ ખોવાઈ જઈશ. વંટોળિયે ઊડીને ક્યાં જઈશ તે ગોત્યો હાથ નહિ આવ! માટે યથાર્થ જ્ઞાન કર, યથાર્થ પ્રતીત કર ને સ્વરૂપમાં સ્થિર થા!

ખરી રીતે મરનાર મરીને કયા ભવમાં ગયો તે કોઈ જોતું નથી પણ સૌ પોતાના સ્વાર્થને રૂવે છે. "હાય હાય! મારો એકનો એક દીકરો રતનિયો ચાલ્યો ગયો," એમ કરીને પોતાના સ્વાર્થને રૂવે છે. પણ દીકરાના આત્માનું શું થયું? તે ક્યાં ગયો? સારી ગતિમાં કે ખરાબ ગતિમાં? તે કોઈ જોતું નથી; પરંતુ માત્ર પોતાના સ્વાર્થને જ સૌ યાદ કર્યા કરે છે, સગાં, કુટુંબીઓ સૌ માત્ર સ્વાર્થનાં જ સગાં છે. તેના આત્માનું શું થયું હશે તેની કોઈને પડી નથી; જો તેના આત્માનું અને તેના ભવનું વિચારે તો પોતાને પણ આ ભવનો રાગ ઊડી જાય. મરનારનો ભવ વિચારે તો આ ભવનો પોતાનો રાગ ઊડી જાય. જો ભવભ્રમણનો અંત કરવો હોય તો ભાઈ! આત્માની ઓળખાણ કર.

આત્મા કારણ છે અને આત્મા કારણ નથી—એવા બે વિકલ્પમાં રોકાવું છોડીને આત્મામાં રોકાવું તે આત્મમાર્ગ છે. કારણ છે અને કારણ નથી તેવા વિકલ્પ છોડીને સ્વસ્વરૂપમાં રહેવું તે માર્ગ છે.

લક્ષ સાધ્યા વિના બાણ ફેંકવામાં આવે તો વસ્તુને વીંધી શકે નહિ; તેમ આત્માનું યથાર્થ સ્વરૂપ બે પક્ષથી રહિત જેમ છે તેમ ઓળખાણ ન કરે, પ્રતીત ન કરે તો જડ-ચૈતન્યની ધારાને વીંધીને ભેદજ્ઞાન શી રીતે કરશે! ઠરી કેમ શકશે! માટે

પ્રથમ આત્માનું જેવું છે તેવું પરથી નિરાળું પવિત્ર સ્વરૂપ છે તેની ઓળખાણ કરી, તેની પ્રતીત કરી, રાગ-દ્વેષને અને આત્માના સ્વભાવને વીંધીને જુદા પાડી સ્વરૂપમાં એકાગ્ર થવાથી આત્માનો શુદ્ધપર્યાય પ્રગટ થાય છે. આત્મા પર્યાયથી રાગ-દ્વેષનું કારણ છે અને વસ્તુદૃષ્ટિએ કારણ નથી એવા વિકલ્પમાં તત્ત્વવેદી રોકાતા નથી, તેને ચિત્સ્વરૂપ જીવ નિરંતર ચિત્સ્વરૂપ જ અનુભવાય છે.

( ઉપજાતિ )

एकस्य कार्यं न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७९ ॥

અર્થ :—જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક પક્ષ કહે છે કે જીવની અવસ્થા કાર્યરૂપ છે, બીજો પક્ષ કહે છે કે કાર્યરૂપે નથી; ખરી રીતે તો જીવનો સ્વભાવ જેવો છે તેવો જ છે. ઊંધા પુરુષાર્થથી આત્મા અજ્ઞાન અને રાગ-દ્વેષનું કાર્ય કરે છે ને સવળા પુરુષાર્થથી સ્વભાવના નિર્મળ પર્યાયનું કાર્ય કરે છે. એ રીતે પર્યાયદૃષ્ટિથી જીવ કાર્યરૂપ છે અને દ્રવ્યદૃષ્ટિથી વસ્તુ ત્રિકાળ એકરૂપ છે, એ રીતે પર્યાયથી અને દ્રવ્યથી વસ્તુનો સ્વભાવ જેમ છે તેમ છે. કાર્યરૂપ છે અને કાર્યરૂપ નથી એવા વિકલ્પને છોડીને તત્ત્વવેદી શાંત આનંદસ્વરૂપ આત્માનો અનુભવ કરે છે.

( ઉપજાતિ )

एकस्य भावो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८० ॥

અર્થ :—જીવ ભાવ છે ( અર્થાત્ ભાવરૂપ છે ) એવો એક નયનો પક્ષ છે અને જીવ ભાવ નથી ( અર્થાત્ અભાવરૂપ છે ) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે આત્મા ભાવરૂપ છે; બીજા નયનો પક્ષ છે કે આત્મા અભાવરૂપ છે. પરની અપેક્ષાએ અભાવરૂપ છે અને પોતાપણે ભાવરૂપ છે. પરપણે અભાવ છે એટલે કે આ શરીરપણે આત્મા નથી. શરીરપણે પણ આત્મા ભાવરૂપ હોય તો પર ભવમાં આત્મા જાય છે તેની સાથે શરીર પણ જવું જોઈએ પણ શરીર કાંઈ

આત્માની સાથે જતું નથી માટે શરીરપણે ભાવરૂપ નથી, પણ શરીરપણે આત્માનો અભાવ છે. આત્માનો આત્માપણે ભાવ છે એ રીતે આત્મા ભાવરૂપ છે અને આત્મા અભાવરૂપ છે એવા બે વિકલ્પમાં રોકાવું તે રાગ છે. તે બે પક્ષ છોડીને સ્વરૂપમાં રહેવું તે વીતરાગતા છે. વસ્તુ તો સ્વભાવમાં જેમ છે તેમ છે તેમાં ભાવ-અભાવના ભંગ-ભેદના વિકલ્પ નથી. જે તત્ત્વવેદી છે તે વસ્તુસ્વરૂપને જેમ છે તેમ વેદે છે.

સૂર્ય ઊગે ત્યારે એક કહે ઉગમણો છે, બીજો કહે આથમણો છે. ઉગમણી દિશા તરફ ઊભેલો કહે કે સૂર્ય ઉગમણો છે, આથમણી દિશાવાળો કહે કે સૂર્ય આથમણો છે; પણ સૂર્ય તો જે છે તે છે. ઉગમણી દિશા અને આથમણી દિશાના પક્ષપાતથી જે રહિત છે તે તો કહે છે કે સૂર્ય તો જેમ છે તેમ છે. તેવી રીતે ચૈતન્ય તો છે તે છે, પણ તેમાં ચૈતન્ય છે અને ચૈતન્ય નથી એવા વિકલ્પમાં રોકાવું તે રાગ છે. ચૈતન્ય નથી એટલે વસ્તુ નથી એમ નથી પણ એના રાગમાં રોકાવાનું છોડાવે છે. વસ્તુ તો છે પણ પરરૂપે વસ્તુ નથી. સિદ્ધ સિદ્ધપણે છે પણ પરપણે નથી, એવી રીતે ચૈતન્ય ચૈતન્યપણે છે પણ ચૈતન્ય પરપણે નથી. એ રીતે વસ્તુ તો છે-અસ્તિ તો છે પરંતુ વિકલ્પ છોડાવે છે. આ ચીજ કેટલા રૂપિયાની છે એમ ગોખ્યા કરે તો તે ચીજને ખાઈ શકાય નહિ; ખાવા વખતે ગોખ્યા કરે તો ખાવાનો સ્વાદ આવે નહિ. આત્મા આવો છે, આવો છે એમ ગોખ્યા કરે તો આત્માનો અનુભવ થઈ શકે નહિ; ખાવા વખતે જીભ ગોખવાનું કામ કરે કે ખાવાનું કામ કરે? ગોખવાનું જ કામ કરે તો ગોખતી વખતે ખાઈ શકાય નહિ. એવી રીતે વિકલ્પથી ગોખ્યા કરે કે હું ભાવરૂપ છું, હું અભાવરૂપ છું; હું પોતાથી છું અને પરથી નથી એમ ગોખ્યા કરે, એવા વિકલ્પમાં અટકે, તો સ્વરૂપનો સ્વાદ લઈ શકે નહિ. જે તત્ત્વવેદી છે તે આત્માનો જેવો સ્વભાવ છે તેવો અનુભવ કરે છે.

( ઉપજાતિ )

एकस्य चैको न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८१ ॥

અર્થ:—જીવ એક છે એવો એક નયનો પક્ષ છે અને જીવ એક નથી (-અનેક છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક પક્ષવાળો કહે છે કે જીવ એક છે, ગુણ અને અવસ્થાએ અનેક હોવા છતાં વસ્તુએ એક છે માટે તે અપેક્ષાએ તેની વાત સાચી છે; ગુણ-અપેક્ષાએ અને

પર્યાયઅપેક્ષાએ જીવને અનેક પણ કહેવાય; શરીર દીઠ એક એક આત્મા જુદા છે, બધા આત્મા ભેગા થઈને એક છે એમ નથી. આ તો દ્રવ્યઅપેક્ષાએ એક છે એમ વાત કહી છે, બાકી તો દરેકે દરેક આત્મા જુદા છે. વેદાંત કહે છે કે આત્મા એક જ છે તે વાત તદ્દન જૂઠી છે. અહીં તો એમ કહેવું છે કે એક-અનેકના વિકલ્પમાં રોકાવાથી આત્માનો સ્વાદ આવે નહિ. બાસુંદી ખાવી અને બાસુંદીનું વર્ણન કરવું તે એક સાથે બની શકે નહિ, વાણીનો વિષય અને ખાવું એક સાથે બની શકે નહિ; તેમ વિકલ્પનો વિષય કરવો અને આત્માના સ્વભાવનું વેદન કરવું તે એક સાથે બની શકે નહિ. વાણી બોલતો જાય અને રોટલા ખાતો જાય તે બે એક સાથે ન હોય તેમ વિકલ્પ કરતો જાય અને આત્માના નિજરસનો સ્વાદ લેતો જાય તે બન્ને એક સાથે હોઈ શકે નહિ.

સોનું પીળું છે, ચીકણું છે તેમ ભેદદૃષ્ટિથી જુઓ તો અનેક કહેવાય પણ પીળાશથી અને ચીકણાઈથી સોનું જુદું પડતું નથી એમ અભેદદૃષ્ટિથી જુઓ તો એક છે; એવી રીતે ગુણ અને પર્યાયના ભેદ તરફથી જુઓ તો આત્મા અનેક છે પરંતુ જ્ઞાન-દર્શનાદિ ગુણ અને સમય સમયના પર્યાયથી આત્મા જુદો પડતો નથી એવી અભેદદૃષ્ટિથી જુઓ તો આત્મા એક છે; પરંતુ તે એક-અનેકની ગોખણપટીમાં રોકાય તો સ્વરૂપની એકાગ્રતા થાય નહિ. પણ જે તત્ત્વવેદી છે એટલે કે તત્ત્વનો જાણનાર છે તે આવા એક-અનેકનાં વિકલ્પમાં નહિ રોકાતાં આત્માના સ્વભાવમાં એકાગ્ર થઈને નિજ સ્વભાવનો સ્વાદ લે છે, નિરંતર ચૈતન્યસ્વરૂપ જીવને ચૈતન્યસ્વરૂપ જ વેદે છે.

( ઉપજાતિ )

एकस्य सांतो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८२ ॥

અર્થ:—જીવ સાંત (-અંત સહિત) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સાંત નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક અભિપ્રાયવાળાનો પક્ષ છે કે આત્મા સાંત છે, બીજો કહે છે કે સાંત નથી. એક સમયની અવસ્થા હોય તે બીજે સમયે ન હોય, બીજે સમયે બીજી અવસ્થા થાય, તે પર્યાયઅપેક્ષાએ આત્મા અંત સહિત છે તેમ કહ્યું. વળી આત્મા પર્યાય જેટલો નથી, એક શરીરમાં આત્મા પચાશ વર્ષ રહે તો પચાશ વર્ષ જેટલો આત્મા નથી; આત્મા તો અનાદિ અનંત, અખંડ, એકરૂપ ત્રિકાળ છે, પણ એક સમયની અવસ્થા

પૂરતો, દશ વર્ષ પૂરતો કે પચાશ વર્ષ પૂરતો નથી. આત્માનું સ્વરૂપ તો જેમ છે તેમ છે પરંતુ અંત સહિત છું અને અંત રહિત છું એવા વિકલ્પમાં રોકાવું તે ધર્મનું કારણ નથી, તે ધર્મ નથી. બોલતો જાય અને ખાતો જાય તે એક સાથે બને નહિ તેમ વિકલ્પમાં રોકાવું અને આત્માનો અનુભવ કરવો તે બે એક સાથે બને નહિ. આમ છું અને આમ નથી એવો વિકલ્પ પણ અંતર્જલ્પ છે, તે અંતર્જલ્પમાં રોકાવાથી આત્માનો અનુભવ થાય નહિ, માટે જે તત્ત્વવેદી-તત્ત્વનો જાણનાર છે તે આવા વિકલ્પોને છોડીને ચિત્સ્વરૂપ આત્માનો અનુભવ કરે છે.

(ઉપજાતિ)

एकस्य नित्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ।। ७२ ।।

અર્થ:—જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક પક્ષવાળો કહે છે કે આત્મા નિત્ય છે અને બીજા પક્ષવાળો કહે છે કે આત્મા નિત્ય નથી. દ્રવ્યદૃષ્ટિથી જોતાં આત્મા નિત્ય છે-ધ્રુવ છે, પરંતુ એવા રાગ-વિકલ્પમાં રોકાઈ જવાથી આત્માનું વેદન થાય નહિ; વસ્તુ પોતે કાયમ રહીને અવસ્થાથી બદલાયા કરે છે, માટે અવસ્થાથી આત્મા અનિત્ય છે. જેમ સોનું કાયમ રહીને અવસ્થા બદલાયા કરે છે, ઘડીમાં કડાં થાય, ઘડીમાં કુંડળ થાય, ઘડીમાં વીંટી થાય, સોનું એકરૂપ રહેવા છતાં અવસ્થા બદલાયા કરે છે તેમ આત્મા એકરૂપ રહેવા છતાં સમય-સમયની અવસ્થા બદલે છે.

કોઈ કહે કે તમે તો આમાં નિત્ય અને અનિત્ય બધું કાઢી નાખો છો. ના, ભાઈ! કાઢી નાખતા નથી પણ વસ્તુનું સાચું સ્વરૂપ જેમ છે તેમ સમજાવીએ છીએ, સ્વરૂપને કાઢી નાખતા નથી પણ તે તરફના રાગ-વિકલ્પને કાઢી નાખવાનું કહીએ છીએ.

જેમ માલ લેવા ટાણે કાટલે-ત્રાજવે તોળીને માલ લે, પણ તે માલને ખાતી વખતે વસ્તુનો સ્વાદ લેવાય પરંતુ કાટલાં-ત્રાજવાં ભેગાં ન લેવાય; તેમ પ્રથમ વસ્તુ-સ્વરૂપને જાણવા માટે આ બધાં પડખાંથી વસ્તુનો નિર્ણય કરાય પરંતુ અનુભવ કરતી વખતે તે બધાં પડખાંનો રાગ રાખે તો અનુભવ ન થાય માટે જે તત્ત્વવેદી છે તે પડખાંનો રાગ છોડીને આત્માનો સ્વાદ લઈ રહ્યા છે.

(ઉપજાતિ)

**एकस्य वाच्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८० ॥**

અર્થ :—જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વાચ્ય (-વચનગોચર) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક કહે છે કે જીવ વાચ્ય છે, બીજો કહે છે કે જીવ વાચ્ય નથી—તે બંને પક્ષપાત છે. એક અપેક્ષાએ જીવ કંથચિત્ વાણીથી કહી શકાય એવો છે; જો કોઈ પણ અપેક્ષાએ કહી શકાય એવો ન હોય તો કેવળજ્ઞાનીની વાણીમાં પદાર્થનું સ્વરૂપ આવે નહિ માટે કથંચિત્ વચનગોચર છે. જેમકે ઘીનો સ્વાદ વાણીમાં કહી શકાય નહિ તોપણ કાંઈક ઈશારો બતાવાય છે માટે કથંચિત્ વચનગોચર છે.

વાણી દ્વારા આત્માનું સ્વરૂપ કહી શકાય છે, કેવળજ્ઞાનીની વાણીમાં બધા પદાર્થનું સ્વરૂપ આવે છે; પરમાર્થદૃષ્ટિએ પદાર્થોનું પૂરું સ્વરૂપ વાણીમાં આવતું નથી. જેમકે ઘીની લહેજત વાણીમાં કહેવા જાય પણ સંતોષ ન થાય, ઘી જેવો પદાર્થ વાણીમાં સંતોષપૂર્વક ન કહેવાય તો પછી આત્માનો અનુભવરસ વાણીથી ક્યાંથી કહેવાય? આત્માનો અદ્‌ભુત રસ વાણીમાં કહેતાં સંતોષ થાય નહિ માટે આત્મા વચનથી અગોચર છે. આત્મા વચન અગોચર છે અને આત્મા વચન ગોચર છે તેવું વૃત્તિનું ઉત્થાન આત્માના સ્વરૂપમાં નથી, તે બન્ને પક્ષપાત છે, તે બન્ને પક્ષ છોડીને જે તત્ત્વવેદી છે તે ચિત્સ્વરૂપને વેદે છે.

એક તરફ એમ કહેવાય છે કે "જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો," વળી એમ પણ કહેવાય છે કે ભગવાનના શબ્દબ્રહ્મમાં બધું સ્વરૂપ આવે છે. એવી વાત આવે ત્યાં અજ્ઞાનીને વિરોધ ભાસે છે પણ અપેક્ષાએ એ બન્ને વાત યથાર્થ છે. વસ્તુસ્વરૂપની બહુ મહિમા આવે ત્યારે એમ પણ કહે કે અહો! વસ્તુનું સ્વરૂપ વાણીથી અગોચર છે. જેમકે "જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં" વગેરે; વળી એમ પણ કહેવાય કે શબ્દબ્રહ્મ સર્વનો પ્રકાશક છે. તે બંને નયપક્ષ છે. વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ છે માટે વિકલ્પમાં રોકાવું નહિ, પણ જેમ છે તેમ સમજીને તેનો અનુભવ કરવો-વેદન કરવું. જે તત્ત્વવેદી છે તે સ્વરૂપને જેમ છે તેમ અનુભવે છે.

૨૦૦૦, કારતક વદ ૧૨, બુધ.

આત્મા જ્ઞાનભાવે શુભાશુભ પરિણામનો પણ કર્તા નથી, બે નયના પડખા પડે છે તેનું કર્તાપણું પણ આત્માને નથી. બે નયના પડખામાં રોકાવાથી આત્માનો સ્વાદ લઈ શકતો નથી.

જેમ બોલનારો માણસ બોલતી વખતે ખાઈ શકે નહિ તેમ વિકલ્પ વખતે આત્માનો સ્વાદ આવે નહિ; જેમ શેરડી ખાતો હોય તે વખતે બાસુંદીનો સ્વાદ લઈ શકે નહિ, તેમ વિકલ્પ કરનારો વિકલ્પ કરે કે હું આવો છું ને તેવો છું, તેમ અંતર્જલ્પ કરતો જાય અને સાથે સાથે આત્માનો સ્વાદ લઈ શકે નહિ માટે વિકલ્પ છોડી સ્વરૂપનો સ્વાદ લેવો.

(ઉપજાતિ)

एकस्य नाना न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ।। ८५ ।।

અર્થ:—જીવ નાનારૂપ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નાનારૂપ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો એવો પક્ષ છે કે જીવ નાનારૂપ એટલે અનેકરૂપ છે અને બીજા નયનો એવો પક્ષ છે કે જીવ અનેકરૂપ નથી. અનેક ગુણ-પર્યાયની દૃષ્ટિએ આત્મા નાનારૂપ છે અને તે આત્મા ગુણપર્યાયના પિંડરૂપ એક વસ્તુ છે માટે વસ્તુદૃષ્ટિએ આત્મા એક છે. શ્રદ્ધા-શાંતિ આદિ અનેક ગુણ છે માટે આત્મા અનેકરૂપ છે અને ગુણ પર્યાયના પિંડરૂપ એક વસ્તુ છે માટે એકરૂપ છે.

હું નાનારૂપ છું અને હું નાનારૂપ નથી, અથવા હું એકરૂપ છું અને એકરૂપ નથી એવા શુભ વિકલ્પમાં રોકાવું તે સહજ અવસ્થાની સ્થિતિને વિઘ્નરૂપ છે, એવા શુભ વિકલ્પ પણ વિઘ્નરૂપ છે તો પછી બીજા વિકલ્પની તો વાત જ શી?

પોતે એક છે કે અનેક છે વગેરે વિચાર શરૂઆતમાં આવે, શરૂઆતમાં હું જ્ઞાનસ્વરૂપ છું, સ્થિરતાસ્વરૂપ છું વગેરે ગુણોનો વિચાર આવે પણ એકાગ્ર થતી વખતે તે કામ આવે નહિ, તે વિકલ્પ વિઘ્નરૂપ છે. જે તત્ત્વવેદી છે તે બે પક્ષપાતથી રહિત છે, તેઓ તો ચૈતન્યસ્વરૂપના વેદનારા છે.

૮૧ મા કળશમાં જીવ એક છે ને એક નથી તેમ કહ્યું છે અને અહીં ૮૫ મા કળશમાં જીવ અનેક છે ને અનેક નથી તેમ કહ્યું છે. ૮૧ માં કળશમાં એકની અસ્તિ

તરફની વાત વાત લીધી છે અને અહીં ૮૫ મા કળશમાં અનેકની અસ્તિ તરફની વાત લીધી છે તેટલો ફેર છે. જે તત્ત્વવેદી છે તે બન્ને પક્ષપાતથી રહિત છે અને ચિત્સ્વરૂપ આત્માને જ વેદે છે.

( ઉપજાતિ )

एकस्य चेत्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८६ ॥

અર્થ :—જીવ ચેત્ય (-ચેતાવા યોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો એવો પક્ષ છે કે જીવ જણાવા યોગ્ય છે અને બીજા નયનો એવો પક્ષ છે કે જીવ જણાવા યોગ્ય નથી. જીવ જણાવા યોગ્ય છે તે વાત સાચી છે પણ હું જણાવા યોગ્ય છું, હું જણાવા યોગ્ય છું, હું જણાવા યોગ્ય છું તેવા વિકલ્પમાં રોકાઈ જાય તો સ્વભાવનો સ્વાદ આવે નહિ. સાકર ગળી છે, ગળી છે તેમ ગોખ્યા કરે તો સાકરનો સ્વાદ આવે નહિ પણ સાકર ખાય તો સાકરનો સ્વાદ આવે; તેમ આત્માનો સ્વભાવ ગોખ્યા કરવાથી સ્વભાવનો સ્વાદ આવે નહિ પણ સ્વભાવનું વેદન કરે તો સ્વભાવનો સ્વાદ આવે. બે પડખાંના રાગમાં રોકાઈશ તો નિર્વિકલ્પ સદાનંદી સ્વાદ આવશે નહિ.

આત્મા અજ્ઞાનથી દેખાય નહિ, ઇંદ્રિયોથી દેખાય નહિ, મનથી દેખાય નહિ, માટે એક અભિપ્રાય એવો છે કે આત્મા જણાવા યોગ્ય નથી, પરંતુ આત્મા સ્વભાવથી જણાય છે માટે જણાવા યોગ્ય છે. સ્વભાવથી જણાય માટે જણાવા યોગ્ય છે તે વાત સાચી છે પણ તે બન્ને જાતના વિકલ્પમાં રોકાવાથી નિર્વિકલ્પ સ્વભાવમાં ભંગ પડે છે. જે તત્ત્વવેદી છે તે નિરંતર ચિત્સ્વરૂપ જીવને ચિત્સ્વરૂપ જ અનુભવે છે.

( ઉપજાતિ )

एकस्य दृश्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८७ ॥

અર્થ :—જીવ દૃશ્ય (-દેખાવા યોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દૃશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

૮૬ મા કલશમાં જણાવા યોગ્ય કહ્યો અને અહીં દેખાવા યોગ્ય કહ્યો, ૮૬ માં વિશેષ ચેતના કહી અને અહીં ૮૭ માં સામાન્ય ચેતના કહી.

પરથી આત્મા જણાવાયોગ્ય-દેખાવાયોગ્ય નથી એમ વિકલ્પ કર્યા કરવો તે પણ રાગ છે; વળી આત્મા સ્વભાવથી જણાવાયોગ્ય-દેખાવાયોગ્ય છે એવો વિકલ્પ કર્યા કરવો તે પણ રાગ છે. બન્ને અપેક્ષાથી આત્માને જેમ છે તેમ જાણ્યા પછી પણ રાગમાં ઊભા રહેવું કે આત્મા જ્ઞાનમૂર્તિ દેખાવાયોગ્ય છે અને દેખાવાયોગ્ય નથી એ પણ આત્માના નિર્વિકલ્પ સ્વભાવને વિઘ્ન કરનાર છે. સ્વરૂપના વેદનને રોકનાર છે. જે તત્ત્વવેદી છે તે નિરંતર ચૈતન્યસ્વરૂપનો ભોગવટો કરે છે.

( ઉપજાતિ )

एकस्य वेद्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८८ ॥

અર્થ :—જીવ વેદ્ય ( -વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વેદ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક પક્ષ કહે છે કે આત્મા વેદાવાયોગ્ય છે અને બીજો પક્ષ કહે છે કે આત્મા વેદાવાયોગ્ય નથી. સ્વભાવ વડે-સ્વ અપેક્ષાએ આત્મા વેદાવાયોગ્ય છે અને પર અપેક્ષાએ -પર ઇંદ્રિયો વડે આત્મા વેદાવાયોગ્ય નથી. વેદાવાયોગ્ય છે ને વેદાવાયોગ્ય નથી તે બન્ને વિકલ્પ છે, વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજીને સ્વરૂપનું વેદન કરવું તે જ હિતકર છે. જે તત્ત્વવેદી છે તે નિરંતર ચૈતન્યસ્વરૂપને વેદી રહ્યા છે— અનુભવી રહ્યા છે—ભોગવી રહ્યા છે.

( ઉપજાતિ )

एकस्य भातो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८९ ॥

અર્થ:—જીવ 'ભાત' ( પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ 'ભાત' નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ).

એક નયનો અભિપ્રાય એવો છે કે જીવ પ્રત્યક્ષ છે તે વાત સાચી છે કારણ કે જીવ કાંઈ પોતે પોતાથી પરોક્ષ હોય? ન હોય. જીવ પોતે જ્ઞાન વડે જાણી શકાય છે માટે પ્રત્યક્ષ છે. બીજા નયનો પક્ષ એવો છે કે જીવ પ્રત્યક્ષ નથી; આ ઇંદ્રિયોથી આત્મા જણાતો નથી માટે પ્રત્યક્ષ નથી. આત્મા પોતે પોતાવડે જણાય છે પણ નીચલી અવસ્થામાં વચ્ચે મનનું નિમિત્ત આવે છે, જાણવા જતાં ઇંદ્રિયો અને મનનું નિમિત્ત આવે છે માટે આત્મા પરોક્ષ છે. પરંતુ વચ્ચે નિમિત્ત આવવા છતાં પણ જ્ઞાન જ્ઞાન વડે જ જાણે છે માટે આત્મા પ્રત્યક્ષ છે.

કેટલાક કહે છે કે આત્મા તો કેવળજ્ઞાન થાય ત્યારે પ્રત્યક્ષ જણાય પણ અત્યારે પ્રત્યક્ષ જણાય નહિ. અરે ભાઈ! તે વાત સંપૂર્ણતાની અપેક્ષાએ સાચી છે પરંતુ નીચલી અવસ્થામાં પણ અનુભવઅપેક્ષાએ પ્રત્યક્ષ છે, બીજી રીતે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ સ્વરૂપપ્રત્યક્ષ પણ છે. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રત્યક્ષ કહેવાય છે તે સંપૂર્ણ પર્યાય પ્રગટવાની અપેક્ષાએ છે. આત્માને જાણવા જતાં ક્ષયોપશમજ્ઞાનમાં મનનું નિમિત્ત આવે છે માટે આત્મા પરોક્ષ છે. આ અપેક્ષાએ આત્મા પ્રત્યક્ષ છે અને આ અપેક્ષાએ આત્મા પ્રત્યક્ષ નથી એવા વિકલ્પમાં રોકાવું તે ખેદ છે.

પ્રથમ આત્માનો અનુભવ થાય ત્યારે વિકલ્પ તૂટી જાય અને સ્વરૂપમાં સ્થિર થાય, વળી પાછું બાહ્ય લક્ષ આવે ત્યારે વિકલ્પ આવે પણ તેથી સ્વરૂપનું ભાન જાય નહિ. વળી પાછો પોતાની પદવી અનુસાર સ્વરૂપમાં ઠરી જાય છે, વળી બાહ્ય લક્ષ આવે છે; તેવી રીતે સાધકદશામાં વર્ત્યા કરે છે. પરંતુ જે વિકલ્પ છે તે ખેદ છે-દુઃખનું કારણ છે.

જેને સ્વરૂપનો સ્વાદ લેવો હોય તે આત્મા પ્રત્યક્ષ છે ને આત્મા પ્રત્યક્ષ નથી એમ ગોખ્યા કરે તો સ્વરૂપનો સ્વાદ આવે નહિ. મીઠું ખારું છે, ખારું છે એમ ખાતી વખતે પણ ગોખતો હશે? ન ગોખે. એવી રીતે આત્મા શાંત-આનંદસ્વરૂપ છે એમાં ઠરવું હોય તો વિકલ્પ શો? વિકલ્પ આવે તે તો દુઃખનું કારણ છે. શરીરનું નામ તો જે છે તે છે તેમાં વળી ગોખવું શું? તેવી રીતે આત્માના સ્વરૂપનો જેમ છે તેમ પ્રથમ નિર્ણય કર્યો પછી ઠરતી વખતે ગોખવું શું? આત્મા પ્રત્યક્ષ છે ને પ્રત્યક્ષ નથી એવો વિકલ્પ તે દુઃખનું કારણ છે, આત્માના નિર્વિકલ્પ આનંદને વિઘ્નરૂપ છે,

ચાર શેર ઘીનો પાયેલો મેસુબ ફલાણા ભાઈએ બહુ સારો કર્યો છે એમ મેસુબ ખાતી વખતે પણ મેસુબ સારો છે સારો છે એમ ગોખે તો મેસુબને ખાઈ શકાય નહિ. બીજા માણસો પણ કહે કે મૂકને ભાઈ! તારી વાતને! ખાવા દેને મેસુબને! એ રીતે

મેસુબને ખાતી વખતે મેસૂબ સારો છે, સારો છે એમ ગોખે તો મેસુબ ખાઈ શકાય નહિ. અમુક ગામના કંદોઈના પેંડા બહુ સારા, કડાયાં બહુ સાફસૂફ-એકદમ ઊજળાં વગેરે. તે પેંડાના વખાણ પેંડા ખાવા ટાણે ન હોય, ખાવા ટાણે વખાણ કરે તો પેંડાને ખાઈ શકાય નહિ. આત્મા પરથી નિરાળો પવિત્ર છે, પવિત્ર છે એમ ગોખવાનું અનુભવ ટાણે ન હોય; જો ગોખ્યા કરે તો વિકલ્પ તૂટે નહિ અને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થઈ શકે નહિ.

વીશ કળશ આચાર્યદેવે કહ્યા, બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઇત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવિક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

આત્મા વ્યવહારથી બંધાએલ છે અને પરમાર્થથી બંધાએલ નથી. આત્મા કર્મની અપેક્ષાએ, વિકારની અપેક્ષાએ મૂઢ છે પણ સ્વભાવની અપેક્ષાએ અમૂઢ છે. આત્મા પર્યાય અપેક્ષાએ રાગી છે પણ વસ્તુદૃષ્ટિથી રાગી નથી. આત્મા પર્યાય અપેક્ષાએ દ્વેષી છે પણ વસ્તુદૃષ્ટિએ અદ્વેષી છે. આત્મા અજ્ઞાન અવસ્થાએ વિકારનો કર્તા છે અને જ્ઞાન અવસ્થાએ વિકારનો કર્તા નથી. આત્મા અજ્ઞાન અવસ્થાએ વિકારનો ભોક્તા છે અને જ્ઞાન અપેક્ષાએ વિકારનો ભોક્તા નથી પણ સ્વભાવનો ભોક્તા છે. જીવ પોતાની અપેક્ષાએ જીવ છે અને પર જીવની અપેક્ષાએ જીવ નથી એટલે કે પર પદાર્થની જીવમાં નાસ્તિ છે. જીવ પોતાની અપેક્ષાએ સૂક્ષ્મ છે. ઇંદ્રિય અને વિકલ્પથી પકડાય એવો નથી માટે સૂક્ષ્મ છે; શરીર અને ઇંદ્રિયો સાથે સંબંધવાળો છે માટે સ્થૂલ છે. આત્મા પર્યાયદૃષ્ટિએ, અજ્ઞાન અવસ્થાએ વિકારનું કારણ કહેવાય પણ વસ્તુદૃષ્ટિએ આખી વસ્તુ વિકારનું કારણ નથી. આત્મા અજ્ઞાન અવસ્થાએ વિકારનું કાર્ય કરે છે અને જ્ઞાનભાવે સ્વભાવનું કાર્ય કરે છે; વસ્તુદૃષ્ટિથી આખી ત્રિકાળી વસ્તુ કાર્યરૂપ થતી નથી. આત્મા પોતાના સ્વભાવની અપેક્ષાએ ભાવરૂપ છે અને પરમાં આત્મા નથી માટે પરની અપેક્ષાએ આત્મા અભાવરૂપ છે. વસ્તુદૃષ્ટિએ આત્મા એકરૂપ છે, ગુણ અને પર્યાય અપેક્ષાએ આત્મા અનેકરૂપ છે એટલે કે એકરૂપ નથી. પર્યાય એક સમય પૂરતો હોય છે માટે પર્યાય અપેક્ષાએ આત્મા સાંત છે એટલે અંત સહિત છે અને ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ સાંત નથી. દ્રવ્યદૃષ્ટિએ આત્મા નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ

આત્મા નિત્ય નથી. આત્મા કથંચિત્ વાણીથી કહી શકાય છે માટે વાચ્ય છે પરંતુ પરમાર્થદૃષ્ટિએ આત્મા વાણીથી કહી શકાતો નથી માટે આત્મા વાચ્ય નથી. આત્મા ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેકરૂપ છે પરંતુ ગુણ-પર્યાયના એક પિંડરૂપ હોવાથી વસ્તુ-દૃષ્ટિથી અનેકરૂપ નથી. આત્મા સ્વભાવથી જણાવા યોગ્ય છે માટે ચેત્ય છે પરંતુ મન અને ઇંદ્રિયોથી જણાવા યોગ્ય નથી માટે ચેત્ય નથી. આત્મા સ્વભાવ વડે દેખાવા યોગ્ય છે માટે દૃશ્ય છે પરંતુ મનઇંદ્રિયથી દેખાવા યોગ્ય નથી માટે દૃશ્ય નથી. આત્મા સ્વભાવ અપેક્ષાએ વેદાવા યોગ્ય છે પણ ઇંદ્રિયોથી વેદાવા યોગ્ય નથી. આત્મા પોતે પોતા વડે પ્રત્યક્ષ છે પણ ઇંદ્રિયોથી પ્રત્યક્ષ નથી. આ બધા નયોના પક્ષપાત છે; તેમાં જો રોકાઈ રહે તો સ્વભાવનો અનુભવ થશે નહિ પરંતુ વસ્તુનો સ્વભાવ જેમ છે તેમ જાણીને નિર્ણય કરવો પડશે. જાણ્યા વિના પણ સ્વભાવને અનુભવી શકશે નહિ અને જાણ્યા પછી પણ વિકલ્પમાં રોકાઈ રહેશે તોપણ સ્વભાવનો અનુભવ થઈ શકશે નહિ.

પ્રથમ વસ્તુસ્વભાવનો નિર્ણય બરાબર કરવો પડશે. લોકો કહે છે કે મીઠું ખારું છે પણ આ મીઠું છે કે ખારો છે એનો નિર્ણય બરાબર કરવો પડશે. ખીચડીમાં મીઠું નખાય પણ ખારો નખાય નહિ. સમજ્યા વગર ખીચડીમાં મીઠું નાખવાને બદલે જો ખારો નાખશે તો ખીચડીનો સ્વાદ બગડશે. જો પાપડમાં ખારો નાખે તો તો બરાબર થાય પણ ખીચડીમાં નાખે તો ખીચડી બગડે માટે આ તે મીઠું છે કે ખારો છે તે બરાબર નક્કી કરવું પડશે, નક્કી કર્યા વગર રસોઈ કરશે તો રસોઈ બગડશે; તેવી રીતે પ્રથમ આત્માનું સ્વરૂપ જાણવું પડશે. જગત ઘણા પ્રકારે આત્માનું સ્વરૂપ કહે છે તેમાં સાચું સ્વરૂપ શું છે તેનો અંતરથી નિર્ણય કર્યા વગર વિકલ્પ છૂટશે નહિ, મૂઢ થઈ જશે કારણ કે વસ્તુને ઓળખ્યા વિના દૃષ્ટિને થંભાવશે કયાં? વિકલ્પ છોડીને અસ્તિત્વપણું કયાં ઊભું રાખશે? કારણ કે અસ્તિપણાનું તો ભાન નથી તેથી મૂઢ થઈ જશે.

દુકાને માલ લેવા જાય ત્યાં જો તોળ્યા વિના માલ લે તો ઓછા વધારે આવે પણ ત્યાં તો છેતરાય નહિ. દુકાનદાર તોળ્યા વિના કહે કે જો સવાપાંચ તોલા થઈ ગયું તો એમ માને નહિ અને એને કહે કે તું તોળી આપ, તોળ્યા વિના માલ લઈશ નહિ. છેવટે સામાની દુકાનેથી પણ ત્રાજવાં-કાંટલાં લાવીને દુકાનદારને માલ તોળી આપવો પડે, ત્યાં તો તોળ્યા વિના માલ લેતો નથી અને અહીં આત્મામાં પરીક્ષા કર્યા વિના મોક્ષપર્યાય પ્રગટાવવા જાય તે કયાંથી પ્રગટે? હું આત્મા કોણ છું? કઈ અપેક્ષાએ શુદ્ધ છું? અને કઈ અપેક્ષાએ અશુદ્ધ છું? કઈ અપેક્ષાએ અશુદ્ધ છું અને કઈ અપેક્ષા બદ્ધ છું? આ શરીર, ઇંદ્રિયો, મન મારાથી જુદાં કઈ રીતે છે? તે બધાંનો જ્ઞાન વડે તોલ કર્યા વિના -પરીક્ષા કર્યા વિના, યથાર્થ નિર્ણય કર્યા વિના વિકલ્પ છોડવા જશે તો મૂઢ થઈ

જશે, કારણ કે આત્માને યથાર્થ જાણ્યો નથી માટે ઠરશે કયાં જઈને? મૂઢ થઈ જશે. માટે પ્રથમ આત્માનું યથાર્થ સ્વરૂપ ઓળખીને, યથાર્થ નિર્ણય કરીને, પરથી જુદા નિરાળા આત્માનું ભાન કરીને, વિકલ્પને છોડીને સ્વરૂપમાં ઠરશે તો આત્માના યથાર્થ સ્વરૂપને અનુભવી શકશે, સ્વરૂપમાં ઠરશે ત્યાં વિકલ્પ છૂટી જશે અને ચિદાનંદ સ્વરૂપ આત્માનો અનુભવ કરશે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.

આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ વગેરે સાધારણ ધર્મો છે, જ્ઞાનસ્વભાવ અસાધારણ ધર્મ છે. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. જે જેનો સ્વભાવ હોય તેમાં ઉપાધિ કે બોજો લાગતો નથી. જ્ઞાનમાં પચીશ-પચાશ વર્ષની વાત યાદ કરે છે તે શું ઇંદ્રિયમાંથી યાદ કરે છે? મનમાંથી યાદ કરે છે? ના, એમ નથી પણ જ્ઞાનસ્વભાવમાંથી યાદ કરે છે. પચીશ-પચાશ વર્ષની વાત જો જીભેથી કહેવા માંડે તો કહેતાં ઘણીવાર લાગે અને પૂરું કહી પણ શકે નહિ પરંતુ જો જ્ઞાનથી યાદ કરે તો એક સેકંડમાં યાદ કરી શકે છે. જ્ઞાનસ્વભાવ પોતાનો સ્વતઃ સ્વભાવ છે તેથી યાદ કરી શકે છે, વળી તે જ્ઞાનસ્વભાવ પ્રગટ અનુભવમાં આવે એવો છે. જ્ઞાનને ખ્યાલમાં લેવું હોય તો તુરત જ લઈ શકાય છે. આ યાદ કરનાર તે હું, આ જાણનાર તે હું, એમ તરત જ ખ્યાલમાં આવે એવો જ્ઞાનસ્વભાવ અનુભવગોચર છે. જ્ઞાનસ્વભાવ અસાધારણ છે એટલે કે બીજા કોઈ દ્રવ્યમાં તે જ્ઞાનસ્વભાવ વહેંચાયેલો નથી. એક જીવદ્રવ્યમાં જ જ્ઞાનસ્વભાવ છે, અસ્તિત્વ વગેરે સાધારણ ધર્મો બીજા દ્રવ્યોમાં પણ છે. એક જ્ઞાનને ગુણ-ગુણીની અભેદ દૃષ્ટિથી જુઓ તો, આખી દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો, તેમાં અનંતગુણો આવી જાય છે. એક જ્ઞાનગુણને લક્ષમાં લેવાથી બીજાં દ્રવ્યથી ચૈતન્યદ્રવ્ય જુદું પડે છે. બીજા સાધારણ ગુણને લક્ષમાં લેવાથી જડ-ચૈતન્ય દ્રવ્યો જુદાં પડતાં નથી, ચૈતન્યદ્રવ્યને ઓળખવું હોય તો જ્ઞાનલક્ષણ વડે ઝટ ઓળખી શકાય છે માટે જ્ઞાનગુણ અસાધારણ છે.

ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે:—

(વસંતતિલકા)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला–
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम् ।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम् ॥ ९० ॥

અર્થ :—એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી) અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.

પ્રથમ પદાર્થનું લક્ષણ ઓળખીને-બરાબર નિર્ણય કરીને પછી નયપક્ષની ભૂમિને ઓળંગીને આત્માના આનંદરસને વેદે છે.

વ્યવહારને પરમાર્થમાં ખતવતો નથી ને પરમાર્થને વ્યવહારમાં ખતવતો નથી પરંતુ પ્રથમ વસ્તુનો બરાબર નિર્ણય કરે છે; નિર્ણય કર્યા પછી આવી મોટી નયપક્ષની ભૂમિને ઓળંગી જાય છે. અહીં તો વીશ નય કહ્યા પણ એવા તો અનંત નય છે, તે બધા નયોને ઓળંગીને આત્માનો સમતારસરૂપી એક જ રસ જેનો સ્વભાવ છે એવા પોતાના સ્વરૂપને પામે છે.

બહાર તે પર્યાય અને અંદર તે વસ્તુ, દ્રવ્યથી અને પર્યાયથી બધી રીતે આત્મા સમતારસથી ભરપૂર છે. અંદર અને બહાર એક સમતારસરૂપ એક રસ જ જેનો સ્વભાવ છે તે પ્રગટે છે. હું આવો છું ને તેવો છું તેવો વિષમભાવ આત્માનો સ્વભાવ નથી. તેવા વિષમભાવના વિકલ્પ તૂટીને આત્માનો આનંદરસ પ્રગટે છે. આત્મા પોતે આનંદરસ છે; હું આવો છું ને તેવો છું એવી મોટી નયપક્ષની ભૂમિને ઓળંગીને તે રસ પ્રગટે છે. આત્મામાં બધા પ્રદેશે આનંદ છે, આત્મામાં અંદર ને બહાર એટલે કે આત્માના પર્યાયમાં પણ આનંદ છે અને વસ્તુમાં પણ આનંદ છે, આનંદરસથી આખો આત્મા ભરપૂર છે.

મીઠાના ગાંગડામાં અંદર પણ ખારાશ હોય છે અને બહાર પણ ખારાશ હોય છે; તેમ આત્માના અંતર સ્વભાવમાં ત્રિકાળી આનંદરસ છે અને વર્તમાન પર્યાયમાં પણ તે આનંદરસ ફાટે છે.

શરીર-વાણી-મન વગેરે પરમાણુમાત્ર માટી છે-ધૂળ છે, કર્મ પણ ધૂળ છે, તેનાથી આત્માનો વીતરાગ આનંદરસ ભિન્ન છે; તે આનંદરસ વર્તમાન પર્યાયમાં પણ ફૂટી નીકળે છે.

જેમ ચોમાસાની ઋતુ હોય, ખૂબ વરસાદ વરસતો હોય, તે વખતે બહાર તો પાણી હોય પણ ભીંતમાં પણ પાણીના મોતિયા જામે. ઉનાળામાં સાંજસુધી પથ્થર તપતા હોય, બહાર પણ તાપ હોય અને પથ્થરમાં પણ ઉષ્ણતા ઓતપ્રોત થઈ જાય. શિયાળામાં ઠંડી વખતે બધી ચીજ ટાઢી થઈ જાય, બહાર પણ ઠંડી અને વસ્તુમાં પણ

ઠંડી ઓતપ્રોત થઈ જાય, એવી રીતે સ્વરૂપમાં લીનતા વખતે પર્યાયમાં પણ શાંતિ અને વસ્તુમાં પણ શાંતિ, આત્માના આનંદરસમાં શાંતિ, શાંતિ ને શાંતિ; વસ્તુ અને પર્યાયમાં ઓતપ્રોત શાંતિ. રાગમિશ્રિત વિચાર હતો તે ખેદ હતો તે ખેદ છૂટીને પર્યાયમાં અને વસ્તુમા સમતા. સમતા અને સમતા; વર્તમાન અવસ્થામાં પણ સમતા અને ત્રિકાળી વસ્તુમાં પણ સમતા. એવી રીતે આત્માનો આનંદરસ બહાર અને અંદર બધી રીતે ફાટી નીકળે છે. એવી રીતે વિકલ્પની જાળને ઓળંગીને આનંદરસ સ્વરૂપ એવા પોતાના સ્વરૂપને પામે છે.

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે:—

(રથોદ્ધતા)

इंद्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः ।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्महः ॥ ९१ ॥

અર્થ:—પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇંદ્રજાળને જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.

નયોના વિકલ્પ પુષ્કળ, મોટા ઇંદ્રજાળ જેવા છે. નિયમસારમાં પદ્મપ્રભમળધારી-દેવ કહે છે કે-હે પ્રભુ! હે ભગવાન! તારો નયનો માર્ગ ઇંદ્રજાળિયા જેવો છે; કોઈ અપેક્ષાએ નિમિત્ત છે એમ કહેવાય, કોઈ અપેક્ષાએ નિમિત્ત નથી એમ કહેવાય; કોઈ અપેક્ષાએ રાગી છે, કોઈ અપેક્ષાએ રાગી નથી એમ કહેવાય; કોઈ અપેક્ષાએ કર્તા છે, કોઈ અપેક્ષાએ કર્તા નથી એમ કહેવાય; કોઈ અપેક્ષાએ નિત્ય છે, કોઈ અપેક્ષાએ અનિત્ય છે એમ કહેવાય; દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે, પર્યાયઅપેક્ષાએ અનિત્ય છે; અજ્ઞાનઅપેક્ષાએ કર્તા છે, જ્ઞાનઅપેક્ષાએ કર્તા નથી વગેરે નય-ભંગનો માર્ગ ઇંદ્રજાળ જેવો લાગે. જે ન સમજે તે મૂંઝાય અને સમજે તેને અદ્ભુતતા લાગે કે આહાહા? આ તો કોઈ અદ્ભુતમાર્ગ છે, વસ્તુસ્વરૂપ જેમ છે તેમ વિરોધ રહિત સમજે તેને અદ્ભુતતા લાગ્યા વગર રહે નહિ.

અજ્ઞાની કહે છે કે બે વાત કરો છો તેને બદલે એક વાત કરોને? ઘડીમાં દ્રવ્ય કહો છો ને ઘડીમાં પર્યાય કહો છો, તેમાંથી એક વાત કરો! એક વાતનો નિર્ણય તો લાવો! ત્યારે જ્ઞાની કહે છે કે ભાઈ! દ્રવ્ય અને પર્યાય તે બન્ને તારું સ્વરૂપ છે, તારો જે વિભાવપર્યાય થાય છે તેમાં નિમિત્તની અપેક્ષા આવે છે અને ત્રિકાળી સ્વભાવ

અનાદિ અનંત છે તેમાં નિમિત્તની અપેક્ષા આવતી નથી; એ રીતે સમજે તો બધી રીતે નિવેડો થઈ શકે એમ છે, ન સમજે તો બધે ઠેકાણે મૂંઝાય એવું છે.

મન, વાણી અને દેહની પાર ભગવાન આત્મા છે. તેના વિભાવપર્યાયમાં વિકલ્પની ઇંદ્રજાળ છે. જેમ સમુદ્રમાં પાણીનાં મોટાં મોજાં ઊઠે છે તેમ વિકલ્પનાં મોટાં, ચંચળ મોજાં ઊઠે છે; તેને સ્વભાવનું સ્ફુરણ થતાં તે ચંચળરૂપ તરંગોને નાશ કરે છે. સ્વભાવનું સ્ફુરણ એટલે સ્વભાવજ્ઞાનરૂપ ધનુષ્યનો ટંકાર, તે જ્યાં થયો ત્યાં ઇંદ્રજાળ જેવા ચંચળ વિકલ્પો નાશ પામે છે. શ્રીકૃષ્ણવાસુદેવે ધનુષ્યનો ટંકાર કર્યો ત્યાં પદ્મનાભ રાજાનું લશ્કર ભાગ્યું કે આની સામે આપણાથી થવાશે નહિ માટે ભાગો આપણે, એમ કરીને તે ભાગ્યા; તેમ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ શ્રીકૃષ્ણ ભગવાન આત્મા જાગ્યો ત્યાં અજ્ઞાન અને રાગ-દ્વેષ નાશ પામી જાય છે, આ જાજ્વલ્યમાન ચૈતન્ય સામે આપણે નહિ ટકી શકીએ એમ કરી તે ભાગે છે. શ્રીકૃષ્ણરૂપી આત્મા અજ્ઞાન અને રાગ-દ્વેષનો ભક્ષક છે. અગ્નિ થાય ત્યાં ઊધઈ ઊભી ન રહે, અગ્નિ થાય ત્યાં ઊધઈ ધાણીની પેઠે સુકાઈ જાય. ઊધઈની જાત બહુ સુંવાળી હોય છે તે જ્યાં જરા આકરો તડકો પડે ત્યાં સડસડી જાય; અગ્નિ પાસે ઊધઈ ઊભી રહે નહિ. એમ ચૈતન્યસ્વરૂપ જાજ્વલ્યમાન જ્યોત પ્રગટ થાય, સ્વરૂપનું ભાન થાય ત્યાં વિકલ્પો ભસ્મ થઈ જાય છે. જ્ઞાનાગ્નિ વિકલ્પને નાશ કરનાર છે—ભસ્મ કરનાર છે, જ્ઞાનનું સ્ફુરણ માત્ર જ વિકલ્પને ભગાડી મૂકે છે. હજુ કેવળજ્ઞાન થયું નથી, આ તો સમ્યગ્જ્ઞાનની વાત છે. ભગવાન આત્માનું અંતર ભાન થતાં, તેમાં ઠરતાં તે વિકલ્પોને તત્ક્ષણ એટલે કે તે ક્ષણે જ ભગાડી મૂકે છે. તે ક્ષણે જ વિકલ્પો ઊભા રહેતા નથી; એવો તેજ:—પુંજ આત્મા હું છું, એવો ચિત્પ્રકાશ આત્મા હું છું. ૧૪૨.

હવે શિષ્ય પૂછે છે કે પ્રભુ! આત્મા કઈ અપેક્ષાએ નિત્ય છે, કઈ અપેક્ષાએ અનિત્ય છે; કઈ અપેક્ષાએ બદ્ધ છે, કઈ અપેક્ષાએ અબદ્ધ છે; વગેરે નયનાં પડખાંનું ઘણું સ્વરૂપ આપે સમજાવ્યું; હવે એ નયપક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે તે કૃપા કરીને સમજાવો. એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે:—

**दोण्हवि णयाण भणियं जाणइ णवरं तु समयपडिबद्धो ।**
**ण दु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ॥१४३॥**

---

નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.

અર્થ :—નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થયો થકો ( અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો ), બન્ને નયોના કથનને કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી.

હું આવો છું અને હું આવો નથી––એ નયપક્ષ છે. એ નયપક્ષથી છૂટેલો આત્મા સમયમાં પ્રતિબદ્ધ એટલે કે લીન થઈ જાય છે. જ્યાં સમયમાં પ્રતિબદ્ધ થાય છે ત્યાં આવો છું અને તેવો છું તેવા વિકલ્પો છૂટી જાય છે. આત્માના સ્વભાવનું જ્યાં વેદન થયું ત્યાં રાગના વેદનમાં રોકાતો નથી પરંતુ નયપક્ષને કેવળ જાણે જ છે, નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી.

જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભુત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે ( અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી.

અહીં શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાનીની ઉપમા આપશે. વિકલ્પ રહિત, નિર્વિકલ્પ એકાગ્રતામાં શ્રુતજ્ઞાની કેવળી જેવો છે એમ ઉપમા આપશે.

સર્વજ્ઞ ભગવાન કેવા છે ? વિશ્વના સાક્ષીભૂત થયા છે, સ્વપરને જાણવાની શક્તિ પૂર્ણ વિકસિત થઈ ગઈ છે, પરમ પૂર્ણાનંદ પરમાનંદ દશા પ્રગટ થઈ છે, પરમાણુની બધી અવસ્થા તથા અનંત દ્રવ્યોની બધી અવસ્થા જાણી રહ્યા છે. ભગવાનને શ્રુતજ્ઞાનની અધૂરી સ્થિતિ નથી. ભગવાન બીજા પદાર્થોના ગુણ–પર્યાયોને તથા પોતાના ગુણ–પર્યાયોને જાણી રહ્યા છે, તેવી રીતે ભાવશ્રુતજ્ઞાન અને તેની સાથે થતા વિકલ્પના ભેદ, તેને પણ કેવળ જાણે છે. ભગવાન પોતે તો શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા છે પરંતુ શ્રુતજ્ઞાનના પર્યાયને કેવળ જાણે જ છે.

શ્રુતજ્ઞાનની ભૂમિકામાં ઉપયોગરૂપ ભાવશ્રુતજ્ઞાન ન હોય ત્યારે આત્મા મુક્ત છે અને આત્મા મુક્ત નથી એવા વિકલ્પ હોય છે. વ્યવહારનય અને નિશ્ચયનય બન્ને સરખી કક્ષાના નથી. યથાર્થ નિશ્ચયની કક્ષા ઊંચી છે પણ જ્યાં રાગના ભેદ પડે છે ત્યાં બન્ને પક્ષપાત છે. આત્માનું ભાન થયા પછી પણ સ્થિર ન રહી શકે ત્યારે વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. શ્રુતજ્ઞાન છે તે અધૂરી સ્થિતિ છે તેથી વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. પર્યાયઅપેક્ષાએ અશુદ્ધ છું અને સ્વભાવઅપેક્ષાએ શુદ્ધ છું એમ વિકલ્પ આવે પણ જ્ઞાની તેની પકડમાં રોકાતા નથી.

કેવળજ્ઞાની પોતાના અનંત ગુણ-પર્યાયને સમરસ—એક પ્રકારે જાણે છે તેમ બીજાને પણ જાણે છે અને શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાથી નયપક્ષ ગ્રહણ કરતા નથી. સકળ આખું કેવળજ્ઞાન પ્રગટ થયું છે, વિમળ એટલે સર્વ પર્યાય નિર્મળ થઈ ગયા છે, નિરંતર પ્રકાશમાન છે, કેવળજ્ઞાનસૂર્ય આખો ખીલી ગયો છે. જેમ લાખ પાંખડીનું કમળ ખીલે ત્યારે આખું ખીલીને મોટું થઈ જાય છે—વિસ્તૃત થઈ જાય છે; તેમ આત્મામાં પૂર્ણ પર્યાય ખીલે—કેવળજ્ઞાનપર્યાય ખીલે ત્યારે સંપૂર્ણ લાખ પાંખડીએ કમળ ખીલી ઊઠે છે. રાગ કે દ્વેષની એકપણ વૃત્તિ હોતી નથી કેમકે રાગદ્વેષનો ક્ષય થયો છે; વિજ્ઞાનનો ઢગલો-વિજ્ઞાનનો પુંજ ઊઘડી ગયો છે કે જેમાં બે પડખાં પડવાનો અવકાશ નથી. કારણ કે જેમાં બે પડખાં પડવાનો અવકાશ છે એવી શ્રુતજ્ઞાનની દશાને ઓળંગી ગયા છે.

જેવી રીતે કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે, કેવળજ્ઞાન પ્રગટ થયું હોવાથી અને શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાથી કોઈ પણ નયપક્ષને ગ્રહણ કરતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે.

શ્રુતજ્ઞાની અધૂરો છે, ક્ષયોપશમ જ્ઞાન છે માટે વિકલ્પ ઊઠશે, પરંતુ ત્યાં પણ તેને ગ્રહણબુદ્ધિ નથી. અહીં શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાની સાથે મીંઢવે છે. કેવળજ્ઞાની નય-પક્ષને ગ્રહણ કરતા નથી અને શ્રુતજ્ઞાનીને પણ નયપક્ષની ગ્રહણબુદ્ધિ નથી; કેવળજ્ઞાની સમસ્ત જગતના સાક્ષી છે, કેવળજ્ઞાની નયપક્ષના સ્વરૂપને કેવળ જાણે જ છે, તો શ્રુતજ્ઞાની પણ નયપક્ષના બે પડખાંમાં અટકતા નથી, શ્રુતજ્ઞાની નયપક્ષના બે પડખાંમાં રોકાતા નથી પણ તેના સાક્ષી રહે છે. કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાનીમાં એટલો ફેર છે કે કેવળજ્ઞાનીને સમસ્ત જ્ઞાન ઊઘડી ગયું છે અને શ્રુતજ્ઞાનીને અધૂરું જ્ઞાન છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય; ભૂત, ભવિષ્ય અને વર્તમાન. અનંતકાળ ગયો ને અનંતકાળ જશે અને વર્તમાન છે તેને કેવળજ્ઞાની સમપણે જાણે છે, ત્રણકાળ અને ત્રણલોકને એકસાથે જાણે છે, શ્રુતજ્ઞાનની અધૂરી દશાને ઓળંગી ગયા છે.

શ્રુતજ્ઞાનીને અધૂરા જ્ઞાનને લઈને જ્ઞાન સંક્રમે છે-બદલાય છે, આવો છું અને તેવો છું તેવા વિકલ્પો આવે છે, એક પડખામાંથી બીજું પડખું ફરી જાય છે. ખ્યાલમાં છે કે આ રાગમિશ્રિત વિચાર આવે છે, જ્ઞાન હોવા છતાં વિકલ્પ આવ્યા વિના રહેતા

નથી. રાગમિશ્રિત વિચાર છે તોપણ રાગ સાથે શ્રુતજ્ઞાનનો તર્ક છે તેથી શ્રુતજ્ઞાનાત્મક વિચાર કહ્યો છે; વિકલ્પ ઊઠે છે છતાં પણ જ્ઞાનીને સ્વરૂપમાં સાવધાની છે, વિકલ્પમાં તેની સાવધાની નથી. હું અબદ્ધ છું અને 'હું બદ્ધ છું' એવા વિકલ્પ ઊઠે છે તોપણ તેના પ્રતિ ઉત્સાહ નથી, પરંતુ એકાગ્ર થવા પ્રત્યે ઉત્સાહ છે. હું શુદ્ધ છું, એક છું, આવો છું, તેવો છું એમ વિકલ્પ ઊઠે છે પણ તેમાં તે પકડાઈ જતો નથી, તેને રાખવા માગતો નથી, તેમાં ઉત્સાહ નિવૃત્ત થયો છે. તેથી તેને પકડતો નથી. જે વિકલ્પ ઊઠે તેનો નાશ કરવાનો ભાવ વર્તે છે, સ્વરૂપનો ઉત્સાહ વર્તે છે, સ્વરૂપમાં ઠરી જવાનાં-સ્વરૂપનો અનુભવ કરવાનાં-સ્વરૂપનો સ્વાદ લેવાનાં ટાણાં પહેલાં તે વિકલ્પો વર્તે ખરા, પડખાં પડે ખરાં પણ તેમાં ઉત્સાહ નથી, ત્યાં રોકાવું નથી, ત્યાં અટકવું પાલવતું નથી.

સ્વરૂપમાં ઠર્યો એટલે સાધક ને સિદ્ધ બે એક થઈ ગયા, વિકલ્પ છૂટયા એટલે ભગવાન થઈ ગયો, વિકલ્પ ઊઠે છે ત્યારે પણ તેને જાણે જ છે.

સર્વ વિકલ્પથી જુદો ચૈતન્ય જાગૃત સ્વરૂપ હું છું એવા ચૈતન્યસ્વરૂપના ભાનમાં જ્ઞાનદૃષ્ટિને તીખી કરતો આગળ જાય છે. એવી તીખી જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા નિર્મળ, નિત્યઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.

અધૂરું જ્ઞાન છે માટે નિર્મળ, નિત્ય-ઉદિત વિશેષણ આચાર્યદેવે આપ્યું છે, કેવળજ્ઞાની પૂર્ણ થઈ ગયા માટે સકળ-વિમળ-નિરંતર પ્રકાશમાન વિશેષણ આચાર્યદેવે આપ્યું છે

તીખી જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા પોતાના નિર્મળ, નિત્ય-ઉદિત ચિન્મય આત્માના પ્રતિબદ્ધપણા વડે. (પ્રતિબદ્ધ એટલે આત્માની લીનતામાં રાગ-દ્વેષની લીનતા રહિત) ચૈતન્યના અનુભવ વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોવાથી કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી. હું રાગી છું કે રાગી નથી એવા વિકલ્પોની ભૂમિકાથી અતિક્રાંતપણાવડે કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી. કેવળજ્ઞાની શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી અને સમ્યગ્દૃષ્ટિ શ્રુતજ્ઞાનના બધા વિકલ્પોના નયપક્ષના અતિક્રાંતપણા વડે કોઈપણ પક્ષને ગ્રહણ કરતા નથી. કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાની બન્ને

અનુભવ વખતે સરખા છે. તેમ આચાર્યદેવે કહ્યું છે. કેવળજ્ઞાની એક સમયમાં બધું જાણે છે અને શ્રુતજ્ઞાની તેવી રીતે જાણી શકતા નથી તેટલો ફેર છે. શ્રુતજ્ઞાની સમસ્ત વિકલ્પોથી પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ આત્મખ્યાતિરૂપ આત્માને અનુભવે છે. પરમાત્મા, એટલેદ્રવ્યથી, જ્ઞાનાત્મા એટલે ગુણથી, પ્રત્યગ્જ્યોતિ એટલે પૃથગ્જ્યોત એવા અનુભૂતિમાત્ર સમયસારરૂપને સમ્યગ્દૃષ્ટિ અનુભવે છે-સ્વસ વેદન કરે છે-રસાસ્વાદ લે છે.

૨૦૦૦, કારતક વદ ૧૩ ગુરુ.

## ૧૪૩ મી ગાથા ફરીથી.

૧૪૨ મી ગાથામાં નયપક્ષની વાત આવી છે. આત્મા કર્મબદ્ધ સહિત છે અને કર્મબદ્ધ રહિત છે; તે બે અપેક્ષાના ભંગમાં રોકવું તે નયપક્ષ છે. આત્મા સમળ છે અને વિમળ છે, એક છે કે અનેક છે વગેરે ભંગના પડખામાં રોકાવું તે પક્ષ છે; પરના કર્તા તરફ નહિ. શરીર તરફ નહિ, વાણી તરફ નહિ-તેમાં કયાંય રોકાવાનું તો નહિ જ, પણ તું રાગવાળો છો અને રાગવાળો નથી તેવા ભંગના પડખામાં રોકાવું તે પણ તું નહિ; તું તો સહજાત્મસ્વરૂપ, અભેદ, એકાકાર જ્ઞાનઘન વસ્તુ છો તેમાં નહિ રોકાતાં આવો છું અને તેવો છું, વસ્તુથી એક છું અને ગુણથી અનેક છું તેવા રાગની પકડમાં જ અટકી જવું ત્યાં સહજસ્વરૂપનું વેદન નથી પણ રાગનો પક્ષ છે. ત્યારે શિષ્ય પૂછે છે કે પ્રભુ! તે પક્ષાતિક્રાંતનું એટલે કે પક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે? શિષ્ય જિજ્ઞાસાથી પૂછે છે, અર્થી થઈને પૂછે છે કે પ્રભુ! તે પક્ષથી ઓળંગી જઈને જેને આત્માનો અનુભવ થાય તેનું શું સ્વરૂપ છે તે મને સમજાવો, તેના ઉત્તરરૂપ ૧૪૩મી ગાથા છે.

નિર્વિકલ્પ અનુભવના ટાણાની આ વાત છે, સ્વરૂપમાં એકાગ્ર હોય ત્યારે હું આવો છું કે તેવો છું તેવો વિકલ્પ પણ ત્યાં હોતો નથી. કોની પેઠે? કેવળીભગવાનની પેઠે. જેવી રીતે કેવળીભગવાનને વિશ્વના સાક્ષીપણાને લીધે 'હું કેવળી છું, હું બીજાને ઉપદેશ આપું છું' તેવો વિકલ્પ હોતો નથી. કેવળજ્ઞાનથી બધું જાણે ખરા, પણ વિકલ્પ હોતો નથી; નારકીને નારકીપણે જાણે, દેવને દેવપણે જાણે, મનુષ્યને, તિર્યંચને વગેરે આખા વિશ્વને જેમ છે તેમ પ્રત્યક્ષપણે જાણે છે. આખા વિશ્વમાં કાંઈપણ બાકી ન રહે, બધા પદાર્થોને કેવળીભગવાન પ્રત્યક્ષ જાણે છે; બધા પદાર્થો, એક એક પદાર્થના બધા ગુણો, એક એક ગુણના બધા પર્યાયો, તે બધાને પ્રત્યક્ષ સાક્ષીભૂતપણે જાણે છે; શ્રુતજ્ઞાનના અવયવભૂત એટલે કે અંશભૂત એવા જે નિશ્ચયવ્યવહારનયપક્ષો તેમના સ્વરૂપને કેવળજ્ઞાની કેવળ જાણે જ છે, મને કેવળજ્ઞાન થયું, હું સિદ્ધ થયો, પહેલાં સિદ્ધ નો'તો, પહેલાં શક્તિરૂપે શુદ્ધ હતો, હવે પર્યાયે પણ શુદ્ધ થયો તે બધા નયપક્ષોના વિકલ્પો

કેવળજ્ઞાનીને હોતા નથી; કેવળજ્ઞાન વડે તે નયપક્ષને જાણે છે. કોઈ કહે કે કેવળજ્ઞાનીને દયા તો હોયને ? ના, બિલકુલ દયા ન હોય કેમ કે દયા તે રાગ છે, રાગ ટળ્યે જ વીતરાગતા પ્રગટે, રાગ ટળે ત્યારે જ વાસ્તવિક તત્ત્વ કહેવાય, કેવળજ્ઞાનીને રાગનો અંશમાત્ર પણ ન હોય.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરભગવાન તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાનીપણે બિરાજે છે, ભંગજાળરૂપ જે નયપક્ષો તેમના સ્વરૂપને કેવળ જાણે જ છે, સર્વ વિશ્વના સાક્ષીપણે, કેવળજ્ઞાનીપણે વર્તમાનમાં બિરાજી રહ્યા છે. અત્યારે આ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગનો વિરહ છે, આ ભરતક્ષેત્રમાં મહાવીર ભગવાન વિચરતા હતા ત્યારે તેઓ પણ તેરમી ભૂમિકાએ હતા, અત્યારે સિદ્ધ ભગવાનપણે તેઓ બિરાજે છે. શ્રી સીમંધર-ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજી રહ્યા છે, તે કેવળજ્ઞાની ભગવાન નિરંતર પ્રકાશમાન એકધારાવાહી સહજસ્વરૂપે છે, હવે કાંઈ પ્રયત્ન કરીને તેમને ઉપયોગ મૂકવો પડતો નથી, સહજ પરિણમનદશા છે, માટે કેવળજ્ઞાનીને ઉપયોગ નથી તેમ કહેવાય છે; કેવળજ્ઞાન વિમળ છે તેમાં કોઈ જાતનો મળ નથી, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થતો હોઈને, એટલે કે સ્વરૂપાકારે જ્ઞાન વિજ્ઞાનબિંબ થઈ ગયું છે; તેથી શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે એટલે કે નીચલી ભૂમિકામાં હું આવો છું ને તેવો છું તેવું અધૂરા જ્ઞાનમાં થાય છે તેવી અધૂરા જ્ઞાનની મર્યાદાને ઓળંગી ગયા છે, કેવળજ્ઞાનમાં બધું જણાઈ ગયું છે તેથી ત્યાં રાગનો વિકલ્પ હોતો નથી. અધૂરા જ્ઞાનમાં એમ થાય કે હું દ્રવ્યથી આવો છું અને પર્યાયથી આવો છું પણ કેવળીભગવાન તે અધૂરા જ્ઞાનની ભૂમિકા ઓળંગી ગયા હોવાથી નયપક્ષથી દૂર છે, કોઈ પણ નયપક્ષને ગ્રહણ કરતા નથી, રાગનો પણ નાશ થયો અને અધૂરા જ્ઞાનનો પણ નાશ થયો, વીતરાગતા ને પૂર્ણજ્ઞાન વર્તે છે.

જેવી રીતે કેવળીભગવાન અધૂરા જ્ઞાનને ઓળંગી ગયા હોવાથી નયપક્ષને ગ્રહણ કરતા નથી તેવી રીતે નીચલી દશામાં યથાર્થ પ્રતીત થઈ ગયા પછી શ્રુતજ્ઞાની આત્માને ક્ષયોપશમથી જેનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતાં હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રત્યે તેનો ઉત્સાહ નિવૃત્ત થયો છે.

નિર્વિકલ્પ સ્થિરતા વખતે પણ સૂક્ષ્મ વૃત્તિ પડી છે, સૂક્ષ્મ વૃત્તિ પણ જો તૂટી જાય અને પૂર્ણ સ્થિરતા થઈ જાય તો તો વીતરાગતા પ્રગટ થાય પણ આ તો અધૂરું જ્ઞાન છે તેથી અનુભવ વખતે પણ વિકલ્પો ઊઠે ખરા, પરંતુ તે તો અબુદ્ધિપૂર્વકના

વિકલ્પો છે; તે વિકલ્પો એટલા સૂક્ષ્મ છે કે તેને કેવળજ્ઞાની જાણી શકે, છદ્મસ્થ પોતે તેને જાણી શકતો નથી.

ભગવાન વિશ્વના સાક્ષીભૂત હોવાથી કેવળ જાણે જ છે, તેમને સૂક્ષ્મપણે પણ વિકલ્પ-વૃત્તિ થતી નથી અને નીચલી ભૂમિકામાં ઓછું જ્ઞાન હોવાથી નિર્વિકલ્પ ધ્યાન ટાણે, સ્વરૂપના ધ્યાન ટાણે રાગને કારણે જ્ઞાન અબુદ્ધિપૂર્વક સંક્રમે ખરું, અબુદ્ધિપૂર્વક વિકલ્પો આવે ખરા પણ છદ્મસ્થથી તે પકડી શકાતા નથી. ખ્યાલપૂર્વક વિકલ્પો પકડાતા નથી તેને અબુદ્ધિપૂર્વક કહેવાય છે. નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવે ત્યારે બુદ્ધિપૂર્વકના વિકલ્પો હોય છે એટલે કે બુદ્ધિથી પકડાય એવા વિકલ્પ હોય છે, છતાં તે વિકલ્પને ગ્રહણ કરવામાં ઉત્સાહ નિવૃત્ત થયો છે, સાક્ષીપણે તે વિકલ્પને જાણ્યા કરે છે, પુરુષાર્થની મંદતાને કારણે અસ્થિરતા છે તેથી વિકલ્પો આવે ખરા, પરંતુ તે વિકલ્પને ગ્રહણ કરવાનો ઉત્સાહ હોતો નથી.

શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને કેવળ જાણે જ છે, પરની અપેક્ષા અને સ્વની અપેક્ષાના સ્વરૂપને કેવળ જાણે જ છે. જેમ કેવળી ભગવાન જાણે તેમ આ પણ વિકલ્પનો જાણનાર જ છે. જ્ઞાનનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ હોવાથી સ્વ-પરને જાણે પણ તે વિકલ્પને ગ્રહણ કરવા તરફનો ઉત્સાહ નિવૃત્ત થયો છે, જ્ઞાન જ્ઞાનનું જ કામ કરે છે, વિકલ્પ ઊઠે છે પણ તે તરફ ઉત્સાહ નથી.

પ્રશ્ન:—અનુભવ વખતે અબુદ્ધિપૂર્વકના વિકલ્પને જાણી શકે?

ઉત્તર:—અનુભવ વખતે અબુદ્ધિપૂર્વકના વિકલ્પને જાણી શકે નહિ; જો જાણે તો તો બુદ્ધિપૂર્વકનો વિકલ્પ થઈ ગયો પછી અબુદ્ધિપણું રહ્યું ક્યાં? માટે નિર્વિકલ્પ ધ્યાની અબુદ્ધિપૂર્વકના વિકલ્પને જાણી શકે નહિ. કેવળજ્ઞાની જાણી શકે કે આ આત્માને સૂક્ષ્મ વિકલ્પ છે પણ તેને પોતાને ખબર નથી કે મને સૂક્ષ્મ વિકલ્પ છે. તે તો પોતાના સ્વરૂપમાં જ લીન છે. સાતમી ભૂમિકાએ મુનિને પણ અનુભવ વખતે અબુદ્ધિપૂર્વકના વિકલ્પ આવે ખરા પણ તેને તે પકડી શકે નહિ, તે વિકલ્પને પકડવા માટે ઉપયોગ સૂક્ષ્મ જોઈએ અને જો ઉપયોગ એટલો બધો સૂક્ષ્મ થાય તો કેવળજ્ઞાન થઈ જાય. નિર્વિકલ્પ ધ્યાન વખતે જો અબુદ્ધિપૂર્વક વિકલ્પ ન હોય તો કષાય ન હોય અને કષાય ન હોય તો અધૂરું જ્ઞાન ન હોય અને જો અધૂરું જ્ઞાન ન હોય તો સર્વજ્ઞ હોય એટલે કે તે વખતે કેવળજ્ઞાની થઈ જાય પણ તેમ તો બનતું નથી તેથી અબુદ્ધિપૂર્વક વિકલ્પ છે પણ તેની સ્વરૂપધ્યાનીને ખબર નથી, તે તો પોતાના સ્વસંવેદનમાં લીન છે.

આચાર્યદેવે કેવળીભગવાનની વાતમાં કહ્યું કે નિરંતર-પ્રકાશમાન સહજ વિમળ,

સકળ કેવળજ્ઞાન વડે, નયપક્ષને ગ્રહતા નથી અને અહીં સમ્યગ્જ્ઞાનીની વાતમાં કહ્યું કે તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા નિર્મળ, નિત્ય-ઉદિત ચૈતન્ય છે તેમાં પ્રતિબદ્ધ-પણા વડે નયપક્ષને ગ્રહતા નથી. એમ બન્નેના વિશેષણોમાં ફેર છે કારણ કે કેવળજ્ઞાન પૂરું જ્ઞાન છે અને શ્રુતજ્ઞાન અધૂરું જ્ઞાન છે.

હું પરથી નિરાળો, આનંદમય, નિર્મળ આત્મા છું તેવી તીક્ષ્ણ-ઝીણવટવાળી દૃષ્ટિ વડે નિર્મળ, નિત્ય-ઉદિત ચૈતન્યમાં પ્રતિબદ્ધપણું પામ્યો છે. નીચલી દશામાં પુરુષાર્થ છે તેથી તીખી-ઝીણી દૃષ્ટિ વડે નિર્મળ, નિત્ય-ઉદિત આત્મામાં પ્રતિબદ્ધપણું પામ્યો છે તેમ કહ્યું છે.

નિત્ય-ઉદિત એટલે કે કાયમ ઉદિત એવા ચૈતન્યમાં લીનતા પામ્યો છે. કેવળ-જ્ઞાનીની વાતમાં સદાય વિજ્ઞાનઘન થયો છે એમ કહ્યું છે અને અહીં સમ્યગ્જ્ઞાનીની વાતમાં નિર્વિકલ્પ થયો હોવાથી જેટલો કાળ નિર્વિકલ્પ આનંદમાં રહે તેટલો કાળ પોતે જ વિજ્ઞાનઘન થયો હોવાથી આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસારને વેદે છે તેમ કહ્યું છે.

કેવળજ્ઞાનીની વાતમાં આચાર્યદેવે કહ્યું કે શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે તેઓ કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી અને અહીં સમ્યગ્જ્ઞાનીની વાતમાં અંતર્જલ્પ અને બાહ્યજલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે સમસ્ત નયપક્ષને ગ્રહણ કરતો નથી.

કેવળજ્ઞાનમાં કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી અને અહીં નિર્વિકલ્પ ઉપયોગમાં કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી, તે વાત બન્નેમાં સરખી લીધી.

શ્રુતજ્ઞાની નિર્વિકલ્પ ઉપયોગ વખતે સાધકપણે છે અને કેવળજ્ઞાની તો પૂર્ણ થઈ ગયા છે પરંતુ નિર્વિકલ્પ ઉપયોગ વખતે સહજ સ્થિતિ તો બન્નેની છે.

સમ્યગ્જ્ઞાનીને નિર્વિકલ્પ ઉપયોગ વખતે તદ્દન સર્વથા જ્ઞાન જામ્યું નથી કારણ કે નિર્વિકલ્પતામાંથી જ્યારે બહાર આવે ત્યારે પાછા વિકલ્પ ઊઠે છે. જો નિર્વિકલ્પ ઉપયોગ વખતે જ્ઞાન તદ્દન જામી ગયું હોય તો કેવળજ્ઞાન થઈ જાય, પણ તેમ થતું નથી; માટે નિર્વિકલ્પ ઉપયોગ વખતે અબુદ્ધિપૂર્વક વિકલ્પ હોય છે તેથી ઉપયોગ બહાર આવતાં બુદ્ધિપૂર્વકના વિકલ્પ આવે છે. ઉપયોગ બહાર આવે અને વિકલ્પ આવે ત્યારે તેને જ્ઞાયકનું જુદું ભાન રહે છે, જ્ઞાયકનું જુદું પરિણમન રહે છે. જુદું ભાન રહેવા છતાં પણ ઘરનાં કામકાજના, વેપાર ધંધાના, દયા, દાન, પૂજા, ભક્તિના વિકલ્પો આવે છે પણ તેની અહીં વાત નથી, અહીં તો નિર્વિકલ્પ અનુભવની વાત છે.

આચાર્યદેવ કહે છે કે ખરેખર તે શ્રુતજ્ઞાની આત્મા નિર્વિકલ્પ વખતે બધા પક્ષથી પર છે, તેથી પરમાત્મા છે. જુઓ, અહીં શ્રુતજ્ઞાનીને પરમાત્મા કહ્યો; શ્રુતજ્ઞાનીને અધૂરી પર્યાય છે તોપણ તે અપેક્ષા ગૌણ કરીને આત્માની ઉત્કૃષ્ટ જે સ્થિરતા તેના માલનો આ નમૂનો છે તેથી તેને પરમાત્મા કહ્યો. આ કોની વાત થાય છે? આ ચોથા ગુણસ્થાનવાળાની વાત થાય છે. ચોથા ગુણસ્થાનવાળાને આચાર્યદેવે પરમાત્મા કહ્યો.

સ્વરૂપમાં લીન થયેલા શ્રુતજ્ઞાની આત્માને આચાર્યદેવે જ્ઞાનાત્મા કહ્યો, પોતે આત્મા તો છે પણ જ્ઞાન ઉપયોગને પર વલણથી ખસેડીને પોતાના આત્મામાં લીન કર્યો માટે તેને જ્ઞાનાત્મા કહ્યો. સ્વરૂપમાં લીન થયો ત્યાં પ્રત્યગ્જ્યોતિ થયો-નિર્મળ જ્યોતિ થયો, આત્માની ખ્યાતિ થઈ, ઈશ્વરના દર્શન થયા, પોતાની પ્રસિદ્ધિ થઈ, આત્મસાક્ષાત્કાર થયો. એવો અનુભૂતિમાત્ર આત્મા સાક્ષાત્ સમયસાર થયો.

આવો વસ્તુનો અચિંત્ય અને અને અદ્ભુત સ્વભાવ છે. ધર્મ કોને કહેવો તેનો હજી ખ્યાલ જ નથી તો ખ્યાલ વિના તે પ્રત્યેનો પ્રયત્ન ઊપડે કયાંથી? યથાર્થ શ્રવણ કર્યા વિના સમજણમાં આવે નહિ અને સમજણ વગર લક્ષમાં આવે નહિ. જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેને વસ્તુસ્વરૂપ સમજ્યે જ છૂટકો છે.

ભાવાર્થ:—જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી છે તેમ શ્રુતજ્ઞાની પણ 'આવો છું ને તેવો છું' તેવા પક્ષથી છૂટી જાય છે ત્યારે વિકલ્પોથી રહિત થઈને શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનો અનુભવ કરે છે ત્યારે બધા નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતાદ્રષ્ટા થઈ જાય છે.

એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે કે રાગી જ છું અથવા રાગી નથી જ; તે બે માંથી કોઈ પણ એક પક્ષ ગ્રહે તો તે પક્ષ છે અને મિથ્યાત્વ સાથે મળેલો રાગ છે. વ્યવહારનયને જાણે ખરો પણ વ્યવહારનય આદરણીય માને તો તે પક્ષ છે અને મિથ્યાત્વ સાથે મળેલો રાગ છે. બંધને જાણે ખરો પણ આદરણીય માને તો એકાંત પક્ષ થયો; એકલો શુદ્ધ સ્વભાવ માને અને બંધને ન માને તો તે પણ એકાંત પક્ષ છે, મિથ્યાત્વ સાથે મળેલો રાગ છે.

જો અવસ્થામાં પણ આત્મા પૂર્ણ થઈ ગયો હોય તો વિકલ્પ ઊઠે કેમ? વિકલ્પ ઊઠે તે અસદ્ભૂતવ્યવહાર છે. વિકલ્પરૂપ અશુદ્ધ અવસ્થા તે વ્યવહાર છે ને આત્માનું શુદ્ધસ્વરૂપ તે નિશ્ચય છે; ભેદ તે વ્યવહાર છે, અભેદ તે નિશ્ચય છે. તે બન્નેને મુખ્ય-ગૌણપણે જાણવું તે નય છે. શુદ્ધ દ્રવ્યનાં પ્રતીતના વિષયનું જોર તેમ જ દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન હોય તો સ્વભાવને સાધવાનો પુરુષાર્થ ઊપડે છે, દ્રવ્યદૃષ્ટિના

વિષયના જોર વિના દ્રવ્યદૃષ્ટિ તેમ જ પર્યાયદૃષ્ટિ બન્ને નયનું જ્ઞાન સાચું હોય નહિ અને બન્ને નયના જ્ઞાન વિના દ્રવ્યદૃષ્ટિના વિષયનું જોર યથાર્થ હોય નહિ માટે બન્નેમાંથી એક પણ જો ન હોય તો પુરુષાર્થ ઊપડે નહિ.

નિમિત્તને ન જાણે તો જ્ઞાન ખોટું અને નિમિત્ત ને હું બે એક છીએ તેમ માને તો શ્રદ્ધા ખોટી; એક કહે કે આત્મામાં મલિન પર્યાય જ નથી, આત્મા તદ્દન શુદ્ધ જ છે એમ પર્યાય વગર વસ્તુને માને તો જ્ઞાન ખોટું અને એકલો વ્યવહાર એટલે પર્યાય જ માને, નિશ્ચય વસ્તુને ન માને તો વસ્તુ વગર નિર્મળ પર્યાય થશે ક્યાંથી? માટે એકલા પર્યાયને માનનારનું પણ જ્ઞાન ખોટું છે. જ્ઞાન બન્ને પડખાંનું જોઈએ, જ્ઞાન બન્ને પડખાંનું હોય તો પુરુષાર્થ ઊપડે.

વ્યવહાર જાણવા યોગ્ય છે પણ આદરણીય એક નિશ્ચય વસ્તુ છે. જો વ્યવહારથી લાભ માને તો વ્યવહાર પોતે જ નિશ્ચય થઈ ગયો; વ્યવહારનાં આશ્રયે સમ્યદર્શનાદિ થાય નહિ; કારણ કે વ્યવહાર પરાશ્રય છે તો પરાશ્રયે સ્વાશ્રય કેમ પ્રગટે? ગુણ-પર્યાયના ભેદરૂપ વ્યવહારના આશ્રયે પણ નિર્મળ પર્યાય કેમ પ્રગટે? અભેદના આશ્રયથી સ્વભાવ-પર્યાય પ્રગટે પણ ભેદના આશ્રયથી સ્વભાવપર્યાય ન પ્રગટે. નિશ્ચય સ્વાશ્રય છે માટે સ્વાશ્રયથી સ્વભાવપર્યાય પ્રગટે તે વાસ્તવિક સ્થિતિ છે.

સ્વભાવદૃષ્ટિએ રાગાદિનો કર્તા નથી, છતાં પુરુષાર્થની નબળાઈથી રાગ થાય છે તેને જાણવું તે વ્યવહારનય છે. ઢળવું પોતાના પૂર્ણ સ્વભાવ તરફ અને જ્ઞાન કરવું દ્રવ્ય-પર્યાય બન્નેનું. જો અવસ્થામાં રાગ ન હોય તો પછી ત્યાંથી પાછું વળવાનું શું? અને સ્વભાવ અવિકારી ન હોય તો પછી વળવું શેમાં? ઢળવું શેમાં? સ્વભાવ અવિકારી છે તેના તરફ ઢળે છે ને પર્યાયમાં વિકાર છે તેના તરફથી પાછો વળે છે, માટે નિશ્ચયનયનો વિષય સ્વભાવ અને વ્યવહારનયનો વિષય પર્યાય-તે બન્ને નય જ્ઞાન કરવા યોગ્ય છે અને આદરવાયોગ્ય નિશ્ચયનય છે.

કોઈ એમ માને કે હું એકલો શુદ્ધ છું; અવસ્થામાં કાંઈ નથી, અવસ્થામાં રાગ નથી, અવસ્થામાં વિકલ્પ નથી તેમ એકાંત માને તે પણ મિથ્યાત્વ છે; વળી જે સ્વભાવને સમજે નહિ ને એકલો વ્યવહાર વ્યવહાર કર્યા કરે તેને સાચા વ્યવહારનું જ્ઞાન હોય જ ક્યાંથી? માટે તે વ્યવહારની પક્કડવાળો પણ મિથ્યાત્વી છે.

પોતાની મેળે સમયસાર વાંચે તે સમજે શું? વ્યવહાર ને નિશ્ચયનું સ્વરૂપ શું છે ને તો સમજી શકે નહિ ને કહે કે આમાં તો બન્ને નય આવે છે પણ તે વાતની ના કોણ પાડે છે? જ્ઞાન તો બન્નેનું કરવા યોગ્ય છે પણ તેમાં આદરવું કયું? ભેદ કે

અભેદ? વ્યવહાર તરફ લક્ષ મૂકતાં વિકલ્પ થાય છે, રાગ થાય છે, ભેદ પડે છે, ભંગ પડે છે; પણ નિર્મળ અભેદ શુદ્ધ સ્વભાવ છે તેના ઉપર લક્ષ આપતાં-તેના તરફ ઢળતાં પર્યાય નિર્મળ થાય છે, શુદ્ધતા વધે છે, રાગ તૂટે છે, વિકલ્પ છૂટે છે માટે આદરવા યોગ્ય એક નિશ્ચય છે, ઢળવા યોગ્ય એક નિશ્ચય છે, જ્ઞાન કરવા યોગ્ય વ્યવહાર-નિશ્ચય બન્ને છે.

એક પક્ષને સર્વથા ગ્રહણ કરે કે આત્મામાં રાગ નથી, દ્વેષ નથી, વગેરે કાંઈપણ મલિનતા નથી તો આચાર્યદેવ કહે છે કે આવી જૂઠી વાત તું લાવ્યો ક્યાંથી? તારી અવસ્થામાં મલિનતા વર્તમાન થઈ રહી છે, મલિનતાનાં નિમિત્તો પણ સામે છે તેનું જ્ઞાન કર, અવસ્થામાં જે મલિનતા છે તેને જાણીને છોડ, નિશ્ચય એકરૂપ શુદ્ધ સ્વભાવ છે તેને જાણીને આદર, મલિનતાને જાણ્યા વિના મલિનતાને ટાળવાનો પુરુષાર્થ ઊપડશે નહિ, બન્ને પડખાં સમજ્યા વિના જે કોઈ એક તરફ ખેંચાતાણ કરે તે મિથ્યાદષ્ટિનો રાગ છે.

એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો તે મિથ્યાત્વ સાથે મળેલો રાગ છે ને પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનીયનો રાગ છે.

પ્રયોજનવશે એટલે કે જરૂરિયાતના કારણે કહેવું તે. જેમકે કોઈ કર્મને ન માનતો હોય તો તેને કહે કે ભાઈ! આ વિકાર થાય છે ક્યાંથી? વગેરે અશુદ્ધ પર્યાય તરફની વાત કરી તે વખતે રાગને થાપે અને વસ્તુસ્વભાવને ગૌણ કરે. વળી કોઈ દ્રવ્યસ્વભાવને ન માને, એકલા પર્યાયને જ માને, નિમિત્તને જ માને ત્યારે તેને કહે કે દ્રવ્યસ્વભાવ જ મૂળ વસ્તુ છે, દ્રવ્યસ્વભાવ વગર નિર્મળ પર્યાય આવશે ક્યાંથી? નિમિત્તનું ને પર્યાયનું તો જ્ઞાન કરવા જેવું છે એમ એક નયને મુખ્ય કરી પ્રયોજનવશે કહે તો મિથ્યાત્વ નથી પણ ચારિત્રમોહનો રાગ છે.

નિગોદનો આત્મા સિદ્ધ જેવો છે છતાં નિગોદમાં અને સિદ્ધમાં જે ફેર છે તે પર્યાયનો છે, નિગોદથી માંડીને સિદ્ધ સુધી વચ્ચે જેટલી જેટલી ઓછી-વધારે ઉઘાડની અવસ્થા છે તે બધો વ્યવહાર છે.

પહેલો પક્ષ તો સર્વથા એક નયને ગ્રહણ કરી એકાંત માને છે માટે મિથ્યાત્વ છે અને બીજો પક્ષ પ્રયોજનવશ વ્યવહાર કે નિશ્ચયને મુખ્ય-ગૌણ કરે તે મિથ્યાત્વ વગર ચારિત્રમોહનીયનો રાગ છે; ત્રીજા પક્ષમાં, સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે રાગ નથી -વીતરાગ જેવો જ છે, જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ, ત્યારે-તે

વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું. ચોથે, પાંચમે ને સાતમે ગુણસ્થાને આત્માના અનુભવ વખતે નયના રાગને છોડીને શ્રુતજ્ઞાની પણ વીતરાગ જેવો જ હોય છે, વીતરાગ નહિ પણ વીતરાગ જેવો જ છે એમ કહ્યું. ભાવાર્થમાં પણ ટીકા જેવી સંધિ કરી છે, ઘણો ખુલાસો કર્યો છે, જો બરાબર ફોદા-ફૂદી વગર વાંચે તો બધા ફડચા થઈ જાય તેવું છે. આવી ઊંચી વસ્તુ મહાભાગ્ય વગર સાંભળવા મળે તેમ નથી.

તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે :—

(સ્વાગતા)

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम् ।
बंधपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम् ॥ ९२ ॥

અર્થ :—ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે)-એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા અપાર સમયસારને હું, સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને અર્થાત્ કર્મનાં ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, અનુભવું છું.

ચિત્સ્વભાવના પુંજ વડે પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અનુભવાય છે. અહો! ઉત્પાદ, વ્યય અને ધ્રુવસ્વરૂપ આત્માનો અનુભવ હોય તેમ આચાર્યદેવ બતાવે છે. આમાં અચિંત્ય સ્વરૂપ દ્રવ્ય છે તે આચાર્યદેવે બતાવ્યું છે. જ્ઞાનસ્વભાવના પુંજ વડે એટલે કે જ્ઞાનસ્વભાવના ઢગલા વડે પોતાનાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવભાવ અનુભવાય છે. ઉત્પાદ નિર્મળ, વ્યય પણ નિર્મળ અને ધ્રુવ પણ નિર્મળ છે—ત્રણે નિર્મળ છે. એવું જેનું પરમાર્થ સ્વરૂપ નિર્મળ હોવાથી જે એક છે. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણ પ્રકારે હોવા છતાં જે એક છે. અપાર છે, બેહદ છે. એવા બેહદ સામર્થ્યવાળા અપાર સમયસારને હું અનુભવું છું, કર્મનાં ઉત્પાદ-વ્યયથી થતા સર્વ ભાવોને છોડીને હું અનુભવું છું. જ્યારે લખવા તરફ લક્ષ છે ત્યારે આત્મા અનુભવાતો નથી પણ જ્યારે આત્મામાં ઠરે છે ત્યારે આત્મા અનુભવાય છે.

નિર્વિકલ્પ અનુભવ થતાં, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે, 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ જ્યાં હોતો નથી.

જેના અનંત અનંતગુણનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ્યારે વર્તે છે ત્યારે હું અનુભવું છું-એકાગ્ર થયો છું એવો વિકલ્પ પણ હોતો નથી. જ્ઞાન વર્તે છે, વેદન વર્તે છે પણ વિકલ્પ ત્યાં નથી, એવું પક્ષાતિક્રાંતનું સ્વરૂપ છે. હવે કર્તાકર્મની છેલ્લી ગાથા રહી છે. પક્ષાતિક્રાંત છે તે જ સમયસાર છે એમ હવે કહેશે.

૨૦૦૦, કારતક વદ ૧૪, શુક્ર.

પક્ષાતિક્રાંત તે જ નિયમથી સમયસાર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તે જ સમયસાર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—તે ત્રણે પુરુષાર્થથી પ્રગટે છે. ચૈતન્યના એક ક્ષણના પુરુષાર્થની ઉગ્રતામાં પાંચે સમવાય આવી જાય છે, વસ્તુ ઉપર યથાર્થ દૃષ્ટિ થઈ તે પુરુષાર્થ વડે થઈ તે પુરુષાર્થ. ૧. તે પુરુષાર્થ વડે જે સ્વભાવ હતો તેમાંથી પર્યાય પ્રગટયો તે સ્વભાવ. ૨. જે વખતે પર્યાય પ્રગટયો તે સ્વકાળ એટલે કાળ. ૩. અને પુરુષાર્થ વડે જે પર્યાય થવાનો હતો તે થયો તે નિયત. ૪. અને પુરુષાર્થથી સ્વભાવ-પર્યાય પ્રગટતી વખતે જે કર્મનો અભાવ થયો તે કર્મ. ૫. ચાર સમવાય અસ્તિરૂપે ચૈતન્યમાં આવી જાય છે અને છેલ્લું કર્મનો અભાવ તે નાસ્તિપરિણમનરૂપે ચૈતન્યમાં આવી જાય છે.

આત્માનો પર્યાય પ્રગટવામાં પાંચ કારણ હોય છે, તે બધામાં પુરુષાર્થ મુખ્ય છે. જેવી વીર્યની ઉગ્રતા કે મંદતા હોય છે તે પ્રમાણે કાર્ય આવે છે. જે પુરુષાર્થ કરે તેને બીજા ચારે કારણો આવી જાય છે. જે પુરુષાર્થને સ્વીકારતો નથી તેને એકે કારણો લાગુ પડતાં નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું પુરુષાર્થથી પ્રગટે છે.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન તે જ સમયસાર છે તેની સાથે અંશે ચારિત્ર હોય છે પણ મુખ્યપણે તો અહીં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વાત લીધી છે, તેની સાથે અંશે ચારિત્ર હોય છે અને પછી ક્રમે ક્રમે પૂર્ણ ચારિત્ર પ્રગટે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગર ચારિત્ર પ્રગટે જ નહિ માટે અહીં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વાત મુખ્ય લીધી છે.

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે—એમ હવે કહે છે:—

सम्मद्दंसणणाणं एसो लहदित्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ॥ १४४ ॥

સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,
નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.

અર્થ:—જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે તે સમયસાર છે; આને જ (-સમયસારને જ) કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા (નામ) મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)

આ ગાથા ઘણી ઊંચી છે. આ ગાથા તો કર્તાકર્મની ઘણી ઘણી વાત કરતાં કરતાં અને પરનો કર્તાકર્મભાવને છોડવાનું કહેતાં કહેતાં આવી છે. પણ માણસો કહે છે કે અમને આ સમજાતું નથી માટે બીજું કાંઈક કરવાનું કહો. પણ ભાઈ! પાપ કરવાનું તો કોઈ કહે જ નહિ, અશુભભાવ કરતાં શુભભાવમાં રોકાય તે ઠીક છે પણ પ્રથમ સ્વભાવ સમજવો; કારણ કે સ્વભાવના ભાન વડે વિકારનો અંત આવે છે. શુભભાવ તે વિકાર છે, વિકારથી સ્વભાવ ન સમજાય, પણ જ્ઞાન વડે સ્વભાવ સમજાય. શુભભાવથી પુણ્ય બંધાય પણ ભવનો અંત ન આવે. અહીં તો આઘી વાત છે. શરીરની ક્રિયા હું કરી શકું છું, વિકારની ક્રિયા હું કરી શકું છું તે વાત તો આઘી રહી પણ આ તો આંગણે આવીને હું શુદ્ધ છું ને હું શુદ્ધ નથી એવાં બે પડખાંના રાગમાં રોકાશે ત્યાંસુધી વિકાર ટળશે નહિ અને વિકાર ટળ્યા વિના સહજ સ્વભાવની પ્રાપ્તિ થશે નહિ; સહજ સ્વભાવની પ્રાપ્તિ વિના વીતરાગતા થશે નહિ અને વીતરાગતા વિના મુક્તિ થશે નહિ. પ્રથમ સ્વરૂપનો નિર્ણય કરવા માટે હું બદ્ધ છું કે અબદ્ધ છું એવા વિચાર આવે ખરા, નિર્ણય કરવા માટે વિચારનું મંથન આવે ખરું અને તેમ કરતાં જે સમજણ થાય તે તો જ્ઞાનનો પર્યાય છે પણ સાથે જે રાગ છે તે વિકાર છે. અધૂરા જ્ઞાનમાં વિચાર હોય છે અને વિચાર સાથે રાગ હોય છે, માટે તે અધૂરા જ્ઞાનના પર્યાય પૂરતું આત્માનું અખંડ સ્વરૂપ નથી, આત્મા તો પરિપૂર્ણ જ્ઞાનસામર્થ્યથી ભરપૂર છે; વર્તમાન સમયમાં જ બેહદ સામર્થ્યથી ભરપૂર એવા આત્મા ઉપર લક્ષ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટે છે. આત્માની પરિપૂર્ણ દ્રષ્ટિમાં અધૂરો પર્યાય આદરણીય નથી. સ્વરૂપમાં સ્થિર થતાં રાગમિશ્રિત વિચારો છૂટી જાય છે; જ્યાંસુધી રાગમિશ્રિત વિચારોમાં રોકાય છે ત્યાંસુધી સ્વરૂપનો સ્વાદ લઈ શકે નહિ. સાધકદશામાં રાગમિશ્રિત વિચારો આવે ખરા, પણ સ્વરૂપનો અનુભવ લેતી વખતે તે વિચારો છૂટી જાય છે. અશુભ પરિણામથી બચવા માટે રાગમિશ્રિત શુભ વિચારોમાં રોકાય ખરો, પણ સ્વરૂપના અનુભવ વખતે તે વિચારો પણ છૂટી જાય છે.

કોઈ કહેશે કે અમારે સાચું વસ્તુસ્વરૂપ સમજવાનું શું કામ છે? અમે તો શુભભાવ કર્યા કરશું. પણ ભાઈ! શુભભાવથી સારા સંયોગ મળે પણ તે સંયોગ અને શુભભાવ મરણ ટાણે જાગૃતિ કઈ રીતે રખાવશે? મરણ ટાણે કાંઈ ભાન નહિ રહે, અસાધ્ય

થઈ જઈશ. સ્વભાવનું ભાન નથી, શુદ્ધધર્મની ખબર નથી તેનું ફળ તો મૂઢતા જ આવે ને! શુભાશુભ ભાવ કરે તેના ફળમાં સંયોગ મળે છે એટલે કે બાહ્ય સંયોગ મળે છે પણ તેનું ફળ આત્માની જાગૃતિ ન મળે, કારણ કે શુભભાવ તો વિકાર છે અને વિકારનું ફળ સંયોગ મળે, પણ જો આત્માના શુદ્ધ સ્વભાવનું ભાન કર્યું હોય તો આત્મામાંથી આત્માની જાગૃતિ રહે. આખી જિંદગી શુભભાવ કર્યા હોય પણ મરતી વખતે અસાધ્ય થઈ જાય, કારણ કે દેહથી આત્મા જુદો સ્વીકાર્યો નથી, દેહાધ્યાસ તોડયો નથી, શુભાશુભ પરિણામથી જુદો આત્માને સ્વીકાર્યો નથી, પર સાથે એકત્વ-બુદ્ધિ છે તેથી મૂઢ થઈ જાય છે. પરથી જુદું આત્માનું જો ભાન હોય તો પરથી જુદો રહીને આત્માની જાગૃતિ રાખી શકે. જેને જુદા ચિદાનંદ આત્માનું ભાન નથી તે જીવતાં પણ અસાધ્ય છે ને મરતાં પણ અસાધ્ય થઈ જાય છે. હું ચિદાનંદ આત્મા જ્ઞાનસ્વભાવી છું, શરીરરૂપ હું નથી, વચનરૂપ હું નથી, મનરૂપ હું નથી, વિકારરૂપ હું નથી એવા જુદા આત્માનું જેને ભાન નથી તે બધા અસાધ્ય છે. માટે આચાર્યદેવ કહે છે કે આ જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે તેનું ભાન કર, તેને પ્રગટ કર! વળી તેઓ કહે છે કે જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે તે જ સમયસાર છે, અને આને જ, આ સમયસારને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ કહેવાય છે. નામ જુદાં છે છતાં વસ્તુ એક જ છે.

આત્મા પરથી જુદો, શુદ્ધ-પવિત્ર, જ્ઞાનમૂર્તિ છે એવો નિર્ણય કરીને તેમાં ઠર્યો તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ કહેવાય છે. નામ જુદાં છે છતાં વસ્તુ એક જ છે. હું શુદ્ધ છું કે અશુદ્ધ છું, બદ્ધ છું કે અબદ્ધ છું તેવાં પડખાંમાં ઊભો રહે, તો પણ તે પડખાં છૂટી જતાં, અનંતગુણપર્યાયમૂર્તિ ચૈતન્યસ્વરૂપમાં સ્થિર થતાં કેવળ એકલો આત્મા રહી જાય તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

જે ખરેખર સતસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)

જે સમસ્ત નયપક્ષો વડે ખંડિત થતો હતો, હું શુદ્ધ છું, હું એક છું, વળી ગુણથી અને પર્યાયથી અનેક પણ છું એવા વિકલ્પોથી ખંડિત થતો હતો, રાગમિશ્રિત પડખાથી સ્વરૂપનો ભંગ થઈ જતો હતો, તે જ્યારે બધા નયપક્ષોના વિકલ્પોને પુરુષાર્થથી અટકાવવાથી ખંડિત થતો નથી ત્યારે અખંડિત થયો. સમસ્ત વિકલ્પનો વ્યાપાર અટકી

ગયો છે અને પોતાના અખંડિત સ્વરૂપનો અનુભવ કરે છે તે જ સમયસાર છે, તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; સમયસારથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જુદાં નથી.

આ કેવળજ્ઞાનીની વાત નથી પણ ચોથા ગુણસ્થાનની વાત છે, સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાનીની વાત છે.

રાગના વિકલ્પથી ખંડિત થતો હતો તે સ્વરૂપનો નિર્ણય કરીને સ્વરૂપમાં ઠર્યો ત્યાં ખંડ થતો હતો તે અટકી ગયો અને એકલો આત્મા અનંતગુણથી ભરપૂર આનંદ-સ્વરૂપ રહી ગયો. હું શુદ્ધ છું, હું અશુદ્ધ છું, હું બદ્ધ છું, હું અબદ્ધ છું એવા વિકલ્પો હતા તે છૂટી ગયા અને એકલું આત્મતત્ત્વ રહી ગયું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને તે જ સમયસાર છે. સમયસાર તે આ પાનાં નહિ, અક્ષર નહિ, આ પાનાં તો જડ છે. આત્માના આનંદમાં લીનતા તે જ સમયસાર છે. સ્વરૂપનો બરાબર નિર્ણય કરીને વિકલ્પ છૂટી જાય, પછી અનંતગુણસામર્થ્યથી ભરપૂર એકલું રહ્યું આત્મતત્ત્વ તે જ સમયસાર છે.

કોઈ કહેશે કે આ તો તમે પરમાત્માની વાત કરો છો, કેવળજ્ઞાનીની વાત કરો છો. પણ ભાઈ! આ તો એક અંશની વાત છે, માત્ર વાનગીની વાત છે, હજુ આખું કરવું તો બાકી રહ્યું છે, આનાથી અનંતગુણો પુરુષાર્થ બાકી રહ્યો છે. હજી આખી સ્થિરતા પ્રગટી નથી, આખી પૂર્ણ વીતરાગરૂપ સ્થિરતા તો અંશે અંશે સ્થિરતા વધારતાં વધારતાં થાય છે. આ તો માત્ર અંશ પ્રગટ્યો છે, હજુ શ્રાવકપણાની સ્થિરતા, મુનિ-પણાની સ્થિરતા, કેવળજ્ઞાનની સ્થિરતા તે બધું બાકી છે. આ તો માત્ર ચોથી ભૂમિકાની વાત છે. આવો નિર્વિકલ્પ અનુભવ થયા પછી રાજપાટ કરે, ગૃહસ્થાશ્રમમાં હોય છતાં પણ પરથી નિરાળા આત્માનું ભાન તેને વર્ત્યા કરે છે તેથી તે જ્ઞાતા રહે છે, માટે તે આત્મામાં રહ્યો છે પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યો નથી. નિર્વિકલ્પ અનુભવ સદાય ન રહે, અંતર્મુહૂર્ત રહે છે; પછી વિકલ્પ ઊઠે છે ત્યારે વેપારના, રાજના, ઘરના વગેરે વિકલ્પો ઊઠે છે પણ તેનો તે કર્તા થતો નથી, સ્વરૂપનું જુદું ભાન રહે છે. વેપારધંધો, રાજ-પાટ કરતાં કોઈ કોઈવાર સ્વરૂપમાં ઠરી પણ જાય છે પરંતુ ચોથી ભૂમિકા છે તેથી વિશેષ સ્થિરતા નથી.

પોતે જાતિએ વાણિયો હોય પણ બાળક હોય ત્યારે કણબીને ઘરે જાય, કણબી પાણી પાય તો પોતે તે પાણી પીએ કારણ કે તેને ખબર નથી કે હું વાણિયો છું, પછી મોટો થયો ત્યારે ખબર પડી કે હું વાણિયો છું, મારે કણબીને ત્યાંથી પાણી ન પીવાય, જો તે પાણી પીઉં તો વટલાઈ જાઉં એમ મોટો થાય ત્યારે ખ્યાલ આવે અને વૃદ્ધ થાય ત્યારે તો બધી જાતનો બહારનો બહુ ખ્યાલ આવે. તેવી રીતે અનાદિ અજ્ઞાનથી હું

કોણ છું અને પર કોણ છે એની ખબર નહિ હોવાથી પરનું અભિમાન કરે છે, પર મારું છે ને હું પરનો છું, પર મારું કરી શકે છે ને હું પરનું કરી શકું છું એમ બાળભાવે અજ્ઞાનનું પાણી પીએ છે પણ જ્યાં ભાન થયું કે પરથી હું નિરાળો, નિર્વિકલ્પ ચૈતન્યજ્યોતિ આત્મા છું, પરનું હું કરી શકતો નથી, પર મારું કરી શકતો નથી એમ ભાન થયું ત્યાં જુવાન થયો–તે જુવાનની ચાલ છે. આ ચોથી ભૂમિકાની વાત છે, આ સમ્યગ્દર્શનની વાત છે, આ આત્મજાગૃતિની વાત છે, હજુ સ્થિરતા બાકી છે, અંશે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયું છે પણ હજુ પાંચમી અને છઠ્ઠી–સાતમી ભૂમિકાની સ્થિરતા પ્રગટી નથી એટલે કે ચારિત્ર હજી પ્રગટ થયું નથી, ક્રમે કરીને પાંચમી-છઠ્ઠી–સાતમી ભૂમિકાની સ્થિરતા પ્રગટ કરીને આગળ વધીને વીતરાગ થાય–કેવળજ્ઞાન પ્રગટ કરે તે વૃદ્ધપણું છે, જામી ગયેલો છે. આ ૧૪૪ મી ગાથામાં તો સમ્યગ્દર્શનની વાત છે, આત્માના અનુભવની વાત છે, પૂર્ણ સ્થિરતાની વાત નથી.

સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે–આત્માનો અનુભવ કરવા માટે પ્રથમ શું કરવું તે આચાર્યદેવ કહે છે. પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરવો.

પ્રથમ શું કરવું તે આચાર્યદેવે કહ્યું છે. દરેક જીવ સુખને ઇચ્છે છે તો પૂર્ણ સુખ કોણે પ્રગટ કર્યું છે? તેવા પૂર્ણ પુરુષ કોણ છે? તેની ઓળખાણ કરવી અને તે પૂર્ણ પુરુષે સુખનું સ્વરૂપ શું કહ્યું છે તેને જાણવું. તે સર્વજ્ઞ પુરુષે કહેલાં વાક્યો તે આગમ છે. માટે પ્રથમ આગમમાં આત્માના સુખનું સ્વરૂપ શું કહ્યું છે તે જાણીને, તેનું અવલંબન કરી, જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરવો, નિર્ણય તે પાત્રતા છે અને આત્માનો અનુભવ તે તેનું ફળ છે. આ ગાથામાં પાત્રતા અને તેનું ફળ બન્ને બતાવ્યાં છે. આવો નિર્ણય કરવાની જ્યાં રુચિ થઈ ત્યાં અંતરમાં કષાયનો રસ મંદ પડી જ જાય. કષાયનો રસ મંદ પડ્યા વિના આ નિર્ણયમાં પહોંચી શકાય નહિ. પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન કરવું એમ કહીને આચાર્યદેવે સાચાં આગમ કયા છે? તેના કહેનાર પુરુષ કોણ છે? વગેરે બધો નિર્ણય કરવાનું કહી દીધું છે, સાચાં દેવ-ગુરુ શાસ્ત્ર કોણ છે? તે બધાનો નિર્ણય આવી જાય છે. જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરવામાં સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરવાનું વગેરે બધું ભેગું આવી જાય છે.

પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન કરવાનું કહીને આચાર્યદેવે તેમાં ઘણું ઘણું સમાવ્યું છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને ખોટાં દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેનો નિર્ણય કરવો કે આ સાચાં છે અને આ ખોટાં છે. જે આગમમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકે છે એમ કહ્યું હોય તે આગમ સાચાં ન કહેવાય, એમ કહેનાર ગુરુ પણ સાચા નથી, એમ બતાવનાર દેવ પણ સાચા નથી; પણ બન્ને તત્ત્વો ભિન્ન છે,

દરેક તત્ત્વ સ્વાધીન છે, કોઈ તત્ત્વ કોઈ તત્ત્વને આધારે નથી, કોઈ તત્ત્વ કોઈ તત્ત્વનું કાંઈ પણ કરે તો તત્ત્વ પરાધીન થઈ જાય, પરંતુ એમ તો બનતું નથી. દરેક તત્ત્વ સ્વાધીન છે. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ પણ કરી શકતું નથી એવું વસ્તુનું સ્વરૂપ બતાવનાર દેવ પણ સાચા છે, ગુરુ પણ સાચા છે અને શાસ્ત્ર પણ સાચાં છે તેમ ઓળખાણ કરીને દેવગુરુશાસ્ત્રે કહેલું જે આત્માનું સ્વરૂપ તેનો વિચાર કરીને પોતા વડે શ્રુતજ્ઞાનના અવલંબનદ્વારા જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરવો. તે નિશ્ચય એવો અપૂર્વ કરવો કે જે નિશ્ચયના ફળમાં આત્માનો અનુભવ થાય, કેવળજ્ઞાન થાય, કેવળદર્શન થાય, અનંત ગુણો પ્રગટે. આગમદ્વારા, સદ્દગુરુ દ્વારા નિશ્ચય કરવો. તે નિર્ણયમાં રાગનો અંશે અભાવ થઈને નિર્ણય થાય છે, પરંતુ નિર્ણય વખતે બુદ્ધિપૂર્વકના સર્વ વિકલ્પો છૂટી જતા નથી, સ્વરૂપમાં જામી જતો નથી પણ નિર્ણય કરે છે તે વખતે પણ આત્માથી આત્માનો નિર્ણય કરે છે. મન અને રાગની ગૌણતા કરે છે, આત્માને અધિક કરે છે અને રાગને ગૌણ કરે છે એટલે કે અંશે રાગથી છૂટીને પોતે અધિક થઈને આત્માથી આત્માનો નિર્ણય કરે છે. પણ જ્યારે સ્વરૂપમાં જામી જાય છે ત્યારે બુદ્ધિપૂર્વકના વિકલ્પો છૂટી જાય છે–બુદ્ધિપૂર્વકનું મનનું નિમિત્ત છૂટી જાય છે અને ચિદ્રૂપમાં–ચિદાનંદમાં ઉપયોગ લીન થાય છે.

જે આગમ આત્માનું જ્ઞાનલક્ષણ ન બતાવે પણ વિકારલક્ષણ બતાવે, પરાધીન લક્ષણ બતાવે તે આગમ ખોટાં છે, નિમિત્ત તે જ ઉપાદાન છે એમ બતાવે તે આગમ ખોટાં છે. જો નિમિત્ત કાર્ય કરી દેતું હોય તો નિમિત્ત નિમિત્તરૂપે ન રહ્યું પણ ઉપાદાન થઈ ગયું, નિમિત્ત માત્ર હાજરરૂપે હોય તો નિમિત્ત તે નિમિત્ત કહેવાય. જો નિમિત્ત, ઉપાદાનનું કાર્ય કરી દેતું હોય તો તે (નિમિત્ત) ઉપાદાન થઈ ગયું, પણ નિમિત્ત નિમિત્તરૂપે ન રહ્યું. સૂર્યવિકાસી કમળ ખીલે ત્યારે સૂર્યની હાજરી હોય છે પણ સૂર્ય કાંઈ સૂર્યવિકાસી કમળને ખીલવી દેતો નથી પરંતુ કમળ ખીલે ત્યારે સૂર્યની હાજરી હોય જ એવો સંબંધ છે. જે શાસ્ત્ર આત્માનું સ્વાધીન લક્ષણ બતાવે તે શાસ્ત્ર સાચાં છે. તેવું સ્વાધીન સ્વરૂપ બતાવનાર દેવ પણ સાચા છે ને તેવું સ્વાધીન સ્વરૂપ બતાવનાર ગુરુ પણ સાચા છે.

આચાર્યદેવ કહે છે કે પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન લેવું, શ્રવણ કરવું–મનન કરવું અને સત્સમાગમ કરવો; આગમના આધારથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરવો. જીવોને રુચિ નથી. જો રુચિ થાય તો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. અરે ભાઈ! આત્માની રુચિ કર! મરણ ટાણે કોણ શરણ થશે? રાંકા અને બોકડાની જેમ મરણ થાય તે કાંઈ મરણ કહેવાય? લાખોપતિ કે કોડાધિપતિ હોય, સો માણસ જોઈ ઊભા

હોય, છતાં પણ ચાલ્યો જાય છે ત્યાં કોણ શરણ છે? વેદનાની ભીંસમાં ભીંસાઈને અસાધ્ય થઈને ચાલ્યો જાય છે એ વખતે કોણ શરણ છે? આત્માની જો જાગૃતિ કરી હશે તો તે સાથે આવશે. પ્રથમ આત્માની સાચી જિજ્ઞાસા કરે, સાચું ક્યાં છે તેને શોધે. સાચા દેવ કોણ છે? સાચા ગુરુ કોણ છે? સાચાં શાસ્ત્ર ક્યાં છે? તેને શોધે, અને તે જ બતાવી રહ્યા છે તેનો નિર્ણય કરવાનો કાળ કાઢે, પછી નિર્ણય કરે કે હું પરથી નિરાળો, સ્વપરનો જ્ઞાતા, અનંતગુણમૂર્તિ આત્મા છું. આ રાગ મારો સ્વભાવ નથી, આ દ્વેષ મારો સ્વભાવ નથી, પરનું ભલું-ભૂડું કરવું તે મારો સ્વભાવ નથી, પરના કર્તા થવું તે મારો સ્વભાવ નથી, પરનું ધણીપતું કરવું તે મારો સ્વભાવ નથી; હું તો 'જ્ઞાનસ્વભાવી આત્મા છું,' હું તો સ્વ-પરનો જ્ઞાયક છું પણ હું પરનો કર્તા નથી. આવો પ્રથમ શ્રુતજ્ઞાનથી નિર્ણય કરવો.

પ્રથમ સાચો નિર્ણય કર્યા વિના નિર્વિકલ્પ અનુભવ થાય નહિ. સત્સ્વરૂપ પ્રગટ કરવામાં સાચા દેવનું નિમિત્ત આવ્યું, સાચા ગુરુનું નિમિત્ત આવ્યું અને સાચા શાસ્ત્રનું નિમિત્ત આવ્યું, સાચા પુરુષાર્થથી સાચા નિર્ણયનું નિમિત્ત પણ આવ્યું તે અંદરનું નિમિત્ત થયું, સાચો નિર્ણય તે કારણ થયું અને ત્યાર પછી અનુભવ આવ્યો. સાચો નિશ્ચય કર્યા પછી પણ આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, આત્માની શાંતિ અને આનંદના વેદનને માટે અંદર કઈ રીતે વળે છે તે આચાર્યદેવ કહે છે. આ ટીકાનો ભાવ ઘણો ઊંચો છે. જ્યારે આત્માની પ્રગટ પ્રસિદ્ધિ કરવી હોય ત્યારે પર પ્રસિદ્ધિ મૂકવી જોઈએ. આત્માના અનુભવના ભોગવટા માટે સાચો નિર્ણય કર્યા પછી સ્વસન્મુખ કઈ રીતે વળે છે તે આચાર્યદેવ કહે છે.

સાચો નિશ્ચય કર્યા પછી, આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિયદ્વારા અને મનદ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને ( મતિજ્ઞાનના સ્વરૂપને ) આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મ-સન્મુખ કરતો. અત્યંત વિકલ્પ રહિત થઈને, તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે ( અર્થાત્ શ્રદ્ધાય છે ) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

આત્મા આનંદમૂર્તિ-આનંદનો રસકંદ છે, ઇંદ્રિય અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ

તે પરની પ્રસિદ્ધિનાં કારણો છે-પરની પ્રસિદ્ધિ કરનારાં છે, ઇંદ્રિય અને મનદ્વારા પ્રવર્તતી જે બુદ્ધિ તે પર ઉપર લક્ષ કરનાર છે. પર લક્ષમાં સ્ત્રી, કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર બધું આવી જાય છે, તે બધી પરની પ્રસિદ્ધિ છે, પાંચ ઇંદ્રિય અને મન તરફ પ્રવર્તતી જે બુદ્ધિ તે બુદ્ધિને પર લક્ષમાં જતી અટકાવે ને આનંદસાગર આત્મા તરફ વાળે તે આત્મારૂપી આનંદના હિમાલયમાં પેસવાના પગથિયે ચડે છે.

પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો ઇંદ્રિય અને મન છે તેનાથી પ્રવર્તતી બુદ્ધિ તેને પોતા તરફ વાળીને મતિજ્ઞાનને એટલે કે મતિજ્ઞાનના વેપારને આત્મસન્મુખ કર્યો છે, કેવી સરસ વાત લીધી છે! કોઈ બળવાન યોગે અદ્‌ભુત શૈલિથી અદ્‌ભુત ગાથા રચાણી છે કેવો સરસ સિદ્ધાંત મૂકયો છે! કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ નિશ્ચય કરી, પ્રગટ પર્યાયમાં આનંદ લાવવા માટે, પર તરફ-પાંચ ઇંદ્રિય અને મન તરફ ઝૂકતો ભાવ, તેને સ્વભાવ તરફ ઝુકતો કર્યો છે. ઉપયોગ પર તરફ દોરવાય છે તે ઉપયોગને સ્વ તરફ દોરવી લેવો; આ રીતે મતિજ્ઞાનના વેપારને આત્મસન્મુખ કર્યો.

ઉપયોગ મન અને ઇંદ્રિય તરફ જોડાય ત્યારે મન દેખાતું નથી પણ ત્યારે બાહ્ય પદાર્થ લક્ષમાં આવે છે તે વખતે સમજવું કે હજી ઉપયોગનું જોડાણ પર તરફ છે, મતિજ્ઞાનના વેપારનું જોડાણ પર તરફથી છૂટી આત્મસ્વભાવમાં જોડાણ થાય છે ત્યારે આત્મસ્વભાવ લક્ષમાં આવે છે, હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ નિર્ણય કરીને ઉપયોગ પર તરફથી છૂટી સ્વભાવ તરફ વળે છે અને આત્મામાં લીન થાય છે ત્યારે આત્માનો અનુભવ થાય છે.

હવે શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરે છે. અનેક પ્રકારના નયપક્ષના અવલંબનથી થતા અનેક જાતના વિકલ્પો કે જે બદ્ધ, અબદ્ધ, શુદ્ધ, અશુદ્ધ, એક, અનેક વગેરે નયપક્ષો કે જે આકુળતાને ઉત્પન્ન કરનારા છે તેમાં પ્રવર્તતો જે જ્ઞાનનો વેપાર તેને અટકાવીને શ્રુતજ્ઞાનના વેપારને પોતા તરફ વાળે છે. અહીં આત્માના આનંદની વાત લેવી છે તેથી સામે આકુળતાને ઉત્પન્ન કરનારા નયપક્ષો એમ કહ્યું છે. મતિજ્ઞાનનો વેપાર પર તરફ પણ સામાન્ય છે અને સ્વતરફ પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ સામાન્ય છે, શ્રુતજ્ઞાનના વેપારમાં તર્ક છે તેથી શ્રુતજ્ઞાનનો વેપાર પર તરફ જાય તો વિકલ્પના ભંગ-ભેદ આવે છે, શુદ્ધ, અશુદ્ધ, બદ્ધ, અબદ્ધ વગેરે નયપક્ષના વિકલ્પો થાય છે અને તે આકુળતાને ઉત્પન્ન કરનારા છે અને તે શ્રુતજ્ઞાનનો વેપાર જો અંદર સ્વભાવ તરફ વળે તો વિકલ્પતરંગ તૂટીને આનંદતરંગ ઊઠે છે, આનંદની છોળો ઊઠે છે, શાંતિનાં ઝરણાં ઝરે છે, સમાધિની લહેજત આવે છે.

હું આત્મા શુદ્ધ છું, અશુદ્ધ છું, બદ્ધ છું, મુક્ત છું, નિત્ય છું, અનિત્ય છું, એક છું, અનેક છું, તેવી રાગની વૃત્તિ તે પણ દુઃખદાયક છે, આકુળતારૂપ છે, તેવા અનેક પ્રકારના શ્રુતજ્ઞાનના ભાવને મર્યાદામાં લાવતો, હું આવો છું ને તેવો છું તેવા વિચારને પુરુષાર્થ-દ્વારા રોકતો, પર તરફ વળતા ઉપયોગને સ્વ તરફ ખેંચતો, શ્રુતજ્ઞાનથી થતો રાગનો ભંગ તેને આત્માના સ્વભાવરસના ભાન દ્વારા ટાળતો, શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરે છે, તે વખતે અત્યંત વિકલ્પ રહિત થઈને તત્કાળ નિજરસથી પ્રગટ થતા આદિ-મધ્ય-અંત રહિત આત્માના પરમ આનંદ અમૃતરસને વેદે છે. આદિ-મધ્ય-અંત રહિત એટલે કે આત્માની શરૂઆત નથી તેથી અંત પણ નથી, તો જેને શરૂઆત અને અંત ન હોય તેનું મધ્ય શું હોય? આત્મા અનાદિનો તેનો તે જ છે, અખંડાનંદ, અનંત-ગુણનો પિંડ આદિ-મધ્ય-અંત રહિત આત્મા વસ્તુ છે.

પ્રથમ, આત્માનો યથાર્થ નિર્ણય કરીને પછી પર પ્રસિદ્ધિનું જે કારણ છે એવી ઇંદ્રિય અને મનદ્વારા પ્રવર્તતી બુદ્ધિ; તેને મર્યાદામાં લાવે છે એટલે કે હદમાં લાવે છે. પછી તે મતિજ્ઞાનના વેપારરૂપ બુદ્ધિને એટલે કે મતિજ્ઞાનના વેપારને આત્મસન્મુખ કરે છે અને અનેક પ્રકારના નયપક્ષના અવલંબનથી—અનેક પ્રકારના વિકલ્પોથી આકુળતા ઉત્પન્ન થાય છે એવી શ્રુતજ્ઞાનની બુદ્ધિને પણ મર્યાદામાં લાવીને એટલે કે હદમાં લાવીને શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરે છે. એ રીતે બન્ને જ્ઞાનના વેપારને આત્મસન્મુખ કરીને અત્યંત વિકલ્પ રહિત થાય છે. તે ક્ષણે જ આત્મસ્વભાવ નિજરસથી પ્રગટ થાય છે, આદિ-મધ્ય અને અંત વિનાના આત્માને અનુભવે છે, અનાકુળ-નિરાકુળ આનંદરૂપ આત્માને અનુભવે છે, વિકલ્પોની અનેકતા છૂટી જવાથી કેવળ એકરૂપ, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય એવા આત્માને અનુભવે છે; તરતો એટલે કે બધાથી જુદો, ઉપર ને ઉપર, અધિક ને અધિક આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય એવા આત્માને અનુભવે છે, અખંડ પ્રતિભાસમય એવા આત્માને અનુભવે છે. વિકલ્પમાં રોકાતો ત્યાં ખંડ પડતો; તે છૂટી જવાથી અખંડ પ્રતિભાસમય આત્માને અનુભવે છે. અનંતગુણના પર્યાયો જેમાં ઊછળી રહ્યા છે એવા અનંતગુણસ્વરૂપ આત્માને અનુભવે છે, વિજ્ઞાનઘનસ્વભાવ આત્માને અનુભવે છે. વિકલ્પ તરફ જ્ઞાન જોડાતું ત્યારે અસ્થિર થતું, હવે જ્ઞાન જામી ગયું. જેમાં વિકલ્પ પેસી શકે નહિ એવા નિબિડ-જામી ગયેલા જ્ઞાનરૂપ એટલે કે વિજ્ઞાનઘનરૂપ આત્માને અનુભવે છે. એવા પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યગ્પણે દેખાય છે ( અર્થાત્ શ્રદ્ધાય છે ). તે સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. તે જ ભગવાનના દર્શન છે—તે જ ઈશ્વરના દર્શન છે—તે જ પરમાત્માના દર્શન છે. તે વખતે જ આત્માના ખરા દર્શન

થાય છે, તે વખતે જ આત્મા ખરો શ્રદ્ધાય છે.

અનંત ગુણપર્યાયથી પરિપૂર્ણ તત્ત્વ છે તેને અધૂરા વિકારી ને પૂરા પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવું તે દ્રવ્યદૃષ્ટિ છે, તે જ યથાર્થદૃષ્ટિ છે. તે દૃષ્ટિ પૂર્વક મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વેપારને આત્મસન્મુખ કર્યો તે વ્યવહાર છે, પ્રયત્ન કરવો તે વ્યવહાર છે, સ્વ તરફ વળવું તે વ્યવહાર છે. ઇંદ્રિયો અને મન તરફ રોકાતું જ્ઞાન, ઓછા ઉઘાડવાળું જ્ઞાન; તે જ્ઞાનના વેપારને સ્વ તરફ વાળવો તે વ્યવહાર છે; સહજ શુદ્ધ-પારિણામિકસ્વભાવ એકરૂપ છે. પરિપૂર્ણ તત્ત્વમાં સાધ્યસાધકના ભંગ પડતા નથી. તત્ત્વ જો અપૂર્ણ હોય તો સાધ્યસાધકના ભંગ પડે, પણ તત્ત્વ તો પરિપૂર્ણ છે, છતાં પર્યાયમાં અધૂરાશ છે. વિકાર છે માટે પ્રયાસ કરવાનું રહે છે, સાધકઅવસ્થા રહે છે. પર્યાયદૃષ્ટિએ સાધ્ય-સાધકના ભંગ પણ પડે છે. પરિપૂર્ણ તત્ત્વદૃષ્ટિ થવા છતાં પણ પર્યાયમાં અધૂરાશ હોવાથી વચ્ચે સાધકઅવસ્થા આવ્યા વિના રહેતી નથી. પર્યાયદૃષ્ટિએ અધૂરાશ છે, વિકાર છે; તેને તત્ત્વદૃષ્ટિના જોરપૂર્વક ટાળીને નિર્મળ કરે છે અને અનુક્રમે પૂર્ણ નિર્મળતાને પ્રગટ કરે છે. યથાર્થદૃષ્ટિ થયા પછી સાધક અવસ્થા વચ્ચે આવ્યા વિના રહેતી નથી. આત્માનું ભાન કરીને સ્વભાવમાં એકાગ્ર થાય છે ત્યારે જ પરમાત્મારૂપ સમયસારને અનુભવે છે, આત્માના અપૂર્વ આનંદને અનુભવે છે, આનંદનાં ઝરણાં ઝરે છે.

કોઈ કહે કે આવો આનંદ થાય તો બહારથી ઊછળી જાય ને! અરે ભાઈ! આ કાંઈ સંસારના હર્ષની વાત નથી. આ તો અકષાય, નિરાકુળ આનંદની વાત છે. હર્ષ કરવો તે તો આકુળતા છે. આ તો સહજ આનંદની વાત છે, આ તો આત્માના સહજ આત્મસ્વભાવની વાત છે. આનંદની વાત આવે ત્યાં લોકોને એમ થાય કે કાંઈક બહારથી ઊછળી તો જાય ને! પણ અરે ભાઈ! આનંદ વેદું છું એવો વિકલ્પ પણ રાગ છે, આકુળતા છે. આનંદ તો સહજ વેદાય છે અને જાગૃતસ્વરૂપ જ્ઞાનમાં જણાય છે. જાગૃત આત્મા તેને જાણે છે–તેને વેદે છે. આત્માનું સુખ અંતરમાં છે; તે બહારમાં, રૂપી પદાર્થમાં ઇંદ્રિયોમાં કે શરીરમાં ઊછળી આવતું નથી. આત્માનો આનંદ આત્મામાં વેદાય છે, બહાર ઊછળીને આવતો નથી.

આત્મા જ્ઞાનઘન છે; તેનો નિશ્ચય ન થાય ત્યાં સુધી શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો અને નિશ્ચય થયા પછી એકાગ્રતાનો અભ્યાસ કરવો, એમ પ્રબળ પ્રયત્ન કરવાથી પરમાત્મારૂપ સમયસારના દર્શન થાય છે.

સાચાં દેવગુરુશાસ્ત્રનો નિર્ણય કરી, આત્મા શું છે તેનો નિર્ણય કરવો. મતિ-જ્ઞાન અને શ્રુતજ્ઞાનના પર્યાયના ભેદ પૂરતો આત્મા નથી પણ સામાન્ય જ્ઞાનમાત્ર–અખંડ

જ્ઞાનમાત્ર આત્મા છે. જ્ઞાતાપણે જાણવું તે જ આત્માનું સ્વરૂપ છે, પરનું કાંઈ પણ કરવું તે આત્માનું સ્વરૂપ જ નથી. પરનું કર્તાપણું જેણે સ્વીકાર્યું છે તેણે આત્માના સ્વભાવનો સાચો નિર્ણય કર્યો નથી. પરનો અકર્તા. સ્વભાવનો કર્તા, સ્વપર જ્ઞાયક એવા આત્માનો યથાર્થ નિર્ણય કર્યા પછી આગળ જઈ શકાય છે. દેવને જાણે, ગુરુને જાણે, ધર્મને જાણે, પુણ્ય-પાપના ભાવને જાણે, નવતત્ત્વમાંથી એકલો જુદા આત્માને જે જાણે તેણે આત્માનો સાચો નિશ્ચય કર્યો છે. એવો નિશ્ચય કર્યા પછી પ્રગટ અનુભવ કરવા માટે ઇંદ્રિય અને મનમાં પ્રવર્તતી બુદ્ધિને હદમાં લાવીને પછી આત્મસન્મુખ કરે. ખેદ વગેરેના જે ભાવો થતા હોય તેને પહેલાં મર્યાદામાં લાવે–હદમાં લાવે અને પછી જ્ઞાનને આત્મ સન્મુખ કરે. હું શુદ્ધ છું, હું અશુદ્ધ છું, હું બદ્ધ છું, હું અબદ્ધ છું એવા વિકલ્પોને છોડીને કેવળ એકલો આનંદમૂર્તિ આત્મા રહી ગયો તેને અનુભવે તે પરમાત્માના દર્શન છે, તે સમ્યગ્દર્શન છે. આ બારમા ગુણસ્થાનની વાત નથી આચાર્ય-દેવે ટીકામાં '**सम्यग्दृश्यते**' એમ શબ્દ મૂક્યો છે, માટે શ્રદ્ધાની વાત છે, ચોથા ગુણ-સ્થાનની વાત છે. જ્યારે પરમાત્મારૂપ સમયસારને આત્મા અનુભવે છે તે જ વખતે શ્રદ્ધાય છે. ત્યાર પછી બહાર લક્ષ આવે ત્યારે વિકલ્પ આવે છે; પરથી જુદા જ્ઞાયકનું ભાન રહે છે, શ્રદ્ધા રહે છે પણ ઉપયોગ આત્મામાં તદ્દન જામેલો હોતો નથી. આત્માના સ્વભાવમાં ઠરે છે ત્યારે પરમાત્મારૂપ આત્માને સાક્ષાત્ અનુભવે છે. આ વાડાનું સમ્યગ્દર્શન નથી. આ લુગડાનું સમ્યગ્દર્શન નથી પણ આ આત્માનું સમ્યગ્દર્શન છે. જેને ખરી જિજ્ઞાસા જાગી હોય અને જે પુરુષાર્થ કરે તે પ્રગટ કરી શકે છે.

૨૦૦૦, કારતક વદ ૦ ) શનિ.

જેને આત્માનું હિત કરવું હોય તેણે પ્રથમ આગમનો અભ્યાસ કરી આત્મ-સ્વભાવનો સાચો નિર્ણય કરવો. સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે તેનો સાચો નિર્ણય કરવો. સર્વજ્ઞ પરમાત્મા કોણ છે? તેમની વાણી કેવી છે તેનો નિશ્ચય કરવો. સાચા ગુરુ કેવા હોય? સાચાં શાસ્ત્ર કેવાં હોય તેનો નિર્ણય કરવો અને દેવગુરુશાસ્ત્રે કહેલા આત્મસ્વભાવનો નિર્ણય કરવો. સંસારમાં પણ પહેલાં પરીક્ષા કરે છે ને! ગમે તે માલ લેવા જાય ત્યાં પરીક્ષા કરીને માલ લે છે. ઝવેરાત, કાપડ વગેરે લેવામાં પરીક્ષા કરીને માલ લે છે. તેવી રીતે આત્માના સ્વભાવનો પણ યથાર્થ નિર્ણય કરવો પડશે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેવામાં આનંદ, બળ, સ્થિરતા વગેરે બધા ગુણો આવી જાય છે. *જ્ઞાનગુણ અને આત્માની અર્થાત્ ગુણ-ગુણીની અભેદદૃષ્ટિએ જુઓ તો જ્ઞાનમાત્ર આત્મા* કહેવામાં બધા ગુણો આવી જાય છે.

હું જ્ઞાનમાત્ર આત્મા છું એમ નિશ્ચય કરીને પછી સ્વસન્મુખ વળે છે. પાંચ

ઇંદ્રિય ને મન તરફ જે મતિજ્ઞાનનો વેપાર પ્રવર્તતો હતો તેને જ્ઞાનમાત્રમાં ભેળવી દે છે. પાંચ ઇંદ્રિય અને મન જ્યાંસુધી બાહ્યમાં કામ કરે છે ત્યાંસુધી રાગ છે. કાન દ્વારા શાસ્ત્રના શબ્દ સાંભળે, આંખ દ્વારા પ્રતિમાજીનાં દર્શન કરે-તે બધો ઇંદ્રિયનો વિષય છે, તે બધો રાગ છે; નિર્વિકલ્પ અનુભવ વખતે તે રાગ છૂટી જાય છે. બાહ્ય પદાર્થમાં જે લક્ષ છે તે છોડીને આત્મસન્મુખ વળવું, જ્ઞાન શબ્દ, રસ, રૂપ વગેરેને જ્ઞેય કરતું તેને સ્વ-જ્ઞેય તરફ વાળવું. ઇંદ્રિયથી જે બોધ થાય તે બોધને સ્વભાવસન્મુખ કરવો, ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય તે જ્ઞાનને જ્ઞાનમાત્રમાં મેળવવું, એકલો જ્ઞાનસ્વભાવ છે તેમાં લીન કરવું; તેવી રીતે શ્રુતજ્ઞાનને પણ સ્વભાવસન્મુખ કરવું. હું બદ્ધ છું કે અબદ્ધ છું ,શુદ્ધ છું કે અશુદ્ધ છું એવા વિકલ્પમાં રોકાવું તે રાગ છે; એ વિકલ્પ મટાડીને શ્રુતજ્ઞાનને પોતા તરફ વાળવું, પોતામાં લીન થવું, પોતામાં લીન થતાં બધા વિકલ્પ છૂટી જાય છે અને અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ થાય છે, નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે. આ ધર્મ છે. આ ધર્મનો ઉપાય છે. આ સિવાયનાં જે વ્રત ને ચારિત્ર તે બધાં બાળવ્રત, બાળતપ ને બાળચારિત્ર છે–તે બધી બાળચાલ છે.

સંસારમાં જીવો દુઃખને વેદી રહ્યા છે. જો સુખ હોય તો પર પદાર્થની ઇચ્છા માત્ર ન હોય; જો આનંદ પ્રગટ હોય તો પરની ઇચ્છા જ ન થાય, સુખની ઇચ્છા થાય થાય છે માટે તે દુઃખી છે. વાસ્તવિક સુખ આત્મામાં છે. તે પ્રગટતાં દુઃખ ટળે છે. પ્રથમ આત્મસ્વભાવનો નિર્ણય કરી પછી તેમાં લીન થાય તો આત્માનો અપૂર્વ આનંદ અનુભવાય. માટે જો સુખ જોઈતું હોય તો પુરુષાર્થ કરી, વિકલ્પ તોડી, આત્મામાં લીન થવું–તેનાથી અપૂર્વ આનંદ અનુભવાશે. તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સમયસાર છે. સમ્યગ્દર્શન ગુણ આત્માનો જ છે માટે આત્મામાં હોય, બહાર ન હોય. સમ્યગ્દર્શન વાડામાં નથી લુગડાંમાં નથી પરંતુ આત્મામાં છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જુદી ચીજ નથી. સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો કેવો સરસ ઉપાય અહીં બતાવ્યો છે ! આ જ પ્રથમ ઉપાય છે.

જુવાન કે વરડા–બધાએ કરવા જેવું તો આ જ છે. સત્ય શરણ આ જ છે, બીજું કાંઈ શરણ નથી. હું જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કરી, તેમાં ઠરવું, ઠરીને આત્માનો અનુભવ કરવો તે જ મોક્ષનો ઉપાય છે; બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી. આટલી ભક્તિ કરવી કે આટલી દયા પાળવી તે મોક્ષનો ઉપાય છે તેમ આચાર્યદેવે કહ્યું નથી; પણ સાચી પ્રતીત કરીને તેમાં ઠરવું તેને મોક્ષનો ઉપાય આચાર્યદેવે કહ્યો છે. સાચું સમજ્યા પછી, સમ્યગ્જ્ઞાન થયા પછી, અધૂરો છે ત્યાં સુધી શુભ પરિણામ આવશે, તે ભક્તિ પણ કરશે, દયા, દાન, પૂજા, ભક્તિના પરિણામ આવશે, પણ તે

મોક્ષનો ઉપાય નથી. વચ્ચે આવે છે ખરા, પરંતુ તે આગળ જવાનો માર્ગ નથી. સાચાં જ્ઞાન વગર આત્મા જવાબ નહિ આપે. સાચું સ્વરૂપ સમજ્યા વગર ભવનાં બંધનની બેડી નહિ તૂટે. કદાચ પુણ્યપરિણામ કરશે તો ક્રોડાધિપતિના ઘરે જન્મશે. પરંતુ તેમાં શું વળ્યું ! તે બધું ધૂળધાણી ને વા-પાણી છે. તેથી કાંઈ ભવનાં બંધનનો અભાવ ન થયો. ભવનાં બંધનનો અભાવ તો સાચા સ્વરૂપની પ્રતીત કરીને તેમાં સ્થિરતા કરે તો જ થાય, અને તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. તે સિવાય બીજું કોઇ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

(શાર્દૂલવિક્રીડિત)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम् ।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंचनैकोऽप्ययम् ॥ ९३ ॥

અર્થ:—નયોના પક્ષો રહિત, અચળ નિર્વિકલ્પભાવને પામતો જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે તે આ સમયસાર (શુદ્ધ આત્મા)-કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે (આસ્વાદ લેવાય છે. અનુભવાય છે) તે-વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન છે, પવિત્ર પુરાણ પુરુષ છે; જ્ઞાન કહો કે દર્શન કહો તે આ (સમયસાર) જ છે; અથવા વધારે શું કહીએ ? જે કાંઈ છે તે આ એક જ છે (-માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે).

જુઓ તો ખરા ! આ કળશ કેટલો ઊંચો છે ! કેટલો સરસ છે ! આ તો હજી નીચલી દશાની વાત છે, ધર્મની શરૂઆતવાળાની આ વાત છે, ચોથી ભૂમિકાવાળાની આ વાત છે. જે માણસોએ ખરું તત્ત્વ ન સાંભળ્યું હોય તેને આ એલ. એલ. બી. ની વાત છે એમ લાગે, પણ ભાઈ ! તને તારી મહિમા બેઠી નથી, તારું માહાત્મ્ય તને આવ્યું નથી તેથી એમ લાગે છે.

પ્રશ્ન:— પોતાનું માહાત્મ્ય પોતે કરે કે ભગવાનનું માહાત્મ્ય પોતે કરે ?

ઉત્તર:— ખરી રીતે પોતે પોતાના સ્વભાવનું માહાત્મ્ય કરે છે. ભગવાનનું માહાત્મ્ય કરે છે તેમ કહેવું તે વ્યવહાર છે, શુભરાગ આવે છે તેથી સાચાં નિમિત્ત ઉપર આરોપ કરીને માહાત્મ્ય કરે છે માટે ભગવાનનું માહાત્મ્ય કરે છે તેમ કહેવાય છે; પરંતુ જેને આત્માનું માહાત્મ્ય હોય તેને જ ખરું ભગવાનનું માહાત્મ્ય આવે.

પોતાના આત્માનું માહાત્મ્ય-મહિમા જેને લાગી છે, અને આત્માની પૂર્ણતાની ધગશ જેને લાગી છે તેને જ પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ આવે છે, બહુમાન અને અંતરથી ઉછાળો તેને જ આવે છે.

જીવોને પોતાનું માહાત્મ્ય જ આવતું નથી, પોતાને સારું મકાન હોય તો એનું માહાત્મ્ય એને આવે, બીજાને પણ તે મકાન માહાત્મ્યથી દેખાડે, ઘરે સારી ઘોડી હોય તો બીજાને દેખાડે, મકાનમાં પૂતળિયું ચીતરી હોય તો તે પણ બીજાને દેખાડે. અરે ભાઈ! તે ધૂળના ચિત્રનું તને માહાત્મ્ય! પણ તારું ચિત્ર અંદર કેવું છે એનું કાંઈ માહાત્મ્ય છે કે નહિ? પોતાના ચૈતન્યભગવાનનું પોતાને માહાત્મ્ય ન આવે ત્યાંસુધી કોઈ રીતે કલ્યાણ થાય એમ નથી.

અહીં આ કળશમાં કહે છે કે શુદ્ધ, અશુદ્ધ, બદ્ધ, અબદ્ધ, નિર્મળ, સમળ વગેરે નયોના વિકલ્પો પડે છે, તેનાથી રહિત, અચળ-ન ચળે એવો, અસંખ્યપ્રદેશી. ચૈતન્યમૂર્તિ આનંદઘન આત્મા, નિર્વિકલ્પ ભાવને પામતો જે સમયનો સાર તેને પ્રકાશે છે. રાગ-દ્વેષના વિકલ્પો છે તે આત્માનો સાર નથી. શુભાશુભ વિકલ્પ રહિત, આકુળતા રહિત, નિર્વિકલ્પસ્વરૂપ, અમૃત આનંદમય આત્માને અનુભવવો તે સમયનો સાર પ્રકાશે છે. તે સમયનો સાર કેવા પુરુષો વડે આસ્વાદ્યમાન છે? નિશ્ચળ, આત્મલીન પુરુષો વડે આસ્વાદ્યમાન છે, અચંચળ પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે, ધીર પુરુષો વડે તે આસ્વાદ્યમાન છે. તે અનુભવ કોનઃ વશે થાય? જે સ્વરૂપમાં સ્થિર છે ને ધીર છે તેવા પુરુષોને વશે આત્મસ્વરૂપ આસ્વાદ્યમાન છે.

જેમ કોઈ લાંબા સુતરના દોરાની ગાંઠ પડી ગઈ હોય, તે ગાંઠને કાઢવા માટે કેટલું ધીરું થવું જોઈએ; તેમ અનંતકાળની ભ્રાંતિની ગાંઠ કાઢવા માટે તો ઘણી ઘણી ધીરજ જોઈએ. અનંતગુણપર્યાયનો પિંડ આત્મા ધીર પુરુષો વડે અનુભવાય છે. જેમ કોઈ ઊંચા હીરાનો દીવો ગમે તેવા પવનના ઝપાટા હોય તોપણ હલે નહિ, તેમ ગમે તેવા બહારના સંયોગ હોય તોપણ ચળે નહિ એવા અચળ, આત્મલીન પુરુષો વડે આત્મરસ આસ્વાદ્યમાન છે. આ વિજ્ઞાન જ એક જેનો રસ છે, અચિંત્યને અપૂર્વ જેનો આત્મરસ છે-એવો ભગવાન આત્મા છે, તે પવિત્ર પુરાણ પુરુષ છે, જુનામાં જુનો છે, નવો નથી પ્રગટતો; એને જ્ઞાન કહો, દર્શન કહો, ચારિત્ર કહો, સત્ કહો, શાંતિ કહો, આનંદ કહો તે આ સમયસાર જ છે. જેમ સોનાને પીળું કહો, ચીકણું કહો, સુંવાળું કહો, વજનદાર કહો-જે કાંઈ કહો તે સોનું જ છે, તેમ આત્માના સંવેદનમાં આચાર્યપદ કહો, ઉપાધ્યાયપદ કહો, મુનિપદ કહો, સમ્યક્પદ કહો-જે કાંઈ કહો તે આ એક જ છે, ચારિત્ર તો એ છે, આરાધના તો એ છે, સમાધિમરણ તો એ

છે, વીર્ય તો એ છે, અસ્તિત્વ તો એ છે, વસ્તુત્વ તો એ છે, દ્રવ્યત્વ તો એ છે, સિદ્ધ ને અરિહંતપદ પણ એ જ છે.

વિકલ્પને પદ ન કહેવાય; વિકલ્પને અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ન કહેવાય; વિકલ્પને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ન કહેવાય. સ્વરૂપ અનુભવમાં જ આ બધાં પદ આવે છે. અનુભવ સિવાય આ પદ શું ક્યાંય બહાર હશે? બહારથી પદ અપાય છે તે વ્યવહાર છે, પરમાર્થે આમાં જ બધાં પદ સમાઈ જાય છે. અનુભવ અંશે અંશે પૂર્ણતા સુધી વધે ખરો, બાકી બધાં પદમાં અનુભવ તો આ જ, વધારે શું કહીએ? જે કાંઈ છે તે આ જ છે, તેને સ્વભાવ કહો, અનુભવ કહો, સાક્ષાત્કાર કહો કે પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કહો—જે કાંઈ કહો તે બધું આ જ છે. વધારે શું કહીએ? જે કાંઈ કહો તે એક જ છે, માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે.

હવે વિશેષ કહે છે કે પ્રાપ્તિની પ્રાપ્તિ છે, કાંઈ અપ્રાપ્તની પ્રાપ્તિ નથી. સત્ તો છે જ પણ તેનું લક્ષ ખસી ગયું હતું, સ્વભાવમાંથી ખસ્યો હતો, માન્યતાનું પલટન થયું હતું, તે જ્ઞાનમાં આવી મળે છે; ભૂલ પહેલી થઈ હતી તેને ટાળીને ઉપયોગ આત્મા સાથે મળે છે; વસ્તુ તો જેમ છે તેમ છે પણ પર્યાય સ્વભાવમાં આવી મળે છે.

આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે :—

(શાર્દૂલવિક્રીત)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् ।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्मा हरन् ।
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत् ॥ ९४ ॥

અર્થ :—જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગદ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈ ને, પોતાના સમૂહમાં આવી મળે; તેવી રીતે આ આત્મા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો તેને દૂરથી જ વિવેકરૂપી ઢાળ-વાળા માર્ગદ્વારા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો; કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે

આત્મા, આત્માને આત્મામાં ખેંચતો થકો ( અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને ), સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.

આચાર્યદેવ હવે દૃષ્ટાંત આપે છે. જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું એટલે કે પાણીના પ્રવાહનો એક વેળો ક્યાંક આડો-અવળો નીકળી ગયો, પછી તે ગહન વનમાં ફર્યા કરે, અને જો ઢાળવાળો માર્ગ મળી જાય તો ઢાળવાળા માર્ગમાં ચાલ્યો જાય અને પાણીમાં જઈને મળે. દૂરથી જ ઢાળવાળા માર્ગમાં બળથી જ વાળવામાં આવે એટલે કે ઢાળવાળો માર્ગ હોય તેમાં જરીક લીટોડો કરે તો જાય પાણી પાણીમાં, પાણી પાણીના બળે, પાણીને, પાણીના સમૂહ તરફ ખેંચતું પાણીમાં જઈને મળે છે. ઢાળવાળા માર્ગમાં પાણી ઢળે પછી તો પાછળનું પાણી વેગ આપે એટલે કે ધક્કો આપે તેથી પાણી પ્રવાહરૂપ થઈને પાણીમાં જઈને મળે; એવી રીતે આત્મા વિજ્ઞાનઘનથી ચ્યુત થયો છે અને વિકલ્પ જાળના ગહન વનમાં ભમે છે. એમ કહીને આચાર્યદેવ એમ કહે છે કે આત્મા તદ્દન શુદ્ધ નથી, અવસ્થામાં ભૂલ થઈ છે, જો અવસ્થામાં ભૂલ ન હોય તો આ સંસાર કોનો ? જો અવસ્થામાં ભૂલ ન હોય તો અવસ્થામાં મલિનતા હોય જ શેની ? માટે આત્માએ ભૂલ કરી હતી તેથી ટાળીને પાછો ફરે છે. આત્માનો સ્વભાવ તો જ્ઞાન-આનંદનો કંદ છે. વિકલ્પજાળ તે આત્માનો સ્વભાવ છે નહિ, આત્મા તો વિજ્ઞાનઘન છે, અરૂપી જ્ઞાન-આનંદની મૂર્તિ છે. એવા સ્વભાવથી ચ્યુત થઈને, ભ્રાંતિમાં અને રાગ-દ્વેષની લાગણીઓમાં ભમે છે, શરીર તે હું, ઇંદ્રિયો તે હું, શુભાશુભ વિકલ્પો તે હું, એમ ભ્રાંતિ વડે વિકલ્પજાળના ગહન વનમાં ભમ્યા કરે છે, પ્રચુર વિકલ્પજાળમાં દૂર ભમ્યા કરે છે.

છોકરાંનું કરી દઉં, કુટુંબનું કરી દઉં, ફલાણાનું કરી દઉં એમ અજ્ઞાની માને છે, પણ પરનું કાંઈ કરી શકતો નથી અને મફતનો અભિમાન કર્યા કરે છે; ગમે તેટલા ગોળીટા ખાય તોય વિકલ્પમાંથી ખસતો નથી. કરોળિયો જેમ જાળમાં ગૂંચાય છે તેમ આ તૃષ્ણાના કોકડાંની જાળમાં ગૂંચાય છે. પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયેલો પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો. જેમ પાણી પોતાનું ક્ષેત્ર મૂકીને દૂર ગયું હતું તેમ આત્મા પોતાનું ક્ષેત્ર મૂકીને દૂર ગયો નથી પણ સ્વભાવથી વેગળો ગયો છે, નયના વિકલ્પમાં, પુણ્ય-પાપના વિકલ્પમાં દૂર ભમે છે. અનંતા ભવ કીડા-મકોડા-નારકી-દેવ વગેરેના કર્યા તોપણ વિકલ્પજાળનો અંત ન આવ્યો, મનુષ્યભવમાં આવ્યો પણ જો આત્માનું ભાન ન કર્યું તો આખી જિંદગી જાય તોપણ વિકલ્પનો અંત આવતો નથી, વિકલ્પજાળ તૂટતી નથી પણ જ્યાં સ્વ-પરનો વિવેક કર્યો ત્યાં સ્વરૂપમાં જઈ મળે છે અને વિકલ્પજાળ તૂટી જાય છે.

દૂરથી જ વિવેક કર્યો એટલે કે તે વિકલ્પોમાં ભળ્યો નહિ, વિકલ્પ છે ખરા પણ સ્વથી પર એવા વિકલ્પનું ભેદજ્ઞાન કરી વિકલ્પને ગૌણ કર્યા. હું શુદ્ધ છું, જ્ઞાયક છું, આનંદઘન છું એમ સ્વ-પરનો વિવેક કરી પોતા તરફ વળ્યો, વિકલ્પથી દૂરથી જ પાછો વળ્યો.

વિવેક કર્યો એટલે કે પોતાને પકડ્યો; પણ હજી સ્થિરતા થઈ નથી, સમ્યગ્જ્ઞાન થયું છે. શરૂઆતમાં આગમનું જ્ઞાન કરતો હતો ત્યારથી વિવેક પ્રગટ કરવાનો પ્રયત્ન કરવા માંડયો છે. પ્રથમથી જ વિવેક પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો તે માર્ગ છે. પ્રયત્ન દ્વારા યથાર્થ વિવેક પ્રગટ કરી વિકલ્પના ગહન વનમાં રોકાણો હતો તેને, હું જ્ઞાનસ્વરૂપ છું, પરથી જુદો છું, પરથી જુદો છું એમ પરથી જુદો પાડવાના, ઢાળવાળા માર્ગમાં વાળે છે, બળથી પોતામાં વિવેક કરી વાળે છે, 'બળથી' એમ કહેતાં તારા પુરુષાર્થથી કામ થાય છે તેમ આચાર્યદેવ કહે છે.

અહીં પાણીનો દાખલો લાગુ પડે છે; પાણી પત્થરોને તોડી નાખે છે તેમ સમ્યગ્જ્ઞાન ભાવકર્મ ને દ્રવ્યકર્મરૂપી પત્થરને તોડી નાખે છે, પાણીનો પ્રવાહ છે તેમ જ્ઞાનનો પ્રવાહ છે, પાણીનો પ્રવાહ જેમ વાળી શકાય છે તેને જ્ઞાનનો પ્રવાહ પણ ફેરવી શકાય છે.

વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો એટલે કે તારા પુરુષાર્થથી તું જ્ઞાનસ્વભાવ તરફ વળ્યો, જ્ઞાનસ્વભાવમાં ભળ્યો, જ્ઞાનસ્વભાવરૂપ થયો. તારા પુરુષાર્થ વગર કોઈ પણ તને વિજ્ઞાનરસનો સ્વાદ આપે તેમ નથી, જ્ઞાનની દિશા તારા સ્વભાવસન્મુખ કર તો તારો સ્વાદ તને અનુભવાશે.

વિજ્ઞાનઘનના રસીલાને વિજ્ઞાનઘનમાં જ શાંતિ છે, તેમાં જ રસ છે, તેમાં જ લીનતા થાય છે, તે તેનો જ અનુભવ કરે છે અને તેનો જ પ્રયત્ન કરે છે. એવો આત્મા આત્માને આત્મામાં ખેંચતો થકો (અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું, પ્રવાહરૂપ થઈને), સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.

જેને મૂડી ન હોય તે પ્રથમ તો કુંડામાં વેપાર કરે, કુંડામાં દાળિયા અને મમરા રાખે અને તેનો વેપાર કરે એવો વેપાર કરતાં કરતાં બાર મહિને બસો વધે એમ વધતાં વધતાં મૂડી થાય, પછી તે મૂડી મૂડીને વધારે, એવી રીતે પહેલાં આગમ દ્વારા અને શ્રીગુરુના ઉપદેશ દ્વારા વિવેક પ્રગટ કરવાનો પ્રયત્ન કરે, પ્રયત્ન કરતાં કરતાં વિવેક પ્રગટ થાય; વિવેક પ્રગટ થતાં જ્ઞાન, વિકલ્પ અને હું બન્ને જુદા છીએ એમ ભેદજ્ઞાન કરીને, વિકલ્પને ગૌણ કરીને આ મારું નહિ, મારું નહિ એમ નકાર કરતું બળથી

જ્ઞાન ઉપયોગને પોતા તરફ વાળે છે. પ્રથમ તો પુરુષાર્થ કરીને બળથી પોતા તરફ વાળે છે, પછી તો વેગ આત્મા તરફ જામ્યો એટલે આત્મા આત્માને આત્મામાં ખેંચતો થકો આત્મામાં આવી મળે છે, પછી તો મૂડી મૂડીને વધારે તેમ આત્મામાં જામ્યો ત્યાં નિજ સ્વરૂપનો ભોગવટો કરે છે અને બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે. એ રીતે સાધકદશા વધતાં વધતાં વીતરાગ થતા સુધી સ્થિરતા વધતી જાય છે, પછી તો મૂડી મૂડીને વધારે છે.

શરૂઆતમાં નાનો વેપાર કરે એટલે કે આગમદ્વારા અને શ્રી ગુરુના ઉપદેશ દ્વારા વિવેક પ્રગટ કરવાનો પ્રયત્ન કરે અને વિવેક પ્રગટ થયા પછી તો મૂડીથી મૂડી વધતી જ જાય છે.

પુરુષાર્થ દ્વારા યથાર્થ વિવેક, યથાર્થ પ્રતીત પ્રગટ કરીને આ સત્ તે હું, આ અસ્તિ તે હું, આ જ્ઞાન તે હું છું; આ વિકલ્પ તે હું નહિ, આ રાગ તે હું નહિ, આ આકુળતા તે હું નહિ. એમ નકાર કરતો, સ્વભાવમાં પરની નાસ્તિ સ્વીકારતો અને પોતાના સત્ સ્વરૂપમાં પોતાની અસ્તિ સ્વીકારતો ઢાળવાળા માર્ગમાં જ્ઞાન જ્ઞાનને ખેંચતું જ્ઞાનમાં આવી મળે છે.

જેમ પાણીને ઢાળ મળ્યો એટલે દોડયું, આગળનું પાણી ખેંચે અને પાછળનું પાણી તેને ધકેલે અને ઢાળથી દોડે ત્યારે પાણી પાણીમાં મળી જાય છે એમ આત્મામાં ઢાળવાળો માર્ગ (એટલે નીચો નહિ પણ ઢાળ એટલે સીધો રસ્તો, વિવેકરૂપી ઢાળ અહીં લીધો છે) એટલે કે વિવેકનો સીધો રસ્તો થઈ ગયો, વિવેકીજ્ઞાન સ્થિર થતું એટલે કે જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને સદા વિજ્ઞાનઘન સ્વભાવમાં આવી મળે છે.

સ્વભાવ તરફ નમતો, સ્વભાવનું બહુમાન કરતો, સ્વભાવ તરફ ઢળતો, પરથી ભેદજ્ઞાન કરતો, સ્વપરનો વિવેક કરતો-સ્વપરની વહેંચણી કરતો જ્ઞાન ઉપયોગ ભગવાન આત્મામાં આવી મળે છે, વધતો વધતો સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં પૂર્ણ થાય છે.

આચાર્યદેવે અહીં એવી કોઈ શૈલિથી રચના કરી છે કે પ્રથમ આગમજ્ઞાન કર. પછી જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ નિશ્ચય કર, પછી અનુભવ કર એવો ક્રમ આમાં મૂકયો છે. જુઓ, આમાં 'કાળ નડે છે, કર્મ નડે છે' વગેરે કાંઈ ન આવ્યું એકલો પુરુષાર્થ જ આવ્યો.

આત્મા પરના માહાત્મયથી મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળ્યો, વિકલ્પોના માર્ગમાં ભ્રમણ કરતો તેને, ત્યાંથી જુદા પાડવાના વિવેકવાળા માર્ગદ્વારા

પોતે પોતાને ખેંચતો, રાગનું સંગઠન તોડતો, પોતે જ પોતાના સ્વભાવદ્વારા સ્વભાવમાં સ્થિરતા કરતો વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે, પોતે વિજ્ઞાનઘન થાય છે ત્યાં વિકલ્પ છૂટી જાય છે.

૨૦૦૦, માગશર સુદ ૧ રવિ.

હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્તસ્વરૂપ કહે છે:—

(અનુષ્ટુપ્)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम् ।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति ॥ ९५ ॥

અર્થ:—વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને વિકલ્પ જ કેવળ કર્મ છે (બીજાં કોઈ કર્તા-કર્મ નથી); જે જીવ વિકલ્પ સહિત છે તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.

આ શરીરની, વાણીની ક્રિયા મારાથી થાય છે, શુભાશુભ વિકલ્પનો કરનારો હું છું એમ જે માને છે તે જ કર્તા છે, તે જ તેનો કર્તા થાય છે અને જે શુભાશુભ લાગણી થઈ તે તેનું કર્મ છે. તે જ કર્તા-કર્મપણું છે, બીજું કોઈ કર્તા-કર્મપણું છે નહિ.

કર્તા એટલે થનારો અને થયું તે તેનું કર્મ. રાગ-દ્વેષ સારું કર્તવ્ય છે એમ માનીને જે અટકે છે તે તેનો થનારો થાય છે એટલે કે કર્તા થાય છે અને રાગ-દ્વેષ એનું કર્તવ્ય થાય છે, તેમાંથી તેને ચોરાશીના અવતાર ફળે છે પણ ધર્મ ફળતો નથી.

અજ્ઞાની કહે છે કે હું શરીરને સારું કરી દઉં છું, શરીરને રાખી દઉં છું, અરે! આમ કર્યું હોત તો બહુ સારું થઈ જાત, અરે! તમે મારું માન્યું હોત તો બહુ સરેડે ચડી જાત, પણ અરે ભાઈ! તું ગમે તેટલું કર તોપણ સરેડે ચડવાનું હોય તે ચડે, તે તારા હાથની વાત નથી. કોઈનાથી કોઈ અન્યનું થાય છે એમ માનનાર તે અજ્ઞાની છે. જે પરમાણુની જે અવસ્થા જે ટાણે થવાની છે તે થયા વગર રહેશે નહિ, પરંતુ અજ્ઞાની માને છે કે આ મારાથી થાય છે.

વિકલ્પનો કર્તા અજ્ઞાની થાય છે અને વિકલ્પ તેનું કાર્ય થાય છે. શરીરનું, આબરૂનું, પૈસાનું, મકાનનું કોઈ પરદ્રવ્યનું આત્મા કાંઈ કરી શકતો નથી. અજ્ઞાની ઊંધી માન્યતાથી માને છે કે હું પરનું કરી શકું છું એવું માનનારની જિંદગી નકામી છે, તેનાં બધાં વરસ નકામાં છે. આત્માનો તો જાણવું ને જોવું સ્વભાવ છે. એકલા જ્ઞાનસ્વભાવમાં કરવું, મૂકવું એવું કર્તવ્ય કાંઈ આવતું નથી, એકલા સાક્ષીસ્વભાવમાં શું આવે? કાંઈ ન આવે; એકલું સાક્ષીપણું જ આવે. અજ્ઞાની એમ માને છે કે

ફલાણાનું આમ કર્યું હોત તો આમ થઈ જાત, બે દિવસ પહેલાં આવ્યો હોત તો તારા પચાશ હજાર અપાવી દેત, પણ કોઈનો ભાર છે કે એક પાઈ પણ કોઈને અપાવી શકાય! માટે કોઈનું કોઈ અન્ય કાંઈ કરી શકતું નથી. પાઠમાં કહ્યું છે કે જ્યાંસુધી વિકલ્પ ભાવ છે ત્યાંસુધી કર્તાકર્મ ભાવ છે, તે વિકલ્પ અજ્ઞાનભાવ સહિતનો લેવો.

જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે--એમ હવે કહે છે:—

( રથોદ્ધતા )

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेति केवलम् ।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित् ॥ ९६ ॥

અર્થ :— જે કરે છે તે કેવળ કરે જ છે અને જે જાણે છે તે કેવળ જાણે જ છે; જે કરે છે તે કદી જાણતો નથી અને જે જાણે છે તે કદી કરતો નથી.

કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા;
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ.

(સમયસાર નાટક, કર્તાકર્મ ક્રિયાદ્વાર ૩૩.)

અજ્ઞાનભાવે આત્મા કર્તા થાય છે અને જ્ઞાનભાવે આત્મા જાણે છે. જે કરનારો છે તે જ્ઞાતા નથી અને જે જ્ઞાતા છે તે કરનારો નથી. શરીરનું, કુટુંબનું, મકાનનું વગેરેનું હું કરી દઉં છું એમ માનનારો કર્તા જ છે ને તે એકલો અજ્ઞાનભાવ છે, જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય છે છતાં તે જ્ઞાતા જ છે, કર્તા નથી. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં કર્તાપણું છે જ નહિ, અલ્પ રાગ-દ્વેષ થાય છતાં તે કર્તા નથી, માત્ર જ્ઞાતા જ છે.

જ્ઞાનીએ કિંચિત્ માત્ર પણ શરીરાદિ જડનું અને રાગ વગેરેનું કર્યું નથી, માત્ર જાણનાર જ રહે છે. કિંચિત્ માત્ર પણ પરનો કર્તા થાય તો તે જાણતો નથી અને જાણનારો છે તે એક અંશ પણ પરનો કર્તા થતો નથી, માત્ર જાણનાર જ રહે છે. એક અંશ પણ પરનો કર્તા થનાર માત્ર કર્તા જ છે કેમ કે જાણનારો જુદો રહેતો નથી. કોઈ દિવસ પણ જડની ક્રિયા મારાથી થઈ એમ જ્ઞાનીને કયારેય પણ ભાસતું નથી, સ્વપ્ને પણ ભાસતું નથી. જ્ઞાની રાગનો કર્તા થતો નથી પણ પુરુષાર્થની મંદતાએ અસ્થિરતા થઈ જાય છે, વિકારમાં જોડાઈ જવાય છે પરંતુ જ્ઞાની તો જ્ઞાનનો જ કર્તા છે, વિકારનો કર્તા તો કદી પણ થતો જ નથી.

જે કરે છે એને કર્તા જ ભાસે છે પણ હું જુદો છું તેમ ભાસતું નથી. ચાલવાની, બોલવાની, સંસ્થા ચલાવવાની, રંખાપાની, આંગળી ઊંચી કરવાની વગેરે પર પદાર્થની ક્રિયા મારાથી થાય છે એમ માને તે કર્તા છે, કારણ કે પર પદાર્થની ક્રિયા ત્રણકાળ ત્રણલોકમાં કોઈ કરી શકતું જ નથી. જે કર્તા છે તે કર્તા જ છે, જે જાણનાર છે તેને કરવાનો કાંઈ પણ અભિપ્રાય નથી, તે તો બધા પ્રસંગોમાં જાણનાર જ રહે છે.

એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે એમ હવે કહે છે:—

( ઇંદ્રવજ્રા )

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः ।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च ॥ ९७ ॥

અર્થ:—કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી અને જાણવા-રૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી; માટે જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ'ક્રિયા બન્ને ભિન્ન છે; અને તેથી એમ ઠર્યું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી.

કરવારૂપ ક્રિયાની અંદર જાણવાની ક્રિયા ભાસતી નથી. અને જાણવારૂપ ક્રિયાની અંદર કરવારૂપ ક્રિયા ભાસતી નથી. અજ્ઞાનભાવમાં હું પરનું કરું છું તેમ ભાસે છે પણ હું જાણનાર છું, કર્તા નથી તેમ જુદાપણું રહેતું નથી અને તેથી જુદાપણું ભાસતું પણ નથી. કરવારૂપ ક્રિયામાં જ્યાં હોય ત્યાં કર્તાપણું ભાસે છે. પુણ્યની–પાપની, હિંસાની–દયાની જેટલી જેટલી લાગણી થાય તે બધાનો હું કર્તા છું અને તે મારું કામ છે એમ અજ્ઞાનીને ભાસે છે, જ્ઞાતાની ખબર નથી તેથી કરવારૂપ ક્રિયામાં એકમેક થયો તેને જાણવારૂપ ક્રિયા ભાસતી નથી. જ્ઞાનીને શરીરની ક્રિયા, રાગની ક્રિયા થાય ખરી પણ તેનાથી હું જુદો જાણનાર છું; તેવું જુદાપણાનું તેને ભાન રહે છે તેથી તે જાણનાર છે પણ કર્તા નથી. જે ક્ષણે રાગની અને શરીરાદિની ક્રિયા થાય છે તે ક્ષણે જ જુદો રહે છે, જાણનાર રહે છે પરંતુ કર્તા થતો નથી.

જાણનાર જાણનારમાં એકાગ્ર થયો તે તેની જ્ઞપ્તિક્રિયા છે. શુદ્ધ ચિદાનંદ આત્મા છું તેવી પ્રતીત કરી અને તેનું જ્ઞાન કરી તેમાં એકાગ્ર થયો તે જ્ઞાનક્રિયા છે–તે જ્ઞપ્તિક્રિયા છે. તે જ્ઞપ્તિક્રિયામાં મેં પૂજા કરી, ભક્તિ કરી, વ્રત કર્યાં તેવું કર્તાપણું ભાસતું નથી, તેની ક્રિયા મેં કરી તેમ ભાસતું નથી. જ્ઞાનનું જ્ઞાન કર્યું એટલે કે જ્ઞાતાનું જ્ઞાન કર્યું,

પૂજા-ભક્તિનો, વ્રતાદિનો જે જે વિકલ્પ આવે તેનું જ્ઞાન કર્યું. પૂજા-ભક્તિનાં જે જે નિમિત્ત આવે તેનું જ્ઞાન કર્યું, એમ બધાનું જ્ઞાન કર્યું, પણ નિમિત્તનું કાંઈ કરી શકું છું તેમ ભાસતું નથી પણ માત્ર જ્ઞાનની જ ક્રિયા ભાસે છે.

જાણવાની ક્રિયામાં પરનું હું કરી શકું છું તેમ ભેગું ભાસતું નથી. જડનું તો કરી શકતો નથી પણ રાગનું પણ કરી શકતો નથી. જડનું તો હું કદી કરી શકતો નથી પણ રાગનું હું કરી શકું છું એમ જ્ઞાનીને ભાસતું નથી. જડનું તો કરી શકતો નથી પરંતુ રાગનું પણ કરી શકતો નથી એમ જ્ઞાનીને ભાસે છે. આ ધર્મી અને અધર્મીની ક્રિયાની વાત છે. ધ ર્મીની જ્ઞપ્તિક્રિયા છે અને અધર્મીની કરોતિક્રિયા છે, બન્ને ક્રિયા ભિન્ન છે. અજ્ઞાનીને પરનું હું કરી શકું છું એવી કરોતિક્રિયા છે; તે કરોતિક્રિયામાં જ્ઞાનક્રિયા ભાસતી નથી અને જ્ઞાનીને જ્ઞાનની એકાગ્ર ક્રિયામાં-જ્ઞપ્તિક્રિયામાં કરોતિક્રિયા ભાસતી નથી. "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ" કહેવાય છે ત્યાં જ્ઞાન અંદરનું ને ક્રિયા બહારની એમ સમજવાનું નથી, પરંતુ જ્ઞાન અંદરનું તો ક્રિયા પણ અંદરની જ હોય એ 'જ્ઞાનક્રિયાભ્યાં'નો અર્થ છે.

'હું પરદ્રવ્યને કરું છું' એમ જ્યારે આત્મા પરિણમે છે ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમનક્રિયા કરતો હોવાથી અર્થાત્ 'કરોતિ' ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે અને જ્યારે 'હું પરદ્રવ્યને જાણું છું' એમ પરિણમે છે ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી અર્થાત્ જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી જ્ઞાતા જ છે. આ અંતરપરિણમનની વાત છે. જ્યારે કર્તાપણાનું પરિણમન હોય ત્યારે જ્ઞાતાપણું ભાસતું નથી અને જ્યારે જ્ઞાતાપણાનું પરિણમન હોય ત્યારે કર્તાપણું ભાસતું નથી. શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, રાગની અવસ્થા હું કરું છું, હું બોલું છું, હું ખાઉં છું, હું પીઉં છું એમ અંદર ભાસે છે ત્યારે હું જાણું છું, જાણું છું એમ ભાસતું નથી તે અજ્ઞાનીની કરોતિક્રિયા છે. પુણ્ય-પાપ રહિત જાણનારમાં એકાગ્ર હોય, જાણનારમાં નિર્મળ પરિણતિ હોય, જાણનારની જાણનારમાં નિર્મળ પરિણતિ હોય ત્યારે તે જ્ઞપ્તિક્રિયા છે. આ સાધકની વાત છે, કેવળીની વાત નથી. હું જાણું છું, હું જાણું છું એમ પરિણમે છે તે જ્ઞપ્તિક્રિયા છે અને અજ્ઞાની હું કરું છું, હું કરું છું, હું કરું છું એમ પરિણમે છે તે કરોતિક્રિયા છે.

અહીં કોઈ પૂછે છે કે અવિરત-સમ્યગ્દૃષ્ટિ આદિને જ્યાંસુધી ચારિત્રમોહનો ઉદય છે ત્યાંસુધી તે કષાયરૂપે પરિણમે છે તો તેને કર્તા કહેવાય કે નહિ? તેનું સમાધાનઃ- અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરેને શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી; કષાયરૂપ પરિણમન છે તે ઉદયની બળજોરીથી છે; તેનો તે જ્ઞાતા છે; તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી. નિમિત્તની બળજોરીથી થતા પરિણમનનું ફળ કિંચિત્ હોય

છે તે સંસારનું કારણ નથી. જેમ વૃક્ષની જડ કાપ્યા પછી તે વૃક્ષ કિંચિત્ કાળ રહે અથવા ન રહે-ક્ષણે ક્ષણે તેનો નાશ જ થતો જાય છે, તેમ અહીં સમજવું.

ચોથે ગુણસ્થાને આત્માની ઓળખાણ છે, જ્ઞાયકસ્વરૂપ શું છે તેની ઓળખાણ છે, અનંતાનુબંધીના રાગ-દ્વેષ છૂટીને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટયું છે પરંતુ અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીયના રાગ-દ્વેષની નિવૃત્તિ થઈ નથી, સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટયું છે પરંતુ હજુ અસ્થિરતા ઊભી છે, તે અસ્થિરતાનું નિમિત્ત ચારિત્રમોહ છે. અહીં પ્રશ્ન છે કે પાંડવો, રામચંદ્ર, ભરતચક્રવર્તી વગેરે સંસારમાં હતા ત્યારે તેમને અલ્પ રાગ તો હતો તો તે રાગના તેઓ કર્તા હતા કે નહિ?

ઉત્તર :— અવિરત સમ્યગ્દૃષ્ટિને રાગ છે પણ તેનું ધણીપણું નથી. પોતે પરને તાબે થઈ જતો નથી અને પર મારે તાબે થઈ જાય તેમ માનતો નથી. પરનો જ્ઞાતા રહે છે. પુરુષાર્થની મંદતાથી અસ્થિરતા થાય છે તેનો જ્ઞાતા રહે છે.

ચોથી ભૂમિકાએ રાજપાટ, સ્ત્રી, કુટુંબ બધું હોય છે, તેનો જ્ઞાની ધણી થતો નથી. તે મારા તાબાની ચીજ છે માટે જેમ હલાવું તેમ હાલે તેવી માન્યતા જ્ઞાનીને હોતી નથી. કષાયરૂપ પરિણમન અલ્પ છે; જો તે ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય, તે અલ્પ કષાયના પરિણમનને 'ઉદયની બળજોરી' અહીં લીધી છે.

પ્રશ્ન :— ઉદયની બળજોરી કેમ લીધી?

ઉત્તર :— દૃષ્ટિનું જોર અખંડ શુદ્ધ ચિદાનંદ ઉપર છે, તે દૃષ્ટિના કથનથી 'ઉદયની બળજોરી' લીધી છે, પુરુષાર્થ નબળો છે તે વાત અહીં લેવી નથી કારણ કે પુરુષાર્થ નબળો છે તે પર્યાય છે, દૃષ્ટિના વિષયમાં અખંડ શુદ્ધ દ્રવ્ય છે, પુરુષાર્થની નબળાઈરૂપ પર્યાય તેના વિષયમાં નથી તેથી તે વાત અહીં લીધી નથી, ક્રોધ-માનાદિ અલ્પ કષાયની અવસ્થા થાય છે આત્મામાં, પરંતુ તે ઉદયની બળજોરીને લીધે છે તેમ કહ્યું છે કારણ કે શ્રદ્ધાના વિષયમાં અખંડ પૂર્ણતા છે; અવસ્થા તે શ્રદ્ધાનો વિષય નથી તેથી ઉદયની બળજોરી કહી છે. જ્ઞાનીને શ્રદ્ધા-જ્ઞાનમાં પરનું સ્વામીપણું-માલિકીપણું, સંબંધપણું નથી પણ અવસ્થામાં કષાયનો સંબંધ છે પરંતુ અવસ્થા તે દૃષ્ટિનું ધ્યેય નથી, દૃષ્ટિનો વિષય નથી; એકરૂપ શુદ્ધ અખંડ દ્રવ્ય તે દૃષ્ટિનો વિષય છે, પર્યાયના ભંગ, રાગના ભંગ દૃષ્ટિમાં છે નહિ, દૃષ્ટિ સાથે જે જ્ઞાન છે તે જ્ઞાન અખંડ ને ખંડ, અભંગ ને ભંગ બન્નેને જાણવાનું કામ કરે છે.

પુરુષાર્થની નબળાઈ, રાગ અને રાગનાં નિમિત્તબાહ્ય સંયોગ, તે બધાં દૃષ્ટિનો વિષય નથી માટે તે બધા પરનાં છે એમ કહીને ઉદયની બળજોરી કહી છે.

જ્ઞાન બે કામ કરે છે, દર્શનના વિષયને પણ જ્ઞાન જાણે છે, અને અવસ્થાને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં વસ્તુદૃષ્ટિની મુખ્યતા કરી, અવસ્થા દૃષ્ટિને ગૌણ કરી તે અપેક્ષાએ અહીં ઉદયની બળજોરી કહી છે. વસ્તુદૃષ્ટિમાં પર્યાયનો વિષય નથી છતાં પુરુષાર્થની નબળાઈથી જોડાઈ જવાય છે, પણ ભાવના જોડાવાની નથી; આ ક્ષણે વીતરાગ થવાતું હોય તો આ કાંઈ જોઈતું નથી–ભાવના તો તેવી જ રહે છે, સ્વરૂપમાં જોડાવાની જ રહે છે.

ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળાને જાણનાર કહ્યો છે, થનાર કહ્યો નથી, કર્તા કહ્યો નથી, જ્ઞાતા જ કહ્યો છે. જ્ઞાનીને અલ્પ કષાય થાય પરંતુ તેનો તે જાણનાર રહે છે. જ્ઞાની સ્વભાવ અને પરભાવને જાણે છે, જ્ઞાનીને પરદ્રવ્યનું ધણીપણું નથી માટે તે કર્તા નથી, જ્ઞાતા છે. મલિન અવસ્થાની ભાવના નથી માટે પણ કર્તા નથી, જ્ઞાતા છે. જ્ઞાની માને છે કે મારી શાંતિ મારામાં છે, મારો આનંદ મારામાં છે, પુણ્ય-પાપના જે વિકલ્પ ઊઠે તે મારા અમૃત આનંદનું ખૂન કરે છે માટે જ્ઞાનીને તે પુણ્ય–પાપના વિકલ્પની ભાવના હોતી નથી પણ આત્માના અમૃત આનંદની ભાવના હોય છે.

એક માણસ પચાશ મિયાણાની વચમાં બેઠો હોય અને મિયાણા તેને મા, બેન દીકરી સમી ગાળો દેતા હોય ત્યારે કોઈ તેને કહે કે અલ્યા ! તને આ મા બેન સમાણી ગાળો આપે છે તે તને ગોઠતું લાગે છે કારણ કે તું એની વચમાં બેસીને સાંભળી રહ્યો છે ત્યારે પેલો કહે કે અરે ભાઈ ! આવી ગાળો ખાવી કેમ ગમે ? જરાય ગમતી નથી, પણ શું કરું ! મારી કચાશ છે. અહીંથી જવાની મારી શક્તિ નથી તેથી મારી કચાશને લઈને અહીં બેઠો છું, જો લબ્ધિ પ્રગટી હોત તો ઊડી જાત; એવી રીતે જ્ઞાનીને કષાયની અલ્પ પરિણતિ થાય પરંતુ તેને તે ગાળ માને છે, પુરુષાર્થની નબળાઈ છે માટે રાગ–દ્વેષ થાય છે. અલ્પ રાગ–દ્વેષ થાય છે તેથી એમ સમજવાનું નથી કે રાગ–દ્વેષ ગોઠે છે પણ નબળાઈ છે તેથી થાય છે. જ્ઞાની સમજે છે કે જેટલે અંશે આ કષાયની પરિણતિ થાય છે તેટલું મારું અમૃતસ્વરૂપ લૂંટાય છે. મારા સ્વરૂપની હાનિ થાય છે; આ રાગ–દ્વેષરૂપ પરિણતિ મારા સ્વરૂપને કલંકરૂપ છે. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયની ચોકડી છે, પાંચમે બે કષાય છે, છઠ્ઠે એક કષાય છે. ચોથે ભલે ત્રણ કષાય હોય છે છતાં પણ તેનાથી ભવ વધે નહિ, તેમ ભવ બગડે પણ નહિ. સમકિતીને જે પરિણામમાં આયુષ્યનો બંધ થાય તેનાથી વૈમાનિકદેવનો ભવ બાંધે અને જો દેવમાં હોય તો ઊંચો મનુષ્ય થાય. જ્ઞાનીને એકાદ બે ભવ હોય તે પણ આવા સારા જ થાય છે માટે ચોથે,

પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને અલ્પ કષાય હોય તેનાથી અલ્પ બંધન થાય છે પરંતુ તેમાં ભવ વધે કે ભવ બગડે તેવું બંધન હોય નહિ.

શ્રેણિકરાજાને સમકિત થયા પહેલાં આયુષ્ય બંધાયેલું હતું તેથી તે નરકમાં ગયા છે, પરંતુ સમ્યગ્દર્શન થયા પછી તો નરકનું આયુષ્ય બંધાય જ નહિ. સમ્યગ્દર્શન થયા પછી તો શ્રેણિકરાજાને એવી જાતના શુભ પરિણામ આવ્યા છે કે જેનાથી તીર્થંકરગોત્ર બંધાયું; તેથી આવતા ભવમાં તીર્થંકર થવાના છે.

જેમ વૃક્ષનું મૂળ કાપ્યા પછી કેટલાંક વૃક્ષ કિંચિત એટલે થોડો કાળ લીલાં રહે અને પછી સૂકાય; કેટલાંક વૃક્ષ તો તરત જ સુકાઈ જાય. ઘણાં ઝાડ એવાં જોવામાં આવે છે કે તે પડી જાય કે તરત જ સુકાઈ જાય. અને ઘણાં એવાં હોય છે કે જેનું મૂળ કાપ્યા પછી તે અમુકકાળ લીલાં રહે તો પણ મૂળ કાપ્યા પછી ક્ષણે ક્ષણે તે સુકાતાં જ જાય છે. તાડ વૃક્ષનો એવો સ્વભાવ હોય છે કે એને અમુક સ્થાને જો સોય મારો તો આખું ઝાડ તુરત જ સુકાઈ જાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને મિથ્યાત્વનું મૂળિયું નાશ થયું હોવાથી કોઈને એકાદ-બે ભવ હોય છે ને કોઈને તો મિથ્યાત્વ ટળે તે જ ભવે કેવળજ્ઞાન થાય છે. જેને એકાદ-બે ભવ બાકી રહે છે તેને સમ્યગ્દર્શન થયું ત્યારથી ક્ષણે ક્ષણે મલિન પર્યાયનો નાશ થતો જાય છે અને ક્ષણે ક્ષણે નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થતી જાય છે ને દૃષ્ટિ ધ્રુવ સ્વભાવ ઉપર છે. આ સમ્યગ્દર્શનની મહિમા છે.

જેની પર ઉપર દૃષ્ટિ છે તે અજ્ઞાની છે, તેને નિર્મળ પર્યાયનો નાશ છે ને મલિન પર્યાયની ક્ષણે ક્ષણે ઉત્પત્તિ છે; ધ્રુવ સ્વભાવ તો અંદર પડયો છે તે કયાં નાશ થાય એવો છે? પરંતુ તેના ઉપર દૃષ્ટિ નથી, દૃષ્ટિ પર ઉપર જ છે માટે તે અજ્ઞાની છે. જ્ઞાનીને ચૈતન્યમૂર્તિ ચિદાનંદ ભગવાન આત્માનું ભાન હોવાથી તે રાજપાટ, સ્ત્રી, કુટુંબ, છોકરાંમાં ઊભો હોય છતાં પણ પરનો ધણી થતો નથી, પરનો સ્વામી થતો નથી, અંતરથી ઉદાસ છે, અંતર વૈરાગી છે, પરમાંથી અનંતો રસ ઘટી ગયો છે, સ્વમાં અનંતો રસ વધી ગયો છે, સ્વમાં અનંતી રુચિ વધી ગઈ છે, પૂર્ણ સ્વભાવની વાત સાંભળતાં રોમરોમ ઊલસી જાય છે, પૂર્ણસ્વભાવને સાધી લીધેલા દેવ અને સાધનારા ગુરુ પ્રત્યે તેને અનહદ ભક્તિ ઊછળે છે. પુરુષાર્થની નબળાઈને લઈને અલ્પ કષાય છે તેથી અલ્પ શુભાશુભભાવ થાય છે પણ તે ભાવથી ભવ વધે નહિ કે ભવ બગડે નહિ, કિંચિત્ બંધન થાય છે, ક્ષણે ક્ષણે નિર્મળ પર્યાય વધતો જાય છે, વધતાં વધતાં અનુક્રમે થોડા ટૂંકા કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધદશાને વરે છે; આ સર્વ સમ્યગ્દર્શનની મહિમા છે.

ફરીને એ જ વાતને દૃઢ કરે છે:—

(શાર્દૂલવિક્રીડિત)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वंद्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः ।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम् ॥ ९८ ॥

અર્થ:—કર્તા નક્કી કર્મમાં નથી, અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી—એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે તો કર્તાકર્મની સ્થિતિ શી? (અર્થાત્ જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે). આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે ને કર્મ સદા કર્મમાં જ છે એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે તો પણ અરે! નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે? (એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે).

કર્તા નક્કી કર્મમાં નથી. ભગવાન આત્મા જડને વિષે પેસી જતો નથી. ભગવાન આત્મા અરૂપી છે તે બદલાઈને રૂપી થતો નથી, તેવી રીતે કર્મ તે અરૂપી ભગવાન આત્મામાં નથી, કર્મ બદલાઈને ભગવાન આત્મામાં પેસી જતાં નથી; એમ બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે.

કોઈ કહે કે આત્મા આત્માનું કરે અને પરનું ન કરે તો તો એકાંત થઈ જાય? પણ ભાઈ! આત્મા આત્માનું કરે અને પરનું પણ કરે તો બન્ને દ્રવ્ય એક થઈ ગયાં તે જ એકાંત છે; પણ આત્મા આત્માનું કરે અને પરનું કાંઈપણ ન કરે તે જ ખરું અનેકાંત છે. "એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તેનું નામ અનેકાંત છે." આત્મા આત્માનું કરે ને પરનું જરાપણ ન કરે તેમાં પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું છે; તેનું નામ અનેકાંત છે. અનેકાંતમાં અસ્તિ-નાસ્તિ બે ધર્મ છે; આત્માના અસ્તિ-નાસ્તિ ધર્મ આત્મામાં છે અને જડના અસ્તિ-નાસ્તિ ધર્મ જડમાં છે. આત્મા પોતાનું કરે તે અસ્તિ અને પરનું ન કરે તે નાસ્તિ તે જ ખરું અનેકાંત છે. આત્મા પોતાનું પણ કરે અને પરનું પણ કરે તો તો પર અને પોતે બન્ને એક થઈ ગયા માટે તે તો એકાંત છે. પોતાનું કરે અને પરનું ન કરે તેમાં જ પરસ્પર વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું છે અને તે જ ખરું અનેકાંત છે.

જો કર્તા અને કર્મ જુદાં છે તો પછી કર્તાકર્મની સ્થિતિ શી? જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે તો જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં

જ છે એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે-ત્રિકાળ પ્રગટ છે અને જે સમજે તેને પ્રગટ થાય છે. જેને જુદાપણાનું ભાન થયું તેને પરનું ધણીપણું નથી, પરનું કર્તાપણું નથી. ઉદય: ઉદયમાં છે ને આત્મા, આત્મામાં છે; રાગ, રાગમાં છે અને અતમા આત્મામાં છે-આવી જુદે જુદી ચીજ છે તોપણ નેપથ્યમાં મોહ કેમ નાચે છે? વસ્તુમાં ત્રિકાળ કર્તાકર્મપણું નથી તોપણ અજ્ઞાની જીવો કર્તાકર્મપણું કેમ માની રહ્યા છે? ઊંધી માન્યતાનો મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે તેનો આચાર્યને ખેદ અને આશ્ચર્ય છે. અને પ્રભુ! પરમાં તું નહિ અને તારામાં પર નહિ! અરે! ભાઈ! તને આ શું થયું! મા-બાપ છોકરાને કહે કે ભાઈ! તને આ થઈ શું ગયું! આ પરનો સંગ તને ક્યાંથી લાગ્યો! તેવી રીતે આચાર્યદેવ કહે છે કે ભાઈ! તને આ શું થઈ ગયું! જાગૃત સ્વરૂપ ચૈતન્યમાં આ મોહ કેમ નાચી રહ્યો છે.! જ્ઞાન જ્ઞાનમાં છે, જ્ઞાનમાં રાગ-દ્વેષ આવતા નથી અને રાગ-દ્વેષમાં જ્ઞાન આવતું નથી. જડરૂપે ભગવાન આત્માનો પલટો થતો નથી અને જડદ્રવ્ય ભગવાન આત્મારૂપે થતું નથી. તોપણ અરેરે! આ મોહ કેમ નાચે છે? એમ આચાર્યદેવને ખેદ અને આશ્ચર્ય થાય છે.

આઠ કર્મને આત્મા કરે તેમ કહેવું તે ઘીના ઘડા જેવો બોલવાની રીત છે. ઘીનો ઘડો કદી થતો નથી પરંતુ ઘડો તો માટીનો છે. ઘી ઘીમાં છે ને ઘડો ઘડામાં છે. એક બીજાના એકક્ષેત્રાવગાહસંબંધથી ઘીનો ઘડો ઉપચારથી કહેવાય છે. તેવી રીતે જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું તેમ કહેવું તે પણ માત્ર ઉપચાર છે. પોતાની પરિણમનશક્તિ હીણી થઈ ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવાય છે. જીવ પુદ્‌ગલમાં નથી ને પુદ્‌ગલ જીવમાં નથી-બન્ને દ્રવ્યો જુદાં છે તો પછી તેને કર્તાકર્મપણું કેમ હોઈ શકે? ત્રણકાળ ત્રણલોકમાં આત્મા કર્મમાં નથી ને કર્મ આત્મામાં નથી. શરીર અને આત્મા એક નથી પણ બન્ને જુદાં છે. જો એક હોય તો કદી જુદાં પડે નહિ; બન્ને એક જગ્યાએ રહેલાં છે તેથી ઉપચારથી કહેવાય છે કે શરીરમાં આત્મા છે પરંતુ આત્મા આત્મામાં છે ને શરીર શરીરમાં છે, બન્ને જુદાં છે; તેથી એક બીજાને કર્તાકર્મપણું નથી તોપણ અજ્ઞાનીને મોહ નાચી રહ્યો છે.

આત્મામાં કર્મ નથી, કર્મમાં આત્મા નથી. જડ જડમાં છે ને આત્મા આત્મામાં છે. જડનો કર્તા આત્મા નથી, જડ આત્માનું કર્મ નથી, તો પછી આ મોહ કેમ નાચી રહ્યો છે? એનો આચાર્યદેવને ખેદ તથા આશ્ચર્ય થાય છે.

જડ આત્માનું કાંઈ કરી શકતું નથી; જો કરી શકતું હોય તો જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ જડ છે તો તેમને પણ બંધ થવો જોઈએ. પણ એમ નથી, પોતે ઊંધી માન્યતાથી માને છે કે હું જડનું કરી શકું છું અને જડ મારું કરી શકે છે; તે

માન્યતા બંધનું કારણ છે. આત્મા જડનો કર્તા નથી ને જડ આત્માનું કર્મ નથી તો પછી આ મોહ કેમ નાચી રહ્યો છે?

અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે—એમ હવે કહે છે:—

( મંદાક્રાંતા )

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि ।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमंतस्तथोच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यंतगंभीरमेतत् ॥ ९९ ॥

અર્થ :—અચળ, વ્યક્ત અને ચિત્શક્તિઓના (-જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદોના) સમૂહના ભારથી અત્યંત ગંભીર આ જ્ઞાનજ્યોતિ અંતરંગમાં ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે—આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી અને અજ્ઞાનના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી; વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.

આત્મા અચળ છે. જડનો હું કર્તા ને જડ મારું કર્મ એમ અજ્ઞાની માનતો હતો પણ વસ્તુસ્થિતિ જેમ છે તેમ છે, ઊંધું માને તેથી કાંઈ વસ્તુમાં બગાડ થતો નથી. વસ્તુસ્થિતિ તો જેમ છે તેમ છે, માત્ર પર્યાયમાં બગાડ છે. શરીરના અંગૂઠામાં બગાડ થાય, સડો થાય તો તે સડો આખો ચાલ્યો જાય છે તેમ આત્માના પર્યાયમાં ક્ષણિક બગાડ થયો છે તે બગાડ આત્મામાં આખો ચાલ્યો જાય તેમ નથી. આત્મા તો આનંદઘન, નિર્મળ સ્વભાવી છે તેને રાગ-દ્વેષ અને મિથ્યાત્વમોહનો પર્યાય હલાવી શકે તેમ નથી. આત્મા અચળ છે તેને ક્ષણિક વિકાર હલાવી શકે તેમ નથી. આત્મા દ્રવ્યે તો અચળ છે જ પણ સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી પર્યાયે પણ અચળ થયો.

આત્મા દ્રવ્યે તો વ્યક્ત છે જ પણ આત્માનું ભાન થયું ત્યારથી પર્યાયે પણ વ્યક્ત થયો. જ્યાં ભાન થયું ત્યાં વસ્તુ તો એવી ને એવી જ છે તેમ જણાણું. વસ્તુ તો જેવી છે તેવી જ છે, પર્યાય વ્યક્ત થયો ત્યાં જણાણું કે અહો! હું તો જેવો છું તેવો જ છું. એમ અનંતગુણપિંડ આત્માનો અનુભવ થયો. જ્યાં સમ્યક્ પર્યાય પ્રગટ થયો ત્યાં આત્માનો અનુભવ થયો. ચિત્શક્તિઓના સમૂહના ભારથી અત્યંત ગંભીર આ જ્ઞાનજ્યોતિ અંતરંગમાં ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે અજ્ઞાન અવસ્થામાં પરનો કર્તા થતો હતો તે અટકી ગયો, મિથ્યાત્વમોહના વિકારને લઈને નવાં કર્મ બંધાતાં

હતાં તે અટકી ગયાં. હું મન નહિ, વાણી નહિ, શરીર નહિ, વિકાર નહિ, કાંઈ પર નહિ એમ જ્યાં ભાન થયું ત્યાં જ્ઞાન તો જ્ઞાન જ રહી ગયું, જ્ઞાન તો જ્ઞાનની અવસ્થારૂપે થઈ ગયું અને પુદ્દગલ પુદ્દગલરૂપે રહી ગયું. અજ્ઞાનના નિમિત્તે પુદ્દગલ કર્મરૂપે થતું હતું તે હવે થતું નથી. અજ્ઞાનઅવસ્થામાં કર્મમાં નિમિત્તરૂપે કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી. અજ્ઞાનઅવસ્થામાં નિમિત્તનૈમિત્તિકરૂપે કર્તાપણું માનતો હતો તે જ્ઞાન-અવસ્થા થતાં છૂટી ગયું, મિથ્યાત્વ મોહ છૂટી જતાં તેના કારણે તેના નિમિત્ત-નૈમિત્તિક-સંબંધથી જે કર્મ બંધાતાં હતાં તે અટકી ગયાં. અહીં ચારિત્રમોહની વાત ગૌણ છે. અજ્ઞાનઅવસ્થાને લઈને વિકાર થતો હતો અને તેના નિમિત્તે પુદ્દગલ કર્મરૂપે થતું હતું તે કર્મનો ઉદય આવતાં, આત્મા તેમાં ઊંધા પુરુષાર્થ વડે જોડાતો તેથી નવાં કર્મ બંધાતાં હતાં; એવી જાતનો નિમિત્તનૈમિત્તિકભાવ થતો હતો તે સમ્યગ્ભાન થતાં અટકી ગયો.

આત્મા અજીવનો કર્તા છે ને અજીવ એનું કર્તવ્ય છે એમ અજ્ઞાની માનતો હતો. જીવ અને અજીવ બન્ને કર્તા-કર્મનો વેશ ધારણ કરી એક થઈને રંગભૂમિમાં દાખલ થયા હતા તેને સમ્યગ્જ્ઞાને યથાર્થ ઓળખી લીધા. બન્ને એક વેશ ધારણ કરીને રંગભૂમિમાં આવ્યા હતા તેને સમ્યગ્જ્ઞાને લક્ષણથી યથાર્થ ઓળખી લીધા. પ્રજ્ઞાછીણી વડે છેદીને જુદા પાડયા. હું તો આત્મા છું ને આ જડ છે એમ ભાન થતાં બન્ને જુદાં પડી ગયા. સમ્યગ્જ્ઞાને જાણ્યું કે આ એક નથી પણ બે છે એમ ઓળખાણ થવાથી તેઓ વેશ દૂર કરીને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા. જેમ બહુરૂપી હોય તેને કોઈ ઓળખે નહિ ત્યાંસુધી તે ચેષ્ટા કર્યા કરે, પણ જ્યાં ઓળખાણ થાય કે અરે! આ તો આપણા ગામનો ભાંડ! એમ ઓળખી લીધો ત્યાં તે હસી-ગાલ ફૂલાવી પોતાનું રૂપ પ્રગટ કરી ચેષ્ટા કરવી છોડી દે છે અને ચાલ્યો જાય છે. તેવી રીતે જ્યાં આત્માનું ભાન થયું ત્યાં જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે અને પુદ્દગલકર્મ પુદ્દગલરૂપ થઈ જાય છે અને કર્તાકર્મપણું છૂટી જાય છે. ૧૪૪.

જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય વણૈ કરતા સો,
તાકરિ બંધન આન તણૂં ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;
જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,
આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહે નિતિ થાસો.

જીવ અનાદિથી સ્વરૂપનું અજ્ઞાન અને રાગ-દ્વેષનો વિકાર ઉપજાવીને કર્તા થતો હતો તેથી બંધન થતું હતું અને તેને લઈને ચોરાશીના આશ્રમમાં વસીને સુખદુઃખ ભોગવતો હતો. જ્યારે આત્માનું ભાન થાય છે ત્યારે પરનો કર્તા થતો નથી પણ માત્ર જાણનાર જ રહે છે તેથી બંધન થતું નથી, પરનો પાસ (બંધન) છૂટી જાય છે ને

પોતાના આનંદમાં સદા વિલાસ કરે છે અને મોક્ષમાં જાય છે. મોક્ષપર્યાય પ્રગટ થયા પછી અનંતકાળ સુધી સ્વરૂપસુખમાં કાયમ રહે છે. જેવો સ્વભાવ પ્રગટ્યો તેવો કાયમ રહે છે-નિત્ય રહે છે.

આ કર્તાકર્મની રચના કુંદકુંદાચાર્યદેવ દ્વારા કોઈ અદ્ભુત રીતે રચાણી છે. આખા ભારતક્ષેત્રમાં આ સમયસારના આ કર્તાકર્મ અધિકાર જેવો અધિકાર બીજે કયાંય નથી. તેમાં વળી અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા કરીને તો 'ખતમ' કરી નાખી છે. સોનું ને સુગંધ એકમેક થતાં શી ખામી હોય! જે આત્મજિજ્ઞાસુ થશે તે આ અમૂલ્ય વાણીને સમજશે અને તેનું કલ્યાણ થયા વગર રહેશે નહિ.

[ આમ આ સમયસારશાસ્ત્ર ઉપર પરમ કૃપાળુ ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનનો બીજો કર્તાકર્મ અધિકાર સંપૂર્ણ થયો. ]

સમાપ્ત